હાઇડ્રોકાર્બન ક્ષેત્રમાં ઉત્ખનન અને ઉત્પાદનની સાથે સંકળાયેલ દેશની પેટ્રોલિયમ ક્ષેત્રની કંપનીઓમાં ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરીને ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોપોર્રેશન આજે ૩૧ ઓઇલ અને ગેસ બ્લોક સાથે મુખ્ય પ્રગતિશીલ કંપનીઓની હરોળમાં આવ્યું છે અને આ રીતે ગુજરાત દેશનું પેટ્રો-કેપીટલ બન્યું છે. કોપોર્રેશને કે. જી. બેઝીનમાં વિશાળ **દિનદયાલ** કુદરતી ગેસ ક્ષેત્ર શોધી કાઢયું છે. પાંચ કુવાઓના પ્રયોગાત્મક ડ્રીલીંગ દરમ્યાન વિશાળ હાઇડ્રોકાર્બન જથ્થાની હાજરી જોવા મળી છે. અમદાવાદ જિલ્લાના ધોળકા ગામે બ્લોકમાંથી દિવસના ૫૦૦ બેરલ લેખે ઓઇલ (ક્રૂડ) નું ઉત્પાદન કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોપોર્રેશનની સબસીડીયરી કંપની ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી.એ ૨૨૦૦ કી.મી. લાંબી ગેસ પાઇપલાઇન પૈકી હાઇ પ્રેશર ગેસના પ્રવહન માટે ૯૪૦ કી.મી. જેટલી પાઇપલાઇનનું કામ પૂર્ણ કરેલ છે. ૨૧૩ કી.મી.નું કામકાજ ચાલુ છે.

ચાલુ વર્ષે વિવિધ શહેરોમાં ૭૧ સીએનજી સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોપોર્રેશન ઘર વપરાશના તેમજ મોરબી અને હિંમતનગરમાં ઉદ્યોગો માટે ગેસ વિતરણ કરવાનું શરુ કરેલ છે.

ઓઇલ અને ગેસ ક્ષેત્રમાં પૂરતી લાયકાત અને તાલીમ ધરાવતા વ્યકિતઓની તીવ્ર ખેંચને પૂરક બનવા રાજય સરકારે ગુજરાત ઉર્જા સંશોધન અને વ્યવસ્થાપન સંસ્થાના નેજા હેઠળ પેટ્રોલીયમ ક્ષેત્રના પ્રથમ એવા **ઇન્સ્ટિટયુટ ઓફ પેટ્રોલીયમ મેનેજમેન્ટ, ગાંધીનગરની** સ્થાપના કરી છે. મારી સરકારની પેટ્રોલીયમ ક્ષેત્રની સફળતાના કારણે રાજયના સમૃધ્ધિના ધ્વાર ખુલ્યા છે.

**મહેસૂલી વહીવટ**

ઈ-ગવર્નન્સ થવાથી મહેસૂલી વહીવટમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. તમામ ૨૨૫ તાલુકા મથકે ઈ-ધરા કેન્દ્રો કાર્યરત છે. જમીન દફતરની સ્વચ્છ અને સચોટ કમ્પ્યુટરાઈઝડ નકલ ત્વરિત અને સરળતાથી મળે છે.

- મહાનગરપાલિકાઓની ૨૫ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં કમ્પ્યુટરથી દસ્તાવેજ નોંધણી પ્રથા શરુ થઈ છે.
- બેંક અને નાણાકીય સંસ્થાઓને ૧૪૫ સ્થળોએ ફ્રેન્કીગ મશીનથી સ્ટેમ્પ ડયૂટી ભરપાઈ કરવા અધિકૃત કરી છે.
- ગ્રામ્ય વિસ્તારમાં ખેતીના હેતુ માટે જમીનની નવી શરતમાંથી જૂની શરતમાં તબદીલીની ઐતિહાસિક સરળ નીતિ બનાવી છે.
- ૨૦ મુદા કાર્યક્રમ અંતર્ગત ભૂમિહીન ખેત મજૂરો અને સહકારી મંડળીઓને છેલ્લા પાંચ વર્ષથી લક્ષ્યાંક સામે ૧૨૫ ટકા થી વધારે જમીનોની વહેચણી કરી છે.
- સૌરાષ્ટ્રમાં રજવાડાના સમયથી અપાયેલ રાવળા, કરામી, ઉભડ અને ચવ જેવા મર્યાદિત હકકોના ખોરડાઓને કાયમી ધોરણે જૂની શરતે હકકો આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આથી અંદાજે ૩ લાખ જેટલા કુટુંબોને લાભ મળનાર છે.

<u>સ્ટેમ્પ ડયૂટીઃ</u>

- તા.૧-૪-૨૦૦૩ પહેલાં સ્થાવર મિલકતોની તબદીલીના લેખો પરત્વે સ્ટેમ્પ ડયૂટીનો મહત્તમ એકત્રિત દર ૧૪.૮ ટકા હતો તેમાં કમશઃ ઘટાડો કરીને તા.૧-૪-૨૦૦૬ થી સમાન એકત્રિત દર ૫.૯૫ ટકા કરેલ છે. આમછતાં, આ નિર્ણયથી સ્ટેમ્પ ડયૂટીની આવકમાં પ્રતિવર્ષ સરેરાશ ૨૦ ટકાનો વધારો થયો છે.
- મહિલાઓની તરફેણમાં થતાં મિલકતના દસ્તાવેજોની નોંધણી ફી માં માફી આપવામાં આવી છે. આ યોજનાથી આશરે ૫૦ કરોડ રુપિયા જેટલી રકમનો લાભ મારી સરકારે મહિલાઓને આપ્યો છે.

<u>આપત્તિ વ્યવસ્થાપન</u>

- ભૂતકાળની તૂલનામાં ગુજરાતમાં ચાલુ વર્ષે એક થી વધુ વખત પુરની સ્થિતિ અને અતિવૃષ્ટિની સ્થિતિમાં અસરગ્રસ્ત ૪૨ લાખથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડીને જાનહાની થતી અટકાવેલ છે અને જનજીવન ઝડપથી પુનઃસ્થાપિત કરવા સક્રિયતા અને સતર્કતા દાખવેલ છે સૂરત શહેરમાં આવેલ પુર અને ત્યારપછીની અસરકારક રાહત કામગીરી તેનું જીવંત ઉદાહરણ છે.

**પંચાયત**

રાજયના ગામોમાં વસતા નાગરિકોને રાજય સરકારની વિવિધ વિકાસ યોજનાઓની માહિતી મળી રહે તથા રાજયના સક્ષમ, શિક્ષિત અને ઉત્સાહી યુવાનો આ રચનાત્મક કામગીરીમાં જોડાઇ શકે તેવા આશયથી મારી સરકારે ૧૦,૪૧૨ ગ્રામમિત્રોને કાર્યરત કર્યા છે. જે ગ્રામ સચિવાલય નિર્માણની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

**ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના**

ઇ-ધરા પ્રોજેકટના સફળ આયોજન બાદ ગ્રામજનોને તેમના સરકારી કામકાજમાં ઝડપ સાથે સરળતા અનુભવાય અને આધુનીક સવલતો ઘર આંગણે હોવાની લાગણી થાય તેવા હેતુથી મારી સરકારે ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાનું અમલીકરણ શરૂ કર્યુ છે. જે અન્વયે કુલ ૧૨૦૩૫ ગ્રામ પંચાયતોને કમ્પ્યુટર્સ અને આનુષંગિક સાધન સામગ્રી પુરી પાડવાની કામગીરીના ભાગરૂપે ૮૮૩૫ ઇ-ગ્રામ પંચાયતને સાધન સામગ્રી પૂરી પાડેલ છે.

ઉપરાંત સમરસ યોજના, તીર્થગ્રામ યોજના, પંચવટી યોજના, સરદાર પટેલ આવાસ યોજના અને ગ્રામસભા અન્વયે ગ્રામ વિકાસના ક્ષેત્રમાં અભૂતપૂર્વ સિધ્ધિઓ હાંસલ કરી છે.

**ગ્રામ વિકાસ**

ગ્રામ વિકાસ અન્વયે મુખ્યત્વે ગ્રામીણ પરિવારોને ગરીબી રેખા ઉપર લાવવાના મુખ્ય હેતુથી ગ્રામ વિકાસના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.

ગુજરાતના નાગરિકોએ **દેવાલય પહેલાં શૌચાલય** ના આહવાનને અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો છે અને પરિણામ સ્વરુપે **સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન** કાર્યક્રમ દ્વારા બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે ૮.૮૮ લાખ વ્યકિતગત શૌચાલયો, આંગણવાડી અને શાળા સંકુલ માટે ૨૭,૮૫૪ શૌચાલયો તથા ૯૧૧ સામૂહિક શૌચાલયો બનાવવામાં આવેલ છે.

- **સુવર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના** હેઠળ ચાલુ વર્ષે કુલ ૧૫,૫૦૦ લાભાર્થીઓને સ્વરોજગારી,
- **સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના** અને **રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના** હેઠળ ૫૫.૮૪ લાખ માનવ દિનની રોજગારી આપવામાં આવેલ છે તથા
- **ઇન્દિરા આવાસ યોજના** હેઠળ ૧૯,૩૮૮ નવા આવાસો બનાવવામાં આવેલ છે જયારે ૪,૩૦૦ આવાસોની સુધારણા કરવામાં આવેલ છે.

ગરીબી રેખા હેઠળ જીવતા કારીગરો દ્વારા ઉત્પાદીત વસ્તુઓના વેચાણમાં થતું શોષણ અટકાવવા માટે **ગુજરાત ગ્રામ હાટ** શરૂ કરેલ છે.

**શિક્ષણ**

કન્યા કેળવણીની સ્થિતિ સુધારવા માટે મારી સરકાર દ્વારા કન્યા કેળવણી રથયાત્રાનો અમલ થતાં ૯૯.૦૨ ટકા કન્યાઓને શાળામાં દાખલ કરી છે. કદી પણ શાળામાં ન ગયેલી ૧૫ વર્ષથી નાની ઉંમરની કન્યાઓ માટે ૪૪ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો શરૂ કરવામાં આવ્યા છે.

- ઉદ્યોગોની કુશળ માનવબળની જરૂરીયાત પુરી કરવા માટે જુદી જુદી યુનિવર્સિટીઓમાં ૧૦૦ કરતાં પણ વધારે વ્યાવસાયિક અભ્યાસ ક્રમો દાખલ કરવામાં આવ્યા છે.
- રાજયમાં તાંત્રિક શિક્ષણ ક્ષેત્રે ૭૩ નવી સંસ્થાઓ દ્વારા ૨૦,૦૦૦ જેટલી બેઠકોમાં વધારો કર્યો
- પાંચ નવી તાંત્રિક યુનિવર્સિટીઓ ઊભી કરવામાં આવી છે.

**રમત ગમત**

રાજયમાં રમત-ગમતની પ્રવૃત્તિને વેગ આપવા માટે અને રાજયના યુવક અને યુવતીઓને સ્વરક્ષણની તાલીમ મળી શકે તે માટે -

- ૧૧ જિલ્લાઓમાં ૨૧ કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકુલો શરૂ કરવામાં આવ્યા છે.
- રાજયની ૧૪,૪૮૭ ખેલાડી યુવતીઓને ૨ કરોડના ખર્ચે શિષ્યવૃતિ આપવામાં આવી છે.
- ચાલુ વર્ષે સ્કૂલ ગેમ્સમાં રાષ્ટ્રીય સ્પર્ધામાં ૧૩૪ ગોલ્ડ મેડલ મળ્યા છે.
- એશિયન્સ ગેમ્સમાં વિદ્યાર્થીઓએ પ્રથમવાર ભાગ લઇ ૩ કાંસ્ય ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે. તે પ્રત્યેકને બે લાખ રૂપિયાનું પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યું છે.
- જંબુસરમાં વર્ષો પછી ૭૮ લાખના ખર્ચે સ્વરાજ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**આરોગ્ય**

રાજયમાં માતા મૃત્યુદર અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો કરવા માટે ગરીબ બહેનોને વિના મૂલ્યે અને તજજ્ઞ ડાંકટરો દ્વારા પ્રસૂતિ સેવાઓ મળી રહે તે હેતુસર દેશમાં સૌ પ્રથમ ચિરંજીવ **યોજના** દાખલ કરવામાં આવી છે, જેના પ્રભાવક પરિણામો જોવા મળ્યા છે.

સમગ્ર દેશમાં સ્ત્રી-પુરૂષના ગુણોત્તરમાં અસમતુલા ઉભી થઇ છે, જે આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. જેથી મારી સરકારે સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા **બેટી બચાવોની** રાજયવ્યાપી ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશના કારણે ૨૫ જિલ્લાઓમાંથી ૨૧ જિલ્લાઓમાં સ્ત્રી પુરુષોના ગુણોત્તરમાં સુધારો જોવા મળ્યો છે.

ગુજરાતમાંથી રકતપિત્તને દેશવટો આપવાની સફળતા માટે જાપાનનો **સાસાકાવા એવોર્ડ** મળ્યો છે.

રાજયની સુરત, રાજકોટ તથા ભાવનગર મેડીકલ કોલેજોમાં ૮૦ બેઠકોનો વધારો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ફીજીયોથેરાપી કોલેજ, અમદાવાદ તથા વડોદરામાં ૬૦ બેઠકોનો વધારો કરેલ છે.

**મહિલા અને બાળ વિકાસ**

મારી સરકારે મહિલા અને બાળકોના આરોગ્ય, શિક્ષણ અને સશકિતકરણ તરફ વધારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જેના ભાગરૂપે **નારીગૌરવ નીતિનો** અમલ કરેલ છે. રાજયની ૧ લાખ વિધવાઓને યોજનાનું રૂા. ૬૧ કરોડના ખર્ચે વિધવા પેન્શન આપવામાં આવ્યું છે. ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથની ૧૦,૦૦૦ નિરાધાર વિધવા લાભાથીર્ઓને તેમની પૂરક જીવિકા માટે રૂા. ૭.૨૦ કરોડનો ખર્ચ કરીને વિવિધ કૌશલ્યની તાલીમ આપેલ છે જે તેઓને પુનર્વસન તરફ દોરી જશે.

મહિલાઓને ઝડપી સરળ અને સસ્તો ન્યાય મળે તે માટે રાજયમાં ૧૯ નારી અદાલતો ચલાવવામાં આવે છે. જેની કામગીરી પ્રશંસનીય રહી છે.

૬ વર્ષથી નીચેની ઉંમરના તમામ બાળકોને પૂરકપોષણ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે, જેમાં ફોર્ટીફાઇડ આટાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૩ વર્ષથી નાના ૧૦ લાખ ભૂલકાઓને પૂરક આહાર તરીકે **બાલભાશગ** આપવામાં આવે છે.

**વાહન વ્યવહાર**

રાજયના પ્રજાજનોની સામાજિક જરૂરીયાતોને અનુલક્ષીને થતી અવરજવર ઉપરાંત વેપાર-વાણિજયના વિકાસ માટે પણ વાહન વ્યવહારની વ્યવસ્થા સંગીન હોય તે જરૂરી છે. આ માટે-

- વાહન વ્યવહાર નિગમ ૭૮૯૦ બસો દ્વારા ૬૮૬૨ શીડયુલનું સંચાલન કરે છે.
- રોજના ૨૫.૬૩ લાખ કીલોમીટર ચલાવી ૨૪ લાખ જેટલા મુસાફરોની હેરફેર કરે છે.
- રાજયના ૯૫.૯૩ ગામડાઓને સાંકળી રાજયની ૯૯.૩૩ વસ્તીને સીધી સર્વીસ પુરી પાડેલ છે.
- ચાલુ વર્ષે ૩૦૦ સી.એન.જી. વાહનો સહિત ૧૦૦૦ નવી બસો નિગમ ના કાફલામાં ઉમેરવામાં આવશે.

**કાયદો અને વ્યવસ્થા**

મારી સરકારે પોલીસદળનું ટેકનોલોજીકલ અપગ્રેડેશન, પોલીસ વેલફેર અને રહેઠાણની સુવિધાઓની સ્થિતિમાં સુધાર કરી અને એફ.એસ.એલ., સાઇબર ક્રાઇમ સેલ અને આર્થિક ગુના નિવારણ શાખા જેવી સહયોગી શાખાઓનું સુદ્રઢીકરણ કર્યુ છે. મારા રાજયમાં એફ.એસ.એલ.ને ઉત્કૃષ્ટ કામગીરી માટે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઇ છે. પોલીસદળની કાર્યક્ષમતાને વધારવાનો પ્રયત્ન કર્યો પરિણામ સ્વરૂપે સમગ્ર દેશમાં હિંસક ગુનાઓમાં દેશના દર લાખે ૧૮.૩ ના દરની સામે ગુજરાતે ૧૧.૫ નો દર જાળવી રાખવામાં સફળતા મેળવી છે.

- પોલીસ આવાસ નિગમ દ્વારા ૧૧,૪૦૦ જેટલા મકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજય માનવ અધિકાર આયોગની રચના કરાયેલ છે.

**નાગરિક પુરવઠો**

મારી સરકારે નાગરિક પુરવઠા તંત્રના સુચારૂ સંચાલન અન્વયે નોંધપાત્ર પગલાં લીધા છે જેવાં કે -

- ગ્રામજનોને જીવન જરૂરીયાતની વસ્તુઓ વ્યાજબી ભાવે એકજ જગ્યાએથી મળી રહે તે માટે ગ્રામ્ય કક્ષાએ ૧૦૨૦ જેટલાં **પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારોને વિલેજમોલમાં** તબદીલ કરીને ગુજરાત પ્રથમ રાજય બન્યું છે.
- ૬૨૦ મોડલ સેન્ટરોના લક્ષ્યાંક સામે ચાલુ વર્ષમાં ૧૦૨૦ મોડલ સેન્ટરો શરૂ થનાર છે.

**કાનૂની વ્યવસ્થા**

રાજયમાં વધતા જતા કેસોનું ભારણ નિવારવા અને મોંઘા સંસાધનોથી બનેલ માળખાકીય સવલતોનો ઉપયોગ કરવા માટે **સાંધ્ય કોર્ટ** નો નવો અભિગમ મારી સરકારે પ્રથમવાર અમલમાં મૂકયો છે. જેને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો છે. ૪૨ કોટોર્ની સ્થાપના કરી ૯૨ દિવસોમાં ૩૫,૪૪૪ જેટલા કેસોનો અત્યાર સુધીમાં નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત લોકઅદાલત, કાનૂની શિક્ષણ શિબિર દ્વારા ૧૦ લાખથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

**શ્રમ અને રોજગાર**

આર્થિક વિકાસ અને ઔદ્યોગિકરણનો લાભ રાજયના શ્રમિકો અને યુવાનોને મળે તે માટે મારી સરકારે અભૂતપૂર્વ પગલાંઓ લીધા છે.

- ગુજરાતમાં ઔદ્યોગિક જગતમાં હડતાલ-તાળાબંધી વગેરે ઘટનાઓ ભૂતકાળ બની ગઇ છે. મારી સરકારે લીધેલ વિવિધ પગલાંને કારણે દેશમાં ઔદ્યોગિક શાંતિ જાળવવામાં ગુજરાત પ્રથમ ક્રમે રહયું છે.
- દેશની કુલ રોજગારી પૈકી ૫૪ ટકા રોજગારી આપીને રાજય દેશમાં સતત પાંચમા વર્ષે પ્રથમ નંબરે રહયું છે.
- ઉદ્યોગોને કુશળ માનવબળ મળી રહે તે માટે વિવિધ વ્યાવસાયીક ક્ષેત્રોમાં નવા કોર્સ શરુ કરવામાં આવેલ છે.
- રાજયમાં કાર્યરત ૨૭૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પૈકી ૨૩ સંસ્થાઓને સેન્ટર ઓફ એકસલન્સ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- અસંગઠિત ક્ષેત્રના ગ્રામ્ય શ્રમિકોને આકસ્મિક મૃત્યુના કેસમાં ૧ લાખ રૂપિયાનું વીમા સુરક્ષા કવચ આપવામાં આવેલ છે.
- ૪,૫૦૦ જેટલા બાળ શ્રમિકોના પુનર્વસન માટે ૯૨ શાળાઓ શરૂ કરેલ છે.

**કુટિર અને ગ્રામોદ્યોગ**

રાજયના શિક્ષિત બેરોજગારો તથા કારીગરોને સ્વરોજગારી પુરી પાડવા માટે -

- ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં **શ્રી બાજપાઇ બેંકેબલ યોજના** દ્વારા ૧૦૩૦૧ લાભાર્થીઓને, **માનવ કલ્યાણ યોજના** દ્વારા ૯૫૩૧ લાભાર્થીઓને આવરી લીધા છે તથા **તાલીમ કેન્દ્રો** હેઠળ ૩૦૫૫ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે.
- **હસ્તકલાના ઉદ્યોગનો વિકાસ માટે** ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા રાજયની અંદર અને રાજયની બહાર ૧૩ જેટલા પ્રદર્શનો અને મેળાઓ યોજાવાને કારણે હસ્તકલા કારીગરોના રૂા. ૪૦૬ લાખના માલનું વેચાણ થયેલ છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ ની સફળતાપૂર્વકની સિધ્ધિઓ બાદ મારી સરકારે દેશમાં સૌ પ્રથમ ઐતિહાસિક વાયબ્રન્ટ ગુજરાત અર્બન સમીટ-૨૦૦૭ યોજીને શહેરી ક્ષેત્રોમાં માળખાકીય સુવિધાઓના નિર્માણ અને વિકાસ માટેના રૂા.૨,૦૦,૦૦૦ કરોડ જેટલી રકમના મૂડી રોકાણ માટેના સમજૂતી કરારો કરેલ છે, જેના કારણે ગુજરાતના શહેરોનો સવાંર્ગી વિકાસ થશે અને ૮ લાખ જેટલા લોકોને રોજગાર મળશે.

- ગુજરાતના શહેરો માટે એક વર્ષમાં રુા.૧૧૦૦ કરોડથી વધારેના પ્રોજેકટના અમલીકરણ કરવામાં આવ્યા.
- મારી સરકારે **વાજપાઈ નગર વિકાસ યોજના** અને **અમૃતધારા યોજના** ધ્વારા સમગ્ર દેશમાં નમૂના રુપ રાજયના તમામ નગરો-મહાનગરો માટે પીવાના પાણીની વ્યવસ્થા પૂરી પાડેલ છે. .
- ગુજરાતની વધતી જતી શહેરીકરણની પ્રકિયા અને સમસ્યાઓનો પધ્ધતિસર અને કાયમી ઉકેલ માટે **ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશનની** રચના કરવામાં આવી છે.

- શહેરી વિકાસને એક નવી દિશા આપવા માટે તમામ શહેરોનો સીટી ડેવલપમેન્ટ પ્લાન બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.
- શહેરી વહીવટને વધારે પ્રજાલક્ષી બનાવવા માટે શહેરી સુધારણાના કાર્યક્રમોની મોટા પાયા પર શરુઆત કરવામાં આવી છે. એકુઅલ બેઈઝડ ડબલ એન્ટ્રી એકાઉન્ટ સીસ્ટમ, એરિયા બેઈઝડ પ્રોપટીર્ ટેક્ષ તેમજ ઈ-ગર્વનન્સની સીસ્ટમ જેવા સુધારાઓ લાગુ કરવામાં આવ્યા છે.
- માળખાકીય વિકાસ સાથે શહેરી ગરીબોના કામો દઢતાથી હાથ ધરવા બદલ ભારતમાં એકમાત્ર અમદાવાદને સ્લમ નેટવકીર્ંગ પ્રોગ્રામ માટે **યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન હયુમન સેટલમેન્ટ ઈન્ટરનેશનલ એવોર્ડ** મળેલ છે.
- ભારત સરકારે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટની યોજનાને **આકીર્ટેકચર કન્સેપ્ટ ઓફ ડીઝાઈનનાં** વડાપ્રધાનશ્રીના એવોર્ડથી બિરદાવેલ છે.

**માર્ગ વિકાસ**

આર્થિક વિકાસ અને ૨૧મી સદીના પડકારોને પહોંચી વળવા મારી સરકારે રસ્તાના આંતર માળખાને મજબૂત કરવા વિવિધ પગલાં લીધાં છે.

- ૧૮૮૪ કિ.મી.ના મહત્વના રાજય ધોરીમાર્ગને અદ્યતન કરવાનું કામ વિશ્વ બેન્ક સહાયિત યોજના હેઠળ પૂર્ણ થનાર છે.
- પુનઃ નિર્માણ યોજના હેઠળ ૧,૦૦૦ કિ.મી. જેટલા રાજય રસ્તાઓ, ૧૭૪ પૂલો અને ૩,૫૦૦ કિ.મી. જેટલા ગ્રામ્ય રસ્તાઓના કામો પૂર્ણ થયા છે.
- ભરૂચ દહેજ રસ્તાને ચાર માર્ગી કરવા રૂ.૧૫૬ કરોડના ખર્ચે કામ પ્રગતિમાં છે.
- પ્રગતિ પથ, વિકાસ પથ અને કિસાન પથની પ્રગતિ ખૂબ જ સુંદર રહી છે.

**પ્રવાસન**

પ્રવાસન એ રોજગાર આપતો એક મહત્વનો ઉદ્યોગ છે. મારી સરકારે વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવેલ છે. જેના ભાગરૂપે પ્રવાસન અને યાત્રાધામના સ્થળોનો સુનિયોજીત વિકાસ કરવામાં આવેલ છે. આવા સ્થળો ઉપર માળખાકીય સુવિધાઓ અને તેની સુંદરતા વધે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે. આ હેતુ માટે રૂા.૫૦ કરોડની રકમ જિલ્લા કક્ષાએ તથા **પર્યાવરણીય પ્રવાસન વિકાસ (ઇકો-ટુરીઝમ)** માટે રૂા.૧૦ કરોડની રકમ વન વિભાગને ફાળવવામાં આવેલ છે. રાજયના પરંપરાગત પ્રવાસન સ્થળો ઉપરાંત ઇકો ટુરીઝમ, એડવેન્ચર ટુરીઝમ તેમજ વોટર સ્પોટસ થકી દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષવાનો અભિગમ અપનાવેલ છે.

પ્રવાસન સ્થળોની માહિતી ઉપલબ્ધ થઇ શકે તે માટે અંગ્રેજી, સ્પેનીશ, ફ્રેન્ચ, જર્મની, પોર્ટુગીઝ તેમજ હિન્દી ભાષામાં વેબસાઇટ શરૂ કરેલ છે. જેની સફળતાના પગલે પ્રવાસીઓની સંખ્યામાં ૩૩ ટકાનો વધારો થયેલ છે.

**બંદરો**

ગુજરાતના નાના બંદરો દ્વારા ગત વર્ષ દરમ્યાન ૧૦૮ મીલીયન મેટ્રીક ટન ટ્રાફિકની હેરફેર થઇ હતી જે ચાલુ વર્ષે વધીને ૧૧૮ મીલીયન મેટ્રીક ટન થવાની ધારણા છે. સમગ્ર દેશના બંદરો દ્વારા થતી હેરફેરમાં ગુજરાતના બંદરોનો ફાળો ૮૦ ટકા જેટલો થવા જાય છે. ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ અન્વયે બંદર ક્ષેત્રે કુલ ૧૩,૦૦૦ કરોડના મૂડી રોકાણ સામે ખાનગી રોકાણકારો સાથે ૨૪ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

**વન**

મારી સરકાર દ્વારા વન વિસ્તાર વધારવા માટે વૃક્ષારોપણ અને અસરકારક સંરક્ષણ માટે પુરતો ભાર મૂકવામાં આવેલ છે.

- ચાલુ વર્ષમાં ૮૪,૦૦૦ હેકટર જેટલા વિસ્તારમાં વનીકરણ કરેલ છે અને ૧૮.૬૦ કરોડ રોપાઓનું હરિયાળી વધારવા માટે વિતરણ કરવામાં આવેલ છે.
- સહભાગી વન વ્યવસ્થા હેઠળ ૨.૭૫ લાખ હેકટર આવરી લેતા ૨૩૨૫ ગામોમાં ગામ વન સંરક્ષણ સમિતિ બનાવવામાં આવેલ છે.

- વૃક્ષ ઉછેરની પ્રવૃતિને ઉતેજન આપવા માટે ગાંધીનગર ખાતે પુનિત વન, અંબાજી ખાતે માંગલ્ય વન તથા તારંગા હીલ દૃદઉપર તીથંકર વન અને અન્યત્ર બનાવવામાં આવેલ છે.

- રાજયમાં ૩૭,૦૦૦ હેકટરમાં ચેરના વૃક્ષોનો ઉછેર એક ઐતિહાસિક પ્રયોગ બન્યો છે.

વન ખાતાના સંરક્ષણ અંગેના નવતર પ્રયોગો થકી ચાલુ વર્ષે રાજય સરકારને પ્રતિભાવંત **ધી એર્નજી રીસર્ચ ઇન્સ્ટીટયૂટ ( ટેરી )** એવોર્ડ મળેલ છે.

**પર્યાવરણ**

પર્યાવરણ વિષે જાગૃતિ લાવવા માટે લોકભાગીદારી દ્વારા પ્રાકૃતિક શિક્ષણ અને પર્યાવરણના સંરક્ષણ અંગે જાગૃતિ અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સને ૨૦૦૬-૦૭ દરમ્યાન ૭૦૦ પ્રકૃતિ શિક્ષણ શિબિરોનુ આયોજન કરીને ૩૫,૦૦૦ જેટલા શિબિરાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

ગુજરાતના શહેરોમાં વાહન વ્યવહાર દ્વારા ઉદભવતા પ્રદુષણને ઓછું કરવાના આશયથી વાહનોમાં સી.એન.જી. ઇધણનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે જેના પરિણામે રાષ્ટ્રીય વ્યાપક હવા ગુણવત્તા મોજણી કાર્યક્રમ હેઠળ અમદાવાદ શહેરમાં શ્વાસમાં જતા રજકણોની માત્રા સને ૨૦૦૦-૦૧ માં ૧૯૭ માઇક્રોગ્રામ પ્રતિ ઘ ાનમીટર હતી તે ૫૦ ટકા જેટલી ઘટીને વર્ષ ૨૦૦૬માં ૯૮ માઇક્રોગ્રામ ઘનમીટર થયેલ છે.

**માહિતી અને પ્રસારણ**

રાજય સરકારની કલ્યાણ યોજનાઓ, નીતિઓ અને કાર્યક્રમોની મહત્વની જાણકારી નાગરિકોને મળે તે માટે મુદ્રિત, વીજાણું, પરંપરાગત માધ્યમો અને અન્ય પ્રસારણ માધ્યમો દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી સઘ ાનપણે કરવામાં આવેલ છે.

આદિજાતિ વિસ્તારોમાં તથા અનુસૂચિત જાતિની વધુ વસતિવાળા ગામોમાં વૈશ્વિક જાણકારી મળી રહે તે માટે **સમૂહદર્શન યોજના** અંતર્ગત નિશુલ્ક રંગીન ટીવી પૂરા પાડવામાં આવ્યા છે.

**વૈધાનિક અને સંસદીય બાબતો**

મારી સરકાર આ સત્રમાં અંદાજપત્રના વૈધાનિક કામકાજ ઉપરાંત નીચેના વૈધાનિક કામકાજ ગૃહની વિચારણા માટે લાવવા ધારે છે :-

૧. મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૭.

૨. ગુજરાત ખાસ આર્થિક ઝોન (સુધારા) વિધેયક, ૨૦૦૭.

૩. ગુજરાત ઓધોગિક વિકાસ કોર્પોરેશન(સુધારા) વિધેયક, ૨૦૦૭.

૪. ગુજરાત કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (સુધારા) વિધેયક, ૨૦૦૭.

૫. ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક, ૨૦૦૭.

૬. ગુજરાત પેટ્રોલિયમ યુનિર્વસિટી વિધેયક, ૨૦૦૭.

**ઉપસંહાર**

મને એ વાતનો આનંદ છે કે મારી સરકારે સમગ્ર દેશમાં આગવા વિકાસની એક નવી જ દિશા પ્રાપ્ત કરેલ છે. માળખાકીય વિકાસની સાથે સાથે વંચિતોના વિકાસને વરેલી મારી સરકારે ગુજરાતના વિકાસ થકી દેશના વિકાસનું હિત હંમેશા હૈયે રાખેલ છે.

ગુજરાતને હજુ વધુ સુખી, સમૃધ્ધ તથા સુદ્રઢ કરવા માટેની આ વિકાસયાત્રામાં આપ સૌ સહભાગી બનીને તેમજ આ ગૃહની ઉચ્ચ પ્રણાલિઓ અને ગરિમા જાળવીને આપનું શ્રેષ્ઠ યોગદાન આપશો એવી અભિલાષા સાથે આપ સૌને શુભેચ્છા પાઠવું છું.

**જય હિન્દ**

**જય જય ગરવી ગુજરાત**

**જય જય નિર્મળ ગુજરાત**

# રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ

**શ્રી ભરતભાઈ પંડ્યા** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુબનો સંદેશો પાઠવવો-

**"અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."**

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય સભ્યશ્રી ભરતભાઈ પંડયાએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત રાજયના ભૂતપૂર્વ મંત્રી સ્વ. શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ, ગુજરાત સરકારના માજી સંસદીય સચિવ સ્વ. શ્રી ચીમનભાઈ પુરુષોતમભાઈ પટેલ, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી રમણલાલ સોની, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ. શ્રી રમણીકભાઈ ધનજીભાઈ પટેલ, સ્વ. શ્રી ભગવાનદાસ કે. સોનગરા, સ્વ. શ્રી હરિભાઈ છગનભાઈ પટેલ, સ્વ. શ્રી ગબાભાઈ સોમાભાઈ ચૌહાણ અને સ્વ. શ્રી જયંતિભાઈ મચ્છરના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત રાજયના ભૂતપૂર્વ મંત્રીશ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલનું તારીખ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ તારીખ ૧૬ મી જાન્યુઆરી, ૧૯૧૬ ના રોજ માતર તાલુકાના નવાગામ મુકામે થયો હતો. તેઆશ્રીએ મેટ્રિક સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. તેઓશ્રી સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે જિલ્લા પંચાયત, ખેડા, તાલુકા પંચાયત, માતર, ખેડા જિલ્લા લોકલ બોર્ડ, નવાગામ કેળવણી મંડળ, નવાગામ પછાતવર્ગ છાત્રાલય અને ગુજરાત પંચાયત પરિષદના પ્રમુખ તરીકે, ગુજરાત જમીન વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે, મહાગુજરાત આયુર્વેદ ઈસ્પિતાલ, નડિયાદના ઉપપ્રમુખ તરીકે તેમજ ઓલ ઈન્ડિયા રેડિયો ગુજરાત સલાહકાર સમિતિ અને ગુજરાત કોતર સુધારણા મંડળના સભ્ય તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલને સન ૨૦૦૫ માં રાષ્ટ્રપતિ એવોર્ડ અને વિશ્વગુર્જરી એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા.

તેઓશ્રીએ પાંચમી ગુજરાત વિધાનસભામાં માતર મત-વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને તા. ૨૪-૧૨-૭૬ થી તા. ૧૧-૪-૭૭ સુધી રાજયના જાહેર બાંધકામ અને સંસદીય બાબતોના મંત્રી તરીકે ઉમદા સેવા આપી હતી.

તેઓશ્રીએ શ્રીલંકા, સિંગાપોર, અમેરિકા, ઈંગલેન્ડ, સોવિએટ રશિયા જેવા અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો.

તેઆશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક ઉમદા સમાજ સેવક અને સહકારી ક્ષેત્રના આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ સંસદીય સચિવશ્રી ચીમનભાઈ પુરૂષોત્તમદાસ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ સંસદીય સચિવશ્રી ચીમનભાઈ પુરૂષોત્તમદાસ પટેલનું તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી પટલનો જન્મ ૯મી સપ્ટેમ્બર, ૧૯૧૭ના રોજ ખેડા જિલ્લાના ઉત્તરસંડા ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. એલએલ.બી. ની પદવી મેળવેલ હતી. તેઓશ્રી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે ૧૯૩૦ની "સવિનય કાનૂન ભંગ" તેમજ ૧૯૪૨ ની "હિંદ છોડો" ચળવળમાં સક્રિય ભાગ લઈ બે વખત ધરપકડ વહોરી હતી. તેઓશ્રીએ મહેસાણા જિલ્લા સ્કૂલ બોર્ડના અધ્યક્ષ, કલોલ તાલુકા કેળવણી મંડળના મંત્રી અને ટ્રસ્ટી, દૂધ સાગર ડેરીના ઉપ પ્રમુખ અને મહેસાણા જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સંઘના હોદેદાર રહી વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં કલોલ મત-વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું અને તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૭૭ થી તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૦ સુધી રાજયના સંસદીય સચિવ તરીકે સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલના અવસાનથી ગુજરાત રાજયએ એક સ્વાતંત્ર્ય સેનાની અને અગ્રણી સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રમણલાલ પિતામ્બરદાસ સોનીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રમણલાલ પિતામ્બરદાસ સોનીનું તારીખ ૨૦-૯-૨૦૦૬ના રોજ ૯૭ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી સોનીનો જન્મ ૨૫મી જાન્યુઆરી, ૧૯૦૯ના રોજ મોડાસા તાલુકાના કોકાપુર ગામે થયો હતો. તેઓશ્રી સાહિત્યના ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રીએ સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં તેમજ મોડાસાની આસપાસના દેશી રાજયોની જોહુકમી સામેની લડતમાં ભાગ લીધો હતો ને તેવા રાજયોના મંડળના ઉપપ્રમુખ તરીકે પણ તેઓશ્રીએ સેવાઓ આપી હતી. તેઓશ્રીએ મોડાસા નગરપંચાયતના પ્રમુખ તરીકે, સાબરકાંઠા જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે અને સાબરકાંઠા જિલ્લા વિકાસ મંડળના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રી પ્રખર સાહિત્યકાર હતા. વિશેષ કરીને બાળકો અને કિશોરો માટે અસંખ્ય પુસ્તકો લખ્યાં હતાં. તેઓશ્રીના યુદ્ધ ગીતોનું પુસ્તક "રણનાદ" બ્રિટીશ સરકારે જપ્ત કર્યુ હતું અને તે પુસ્તક પરથી તેઓશ્રી ઉપર દેશ દ્રોહનો આરોપ ઘડાયો હતો. તેઓશ્રીએ રવિન્દ્રનાથ ઠાકુર અને શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનાં ઘણાં બંગાળી પુસ્તકોનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

સ્વર્ગસ્થશ્રી સોનીએ મુંબઈ વિધાનસભામાં સન ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી સાબરકાંઠા મત-વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વર્ગસ્થશ્રી સોનીના અવસાનથી ગુજરાત રાજયએ એક સ્વાતંત્ર્ય સેનાની અને સાહિત્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા એક ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રમણીકભાઈ ધનજીભાઈ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી રમણીકભાઈ ધનજીભાઈ પટેલનું તારીખ ૩૦મી ઓકટોબર, ૨૦૦૬ના રોજ ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૨મી ડિસેમ્બર, ૧૯૩૫ ના રોજ રાજકોટ જિલ્લાના જેતપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ ઓટોમોબાઈલ એન્જિનિયરીંગની પદવી મેળવી હતી.

સ્વર્ગસ્થશ્રીએ એન્જિનિયરીંગ એસોસીએશન, ચેમ્બર ઓફ કોમર્સ, ટી.બી. એસોસીએશન, જેતપુર જીમખાના તેમજ જેતપુર લાયન્સ કલબના પ્રમુખ તરીકે, જેતપુર લાયન્સ સ્કૂલ, જેતપુર મ્યુનિસિપલ શાળા મંડળ તથા ભારત સેવક સમાજ બાલમંદિર કારોબારી સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ જેતપુર માર્કેટીંગ યાર્ડના ચેરમેન તરીકે તેમજ અનેક સંસ્થાઓના ટ્રસ્ટી તરીકે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે પાંચમી ગુજરાત વિધાનસભામાં જેતપુર મત-વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલના અવસાનથી ગુજરાત રાજયએ એક ઉમદા સમાજ સેવક અને સામાજિક અગ્રણી ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભગવાનદાસ કાલુભાઈ સોનગરાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભગવાનદાસ કાલુભાઈ સોનગરાનું તારીખ ૨૧મી ઓગષ્ટ, ૨૦૦૬ના રોજ ૬૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી સોનગરાનો જન્મ ૪થી નવેમ્બર, ૧૯૪૦ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચરાડવા ગામે થયો હતો. તેઓશ્રીએ ડિપ્લોમા સિવિલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરી બાંધકામનો વ્યવસાય અપનાવેલ.

સ્વર્ગસ્થશ્રી સોનગરા પ્રજાના પ્રશ્નોને વાચા આપી તેના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા.

તેઓશ્રીએ આઠમી ગુજરાત વિધાનસભામાં હળવદ મત-વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક નિષ્ઠાવાન સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી હરિભાઈ છગનભાઈ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી હરિભાઈ છગનભાઈ પટેલનું તારીખ ૨૩-૧૦-૨૦૦૬ના રોજ ૭૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૩૦મી મે, ૧૯૩૩ના રોજ મોડાસા તાલુકાના ધનસુરા ગામે થયો હતો. તેઓશ્રી ખેતી, પશુપાલન અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે સતત ૨૦ વર્ષ સુધી ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ તેલીબિયાં ઉત્પાદક કો ઓપરેટીવ સોસાયટી તથા ધનસુરા પીપલ્સ કો ઓપરેટીવ બેંકના ચેરમેન, ધનસુરા શિક્ષણ સોસાયટીના ટ્રસ્ટી અને આનાવારી સમિતિ, ગુજરાત રાજયના અધ્યક્ષ તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. મોડાસા-કપડવંજ રેલવે લાઈન શરૂ કરાવવા તેઓશ્રીએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલે આઠમી ગુજરાત વિધાનસભામાં રાજયના મોડાસા મત-વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થશ્રી પટેલના અવસાનથી ગુજરાત રાજયએ ખેતી, પશુપાલન અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા એક ઉમદા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી ગબાભાઈ સોમાભાઈ ચૌહાણના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ગબાભાઈ સોમાભાઈ ચૌહાણનું તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ૬૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણનો જન્મ ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ પંચમહાલ જિલ્લાના ચંચપુર ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડેરોલના અધ્યક્ષ, કાલોલ તાલુકા ખરીદ વેચાણ સંઘ ના મેનેજીંગ ડિરેકટર, કાલોલ તાલુકા કિસાન સંઘના પ્રમુખ તેમજ ગુજરાત રાજય સિંચાઈ નિયંત્રણ બોર્ડના સભ્ય તરીકે મહત્ત્વનું યોગદાન આપ્યુ હતું.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણે આઠમી ગુજરાત વિધાનસભામાં કાલોલ મત વિસ્તારનું લોક-પ્રતિનિધિત્વ કર્યુ હતું અને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક અગ્રણી સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી જયંતિલાલ પોપટલાલ મચ્છરના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જયંતિલાલ પોપટલાલ મચ્છરનું તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ ૭૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મચ્છરનો જન્મ ૫મી ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના વસ્તડી ગામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી મચ્છરે ગુજરાત મેરીટાઈમ બોર્ડના ડિરેકટર તરીકે, તેમજ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સલાહકાર બોર્ડમાં સભ્ય તરીકે પ્રસંશનીય કામગીરી બજાવી હતી.

તેઓશ્રીએ નવમી ગુજરાત વિધાનસભામાં વિરમગામ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયએ એક નિષ્ઠાવાન અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આઠ જેટલા સભ્યશ્રીઓનો શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

સ્વર્ગસ્થશ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ આ ગૃહના સભ્ય હતા. સિનિયર મંત્રી તરીકે કામ કર્યુ હતું. ૯૦ વર્ષની ઉંમરે એમનું અવસાન થયું છે. તેઓ માતરમાંથી ચૂંટાયેલા, પરંતુ અમદાવાદના એક પરાની અંદર રહેતા હતા. જીવનના છેલ્લા સમય સુધી સ્વર્ગસ્થશ્રી ગોરધનભાઈ સક્રિય રહ્યા હતા. કોઈ પ્રસંગ આવ્યો હોય અને મેં કોઈ નિવેદન કર્યુ હોય એ સંદર્ભમાં એની ટીકા ટિપ્પણ, સલાહ અચૂક મને પત્ર દ્વારા જણાવતાં. આ ઉંમરે પણ તેઓ લખતા. આપણે તો આ ઉંમરે પણ લખવાની બાબતની અંદર કોઈ સામાજિક ઘટના હોય કે રાજકીય ઘટના હોય એમાં પોતાનો અભિપ્રાય પત્ર દ્વારા ભાગ્યે જ જણાવતાં હોઈએ છીએ, પરંતુ ગોરધનભાઈ દરેક પ્રસંગમાં પત્રો ખૂબ જ સુંદર અક્ષરોમાં લખતા. આજે પણ આપણને એનું અનુકરણ કરવા જેવું છે. અમુક વખતે તેઓ રૂબરૂ મળવા પણ આવતા, અમુક વખતે ટેલિફોન પણ કરતા. આ રીતે તેઓ નિવૃત્ત હોવા છતાં સામાજિક જીવનની અંદર જે પ્રજાને પીડતા પ્રશ્નો હોય. તેમાં હંમેશા જીવનના છેલ્લા વર્ષો સુધી સક્રિય રહ્યા અને સમાજને યોગદાન આપતા રહ્યા. સ્વ. ગોરધનભાઈનું શિક્ષણ તો માત્ર મૅટ્રિક સુધીનું હતું પણ પંચાયત અને સહકારમાં તેમનું નમૂનેદાર કહી શકાય તેવું પ્રદાન હતું. તેમને રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળેલો અને તેમની સેવાઓને કારણે તેમને વિશ્વગુર્જરી એવોર્ડ પણ મળેલો. સ્વ. ગોરધનભાઈના જવાથી આ ગૃહને આ ગૃહમાં બેસતા હતા તેવા એક વડીલ મુરબ્બીની ખોટ સાલશે. આપણને તેમની જે પ્રવૃત્તિ છે તેમાંથી પ્રેરણા મળતી રહેશે.

સ્વ. શ્રી ચીમનભાઈ પુરુષોત્તમદાસ પટેલ તેમનો જન્મ પ્રાંતિજમાં થયો હતો. ૮૯ વર્ષની ઉંમર સુધી સમાજની વચ્ચે રહ્યા. ઉચ્ચ શિક્ષણ મેળવેલ અને ૧૯૪૨ની " હિંદ છોડો " ચળવળમાં સ્વાતંત્ર્ય સેનાની તરીકે કામ કરનાર આ ગૃહના એક એવા વિરલ વડીલ હતા જેમણે આઝાદી સંગ્રામમાં ભાગ લીધો હતો અને શિક્ષણ તથા ડેરી સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વ. શ્રી રમણલાલ સોનીના નામથી ગુજરાતની અંદર પ્રાથમિક કે માધ્યમિક શાળાનો કોઈ વિદ્યાર્થી પરિચિત ન હોય એવું બને નહીં. તેમનો ધારાસભ્ય તરીકે તો જ્યારે તેમનું અવસાન થયું ત્યારે ખ્યાલ આવ્યો. બાકી રમણલાલ સોનીને એક સાહિત્યકાર તરીકે ગુજરાત ઓળખતું હતું. સાહિત્યના ક્ષેત્રમાં, અનુવાદના ક્ષેત્રમાં તેમનું જબરજસ્ત પ્રદાન હતું. અનેક પુસ્તકો પણ લખ્યા. તેનાથી વિશેષ અગાઉ કહ્યું તેમ સ્વ. ચીમનભાઈ પટેલની જેમ તેઓ પણ " હિંદ છોડો " ચળવળમાં સ્વાતંત્ર્ય સેનાની તરીકે જેલમાં ગયા, કષ્ટો વેઠ્યાં અને દેશી રજવાડાઓ સામે જ્યારે જરૂર પડી ત્યારે અવાજ ઉઠાવીને સંઘર્ષ કર્યો. તેમના જવાથી આપણને એવા વિરલ વ્યકિત કે જેમણે આઝાદી સંગ્રામમાં ભાગ લીધો અને એવી વ્યકિત કે ભાગ્યે જ ગૃહમાં આવતા હોય એવા સાહિત્યકાર વડીલ મુરબ્બીની આપણને ખોટ પડી છે.

સ્વ. શ્રી રમણીકભાઈ પટેલ અમારા જેતપુરના અને જૂની પેઢીના બુઝર્ગ, સમાજ અને રાજકારણ સાથે સંકળાયેલ, સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને જીવનના છેલ્લા વર્ષો સુધી સક્રિય રહેલા મુરબ્બી આગેવાન હતા. સહકારી પ્રવૃત્તિમાં તેમનું ખૂબ મોટું પ્રદાન હતું. ત્યાંનો માર્કેટીંગ યાર્ડ હોય, ખરીદ-વેચાણ સંઘ હોય કે ડિસ્ટ્રિક્ટ બેંક હોય, તમામ ક્ષેત્રમાં તેમની સેવાઓ પડેલી હતી. વ્યકિતગત રીતે મારા મુરબ્બી હતા. તેમના જવાથી ગૃહને એક એવા વડીલ સમાજ સેવકની ખોટ પડી છે અને સમાજને પણ પડી છે. જેમણે વર્ષો સુધી ખેડૂતો અને સહકારી પ્રવૃત્તિની સમસ્યામાં રસ લીધો હતો.

સ્વ. શ્રી ભગવાનદાસ સોનગરાનું ૬૫ વર્ષની ઉંમરે અવસાન થયું. સિવિલ એન્જિનિયર હતા. હળવદ જેવા પછાત વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરી આ ગૃહમાં બિરાજતા હતા. એ ક્ષેત્રના મજબૂત અને સારા આગેવાન હતા. તેમની પણ આપણને ખોટ પડી છે.

સ્વ. શ્રી હરિભાઈ પટેલે ૭૩ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી. મોડાસા તાલુકાનું ધનસુરા ગામ તેમનું કાર્યક્ષેત્ર હતું. સહકારી પ્રવૃત્તિ, ખેતીવાડી અને શિક્ષણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં, સહકારી પ્રવૃત્તિઓમાં તેમણે કામ કર્યું. જેમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે મોડાસા-કપડવંજ રેલવે છે તેના માટે જીવનના છેલ્લા સમય સુધી સંઘર્ષ કરતા રહ્યા. આજે એ વિસ્તારના લોકોને સારા કાર્યકર, સારા આગેવાનની ખોટ પડી છે.

સ્વ. શ્રી ગબાભાઈ ચૌહાણ પંચમહાલ જિલ્લાના કાલોલ જેવા એક પછાત વિસ્તારના મજબૂત આગેવાન હતા.

નાની એટલે કે, ૬૧ વર્ષ એટલે બહુ મોટી ઉંમર ન કહી શકાય એ ઉંમરે એ ચાલ્યા ગયા. સ્વ.શ્રી જયંતિભાઈ મચ્છરે ૭૯ વર્ષની ઉંમરે આપણી વચ્ચેથી વિદાય લીધી. સુરેન્દ્રનગર જિલ્લાની અંદર એમનો જન્મ થયો અને એને વિરમગામથી એ ચૂંટાઈ આવ્યા અને આ ગૃહને શોભાવ્યું હતું. એમના જવાથી પણ આપણે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. આ ૮ એવી વ્યકિતઓ હતી કે જેમનું આ ગૃહમાં અને ગુજરાતમાં ઉમદા પ્રદાન હતું એની સાથે સાથે સમાજમાં પણ ઉમદા પ્રદાન હતું. આ ગૃહની શોકની લાગણીઓ તમામ મહાનુભાવોના પરિવારો સુધી પહોંચે અને એ બાબતે આપના મારફત સંદેશો પહોંચે એ સાથે શોકદર્શક ઉલ્લેખમાં મારો સૂર પૂરાવું છું.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. રાજયના માજી મંત્રીશ્રી ગોરધનભાઈ પટેલ અને માજી સંસદીય સચિવશ્રી ચીમનભાઈ પટેલ, રમણભાઈ સોની, રમણીકભાઈ, ભગવાનદાસ કે સોનાગરા, હરીભાઈ, ગબાભાઈ અને જયંતિભાઈ મચ્છર વગેરે મહાનુભાવોનું દુ:ખદ અવસાન થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હળવદ, મુળી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ભગવાનદાસ સોનાગરા જેઓ સુરેન્દ્રનગર જિલ્લાના એક સથવારા દલવાડી સમાજમાંથી એ સમયમાં સિવિલ એન્જિનિયર થઈને મુંબઈની અંદર નોકરી કરતા હતા. એ પછી તેઓ અમદાવાદમાં વસવાટ કરતા હતા. એ વખતે હળવદ મુળીમાં બક્ષીપંચ સમાજને, ગરીબ માણસોને એક દિશા બતાવવામાં ૧૯૯૦થી ૧૯૯૫ સુધી એમણે પ્રતિનિધિત્વ કરી, આ જિલ્લાના બક્ષી પંચના સમાજને રાહ બતાવીને એક ઉમદા કામગીરી કરી છે. એમના મૃત્યુ પહેલાં અમદાવાદ મુકામે આવેલા એમના ઘર પાસેથી નીકળ્યો હતો અને મને એમ થયું કે, લાવ ભગવાનદાસને મળતો જાઉં. એ આ ઉંમરે એક નાની એવી ઓરડીમાં એસ.ટી.ડી.-પી.સી.ઓ. ચલાવીને પોતાનું ગુજરાત ચલાવતા હતા. આજે આવી વ્યકિત જ્યારે આપણી વચ્ચેથી જતી રહી છે ત્યારે આ જિલ્લામાં અને આ તાલુકામાં ખોટ પડી છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે, એમના પરિવારો ઉપર આવી પડેલ દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત આપે એ જ પ્રાર્થના.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને એમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે, એમાં મારો સૂર પૂરાવવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક અંગ્રેજ કવિ લખે છે કે, "Lives of great men all remind us. We can make our lives sublime and reportingly behind us the footprints in the sand of time." એટલે કે, જે વ્યકિતઓ પોતાની પાછળ સમયની રેત ઉપર પોતાના સત્કાર્યોની સુવાસ મૂકી જાય છે અને પોતાના સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવતા માટે જે પોતાના કર્તવ્યોથી, જીવંત ઉમદા આદર્શ મૂકી જાય છે અને અનેક લોકો માટે પ્રેરણાદાયી બને છે એવા આઠેક જેટલા મહાનુભાવો આજે આપણી વચ્ચે નથી. આવા એક મહાનુભાવને મેં ખૂબ નજીકથી જોયા છે એવા સાબરકાંઠાના સ્વ.શ્રી રમણલાલ સોની ૭, ૮ વર્ષ હું એમની સાથે મોડાસા ખાતે રહ્યો છું. મોડાસાના એક નાના એવા ગામ કોકાપુર ખાતે એ જન્મેલા અને પાછળથી મોડાસા સ્થાયી થયેલા. મુરબ્બીશ્રી રમણલાલ સોની ગાંધીજીના વિચારોથી રંગાયેલા હતા. ગુજરાત વિદ્યાપીઠમાંથી એમને સંસ્કારો મળ્યા અને એ પછી આઝાદીની ચળવળમાં એમણે ભાગ લીધો. સાબરકાંઠાના ગામે ગામ ફરીને એ વખતે જે પરિસ્થિતિ હતી એ વખતના નવા વિચારો, નવી ક્રાંતિના વિચારો, એ વખતે મથુરદાસ ગાંધી સામાજિક આગેવાન કાર્યકર હતા એમની સાથે રહીને સમગ્ર સાબરકાંઠામાં આહલેખ જગાવેલ. એમના જે વિચારો હતા એના કારણે મોડાસામાં ખૂબ આદર્શ પુરુષ તરીકે, રાષ્ટ્રિય નેતા તરીકે અગાઉ ઉલ્લેખ થયો તેમ, એ આમતો બાળ સાહિત્ય, બાળકોના સાહિત્ય માટે ગુજરાતમાં ખૂબ પ્રસિદ્ધ પણ છે. એમણે સાથેસાથે જેલવાસ દરમિયાન બંગાળી ભાષા શીખ્યા અને બંગાળી ભાષામાં બંગાળના જે લેખકો હતા, શરદબાબુ, દિલીપકુમાર રોય અને નરેશચંદ્ર અને મહાકવિ રવિન્દ્રનાથ ટાગોરના ગ્રંથોનો ગુજરાતીમાં જે એમણે અનુવાદ કર્યા એ અનુવાદ આજે એટલા પ્રસિદ્ધિ પામ્યા છે કે ભારતીય બંગ પરિષદે કલકત્તા મુકામે શ્રી રમણલાલ સોનીને શરદબાબુની ચાંદીની પ્રતિમા અર્પણ કરીને એમનું સન્માન કર્યુ એ નોંધપાત્ર બીના છે. મોડાસાના એ વખતના નગરપાલિકાના ચેરમેન તરીકે હતા. એમના જાહેરજીવનમાં પણ એમણે એવા કાર્યો કર્યા, ખાસ કરીને મોડાસા કપડવંજ રેલવેની માગણી પણ એ વખતે એમણે મૂકેલી, એમના પાછળના દસેક વર્ષ અગાઉ જ્યારે મોડાસા કપડવંજ રેલવેનું કામ પૂર્ણ થયું ત્યારે એમને આનંદ થયેલો કે મારુ શરૂ કરેલું કાર્ય આજે પૂરું થાય છે અને એ રીતે એમણે મોડાસા નગરપાલિકાના પ્રમુખ તરીકે ટાઉનહોલ, ગટર યોજના એવા અનેક કાર્યો કરીને મોડાસાની કાયાપલટ કરવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે, એવા માનનીય શ્રી રમણભાઈ સોનીને ગુજરાતી ભાષામાં પ્રથમ ૧૯૮૬માં એમને ગીજુભાઈ બધેકા સુવર્ણ ચંદ્રકથી ગુજરાતની પ્રજાએ એમને નવાજ્યા છે. એમની કદર કરી છે. આવા માનનીય રમણભાઈ સોની એક આદર્શ પુરુષ છે. સાહિત્યકાર હોવા છતાં કોઈ ભાગ્યેજ આવી વ્યકિત મળશે કે જે જાહેર જીવન, રાજકીય નેતાગીરી અને સાહિત્ય સેવા આવો ત્રિવેણી સંગમ, ભાગ્યેજ જોવા મળતા હોય છે અને એમને ૧૯૯૬માં ઉત્તમ સાહિત્યની સેવાના કદરરુપે ગુજરાતના નોબલ પ્રાઈઝ ગણાતા રણજીતરાય સુવર્ણ ચંદ્રક પણ અર્પણ કરીને સાહિત્ય સેવાનું રૂણ પણ ગુજરાતે એમને ચૂકવ્યું છે. કાકાસાહેબ કાલેલકરે પણ એમના માટે જે શબ્દો કહ્યા છે કે, " ખરેખર, રમણભાઈ સોની એ ગુજરાતી સાહિત્યમાં સોના જેવી સેવા કરી છે." આ જ બતાવી આપે છે કે એક મેધાવી પ્રતિભાસંપન્ન વ્યકિતત્વ ગુમાવ્યું છે.

સાબરકાંઠાના અને મોડાસા વિસ્તારમાંથી જાહેર ક્ષેત્રમાંથી ચૂંટાયેલા શ્રી હરીભાઈ પટેલ એમણે પણ જાહેર જીવનમાં ખાસ કરીને સહકાર અને ખેતી એ વિષયમાં આ વિસ્તારના ખેડૂતોની ખૂબ સારી સેવા કરી છે એવા ભાઈશ્રી હરીભાઈને પણ અંજલિ આપું છું. સાથેસાથે ભાઈશ્રી જયંતિભાઈ મચ્છર કે જે શરૂઆતમાં ૧૯૯૫માં ચૂંટાયેલા ત્યારે એમની સાથે પણ મને કામ કરવાનો જે મોકો મળ્યો, એક નિખાલસ વ્યકિતત્વ અને ખૂબ સારા સેવાભાવી કાર્યકર તરીકે હું ઓળખું છું. બીજા અન્ય મહાનુભાવોને હું મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પુ છું. એમના કુટુંબીજનો પર આવી પડેલ દુ:ખ સહન કરવાની શકિત આપે એવી અભ્યર્થના.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. સ્વ.શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલે ગુજરાતને પંચાયત રાજયના ખૂબ સુદૃઢ પાયા પર મૂકવાનું કામ ગુજરાતમાં કર્યુ. ગુજરાતની પ્રથમ હરોળના લોકસેવક પૈકીના એક. દેશની આઝાદીની લડતમાં પણ ભાગ લીધેલો એનાથી તો વિશેષ એમના ગામની, નવાગામની પંચાયત, એ જમાનામાં લોકો જોવા જતા હતા અને એમણે જે સુદૃઢ કામ કર્યુ હતું એ કામની સુવાસને કારણે ધીમેધીમે એ પોતે જિલ્લા પંચાયતમાં લોકલ બોર્ડમાં અને રાજયના મંત્રી સુધી એમની પોતાની સેવાઓ આપી હતી. ગોરધનભાઈ શંભુભાઈ પટેલ, રાજકીય જીવ કરતા એક સામાજિક જીવ વધારે હતા. સમાજ પરિવર્તનમાં અને સમાજ સેવાના કામોમાં એ હરહંમેશ અગ્રિમ હરોળની ભૂમિકા ભજવતા હતા. સ્વ.શ્રી ગોરધનભાઈના જવાથી આપણા જાહેરજીવનમાં એક મોટી ખોટ પડી છે.

સ્વ.શ્રી ચીમનભાઈ પુરષોત્તમભાઈ પટેલ, વતન તો એમનું ખેડા જિલ્લાનું ઉત્તરસંડા પણ વતન બનાવ્યું એમણે કલોલને, એમના પિતાશ્રી પુરષોત્તમભાઈ પણ મહેસાણા લોકલ બોર્ડના વાઈસ પ્રૅસિડેન્ટ હતા. એમના પિતાશ્રી પણ ફ્રીડમ ફાયટર હતા અને ચીમનભાઈ બૉમ્બે યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ અને એ જમાનામાં લૉ કરીને વકીલાતના વ્યવસાયથી શરૂઆત કરેલી, પરંતુ જાહેર જીવનમાં પડવાથી એમણે પોતે પોતાના અંગત ધંધો છોડીને સમાજ સેવાનું કામ કરેલું. સ્વ. ચીમનભાઈનો મારા જાહેર જીવનમાં મને અનુભવ છે કે એ એક એવા નખશિખ પ્રમાણિક પુરુષ હતા કે, પોતે વેપારી કુટુંબના હોવા છતાં પણ પોતાની સત્તાનો અથવા તો પોતાના રાજકારણનો પોતાના અંગત જીવનમાં કોઈ દિવસ ઉપયોગ કર્યો નથી. ૧૯૫૬, ૧૯૫૭ અને ૧૯૫૮ આ ત્રણ વર્ષ મને એમની

સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. એ જમાનામાં કડી, કલોલ વિસ્તારનો ખાખરીયો ટપ્પો અતિ પછાત ગણાતો. એ જમાનામાં પગે ચાલીને પદયાત્રાઓ કરતા અને જિલ્લા શિક્ષણ સમિતિના એ ચેરમેન થયેલા. ચેરમેન તરીકે પણ એમણે એટલી બધી ઉત્તમ સેવાઓ કરેલી હતી કે પ્રાથમિક શાળાઓ ખૂલે અ પહેલા એ ગામે જઈને શિક્ષકોની હાજરી પૂરતા. એ જમાનામાં પગે ચાલીને આવું કામ સ્વર્ગસ્થ શ્રી ચીમનભાઈ કરતા હતા. આમ તો શિક્ષણના જીવ હતા. મહેસાણા જિલ્લાની દૂધસાગર ડેરીમાં મહેસાણા જિલ્લામાં ૧૦-૧૫ આગેવાન મિત્રોએ અગત્યનો ભાગ ભજવ્યો હતો એના પાયામાં ચીમનભાઈ એક હતા. વર્ષો સુધી માનસિંહભાઈથી માંડીને મોતીભાઈ સુધી એમણે પોતે વાઈસ પ્રૅસિડેન્ટ તરીકે ઘણા વર્ષો સુધી પ્રદાન આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, રમણભાઈ સોનીને આપણે અનેક રીતે ઓળખીએ છીએ પણ ગુજરાતી બાલ સાહિત્યમાં ખૂબ મોટું પ્રદાન, ગીજુભાઈ કે જુગતરામભાઈ હોય પણ રમણભાઈને યાદ કરવા પડે. ગુજરાતના બાળ જગતમાં એમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. હરીભાઈ પટેલ પણ સહકારી પ્રવૃત્તિના એક અગત્યના આગેવાન. આવા આગેવાનોના જવાથી આપણા જાહેર જીવનને મોટી ખોટ પડી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ એમની જે લાગણી વ્યક્ત કરી છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી આજે જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મહાનુભાવોમાં જયંતિભાઈ પોપટભાઈ મચ્છર કે જેઓ મારા વિસ્તાર, વિરમગામના પૂર્વ ધારાસભ્ય હતા અને એમનું અવસાન થતાં, સમગ્ર શહેર અને તાલુકામાં શોકની લાગણી પ્રવર્તે છે. અમને પણ એક મોભી ગુમાવ્યાનું દુ:ખ લાગ્યું છે. જયંતિભાઈ મચ્છરને સમગ્ર પંથકમાં જયંતિ કાકાના હુલામણા નામથી બોલાવતા અને એમણે નાનામાં નાના કાર્યક્રમથી માંડી વિરમગામના અતિ પછાત વિસ્તાર એવા નળકાંઠામાં હિન્દુત્વની ભાવના પ્રગટ કરી હતી. એમના પરિચયમાં કોઈપણ વ્યક્તિ આવે તો રાજકીય નહિ પણ પરિવારના સમજતા. એમના સમગ્ર જીવનની ઝરમર જોઈએ તો ૧૯૪૨ની લડતથી શરૂ કરી કટોકટીના સમયગાળામાં ૯ માસ જેલવાસ ભોગવેલો.

જનસંઘની શરૂઆત થતાં જનસંઘમાં જોડાયા અને ૧૯૬૭માં વિરમગામની અંદર જનસંઘના ઉમેદવાર તરીકે વિજયી બન્યા. વિરમગામ નગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન બન્યા. નગરપાલિકાના પ્રમુખ તરીકે જવાબદારી સ્વીકારી. આ જયંતિકાકા ૧૯૯૫માં ગુજરાત વિધાનસભાના વિરમગામના ધારાસભ્ય તરીકે એમની જ્ઞાતિના માત્ર ૪૦૦ મત ગણી શકાય એવી નાની જ્ઞાતિમાંથી આવતાં પણ એમની સુવાસના કારણે તેઓ ધારાસભ્ય બન્યા. તેઓએ મેરી ટાઈમ બોર્ડના સભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરી. ભારતીય જનતા પાર્ટીમાં એમણે જિલ્લા સંગઠન પ્રમુખ તરીકે સુંદર કામગીરી બજાવી. કાર્યકરોનો ઉત્સાહ વધારવા માટે પોતે પોતાનો જન્મ દિવસ ઉજવતા, પોતાના સ્વખર્ચે અને એના અંદર મુખ્યમંત્રીશ્રીની હાજરી પણ સૂચક રહેતી. કોઈ નગર કે ગામડામાં ધાર્મિક પ્રસંગ હોય, કુટુંબનો પ્રસંગ હોય તો જયંતિકાકા આગલી હરોળમાં પોતાની જવાબદારી લઈ આવા ધાર્મિક કાર્યક્રમોનું સંચાલન કરતા.

મૂંગા-પશુની વાણી સમજીને જીવદયામાં મોટું કામ કર્યુ. વિરમગામ ખોડાઢોર પાંજરાપોળમાં પણ પ્રમુખ તરીકે કામગીરી સંભાળેલી. એમના માટે એવું કહી શકાય કે, સત્તામાં આવીને કદી છલકાયા નથી, પડકારોથી કદી પાછા નથી પડ્યા, મુકેલીઓથી કદી મુંઝાયા નથી, લાલચમાં કદી લપેટાયા નથી અને ક્યારેય અવગણના થવાના કારણે અકળાયા નથી આવા જયંતિકાકા ગમે તેવા સમયમાં પણ એમણે શિસ્ત અને સિદ્ધાંત છોડ્યા નથી. ધૂપસળી પોતે સળગીને બીજાને સુવાસ આપે તે રીતે સ્વ. જયંતિકાકા સત્તા, સંપત્તિ અને સંતતિ વચ્ચે રહીને એમણે એક આદર્શ જીવન જીવી બતાવ્યું છે. સ્વ. જયંતિકાકાની વિદાય નગર અને પક્ષને આંચકો આપનારી ઘટના હતી. એમની અંતિમ યાત્રા નિકળી ત્યારે તેમજ એમના અંતિમ સંસ્કારમાં પણ રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે, અમારા વિસ્તારના પ્રભારીમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન અને કૃષિમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપી, સદ્‌ગતોને શ્રદ્ધાંજલિ આપેલી. સ્વ. જયંતિકાકા જેવા મોભીની વિદાયથી અમને ઘણું દુ:ખ લાગ્યું છે અને ખોટ પણ પડી છે તો આ અસહ્ય આઘાત અનુભવ્યો છે. એમના અંતરાત્માને પ્રભુ પરમ શાંતિ આપે અને જેમણે વડીલની છત્રછાયાં ગુમાવી છે એવા એમના પરિવારને પ્રભુ આ આઘાત સહન કરવાની શકિત આપે એજ અભ્યર્થના.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહના નેતા જે શોક ઠરાવ લઈને આવ્યા છે, એમાં અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ જે સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

મુરબ્બી ગોરધનભાઈ અમારા ખેડા જિલ્લાનું ગૌરવ હતા, એમની શાન બહુ ઉંચા પ્રકારની હતી. માતર વિભાગમાંથી જિલ્લા પંચાયતમાં ચૂંટાયા અને જિલ્લા પંચાયતના પ્રમુખ બન્યા, હંમેશા એમનો રસ સહકારી પ્રવૃત્તિ અને શિક્ષણમાં હતો અને સાથે સાથે સમાજસેવામાં ઊંડો રસ ધરાવતા હતા. હું તે વખતે નગરપાલિકાના પ્રમુખ તરીકે એમની સાથે હતો અને જો કોઈ આગળ લઈ જવાની દોરવણી અને માર્ગદર્શન આપ્યું હોય તો મુરબ્બી ગોરધનભાઈએ આપ્યું હતું. આજે પણ સમગ્ર ખેડા જિલ્લો એમને યાદ કરે છે. મૂળ તો એ નવાગામના વતની કલમબંધીમાં ગામ આવતું હતું. ખેડાને વધારેમાં વધારે પાણી મળે એમાં એમને રસ હતો અને ખેડૂતોની લોકચાહના

પ્રાપ્ત કર્યા પછી એમની જે ખેતી હતી, નવાગામના ખેડૂતો એવું કહેતા હતા કે તમે જાવ જિલ્લાની સેવા કરો અમે ખેતી સંભાળી લઈશું. એમણે સમગ્ર ખેડા જિલ્લામાં ગૌરવ અને માન મેળવ્યું હતું. ખેડા જિલ્લાનો કોઈપણ વ્યકિત એમના તરફ અંગુલિનિર્દેશ નહિ કરી શકે એવી નિષ્ઠા અને પ્રમાણિકતા હતી. એમના જવાથી ખેડા જિલ્લાને મોટામાં મોટી ખોટ પડી છે. તેઓ બાંધકામ મંત્રી પણ બન્યા હતા. ધારાસભ્ય તરીકે પણ પોતાની દ્રષ્ટિ એકજ હતી કે સમગ્ર ગુજરાતનો વિકાસ કઈ રીતે થઈ શકે, બધાનો પ્રેમ હું કઈ રીતે સંપાદન કરી શકું એવા એક મહામોભી આપણે ગુમાવ્યા છે.

ચીમનભાઈ પટેલ મૂળ ઉત્તરસંડાના વતની અને વેપાર-ધંધા અર્થે કલોલમાં રહેતા હતા. કલોલમાં બધાનો પ્રેમ સંપાદન કરીને ચીમનભાઈની સરકારમાં મંત્રી બનેલા, સંસદીય સચિવ બનેલા. તેઓ પણ સહકારી પ્રવૃત્તિમાં અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં રસ ધરાવતા હતા અને હંમેશા બહુ જ સહેલાઈથી, શાંત સ્વભાવ જેમ ગોરધનભાઈ શાંત સ્વભાવના હતા. અનેક નાના-મોટા પ્રશ્નોનો ઉકેલ એમની ચાલાકી એના કારણે ચીમનભાઈ પટેલનો સારો પ્રેમ સંપાદન કર્યો હતો. સંસદીય સચિવ તરીકે પણ સારો પ્રેમ સંપાદન કર્યો હતો.

આજે ખેડામાંથી ગોરધનભાઈ અને ચીમનભાઈના જવાથી મોટી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ અર્પે અને એમના કુટુંબીજનોને માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રીએ જે સૂર પુરાવ્યો છે એ ઠરાવ રૂપે એમના પરિવારને મોકલી આપીએ એટલા શબ્દો સાથે વિરમું છું.

**શ્રી રાકેશ રાવ (ભા.જ.પ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ જે શોકદર્શક ઉલ્લેખો કર્યા છે એમાં ઉલ્લેખ કરાયેલા તમામ મહાનુભાવોને હું મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું.

મુ. સ્વ.શ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ, જે અમારા ખેડા જિલ્લાના માતર તાલુકાના તેઓ ખેડાના ગૌરવ સમાન હતા. આજે જ્યારે ગાંધીવાદી પેઢી લુપ્ત થતી જાય છે અને એમ કહેવાય છે કે, Leaders lead by examples. એ પ્રમાણે આવનારી પેઢીને કદાચ સાચું પણ ના લાગે કે આવા પ્રકારના લોકો પણ એમનું જીવન જીવી ગયા છે. દાંડી યાત્રા દરમિયાન મહાત્મા ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી ગોરધનકાકાએ જાહેરજીવનમાં પદાર્પણ કર્યુ ત્યારે હમણાં જેમ સભ્યશ્રી શંકરભાઈએ વાત કરી એ પ્રમાણે એમની સામે અનેક પ્રશ્નો ઊભા થયા ત્યારે ગામના લોકોએ એમ કહ્યું કે, તમે જાહેર જીવનમાં પડો, અમે તમારા વતી કામ કરીશું, અમે તમારી ખેતી સંભાળીશું.આ રીતે એમને જાહેરજીવનમાં લાવવા માટે લોકોએ એમને પ્રેરણા આપી અને એ પ્રમાણે સાચાઅર્થમાં એમણે એમનું જીવન જીવી બતાવ્યું. હંમેશા એમણે પોતાના કરતાં બીજા લોકોને પ્રાધાન્ય આપ્યું અને અનેક એવા જાહેર જીવનનાં પ્રશ્નો હતા કે જેના માટે એ ઝઝૂમ્યા. એમના જીવન દરમિયાન એ ૧૯૭૮માં ગુજરાત વિધાનસભામાં દાઊદી વ્હોરા કોમના એક ધર્મગુરુ હતા, એમની કથિત કેટલીક રૂઢિઓ સામે એમણે આપણી વિધાનસભામાં એક બિલ રજૂ કર્યુ હતું, સામાજિક અન્યાય નિવારણ બિનસરકારી વિધેયક, એ વિધેયક અહીં આપણા ગૃહમાં મંજૂર ના થઈ શકયું, પસાર ના થઈ શકયું એટલે પોતાની સરકાર હોવા છતાં એમણે પ્રતિજ્ઞા કરી કે જો આ સરકાર આ પ્રકારનું વિધેયક નહીં લાવે ત્યાં સુધી હું ગાંધી ટોપી નહીં પહેરું અને જીવતપર્યન્ત, એ જીવ્યા ત્યાં સુધી એમણે ગાંધી ટોપીનો બહિષ્કાર કર્યો, એ ગાંધી ટોપી એમણે કયારેય પણ ના પહેરી, એટલે એમના મૃત્યુ પછી પણ જ્યારે એમના શબ ઉપર ગાંધી ટોપી પહેરાવવી કે કેમ? આવી ચિંતા થઈ ત્યારે કેટલાક લોકોનો મત હતો કે આખી જિંદગી એમણે આ પ્રતિજ્ઞા નીભાવી છે તો છેક છેલ્લે સુધી એમણે ગાંધી ટોપીનો બહિષ્કાર કર્યો છે.

તેઓ વ્યસન મૂકિતના પણ બહુ મોટા પ્રખર હિમાયતી હતા હતા. આજથી ૨૫ વર્ષ પહેલાં અમારા માતર તાલુકાના નવાગામમાં આજે પણ એ ગામમાં એક પણ પાનનો ગલ્લો નથી અને એક પણ હોટલની કીટલી નથી. આ આજે જ્યારે આપણે વાત કરીએ ત્યારે કોઈ સાચી પણ ના માને, કોઈ સ્વીકારી પણ ના શકે પરંતુ આ હકીકત વાસ્તવિક છે અને આજે પણ મારા માતર તાલુકાના નવાગામમાં એક પણ પાનનો ગલ્લો નથી, એક પણ ચ્હાની કીટલી આવેલ નથી, આ માની ના શકાય તેવી કેટલીક વાતો છે. અમારા ખારીકટ કેનાલના કારણે ઔદ્યોગિક એકમો દ્વારા જે પાણી છોડાતાં એના કારણે અમારા ખેડૂતોની જમીનો બરબાદ થઈ ગઈ અને એને માટે લડતા લડતા છેક હાઈકોર્ટ સુધી એ લડ્યા અને અમારા ખેડૂતોને એનું વળતર મળે, ખેડૂતોને ન્યાય મળે અને એટલા માટે હાઈ કોર્ટના આદેશ મુજબ આજે કરોડો રૂપિયા એ ઔદ્યોગિક એકમોને જમા કરાવવા પડ્યા એનો લાભ અમારા વિકાસના કામોમાં પણ વપરાય છે. આ રીતે એમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી જેમ હમણાં વાત થઈ એ પ્રમાણે જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે સમાજ સેવાના કામો કર્યા અને અમારા ખેડા જિલ્લાને એમના જવાથી અમને ઘણું દુ:ખ થયું છે, એમને શ્રદ્ધાંજલિ અર્પુ છું.

**અધ્યક્ષશ્રી** : ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓની સંખ્યા વિશેષ છે એટલે બધા જ પાંચ મિનિટમાં જ પોતાનો જે વિચાર છે એ પૂરો કરે, માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સદસ્યોના દુ:ખદ અવસાન બદલ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લાવ્યા છે અને એ ઠરાવને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે, એમાં મારો સુર પૂરાવું છું. ગોરધનકાકા અમારા સૌના આદરણીય. ૧૯૭૫ની સાલથી એમનો પરિચય થયેલો. છેલ્લે જયારે દાંડી યાત્રા વખતે નવાગામ ગયેલો અને રાકેશભાઈએ કહ્યું એ પ્રમાણે વ્યસનમુકત ગામ કોઈ માને

નહીં એ વાત ત્યારે" ઈન્ડીયા ટુ ડે" ના પત્રકાર ઉદય માહોલકરે ખાસ મુલાકાત લીધી હતી. ગાંધીવાદી વિચારસરણીના પીઢ આગેવાન. ગોરધનભાઈ સાથેનો પરિચય હંમેશા માર્ગદર્શક રહ્યો હતો.

રમણલાલ સોની બાળ સાહિત્યકાર હતા. હમણાં એમના પુસ્તકને ખાસ પારિતોષિક આપવામાં આવેલ. સાહિત્ય સર્જન હંમેશા કરતા રહ્યા. ભગવાનદાસ કે.સોનગરા, સુરેન્દ્રનગર સાથે મારો પરિચય. ધારાસભ્ય તરીકે હળવદમાં હતા. એ લીમડીના નાતે, લીમડીમાં બળદેવભાઈ અમારા સંઘ પરિવારના સ્વયંસેવક હતા અને દલવાડી સમાજનો લીમડી અને ચરાડવા સાથેનો નાતો હતો. તેઓ ખૂબ જ સાદુ જીવન જીવતા હતા. જયંતિભાઈ મચ્છર સાથે આ ગૃહમાં રહેવાનો મને અવસર મળેલો. તેઓ બ્રહમક્ષત્રીય સમાજના. ધર્મધ્યાનમાં ખૂબ માને. એક વખત એમણે ગંગાપૂજન કરેલું એમાં અમે ગયેલા. સુરેન્દ્રનગરમાં લોકસભામાં હું લડતો હતો એ વખતે ઉપયોગી થયા હતા. એમની સાથે મારે કૌટુંબિક નાતો હતો. એ સૌના જવાથી ગુજરાતના જાહેર જીવનમાં. ખોટ વર્તાય એ સ્વાભાવિક છે. તમામ સદગતના આત્માને પ્રભુ શાંતિ આપે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઈને આ ગૃહમાં ઉપસ્થિત થયા છે અને વિરોધપક્ષના નેતાએ જેને અનુમોદન આપ્યું છે એમાં મારો સુર પૂરાવું છું.

મુંબઈ વિધાનસભાના પૂર્વ સભ્ય અને મોડાસા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા રમણલાલ સોનીએ તેમના પોતાના વિધાનસભાના કાળ દરમિયાન અનેકવિધ કાર્યો કર્યા હતા તેમાં ખાસ કરીને તે વખતે સાબરકાંઠા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા ગુલઝારીલાલ નંદા એ વખતે આયોજન પંચના અધ્યક્ષ હતા. એમણે ખાસ એક સ્કીમ બહાર પાડી હતી. વિસ્તાર વિકાસ યોજના. આખા દેશમાં એમાં મોડાસા વિસ્તારનો સમાવેશ કર્યો હતો અને સમગ્ર દેશમાં આ યોજના સફળ રીતે પાર પાડવામાં આવી હતી. ૩ વર્ષની મુદત હતી એ સફળ રીતે પાર પડી હોય તો રમણભાઈ સોનીના વિસ્તારમાં પાર પડી હતી. તેમના લીધે એ વિસ્તારનો ઘણો વિકાસ થયો હતો.

તેઓશ્રીએ પુરાતત્વ વિશે કામ કર્યું હતું. પુરાતત્વ માટે દેવની મોરીનું ઉદઘાટન કરાવીને સુંદર કામગીરી કરી હતી. રેલ્વે માટે કામગીરી કરી, માઝુમ ડેમ માટે અને બાળ સાહિત્ય અને અનુવાદક્ષેત્રે સુંદર કામગીરી કરી હતી. લગભગ સો વર્ષની નજીક તેમનું આયુષ્ય હતું અને તેમના આયુષ્યકાળ દરમિયાન તેમના છેલ્લા શ્વાસ સુધી તેમણે અનુવાદ કર્યું હતું. આંખે ઓછુ દેખાતુ હતુ, કાને ઓછું સંભળાતું હતું છતાંપણ છેલ્લા શ્વાસ સુધી લેખનકાર્ય કરતા હતા. વિધાનસભાના બીજા સભ્ય શ્રી હરીભાઈ છગનભાઈ પટેલ, તેઓ આનાવારી સમિતિના ચેરમેન હતા અને ધનસુરા ગ્રામપંચાયતના ૨૦ વર્ષ સુધી સરપંચ તરીકે રહી કૃષિ, પશુપાલન અને સહકારક્ષેત્રે સુંદર કામગીરી કરી હતી. આ માનનીય સભ્યશ્રીઓએ જે કામગીરી કરી હતી અને ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, આ સર્વ સભ્યશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ આપે અને તેમના પરિવારને દિલસોજીનો સંદેશો પાઠવીએ તેવી પ્રાર્થના.

**શ્રી છબીલભાઈ ના. પટેલ(ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોકસંદેશો લાવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું મારો સુર પૂરાવું છું. હું જયારે સ્કૂલમાં હતો એ વખતે સ્કૂલના પ્રશ્નો લઈને માનનીય હરીભાઈ જે આજે નથી એમની પાસે જતો અને કેવી રીતે એ પ્રશ્નોનો ઉકેલ લાવવો, સ્કૂલનો કેવી રીતે વિકાસ કરવો એ સરપંચ હોવાને નાતે તેઓ વિદ્યાર્થીઓને શીખવતા. હરીભાઈને અમે હરીકાકા કહેતા. ગામમાં રાજદૂત મોટર સાઇકલ ઉપર ફરવું અને એક ગલ્લા પર બેસી, નાના ટેબલ પર બેસીને પ્રશ્નો ઉકેલતા. કોઈ સામાન્ય વ્યકિતને મળવું હોય તો કયારેય તકલીફ ન પડે. ચૌધરી સમાજે આજે હરિભાઈ જેવા નેતા ગુમાવ્યા છે. ચૌધરી સમાજની અંદર આવતા દૂષણ અંગે તેઓ ખાસ કહેતા કે આવતી પેઢી ન બગડે એનું ધ્યાન રાખવું જોઈએ. કોઈ ગામની અંદર ઝઘડો થાય તો કોર્ટમાં ન જવા દેતા અને બારોબાર લભગભ કોર્ટ વગર ઝઘડો પોતે ઉકેલતા આવા એક હરિભાઈ છગનભાઈ પટેલ જે આજે નથી એમના કુટુંબીજનોને આ આઘાતમાંથી નીકળવાની કુદરત શકિત આપે એવી અભ્યર્થના.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું.

ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યશ્રી સ્વ. રમણભાઈ પટેલ ૧૯૭૫ થી ૧૯૭૯ સુધી એમણે આ વિધાનસભાનું સભ્યપદ નીભાવ્યું હતું. સ્વ. રમણભાઈ પટેલ ૧૯૭૫ ની અંદર જેતપુર વિસ્તારમાંથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાઈને એમણે સારી કામગીરી કરેલ હતી. જેતપુરમાં આ લોકસન્માનિત એવા પીઢગણનો જન્મ ૨૨મી ડિસેમ્બર ૧૯૩૫ ના રોજ થયેલો. અભ્યાસની અંદર તેઓ ઑટોમોબાઇલ એન્જિનિયરની પદવી હાંસલ કરેલ હતી તેમજ સ્વ. રમણભાઈ પટેલે છેલ્લા લભગભ બે, અઢી દાયકાથી કૉંગ્રેસ પક્ષની અંદર જોડાઈને કૉંગ્રેસનું એમણે નેતૃત્વ કરેલું અને જાહેર જીવનની અંદર પોતે સારું એવું યોગદાન આપેલ હતું. સહકારી ક્ષેત્રની અંદર એમનું ખૂબ જ યોગદાન હતું. જીવનના છેલ્લા ક્ષેત્ર સુધી સહકારી ક્ષેત્રની અંદર જેતપુર માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને જેતપુર ચેમ્બર ઑફ કૉમર્સ અને જેતપુર લાયન્સ ક્લબ જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાઈને જીવનની છેલ્લી ક્ષણ સુધી કાર્યરત હતા. તેઓ દરેક સમાજના લોકોની સાથે જોડાઈને કામ કરતાં હતાં. કોઈ પક્ષપાત રાખ્યા વગર તેઓ હળીમળીને કામ કરતા હતા. તેમના છેલ્લા શબ્દો આજે પણ મને યાદ આવે છે. જ્યારે દિવાળી પછી બેસતાવર્ષના દિવસે અમારું સ્નેહમિલન હતું, ત્યારે એવા શબ્દ બોલેલા કે આ મારું છેલ્લું સ્નેહમિલન છે, ત્યારે મેં

એમને પૂછેલું આવું કેમ બોલો છો? જ્યારે હ્રદયનું ઑપરેશન કરાવવા માટે મુંબઈ તેમને જવાનું હતું અને તેઓ ઑપરેશન કરાવવા માટે ગયા અને ઑપરેશન સફળ ન થયું અને એમનું અવસાન થયું. આજે જેતપુરની અંદર સહકારી ક્ષેત્રે તેમની ખૂબ ખોટ વર્તાઈ રહી છે. આપના દ્વારા એમના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવાય એ જ અભ્યર્થના.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના નેતા શ્રી જે શોકદર્શક ઠરાવમાં આ ગૃહના સ્વર્ગસ્થ સદસ્યો માટે ઉલ્લેખ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું. સાથે સાથે આ ગૃહના સદસ્યોએ શ્રદ્ધાંજલિ આપી છે એમાં પણ હું મારો સૂર પૂરાવું છું.

સ્વ.જયંતિભાઈ મચ્છર એ વીરમગામના વતની હતા. તેમણે એમના કાકા લીલાધર કાકા કે જેઓ સ્વાતંત્ર્ય સેનાની હતા, એમના જીવનમાંથી પ્રેરણા લઈ કાપડનો વેપાર કરતા કરતા લોકસેવા, સમાજ સેવા, ધાર્મિક સેવા અને માનનીય પ્રાગજીભાઈએ કહ્યું તેમ મૂંગા પશુઓની સેવા એ એમના માટે એક મોટું લક્ષ્ય હતું.

જનસંઘના સમયે તે વખતે અમને પ્રેરણા મળે તેવા નેતાઓનું રાષ્ટ્રીય સંમેલન બોલાવેલું અને તેવા રાષ્ટ્રીય નેતાઓનું તે ટાઈમે ૧૯૭૧માં અમને માર્ગદર્શન મળેલું. તેમણે નગરપાલિકા સદસ્ય તરીકે સેવાઓ આપેલી અને પ્રમુખ તરીકેની સેવાઓ પણ નગરપાલિકામાં આપેલ. તે સમયે ભૂગર્ભ ગટર યોજના, તે સમયે નગરપાલિકાઓ આવી યોજનાઓનો બહુ ઓછો અમલ કરી શકતી તે સમયે આવી સેવા આપી વિરમગામને ગૌરવ અપાવ્યું હતું. સ્વ.શ્રી મકરંદ દેસાઈ જેઓ ઉર્જામંત્રી હતા ત્યારે તેઓશ્રીએ નળકાંઠાના પછાત ગામડાઓને વીજળી અપાવી નામના મેળવી હતી. તેમના કાર્યક્ષમ વહીવટ, કાર્ય સિદ્ધિની આખું વિરમગામ, આખું ગુજરાત તેની નોંધ લેશે. આમ, તેઓશ્રીના આત્માને અને આ તમામ સદસ્યશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી શ્રદ્ધાંજલિ આપી વિરમું છું.

**ડૉ. અતુલ કે.પટેલ (ભા.જ.પ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. ચીમનભાઈ પરસોત્તમભાઈ પટેલ મારા કલોલ મત વિસ્તારમાંથી પાંચમી વિધાનસભામાં ચૂંટાઈને સભ્ય બન્યા હતા. તેમનો જન્મ ખેડા જિલ્લાના નાર ગામે થયો હતો પરંતુ તેઓએ તેમની કર્મભૂમિ કલોલને બનાવી હતી. આમ તેઓ ૧૯૧૭માં જન્મેલા અને અભ્યાસ બી.એ., એલ.એલ.બી. સુધીનો કર્યો હતો. પરંતુ વકીલાત નહીં કરતાં જે બાપ દાદાનો લાટીનો ધંધો હતો તે લાટીનો વ્યવસાય તેઓ કલોલમાં કરતા હતા. તેઓ સ્વાતંત્ય સેનાની હતા. તેમના પિતાશ્રી પણ સ્વાતંત્ય સેનાની હતા. તેઓએ ૧૯૪૨ની ચળવળમાં જેલવાસ ભોગવ્યો હતો. તે વખતે પોતે પોતાના પિતાશ્રી જેલામાં હોવાથી ભૂગર્ભમાં રહી સ્વાતંત્યની ચળવળ કરતા હતા. તેઓના પિતાશ્રી કલોલ નગરપાલિકાના દસ વર્ષ સુધી પ્રમુખ રહ્યા હતા અને કલોલ કેળવણી મંડળના આદ્ય સ્થાપક હતા. તેમના પગલે પગલે સ્વ.ચીમનભાઈએ રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું. ૧૯૭૫માં જનતા મોરચામાંથી વિધાનસભાના સભ્ય તરીકે તેઓ ચૂંટાયા હતા. ૧૯૭૭માં તેઓ સંસદીય સચિવ રહી ચૂકયા હતા. રાજકીય ક્ષેત્રની સાથે સાથે તેઓ મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રહી ચૂક્યા હતા. મહેસાણા દૂધ સાગર ડેરીના વાઈસ ચેરમેન પદે તેમણે સ્વ.માનસિંહભાઈ ચૌધરી સાથે કામ કરેલ હતું અને એસ.ટી. કોર્પોરેશનમાં બોર્ડ મેમ્બર તરીકે રહી ચૂકયા હતા. રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીમાં તેઓ મેમ્બર તરીકે રહયા હતા. તેઓ શિક્ષણ ક્ષેત્રે સારુ કામ કરી ચૂકયા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં તેઓ ત્રણ વખત સેનેટ તરીકે ચૂંટાયા હતા. તેઓએ કલોલ કેળવણી મંડળમાં મંત્રી તરીકે રહી સારું એવું કામ કર્યુ હતું. આમ, કુશળ વહીવટદાર, કુશળ કેળવણીકાર અને સ્વાતંત્ય સેનાની, કર્મવીર એવા સ્વ.શ્રી ચીમનભાઈ પટેલના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને સમર્થન આપ્યું છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માજી મંત્રીશ્રી ગોરધનભાઈ શંભુભાઈ પટેલ મારી બાજુના બે કિલોમીટર દૂરનું ગામ નવાગામ નાયકા કહેવાય. આ જોડકા ગામ નવાગામના શ્રી ગોરધનભાઈ વતની હતા અને હું નાયકાનો. એટલે સાથે રહીને જ કામ કરેલું. અમારા ઘરના એટલા બધા કલોઝ રીલેશન હતા કે મારા દાદીને મુંબઈ રાજયના પહેલા મહિલા સરપંચ બનાવવાનું શ્રેય સ્વ.શ્રી ગોરધનભાઈને જાય છે. ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી તેઓ સરપંચ બનેલા. ગામનો વિકાસ અને ઉત્કર્ષ કરવાની વાત ગોરધનભાઈ કરતા હતા.

સહકારી ક્ષેત્રે પણ એટલું બધું એમનું યોગદાન, દરેક જગ્યાએ દરેક ક્ષેત્રે સાથે રહીને કાર્ય કરવાની એમની ભાવના હતી. ખાસ કરીને કેમિકલ્સયુકત પાણીની વાત કરું તો આખા અમદાવાદ જિલ્લાનું પાણી એ આ દશકોશી વિસ્તાર કહેવાય, એના સત્તર ગામોમાં જે છેલ્લા વીસ વર્ષથી ખેડૂતો એવા પાણીથી પાયમાલ થઈ ગયેલા, કોઈપણ જાતની આવક ન થાય, ખેતીવાડી ન સુધરી ત્યારે એવી પરિસ્થિતિમાં એમણે નેતૃત્વ લીધું કે કોઈપણ હિસાબે ખેડૂતોને ન્યાય અપાવવો જોઈએ અને આ પાણી બંધ કરાવવું જોઈએ, હાઈકોર્ટ સુધીની લડત કરી અને આ કાળુ પાણી બંધ થાય તેવા એમણે પ્રયત્નો કર્યા. મને ખબર છે કે જ્યારે એ ગુજરી ગયા એના બે દિવસ પહેલાં જ પોલ્યુશન બોર્ડની મિટિંગ આ કાળા પાણી માટે થઈ હતી, ત્યારે મેં એમને કહ્યું કે તમે આવશો, આપણે સાથે જઈને આ પ્રશ્ન અંગે રજૂઆત કરીએ, ત્યારે તરત જ એક પણ મિનિટનો વિલંબ કર્યા વગર એમણે કહ્યું કે હું આ પાણીના કાર્યક્રમ માટે તમારી સાથે મિટિંગમાં આવું છું, આપણે સાથે જઈને આ અંગે રજૂઆત કરીએ, એ ગુજરી

ગયા એના બે દિવસ પહેલાં જ નેવું વર્ષની ઉંમરે આટલા સક્રિય, આપણે જોઈએ તો એ નેતાએ સહકારી ક્ષેત્રે અને લોકોના પ્રાણપ્રશ્નોને ઉકેલવા માટે કાર્ય કર્યુ અને ગોરધનભાઈ એ મિટિંગમાં આવ્યા અને ખેડૂતોને ન્યાય મળે એવો પ્રયત્ન કર્યો. સ્વ. ગોરધનભાઈનો કોઈપણ વ્યકિત સાથેનો નજીકનો નાતો, કોઈપણ ગુજરી જાય કે કોઈપણ નાનો મોટો પ્રસંગ હોય એમની હાજરી અચૂક હોય, નાનામાં નાના ખેડૂતને ત્યાં જઈને એ હાજરી આપતા હતા, એટલા એ લોકપ્રિય હતા અને બધા પ્રશ્નો માટે આગેવાની લેતા અને જેમ આગળ કહ્યું તેમ લોકોએ સ્વયંભૂ એમની ખેતીવાડી સંભાળીને પણ એ આ કામ કરવા માટે થઈને પ્રેરણા આપે અને સહયોગ આપે એવું કાર્ય સ્વ. ગોરધનભાઈએ કર્યુ છે.

હું એમના આત્માને ચિર શાંતિ મળે અને એમના કુટુંબીજનોને પ્રભુ શકિત આપે એવી લાગણી વ્યક્ત કરું છું અને આ સભાગૃહને પણ આ લાગણી વ્યક્ત કરવા માટે થઈને વિનંતી કરું છું.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ભા.જ.પ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી જે આ આઠેય મહાનુભાવો માટે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને ગૃહના વિરોધપક્ષના નેતાશ્રીએ પણ જેમાં પોતાનો સૂર પુરાવ્યો છે એ આઠેય મહાનુભાવોના શોક અંગે હું શોક વ્યક્ત કરું છું, એમના મૃત્યુ અંગે મારો શોક વ્યક્ત કરું છું, આમાંથી ત્રણ વ્યકિતઓ સાથે મારો નજીકનો નાતો રહ્યો છે કે એમને મળી છું એમાં સૌ પ્રથમ મુરબ્બી સ્વ. ગોરધન કાકા, અમદાવાદના દશક્રોઈ તાલુકાના નજીકના નવાગામ નાયકાના વતની હતા. જિલ્લા પંચાયત અમદાવાદમાં પ્રમુખ બન્યા પછી રાજપા-ભાજપા વખતે ખૂબ જ મુશ્કેલીઓમાંથી હું પસાર થઈ રહી હતી અને રાજીનામુ આપવા સુધીના પગથિયા ઉપર હું આવી ગઈ હતી ત્યારે હું લોકોને પૂછતી કે પંચાયત કેવી રીતે ચલાવવી ત્યારે પંચાયતનો બહોળો અનુભવ હોય એવી વ્યકિતઓના નામ એમણે આપ્યાં અને એમાંથી સ્વ. ગોરધન કાકા એક હતા. હું મુરબ્બી ગોરધન કાકા પાસે ગઈ અને મેં વાત કરી કે કાકા, હું કંટાળી ગઈ છું, આ રાજકારણમાંથી મારે બહાર થવું છે ત્યારે એમણે જે બે વાત કરેલી એ બે વાત આજેય મને યાદ આવે છે અને હું લોકોને કહું છું કે એક વાત એમણે મને એ કરેલી કે બેન, રાજકારણ એ પાણી જેટલું પાતળું પ્રવાહી છે, પાણીમાં એક સળી ઊભી કરો કે એક લાકડી ઊભી કરો તો જગ્યા રોકે એનીય આપણને ખબર ના પડે અને એ સળી કે લાકડી પાણીમાંથી લઈ લો ત્યારે એ જગ્યા ક્યારે પુરાઈ જાય એની પણ આપણને ખબર ના પડે એટલું રાજકારણ પાણી જેટલું પારદર્શક પ્રવાહી સ્થિતિવાળુ આ એક ક્ષેત્ર છે એટલે એમાં ટકી રહેવા માટે અંદર પડ્યા છો તો તરતાં ન આવડતું હોય તો ધાબા કૂટજો, જ્યાં સુધી હાથપગ હલાવશો ત્યાંસુધી જીવશો, હાથપગ હલાવવાનું બંધ કરશો એ દિવસે ડૂબી જશો. આ વાત આજેય મને યાદ છે. એમની પાસેથી બીજી વાત એ સાંભળી કે બેન, રાજકારણમાં ભાવુકતા ન ચાલે, મુત્સદ્દીગીરી ચાલે, ભાવુકતા થઈને રાજપા-ભાજપા થઈ તો રડવાથી ચાલવાનું નથી એનો સામનો કરો, જેટલો સામનો કરી શકશો એટલા ટકી શકશો, માત્ર રાજકારણમાં નહીં પણ હવે તો મને લાગે છે કે, દ ારકારણમાં ભાવુકતા નથી ચાલતી, એટલે બે વાતો એમની પાસેથી ખૂબ સારી રીતે સાંભળવા મળેલી.

માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી હરિભાઈ આંજણા ચૌધરી સમાજમાંથી આવતા હતા, આંજણા ચૌધરી સમાજમાંથી ધારાસભ્ય બન્યા પછી એમણે કન્યા કેળવણી ક્ષેત્રે હાકલ જગાવેલી અને આજે મારે ગૌરવ સાથે કહેવું છે કે સાબરકાંઠા જિલ્લામાં આજે અમારા આંજણા ચૌધરી સમાજની દીકરીઓમાં સોએ સો ટકા કન્યા કેળવણી એટલે કે શિક્ષણ છે અને ઘેર ઘેર પી.ટી.સી. થયેલી બહેનો છે આ એમનું કામ બોલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી જયંતિકાકા, એમના હાથે ભારતીય જનતા પાર્ટીની હું કાર્યકર બનેલી. એમના જ હાથે જિલ્લા પંચાયત અમદાવાદની પ્રમુખ બનેલી અને એમની સાથે કામ કર્યું છે એટલે એમને યાદ કર્યા વગર રહી શકાય નહીં. મારે કહેવું છે કે જે જન્મે છે એ મરણ પામે છે. પણ એટલું હું જરૂર કહીશ કે, 'જબ તું જગમે આયા તબ તું રોયા જગ હસા, એસી કરની કર ચલો જબ તું જગસે જાયે તબ જગ રોયે તું હસે.' આ કરણી જ માણસની યાદ લોકો કરે છે. એટલા માટે જેણે સારી કરણી કરી છે એને દરેક જણ યાદ કરે છે. જવાનું બધાએ છે એમાં બેમત નથી. આ આઠેય મહાનુભાવોના કુટુંબીજનો ઉપર એમના જવાથી જે કોઈ દુઃખ આવી પડયું છે એ સહન કરવાની પ્રભુ એમને શકિત આપે એવી પરત્માને પ્રાર્થના કરું છું. અને આ શોક સંદેશો આપના મારફત સ્વર્ગસ્થશ્રીઓના કુટુંબીજનોને મોકલી આપવામાં આવે એવી વિનંતી કરી વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહના નેતાશ્રી જે શોકાંજલિ ઠરાવ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના તેનાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે અને ગૃહમાં અનેક સભ્યશ્રીઓએ એમની હદયપૂર્વક્ની શોકાંજલિ આપી છે.

આમ જોઈએ તો માણસ જે કામ કરે છે એને બિરદાવવા માટે આપણે જયારે તૈયાર થઈએ છીએ ત્યારે આપણી પાસે એ કામને બિરદાવવા માટે પૂરા શબ્દો મળી શકતા નથી. બધાએ પૂરી કોશીશ કરી. આમાંના કેટલાક સભ્યશ્રીઓએ પોતાનું જીવન સમાજને સમર્પિત કર્યું હતું, કેટલાક સભ્યો એવા છે કે જેના જીવનમાં કોઈ ડાઘ ન પડયો હોય એવી વ્યકિતઓ પણ છે. આ બધા મહાનુભાવોમાંથી સ્વ.શ્રી ગોરધનભાઈ પટેલ, સ્વ.શ્રી ચીમનભાઈ પટેલ, સ્વ.શ્રી રમણલાલ સોની, સ્વ.શ્રી રમણીકભાઈ પટેલ, સ્વ.શ્રી ભગવાનદાસ સોનગરા, સ્વ.શ્રી હરિભાઈ પટેલ, સ્વ.શ્રી ગબાભાઈ ચૌહાણ અને સ્વ.શ્રી જયંતિભાઈ મચ્છરને હું હૃદયપૂર્વક શોકાંજલિ અર્પુ છું. આમ જોઈએ તો સ્વ.શ્રી ગોરધનભાઈ માટે ગૃહના સભ્યશ્રીઓએ જે વાત કરી એ ખરેખર સાચી વાત છે. થોડી વાત એમના માટે પણ કહીશ કે મને પણ એનો અનુભવ પંચાયત પરિષદમાં થયો છે. પંચાયત પરિષદ જે આખા રાજયમાં પંચાયતો

છે, એની વ્યવસ્થા કરવા માટે આખી પરિષદ છે એ પરિષદના પોતે પ્રમુખ હતા અને એ વખતે હું તાલુકા પંચાયતમાંથી એક સભ્ય તરીકે ચૂંટાયો હતો અને એમની સાથે કારોબારીમાં હતો, આ કારોબારીમાં પંચાયતના પ્રશ્નો માટે તેઓ જે સમજ આપતા એના ઉપરથી મને ખ્યાલ આવ્યો કે, પંચાયતની સાચી સમજ તેઓ પોતે ધરાવતા હતા. થોડા દિવસ પહેલા માતરમાં એક સામાજિક પ્રસંગ હતો, હું ત્યાં ગયો તો આટલી મોટી ઉંમરે તેઓ આવેલા હતા, એ માણસ સક્રિય બનીને એ જે કામગીરી કરતા હતા. એ વખતે એમણે બહુ સુંદર વાત કરી હતી, એના ઉપરથી આપણને સ્પષ્ટ લાગે કે આ માણસે જીવનમાં ઘણું બધું સ્વીકાર્યુ હતું અને સ્વીકાર કરેલ વાત સમાજને પણ આપતા હતા, છેલ્લી ક્ષણો સુધી આપતા રહયા હતા એવું મને માતરના પ્રસંગમાંથી જોવા મળ્યું હતું.

સ્વ.શ્રી ચીમનભાઈ પટેલને લોકો ચી. પુ. પટેલના ટૂંકા નામથી જાણતા હતા. આ માણસ એકે એક બાબતમાં, એકે એક વિચારમાં બહુ સ્પષ્ટ હતા. જે કાંઈ હોય પોતાના જીવનમાં, જે સ્વીકારતા હોય, માનતા હોય એ બાબતમાં કલીયર હતા. એમણે શિક્ષણ સમિતિમાં જે કામ કર્યું હતું એ ખેરખર સુંદર કામ હતું એટલું જ નહીં, પણ અહીંયાં સંસદીય સચિવ તરીકે હતા એ પોસ્ટ નાની હતી છતાં પણ જે મળ્યું છે એ બરાબર છે એમ માનતા અને એમાં રસ લઈને સુંદર કામ કરતા હતા. અહીંયાં હમણાં માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે કલોલમાં પોતાના મતવિસ્તારમાં ખાસ કરીને જે પછાત વિસ્તારો હતા એના માટે વિશેષ ધ્યાન આપતા હતા એવા સ્વ.શ્રી ચીમનભાઈ મૂળ ખેડાના અને કલોલને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું.

આપણે જોઈએ તો રમણલાલ, જેને કંઈ પણ વાંચવાનો શોખ હોય, થોડો ઘણો પણ શોખ હોય તો કોઈપણ વ્યકિત એવી નહિ હોય જેણે રમણલાલને વાંચ્યા ના હોય, એવા એ વ્યક્તિ હતા, ખાસ કરીને બાળકો અને યુવાનો માટેનું સાહિત્ય એ પોતે સારા પ્રમાણમાં લખતા હતા. એવા એક સાહિત્યકાર પણ આપણી વચ્ચે નથી.

આપણે જોઈએ તો જયંતીભાઈ, જયંતીભાઈ માટેની વાત સાચી છે, મને પણ જયંતીભાઈની સાથે કામ કરવાનો અવસર જીવનમાં મળ્યો છે. ખાસ કરીને એ સંગઠનમાં વિશેષ કામ કરતા હતા અને સંગઠનમાં કામ કરવાની એમની પદ્ધતિ.. આજે આપણે જોઈએ છીએ તો કોઈપણ પાર્ટી હોય તો એ પાર્ટીને સંગઠનની ચિંતા હોય છે એવા સંગઠનમાં કામ કરતી વ્યકિત હતા, એવા કાર્યકરો મળતા નથી, પણ જયંતીભાઈ એવા કાર્યકર હતા કે સંગઠનની અંદર રહીને પણ સુંદર કામગીરી કરતા હતા. હકીકતમાં એ સંગઠનને વફાદાર હતા એવા વ્યકિત બહુ ઓછા મળે છે. જયંતીભાઈ સંગઠનમાં રહીને કામ કરનાર વફાદાર વ્યકિત હતા. મને પણ એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. આ તમામ વ્યકિતઓ જેમનો અહીંયાં શોકદર્શક ઉલ્લેખ થયો છે એ બધા આપણી વચ્ચે હવે નથી. આપણને એ નથી એવો ખ્યાલ આવે એમાં પણ આપણને તકલીફ પડે, છતાં પણ મને લાગે છે મે જોયું એક સુંદર વાત અહીંયાં થઈ છે કે જે જે સભ્યશ્રીઓ બોલ્યા એ બધા સભ્યશ્રીઓએ તેમના વિશે ઊંચો અભિપ્રાય હતો અને એમની પાસેથી કંઈક શીખ્યા છે કંઈક મેળવ્યું છે આવી વ્યકિતઓને આજે આપણે શોકાંજલિ અર્પીએ છીએ એને હું પણ ટેકો આપું છું આપણે બધા બે મિનિટ માટે ઊભાને મૌન પાળીશું.

(બે મિનિટ મૌન બાદ)

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની આ લાગણી સદ્‍ગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે. નેકસ્ટ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભાની બહાર. ..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, નો, નો, પ્લીઝ. નહિ, ના ના, એજન્ડા પર નથી, નો નો પ્લીઝ, ના હોય તે વચ્ચે ના આવે (અંતરાય) એ વાત તમે પછી મૂકજો, (અંતરાય) આજે ક્યાંથી આવે આ વાત? નો, નો, પ્લીઝ. પણ આજે કયાંથી આવે? પ્લીઝ (અંતરાય)

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે...

**અધ્યક્ષશ્રી .** નો, નો, પ્લીઝ તમે મને લેખિત આપજો કોઈ મુદ્દો જે અહીંયાં નહીં હોય તો નહીં લેવાય. પ્લીઝ, ના, ( અંતરાય ) મને લેખિત આપવું પડે. નો, નો, ( અંતરાય ) એજન્ડામાં નથી તે ના થઈ શકે. (અંતરાય) અત્યારે નહીં, આ વિષયમાં મને મળી શકયા હોત.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક -૧ સન ૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન વટહુકમ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક -૧ સન ૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ. ( અંતરાય ) વટહુકમ તથા તે બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**વટહુકમ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વાત સાંભળવી જ પડે આપને.

**અધ્યક્ષશ્રી** : ના, પણ આમાં કયાં સંભળાય છે, આમાં જોગવાઈ છે? કોઈ જોગવાઈ નથી. ( અંતરાય ) પ્લીઝ, નિયમમાં જે જોગવાઈ હોય તે પ્રમાણે થઈ શકે. અહીંયાં આવી રીતે તાત્કાલિક પ્રશ્ન ઉભો કરો તે કરી શકાય નહીં. (અંતરાય) જે નિયમ પ્રમાણે થતું હોય તે ચોકકસ કરજો. ( અંતરાય ) નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું અગિયારમી ગુજરાત વિધાનસભાના દશમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક ૨૭, ૨૮, ૨૯ અને ૩૧ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો અને સરકારી વિધેયકો**
**સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૩**

# મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૨૦૦૭

**મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ સુધારવા અને લીધેલા અને વસૂલ કરેલા મિલકત કર અને ચાર્જને માન્ય ઠરાવવા અને ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ, ૧૯૬૨ સુધારવા બાબત વિધેયક**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, " આ સભાગૃહ, સન ૨૦૦૭નો વટહુકમ ક્રમાંક-૧- સન ૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ( ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત )નો વટહુકમ નામંજૂર કરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ * રાજયપત્રમાં પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક -૩-સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ( ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત ) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી . : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩, સન ૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ( ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત ) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી આજે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન વટહુકમ સાથે વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની અંદર ૧૪૧-બી પ્રમાણે કારપેટ પ્રમાણે ૧૨૯ નીચે ભાડા પદ્ધતિ પ્રમાણે આ કર લઈ શકવાની પ્રક્રિયા હતી. વડોદરા કોરપોરેશન આ રીતે કર લેવા ગયા અને દિવાની કોર્ટનું જજમેન્ટ આવ્યું, એટલે આ સ્થિતિનું નિમાર્ણ થયું. ૧૯૯૯માં આ જ વિધેયક આ જ વિભાગમાં આ જ સુધારા સાથે લઈને આ ગૃહમાં આવ્યા હતા. ત્યારે આ જ સુધારો, જે અત્યારે વાત કરી રહ્યાં છે, એ સુધારા કરવાની જરૂર

---

* **વિધેયક તારીખ:૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.**

હતી અને એમાં કર્યા છે. શહેરી વિકાસ વિભાગ પાસે આવડું મોટું બહોળું તંત્ર છે. જયારે વિભાગ સુધારા લઈને આવે ત્યારે આ સુધારા ન લાવે અને મન પડે ત્યારે અથવા તો કોર્ટ હુકમ કરે અને કોઈ નવી તકલીફ ઉભી થાય એટલે રાત્રે સ્વપ્ન આવે અને શહેરી વિકાસ વિભાગ તાત્કાલિક સુધારો કરે. એ સુધારા પણ કેવા? વિધાનસભામાં નહીં લાવવાના. સીધો વટહુકમ કરવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, આ વટહુકમ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૭ના દિવસે બહાર પાડવામાં આવ્યો. મારે આગળ વધીને કહેવું છે કે ૧૯૯૯માં આ જ સુધારો, આ જ વિધેયક ઉપર સુધારો આવ્યો છે. એ પછી કોર્ટનું જજમેન્ટ આવ્યું. ૨૦૦૦ના એપ્રિલ, મે મહિનામાં, અને એ જજમેન્ટ આવ્યા પછી સપ્ટેમ્બરમાં વિધાનસભાનું સત્ર મળ્યું. પછી શહેરી વિકાસ વિભાગને ખબર પડી કે આ જે ભૂલ અમે કરી છે, ૧૨૯-બી અને ૧૪૧-એ, જે એએ કરીને સુધારવામાં આવી છે. એ દિવસે સુધારો થઈ શકયો હોત. પણ ન કરી શકયા. પરિણામ એ આવ્યુ કે કોર્ટનું જજમેન્ટ આવ્યું, કોરપોરેશને કર લેવાનું શરુ કર્યુ, એટલે અમુક લોકો કોર્ટમાં ગયા કે આ કલમ અનુસંધાને આ કર લઈ શકાય નહી. કોર્ટે જજમેન્ટ આપ્યું કે આ કલમ અનુસંધાને આ કર લઈ શકાશે નહીં. સપ્ટેમ્બર મહિનો આવી ગયો. શહેરી વિકાસ વિભાગમાં આ મોટો સુધારો નહોતો. કોઈ એવું મોટું તંત્ર નહોતું કે સમસ્ત ગુજરાતના સમસ્ત સચિવાલયને જોડાવું પડે. ધાર્યુ હોત તો સપ્ટેમ્બરમાં આ વિધેયક લાવી શકયા હોત. વટહુકમ લાવવાની જરૂર ના પડત.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે શહેરી વિકાસ વિભાગની આવડી મોટી જવાબદારી લઈને બેઠા છે, ત્યારે ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૭ના દિવસે વટહુકમ આવ્યો અને ફેબ્રુઆરીની ૨૨મી તારીખે વિધાનસભાનું સત્ર મળવાનું હતું. એક મહિનામાં એવી કઈ તાકીદની પરિસ્થિતિનું નિર્માણ થયું કે જેના કારણે આ વટહુકમ કરવો પડયો? મારે દુઃખ સાથે કહેવું છે કે ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી, એક, બે વર્ષની વાત નથી, પણ ઘણા વર્ષોથી વિભાગો દ્વારા વિધેયકમાં સુધારા વિના, ચર્ચા વિના, કોઈ પ્રક્રિયા વિના રાતોરાત વટહુકમ કરવાના નિર્ણયો વધી ગયા છે. મારે આપને પણ વિનંતી કરવી છે કે આપ આ સભાગૃહના મુરબ્બી છો, વડા છો, અધ્યક્ષ છો. જયારે આપના આદેશ પ્રમાણે, આપના અધ્યક્ષપણા નીચે, સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા ૧૮૨ ધારાસભ્યો ચર્ચા કરવાના હોય, વાત કરવાના હોય, ત્યારે વટહુકમની જરૂર શું? એ મંત્રીશ્રી પોતાના વકતવ્યમાં સમજાવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે ૧૯૯૯માં સુધારો આવ્યો, એમાં ભૂલ કોની રહી? શહેરી વિકાસના કયા વિભાગની ભૂલ રહી? તે બાબત ઝીણવટભરી તપાસ માગી લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ત્રીજી વાત એ છે કે હવે જે સુધારો લઈને આવ્યા છે કે આ વિધેયક આવ્યું એની સાથે સુધારો કયો લાવ્યા કે ૧૪૧ (બી) પ્રમાણે કારપેટ એરિયા પ્રમાણે ૧૪૧-(બી) ની કલમ છે જે હવે ૧૪૧ (એએ) થવાની છે અને એ થાય ત્યારે કારપેટ એરિયા પ્રમાણે પાણીનો કર લઈ શકે. કોણ લઈ શકે, કોણ નહોતું લઈ શકતું? તો ત્રણ કોરપોરેશનો ભાવનગર, સુરત અને રાજકોટ એ લઈ શકતાં હતાં અને અમદાવાદ તથા વડોદરા જે નહોતાં લઈ શકતાં. તો હવે આને પશ્ચાતવર્તી અસરથી મંજૂર કરે છે કે આનો પશ્ચાતવર્તી અસરથી અમલ કરવાનો છે અને એ કર્યા પછી આ કરપાત્ર થાય છે એને પાછું નહીં આપવાનું. માનનીય મંત્રીશ્રીને વિભાગે જાણ કરી છે કે એ ખબર નથી, પરંતુ ૭૦૦ કરોડ રૂપિયાની રકમ આ વટહુકમ ના થાય તો પાછી આપવી પડે એવી સ્થિતિ નિર્માણ થવાની હતી. મારે કહેવું છે કે આપ બે ત્રણ વિભાગ રાખો છો, મોટા મોટા વિભાગ રાખો છો તો કદાચ ભૂલ થાય પણ ખરી, પરંતુ શહેરી વિકાસ વિભાગ એ મહત્વનું છે, એની પાસે આવડું મોટું તંત્ર છે, તો શા માટે શહેરી વિકાસ વિભાગ આવડી મોટી ભૂલ કરે છે? આજના જ એજન્ડામાં સમસ્ત નગરપાલિકા સુધારા વિધેયક કોરપોરેશનનાં લાવવામાં આવ્યાં છે. આજના જ બિલોમાં એ છે. તો આ ઓચિંતી આ વાતની ખબર પડી, ઈમરજન્સીની વાત અને ઈમરજન્સી વાત કરીને આ લેવાનું છે. ફેર કયાં પડે? તો ૧૪૧ નીચે કારપેટ એરિયા પ્રમાણે ત્રણ કોરપોરેશનોનો કારપેટ એરિયા પ્રમાણે પાણીનો કર અને આનાથી હવે આ ફાયદો કોને થાય? અમદાવાદ, વડોદરા, ભાવનગર કે જૂનાગઢને ફાયદો થાય છે. મારે એ કહેવું છે કે આનું જજમેન્ટ ૨૦૦૬ માં આવ્યું તો માનનીય મંત્રીશ્રી તેમના વિભાગને પૂછે કે ૨૦૦૬ માં આ જજમેન્ટ આવ્યા પછી આજે ૨૦૦૭ નો ફેબ્રુઆરી ચાલે છે. તો એના વચ્ચેનો ઘણોબધો સમય ગયો એ સમયમાં શું કર્યુ? આ સમયમાં કઈ પ્રાસેસ કરવામાં આવી? વટહુકમ લાવવો પડે એવી શું ઈમરજન્સી હતી? અને ઈમરજન્સી હતી તો જજમેન્ટ આવ્યા પછી વિભાગ શું કરતો હતો? કયાં હતો? આજે તમારે વટહુકમ લાવવો પડે છે એ કેટલી દયાજનક સ્થિતિ છે એ ખબર પડતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે પણ કારપેટ એરિયા પ્રમાણે તમામ જગ્યાએ એક જ નિયમના અનુસંધાને એવો કાયદો કર્યો છે કે કારપેટ વિસ્તાર પ્રમાણે કરવેરા લેવા. આમાં પાણીનો કર આવ્યો. કેન્દ્ર સરકારે એક વાત એવી વાત કરી છે અને.હવે માનનીય મંત્રીશ્રી હવે આ સુધારો લઈને આવવાના છે કે જુદા જુદા કરવેરા લેવા કરતાં, જુદી જુદી પ્રક્રિયા કરવા કરતાં કારપેટ વિસ્તાર પ્રમાણે એક જ સમયથી એક જ રીતે સમસ્ત કારેપોરેશનોમાં એક જ નિયમ પ્રમાણે લો, પરંતુ એવું નહીં થાય. અત્યારે શિક્ષણનો કરવેરો આવ્યો, પાણીનો કરવેરો આવ્યો, આ કરવેરા આવ્યા તો આવડી મોટી રકમ આવે. કેન્દ્ર સરકારે પણ અર્બન ડેવલપ માટે ૨૦૦૦ કરોડ રૂપિયા કોરપોરેશનોને આપ્યા છે. ગુજરાતની પ્રજા પાસેથી અને શહેરોમાંથી ટેકસ પણ લેવાય છે ત્યારે મારે

એ પૂછવું છે કે ગરીબ અને મધ્યમવર્ગના લોકો છે એ ચાલીઓમાં રહે છે, નાનાં ઝૂંપડાંમાં રહે છે, જે નાના લોકો છે તેમને આ ટેકસના કારણે કેટલો ફાયદો થવાનો છે? આજે ત્યાં પાણીની વ્યવસ્થા છે ખરી, સફાઈની વ્યવસ્થા છે ખરી? ત્યારે મારે પૂછવું છે કે જે સ્થિતિ આજની આ નાની નાની સોસાયટીઓમાં છે એ ત્યાં છે? આનાથી કોરપોરેશનોને ફાયદો થવાનો છે. ૭૦૦ કરોડ રૂપિયા જેટલી જંગી રકમ આ વટહુકમના કારણે આ કરપાત્ર થવાનું છે અને ઘણુંબધું આનાથી થવાનું છે ત્યારે મારી વિનંતી છે કે કલમ બહુ નાની સુધારી છે. ૧૯૯૯ માં આ કલમ સુધારી હોત તો કોર્ટમાં જવાનો સમય આવ્યો ના હોત, પરંતુ બીજાં ઘણાં કામ વિભાગે કરવાનાં હોય છે એ મોટાં કામ હોય છે અને એ આપણી સમજ બહારનાં કામ હોય છે ત્યારે આવી નાની નાની વાતની ખબર પડતી નથી. મારે આપના દ્વારા વિનંતી છે કે સરકારે ગમે તે એકસ કે વાયની હોય, સરકારનાં સમીકરણ તો બદલાતાં રહેવાનાં છે, પરંતુ જયારે સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ અહીં બેઠું છે ત્યારે અને સમસ્ત ગુજરાતના ધારાસભ્યો આ બાબતમાં રસ લઈ રહયા છે ત્યારે આ વિધેયકની અંદર માત્ર વટહુકમ કરીને સરકારની જે છૂપાવવાની બાબત છે અને અમારે સૌરાષ્ટ્રમાં એક કહેવત છે કે કાંઈક કરવું છે તો શું કરવાનું કે હાંડલીમાં કાંકરો મારે એટલે એ ખખડયા કરે એમ આ સરકારમાં પણ વારંવાર વટહુકમ કરીને બાબત સંતાડવાની ભાવના હોય છે. હોય કે નહીં તેની મને ખબર નથી. પણ એવી ભાવનાને કારણે વટ હુકમ આવ્યો છે એટલે આ વટહુકમ નામંજૂર થાય અને આ વિધેયક શહેરી વિકાસ વિભાગની ભૂલને કારણે લાવવું પડયું છે તેની સામે જવાબદારી પૂર્વક પગલાં લેવાય તેટલી મારી વાત સાથે મારું વકતવ્ય પૂરું કરું છું.

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહની કાર્યવાહી દરમિયાન મંત્રીશ્રીઓ દ્વારા ફાઈલનો અભ્યાસ કરવા બાબત.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આ સભાગૃહની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે માનનીય મંત્રીશ્રીઓ ફાઈલોનો અભ્યાસ કરી રહ્યા છે. એમનું કામકાજ અહીં થઈ રહ્યું છે. તેથી હું એમને આપના દ્વારા વિનંતી કરું છું કે તેઓ સજાગતા રાખી અને ગૃહની કાર્યવાહીમાં ભાગ લે. કારણ કે ફાઈલો માટેનો સમય તો એમની કેબિનમાં એમને છે. વિધાનસભાનો નિયમ પણ છે. માનનીય મંત્રીશ્રીઓ મહોત્સવમાં સમય કાઢે છે તેના બદલે કાર્યાલયમાં કાઢે અને અહીં વિધાનસભાના નિયમોનું પાલન થાય તો વધારે સારું.

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈની જે વાત છે તે ગૃહની કાર્યવાહીને અનુલક્ષીને વાજબી છે. શકય હોય ત્યાં સુધી માનનીય મંત્રીશ્રીઓ પોતે, અહીં ફાઈલ ન આવે તેવું ગોઠવે તો સારું. આમાં ફાઈલમાં ધ્યાન જાય એટલે કાર્યવાહીમાં ધ્યાન ન રહે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કોઈ કાર્યવાહીમાં ખલેલ નથી પહોંચાડતું.

**અધ્યક્ષશ્રી** : પણ એમાં ધ્યાન ઓછું રહે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મહાનગરપાલિકાઓમાં મિલકત વેરો ઉઘરાવવા માટે બે પદ્ધતિ અમલમાં હતી. ભાડા મૂલ્ય આધારિત અને ક્ષેત્રફળ આધારિત. આ પદ્ધતિમાં ૧૯૯૯માં એક સુધારો લઈને આવ્યા હતા. અમે આમાં પણ સ્વીકાર્યુ છે કે જે તે સમયે એમાં શરતચૂકથી એક ક્ષતિ રહી ગયેલી હતી. અને એ ક્ષતિ સુધારવા માટે અત્યારે આ કાયદામાં બીજો સુધારો લઈને આવ્યા છીએ.

મુરબ્બી બહેનશ્રીએ કાગનો વાઘ કરવા માટેનો પ્રયત્ન કર્યો પણ એવું કંઈ થયું નહીં. પરંતુ આમાં સ્થિતિ એવી હતી કે બહેનશ્રીએ ૨૫ કિલોમીટરની યાત્રાની જવાબદારી લીધી અને પછી ચાલી શકયા નહીં, સો મીટરમાં બેસી ગયા. અને પછી આ વાત એમને કહેવાની આવી. મુરબ્બી બહેને એમના જે વિચારો વ્યકત કર્યા છે તે અંગે સન્માનનીય ગૃહ સમક્ષ હું થોડી સ્પષ્ટતા ચોક્કસપણે કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે શહેરી વિકાસ ક્ષેત્રે રી-ફોર્મ્સને આવકાર્યુ છે, સ્વીકાર્યુ છે. કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર છે. હું જેટલી વખત મીટિંગમાં ગયો છું એટલી વખત યુ.પી.એ.ના કેન્દ્રના મંત્રીશ્રીએ બધી મિટિંગમાં જાહેર વાત કરી છે કે અર્બન ડેવલપમેન્ટ વિભાગે ગુજરાતમાં જે પ્રકારની રી-ફોર્મ્સ પ્રક્રિયા હાથ ધરી છે તેવી દેશના તમામ રાજયોએ હાથ ધરી અને એ દિશામાં જવું જોઈએ અને એ પ્રક્રિયા કરવી જોઈએ. બીજી સ્પષ્ટતા હું આ સન્માનનીય ગૃહ સમક્ષ એ કરવા માગું છું કે આજનું આ વિધેયક આવ્યું છે તેના દ્વારા એક પણ રૂપિયાનો નવો ટેકસ લાદવામાં આવતો નથી. કે અન્ય કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઉભી થતી નથી. જ્યારે ભાડા મૂલ્ય આધારિત પદ્ધતિ હતી ત્યારે તેની સાથે રહેલા અન્ય ચાર્જીસ, વોટર ટેકસ, કન્ઝર્વન્સી ટેકસ, જનરલ ટેકસ એન્ડ બેટમેન્ટ ચાર્જીસ કાયદાથી જોડાયેલા હતા. ૧૯૯૯ માં ક્ષેત્રફળ આધારિત ફેરફાર કર્યો તેને સમગ્ર દેશ સ્વીકારવા તૈયાર છે. તે કારપૅટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેકસ સૌ પ્રથમ અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં અને ત્યારબાદ વડોદરામાં દાખલ કર્યો. આ પદ્ધતિમાં એક ક્ષતિ રહી જવાના કારણે એની સાથેના બાકીના ટેક્સ રહેલા છે એ ટેક્સ ભરપાઈ કરવામાં કોઈ કાયદાકીય ગૂંચ ઊભી થઈ, આમ છતાં જે બે મહાનગરપાલિકાઓ અમદાવાદ અને વડોદરામાં પ્રશ્નો ઊભા થયા. આ બંને મહાનગરપાલિકાઓના તમામ લોકોએ આ ટેક્સ આજસુધી ભર્યો છે અને એમણે પણ એ વાતનો સ્વીકાર કર્યો છે કે જ્યારે વોટર માટેની તથા તેના વિતરણ માટેની આટલી મોટી જવાબદારી ઉઠાવતી

હોય ત્યારે એનો વેરો ભરવો પડે પરંતુ આ સુધારો એટલા માટે લઈને આવ્યા છીએ કે ભવિષ્યમાં કાયદાકીય ગૂંચ ઊભી ન થાય અને એ સ્થિતિમાં જે કંઈ ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ છે એ વધુ સુસ્પષ્ટ થાય એ માટેની આપણી આ કાર્યવાહી રહેલી છે.

આજે આપણી જે મહાનગરપાલિકાઓ છે એમાંથી ચાર મહાનગરપાલિકાઓએ આ પદ્ધતિ સ્વીકારેલ છે જ્યારે બાકીની ત્રણ મહાનગરપાલિકા આ પદ્ધતિ સ્વીકારવા તરફ જઈ રહેલ છે ત્યારે આ બધી જ મહાનગરપાલિકાઓમાં આ સુધારો આવી જાય જેથી અર્થઘટન માટેની અલગ અલગ બાબતો રહેલી છે એમાં આ સુધારો થઈ જાય તો એની સ્પષ્ટતા થઈ જાય એના માટે આ વિધેયક લઈને આવ્યા છીએ.

અમદાવાદ મહાનગરપાલિકામાં કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સ ૨૦૦૧માં દાખલ કર્યો. ત્યારબાદ વડોદરામાં દાખલ કરવામાં આવ્યો, એ પછી જામનગરમાં દાખલ કર્યો. આજે ગુજરાત દેશમાં આ પ્રકારનું રાજય કે જેણે કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સમાં જે પ્રકારની વ્યવસ્થા દાખલ કરી એ વ્યવસ્થાને સમગ્ર દેશે સ્વીકાર્યો છે. એટલું જ નહિ કર્ણાટક અને દિલ્હીમાં માનનીય બહેનશ્રીના પક્ષનું શાસન રહેલું છે આ બંને રાજયોની ટીમ અહીંયાં આવીને આનો અભ્યાસ કરી રહી છે અને પોતાના રાજયમાં કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સ કેવી રીતે દાખલ થાય એના માટે વ્યવસ્થા કરી રહેલ છે. આ કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સની અંદર પ્રમાણિકતાના અને પારદર્શિતાના દર્શન થાય છે. કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સના કારણે વ્યકિત પોતાની આકરણી પોતાની જાતે સહેલાઈથી કરી શકે છે. કેટલા વારનો પ્લોટ છે એના ઉપર કેટલો ટેક્સ આવશે એ પોતે કહી શકે છે. જે કંઈ કાયદાકીય ગૂંચ ઊભી થઈ હતી ભાડા આધારિત પદ્ધતિને કારણે એમાં કોર્ટ કેસ ઊભા થતા હતા એનો નિકાલ થયો અને વસૂલાત ઝડપી બની આવા અનેક પ્રકારના ફાયદા આ કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સના આ ૧૯૯૯ના કાયદા પછી પ્રાપ્ત થયા છે. પરંતુ અત્યારે નાનકડી ક્ષતિ રહી ગયેલ હતી, ૧૯૯૯ના એકટના સમયે ક્ષતિ રહી ગયેલ એનો બિલમાં સ્વીકાર કર્યો છે. અમે આ સુધારા માટે આવ્યા છીએ ત્યારે ગુજરાતની કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સની પદ્ધતિને સમગ્ર દેશે સ્વીકારી છે, ગુજરાતના શહેરી વિકાસ દ્વારા જે પ્રકારના પ્રયાસો, શહેરોની આગવા પ્રકારની રચના કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે એને સમગ્ર દેશે સ્વીકારી છે ત્યારે આ નાનકડી વાતને સ્વીકારીને સૌની સરળતા માટેની પ્રક્રિયા, વહીવટની ક્ષમતા વધારવા માટે તથા પ્રમાણિકતા અને પારદર્શિતાના દર્શન કરાવવા છે એમાં લોકોને વધુ વિશ્વાસ ઊભો થાય અને આપણી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ આના માટે આગળ આવે એ બાબતનું વિધેયક આ સભાગૃહ સમક્ષ લઈને આવ્યો છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા ત્યારે તેઓએ કહ્યું કે કેન્દ્રના શહેરી વિકાસ મંત્રીશ્રીએ પણ આપણા શહેરોનો વિકાસ થયો છે એની તારીફ કરી છે. તારીફ કરી હોય તો હું એમ માનું છું કે સ્પોર્ટસમેન સ્પિરિટ કહેવાય. હું તો માત્ર એટલું જ કહીશ કે આપણે પણ કયારેક તારીફ કરતાં શીખવું પડશે. એટલા માટે કે આખા દેશની અંદર પહેલી વખત સૌથી વધારે રકમની ફાળવણી જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુ મિશન હેઠળ ગુજરાત સરકારને કેન્દ્ર સરકારે કરી છે. માત્ર અમદાવાદના જ આંકડા એમની પાસે હશે પરંતુ ૪૫૦ કરોડ રૂપિયાની બસ રેપીટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ બની રહી છે. એ પ્રોજૅકટ જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશનનો છે. મને આશ્ચર્ય એ વાતનું છે કે એ વખતે કેન્દ્ર સરકારની આ યોજના માટે આપણે ઉદારતાથી સારા બે શબ્દો ન બોલ્યા કે આખા દેશની અંદર પહેલી વખત શહેરી વિકાસ માટે આટલી મોટી ફાળવણી ગુજરાત રાજયને અને આખા દેશની મોટી મહાનગરપાલિકાઓને મળી. પોતાના પક્ષના, પોતાના નેતાઓને બોલાવીને ભલે તેના ખાતમુહૂર્ત થાય, આપણને વાંધો નથી. પરંતુ એ વખતે એક શબ્દ સારો બોલાયો હોત તો વધારે સારું હતું. ૬૦ વર્ષ પછી પહેલી વખત કેન્દ્રની યુ.પી.એ. સરકારે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન આપ્યું એટલા માટે વાત કરી છે. ગુજરાતે નાયબ વડાપ્રધાન તરીકે કોઈને મોકલ્યા હતા, ગાંધીનગરમાંથી અને અમદાવાદમાંથી ચૂંટાઈને કર્ણાવતી નામ બદલવાની વાત હતી. ચૂંટણીનું વચન હતું એ પણ પાળી નહોતા શક્યા. (અંતરાય) ન ગમતી વાત હોય તો સાંભળવી પડે.

**અધ્યક્ષશ્રી** : બીજી વાત નહીં કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વાત એટલી છે કે અહીં જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ આટલા પૈસા આવે છે ત્યારે હવે વધારે આવક ઉભી કરવાની બહુ જરૂર રહેતી નથી અને બીજી વાત એટલા માટે કરું છું કે જ્યારે મૉડલ લો તરીકે આખા દેશમાં કારપૅટ એરિયા પદ્ધતિ છે, સારી પદ્ધતિ છે. તેની સામે અમારો કોઈ વાંધો નથી. પણ જ્યારે કારપૅટ એરિયા પદ્ધતિ તમે દાખલ કરતા હો ત્યારે બાકીના બધા ટેક્સ છે એ ટેક્સ ઑટોમૅટીક નીકળી જતાં હોય છે. પરંતુ અહીં કારપૅટ એરિયા ટેક્સ નાખ્યો એ ટેક્સ મારફત આવક લગભગ બમણી કરતાં વધારે કરી અને તેના પછી પાણી વેરો અને બાકીના વેરાઓ ચાલુ રાખવા એ બન્ને જે શહેરી લોકો છે, શહેરમાં મધ્યમ વર્ગના લોકો રહે છે તેનું ખીસ્સુ કાપવા બરાબર છે અને એ જરૂર નથી. આ સરકાર વારંવાર એવા વચનો આપે કે અમે પારદર્શક પદ્ધતિ લઈ આવ્યા છીએ પણ પારદર્શક રીતે મધ્યમ વર્ગના લોકો પાસેથી એ સહન ન થઈ શકે એટલા કરવેરા લેવાય છે અને મારે તેમને એ વાત કરવાની છે કે આ લોકોનું વચન છે કે શહેરના લોકો ઉપરથી અમે ઑકટ્રૉય સહિતના ભારણો જ્યારે વેટ આવશે ત્યારે નાબૂદ કરીશું અને ઑકટ્રૉય નાબૂદ કરીશું. જ્યારે કારપૅટ એરિયા પદ્ધતિ આવે ત્યારે બાકીના ટેક્સ અમે નાબૂદ કરીશું. કેન્દ્ર સરકારે પણ

ગાઈડલાઈન આપી છે. તેણે કહ્યું છે કે જ્યારે તમે કારપેંટ એરિયા મુજબનો ટેક્સ લો ત્યારે બાકીના ટેક્સ લેવાની જરૂર ઉભી થતી નથી. કારણ કે તેની અંદર પારદર્શક રીતે વધારાનો ટેક્સ લઈ શકાય છે. પરંતુ એક બાજુથી એમ કહેવું કે અમે શહેરોનો વિકાસ કરીએ છીએ. રાજય સરકારે કશું આપવાનું નહીં અને વધારે ને વધારે આવકો ઉભી કરીને આ આવકોનો ઉપયોગ પણ પ્રજાના જીવનધોરણ સુધારવાને બદલે ઘણી વખત પ્રશસ્તિ કરવામાં વપરાઈ જાય છે. ઉત્સવોમાં, રાજય સરકાર ઉત્સવો કરે છે અને તેમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન હોય, બરોડા કૉર્પોરેશન હોય કે સુરત કૉર્પોરેશન હોય તેણે કોન્ટ્રીબ્યુશન આપવાનું અને રાજય સરકારે તેની પાછળ કશું જ આપવાનું નહીં અને એ પણ આ ભૂલ, શરતચૂક રહી ગઈ નથી. સમજી વિચારીને, અધિકારીઓને ખબર હતી કે જ્યારે આપણે કારપૅટ એરિયા મુજબ ઉઘરાવવાના હોઈએ ત્યારે, હાઉસ ટેક્સ ઉઘરાવવાના હોઈએ ત્યારે બાકીના કોઈ ટેક્સ લેવાના નથી એવી સમજથી આ સુધારો થયેલ છે અને હવે જ્યારે કોર્ટે તેને ગેરકાયદેસર ઠરાવ્યું છે અને ૮૦૦ કરોડ જેટલા રૂપિયા ટેક્સ પેયરને પાછા આપવા પડે તેમ છે ત્યારે એ ન આપવા પડે એટલા માટે આ પાશ્ચાતવર્તી અસરથી આ કાનૂન એ પણ વિધાનસભા નહોતી ત્યારે વટહુકમ લઈ આવીને લઈ આવવામાં આવ્યો છે. મારી ફરી પાછી રાજય સરકારને આપના મારફત વિનંતી છે.

હમણાં સરવે એવો આવેલો છે કે, ૯૬ લાખ પરિવારોમાંથી ૨૪ લાખ પરિવારો તો માત્ર એક રૂમમાં રહે છે. અને એમાં સૌથી વધારે જે લોકો છે એ ૫૦ ટકા કરતાં વધારે લોકો અર્બન એરિયામાં રહે છે અને જ્યારે એ સ્થિતિ હોય ત્યારે રાજય સરકારની જવાબદારી બને છે કે, એમને જે રીતે જવાહરલાલ અર્બન રીન્યૂઅલ મિશન યુ.પી.એ. સરકાર લઈ આવી એવી યોજના અહીંથી લઈ આવીને એમને વધારે મદદ કરવી જોઈએ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની અંદર ખાસ કરીને ગરીબ લત્તો છે એમાં ધ્યાન આપવું જોઈએ. આમાં પહેલીવાર ઝૂંપડાઓ ઉપર ટેક્સ નાખવાની જોગવાઈ કરેલ છે. જે અત્યાર સુધી કયારેય નહોતી. કોઈ સગવડતા આપવી નહીં અને મારો તો આક્ષેપ છે કે જવાહરલાલ અર્બન રીન્યૂઅલ મિશનમાં ૨ મિશન છે. ઈન્ફ્રાસ્ટ્રકચર, જે મોટા ફલાય ઓવર બંધાય છે, એ ફલાય ઓવરમાં વધારેમાં વધારે પ્રોજેંકટ મૂકાય છે. પરંતુ poverty alleviation હેઠળના જે પ્રોજૅકટ છે જે complete ગરીબ લોકો રહે છે, સ્લમ વિસ્તારમાં રહે છે એનું upliftment કરવા માટેના પ્રોજેકટો છે એ ઓછામાં ઓછા અહીંથી જાય છે અને એવી રીતે જાય છે કે, આ મિશનની ગાઈડલાઈન છે, total upliftment માટેની આના બદલે કોઈ પાણીના પ્રોજૅકટ તરીકે મૂકાય છે અને કોઈ રસ્તાઓના પ્રોજૅકટ તરીકે મૂકાઈને જાય છે. એને total poverty alleviation હેઠળ લેવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત વિનંતી છે કે, આ ભૂલ પણ રહી ગયેલ નહોતી. એ સમયે અધિકારીઓએ એ સમયની ગાઈડલાઈન સમજીને જ્યારે કારપૅટ એરિયા મુજબનો હાઉસ ટેક્સ આપવાનો આવે ત્યારે કોઈ ટેક્સ આપવાની જરૂર નથી એમ સમજીને બિલ બનાવેલ હતું. અને રૂ.૮૦૦/- કરોડ ટેક્સ પેયરને પાછો આપવાનો છે. ત્યારે પશ્ચાદવર્તી કાયદો લઈને આવ્યા છે એ બંધારણની વિરુદ્ધમાં છે. પશ્ચાદવર્તી અસરથી કોઈ કાયદો લાગુ પાડી શકાય નહીં. ભવિષ્યમાં બીજી કોર્ટો છે એ કાયદાને ગેરકાયદેસર ઠરાવે એવી પૂરેપૂરી શક્યતા છે. એને ધ્યાનમાં લઈને આ વિધેયક, આ ભૂલ સરકાર સમજે અને કાનૂની સલાહ લઈને આ પાછું લઈ લેવું જોઈએ અને આ બિલ પાસ થવાને પાત્ર નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, ધ બૉમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક ૨૦૦૭ રાજયના શહેરી વિકાસ મંત્રીશ્રી આઈ.કે.જાડેજા લઈને આવ્યા છે એના સમર્થનમાં વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સાથીઓ દ્વારા જે આખી વાત છે એને કાંઈક અવળી રીતે હાઉસ સમક્ષ મૂકવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બિલ કારપૅટ એરિયાના પ્રમાણમાં અને એના પછી ૨૦૦૫ની અંદર સમગ્ર ગુજરાતભરની અંદર ચૂંટણીઓ થઈ અને એ ચૂંટણીઓની અંદર અમદાવાદ, વડોદરા અને જામનગર આ ત્રણેય જગ્યાએ ચૂંટણીઓ થઈ. એમાં જામનગરની અંદર ઇતિહાસમાં પહેલી વખત સ્પષ્ટ બહુમતી સાથે મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ભારતીય જનતા પક્ષના મેયર બેઠા. માત્ર કરદાતાઓની વેદનાને વાચા આપવા માટે નહીં પણ આ ગૃહની અંદર રાજકીય વાતો કરીને ગેરમાર્ગે દોરવાનું કામ માનનીય સભ્યશ્રીઓ કરી રહ્યા છે. (અંતરાય)

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી ગૃહના સિનિયર સભ્યશ્રી છે. પ્રદિપસિંહજી મારે ચેલેન્જ આપવી છે કે, કઈ બાબતે ગૃહને ગેરમાર્ગે દોરવાની વાત થઈ છે ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : સભ્યશ્રી ખુલાસો માગે છે? આ કેવી રીતે ચાલશે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાતને વળગી રહું છું. થોડા સમય પહેલાં એન.યુ.આર.એમ.ના ટોચના અધિકારીઓએ અહીંયાં જે રજૂઆતો કરી હતી. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનમાં એમણે જે પ્રેઝન્ટેશન આપ્યું હતું અને એમાં એન.યુ.આર.એમ.ના અધિકારીઓએ બહુ સ્પષ્ટ કહ્યું હતું કે, તમે મોટા પ્રોજૅકટના કામ અમારી સમક્ષ મૂકો. E.W.S. માટેની રજૂઆત મ્યુનિસિપલ કૉર્પોરેશને એન.યુ.આર.એમ.ને સબમિટ કરી છે. એન.યુ.આર.એમ. એ સ્પષ્ટ કહ્યું કે અમે માત્ર ને માત્ર મોટા પ્રોજૅકટનું જ આ દિશાની અંદર લેવાના છીએ એટલે હું ગેરમાર્ગે દોરવા માટેની જે વાત કરુ છું એ સાચી વાત કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર એટલી જ વાત કરવાની છે કે માનનીય પ્રદિપસિંહભાઈને ખ્યાલ નહીં હોય કે અર્બન ડેવલપમેંટ મિનિસ્ટ્રીની અંદર ૨ મિનિસ્ટ્રી છે. એક પ્રોપર્ટી એલીવેશન મિનિસ્ટ્રી અને બીજી અર્બન ડૅવલપમેન્ટ મિનિસ્ટ્રી છે. બંને મિનિસ્ટ્રીની અલગ અલગ કાર્યવાહી છે. મોટા પ્રોજૅક્ટો છે, ફલાય ઓવર છે એના માટેના મંત્રીશ્રી જૂદા છે, એની ફાળવણી જૂદી થાય છે અને જે ગરીબ લોકોની વાત તમને ખબર નહીં હોય પણ જે ગરીબ લોકો માટેના, સ્લમ ડેવલપમેંટ વિસ્તાર માટેના આખા પ્રોજેક્ટ જૂદા છે. આપને ખ્યાલ ન હોય તો આપને ખ્યાલ અપાવુ છું. આપે પ્રોજૅક્ટ નથી મૂક્યા એ શરમની વાત છે આપણા બધા માટે પણ આપે મૂકવા જોઈએ. આપની પાસે ન હોય તો અમારી પાસેથી માહિતી લઈ જાવ. અમારી પાસે માહિતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રોજૅક્ટ સાથે સાંકળીને વાત કરી હતી એટલા માટે હું એમનું ધ્યાન દોરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓને એક વિનંતી કે આપણે બધું જાણીએ છીએ અને બીજા બધું જાણતા નથી એવું સમજીને બોલવાનો પ્રયત્ન ન કરવો. પ્લીઝ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કોર્પોરેશન જેણે પાણી પુરવઠો, ગટર અને સફાઈ આ બધી જ સગવડો જેને આપવાની હોય છે એના કારણે જ આ બિલમાં ૧૪૧ ખ હેઠળ મિલકત કર નાખવાનો વિકલ્પ લીધો નહોતો , જેનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે એના કારણે અનેક ફાયદાઓ છે. દેશમાં પહેલી વખત હમણાં જ ગુજરાતની અંદર અર્બન સમીટ થઈ અને આ અર્બન સમીટની અંદર ૨ લાખ અને ૫ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને આ વખતે દેશભરની અંદર શહેરી વિકાસ સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા અને શહેરી વિકાસ સાથે સંકળાયેલા લોકોએ એક વાત કરી કે તમે ગુજરાતની અંદર જે કારપૅટ એરિયાના માધ્યમથી ટેક્સની વસૂલાત કરવાનું કામ કરો છો એ કેવી રીતે કરો છો ? અમદાવાદ શહેરની અંદરથી હું આવે છું. આ અમદાવાદ શહેર પહેલા ૧૦૪ કિલોમીટરનો વિસ્તાર હતો અત્યારે ૪૫૦ કિલોમિટરનો વિસ્તાર છે. આ વિસ્તરતુ શહેર છે. હવે વિકાસની સાથે સાથે ટેકસની અંદર પણ સરલીકરણ લાવવા માટે આ કાયદાથી અનેક ફાયદાઓ થશે. આના કારણે વેરાની ગણતરીમાં સરળતા રહેશે અને પ્રાદેશિકતા આવશે જ્યારે ૨૦૦૦ થી ૨૦૦૫માં અમદાવાદ શહેરની અંદર મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં કોંગ્રેસનું શાસન હતું ત્યારે અમદાવાદ શહેરને ગર્દાબાદ જેવી સ્થિતિમાં મૂકી દીધું હતું. જયારથી ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું છે ત્યારથી શહેરની અંદર આજે આ ટેકસની પૂરતી વસૂલાત થવાને કારણે ઈતિહાસમાં પહેલી વખત ૧૨ જગ્યાએ ઓવરબ્રિજ, અંડરબ્રિજ, રીવરબ્રિજના કામો હાથ પર લીધા છે. દેશમાં પહેલી વખત બી.આર.ટી.એસ.ની સિસ્ટમ આપણે અમદાવાદ શહેરની અંદર અમલીકરણ કરી શકયા છીએ. આ કાયદાને કારણે આ નવી ફોર્મ્યુલા પ્રાદેશિક હોય બંને લોકોને સ્વીકાર્ય બને છે અને આ પારદર્શક ગણતરીને કારણે જે આ ટેકસની આકારણીમાં જે વચ્ચે દલાલો હતા ૨૦૦૦ થી ૨૦૦૫માં એ દલાલો નીકળી ગયા અને પ્રજાનો ભ્રષ્ટાચારમાં પૈસો જતો હતો એ ભારતીય જનતા પક્ષના સુધારાને કારણે ગરીબ પ્રજાનો પૈસો બચાવવા માટેનું કામ છે. આની વિશ્વસનીયતા ઉભી થવાને કારણે કોર્પોરેશનની આવકની અંદર વધારો થયો છે અને આપણે સૌ જાણીએ છીએ કે કોર્પોરેશનની આવકમાં વધારો થતા આપણે શહેરના વિકાસના અનેક કામો કરી શકીએ છીએ. સાબરમતી રીવરફ્રન્ટ, આખા દેશની અંદર પહેલી વખત આપણે જયારે અમદાવાદ શહેરમાં પુલો ઉપરથી પસાર થઈએ ત્યારે બે કાંઠે વહેતી નદી અને સાબરમતી રીવરફ્રંટ જયારે એન.આર.આઈ. અહીંયાં આવીને જુએ છે, ત્યારે આખા શહેરનું દ્રશ્ય અને આખી રોનક બદલાઈ ગઈ. આ શાના કારણે છે? ટેક્સના પૈસા આવે છે એ આપણા ખિસ્સામાં નહિ પણ પ્રજાના વિકાસમાં વાપરવાના કારણે આ શક્ય બન્યું છે.

એશિયાની અંદર અમદાવાદ શહેર એવી પ્રથમ મહાનગરપાલિકા છે કે જેને ૧૫૦ કરોડના સિટી બૉન્ડ ઉઘરાવવાની પરવાનગી મળી છે. કાંકરિયાનું તળાવ ૨૮ કરોડના ખર્ચે ઇન્ટરનૅશનલ સ્તરનું લેક બનાવવાનું કામ જો કોઈએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીના મ્યુનિસિપલ કોરપોરેશનના સત્તાધીશોએ કર્યું છે. ગુજરાતની સરકારે એ પહેલા શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું. જેમ હમણાં કહેવાયું એ મુજબ એન.યુ.આર.એમ.માં તો આખા દેશના ૬૮ નગરોને લીધા છે. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે શહેરી વિકાસમાં ૧૬૮ જેટલા શહેરોને લઈને શહેરી વિકાસની પોતાની પ્રતિબદ્ધતા સિદ્ધ કરી બતાવી છે. ગુજરાતના શહેરી વિકાસનું જે મૉડલ હતું એ આખે આખું એન.યુ.આર.એમ.માં ટ્રાન્સફર થયું. આખા એન.યુ.આર.એમ.માં ગુજરાતના જેટલા શહેરી વિકાસના મુદ્દા હતા એ આધારે કેન્દ્ર સરકાર કામ કરી રહી છે. જેમ અર્જુનભાઈએ હમણાં કહ્યું, અને શહેરી વિકાસ વિભાગના સચિવે પોતે અર્બન સમિટમાં ગુજરાતના શહેરી વિકાસની જે મુક્ત પ્રશંસા કરી છે. અન્ય રાજ્યોમાં પણ જોયું છે પણ સાચા અર્થમાં ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકારે પ્રજાને જે વચનો આપ્યા છે એને પરિપૂર્ણ કરવામાં આગળ વધ્યા છે. આ વર્ષે નિર્મળ ગુજરાતના માધ્યમથી સમગ્ર ગુજરાતને સ્વચ્છ અને સુંદર બનાવવાના અભિયાનના માધ્યમથી અમદાવાદ શહેરમાં ૧૪૦ કિલોમીટરના રસ્તા ૧૪૦ કરોડના ખર્ચે રીસરફેસ કરવાનું કામ, સોલીડ વેસ્ટ આજકાલ મોટો પ્રશ્ન છે. આ નિર્મળ ગુજરાતના માધ્યમથી સોલીડ વેસ્ટ માટે ૪૦ કરોડના ખર્ચે એના ડીસ્પોઝલની વ્યવસ્થા કરવાનું કામ ભારતીય જનતા પક્ષ સંચાલિત અમદાવાદ હોય, વડોદરા હોય કે જામનગર

હોય એ મહાનગરપાલિકાઓ કરી રહી છે. એટલે માનનીય મંત્રીશ્રી આ કાયદામાં જે સુધારાઓ કરીને એમેન્ડમેન્ટ અને વેલીડેશનનું જે લાવ્યા છે એ સાચા અર્થમાં જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર છે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે ત્યારથી દરેક કાયદામાં જ્યાં જ્યાં ભ્રષ્ટાચાર થતો હતો એ ભ્રષ્ટાચારના છીંડા બંધ કરીને ગરીબ પ્રજાના પૈસા વચ્ચેના દલાલો ન લઈ લે એ માટેના પગલાંને હું આવકાર આપું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વટહુકમ લઈને આવ્યા છે, જેમ ચંદ્રિકાબેને કહ્યું એમ એનાથી આગળ વધીને એમ કહું કે, આ બિલમાં 'ખ' વિભાગમાં એક જોગવાઈ કરવામાં આવી છે, ભૂલથી કોઈના પૈસા વધારે આવી જાય તો એને રિફંડ ન મળે, કોઈ અધિકારીના કારણે કોઈ ભૂલ થાય એના કારણે પણ એ રિફન્ડેબલ ન બને અને કોર્ટમાં કોઈ દાવો ન કરી શકે એ પ્રમાણેનું આ બિલમાં લઈને આવ્યા છે. મને લાગે છે કે ૭૦૦ કરોડ રૂપિયા ગયા વર્ષના જે અધિકારીઓની ભૂલના કારણે આપવાના થાય એના બદલે આ કલમનો આમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. કોઈપણ જાતની ભૂલ થાય તો કોઈપણ માણસ દાવો કરી શકે પણ આ રીતની જે જોગવાઈ કરવામાં આવી છે એ બરાબર નથી. હમણાં જ માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે, કારપૅટ એરિયા ગમે તે જગ્યાએ થાય. અમારી કેન્દ્રની સરકાર કાયદાઓ સરળ બનાવવાની કોશિશ કરી રહી છે. આજે કેન્દ્ર વેટ કે સિટીનો દરજ્જો હોય, હંમેશા એને અગ્રીમતા આપતી હોય છે. એ રીતે કારપૅટ એરિયા આપ્યા છે એને આવકારીએ છીએ પણ ૫૦નું ટેબલ ગણીએ તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે કારપૅટ એરિયા થશે એના ટેક્સ ભારણ થશે. એ ટેબલ પ્રમાણે ૫૩૯ કારપૅટ એરિયાનો પ્લોટ પાડીએ તો ૫૩૯ રૂપિયા આજે થાય. માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે કદાચ એવો જમાનો હતો પાણીવેરો હતો એ પાણીવેરો નાના માણસને બીજા બધા ટેકસના કારણે ઝૂંપડપટ્ટીમાં બહુ ઓછો આવતો હતો અને ઘણી જગ્યાએ આ વેરો ભરવો પડતો નહતો. કારપૅટ એરિયા આપણે બનાવીએ એ લોકોની સુવિધા માટે બનાવતા હતા ત્યારે એ પણ કાળજી રાખવી જોઈએ અને જે પ્રમાણે મારી ગણતરી છે ૧૫ - ૨૦ ટકા વેરો અમદાવાદ અને બીજા શહેરોને આડકતરી રીતે લાગવાનો છે. એકબાજુ મોટી વાતો કરતા હોય, હમણાંજ મુરબ્બી પ્રદિપસિંહ કહેતા હતા અમે આટલી આટલી સુવિધાઓ આટલા આટલા સમયમાં કરી છે. મારે એ સરકારને પૂછવું છે કે અમદાવાદની અંદર જે મેગાસીટીનો દરજજો આપ્યો એ યુ.પી.એ.ની ગવર્નમેન્ટ આપ્યો છે. આજે ભારતની અંદર અમદાવાદમાં આપવામાં આવ્યો છે, એ પ્રથમ રાજ્ય તરીકે એને દરજજો આપ્યો છે. આજે કેન્દ્રની સરકાર આવી રીતે ધ્યાન રાખતી હોય ત્યારે ૧૫ થી ૨૦ ટકા લોકો ઉપર પાછલા બારણેથી ટેકસ લાગવાનો હોય, જ્યારે બજેટ આવી રહ્યું છે ત્યારે એ ખરેખર વધારે પડતું છે. મારે યાદ દેવડાવવું છે વેટનો પ્રશ્ન હતો, ૩૭૭ વચનો ભારતીય જનતા પાર્ટીએ આપ્યા હતા એમાં મોટામાં મોટું વચન હોય તો એ વચન હતું અમે નગરપાલિકામાંથી ઘટાડીશું અને ૭ ટકા વધારે આપીશું, એની સાથે મહાનગરપાલિકામાં અમે ઑકટ્રૉય નાબુદ કરીશું. આજે સાડાત્રણ વર્ષથી આ બેચ પરથી ઘ ણીવાર અમે અહીંયાં રજૂઆત કરીએ છે ઉપરથી ખરેખર ઑકટ્રૉય ઘટાડવામાં આવે (અંતરાય) માનનીય અશોકભાઈ સાહેબ ઘણું બોલ્યા છે.

**પોઈન્ટ ઑફ ઈન્ફમેશન**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય દંડકશ્રી બહુ જ જાણકાર છે, એની અંદર ઑકટ્રૉય માટેનો પ્રશ્ન નથી સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ચાલો બેસો, પ્લીઝ. સભ્યશ્રીઓ ગૃહમાં બોલે છે એ લગભગ જોઈએ તો બધાની વાત છે, કોઈ એકની વાત નથી. મોટા ભાગના સભ્યશ્રીઓ બિલ ઉપર લગભગ ૨ ટકા બોલે છે અને ૮૦ થી ૮૫ ટકા જે નથી ખબર એવું બોલે છે. હું જો આગ્રહ રાખીશ બિલ ઉપર જ બોલવાનો, દરેક બિલ પર તો એક બિલ છે એ ફકત ૧૫ મિનિટમાં પૂરું થઈ જશે. બીજા બધા જ સભ્યશ્રીઓએ મારે કહેવું પડે કે, ટોટલ બીજી વાત કરી છે, આપણે બિલની વાત બાજુમાં મૂકીએ છીએ માટે બધાને વિનંતી કરું છું આપ બધા જે બિલ હોય એ બિલ ઉપર જ બોલો તો વધારે સારું રહેશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પ્રદિપસિંહ બોલતા હતા ત્યારે મેં આપનું ધ્યાન દોર્યુ હતું, એમણે આખી વાત કરી હતી એ બિલ ઉપર કોઈ વાત હતી નહિ. મારા કહેવાનો ભાવાર્થ એજ હતો, હું બિલ ઉપર વાત કરતો હતો. હું એ વાત યાદ દેવડાવતો હતો અશોકભાઈ, અમદાવાદમાં અને મ્યુનિસિપલ કોરપોરેશનમાં આટલો બધો ટેકસ ૧૦-૧૫ ટકા વધવાનો છે અને દરેક ટેકસ આપણે એકત્રિત કરતા હોય ત્યારે ઑકટ્રૉયની વાત એટલા માટે યાદ કરાવતો હતો કે વચન આપતા હતા એ પ્રમાણે થાત તો ૧૦ થી ૧૫ ટકા વધારો થવાનો હતો એ લોકોને વધારે સારી સુવિધા રહેત. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે આ બે બાબતે જે મારો ખાસ આગ્રહ છે કે આ કલમ રાખીશું કે એકવાર માણસ ભૂલથી જે થોડો વધારે ટેકી ભરી દેવામાં આવે તો એ રીફંડેબલ નહિ અને એ કાયદાકીય રીતે કાંઈ ના થઈ શકે એ અતિશયોકિત છે અને વધારામાં ખાસ કરીને જે આ બિલની અંદર જે મહત્ત્વનું છે કારપૅટ એરિયા એવું કોઈપણ બનાવવામાં આવે કે આજનો જે ટેકસ છે એજ પ્રમાણેનો ટેકસ સરળ પ્રમાણે રહે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૦૭નો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન વિધેયક લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

સાહેબ, ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો, બે પ્રકારના મિલકત વેરામાંથી ફેરબદલ કરીને લાગુ કર્યો છે શરૂઆત કયાંય પણ થતી હોય ત્યારે કાંઈક મુશ્કેલીઓ ધ્યાનમાં આવતી હોય અને એ ધ્યાનમાં મુશ્કેલીઓ આવ્યા પછીથી મંત્રીશ્રીએ સ્વીકારીને જ વાત કરી એ કે, મિલકત વેરો શરૂ કર્યો ક્ષેત્રફળ આધારિત ત્યારે જે ક્ષતિઓ જણાઈ એને સુધારો કરવા માટેનું વિધેયક અહીંયાં લાવ્યા છે. મને લાગે છે કે, વિરોધપક્ષની વિરોધ કરવાની પધ્ધતિને હું અભિનંદન આપું, પરંતુ રચનાત્મક અભિગમ જાળવીને જરા કદાચ જોવાયું હોત તો મને લાગે છે કે, આટલી બધી ચર્ચા ના થઈ શકત.

માનનીય અધ્યક્ષશ્રી, આપે વિધેયક પર જ બોલવાનું કહયું ત્યારે મહાનગરપાલિકા દ્વારા પાણી પુરવઠાની આ સુવિધા અંગેના તમામ ખર્ચનું આ ભારણ આ મહાનગરપાલિકાઓ સહન કરે છે, આ લાભ અને વ્યવસ્થા લોકોને તો મળે જ છે, પરંતુ આ ખર્ચ પૂરો કરવા માટે કાંઈક ચાર્જીસ પણ હોવા જોઈએ એવું લોકોએ પણ સ્વીકારેલું છે. લોકોને ખબર જ છે માત્ર કાયદાનું અનુમોદન એને મળે, કાયદાકીય લાભ હોય તો મને લાગે છે કે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે માત્ર કાયદાકીય સ્વરૂપ આપવાની જ વાત છે, ક્ષેત્રફળ આધારિતમાં ખાલી મિલકત વેરો લેવાય એ ના ચાલે કેમ કે, માત્ર પાણીની વાત નથી અન્ય વેરા પણ લઈને જ વિકાસ તો કરવો જ જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, શહેરોનો વિકાસ થાય પરંતુ લોકભાગીદારીથી થાય આ અભિગમ સમગ્ર ગુજરાતની પ્રજાએ સ્વિકારી લીધો છે, અહીંયાં બેઠેલા કોઈ એમાં ના નહીં કહી શકે. લોકોની લોકભાગીદારી માટેની ઉત્સુકતા વધી છે અને લોકોનો વિશ્વાસ પણ સરકારમાં વધ્યો છે. અહીંયાં અર્બન સમિટ ૨૦૦૭માં આ દેશના ઉદ્યોગપતિઓ, વિદેશથી પણ ઉદ્યોગપતિઓ આવીને સરકારની જે વિશ્વસનીયતા છે, વિશ્વસનીયતા લોકોની વધી છે એ તો સાબિત થઈ ગયું છે. હમણાં જ અર્બન ડેવલપમેન્ટ સમિટ ૨૦૦૭ના સંદર્ભમાં સભ્યશ્રી પ્રદિપભાઈએ કહયું એમ બે લાખ પાંચ હજાર કરોડના એમ.ઓ.યુ. સાઈન થયા, મારા માત્ર જામનગરના બસો ત્રીસ કરોડના એમ.ઓ.યુ. સાઈન થયા છે. જે વેપારીઓએ જે ઉદ્યોગપતિઓએ એમ.ઓ.યુ. સાઈન કર્યા છે એની સાથે મારું મળવાનું થયું, પહેલી વખત એ વાત ધ્યાનમાં આવતી હતી કે કોઈ નવા ઉદ્યોગો અથવા નવા રોકાણો શહેરમાં કરવા હોય તો સરકારી સુવિધા મળે, સરકારના રાજયમાં સરળીકરણ કેમ થાય એ પ્રકારની વાત અને લોકોએ આ વાતને સ્વીકારી, એક મોટી રકમ જામનગરમાં ડેવલપમેન્ટ કરવા માટેની સ્વીકારી છે. રોટી, કપડા અને મકાન, તમામ સુવિધાઓ પ્રાપ્ત કરવા સરળતા રહે તેવું આ રાજય સરકારનું તંત્ર, લોકો મોઢે ચર્ચાઈ રહયું છે, લોકો એના મોં ફાટ વખાણ કરતા હોય છે અને મારે ચોકકસ કહેવું જોઈએ કે, રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ, ભગવાન મનુએ કહયું છે ને, લોકા સમર્થ સુખીના ભવન્તું, આ વાકયને ધ્યાને રાખીને સમાજના સર્વે વર્ગના લોકોની સુખાકારી વધે એના માટે કામ કરી રહયા છે. રાજય સરકારના મંત્રીશ્રીઓ હોય, અમારા જેવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય કે કર્મચારીઓ હોય, એમના કર્મયોગનો અહેસાસ પ્રજાને થઈ રહયો છે અને અહેસાના કારણે આ નવા નવા વિચારો, નવી નવી વ્યવસ્થા તંત્ર ઉભું કરવા માટેના કાયદાઓ આપણી સમક્ષ આવી રહયા છે. જયારે વધુ ને વધુ સુવિધાની અપેક્ષાઓ રાખનાર ગુજરાતનો સમાજ બન્યો છે, પાંચ કરોડની જનતા બની છે ત્યારે ચાર્જીસ આપવા માટે સામે ચાલીને હાથ લાંબો કરે છે. જામનગરમાં આ વસ્તુ લોકો બહુ સારી રીતે સમજયા છે અને પહેલી વખત જામનગર મહાનગર એ ભા.જ.પ.ની બની છે, વર્ષોથી નહોતી બનતી, રાજય સરકારના વહીવટને જોયો, કોરપોરેશનના વહીવટને જોયો અને પછી લોકોએ ન્યાય આપી ભા.જ.પ.નું કોરપોરેશન બન્યું છે.

સાહેબ મારે બીજું એ કહેવું જોઈએ કે હમણાં અમારા બહેના કહેતા હતા કે, રાજય સરકાર કશું કરતી નથી. હું મારા મહાનગરનું પ્રતિનિધિત્વ કરું છું, છેલ્લા વર્ષમાં શહેરી વિકાસ વર્ષ ઉજવ્યું અને જામનગર શહેરમાં ૧૮૦ કરોડ કરતાં પણ વધારે કામો આ છેલ્લા ચાર વર્ષોમાં થયા છે. વિપક્ષની સરકારોએ આજ સુધી કામ કર્યુ નથી એટલે ટિકાટિપ્પણ ન કરતાં મારે કહેવું જોઈએ કે આ કાયદાની અમલવારી થશે તો એના કારણે પારદર્શકતા તો જરૂર આવવાની છે, ટકાવારી પણ વધવાની છે એને કારણે વધારે સુખાકારી પણ વધી શકશે અને મોટી વાત એ કે ભ્રષ્ટાચાર અટકયો છે. ભ્રષ્ટાચારની વાતો કરનારા લોકો, કોણ ભ્રષ્ટાચાર કરી રહયું હતું અને કેવી રીતે થતું હતું એ બહુ સારી રીતે જાણે છે અને આ કાયદાનું અમલીકરણ ના થાય, વટહુકમ ના લવાય, મને સમજાતું નથી કે, આના પાછળ બીજું કોઈ મગજ કામ કરે છે કે શું ? આ પધ્ધતિના કારણે કોર્ટ કેસોની સંખ્યા ઘટી છે, નાનો માણસ ગરીબ માસણની ચિંતા કરનારા, લોકોને જયારે કોર્ટમાં ધકકા ખાવા પડે છે એની ચિંતા કરવાની આવશ્યકતા છે. કોર્ટમાં કેસનું પ્રમાણ ઘટ્યું છે અને ખોટી આકારણી થતી અટકી છે અને લોકોમાં વિશ્વસનિયતા ઉભી થઈ છે. ગણતરીના કલાકોમાં ટેકસ ભરી શકાય છે. મહાનગરપાલિકાના કર્મચારીઓ ગલીએ ગલીએ જઈ ટેકસ ભરવા માટેની વાત સમજાવે છે. લોકોએ સ્વીકારી છે ત્યારે અહીં • (XXX) કરવાને બદલે લોકોએ સ્વીકૃત કરેલી વાતને ચલો કદમ સે કદમ કરીને વાતમાં જોડાવાને બદલે માત્ર વિરોધ પક્ષે બેસીને રચનાત્મક અભિગમ ન

• (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

રાખવાને બદલે વિરોધ જ કરવો એ બરાબર નથી. મંત્રીશ્રી જાડેજાસાહેબ જે બીલ લાવ્યા છે એને મારું અનુમોદન આપું છું. વંદેમાતરમ.

**અધ્યક્ષશ્રી** : આપના પ્રવચનમાં * (XXX) શબ્દ છે એ દૂર કરું છું.

**ડૉ. દિનેશ પરમાર(જામનગર (રૂરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ગુજરાત સુધારાને માન્ય ઠરાવવા બાબત વિધેયક ૨૦૦૭ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ સુધારાને લીધેલ અને વસૂલાત કરેલ મિલકત કર અને ચાર્જને માન્ય ઠરાવવા અને ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ ૧૯૬૨ સુધારવા બાબતનું વિધેયક મંત્રીશ્રી લાવ્યા છે. આ અધિનિયમ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત અધિનિયમ ૨૦૦૭ કહેવાશે અને તે સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૯મી તારીખે અમલમાં આવ્યો ગણાશે. ગંભીરતા તો એ બાબતની છે કે સરકાર એક વખત ભુલ કરે, ભુલનું પુનરાવર્તન બીજી વખત કરે અને એ પણ કાયદાને નેવે મૂકીને કરે તો કોઈ દિવસ એ ગૃહ ચલાવી ન લે. ચાર્જને માન્ય ઠરાવવા માટે ૨૦૦૪માં વડોદરામાં કોઈ વ્યકિત કોર્ટમાં જાય. અધિનિયમની કલમ ૧૦૪(ખ) , ૧૪૧(ખ) હેઠળ મિલકત કર નાખવાનો વિકલ્પ વડોદરાની  દિવાની કોર્ટે લીધો છે. કાયદાની જોગવાઈનું અર્થઘટન અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને નાખેલા પાણીનો કર, ચાર્જ અને અન્ય કરને ગેરકાયદેસર અને હકૂમત વિનાનો હોવાનો અભિપ્રાય આપ્યો છે. કોર્ટ જયારે એમ કહે કે તમે ગેરબંધારણીય રીતે પૈસા ઉઘરાવો છો એનાથી મોટી કઈ સજા હોઈ શકે? એનાથી મોટો બીજો કયો ફટકો હોઈ શકે? ગંભીરતા એ બાબતની છે કે સરકાર આટલા વર્ષોથી બીન કાયદેસર રીતે, ગેરબંધારણીય રીતે ગુજરાતની પ્રજાને એક એવો શબ્દ છે કે જે શબ્દનો ઉપયોગ હું નહીં કરું કારણકે એ શબ્દ અસંસદીય છે. ગુજરાતની પ્રજાના નાણા ખંખેરવાનું કામ કરતા હોય પછી એને ખબર પડે કે પૈસા ખોટી રીતે લે છે ત્યારે પૈસા પાછા ન આપવા પડે. એના માટે વટહુકમ લાવે. પ્રજાના હિત માટે કોઈ વટહુકમ આવતો હોય, પ્રજાના કલ્યાણ માટે કોઈ વટહુકમ આવતો હોય તો મને મંજૂર છે. અમે સહકાર આપવા તૈયાર છીએ. વટહુકમ એટલે ગુજરાતની પ્રજા ઉપર ઠોકી બેસાડવાનું એક સાધન. એ પણ બીનલોકશાહી રીતે કરવામાં આવતું હોય એ હરગિજ યોગ્ય નથી. કલમ-૧૪૧(ખ) હેઠળ મિલકત કર નાખવાનો વિકલ્પ લેનાર કોર્પોરેશનને સત્તા આપવાના ઈરાદાથી કલમ-૧૨૯માં જોગવાઈ કર્યા પ્રમાણે અન્ય કર જેવા કે પાણીનો કર, સફાઈનો કર, ગટર વ્યવસ્થાની સુધારણાનો ચાર્જ નાખવા પર નવી કલમ-૧૪૧(ખ) દાખલ કરવાનું અને પશ્ચાતવર્તી અસર સાથે અધિનિયમમાં બીજા આનુષાંગિક સુધારા કરવાનું અને આવા કર ચાર્જ આકારવા, લેવા, વસૂલ કરવા માન્ય ઠરાવવાનું જરૂરી જણાયું હતું. એવું સરકારને મોડે મોડે લાગ્યું. ગુજરાત શિક્ષણ ઉપકર ૧૯૬૨ની કલમ -૨માં પણ આનુષાંગિક સુધારા કરવામાં આવ્યા છે. ૨૦૦૭ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. એ વટહુકમ ઉપરથી હું ચોકકસ કહું આ વટહુકમ કઈ રીતે ખોટો છે અને આ બીલ પણ કઈ રીતે ખોટું છે. ભારત સરકારે એમ કહ્યું દેશની બધી જ મહાનગરપાલિકાની અંદર પારદર્શકતા લાવવા અને કેન્દ્રીય શહેરી મંત્રાલય દ્વારા રાજયોને સમાન વેરો લાવવા માટેનો અમલ કરવા માટેની એક સૂચના મોકલવામાં આવી. આ સૂચનાના અનુસંધાને ૧૯૯૯ ની અંદર કાયદો બદલ્યો, પણ કાયદાની અંદર એ ખબર ન પડી, કાયદો બનાવવાવાળાને એ ભાન ન રહી અને આ આવડત નહોતી કે આની અંદર વિસંગતતા ઊભી થાય છે.  પેટા કલમ-૧, ૨ અને ૩ થી ઑટોમૅટિક આ બધુ રદ થઈ જાય છે અને એમાં આપણે ૧૪૧(બી) દાખલ કરવાથી કોઈ પરિણામ આવવાનું નથી.  ભૂલથી પૈસા ઉઘરાવ્યા અને કોર્ટે ચુકાદો આપ્યો, ત્યારપછી પણ મેં પોતે આજથી બે મહિના પહેલા  સચિવ સાથે વાત કરી. સચિવશ્રી, આ બાબતની તમે ગેરબંધારણીય રીતે ઉઘરાણી કરો છો.  જામનગરની અંદર જે કાયદો કર્યો છે, તેની અંદર અમે સંમત નથી અને ખોટું થઈ રહ્યું છે, એટલે એમણે કહ્યું કે અમે લીગલ અભિપ્રાય લઈ રહ્યા છીએ. લીગલ અભિપ્રાય લઈ અને એવો અભિપ્રાય લેવાનો કે જે ટોટલી બંધારણની વિરુદ્ધનો અભિપ્રાય હોય, કાયદાની વિરુદ્ધનો અભિપ્રાય હોય, કાયદાની વિરુદ્ધનો કેવી રીતે? એમાં એમ કહેવામાં આવ્યું કે આ બાબત છે, એમાં ઉપરોક્ત સૂચનાના અમલ માટે સમિતિને બીપીએમસી એકટમાં જોગવાઈ નથી.  જુદા જુદા કર લેવા માટેની જોગવાઈ હતી. ગુજરાત સરકારે ઉપર મુજબના કાયદાનો અમલ કરાવવા માટે કલમ-૧૪૧(બી) દાખલ કરી, ગુજરાત એકટ નં. ૩ તા.૯-૩-૧૯૯૯ ના રોજ ગુજરાત વિધાનસભાએ કાયદો ઘડી રાજયપાલશ્રીની મંજૂરી લીધી.  અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ૨૦૦૧ ની અંદર ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો અમલમાં આવ્યો અને જામનગરમાં તા. ૧-૪-૨૦૦૬ ની તારીખથી જામનગરની અંદર આ પ્રમાણેનો મિલકત વેરો અમલમાં આવ્યો.  મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે જામનગરની મહાનગર પાલિકા, બહેને હમણાં વાત કરી એમ બે સ્ટેપ આગળ છે. અને ત્યાં સર્વિસ ટેક્સ નામનો બોગસ ટેક્સ નાખી અને ઉઘરાવવા માટેનું કામ કર્યુ.  ૫,૦૦૦ લોકોના ટોળાએ ભાન કરાવી કે તમને આવી રીતે ગેરકાયદેસર રીતે લોકો પાસેથી સર્વિસ ટેક્સ લેવાનો અધિકાર નથી, કારણ કે ત્યાં કોઈ સેવા તમે પૂરી પાડતા નથી, ત્યારે સર્વિસ ટેક્સ રદ કરી અને મિલકત વેરો નાખવા માટેનું આયોજન કરવામાં આવ્યું.  ગુજરાત વિધાસનભાએ ૧૯૯૯ માં કેટલાક સુધારા કર્યા.  બીપીએમસી એકટ ૧૯૪૯ની અંદર એમાં કલમ-૧૪૧(બી) મુજબ પાણી વેરો, સફાઈ વેરો, ડ્રેનેજ વેરો વગેરે આપમેળે નાબૂદ થઈ જાય છે.  વડોદરા, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં પાણી, સફાઈ વેરો લેવાનું ચાલુ રાખવામાં આવેલ અને બીપીએમસી એકટ ૧૯૪૯ કલમ-૧૪૧(બી) મુજબ પેટા કલમ-૧ અન્વયે મિલકતના

બે પ્રકાર નિયત કરવામાં આવ્યા: એક રહેણાંકની મિલકત અને બીજી મિલકત બીન રહેણાંકની. આ બંને મિલકતો માટે એક મિલકત માટે પ્રતિ ચોરસ ૧૦ રૂપિયા ઓછામાં ઓછા અને વધુમાં વધુ ૪૦ રૂપિયા લેવા માટેનો આ કાયદામાં ઠરાવ કરવામાં આવ્યો છે. આ જૂનો કાયદો છે, એની અંદર આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે. બીન રહેણાંકની અંદર પ્રતિ ચોરસ મીટર ઓછામાં ઓછું ૪૦ રૂપિયા અને વધુમાં વધુ ૮૦ રૂપિયા. ૮૦ રૂપિયાથી વધારે કોઈ પાસેથી લઈ શકાતા નથી. આ કાયદો કરે છે, છતા પણ ૨૪૦ રૂપિયા લેવા માટેનો જે હુકમ કરવામાં આવતો હોય તો આવો ગેરબંધારણીય નિયમ કોઈ દિવસ ચાલે નહીં. આ દેશ બંધારણથી ચાલે છે અને કાયદો બંધારણને અનુરૂપ હોવો જોઈએ. નિયમો કાયદાને અનુરૂપ હોવા જોઈએ, પણ નિયમો મન પડે તેવા ઘડી નાખે. કાયદો એમ કહેતો હોય કે ૮૦ રૂપિયાથી વધારે નહિ લેવાના અને નિયમો ઘડી નાખે કે ૨૪૦ રૂપિયા લેવાના. આ કઈ રીતે શકય બની શકે? This is totally illegal. It Should be considered ultra-virous-ab-initio. જે કાયદો છે, એના અલ્ટ્રાવાયર્સ થાય છે અને આ રીતે આ કાયદો અમલમાં રહી શકે નહિ. હજુ પણ ભૂલ થઈ રહી છે, કારણ કે ૨૪૦ રૂપિયા આકારણી કરીને પૈસા લેવામાં આવ્યા છે, એ પૈસા પાછા રિફંડ આપવા માટેનું શું? ૮૦ રૂપિયાથી વધારે તો લઈ શકાતા નથી. આ પરિસ્થિતિ જે નિર્માણ થઈ છે, તે કોમ્પલીકેશન માટે હું એમ માનું છું કે આ બિલ પાસ ન થવું જોઈએ. આ બિલને અભ્યાસ કરવા માટે મોકલવું જોઈએ. પુખ્ત વિચારણાને અંતે આ બિલ અમલમાં આવવું જોઈએ, કારણ કે ઉતાવળે પગલાં લેવાથી ૧૯૯૯ માં સરકારે આ ભૂલ કરી અને એ જ ભૂલને વટહુકમ બહાર પાડી એ ભૂલ ઉપર મોટી ભૂલ કરી અને વટહુકમ બહાર પાડ્યા પછી બિલ લાવી અને જે કૃત્ય કરવામાં આવી રહ્યું છે એ ત્રીજી ભૂલનું પુનરાવર્તન થઈ રહ્યું છે. આ ભૂલની પરંપરા સર્જતી સરકારની શાન ઠેકાણે લાવવી હોય તો આ બિલને સાઇડમાં મૂકી અભ્યાસ કરી અને અભ્યાસની કમિટી બનાવી અને ત્યારપછી આ પ્રવર સમિતિને સોંપી આ બિલનો અમલ થવો જોઈએ.

મિલકતની ઉંમર, બાંધકામ, તેનો પ્રકાર, વિસ્તારને ધ્યાને લઈ લઘુત્તમ અને મહત્તમ પ્રકારના ભાવ નક્કી કરવામાં આવતા હોય છે. ઉપરના કાયદાને અમલમાં લાવવા માટે બીપીએમસી એકટની કલમ-૪૫૫ હેઠળ દરેક મ્યુનિસિપલ કૉર્પોરેશનોને પોતાના નિયમો બનાવવાની સત્તા અપાયેલી છે.પણ એ સત્તા એવી ન હોવી જોઈએ કે ૮૦ રૂપિયાથી વધારે લઈ લે. વડોદરા, અમદાવાદ, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશને બી.પી.એમ.સી. એકટની કલમ-૪૫૫ મુજબ હાલ જે નિયમ પાસ કર્યા છે તે નિયમો બી.પી.એમ.સી. એકટની કલમ-૧૪૧(ડી) પેટા કલમ-૧,૨ અને ૩ ના ટોટલી વિરુદ્ધ છે. આ બિલ પાસ કરવાનો કોઈ મતલબ નથી. વડોદરાના નાગરિકોએ ગેરકાયદેસર લેવાતા આવા પાણી વેરા સામે નામદાર સેશન્સ કોર્ટમાં કેસ દાખલ કરેલો. સિવિલ સ્યુટ નં.૧૧૦૮/૨૦૦૪ દાખલ કરેલો જેમાં નામદાર ન્યાયાધીશશ્રી દ્વારા એવું ઠરાવવામાં આવેલ કે બી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ની કલમ-૧૪૧(ડી) થી વિરુધ્ધ વેરાની વસૂલાત થતી હોય તો તે રદ બાતલ ઠરાવી તે પરત ચુકવવા માટેના આદેશ કર્યા છે. જો આ બાબતે પરત ચુકવવા માટે આદેશ કર્યા હોય તો માનનીય અધ્યક્ષશ્રી સમગ્ર ગુજરાતમાંથી ૮૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ લઈ લેવામાં આવી છે. તે રકમ ગુજરાતની પ્રજાને પાછા આપવા માટે કાર્ય થવું જોઈએ. ગુજરાત સરકારે જયારે ઓર્ડિનન્સ નં.૧/૨૦૦૭ તા. ૨૦-૧-૨૦૦૭ ઉપરોકત ચુકાદાને નાબૂદ કરવા માટે વટહુકમ બહાર પાડવામાં આવેલ અને તેમાં આશ્ચર્યજનક બાબત એ છે કે ઉપરોકત વટહુકમ રીટ્રોસ્પેકટીવ અસરથી, પશ્ચાદવર્તી અસરથી ઓફસેટ આપવાના ઈરાદાથી તા. ૯-૩-૧૯૯૯થી અમલમાં મૂકાશે. તે બંધારણના આર્ટિકલ અને નામદાર સુપ્રીમ કોર્ટના આદેશો અને હુકમો ભૂતકાળમાં થયેલ છે તેના અનુસંધાને આ ગેરબંધારણીય છે. તમે પાછલી અસરથી કોઈ દિવસ પૈસા લઈ શકતા નથી અને જો લીધા હોય તો આ તમારે પરત આપવા જોઈએ અને જે તારીખથી કાયદો આવે તે તારીખથી કાયદો અમલમાં આવતો હોય છે. ગુજરાત સરકારના વટહુકમથી પાણી વેરો, સફાઈ વેરો અને અન્ય વેરાઓ પુનઃ અમલમાં આવે તે રીતે બહાર પાડવામાં આવેલ સદરહુ વટહુકમમાં કલમ-૧૨૭(૧) યથાવત રાખવામાં આવેલ છે. જે ખરેખર કલમ-૧૨૯નો એક ભાગ છે. જત ડુપ્લીકેશન થવા પામે આ વટહુકમ પ્રોપર્ટી ટેકસ શબ્દ કાઢી જનરલ ટેકસ ઉમેરવામાં આવેલ. જનરલ ટેકસ શબ્દ ઉમેરવાથી ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો આપોઆપ રદ થવા પાત્ર બને છે.

**અધ્યક્ષશ્રી** : દિનેશભાઈ આજે આપને બહુ વાંચવું પડે છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પર્ટીકયુલર બાબત હોય તો કલમવાર વાંચવું પડે.

**અધ્યક્ષશ્રી** :કંઈ વાંધો નહીં. આજે વાંચવું વધારે પડે છે.

**ડૉ. દિનેશ પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત યોગ્ય ન લાગે તો તમે કહો.

**અધ્યક્ષશ્રી** :યોગ્ય છે, પણ વાંચો છો તે યોગ્ય નથી લાગતું.

**ડૉ. દિનેશ પરમાર** :આ લોકો તો વાંચ્યા વગર કરે છે. હું એટલે વાંચું છું કે તેમાં ભૂલ ન પડે.

**અધ્યક્ષશ્રી .** : બરાબર છે. વાંચો. આપ વાંચો છો એટલા માટે કહું છું.

**ડૉ. દિનેશ પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, હું હાઉસ પહેલાં શહેરી વિકાસ મંત્રીશ્રીને મળ્યો હતો અને મેં કહયું કે શહેરી વિકાસ ખાતું કોની પાસે છે? તો કહે કે મને ખબર નથી કોની પાસે છે. આ ભૂલોની પરંપરાની

અંદર • (XXX) તેઓ ગુમાવી બેઠા હોય તેવું મને પોતાને લાગી રહયું છે. નહીં તો પોતે કહેવું જોઈએ કે હું શહેરી વિકાસ મંત્રી છું. બોલો દિનેશભાઈ શું સૂચન છે? શું તમારે કહેવું છે? શું તમારા વિચાર છે? શું વાત તમે કરવા માગો છો? તેના બદલે કોણ છે તેની મને ખબર નથી. હવે સાહેબ આટલું બધું જો ભાન ભૂલી જતા હોય અને આવા ખોટા કાયદા લાવી ગુજરાતની પ્રજાને આવી રીતે પરેશાન કરવાથી તેમનો અંતરાત્મા દુખી થતો હોય, કકળતો હોય. માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે વાત કરું છું ત્યારે માનનીય અશોકભાઈ વચ્ચે ઉભા થઈ જાય છે. તેઓ સંસદીય બાબતોના મંત્રી હોવા છતાં...

**શ્રી અશોક ભટ્ટ** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી .** : પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે બોલેલા શબ્દો ન બોલાય અને તેઓ પોતે તો સંસદીય બાબતોના ખૂબ આગ્રહી છે. એટલા માટે કહું છું. (XXX) તે શબ્દો જે છે તે કોઈપણ મંત્રીશ્રીની પોતાની કામગીરી દરમ્યાન (XXX) ગુમાવી છે તે કહેવું અસંસદીય છે. આ પુસ્તક છે તેમાં છે. તેઓ પોતે આગ્રહ રાખે છે એટલા માટે કહું છું.

**અધ્યક્ષશ્રી** : ન વપરાય, તે શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. બરાબર છે.

**ડૉ. દિનેશ પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, આમાં અમૂક શબ્દો છે. જે બંધારણ રીતે બરાબર છે તે મારે વાંચવું જોઈએ. એટલા માટે હું જોઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, હવે માનો કે ગેઝેટની કંઈ તારીખના કયા નંબર આ બધુ વાંચવું જોઈએ. ગુજરાત સરકારના ગેઝેટ નં.જમન/૮૦/૦૫/૧૦૫૭/પી/ તા. ૧૭-૧૨-૨૦૦૭થી સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોવા છતાં શરતી મંજૂરી આપેલ હોવા છતાં ગેરબંધારણીય પદ્ધતિ અમલમાં મૂકવામાં આવેલ છે. અશોકભાઈ આ તો વાંચવું પડે ને?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ વાંચો. જેઠાભાઈ પ્લીઝ, દિનેશભાઈ આગળ બોલો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના ઓર્ડિનન્સ નં.૧/૨૦૦૭ ના મુદ્દા નં.૧૨માં એમ દર્શાવે છે કે વટહુકમ સામે કોઈ વ્યકિત અથવા વ્યકિત સમૂહ દાવો નહી કરી શકે, અપીલ નહીં કરી શકે, અરજી નહીં કરી શકે, અન્ય કોઈ કાર્યવાહી પણ કોર્ટ અથવા સત્તાવાળા સમક્ષ કરી શકશે નહીં.

**ડૉ. દિનેશ પરમાર** : રિફંડ મેળવવા માટે, માનનીય અધ્યક્ષશ્રી, જરા જુઓ તો ખરા, કેટલી બધી લોકોની લોકશાહીમાં સ્વતંત્રતા હણવા માટેની આ તરાપ મારવા માટેનું કાર્ય છે. એ જોવાનો પ્રયત્ન કરીએ તો માનનીય અધ્યક્ષશ્રી, તમે કાંઈ જ ન કરી શકો, અમે ખોટું કરીએ તો ખોટું ઠોકી બેસાડીએ તો પણ તમારે ચલાવી લેવાનું, ખોટી રીતે પૈસા લઈ લે તો પણ તેમને પૈસા પાછા માગવાનો અધિકાર નહીં. મને લાગે છે કે આ તો પરાકાષ્ટા કહેવાય, આ બિન લોકશાહી પદ્ધતિની અથવા તો આપખૂદશાહીની આ અમુક લોકો જ આવા આપખૂદશાહી કૃત્ય કરી શકે, બીજા કોઈ ન કરી શકે, જેને લોકશાહી સાથે કંઈ લેવાદેવા ન હોય એવા જ લોકો આ કરી શકે તે સદંતર ભારતના બંધારણની વિરુદ્ધની બાબત છે. ઉપરના વટહુકમમાં આવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો કે, કોઈપણ અદાલત, સત્તાવાળા કોઈપણ આદેશ, રિફંડ આપવાનો આદેશ પણ નહીં કરી શકે. સાહેબ, કોર્ટને પણ તમે ડાયરેકટીવ આપી શકો? Can you direct the Court that you should give judgment like this ? આ યોગ્ય છે શું ? માનનીય અધ્યક્ષશ્રી, આ તો હદ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય દિનેશભાઈ, આપને કંઈ દુ:ખ ન થાય, આમાં કાંઈ અસર ન થાય, પ્લીઝ, (અંતરાય) ના, પણ મને ડર લાગ્યો કે આની કોઈ અસર એમના ઉપર થાય તો.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અસર ચોક્કસ થાય, ગુજરાતની પાંચ કરોડની પ્રજા પાસેથી જ્યારે ખોટી રીતે પૈસા લઈ લેવામાં આવતા હોય ત્યારે હું સંવેદનશીલ માણસ, મને અસર થવાની જ, સાહેબ, અને સો ટકા થવી જોઈએ અને એ જો ન થાય તો આપણને આ ગૃહમાં બેસવાનો કોઈ અધિકાર નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ઘણા મિત્રો ઘણા વિક્ષેપો નાખવા માટે પ્રયત્ન કરે છે, પણ મારી વાતને જો એ ગંભીરતાથી લે તો એમનો અંતરાત્મા પણ એમ કહેશે કે આ ખોટું થઈ રહ્યું છે અને ખોટું થાય છે, અને એમાં આપણે મૂક સાક્ષી બની રહીએ અથવા તો એમાં આપણે નિમિત્ત બનીએ તો પણ એક પાપમાં ભાગીદાર થઈએ છીએ તેવી પરિસ્થિતિ છે. આ કાયદો બંધારણની વિરુદ્ધનો હોઈ, કોઈપણ કાયદો બંધારણની વિરુદ્ધનો ન હોઈ શકે અને કોઈ નિયમો કાયદાની વિરુદ્ધના ન હોવા જોઈએ. બીપીએમસી એકટની કલમ ૧૪૧ બી ૧,૨,૩,૪ સરિયામ ઉલ્લંઘન કરે છે કારણ કે નિયમો કાયદાની મર્યાદાની બહારના છે અને માનનીય અધ્યક્ષશ્રી, ( અંતરાય) પાનું બદલવાની વાત કરો છો અહીંયાં પણ જ્યારે પ્રજાને સાચી ખબર પડશે તો ક્યારે સરકાર બદલશે એ પણ નક્કી નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરથી મારી અમુક માગણીઓ છે એ માનનીય મંત્રીશ્રી ગંભીરતાથી લે અને સચિવશ્રીઓ પણ એની નોંધ લે. કોઈપણ કર લાગતાં પહેલાં પ્રજાની કર ભરવાની શકિત, પે ઈન કેપેસીટીની સમીક્ષા થવી જોઈએ. પે ઈન કેપેસીટી વગર કમ્મરબોજ જો કર નાખવા માટેનો પ્રયત્ન કરો તો કોઈ દિવસ

• (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

ગુજરાતની પ્રજા ઉપર સુશાસન નહીં કરી શકાય. મિલકતનું વર્ગીકરણ રહેણાંક અને બિન રહેણાંકની રીતે થવું જોઈએ અને એ જે વર્ગીકરણ છે એ વર્ગીકરણ સિવાય અન્ય કોઈ રીતે વર્ગીકરણ થતું હોય તો એ ગેરબંધારણીય વર્ગીકરણ છે, કોઈપણ કાયદો બંધારણની મર્યાદામાં હોવો જોઈએ, કોઈપણ નિયમો કાયદાની મર્યાદામાં હોવા જોઈએ. સદરહુ કાયદો અને નિયમો બંધારણ અને કાયદાની વિરુદ્ધમાં છે માટે રદબાતલ થવા જોઈએ અને એને લીધે void-ab-initio એને કહેવામાં આવે છે એ રીતે આ કાયદો ગણવો જોઈએ. ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના નિર્દિષ્ટ નોમ્સ મુજબ અને મૂળભૂત હેતુની જાણકારી, જાળવણી થાય તે રીતે અમલ થવો જોઈએ, નહીં કે સરકાર અથવા અધિકારીઓની મનસુફી ઉપર કાયદો નહીં ઘડાવો જોઈએ. બીપીએમસી એકટ ૧૯૪૯ની કલમ ૧૪૧ બી ૧,૨,૩,૪ મુજબ જ વેરાની આકારણી તથા વસૂલાત થવી જોઈએ અને કપોલકલ્પિત નિયમો કરી અને એની આકારણી ન થવી જોઈએ એવું મારું પોતાનું માનવું છે. આવી ગંભીર ભૂલની પરંપરાથી સર્જાયેલી સરકાર જે બિલ લઈને આવી છે એ બિલ સાથે હું કોઈ દિવસ સહમત થઈ શકું નહીં અને ગુજરાતની પ્રજાનો અવાજ મેં રજૂ કર્યો છે અને અવાજ જો આપના સુધી પહોંચ્યો હોય અને સુધરવા માટેની તક આપું છું તો કદાચ આ કાયદો બંધ રાખી અને એ પ્રમાણે આગળ વધો એવી અપેક્ષા રાખું છું.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, બીપીએમસી એકટ ૧૯૪૯ના વટહુકમ દ્વારા સુધારો કરવા અંગે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે એને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી વેરો, સફાઈનો વેરો તથા અન્ય વેરાઓ માટે ક્ષતિ રહી છે તેને સુધારો કરવાનું કારણ એટલા માટે છે કે વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશનમાં અર્ધા ઇંચના પાણીના કનૅક્શનવાળા બે લાખ જેટલા ગ્રાહકો છે. આ લોકોને દિવસમાં ૫૦૦ લિટર જેટલું પાણી આપવામાં આવે છે અને એનો જે વર્ષનો પાણીનો વેરો છે એ ૩૬૦ રૂપિયા લેતા હતા એટલે દિવસના એક રૂપિયો થતો હતો. એનાથી કોરપોરેશનને વર્ષમાં ૧૧ કરોડની આવક થતી હતી અને ૨૬ કરોડ રૂપિયાનો ખર્ચ થતો હતો. નિભાવણી, રિપેરીંગ અને લાઈટનું બિલ એ બધું મળીને ૨૬ કરોડ રૂપિયાનો ખર્ચ થતો હતો. એટલે ૧૫ કરોડ રૂપિયાની ખોટ પડતી હતી. માનનીય દિનેશભાઈ અને બીજા માનનીય સભ્યશ્રીઓને જણાવું કે, તમે બજારમાંથી એક લિટર પાણી લેશો તો ૧૨ રૂપિયા ચૂકવવા પડે છે ત્યારે આપણે ૫૦૦ લિટર શુધ્ધ પાણી ૨૦ કીલોમીટર દૂર દૂરથી લાવીને ઘરે ઘરે પહોંચાડીએ છીએ અને પાણીનો ફકત એક રૂપિયો આપવો પડે. ત્યારે ૫૦૦ લિટર પાણી બજારમાંથી ૧૨ રૂપિયાના ભાવથી લાવો તો ૬ હજાર રૂપિયા થાય.

બીજું સફાઈની વાત કરી છે, સફાઈ વેરા માટે કહું તો ઘરે ઘરેથી અને ગલીએ ગલીએ જઈને ટેમ્પામાં કચરો લઈ જાય છે એના ૪ કરોડ રૂપિયા વર્ષે ચૂકવવા પડે છે. તો આ પણ કોરપોરેશનને ખર્ચ થાય છે ત્યારે આ બિલમાં ક્ષતિ રહી ગઈ છે એટલે આ સુધારો કરવાની ફરજ સરકારને પડી છે. આમાં ભાડા મૂલ્ય આધારિત પધ્ધતિમાં નીચેના વેરાઓ લઈ શકાય છે, વોટર ટેકસ, કન્ઝર્વન્સી ટેકસ, વગેરે ટેકસ લઈ શકાય છે. જયારે ક્ષેત્રફળ આધારિત પધ્ધતિમાં ફકત મિલકત વેરો લઈ શકાતો અને અન્ય ચાર્જ લઈ શકાતો નહીં. ૧૯૯૯માં ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો લેવાની જોગવાઈ દાખલ કરેલ ત્યારે આવી જોગવાઈ કરવાનું શરતચૂકથી રહી ગયું હતું. અમદાવાદ, વડોદરા વગેરે મહાનગરપાલિકાઓમાં પાણી વેરો વસૂલ કરવામાં આવે છે એ બાબતે ભૂલશુધ્ધિ થયેલી છે. મહાનગરપાલિકા દ્વારા પાણી પુરવઠા અંગેની સુવિધાના ખર્ચનું ભારણ વહન કરવામાં આવે છે, લોકો આ સુવિધા લેતા હોવાથી પાણીનો ચાર્જ ભરેલો છે. એટલે આ બધા નિયમોને કાયદાકીય સ્વરૂપ આપવાની જરૂર હતી એટલે ક્ષેત્રફળ આધારિત પધ્ધતિ મુજબ જ્યાં મિલકત વેરો લાદવામાં આવ્યો છે ત્યાં પાણી વેરો અને અન્ય ચાર્જ પણ લઈ શકાય તે માટે કાયદામાં સુધારો કરવાની જરૂર હતી. મહાનગરપાલિકાઓ દ્વારા લોકોને પાણી પુરવઠો પૂરો પાડવા માટે ખર્ચ કરવો પડે છે આ ખર્ચને પહોંચી વળવા માટે વેરો લેવો આવશ્યક છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા લોકોને પાયાની સુવિધા પૂરી પાડે છે અને આ સુવિધા યોગ્ય તથા નિયમિત મળતી રહે તે માટે વહીવટી તંત્રની નિભાવણી માટે પણ ખર્ચ કરવો પડે છે એટલે આ માટે અમદાવાદ મહાનગરપાલિકામાં ક્ષેત્રફળ આધારિત મિલકત વેરો લેવાની જોગવાઈ કર્યા બાદ નીચેના ફાયદા થયા છે.

વેરાની ગણતરીમાં સરળતા તથા પારદર્શકતા રહે છે, વેરો ભરનાર જાતે ગણતરી કરી શકે છે તથા આકારણીમાં ભૂલ હોય તો ધ્યાન દોરી શકે છે, વેરાની ગણતરી અંગેની ફોર્મ્યુલામાં પારદર્શક્તા હોય બધા પક્ષોને સ્વીકાર્ય બનેલ છે. આ પધ્ધતિમાં પારદર્શકતાને કારણે કોર્ટ કેસોની સંખ્યામાં બહું ઘટાડો થયો છે, પારદર્શક ગણતરીને કારણે લોકોમાં વિશ્વાસનીયતા ઉભી થવાથી લોકો દ્વારા વધુ પ્રમાણમાં ટેકસ ભરવામાં આવે છે એટલે કોરપોરેશનની આવકમાં વધારો થયો છે. પહેલાની ટેકસની પધ્ધતિમાં લગભગ ૪૦ ટકા લોકો કોર્ટમાં જતા હતા અને ટેકસ ભરતા ન હતા. પરંતુ અત્યારે નવી ટેકસ પધ્ધતિ દાખલ થઈ છે એનાથી ૭૦ ટકા લોકોએ પૈસા ભરી દીધા છે. એટલે શહેરી વિકાસ મંત્રીશ્રી જે આ બિલ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ, એનો ૨૦૦૫માં હું જે ગામમાં રહું છું એ અમરેલી નગરપાલિકાએ અનુભવ કર્યો છે એટલે આ બિલમાં ક્યાંક વધુ પ્રકાશ પાડવા માટે થઈને મારા મંતવ્યો વ્યક્ત કરવા માગું છું. સરકારશ્રી દ્વારા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન ગુજરાત સુધારા વિધેયક સન્માનનીય ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે ત્યારે આ બિલનો જે હાર્દ છે એ ભારતના બંધારણમાં આ

દેશના દરેક નાગરિકને મળેલા મૂળભૂત અધિકારનો છેદ કરનારા પ્રાવધાન આ બિલમાં હોવાથી આ બિલના હાર્દ સાથે સહમત થઈ શકતો નથી. માનનીય મંત્રીશ્રીએ બિલની રજૂઆત કરતાં એના જે ઉદ્દેશો આપ્યા છે અને જે કારણો આપ્યા છે એમાં મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કૉર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૨૭થી કૉર્પોરેશનને કલમ-૧૨૯ હેઠળ ઇમારતો અને જમીનોની કરયોગ્ય કિંમત ઉપર આધારિત અથવા કલમ-૧૪૧ ખ હેઠળ ઇમારતો અને જમીનોના કારપૅટ વિસ્તાર ઉપર આધારિત મિલકતવેરો નાંખવાની સત્તા આપવા માટે થઈને મૂળભૂત આ બિલ આ ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે. સન ૨૦૦૫માં રાજયની લગભગ ઘણી નગરપાલિકાઓની અંદર વહીવટદારોનું શાસન હતું, પ્રજાના પ્રતિનિધિઓ ચૂંટાયેલા નહોતા ત્યારે સરકારની સૂચના વટહુકમના આધારે કારપૅટ એરિયા બેઝીસ ટેક્સ વસૂલાતનું પ્રાવધાન કરવામાં આવ્યું અને ટેક્સ વસૂલ કરવામાં આવ્યો. અમરેલી નગરપાલિકાની અંદર ત્યારે મેં વિરોધ કર્યો હતો કે નગરપાલિકા માટે કૉર્પોરેશનની વેરા વસૂલાતની જે મૂળભૂત જોગવાઈ છે એ મિલકતની કિંમત આધારિત વેરાની વસૂલાત થાય અને એના ક્ષેત્રફળ આધારિત વસૂલાત થાય એ મિલકત આધારિત વેરાની વસૂલાત જ્યારે નગરપાલિકા મારફત કરવામાં આવતી હતી તો એક્યાસી લાખ પચાસ હજાર જેટલી રકમ નગરપાલિકાને વાર્ષિક વેરા પેટે પ્રાપ્ત થતી હતી આ જે કિંમત આધારિત વેરો હતો એને માત્ર ક્ષેત્રફળ આધારિત વેરાની વસૂલાતની આ સરકારશ્રી દ્વારા જોગવાઈ કરવામાં આવી તો માનનીય મંત્રીશ્રી પોતે જાણી શકે છે અમરેલી નગરપાલિકાના આંકડા મંગાવીને, ૧૬૧ લાખ રૂપિયાની એક વર્ષની અંદર મિલકત વેરાની વસૂલાત કરવામાં આવી. આ ૧૬૧ લાખ રૂપિયાની કારપૅટ એરિયા આધારિત વેરાની વસૂલાત કરતા આવક થઈ. જે નગરપાલિકામાં કારપૅટ એરિયા આધારિત વેરાની વસૂલાત કરવામાં આવતી હતી એ જ ઢબે મ્યુનિસિપલ કૉર્પોરેશનની અંદર ક્ષેત્રફળ આધારિત વેરાની વસૂલાત કરવાનું આ પ્રાવધાન કરવાથી ગુજરાતના શહેરીજનો ઉપર કરોડો રૂપિયાનો બોજો વધવાનો છે. વિવિધ કાયદાની કલમોની જોગવાઈઓ અને એને આનુષાંગિક બાબતો મારા અગાઉના પૂર્વ વક્તાઓએ કહી છે પણ મારે સ્પષ્ટ મૂળભૂત જે જોગવાઈ છે એની સાથે તર્ક લગાવવો છે કે કોઈપણ મિલકતની એકજ વખત આકારણી થઈ શકે. સરકારે આ બિલની અંદર એ મૂળભૂત જોગવાઈનું પણ ઉલ્લંઘન કરી અને સરકારે કૉર્પોરેશનની જે સ્વાયત્ત બોડી છે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે એને મળેલા જે અધિકારો છે એના પર તરાપ મારવાનો આ બિલથી પ્રયાસ કર્યો છે. આજસુધી નગરપાલિકા કે કૉર્પોરેશનની અંદર એના જે કંઈ વેરાની વસૂલાત થતી હતી એની નીતિ નિર્ધારણ રકમો નગરપાલિકાની સ્વાયત્ત બોડી કરતી હતી આ બિલથી રાજય સરકારે મિનિમમ.. આપ સમજો માનનીય અધ્યક્ષશ્રી આ બિલમાં સરકાર દ્વારા જોગવાઈ કરવામાં આવી છે કે...

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, આ બધા સભ્યશ્રીઓનું કહેવું એમ છે કે બિલ છે તેની ઉપર બોલો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : મેં તો ખાલી કમ્પેરેટીવ આંકડા આપ્યા કારણકે કાર્પેટ એરિયા બેઈઝ ટેક્સ વસૂલાતની જે જોગવાઈ છે તેમાં અને કાર્પેટની આ જોગવાઈ અને નગરપાલિકાની સરકારે કરેલી જોગવાઈ વચ્ચે કોઈ પ્રકારનો તફાવત નથી એટલે જો તેની અંદર ૮૧ લાખ રૂપિયામાંથી ૧૬૧ લાખ રૂપિયાની આવક થતી હોય તો આ મહાનગરોની અંદર કાર્પેટ એરિયા બેઈઝ આકારણી થઈ રહી છે ત્યારે પ્રજા ઉપર કરોડો રૂપિયાનો બોજો વધવાનો છે એટલા માટે થઈને મેં તર્ક લગાવ્યો હતો. સવાલ મિલકતની કિંમત આધારિત વેરો અને કોર્પોરેટ એરિયા બેઈઝ આકારણી...

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : આ કોર્પોરેટ બેઈઝ એરિયા હવે તો તેમની સરકાર પણ સ્વીકારતી થઈ છે જે આખા દેશભરમાં સ્વીકૃત ફોર્મ્યુલા થઈ રહી છે તો ગૃહનો સમય ના બગાડે એવી મારી વિનંતી છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર બોલું છું તો બહેનને સાંભળવું નથી. મારો વિરોધ કોર્પોરેટ એરિયા બેઈઝ ઉપર નથી પરંતુ વેરાની વસૂલાતની જે મૂળભૂત જોગવાઈ છે તેમાં કોઈ પણ મિલકતની એકજ વખત આકારણી થઈ શકે તે જ રકમની વસૂલાત કુલ જોગવાઈ થવી જોઈએ આ જે મિનિમમ ભાવ નિર્ધારણ..

**અધ્યક્ષશ્રી .** : પરેશભાઈની ઈચ્છા છે કે થોડું આમાં બોલ્યા એવું દેખાવું જોઈએ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારી સ્પષ્ટ લાગણી છે કે, આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને જે મૂળભૂત અધિકારો મળ્યા છે તેની ઉપર સરકારે તરાપ નહીં મારવી જોઈએ અને મિનિમમ વસૂલાતની જે જોગવાઈ કલમ ૩ની અંદર કરવામાં આવી છે. ૩(ક)ના પેરા-૧માં જે જોગવાઈ કરી છે કે કોઈપણ એક અલગ ધારણ કરેલી જમીનના અથવા ( રહેઠાણના હેતુ માટે જ ઉપયોગમાં લેવાતી જગાઓ ન હોય તેવી ) કોઈપણ એક ઈમારતના અથવા કોઈ ઈમારતનો જે કોઈ એક ભાગ અલગ ધારણ કરેલી જગા તરીકે ભાડે આપેલી હોય અને જે રહેઠાણના હેતુ માટે જ ઉપયોગમાં લેવાતો ન હોય તેના સંબંધમાં. હું આ ખુલાસો એટલા માટે કરું છું કે કોઈપણ સરકારી વર્ષ માટે દર મહિને પાંચ રૂપિયાથી ઓછી હોવી જોઈશે નહીં. માનનીય મંત્રીશ્રીને મારે એ બાબતમાં સ્પષ્ટતા માગવી છે કે આ પાંચ રૂપિયા પ્રતિ સ્કવેર ફૂટની આકારણી કરી છે કે પ્રતિ સ્કવેર મીટરની આકારણી કરી છે. આની પણ આપની મારફતે સ્પષ્ટતા થાય અને આ મિનિમમ કરની આકારણી કરવામાં આવી છે તે મૂળભૂત આકારણીની જે રકમો છે તેનાથી ના વધે નહીંતર જે મૂળભૂત જોગવાઈઓ છે તેનું પણ ઉલ્લંઘન થાય છે એટલે આ વચ્ચે સરકારશ્રી તરફથી ધ્યાન રાખવામાં આવે અને ખાસ કરીને સરકારશ્રી દ્વારા કલમ ૧૨૯માં

જોગવાઈ કર્યા પ્રમાણે અન્ય કર જેવા કે પાણીનો કર, સફાઈ અને ગટર વ્યવસ્થા કર અને સુધારણા ચાર્જ નાખવાની આ બિલમાં જોગવાઈ કરવામાં આવી છે. ભારતીય બંધારણમાં આ દેશના નાગરિકોને મળેલ મૂળભૂત અધિકારની રૂએ એને પીવાનું પાણી મળવું જોઈએ, તેના આરોગ્યની જાળવણી કરવી તે રાજય સરકારની જવાબદારીમાં આવે છે. તેની પ્રાથમિક ફરજમાં આવે છે ત્યારે સરકાર આટલા મોટા કદની યોજનાઓ આ વિધાનસભા સમક્ષ લાવે છે કેન્દ્રની તાજેતરની યુ.પી.એ સરકારે છેલ્લાં વર્ષોની અંદર J.N.R.U.Y., S.G.R.Y. જેવી યોજનાઓની અંદર કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી અને શહેરની પ્રજાની સુખાકારી માટે થઈને તેને સસ્તા દરે રહેવાનું મકાન મળે તેના માટે થઈને તેને ડ્રેનેજની સુવિધાન મળે તેને માટે થઈને તેને પીવાના પાણીની જરૂરિયાત સંતોષાય તેના માટે થઈને છેલ્લાં બે વર્ષમાં હું માનું છું કે ૮૦૦ કરોડ રૂપિયા ઉપરાંતના પ્રોજેકટ ગુજરાતની અંદર મંજૂર કર્યા છે. કદાચ ફીગરમાં કંઈ ભૂલ થતી હોય તો માનનીય મંત્રીશ્રી વિધાનસભા ગૃહ સમક્ષ જાહેર કરે. કેન્દ્ર સરકાર તેની ફરજ સમજી લોકોને પ્રાથમિક સુવિધા આપવા માટે થઈને રાજય સરકારને ખોબે અને ધોબે રૂપિયા આપે છે. તે રૂપિયાઓનો શહેરીજનોના વિકાસ માટે થઈને ખર્ચ કરવામાં નથી આવતો અને આકરા કરવેરા લાદી અને આ સરકાર ગરીબોને અન્યાય કરવા માગે છે મધ્યમ વર્ગને અન્યાય કરવા માગે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી. (સતત અંતરાય) પ્લીઝ, પ્લીઝ. બેસો પ્લીઝ. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : બીજુ બિલ છે, નગરપાલિકાનું એમાં તૈયારી કરીને આવી જજો.

**અધ્યક્ષશ્રી .** : આ બધું નગરપાલિકાનું પ્રવચન છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એમ.સી.એકટમાં જે પ્રકારનો સુધારો લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવવાનું બન્યું છે. (સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ પોતાનું પ્રવચન ચાલુ રાખતા સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કેટલીવાર કહેવાનું હોય, આપને ત્રણ વાર બેસવા માટે કહયું છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : હું કયાં બોલ્યો?

**અધ્યક્ષશ્રી** : ત્રણ વાર કહયું બેસવા માટે. (અંતરાય) નથી કરવાની એ બધી વાત કરો છો.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : વિપક્ષના મિત્રોએ જે વિચારો અહીંયાં વ્યકત કર્યા છે. થોડા વખત પહેલા ગુજરાતમાં મહાનગરપાલિકાઓની ચૂંટણી થઈ. જામનગરમાં અમે કયારેય સત્તા પર આવ્યા નહોતા. અહીંથી જે પ્રકારના લોકોને ગેરમાર્ગે દોરનારા વિચારો વ્યકત થયા, એવા જ વિચારો ત્યાં રજૂ થયા અને જામનગર મહાનગરપાલિકામાં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. ગુજરાતમાં પણ જે એક હકારાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવાની હોય, એના બદલે લોકોને ગુમરાહ કરીને અલગ પ્રકારના વિચારો વ્યકત કરવાના થાય અને એવા વિચારોને કારણે જે જે લોકોએ નકારાત્મક ભૂમિકા ભજવી, તેઓને ગુજરાતના નાગરિકોએ વાળીચોળીને સાફ કરીને ઠેકાણે પાડી દીધા.

માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ કહ્યું હતું કે આ એકટમાં નાની એવી એક ક્ષતિ રહી ગઈ છે. આવી ક્ષતિ સુધારવા માટે ઘણી વખત આવી ચૂકયા છીએ. એમાં તો આ ગેરબંધારણીય છે, ચંદ્રિકાબેને કહ્યું કે સમજણશકિત નથી અને દિનેશભાઈએ કહ્યું કે મંત્રીશ્રી પાસે સંતુલન નથી. હવે બહુ લાંબો સમય નથી. એટલે કયાં સંતુલન છે એ લોકો બતાવી દેશે. મારે આ ગૃહને માત્ર એક વાત કરવી છે કે આ ગૃહમાં અત્યારસુધીમાં લગભગ ૨૫ થી ૩૦ વખત આવા સુધારા આવ્યા છે. જેમાં ૪ થી ૫ વખત આ પક્ષવાળાએ લાવવા પડયા છે. મોટા ભાગની ક્ષતિઓ સુધારવા માટેના સુધારા એમને લાવવા પડયા છે. જે સુધારો અમે લાવી રહ્યા છીએ એમાં સ્પષ્ટતા સાથે લાવી રહ્યા છીએ કે લોકો રકમ ભરવા તૈયાર છે. પાણીના ચાર્જ લેવાનું વર્ષોથી ચાલે છે, એમાં એકપણ રૂપિયાનો વધારો કર્યો નથી. કોઈપણ જાતનો ટેકસમાં ફેરફાર કર્યો નથી. એવા સ્વરૂપમાં ક્ષતિ સુધારીને શહેરી વિકાસની રીતે સમગ્ર દેશને ગુજરાત એક અલગ પ્રકારની દિશા અને દૃષ્ટિ આપી રહ્યું છે, એ ગુજરાતના શહેરીકરણને વધારે સુવિધાયૂકત બનાવવા માટે આ વેરાને કયા પ્રકારે યોગ્ય સ્વરૂપમાં લઈ શકાય, સરળતા સાથે લઈ શકાય, પ્રમાણિકતા સાથે લઈ શકાય, વહીવટી સક્ષમતા સાથે લઈ શકાય એના માટે આ વિધેયકનો એક સુધારો મૂકવામાં આવ્યો છે.

માનનીય વિપક્ષના નેતાશ્રી અત્યારે નથી, પણ એમણે અને બાકીના મિત્રોએ એન.યુ.આર.એમ. માટે જે વિચારો વ્યકત કર્યા. મારા વિભાગની ચર્ચા સમયે ચોકકસપણે કહીશ. આજે એમણે વાત કરી છે એટલે એક બે વાકયોમાં આ સન્માનનીય સભાગૃહને વાકેફ કરવું છે કે સમગ્ર દેશની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરોનો વિકાસ કયા પ્રકારનો અને કેવો હોવો જોઈએ, તે અંગે ફેબ્રુઆરી-૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ દ્વારા ઘોષિત કરીને પ્રસારિત કર્યો અને કેન્દ્રની યુ.પી.એ.સરકારે નવેમ્બર, ડિસેમ્બર-૨૦૦૫માં નેશનલ અર્બન રીન્યૂઅલ મીશનની ઘોષણા કરી. સમગ્ર ગુજરાત એ વાતનો આનંદ અને ગૌરવ લઈ શકે એ પ્રકારનું કાર્ય આ સરકારે કર્યુ છે. ગુજરાત સરકારે જે પ્રકારના માપદંડ શહેરી વિકાસ માટે અપનાવ્યા છે, ગુજરાતે જે પ્રકારની શહેરો માટેની વિકાસ યાત્રા આરંભી છે કે કયા પ્રકારની વિકાસ યાત્રા હોઈ શકે એના માટેની સ્પષ્ટ દિશા આપી છે. યુ.પી.એ.ની સરકારે ૮૫ થી ૯૦ ટકા એ બાબતોનો સ્વીકાર કર્યો અને સમગ્ર દેશમાં એની અમલવારી માટે કહયું છે એ જ બતાવે છે કે ગુજરાતની શહેરી વિકાસ માટેની જે દ્રષ્ટિ છે એ યોગ્ય દિશાની છે. આપણે પ્રિ-

પ્લાનિંગ કર્યુ હતું અને એના માટે જે અમદાવાદ, વડોદરા અને સુરતનો એન.યુ.આર.એમ.માં સમાવેશ થતો હતો એના પ્રિ-પ્લાનિંગના કારણે કેન્દ્રમાંથી એન.યુ.આર.એમ.નો પ્રોજેકટ પહેલાં ગુજરાતનો મંજૂર થયો હતો અને ધીરે ધીરેસ્થિતિ એ પ્રકારની થઈ કે ગુજરાતે જે પ્રકારના પ્રોજેકટ તૈયાર કરીને જે પ્રકારની દિશા આપી હતી એના માટે કેન્દ્રની યુ.પી.એ. સરકારે મંજૂરી આપી છે અને માનનીય દિનેશભાઈ, આપે કોઈને પૂછવું હોય તો ત્યાં આંટો મારી આવો તો અમને વાંધો નથી. કેન્દ્ર સરકારે બીજા રાજયોને બોલાવીને ગુજરાતના અધિકારીઓની હાજરીમાં ચર્ચા કરાવી છે કે પ્રોજેકટ કેવા પ્રકારના હોવા જોઈએ એ ગુજરાત પાસેથી શીખવું જોઈએ. પ્રોજેકટ ડેવલપ માટે કયા પ્રકારની દિશા હોવી જોઈએ એ ગુજરાત પાસેથી શીખવું જોઈએ પછી ભલે એ ડી.વાય.પી. એસ. નો પ્રોજેકટ હોય કે ગમે તે પ્રકારનો પ્રોજેકટ હોય.

માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈની ટીકા કરવા માગતો નથી, પરંતુ એન.યુ.આર.એમ.માં ૩૦ થી ૩૫ ટકા જેટલી રકમ કેન્દ્ર સરકારમાંથી પ્રાપ્ત થવાની છે અને ગુજરાતના ફાળે ખૂબ મોટો હિસ્સો આવે અને બાકીના ૭૦ ટકા રકમ રાજય સરકાર અને સ્વાયત્ત સંસ્થાઓએ ઉમેરવાની હોય છે. એટલે અમે આ કરાવી દીધું એમ ના સમજો. ઠીક છે કે કેન્દ્ર સરકાર પાસે ગુજરાત સરકારે મૂકેલ પ્રોજેકટ હતો અને બીજા કોઈ રાજયે પ્રોજેકટ મૂકેલ નહોતો અને ગુજરાતની સારી તૈયારી હતી એટલે ગુજરાતને સફળતા પ્રાપ્ત થઈ છે. આ બિલમાં એક પણ રૂપિયાનો નવો ટેકસ નાખ્યો નથી. માનનીય અર્જુનભાઈ અને બાકીના ડો.ચંદ્રિકાબેન ચુડાસમા અને બધાએ ઉલ્લેખ કર્યો કે ૭૦૦ થી ૮૦૦ કરોડ રૂપિયા પાછા આપવા પડે તેમ છે. તો આ પ્રકારનો ભ્રાાત્મક વિચાર અને ખોટા આંકડા આપીને વાત કરવી એ ગુજરાતના લોકોને ગેરમાર્ગે દોરનારું છે. વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશનના છેલ્લા ચાર વર્ષના પાણીવેરાની કુલ રકમ ૩૭ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે, અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનની છેલ્લા ચાર વર્ષની પાણીવેરાની કુલ રકમ ૬૨ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે અને એ બન્નેનો સરવાળો કરીએ તો ૧૦૦ કરોડ રૂપિયા જેટલો થવા જાય છે એ પાછા આપવા માટેની પ્રક્રિયાની એક અલગ બાબત છે એનો આમાં સમાવેશ થઈ શકતો નથી, પરંતુ ૭૦૦ થી ૮૦૦ કરોડ રૂપિયા જેટલા રૂપિયા લોકોને પાછા આપવાના થાય છે એવા પ્રકારની વાત કરવી એ પ્રજાને ગુમરાહ કરવા બરાબર છે અને એવી વાત આ ગૃહ દ્વારા કરી શકાય નહીં. જે પ્રકારે રિફંડ માટેની વાત કરી છે કે રિફંડ આમાં પાછું આપી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ અક એવા પ્રકારની યોજના બનાવી છે કે જેને કેન્દ્ર સરકારે સ્વીકારી છે, એટલું જ નહીં, પરંતુ કેન્દ્ર સરકારે સમગ્ર દેશ માટે જયારે કારપેટ બેઈઝ એરિયા પ્રોપર્ટી ટેકસ ડેવલપ કરવાનો આગ્રહ રાખતું હોય, ઈચ્છા રાખતું હોય અને એ પ્રમાણેનું આયોજન રાખતા હોય ત્યારે અને મેં કહયું એ મુજબ તેમના શાસિત રાજયો કર્ણાટક અને દિલ્હી અને મહારાષ્ટ્ર જેવાં રાજયો જયારે આ આ કારપેરટ બેઈઝ એરિયા પ્રોપર્ટી ટેકસ કયા પ્રકારે લાગુ પાડયો છે અને એ પ્રમાણે કરીએ છીએ ત્યારે આમાં કોઈપણ પ્રકારનો વધારાનો વેરો આમાં આવવાનો નથી એ હું આ ગૃહ સમક્ષ ખુલાસો કરવા માગું છું. આનાથી સરળીકરણ અને વહીવટી સક્ષમતા આવવાની છે ને એવા સ્વરૂપમાં આ સરકાર કયારેય પણ કોઈ વેરો વધાર્યા વિના ભૂતકાળમાં જે છીંડાં અને બાકોરાં જયારે અને જેણે ઉભાં કર્યા હતાં એ પૂરીને ગુજરાતના શહેરી વિકાસ વર્ષ દરમ્યાન કયારેય ના આપ્યા હોય એવા ૧૧૦૦ કરોડ રૂપિયા ગુજરાતના શહેરોના વિકાસ માટે ખર્ચ કરીને વિકાસનાં કાર્ય કરવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૧૭(૨) માં જોગવાઈ કરવામાં આવી છે કે ભૂલથી વધારાનો વેરો ભરાઈ ગયો હોય તો એના રિફંડ માટેની જોગવાઈ કલમ ૧૧(૨) માં કરી છે. એટલે માનનીય દંડકશ્રીએ અને બીજાઓએ કહયું કે આવી કોઈપણ રિફંડ માટેની જોગવાઈ નથી. તો કાયદામાં જ આ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે. ગરીબો માટેની વાત કરી છે. અત્યારસુધીમાં શહેરોમાં બધી જ સરકારમાં ૨૫ ચોરસ મિટર સુધીના નાના નાના પ્લોટ ધારકોને આ પ્રકારની નાની નાની ઝૂંપડપટ્ટીમાં કે સ્લમ વિસ્તારની કે બાકીની યોજનામાં લાગુ પાડી છે. કારપેટ બેઈઝ એરિયા પ્રોપર્ટી ટેકસમાં ૪૦ ચોરસ મિટરની વ્યવસ્થા એ રીતે રાખી છે કે ૪૦ ચોરસ મિટર સુધીના મકાનો હશે એને અલગ પ્રકારના રૂલ્સમાં ફ્રેમ કરીને તેમને કયા પ્રકારે રાહત થાય એ રીતે કરવામાં આવશે. આખા દેશમાં અર્બન ગરીબો માટે સૌથી વધારે કાર્ય કર્યુ હોય તો આ ગુજરાત સરકારે કર્યુ છે અને આ સરકારે કર્યુ છે.માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય રાજયપાલશ્રીના આજના ભાષણમાં પણ તેનો ઉલ્લેખ કર્યો કે અર્બન પુઅર (અંતરાય) બિલનો જ ભાગ છે, તમે પ્રશ્નો કર્યા છે તેનો ખુલાસો તો મારે આપવો જ પડે ને.

**અધ્યક્ષશ્રી .** : તમે પ્રશ્નો ઉભા કર્યા હોય તેનો જવાબ તો આપે ને.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને જે સ્લમ નેટવર્કીંગ પ્રોગ્રામ તૈયાર કર્યો છે, વિશ્વ સમક્ષ, યુનાઈટેડ નેશન સમક્ષ એ પ્રકારના ૭૦૦ પ્રોજેકટ રજૂ થયા અને યુનેસ્કો દ્વારા સ્લમ નેટવર્કીંગ પ્રોગ્રામ અન્વયે અર્બન પુઅર માટે દર વર્ષે જે હેલ્થી કોમ્પીટેશન થાય છે, જે તંદુરસ્ત હરિફાઈ થાય છે તેમાં સ્ક્રુટીની કરીને આખા દેશમાંથી જે ૬૧ પ્રોજેકટ ગ્રાહ્ય રાખવામાં આવ્યા હતા તેમાં એક પણ પ્રોજેકટ ગુજરાત સિવાય બીજા રાજયોનો નહોતો. વિશ્વના બીજા દેશોના પ્રોજેકટ હતા. પણ દેશના કોઈ પણ બીજા રાજયનો નહોતો. અને એમાં પણ સૌ પ્રથમ જે ઈનામ મળ્યું તે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના સ્લમ નેટવર્કિંગ પૌગ્રામને પ્રાપ્ત થયું હતું. એ જ બતાવે છે કે આ સરકારે ગરીબો માટે, વંચિતો માટે શું કર્યુ છે.

એટલા માટે અર્બન પુઅરની આ વ્યવસ્થા અમે ઉભી કરી છે. આમાં એક ક્ષતિ રહી હતી. આ કારપેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેક્સ સ્વીકારવા માટે સમગ્ર દેશ થનગની રહ્યો છે. અને ગુજરાતે તેનો સ્વકાર કર્યો છે. એટલે બધી મહાનગરપાલિકાઓમાં તેનો યોગ્ય રીતે અમલ થાય અને લાગુ પડે તે માટે આ એક સુધારો લઈને આવ્યા છીએ. અને તે સુધારાથી આ જે મહાનગરપાલિકાઓ, સ્વાયત સંસ્થાઓ છે તેને પણ ભવિષ્યમાં વધુ સક્ષમ બનાવશે. અને વધુ સુવિધાયુકત બનાવશે.

બાકી મારા મિત્રોએ જે વિચારો વ્યકત કર્યા છે તે પ્રકારની કે કોઈપણ પ્રકારની હાડમારી લોકોને ઉભી થાય તેવી કોઈ પણ જાતની જોગવાઈ આ બિલમાં કરવામાં આવી નથી. ફકત વહીવટી પ્રક્રિયામાં સરળીકરણ થાય અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે પ્રકારની કાર્યપદ્ધતિ અપનાવવામાં આવી છે. એટલા માટે હું આ સન્માનનીય ગૃહને વિનંતી કરું છું કે આજનો આ બિલ ઉપરનો સુધારો માન્ય રાખે.

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ વિધેયક ક્રમાંક-૩-સન-૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ વિધેયક ક્રમાંક-૩-સન-૨૦૦૭નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી**: ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ નીચે મુજબ ભલામણ કરેલ છે.

તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલા ચાર સરકારી વિધેયકો પૈકી વિચારણા માટે હાથ ધરવાનાં બાકી રહે તે વિધેયકો અને તદ્ઉપરાંત નીચે દર્શાવેલા સરકારી વિધેયકોને સોમવાર, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના દિવસના કામકાજની યાદીમાં ચર્ચા માટે હાથ ધરવા દર્શાવવા અને તે દિવસે તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૦૭નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતિય સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૭નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.

આ ૨૬ તારીખ સુધીમાં પૂરા કરવાના છે.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલો પૂરા કરવાની નહિ પરંતુ આ બિલો લેવાની હા પાડી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, લેવાની હા પાડવાની જરૂર નથી. આપણી કામકાજની યાદી આવી છે એમાં ૨૬ તારીખે બિલો લેવાના છે એમાં આ ચાર બિલો પણ પૂરા કરવાની વાત કરી છે. આજે આ બિલો શરૂ કરવાના અને એ કર્યા પછી બાકી રહી જાય તો એ ૨૬મીએ પૂરા કરવાના છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપણે તો ચર્ચામાં લેવાની વાત થયેલ છે. બિલ ઉપર બોલવાની કોઈ લિમિટેશન નથી હોતી.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## કામકાજ સલાહકાર સમિતિના અહેવાલ અંગે

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે " આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચૌદમાં અહેવાલ સાથે સંમત થાય."

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપણે એ વખતે આ ત્રણ બિલો રજૂ કરવાની હા પાડી હતી. પરંતુ પૂરા કરવા એવું નહિ.

**અધ્યક્ષશ્રી .** : સાત બિલો ૨૬મીની સાંજ સુધીમાં પસાર કરવાં એવો નિર્ણય થયો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એવો નિર્ણય નથી થયો.

**શ્રી અશોક ભટ્ટ** : આપણે એના માટે સમય વધારીશું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપણે એ વખતે એવી વાત થઈ હતી...

**અધ્યક્ષશ્રી .** : કામકાજ સલાહકાર સમિતિ એવો નિર્ણય કરી શકે. કામકાજ સલાહકાર સમિતિને આ સત્તા પહોંચે છે. જગદીશભાઈ, આ સત્તા પહોંચે છે એટલા માટે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અર્જુનભાઈ સાહેબે અને અમે એ જ વાત કરી હતી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમ નહીં, ગોવાભાઈ, એક મિનિટ, હું તમને કહું. પ્લીઝ, મને સાંભળો. આવા ઠરાવો પહેલાં પણ અનેકવાર થયા છે અને આજે અને ૨૬ તારીખે બેસીને, જેટલું બેસવું હોય એટલું બેસીને આ કામ કરી શકીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આજે અમે ૪-૦૦ વાગ્યાના જાગીએ છીએ.(અંતરાય) અમારો સહકાર સંપૂર્ણપણે હોય જ છે.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : કામકાજ સલાહકાર સમિતિની અહીંયાં કોઈ ચર્ચા જ ન હોય. આમાં ચર્ચાનો કોઈ સવાલ જ નથી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો. આમાં કેટલીક સત્તાઓ અમુક સમિતિઓને મળેલી હોય છે. તેણે જે નિર્ણય કર્યો હોય તેના ઉપર આપણે અહીંયાં ચર્ચા ન કરી શકીએ. કામકાજ સલાહકાર સમિતિમાં એ દિવસે ચાર બિલો આપણે દાખલ કરેલા હતા અને ત્રણ બિલો નવા તે દિવસે મૂકેલા. એટલે એ દિવસે એવી ચર્ચા થઈ કે આજે અને ૨૬ તારીખ સુધીમાં જે બિલો છે તેની ચર્ચા કરી દઈએ. ૨૬ તારીખ સુધીમાં જે ૭ બિલો આવ્યા તે ૭ બિલો પૂરા કરવા એવો નિર્ણય કામકાજ સલાહકાર સમિતિમાં લેવાયો છે. પ્લીઝ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે એમાં સંમત નહોતા.

**અધ્યક્ષશ્રી** : તમે એવું બોલ્યા નહોતા. આવું બોલ્યા હોત તો હું ના પાડત. આ ચર્ચા અહીં ન થાય એટલા માટે. તમે ના પાડી હોત તો તે દિવસે ન લેત. પણ તેમાં લેવાનો સવાલ નહોતો. પ્લીઝ, હવે ચર્ચા ન કરીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એક બિલ હતું, અશોકભાઈ સાહેબે કહ્યું કે ત્રણ બિલો અમે ઉમેરીએ છીએ. અમે સંમત થયા કે બરાબર છે, આપ ઉમેરો. પણ સાત બિલો આ તારીખ સુધીમાં પૂરા કરી દેવા..

**અધ્યક્ષશ્રી** : એવી વાત થઈ હતી પણ તમે સમજ્યા ન સમજ્યા એ જુદી વાત છે. નહીં તો બિલો તો દાખલ કરી શકાય, તમે હા પાડો કે ના પાડો તો પણ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બિલો તો અમને આપ્યા નહોતા અને દાખલ કરાવ્યા છે. બિલો અમને કયાં મળ્યા હતા? કોઈને નહોતા મળ્યા. ખાલી નોટિસ ઉપર મૂક્યા હતા. આજ સુધી નથી મળ્યા. આજે મળશે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મત લેવાનો બાકી છે. તમને પૂછયું, તમારો વિરોધ છે. બહુમતિએ કરીએ છીએ એટલા માટે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આવનાર સમયમાં કામકાજ સલાહકાર સમિતિ એવું નક્કી કરી દેશે કે ૧૦ બિલ એક દિવસમાં પૂરા કરી દેવા, તો શું અર્થ રહેવાનો છે? બહુમતિથી બધા નિર્ણય થવાના હોય તો આ ચર્ચાનો કોઈ અર્થ નથી રહેતો. આવી પરંપરા કદાપિ કામકાજ સલાહકારમાં રહી નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિનો જે અહેવાલ રજૂ થાય, આટલા વર્ષોના ઇતિહાસમાં કોઈ દિવસ મતદાન લેવાયું નથી. કદાચ આપને એવું લાગે તો કામકાજ સલાહકાર સમિતિ ફરીથી મળીને નિર્ણયમાં ફેરફાર કરી શકે. અહીં વિરોધ કરવો એ કોઈ રીતે યોગ્ય નથી. આની ચર્ચા ન થવી જોઈએ આપની રૂબરૂમાં ચર્ચા થઈ છે, નિર્ણય લીધો છે. કદાચ વજુભાઈની ગેરસમજ થાય, એમની ગેરસમજ થાય. પણ આ મુજબ નિર્ણય લેવાયેલ છે. એટલે જે પ્રમાણે નિર્ણય લેવાયેલ છે એ પ્રમાણે મંજૂર થઈએ. વિરોધ કરવો હોય તો મારી ના નથી. આટલા વર્ષોનું precedent છે એનો ભંગ થશે. એમાં હું ચેતવણી કે સૂચના આપું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ વજુભાઈ સાહેબે કહ્યું એમ આજ સુધી કામકાજ સલાહકાર સમિતિમાં બિલકુલ વિનંતી કરીને પૉઝિટીવ લઈએ છીએ. એ દિવસે ૪ બિલ હતા પણ ૩ બિલ નોટિસમાં હતા છતાં અર્જુનભાઈએ સાથે બેસીને આ ૩ બિલ લઈ લેવાની સંમતિ આપી. એટલે ૭ બિલ થયા. બીજા

બિલ માટે આવનાર દિવસો છે, સરકારી કામકાજ માટે પણ દિવસો છે. આગામી દિવસોમાં આપણે એ પૂરા કરી શકીશું. આવી પરંપરા છે જ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ચર્ચા ન હોય. આમાં વિરોધ કરવો હોય તો એ સભાગૃહની અંદર decorum જાળવવા જેવી વાત નથી. એમણે વિરોધ કરવો હોય તો છૂટ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં આવું બન્યું નથી. આવું ન બને એ માટે શાસકપક્ષની જવાબદારી છે. આમાં ભંગ કરવાનો કોઈ સવાલ નથી. આપની જવાબદારી છે, ટ્રેઝરી બૅન્ચની પણ જવાબદારી આવે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આપે બિલ લાવવાની હા પાડી છે. વિગતો હતી નહીં છતાં પણ હા પાડી છે. ૨૬મીએ પૂરું કરવું એવી ચર્ચા થઈ નથી. ક્યાંક પેલી ચર્ચા થઈ છે. સ્પીકર સાહેબ કહે છે તો ફરીથી મિટિંગમાં ચર્ચા કરી લો. પરંપરાની વાત કરતા હોય ત્યારે ફરીથી સલાહકાર સમિતિની બેઠક બોલાવી લો, કાલે સલાહકાર સમિતિની બેઠક બોલાવી લો. હાઉસની ગરિમા સાચવવી હોય, હાઉસની પરંપરાની વાત થતી હોય ત્યારે કાલે ફરીથી કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવી લો.(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન આટલો સીમિત છે. કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની અહીંયાં ચર્ચા થતી નથી, આ સભાગૃહની અંદર ચર્ચા થતી નથી. આપે અહેવાલ મૂક્યો છે એ ચર્ચા થઈ હતી એ પ્રમાણેનો આવ્યો છે. પ્રશ્ન એ છે કે, મતદાન કરવું કે નહિ? મતદાન કરવું હોય તો એ રીતે કરીએ.

**અધ્યક્ષશ્રી .** : ચાલો હવે હું મતદાન ઉપર મૂકું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એ સમયે જે કોઈ વાત થઈ, જે સમજ અમારામાં છે એ રીતે કહું છું. અગાઉ જે એજન્ડા હતો એ અધિકારીઓએ બદલીને આપ્યો તો પણ અમે ચલાવી લીધું. ૪ ના બદલે ૭ બિલ થયા. તો પણ અમે સંમત થયા. એ કોઈના ટેબલ ઉપર મળ્યા નહોતા. છતાં પણ અમે સંમત થયા. બહુમતીના જોરે આ કરવું હોય તો એ બરાબર નથી.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય ઉપરની ચર્ચા પૂરી થાય અને સભાગૃહનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે,

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, સલાહકાર સમિતિની કાલે બેઠક બોલાવી લો.

**શ્રી વજુભાઈ વાળા** : ના ન પાડે તો. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપણા નિયમોમાં છે નહીં કે આ તારીખ સુધીમાં પૂર્ણ કરવું એવું કોઈ નિયમોમાં છે જ નહીં કે આટલા સમયમાં પૂર્ણ કરવું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમ નહીં પ્લીઝ., અશોકભાઈએ આ ત્યાં વાત મૂકી ત્યારે તમારે સંમત થવાની જરૂર નહોતી. પ્લીઝ, (અંતરાય) હું ત્યાં હાજર હતો. એમણે વાત મૂકી ત્યારે વિરોધ ન કર્યો એટલે નકકી થઈ ગયું...(અંતરાય) ચાલો હવે મારી પાસે સમય નથી. પ્લીઝ, હવે હું પ્રશ્ન મત માટે મૂકીશ, પ્રશ્ન એ છે કે સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય (અંતરાય) પણ શું થાય? સમય નથી, પ્લીઝ.. ..

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૬ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૩મી ફેબ્રુઆરી,૨૦૦૭**
**ફાલ્ગુન ૪, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકનાં કામો

***૧૮૮૩૫ શ્રી કાંતિભાઈ ૨ા. પટેલ(વિજાપુર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**પોલીસ આવાસ મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) રૂા. ૨૩૭.૧૩ લાખ.

(૨) રૂા. ૨૩૭.૧૩ લાખ.

**શ્રી કાંતિભાઈ ૨ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં મહેસાણા જિલ્લામાં રહેણાંક વિસ્તારમાં કેટલાં રહેણાંકનું આયોજન કરવામાં આવ્યું અને આ કામો માટે કેટલી રકમ ફાળવવામાં આવી?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ છાપેલો જ છે, ૨૩૭.૧૩ લાખ રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રહેણાંક અને બિન રહેણાંકમાં અંદાજપત્રીય કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી અને આ પોલીસ આવાસ નિગમમાં મકાનોનાં બાંધકામ અને એ મકાનોમાંથી સંતોષ અંગે દેશમાં આપણે કયા સ્થાને છીએ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ નાણાકીય વર્ષમાં પોલીસ વિભાગનાં રહેણાંક અને બિન રહેણાંકના મકાનોની કામગીરી માટેની અંદાજપત્રીય જાગવાઈ નીચે મુજબ છે. ૨૦૦૩ -૦૪ માં ૮૮ કરોડ રૂપિયા, ૨૦૦૪-૦૫માં ૧૦૫ કરોડ રૂપિયા, ૨૦૦૫-૦૬માં ૧૧૧ કરોડ રૂપિયા. જયાં સુધી પોલીસ રહેણાંકની બાબતમાં સેટીસફેક્શનનો સવાલ છે ત્યાંસુધી તા. ૧-૧-૦૫ ના સરકારી આંકડા ઉપલબ્ધ છે એ પ્રમાણે સમગ્ર દેશમાં મોટાં બધાં જ રાજયોની સરખામણીમાં ગુજરાત સર્વ પ્રથમ સ્થાને છે અને ૭૨ ટકા કરતાં વધારે પોલીસ કર્મચારીઓને પાકા રહેવાના મકાનો સરકાર દ્વારા પૂરાં પાડવામાં આવેલ છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સૌથી વધારે વ્યસ્ત રહેતું કોઈ ફોર્સ હોય તો એ પોલીસ ફોર્સ છે. તો હું આપશ્રી મારફત જાણવા માગું છું કે પોલીસ આવાસ નિગમની પ્રવૃત્તિઓ છે એમાં રહેણાંક અને એ સિવાય કઈ કઈ પ્રવૃત્તિઓ છે અને એની નાણાકીય જરૂરિયાતો જેની મેકસીમમ જરૂરિયાત આવતા દિવસોમાં પડવાની છે એ કઈ રીતે પૂરી પાડવામાં આવે છે? (અંતરાય) કદાચ હું આખા રાજયનું જાણવા માગું અને મંત્રીશ્રી જવાબ આપવા માગતા હોય તો એમાં શું વાંધો છે? ચાલો, મહેસાણાનું જ પૂછું કે મહેસાણા જિલ્લાની જે રકમ છે એ કેવી રીતે પ્રાપ્ત કરવામાં આવશે અને મહેસાણા જિલ્લામાં આ જે મકાનો કરવાનાં છે એ મકાનો સિવાયની કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ આવાસ નિગમ દ્વારા પોલીસ આવાસોનું તો પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધકામ કરવામાં આવે જ છે. એ ઉપરાંત જેલ, પોલીસની કચેરીઓ અને ગૃહ વિભાગને લગતાં બીજાં જે બાંધકામ હોય એ બધાં જ બાંધકામો પોલીસ આવાસ નિગમ હેઠળ લઈ લીધાં છે. દા.ત. એફ.એસ.એલ,, સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમનાં કામો પણ પોલીસ આવાસ નિગમમાં લીધાં છે. એટલે આ રીતે એનો વ્યાપ ખૂબ વધાર્યો છે અને પોલીસ આવાસ નિગમની નાણાકીય જરૂરિયાતો સંપૂર્ણપણે કેવળ ને કેવળ અંદાજપત્રીય જોગવાઈ દ્વારા રાજય સરકાર દ્વારા જ પૂરી કરવામાં આવે છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે:** મહેસાણા જિલ્લામાં પોલીસ આવાસો કેટલાં બંધાયાં છે અને એની પાછળ કેટલી રકમ ખર્ચાઈ છે અને અત્યારે કેટલા પોલીસો ભાડૂતી આવાસોમાં રહે છે?

**શ્રી અમિત અ. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાની સ્થિતિ એટલી સારી છે કે માગણીનો પ્રશ્ન જ રહેતો નથી. મહેસાણા જિલ્લાની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એની વિગતો આપું તો મહેસાણા જિલ્લામાં કુલ મંજૂર મહેકમ ૧૬૫૫ નું છે. હાજર ૧૪૨૦ નું છે. હયાત ૧૧૭૯ મકાનો છે. અને બાંધકામ હેઠળ ૨૪૯ છે. એટલે આ બંધાઈ રહે એટલે હાજર મહેકમ કરતાં પણ વધારે મકાનો બંધાઈ જશે. એટલે સો ટકા સેટીસ્ફેકશન રેશીયો મહેસાણા જિલ્લાનો સિદ્ધ કર્યો છે. એટલે માગણીનો સવાલ રહેતો નથી. અને બજેટ કેટલું ફાળવવામાં આવ્યું તેનો જવાબ મેં અગાઉ આપી દીધો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે પોલીસ વિભાગ માટે જે કામો કરવાના હતા તે માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા હતા. તો માર્ગ અને મકાન વિભાગ પાસેથી લઈ અને પોલીસ આવાસ નિગમને આ કામો સોંપવાના કારણો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નીતિ વિષયક નિર્ણય કર્યો હતો અને માર્ગ અને મકાન વિભાગ પાસે અનેકવિધ કામગીરી છે અને તેથી તેમની કામગીરીની પ્રાયોરીટીમાં સ્વાભાવિક રીતે સહજ પોલીસ આવાસની કામગીરી પાછળ પડતી હતી. અને એ દેખીતું હતું અને પહોંચી વળાતું નહોતું. એટલે પોલીસ આવાસ અને પોલીસની કચેરીઓ બન્નેની કામગીરી તરફ સ્પેશિયલ ફોકસ આપવા માટે આ પોલીસ આવાસ નિગમની રચના કરવામાં આવી હતી. આની પાછળનો આશય એટલો જ છે કે સરકારની પ્રાયોરીટીમાં પોલીસ કર્મચારીઓના રહેઠાણો છે અને તે સિદ્ધ કરવા માટે સરકારે અલગ વ્યવસ્થા પોલીસ આવાસોના બાંધકામ માટે આ નિગમના રૂપે કરી છે. એટલે આની પાછળનો આશય પ્રાયોરીટી સિદ્ધ કરવા માટેનો જ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : પોલીસ આવાસ નિગમની કાર્યવાહીમાં ત્રાહિત વ્યકિતઓ દ્વારા નિરીક્ષણ બાબતે શું કાર્યવાહી કરવામાં આવેલી છે એ મારે જાણવું છે.

**શ્રી અમિત અ. શાહ** : નિગમની કામગીરીમાં કવોલીટી જળવાઈ રહે તે માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. ૨૦૦૪ થી આ જોગવાઈ કરી છે અને જે પ્રોજેકટ કોસ્ટ છે તે મુજબ, દા.ત. સો મકાનો બાંધવાના છે અને પાંચ કરોડથી તેની પ્રોજેકટ કોસ્ટ વધતી હોય તો આવાસ નિગમમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન એજન્સી મારફત ઈન્સ્પેકશન કરાવવામાં આવે છે અને તેનાથી કવોલીટી વધુ સારી થાય તેવી વ્યવસ્થા કરી છે. અને તેના લીધે કવોલીટીમાં પણ સુધારો જોવા મળેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : મહેસાણા જિલ્લામાં દરેક તાલુકા મથક દીઠ કેટલા રહેઠાણો ક્રમવાઈઝ ફાળવવામાં આવ્યા છે અને કેટલી રકમ ફાળવવામાં આવી છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાઈઝ જે ફાળવણી કરવામાં આવે છે તેની અંદર બધા તાલુકાઓને આવરી લીધેલા છે. એમાં જે સ્પોટ છે તે વસઈ, સાંથલ, બાવલું, મહેસાણા, કડી, લાંઘણજ, નંદાસણ, વિજાપુર, મહેસાણા હેડકવાર્ટર, ઉંઝા વગેરે સ્પોટ છે, અને માનનીય સભ્યશ્રીએ પૂછયું એમાં ફાળવણી દરેક સ્પોટ ઉપર કરી છે. પણ મેં માનનીય માધુભાઈના જવાબમાં જણાવ્યું એમ ૧૬૫૩ ના મહેકમ સામે ૧૪૨૦ કર્મચારીઓ ઉપસ્થિત છે. અને આ વર્ષમાં ૨૪૯ મકાનો થઈ જશે એટલે બધા જ કર્મચારીઓને પૂરેપૂરા મકાનો મળી જવાના છે. એટલે ફાળવણી નહીં થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થવાનો.

**શ્રી પ્રહલાદભાઈ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એ પૂછવા માગું છું કે પોલીસ ખાતાના રહેણાકો અને બીન રહેણાકના મકાનોનો નિભાવ માટે યોગ્ય નાણાકીય ફાળવણી ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કેટલી કરવામાં આવનાર છે?

**શ્રી અમિત અ. શાહ** : ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૧૫ કરોડની જોગવાઈ સૂચિત છે. ગયા વર્ષનો જે લક્ષ્યાંક રાખ્યો હતો તે જોતા અમે એચીવ કરી લેશું. અને આ ફાળવણી ફકત કચેરીઓના બાંધકામ માટેની જ છે.

**એફ.એસ.એલ.આધુનિકરણની યોજના**

*** ૧૮૭૧૫ શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) હા, જી.

(૨) રૂા. ૧૪,૮૯,૮૬,૧૯૭ ની રકમના.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની આધુનિકરણની યોજના અમલમાં મૂકી છે તો એ કયા કયા કેસમાં ઉપયોગી છે અને સામાન્ય સંજોગોમાં કેટલા રાજયો અને કેન્દ્ર શાસિત રાજયોમાં ઉપયોગમાં આવી શકે છે. એની નેશનલ અને ઈન્ટરનેશનલ લીંક કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : છેલ્લા ત્રણ વર્ષની અંદર રાજયની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, રાજયની, કેન્દ્ર સરકારના કેન્દ્ર શાસિત પ્રદેશોની, કેન્દ્રની તપાસ એજન્સીઓ અને અન્ય રાજયની એજન્સીઓને મોટા પ્રમાણમાં મદદ પૂરી પાડે છે. સન ૨૦૦૪ માં ૧૧૫ કેસોમાં મદદમાં આવી, ૨૦૦૫માં ૧૦૯ કેસો એવા છે, ૨૦૦૬માં

૨૩૪ કેસો એવા છે. એમાં સી.બી.આઈ. દિલ્હી, સી.બી.આઈ. મહારાષ્ટ્ર સી.બી.આઈ.નું પશ્ચિમ બંગાળ યુનિટ, બિહારનું સી.બી.આઈ.નું યુનિટ,, મહારાષ્ટ્ર રાજય, દિલ્હી, વેસ્ટર્ન રેલવે, સી.આર.પી.એફ. દાદરા નગર હવેલી, દમણ, ડાયરેકટર રેવન્યુ ઈન્ટેલીજન્સ, દીવ, કલકત્તા પોલીસ, જમ્મુ કાશ્મીર પોલીસ, યુ.પી. પોલીસ, કર્નુલ ડીવાયએસપી, ચંદીગઢ પોલીસ, જયપુરની પોલીસ, દીવની પોલીસ આટલા યુનિટોને જુદા જુદા કેસોની અંદર આપણે મદદ પૂરી પાડી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી લેબોરેટરીને કેટલા પૈસા મળ્યા છે?

**શ્રી અમિત અ. શાહ** : કેન્દ્ર સરકાર તરફથી લેબોરેટરીને કોઈ પૈસા નથી મળતા પરંતુ કેન્દ્ર સરકાર તરફથી મોર્ડનાઈઝેશન ઓફ પોલીસ ફોર્સ હોય એ એમપીએફની અંદર ગ્રાન્ટ આવે છે એ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બંનેની ભેગી થઈને એમપીએફનો કાર્યક્રમ બને છે. બીજી વિગત માટે માનનીય સભ્યશ્રીએ અલગ નોટિસ આપવી પડશે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બહુચર્ચીત કેસ મનીન્દર પઢારીને પણ અહીંયા લાવવામાં આવ્યો અને મધુમીતાથી માંડીને ઘણા કેસો અહીંયા આવે છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાષ્ટ્રીય કક્ષાએથી બીજા રાજયોમાંથી તપાસ કરવા અહીંયા આવતા હોય તો એની માન્યતા કઈ રીતે મળે છે, કયા તરીકે મળે છે અને હવે ડેવલપમેન્ટની આગળની શું કામગીરી છે નેશનલ અને ઈન્ટરનેશનલ માટે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો એના જવાબમાં મારે ગૌરવ સાથે જણાવવાનું કે...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એફ.એસ.એલ.ના આધુનિકરણ માટે કેન્દ્ર સરકારની કેટલી મદદ મળી એ માહિતી નથી પરંતુ આ તો આધુનિકતા સાથે કોઈ લેવાદેવા નથી એવો બીજી વખત જવાબ આપે છે. અગાઉ મહેસાણામાં આપે કહ્યું એમ ફોકસ છે એ બાબતમાંથી પ્રશ્ન પૂછે. એવું જ હોય તો ગુજરાતના કેટલાક કેસો બીજા રાજયોની લેબોરેટરીઓમાં જાય છે. આપણો સમય છે એમાં જે ફોકસ છે એના ઉપર જ પ્રશ્ન કરવો જોઈએ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું, માનનીય બલવંતસિંહને અપગ્રેડેશન માટેના ફંડની માહિતી માગવાની અપેક્ષા છે. હું મંત્રીશ્રીને વિનંતી કરુ કે તેઓ નિવેદન કરે. અપગ્રેડેશન ફંડમાં શું હાલત બની છે એમાં કેવી રીતે આપણી સાથે અન્યાય થયો એની વિસ્તૃત વિગતો આ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે. (અંતરાય) (ઘોંઘાટ) માનનીય જગદીશભાઈ ઠાકોર ઊભા થઈને બોલતાં)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય જગદીશભાઈનો પ્રશ્ન સાત નંબરનો છે. એ આવવાનો જ છે. જો તમે દ ાોંઘાટ કરશો તો નહિ આવે.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટમાં હું આગળ વધીશ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય દંડકશ્રીએ ખૂબ જ મહત્ત્વની માહિતી માગી છે, તેથી આપ આ મહત્ત્વની માહિતી આપવા માટેનો સમય આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માહિતી છુપાવવા શા માટે માગો છો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે જ્યારે વિગતો માગી છે ત્યારે ફ્લોર ઉપર મને મૂકવા દો. માનનીય અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના દંડકશ્રીએ જે માહિતી માગી તેની અંદર એમ.પી.એફ.માં કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ આપી એ પૂછયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અતિ ગંભીર બાબત માટે આ રાજયના પોલીસ દળના આધુનીકરણ માટે માનનીય બલવંતસિંહજીએ જે પેટા પ્રશ્ન પૂછયો છે એ અતિ ગંભીર છે. આ એમ.પી.એફ.ની યોજના જ્યારે કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે ચાલુ થઈ હતી. (અંતરાય) હવે સાંભળો, જગદીશભાઈ અને એ વખતે આપણને ૧૨૦ કરોડ રૂપિયા, ૧૨૦ કરોડ રૂપિયા, ૧૨૦ કરોડ રૂપિયા ત્રણ વર્ષ મળ્યા. યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી ૧૦૦ કરોડ થયા અને હવે તેને ૪૯ કરોડ સુધી સીમિત કરી નાખવામાં આવ્યા છે. એટલે ૧૨૦ કરોડ રૂપિયા પરથી ૪૯ કરોડ રૂપિયા પર લાવ્યા છે. હજી હું આગળ કહું. સમગ્ર દેશના રાજયોમાં ગુજરાત એક માત્ર રાજય એવું છે કે ૧૦૦ ટકા ખર્ચ પૂરો કર્યો છે. ૧૨૦ ટકા ખર્ચ કર્યો છે. તેમ છતાંય આપણા ભંડોળમાં કપાત કરીને રાજયના મોર્ડનાઈઝેશનના આપણા આંદોલનને મોટો ફટકો માર્યો છે, આ તો ઉલટાનો ગુજરાતને અન્યાય થયો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૩.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ પ્રશ્નમાં એફ.એસ.એલ.માં કેન્દ્ર સરકારે કેટલી મદદ કરી છે એ પ્રશ્ન છે. આધુનિકરણ માટે નહીં. આ જે પ્રશ્ન છે કે એફ.એસ.એલ.માં કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે તેનો જવાબ આપે. કેન્દ્ર સરકારનો. યુ.પી.એ. સરકાર દ્વારાનો નહીં. •(xxxx) જવાબ નથી આપતા. (અંતરાય)

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : વિપક્ષના નેતાશ્રી એમ કહે કે (xxxx) એ ગૃહને માટે યોગ્ય શબ્દો નથી. આપણે સીરીયસલી આ વાત લેવી જોઈએ. આ શબ્દો વિપક્ષના નેતાને શોભતા નથી. આ શબ્દો તેમણે વિથડ્રો કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી પછી લઈએ.(અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : એ જે હોય તે પણ પહેલાં આ શબ્દો વિથડ્રો કરવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રશ્નોત્તરીનો અમારો સમય બગાડવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : આ જે શબ્દો છે એ પ્રશ્નોત્તરી પૂરી થયા પછી આપણે..

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : નહીં, પાછા ખેંચવા જ પડે. આ પદ્ધતિ બંધ થવી જોઈએ સાહેબ.

(આ તબક્કે શાસક પક્ષના સભ્યો તરફથી " હાય રે કોંગ્રેસ હાય હાય "ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૩.(અંતરાય)

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : મારો પ્રશ્ન ક્રમાંક-૩.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : ભૂતકાળમાં અમે ઘણું સહન કર્યું છે. આ પ્રકારના શબ્દ પ્રયોગો કોઈ પણ હિસાબે સ્વીકારી ન શકાય. બહુ ગંભીર બાબત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, આ લોકો તો અપશબ્દો બોલ્યા હતા, હાઉસની અંદર. મેં તો સરકાર વિશે કહ્યું છે. અપશબ્દો બોલ્યા છે અહીંથી.

**અધ્યક્ષશ્રી** : હું આ ગૃહને ૧૫ મિનિટ માટે એડજોર્ન કરું છું. (સવારના ૮.૫૦)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૦૫ વાગ્યે ફરી મળી**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક**

***૧૮૮૨૭ શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વાહન વ્યવહાર ખાતાની અમદાવાદ આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની આવક કેટલી થઈ,

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો કયા કયા છે ?

**માનનીય મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર):**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની કચેરીની છેલ્લા ત્રણ કૅલૅન્ડર વર્ષની આવક.

| વર્ષ | આવક (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૪ | ૧૦૭૪૯.૩૦ |
| ૨૦૦૫ | ૧૧૪૮૨.૯૪ |
| ૨૦૦૬ | ૧૩૭૯૩.૫૧ |

(૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ રાજયની તમામ આર.ટી.ઓ.ની આવક વર્ષ ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ની કુલ આવક કેટલી થઈ? ભૂતકાળના વર્ષોમાં આવક ઓછી થવાના કારણો શું હતા? આ કઈ પદ્ધતિના કારણે આવકમાં વધારો થવા પામ્યો છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪માં ૧૧૦૬.૭૮ કરોડ ૨૦૦૪-૦૫માં ૧૨૮૪ કરોડ અને ૨૦૦૫-૦૬માં ૧૩૧૦ કરોડ રૂપિયા આશરે આવક થયેલ છે. આવક વધવાના કારણોમાં કમ્પ્યુટરાઈઝેશન અને અમુક જે આ સરકારની રચના થયા પછી મોટા મોટા કેસો પેન્ડિગ હતા. વર્ષોથી એની સુનાવણી થતી નહોતી. એના માટે અલગ પ્રકારનું અલાયદું તંત્ર ગોઠવ્યું હતું. એ સુનાવણીના કેસો ઝડપથી ચાલવાના કારણે મોટી આવક થઈ છે અને દર માસે રીવ્યૂની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એના લીધે ઉત્તરોત્તર આવકમાં સતત વધારો થયો છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજયની આવકમાં આ સતત વધારો થયો એ વધારાની સામે આપણા પડોશી રાજયો છે એ પડોશી રાજયની આવકનું અને આપણા રાજયની આવકનું કોઈ કમ્પેરીઝન છે કે કેમ? અને બીજું વાહન વ્યવહાર ખાતાના મોટર વાહન ઈન્સ્પૅક્ટર દીઠ આપણને કુલ કેટલી સરેરાશ આવક થઈ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજસ્થાનની અંદર જે આવક છે એ એવરેજ ૯૦૦ કરોડ રૂપિયા જેવી છે, મધ્યપ્રદેશની ૪૫૦ કરોડ રૂપિયા જેવી છે.

**અધ્યક્ષશ્રી .** : બને ત્યાં સુધી પ્રશ્ન ઉપર જ આવો. બધા સભ્યશ્રીઓને કાલે પણ કહ્યું હતું કે, બધા કાળજીપૂર્વક વર્તો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્સ્પૅક્ટર દીઠ જે આવક છે એ આખા દેશમાં સૌથી વધારેમાં વધારે છે. ૨૦૦૩માં ૧૧ કરોડ હતી, ૨૦૦૪માં ૧૨ કરોડ હતી અને ૨૦૦૫-૦૬માં ૧૩ કરોડ રૂપિયા થઈ છે. સમગ્ર દેશમાં ઈન્સ્પૅક્ટર દીઠ વધારેમાં વધારે આવક આપણા રાજયમાં છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, શામળાજી ચેકપોસ્ટ ઉપરથી ૮૦૦ જેટલી વાઉચરની બુકો ચોરાઈ ગઈ છે. એના પૈસા સરકારના ખજાનામાં જમા ન થયા એના માટે સરકારે શું કર્યું?

**અધ્યક્ષશ્રી .** : આમાં આ જ વાત કરીને તમે જ આગ્રહ કરો છો અને તમે જ પૂછો છો. તમારો જ આગ્રહ છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, અલગ નોટિસ આપવી જોઈએ.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ આર.ટી.ઓ. કચેરી ખાતે આવકમાં વધારો થયો છે એ ખૂબ આવકારદાયક છે. એ કચેરીની છેલ્લા ત્રણ વર્ષની અને ચાલુ નાણાકીય વર્ષની જુદા જુદા હેડ નીચે કેટલી આવક થઈ છે એ જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા ત્રણ વર્ષમાં અને ચાલુ નાણાકીય વર્ષમાં જુદા જુદા હેડ નીચે થયેલ આવક નીચે પ્રમાણે છે. ૨૦૦૩-૦૪માં બી.વી.એમ. ટેક્સ ૭૯ કરોડ, આઈ.એમ.વી. ફી ૧૭ કરોડ કુલ ૯૭ કરોડ રૂપિયા. ૨૦૦૪-૦૫માં બી.વી.એમ. ટેક્સ ૯૧ કરોડ, આઈ.એમ.વી. ફી ૧૭ કરોડ રૂપિયા, ૨૦૦૫-૦૬માં બી.વી.એમ. ટેક્સ ૧૦૩.૧૯ કરોડ અને આઈ.એમ.વી. ફી ૨૦.૨૭ કરોડ રૂપિયા છે અને ચાલુ નાણાકીય વર્ષમાં જાન્યુઆરી અંતિત બી.વી.એમ. ટેક્સ ૯૫.૬૩ કરોડ રૂપિયા અને આઈ.એમ.વી. ફી ૧૭.૫૦ કરોડ રૂપિયા છે.

**જામનગર જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી, અપહરણ અને બળાત્કારના કિસ્સા**

***૨૦૧૮૨ ડૉ. દિનેશ પરમાર (જામનગર (ગ્રામ્ય)) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં જામનગર જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી, અપહરણ અને બળાત્કારના કુલ કેટલા બનાવો બન્યા છે, અને

(૨) કયા કયા ગુન્હામાં કેટલા વ્યકિતઓ સંડોવાયેલા છે, તે પૈકી કેટલા તહોમતદારોને પકડવામાં આવ્યા છે અને કેટલાને પકડવાના બાકી છે?

**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ):-

(૧)

| ગુનાનું હેડ | બનાવોની સંખ્યા |
|---|---|
| ખૂન | ૧૩ |
| લૂંટ | ૦૮ |
| ધાડ | ૦૩ |
| ઘરફોડ ચોરી | ૯૬ |
| અપહરણ | ૧૨ |
| બળાત્કાર | ૦૬ |

(૨)

| ગુનાનું હેડ | સંડોવાયેલ વ્યકિતઓ | પકડાયેલ તહોમતદારો | પકડવાના બાકી તહોમતદારો |
|---|---|---|---|
| ખૂન | ૩૮ | ૩૦ | ૦૬(૦૨) (મરણ પામેલ છે) |
| લૂંટ | ૧૫ | ૧૨ | ૦૩ |
| ધાડ | ૩૬ | ૩૪ | ૦૨ |
| ઘરફોડ ચોરી | ૧૦૮ | ૧૦૭ | ૦૧ |
| અપહરણ | ૨૫ | ૨૧ | ૦૪ |
| બળાત્કાર | ૦૬ | ૦૬ | ૦૦ |

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં જૂદી જૂદી મોટી કંપનીઓ આવી છે એના લીધે યુ.પી. બિહાર, જારખંડ, વેસ્ટ બેંગાલ અને મધ્યપ્રદેશના દોઢ લાખ ઉપરના મજૂરો ત્યાં કામ કરવા આવ્યા છે, એમાં ઘણા ગુનેગાર લોકો પણ ત્યાંથી આવેલા છે એટલે સરકાર એ બધા જ મજૂરોનું પોલીસ વેરીફીકેશન કરાવી અને ઓળખકાર્ડ કાઢે, કારણ કે જામનગરમાં જે ગુનાઓનું પ્રમાણ વધ્યું છે એટલે એ પ્રમાણે એવું કરવા માગે છે કે કેમ? એ પ્રશ્ન એક અને બીજું કેટલાક ગુનાઓ હજી અનડીટેકટેડ છે. એમાં ગુનેગારો આટલા છે અને પકડાયા આટલા છે એવું છે. કેટલા ગુનેગારો, કેટલા ગુના અનડીટેકટેડ છે એ આપે અને ઘરફોડ ચોરીનું પ્રમાણ આટલું બધું વધી જવા પાછળ સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે એ સાચી છે. જામનગર જિલ્લામાં મોટા ઉદ્યોગગૃહોની અંદર અન્ય પ્રાંતના જે મજૂર વર્ગ આવ્યા છે એની અંદર જૂદા જૂદા પ્રકારના ગુનાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે જોવા મળ્યું છે એમ એમનું જે સૂચન છે એનો જૂદી રીતે અમલ કર્યો છે. હમણાં જ એમની સાથે પોલીસ વિભાગે મીટિંગ કરી એ કંપનીઓ એમના આઈડેંટી કાર્ડ બનાવે એવી વ્યવસ્થા કરવાની ગોઠવણ કરી છે અને એમનો જે રૅકૉર્ડ હોય, એમના મૂળ જિલ્લાની અંદર જે એમનો પોલીસ રૅકૉર્ડ શોધવા માટે અહીંની પોલીસ પાર્ટી જઈ એનો રૅકૉર્ડ મેળવી એમાં પોલીસ રૅકૉર્ડવાળા જે કામ કરતા મજૂરો હોય એને અલગ તારવવા અને એની ઉપર વોચ રાખવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને ૩૧-૩ સુધીમાં આખી વ્યવસ્થા પૂરી કરી શકીશું એવી સ્થિતિ છે. (અંતરાય) મારો આખો જવાબ તો પતી જવા દો અને એ જે આખી વ્યવસ્થા થઈ છે એટલે હું ચોક્કસ માનું છું કે એના કારણ આ પ્રકારના ગુનામાં નિશ્ચિત કાબુ મેળવવામાં સફળતા મળશે. જયાં સુધી ગુના વધવાનો સવાલ છે, ગુના વધ્યા નથી. જામનગરની સ્થિતિ કહું તો ૨૦૦૪માં ૪૨ ખૂન હતા, ૨૦૦૫માં ૪૧ હતા અને ૨૦૦૬માં ૨૯ થયા છે. લૂંટ ૨૪ હતી. ૧૪ હતી. (અંતરાય) ઘરફોડ ચોરી ૧ વર્ષની અંદર ૯૬ થઈ છે અને એની અંદર ૧૦૮ વ્યકિત સંકળાયેલ હતી એમાંથી ૧૦૭ પકડી લીધા છે અને જે એમણે કહયું કે ના શોધવા (અંતરાય)

**ડૉ. દિનેશ પરમાર** : ઘરફોડ ચોરીના ગુના વધ્યા એના માટે શું કર્યુ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે આ પરપ્રાંતના મજૂરો આવ્યા છે એના માટે આખી વૈજ્ઞાનિક વ્યવસ્થા ગોઠવી છે અને દિનેશભાઈએ ચિંતા કરી છે મારે એટલું જ કહેવું છે કે મારી પાસે કેટલાક આકડા છે જે તમારે જાણકારી માટે કામમાં આવશે. પ્રજામાં જ્યારે જાવ ત્યારે ભાષણ કરવા માટે. ૧૯૯૧ થી ૯૪માં એમના પક્ષનું શાસન હતું એમાં ૮૫૭ ગુના થયા હતા અત્યારે ૬૯૮ થયા છે.

**અધ્યક્ષશ્રી .** : ચોરી ઘટાડવા માટે આપે શું કર્યુ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછયું ઘરફોડ ચોરી વધી છે એવું સ્ટેટમેંટ કર્યુ છે એટલે હું કહુ છું, ઘરફોડ ચોરી વધી નથી. ઘરફોડ ચોરી ઘટી છે.

**ડૉ. દિનેશ પરમાર** : ઘરફોડ ચોરીના આકડા આપતા નથી (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : આકડા જ આપું છું આપ ધ્યાનથી સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની જે માગણી છે એ પ્રમાણે હું આકડા જ આપવા માગુ છું પણ એમને ગમે એવા આકડા ન આવે, આકડા તો જેવા હોય એવા આવે. એમને ગમતા હોય એવા આકડા ના આપી શકાય. દિનેશભાઈ જરા ધ્યાનથી સાંભળજો. ૧૯૯૧થી ૧૯૯૪ની અંદર જામનગર જિલ્લામાં ૮૫૭ ઘરફોડ ચોરી થઈ હતી અને ૨૦૦૩થી ૨૦૦૬માં ૬૯૮થઈ. ૧૦૦ ઘરફોડ ચોરી ઘટી છે અને વસ્તી વધવા છતાં ૧૦૦ ઘરફોડ ચોરી ઘટી એટલે ઘરફોડ ચોરી વધવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી પરંતુ એમણે જે આગળ વાત કરી એ ચિંતા બરાબર છે. આની કોઈ વૈજ્ઞાનિક વ્યવસ્થા પરપ્રાંતમાંથી આવતા મજૂર વર્ગની કરવી જોઈએ અને સરકારે સ્વીકાર કર્યો છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : સાહેબ સાતમા પ્રશ્નથી ડરે છે એટલે સમય બગાડે છે.

**ડૉ. દિનેશ પરમાર** : કેટલા બનાવો અનડીટેકટેડ છે એ બતાવે. પ્રશ્નોત્તરીનો સમય ન બગાડે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં એમણે ધાડ, લૂંટ, ચોરી એની માહિતી આપી છે. પણ મારે જામનગરની બાબતમાં પૂછવું છે કે ત્યાં પૈસા વસૂલ કરનારી એક ગેંગ ઊભી થઈ છે અને એના કારણે પૈસા વસૂલ કરવાની આ લોકો સોપારી લે છે અને એના ઝઘડામાં બે લોકોની હત્યા થઈ છે અને એમાંથી અમુક લોકો પકડાયા નથી. આ પ્રકારની પ્રવૃત્તિ પોલીસની રહેમ નજર હેઠળ ચાલે છે અને એના કારણે આવા બધા ગુનાઓ વધ્યા છે. મારે આપના મારફત જાણવું છે કે રાજ્ય સરકાર આવા લોકોને રાજ્યાશ્રય આપવાનું બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** :(બેઠા બેઠા) આ આરોપ છે કે પ્રશ્ન?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમોની ચોપડી જોઈ લે. કોઈપણ પ્રશ્નમાં આક્ષેપાત્મક વાત ન થાય. વિરોધ પક્ષના નેતા આ ચોપડી વાંચતા નથી એની આ તકલીફ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આવા પ્રકારની પ્રવૃત્તિ રાજય સરકાર અટકાવવા માગે છે કે નહિ એ પ્રશ્નનો જવાબ માગ્યો છે એ આપવાનો છે કે નહિ? આ હાઉસ છે અને આપને ઉદ્દેશીને કહું છું કે આ જવાબ આપવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીએ રાજ્યાશ્રયની જે વાત કરી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને બહુ વિનમ્રતાપૂર્વક જણાવવું છે કે રાજ્યાશ્રય અમારા શાસનમાં આપવામાં આવતો નથી પણ એમના શાસનમાં આપવામાં આવતો હતો અને ટ્રેઝરી બેંચવાળા જેલમાં ગયા છે. એમણે જે ઘટનાની વાત કરી એ ઘટના પોલીસે પૂરેપૂરી ઉકેલી કાઢી છે. બહુ ટૂંક સમયમાં ઉકેલી કાઢી છે અને એના અંદર જામનગરની કોઈ ગેંગ સંડોવાયેલી નથી. યુ.પી.ના બે વોન્ટેડ લોકોને ભાડે રાખીને આ હત્યા કરવામાં આવી હતી. બન્ને લોકો યુ.પી.ના છે. યુ.પી.ની પોલીસે એમને સર્ટિફાઈડ કર્યા છે એમાં યુ.પી.માં એક વ્યક્તિ ૧૨ ગુનામાં અને બીજી વ્યક્તિ ૧૬ ગુનામાં સંડોવાયેલી છે. યુ.પી.માં જઈને જામનગરની પોલીસ પકડી લાવી છે અને કોર્ટમાં રજૂ કરી દીધા છે. એ લોકો જામનગરના નાગરિક નથી. જામનગરમાં ક્યાંય રહ્યા નથી. જામનગરમાં સાત દિવસ પહેલા આવ્યા હતા. ગુનો કરીને યુ.પી. જતા રહ્યા હતા એને યુ.પી. જઈને આપણી પોલીસ પકડી લાવી છે.

**રાજ્યના પોલીસ સ્ટેશનોનું કૉમ્પ્યુટરાઈઝેશન**

*** ૧૮૭૧૧ શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરુચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,-

૧. રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કૉમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે વાત ખરી છે, અને

૨. તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા પોલીસ સ્ટેશનોનું કૉમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) :

૧. હા, જી.

૨. કૉમ્પ્યુટરાઈઝેશનમાં કૉમ્પ્યુટર હાર્ડવેર, એપ્લીકેશન સોફ્ટવેર અને વિવિધ કચેરીઓ વચ્ચે કનેકટીવીટીનો સમાવેશ થાય છે. જે ધ્યાને લેતાં

   ૧) તમામ ૪૬૮ પોલીસ સ્ટેશનોને પોલીસ સ્ટેશન દીઠ કૉમ્પ્યુટર અને પ્રિન્ટર, સ્કેનર, મોડેમ, સીડી રાઈટર, ઝેરોક્ષ, યુ.પી.એસ. જેવા સાધનો પુરા પાડવામાં આવેલ છે. વધુમાં વિભાગે કરેલ આયોજન મુજબ વર્ષ ૨૦૦૫-૦૬માં ૮૩૮ કૉમ્પ્યુટર ફાળવેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭માં ૬૮૦ કૉમ્પ્યુટર તથા ૪૮૦ પ્રિન્ટર્સ પુરા પાડવા ખરીદીની કાર્યવાહી આખરી તબક્કામાં છે. ઉક્ત તમામ કૉમ્પ્યુટર માટે ૧૫૭૮ એમએસ ઓફીસ ૨૦૦૩ સ્ટાન્ડર્ડ ઈન્ડીક ગુજરાતી સોફ્ટવેર આપવાની કાર્યવાહી ચાલુ છે.

   ૨) કુલ ૪૨૫ પોલીસ સ્ટેશનોની જીસ્વાન કનેકટીવીટી પૂર્ણ થયેલ છે. બાકીની ૪૩ પોલીસ સ્ટેશનોની કનેકટીવીટી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાની કામગીરી ચાલુ છે.

   ૩) સોફ્ટવેર આધારિત કૉમ્પ્યુટરાઈઝેશન માટે મે. ટી.સી.એસ.કંપનીને ટી.એમ.પી. તરીકે લેટર ઓફ ઈન્ટેન્ટ આપેલ છે. દરમિયાનમાં કામગીરી ઝડપ લાવવા માટે કામગીરી ચાલુ કરી દેવામાં આવેલ છે. મે. ટી.સી.એસ. કંપની સાથે કરારની કામગીરી આખરી તબક્કામાં છે.

   ૪) પોલીસ ખાતાની તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ સહિતની કુલ ૪૩ વેબસાઈટો તૈયાર કરી જીસ્વાન પર મુકવામાં આવેલ છે. જેમાં પ્રજાલક્ષી માહિતીઓ મુકવામાં આવેલ છે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશનોના કૉમ્પ્યુટરાઈઝેશનમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે અને પોલીસ સ્ટેશનોને સંપૂર્ણ કૉમ્પ્યુટરાઈઝડ કરવા માટે કયા હાર્ડવેરની જરૂર છે? કેટલા પોલીસ સ્ટેશનોને કૉમ્પ્યુટર આપવામાં આવ્યા છે અને એના પાછળ કેટલો ખર્ચ થયો છે? બાકીના પોલીસ સ્ટેશનોને ક્યારે પુરા પાડવામાં આવશે? આખી વ્યવસ્થાને ઈન્ટરલીંક કરવા માટેનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશનોના કૉમ્પ્યુટરાઈઝેશનમાં કૉમ્પ્યુટર હાર્ડવેર, સોફ્ટવેર, પોલીસની વિશિષ્ટ કામગીરીને લગતું મેન્યુઅલ પ્રમાણેનું એપ્લીકેશન સોફ્ટવેર, ડેટા એન્ટ્રી ઓપરેટર, સર્વર રૂમ, કૉમ્પ્યુટર રૂમ, સાઈટ પ્રિપરેશન માટેની વ્યવસ્થાઓ, પોલીસ સ્ટેશનોની જીસ્વાન કનેકટીવીટી અને કર્મચારી/અધિકારીઓને કૉમ્પ્યુટરની તાલીમ જેવી બાબતોનો પોલીસ કૉમ્પ્યુટરાઈઝેશનમાં સમાવેશ કરેલ છે. એમનો બીજો પ્રશ્ન છે એ બાબતે જણાવવાનું કે પોલીસ સ્ટેશનોનું સંપૂર્ણ કૉમ્પ્યુટરાઈઝેશન એ સતત ચાલતી પ્રક્રિયા છે. વખતોવખત નવી ટેકનોલોજી આવે એમાં પોલીસ સ્ટેશનોને અદ્યતન સામગ્રીની જરૂરિયાત રહેતી હોય છે અને એ પ્રમાણે એમાં ફેરફાર કરવામાં આવતા હોય છે અને કૉમ્પ્યુટરાઈઝેશન માટે સર્વર ડેસ્કટોપ, પ્રિન્ટર, સ્કેનર, યુ.પી.એસ., ઈન્ટર કનેકટીવીટી આ બધું આપણા પોલીસ સ્ટેશનોને પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત ૪૨ જગ્યાએ વિડિયો કૉન્ફરન્સ કરી શકાય તેવી વ્યવસ્થા ત્યાં કરવામાં આવી છે. ૪ કમિશનર ઑફિસ, બધા એસ.પી., ટ્રેનિંગ, સી.આઈ.ડી. ક્રાઈમ, ૭ રેન્જ ઑફિસ, ગૃહ વિભાગ અને ડી.જી.પી. ઑફિસ આ બધાને વિડિયો કૉન્ફરન્સની અંદર આવરી લેવામાં આવ્યાં છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મેં પોલીસખાતામાં કૉમ્પ્યુટરાઈઝેશનના પ્રોગ્રામથી લોકોને અને પોલીસખાતાને કયા કયા ફાયદા થવાના છે? પોલીસખાતાની કાર્યક્ષમતા અને અસરકારકતા આનાથી કઈ રીતે વધવાની છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસ કૉમ્પ્યુટરાઈઝેશનના લીધે પોલીસ વિભાગ અને પ્રજા બંનેને ખૂબ ફાયદો થવાનો છે. એક તો એકેની એક કામગીરી અનેક સ્તરે થતી હોય છે એને દૂર કરીને એક જગ્યાએ કામગીરી થવાની હોય એનો છેક ડી.જી.પી. ઑફિસ સુધી ઉપયોગ કરી શકવાના છીએ. ફરિયાદ નોંધવાનો સમય, એનો અગ્રતાક્રમ, ગુનાનો પ્રકાર, શહેરી વિભાગ, કોર્ટ, એડ્વોકેટ, જેલ આ બધાને એક સાથે જોડવાના છે એના લીધે ડેટા એનાલીસીસ, ગુનાની શોધની મોડસ ઓપરેન્ડી એકદમ સ્ટ્રેન્થી થવાની છે અને જે ડેટા બેઝ બનવાનો છે એમાં ફિંગર પ્રિન્ટસ અને ફોટાનો સમાવેશ થવાનો છે એટલે આખા રાજ્યની અંદર જેટલા ગુના પકડાય એ બધાના જ ફિંગર પ્રિન્ટસ ઑટોમૅટીક એફ.એસ.એલ.ની અંદર પહોંચી જાય અને જેલની અંદર જે ગુનેગાર છે એના ફિંગર પ્રિન્ટસ સાથે પહોંચી જાય આ પ્રકારની આખી વ્યવસ્થા કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આના લીધે પાસપોર્ટ, વિઝાનું સંપૂર્ણ કોમ્પયુટરાઈઝેશન થવાનું છે. આ ખાલી હવેથી કોમ્પયુટરાઈઝેશન થવાનું છે એવું નથી, છેલ્લા ૧૦ વર્ષના બધા જ ડેટા આ કૉમ્પ્યુટરની અંદર ફીડ કરવાના છે અને એ ફીડબેકના આધારે આખી ડેટાબેંક ઊભી થવાની છે જે ગુનેગારની શોધમાં, ગુનેગારની કામની પદ્ધતિને ઓળખવામાં અને શોધવામાં તથા તેના આધાર પર પોલીસને વ્યૂહરચના બનાવવામાં ખૂબ મદદરૂપ થવાની છે. પેરોલ, ફરલો અને ભાગેડુની રેડકોર્નર નોટિસો છે એ પણ આની અંદર ઉપલબ્ધ થવાની છે. આગામી વર્ષની અંદર માનનીય અધ્યક્ષશ્રી, સાંભળો તો ખરા, માનનીય દિનેશભાઈ આ પોલીસ વિભાગમાં કેટલો વિકાસ થવાનો છે અને કેટલું વૈજ્ઞાનિક આયોજન વિભાગનું પણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાફિક ગુનામાં જે સંડોવાયેલા લોકો છે એમનું પણ કૉમ્પ્યુટરાઈઝેશન થવાનું છે. પરેડ, મૅડિકલ, હેલ્થ ચેકઅપ અને પોલીસ વેલ્ફેરનું પણ કૉમ્પ્યુટરાઈઝેશન થવાનું છે, આનાથી પ્રજાને ફાયદો થવાનો છે એમાં એક તો ઘેર બેઠા કૉમ્પ્યુટર પરથી પ્રજા ફરિયાદ કરી શકે તેવી સ્થિતિ થવાની છે અને પોતાના વિકટિમ છે એ પોતાના કેસની ઘરે બેઠાં પોતાના કૉમ્પ્યુટર પરથી જાણકારી મેળવી શકે એ પ્રકારની એક આધુનિક વ્યવસ્થા ઉપલબ્ધ થવાની છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ આ પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે જ્યારે ૪૨૫ પોલીસ સ્ટેશનની જીસ્વાન કનેકટીવીટી પૂર્ણ થઈ છે. ૪૩ નવી વેબસાઈટ આવી છે અને હમણાં જ એમણે કહ્યું કે પોતાના કૉમ્પ્યુટર પરથી માણસ જોઈ શકશે ત્યારે મારે એટલું જ જાણવું છે કે જે રીતે બીજા વિભાગમાં ઓનલાઈન અથવા ઈ-મેઈલથી કમ્પલેઈનની જોગવાઈ છે એવી રીતે ઓનલાઈન ફરિયાદ લેવામાં આવી છે કે નહિ અને જો આજ સુધીમાં ના લેવામાં આવતી હોય તો ક્યારથી શરૂ કરવામાં આવશે અને અત્યારે શું કામ નથી લેવામાં આવતી? આ આખીય વ્યવસ્થાનું કોઈ કૉમન સોફટવેર તૈયાર કરવામાં આવ્યું છે કે નહિ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ ઓનલાઈન ફરિયાદ લેવાની પ્રયોગાત્મક શરૂઆત કરી છે. અમદાવાદ શહેરની ૨૫ ફરિયાદો અને વલસાડ શહેરની એક ફરિયાદ મળી છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૪૨૬ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**રાજયમાં આત્મહત્યાના કેસો**

**<#M *૧૯૯૦૫ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં રાજયમાં કેટલા સામૂહિક અને વ્યકિતગત આત્મહત્યાના બનાવો બન્યા?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

તા.૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં રાજયમાં સામૂહિક આત્મહત્યાના ૨૦ અને વ્યકિતગત આત્મહત્યાના ૫૨૮૮ બનાવો બન્યા છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષમાં ૨૦ સામૂહિક એટલે પરિવાર સાથે આત્મહત્યાના બનાવો બન્યા છે અને ૫૨૮૮ વ્યકિતગત આત્મહત્યાના બનાવો બન્યા છે. આ એક વર્ષમાં જે બનાવો બન્યા છે એ ઊંચા વ્યાજ લેવાવાળા પોલીસ અને સરકારની સાંઠગાંઠથી બનાવો બન્યા છે એ મારો પ્રશ્ન છે એમાં મંત્રીશ્રી હા કે ના જવાબ આપે અને બીજો મારો પ્રશ્ન છે કે, આ એક વર્ષમાં આટલી આત્મહત્યાઓ અને સામૂહિક પરિવારો, પોતાની પત્ની અને બાળકોને કેરોસીન છાંટી કે દવા પીને મરી જાય એવા સામૂહિક આત્મહત્યાના બનાવો બન્યા છે અને •(xxxx) મારે (અંતરાય) સાંભળવાની તૈયારી રાખો ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા દો સાહેબ ( અંતરાય )

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચાવો રેકર્ડ ઉપરથી.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જગદીશ ઠાકોર** : મને બોલવા દો સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, બહુ નમ્રપણે કહેવા માગું છું, મારો પ્રશ્ન છે, મને રક્ષણ આપો, મારો પ્રશ્ન છે માનનીય અધ્યક્ષશ્રી, ( અંતરાય ) (xxxx) મને રક્ષણ આપો, માનનીય અધ્યક્ષશ્રી મને રક્ષણ આપો. (xxxx) ( અંતરાય ) માઈક ચાલુ કરો, (xxxx) મુખ્યમંત્રી રાજીનામું આપે ( અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : વિધાનસભાના સ્ટાફની જવાબદારી છે, એ પોતાની જવાબદારી નિભાવે છે, અધ્યક્ષશ્રીનો આદેશ થાય ત્યારે માઈક ચાલુ કરવાની જવાબદારી છે (અંતરાય) અધ્યક્ષશ્રીના આદેશ મુજબ એ જવાબદારી નિભાવે છે ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ ( અંતરાય ) (આ તકે વિપક્ષના સભ્યો પોતાની જગ્યા ઉપર ઊભા થઈ, દાદાગીરી નહીં ચલેગી, દાદાગીરી નહીં ચલેગી,ના સૂત્રોચ્ચાર કરતાં) એમના જે શબ્દો છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. (અંતરાય) સતત સૂત્રોચ્ચાર ચાલુ આ તકે પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી જગદીશ ઠાકોર, વેલમાં ધસી ગયા, ત્યારબાદ વિપક્ષના તમામ સભ્યો વેલમાં ધસી આવી, મુખ્યમંત્રીની દાદાગીરી નહીં ચલેંગી, નહીં ચલેંગી તથા હાય રે મોદી, હાય, હાયના સતત સૂત્રોચ્ચાર કરતાં)

**અધ્યક્ષશ્રી** :નહીં, સભ્યશ્રીઓને બહાર લઈ જાઓ, એમને, પ્લીઝ (અંતરાય, સતત સૂત્રોચ્ચાર ચાલુ)
આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ લૂંટ અને ખુનના કેસો**

૧૯૪૨૬**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા લૂંટ તથા ખૂનના વર્ષવાર ગુન્હા નોંધાયા, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) તે પૈકી ચોટીલા, થાન અને સાયલા પોલીસ સ્ટેશનમાં કેટલા ગુન્હાઓ વર્ષવાર નોંધાયાલ, અને | (૨) પત્રક-૨ મુજબ. |
| (૩) કેટલા ગુન્હામાં કેટલા તહોમતદારો પકડાયા, કેટલા વોન્ટેડ છે ? | (૩) ૧૦૪ (એક્સો ચાર) ગુન્હામાં ૨૮૨ (બસો બ્યાસી) તહોમતદારો પકડાયા, ૩૭ (સાડત્રીસ) વોન્ટેડ છે. |

**પ ત્ર ક -૧**

| અનુ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | લૂંટ | | | | ખૂન | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ |
| ૧ | સુરેન્દ્રનગર સીટી | ૨ | - | ૧ | - | ૪ | ૧ | ૨ | - |
| ૨ | જોરાવરનગર | - | - | ૧ | - | - | ૩ | ૨ | - |
| ૩ | વઢવાણ | - | ૩ | - | - | ૨ | ૨ | ૨ | ૧ |
| ૪ | લખતર | - | - | ૨ | - | ૪ | ૧ | ૧ | - |
| ૫ | મુળી | ૧ | ૨ | ૧ | - | - | ૩ | ૩ | - |
| ૬ | લીંબડી | - | ૪ | ૧ | - | - | ૧ | ૩ | - |
| ૭ | ચુડા | - | - | ૧ | - | ૧ | ૧ | ૩ | - |
| ૮ | પાણશીણા | - | ૧ | - | - | ૧ | ૩ | ૧ | - |
| ૯ | સાયલા | ૧ | ૧ | ૬ | - | ૪ | ૫ | ૨ | ૧ |
| ૧૦ | ચોટીલા | - | ૧ | - | - | ૪ | ૩ | ૨ | - |
| ૧૧ | થાનગઢ | - | ૧ | ૧ | - | - | ૧ | ૪ | - |
| ૧૨ | ધ્રાંગધ્રા સીટી | ૧ | ૧ | ૧ | - | ૩ | - | ૩ | - |
| ૧૩ | ધ્રાંગધ્રા તાલુકો | - | ૩ | ૨ | - | - | ૪ | ૧ | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | હળવદ | ૪ | ૩ | ૧ | ૧ | ૨ | ૩ | - | ૧ |
| ૧૫ | પાટડી | ૨ | ૧ | ૧ | - | ૨ | - | - | ૧ |
| ૧૬ | દસાડા | - | ૨ | ૧ | - | ૧ | - | ૧ | - |
| ૧૭ | ઝીઝુંવાડા | - | - | - | - | - | - | - | - |

**પ ત્ર ક -૨**

| અનુ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | લૂંટ | | | | ખૂન | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ |
| ૧ | સાયલા | ૧ | ૧ | ૬ | - | ૪ | ૫ | ૨ | ૧ |
| ૨ | ચોટીલા | - | ૧ | - | - | ૪ | ૩ | ૨ | - |
| ૩ | થાનગઢ | - | ૧ | ૧ | - | - | ૧ | ૪ | - |

-----------

**જૂનાગઢ જિલ્લામાં પોલીસ કલ્યાણ નીતિ અન્વયે પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય તપાસ**

**૧૮૭૧૦ શ્રી કનુભાઇ ભાલાળા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : ફરજ બજાવતા કુલ-૧૬૪૯ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૫૫૪ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો**

૧૮૮૩૦ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) રૂા.૨૬૩.૭૭ લાખ.

(૨) રૂા.૨૬૩.૭૭ લાખ.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા પોલીસ સ્ટેશનમાં કિડનેપીંગ વિથ મર્ડરના કેસની તપાસ**

૧૯૩૧૬ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ-૦૭માં કિડનેપીંગ વીથ મર્ડરના સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પોલીસ સ્ટેશનમાં કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) આ ગુનાના આરોપીઓ પકડાયેલ છે કે કેમ, અને

(૩) તેઓની સામે શાં પગલાં ભરેલ છે ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) હા, જી.

(૩) પકડાયેલ ૩ (ત્રણ) આરોપીઓમાંથી ૨ (બે) ને રીમાન્ડ સમય પુરો થતાં કોર્ટ હવાલે કરેલ છે. તથા ૧(એક) આરોપીએ ફરજ પરના પોલીસ કર્મચારી પર રીવોલ્વર આંચકી ફાયરીંગ કરતા તેઓએ સ્વબચાવમાં

કરેલ ફાયરીંગમાં ઇજા પામતા સારવાર દરમ્યાન આરોપીનું મૃત્યુ થયેલ છે.

-----------

**દાંતીવાડા ડેમમાં નર્મદાના પાણી નાખવા બાબત**

૨૦૭૧૩ **શ્રી ધારશીભાઈ લ. ખાનપુરાM#> (કાંકરેજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાનું પાણી દાંતીવાડા ડેમમાં નાખવાની યોજના છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે નાખવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય કેનાલમાંથી બે ઉદ્દવહન પાઇપ લાઇન મારફતે દાંતીવાડા ડેમમાં પાણી નાખવાનું આયોજન વિચારાયેલ છે.

(૨) તાંત્રિક અને આર્થિક બાબતોની ચકાસણી બાદ કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

-----------

**કડી તાલુકામાં દારૂનો વેપાર કરવા બાબત**

૧૯૮૨૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દારુના વેપાર કરતાં કેટલા ઇસમો પકડાયા,

(૨) આ ઇસમો પાસેથી વર્ષવાર કેટલી રકમનો દારુનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૩) આ વિસ્તારમાં દારુનો વેપાર કાયમી ધોરણે અટકાવવા સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) કડી તાલુકામાં સને ૨૦૦૪ માં ૬૭૦, ૨૦૦૫ માં ૬૨૦ અને ૨૦૦૬ માં ૬૫૪ ઇસમો પકડાયેલ છે.

(૨)

| | **સને ૨૦૦૪** | **સને ૨૦૦૫** | **સને ૨૦૦૬** |
|---|---|---|---|
| દેશી દારુ લીટર | ૨૪૩૧ | ૨૪૮૮ | ૨૦૫૧ |
| કિંમત રૂા. | ૪૬૮૨૦ | ૪૯૭૬૦ | ૪૧૦૨૦ |
| ઇંગ્લીશદારુ બોટલ | ૧૪૨૩ | ૯૮૪ | ૬૨૨૨ |
| કિંમત રૂા. | ૫૦૧૯૬૪ | ૩૫૮૩૦૦ | ૨૩૬૬૦૭૫ |
| વોશ લીટર | ૩૧૭૦૦ | ૨૬૮૧૫ | ૧૭૦૪૩ |
| કિંમત રૂા. | ૬૩૪૦૦ | ૫૩૬૩૦ | ૩૪૦૮૬ |

(૩) આ વિસ્તારમાં દારૂનો વેપાર કાયમી ધોરણે અટકાવવા પ્રોહીબીશનની ઝુંબેશ રાખી આવી પ્રવૃત્તિ કરતા ઇસમો ઉપર અવારનવાર રેઇડો કરી કેસો કરવામાં આવે છે અને વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવે છે. તેમજ પકડાયેલા ઇસમો ઉપર તડીપારના, પ્રોહીબીશન અને પાસાના કેસો મુકવામાં આવે છે.

-----------

**ખૂન, લૂંટ, બળાત્કાર, અપહરણ, આત્મહત્યાના કેસો**

૧૯૮૫૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યમાં કેટલા ખૂન, લૂંટ, બળાત્કાર, અપહરણ અને આત્મહત્યા થયેલ છે,

**જવાબ**

(૧)

| **ખૂન** | **લૂંટ** | **બળાત્કાર** | **અપહરણ** | **આત્મહત્યા** |
|---|---|---|---|---|
| ૧૨૧૬ | ૯૮૦ | ૪૨૩ | ૧૧૭૧ | ૫૩૦૮ |

(૨) જેમાંથી કુલ કેટલા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી, અને

(૨)

| ખૂન | લૂંટ | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા |
|---|---|---|---|---|
| ૨૨૬૧ | ૧૪૫૦ | ૯૩૫ | ૧૫૪૭ | ૭૯૦ |

(૩) કેટલા ગુનેગારો કેટલા સયમથી ફરાર છે ?

(૩)

| ખૂન | લૂંટ | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા |
|---|---|---|---|---|
| ૧૩૨ | ૧૫૯ | ૨૫ | ૨૪૮ | ૨૦ |

ગુનો નોંધાયા સમયથી ફરાર છે.

-----------

**કચ્છ જિલ્લામાં નર્મદા નહેરની કામગીરી**

૨૦૧૦૦ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નર્મદા યોજનાની નહેરોનું કામ કચ્છ જિલ્લામાં ક્યા તબક્કે છે,

(૨) મુખ્ય અને શાખા નહેરની કામગીરી માટે વર્ષ ૨૦૦૭-૦૮ માટે શાં શાં આયોજન કરવામાં આવ્યા, અને

(૩) ૨૦૦૭-૦૮ના વર્ષમાં ક્યા ક્યા વિસ્તારોમાં નહેરો, શાખા નહેરોની કામગીરી પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં કચ્છ શાખા નહેરનું કામ ૨૦.૭૭ કી.મી. લંબાઇમાં પ્રગતિમાં છે. બાકી નહેરોના કામોની બાંધકામ પૂર્વેને કામગીરી ચાલી રહી છે અને વર્ષ ૦૭-૦૮ થી તબક્કાવાર બાંધકામ હાથ ધરવાનું આયોજન છે.

(૨) મુખ્ય નહેરનું કામ ૨૦૦૭-૦૮ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે. તથા કચ્છ શાખા નહેરની ૭૬ કી.મી. લંબાઇના કામો પૂર્ણ કરવાનું આયોજન છે. બાકીના કામો તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

(૩) કચ્છ શાખા નહેરની ૭૬ કી.મી. લંબાઇની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સુરત જિલ્લામાં આવેલ પૂરથી જમણા કાંઠા નહેરને નુકસાન**

૧૮૬૭૪ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં સને ૨૦૦૬ના વર્ષમાં આવેલ પૂરથી કાકરાપાર આધારિત જમણાકાંઠા નહેરને કેટલું નુક્સાન થયેલ છે,

(૨) તે પૈકી બાંધકામ (કન્સ્ટ્રકશન) અને કાચી નહેરોને કેટલું નુક્સાન થયેલ છે, અને

(૩) પૂરથી ડ્રેનેજોને કેટલું નુક્સાન થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : સને ૨૦૦૬ ના વર્ષમાં આવેલ પૂરથી કાકરાપાર આધારિત જમણાકાંઠા નહેરની આશરે ૭૨ કિ.મી. ની લંબાઇમાંથી ૧૫ અલગ અલગ સ્થળે કુલ. ૧.૨૫ કિ.મી. ની લંબાઇમાં નુકશાન થયેલ છે.

(૩) પૂરથી ૫ સ્થળે સ્ટ્રક્ચરોને નુકશાન થયેલ છે.

-----------

**પંચમહાલ જિલ્લામા ગો વંશ હત્યા અટકાવવાના પગલાઓ**

**<#M૧૯૭૩૭ / શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલી ગોવંશ હત્યા થતી અટકાવવા માટે શું શું પગલાં લીધા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કુલ ૧૦૧૭ ગોવંશ (ગાય, વાછરડાં, વાછરડી, બળદ) ની હત્યા થતી અટકાવેલ છે. ગોવંશ હત્યા અટકાવવા માટે નાઇટ-પેટ્રોલીંગ, સખત નાકાબંધી, તેમજ ગોવંશની ગેરકાયદેસર હેરાફેરી કરતા ઇસમો ઉપર વોચ રાખવામાં

આવે છે.

(૨) આ ગોવંશ હત્યામાં ક્યા ક્યા પશુઓ બચાવ્યા,

(૨) ગોવંશ હત્યામાં ગાય, વાછરડી, વાછરડાં અને બળદને બચાવ્યા છે.

(૩) આ બાબતે કેટલા ગુના દાખલ ર્ક્યા,

(૩) જિલ્લામાં ગોવંશ હત્યા સંબંધે સને ૨૦૦૪ માં ૧૪, સને ૨૦૦૫ માં ૧૪, અને સને ૨૦૦૬ માં ૧૭ ગુના દાખલ કરેલ છે.

(૪) કેટલા તહોમતદારોની ધરપકડ થઇ, અને

(૪) ગોવંશ હત્યા સંબંધે સને ૨૦૦૪ માં ૨૫, સને ૨૦૦૫ માં ૬૫ અને સને ૨૦૦૬ માં ૪૨ તહોમતદારોની ધરપકડ કરવામાં આવેલ છે.

(૫) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા ?

(૫) આ બાબતે સને ૨૦૦૪ માં ૧૩, સને ૨૦૦૫ માં ૧૫, અને સને ૨૦૦૬ માં ૪ વાહનો જપ્ત કરવામાં આવેલ છે.

-------------

**ઉદ્યોગ ગૃહોને ટેક્ષ માફી**

૧૮૭૨૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા ક્યા ઉદ્યોગ ગૃહોને ક્યા પ્રકારની કેટલી ટેક્ષ માફી રાજ્ય સરકારે આપી,

(૨) માફી મેળવનાર ઉદ્યોગ ગૃહ ક્યા પ્રકારની નાણાકીય સંકટમાં હતા, અને

(૩) અગાઉના વર્ષમાં માફી લીધેલ હતી કે કેમ, અને

(૪) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : ટેક્ષ માફી આપવાની સરકારની કોઇ યોજના નથી. ક્ચ્છના ભુકંપ પછી અને ૧૯૭૭ થી ૨૦૦૦ સુધી જુદી જુદી પ્રોત્સાહન યોજનાઓ હેઠળ છેલ્લા બે વર્ષમાં એન્જીનીયરીંગ, ઓટોમોબાઇલ, સીરામીક, ફુડ અને એગ્રો પ્રોસેસીંગ, કેમીક્લ અને પેટ્રો કેમીક્લ, ઇલેકટ્રોનીક વિગેરે ક્ષેત્રોમાં ૧૧૯ એકમોને વેચાણવેરા પ્રોત્સાહનો માટે યોગ્યતા પ્રમાણપત્રો આપવામાં આવેલ છે અને આ એકમોએ ઉત્પાદનમાં ગયા બાદ રૂા. કરોડનો લાભ લીધેલ છે.

-----------

**ડાકોર મંદિરની સુરક્ષા માટે યોજના મોકલેલ**

૧૮૭૧૮ **શ્રી પંકજ દેસાઇ** (નડીયાદ)**: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાકોર મંદિરની સુરક્ષા માટે સરકારે ક્યા ક્યા પગલાંઓ લીધેલ છે,

**જવાબ**

(૧) ડાકોર મંદિરની સુરક્ષા માટે અદ્યતન સ્કીમ તૈયાર કરવામાં આવેલ છે. આ સુરક્ષા ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે. જેમાં પ્રથમ સ્તરીય સુરક્ષામાં મંદિરની અંદરના વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા, દ્વિસ્તરીય સુરક્ષામાં મંદિરની બહારના ૧૦૦ મીટર વિસ્તારની સુરક્ષા અને ત્રિસ્તરીય સુરક્ષા જે મંદિરની ૧૦૦ મીટરની બહારના વિસ્તારની સુરક્ષા એ રીતેની સલામતી વ્યવસ્થા રાખવામાં આવેલ છે. મંદિરની સુરક્ષા સ્થાનિક પોલીસ તેમજ એસ.આર.પી. દ્વારા કરવામાં આવે છે. મંદિરમાં વાયરલેસ સાથેનો કંટ્રોલરૂમ કાર્યરત છે. મંદિરમાં પ્રવેશતા લોકોની ચકાસણી માટે ડી.એફ.એમ.ડી. તેમજ હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ મંદિરની ૨૦૦ મીટરની

ત્રિજ્યાના વિસ્તારમાં કાયમી ધોરણે હથિયાર બંધી કરવામાં આવેલ છે.

(૨) આ મંદિરની સુરક્ષા વ્યવસ્થાની આકસ્મિક ચકાસણી માટે વર્ષ ૨૦૦૬માં કોઇ મોકડ્રીલ યોજવામાં આવી છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો કેટલી વખત ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ખેડા જિલ્લામાં ખૂન, ચોરી અને બળાત્કારના કેસો**

૧૮૬૭૯ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં તાલુકાવાર કેટલા ખૂન થયા, કેટલી ચોરી થઇ અને કેટલા બળાત્કારના કેસો થયા,

(૧)

| તાલુકા | ખૂન | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|
| નડીયાદ | ૧૧ | ૧૦૫ | ૩ |
| માતર | - | ૧૯ | - |
| ઠાસરા | ૮ | ૭૦ | ૧ |
| બાલાસિનોર | ૧ | ૧૮ | ૨ |
| વિરપુર | ૨ | ૧૦ | ૨ |
| કપડવંજ | ૩ | ૨૫ | ૩ |
| કઠલાલ | ૪ | ૧૮ | ૨ |
| મહુધા | - | ૮ | ૧ |
| મહેમદાવાદ | ૧ | ૨૩ | ૨ |
| ખેડા | ૭ | ૩૭ | ૩ |

(૨) આમાંના કેટલા ગુનેગારોને પકડવામાં આવેલ છે, અને

એચબી-૮૪૭-૩

(૨)

| તાલુકા | ખૂન | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|
| | ૭૪ | ૨૮૨ | ૨૭ |

(૩) કેટલાને છોડવામાં આવેલા ?

(૩)

| તાલુકા | ખૂન | ચોરી | બળાત્કાર |
|---|---|---|---|
| | ૬ | ૧ | - |

-----------

**લોક દરબાર યોજવા બાબત**

૧૮૮૩૩ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ "લોક દરબાર" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **યોજાયેલ લોકદરબાર** |
|---|---|
| ૨૦૦૫ | ૨૩ |
| ૨૦૦૬ | ૫૭ |

-----------

**દેવગઢ બારીયામાં વીજળીકરણ**

૧૮૮૬૨ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) દાહેદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલા પેટાપરાની અંદર વીજળીકરણ બાકી છે, અને

(૧) ૯ (નવ).

(૨) બાકી રહેલ પેટાપરાઓમાં ક્યાં સુધીમાં વીજળીકરણ કરવામાં આવશે ?

(૨) બાકી રહેતા પેટાપરાનું વિજળીકરણ આગામી વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં દારુના કેસો

૧૯૪૬૮ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં દારુ પકડવા કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તાલુકાવાર કેટલો દારુ પકડવામાં આવ્યો, અને

(૩) કેટલા ઇસમો સામે પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૪૭૨૮.

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ દારુતથા તેની કિંમત નીચે જણાવ્યા મુજબ છે.

| અ.નુ. | તાલુકાનું નામ | દેશી દારુ | | વિદેશી દારુ | |
|---|---|---|---|---|---|
| | | લીટર | કિંમત રૂપિયા | બોટલ નંગ | કિંમત રૂપિયા |
| ૧ | વઢવાણ | ૪૩૫૭ | ૮૭,૧૪૦ | ૬૨૯ | ૧,૫૭,૨૪૦ |
| ૨ | લખતર | ૩૨૯ | ૬,૫૮૦ | ૩૫૯ | ૯૫,૩૦૦ |
| ૩ | મુળી | ૩૧૮ | ૬,૩૬૦ | ૧૭૫ | ૪૫,૨૦૦ |
| ૪ | લીંબડી | ૭૫૭ | ૧૫,૧૪૦ | ૧૧૪૫ | ૩,૩૨,૯૬૦ |
| ૫ | ચુડા | ૬૮ | ૧,૩૬૦ | ૪૬૩ | ૯૨,૧૦૦ |
| ૬ | સાયલા | ૬૨૭ | ૧૨,૫૪૦ | ૩૮૩૪ | ૮,૦૦,૧૬૩ |
| ૭ | ચોટીલા | ૨૨૩૫ | ૪૪,૭૦૦ | ૧૦૭ | ૩૯,૧૫૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૨૦૩૦ | ૪૦,૬૦૦ | ૨૦૭ | ૨૮,૩૭૫ |
| ૯ | હળવદ | ૧૬૪૭ | ૩૨,૯૪૦ | ૬૯૫ | ૧,૫૮,૪૫૦ |
| ૧૦ | દસાડા | ૭૧૭ | ૧૪,૪૦૦ | ૧૦૦ | ૩૨,૬૫૦ |
| | કુલ | ૧૩૦૮૫ | ૨,૬૨,૦૩૦ | ૭૭૧૪ | ૧૭,૮૧,૫૮૮ |

(૩) ૩૨૪૭

-----------

## પાલીતાણા મંદિરની સુરક્ષા માટે યોજેલ મોકડ્રીલ

૧૮૭૦૮ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા યાત્રાધામની સુરક્ષા માટે સરકારે ક્યા ક્યા પગલાંઓ લીધેલ છે,

**જવાબ**

(૧) શેત્રુંજય પર્વતની તળેટીમાં ઉપર ચડવાના પગથીયાના પ્રવેશ દ્વાર પાસે રસ્તા ઉપર અનુક્રમે સર્કલ પોલીસ ઇન્સ્પેકટરની ક્ચેરી તેમજ તળેટી પોલીસ ચોકી આવેલ છે. યાત્રી સુરક્ષા માટે તળેટી ચોકી ઉપર બે

શીફટમાં સતત પોલીસ કર્મચારી તહેનાત કરવામાં આવેલ છે. શેત્રુંજ્ય પર્વત ઉપર જૈન સમાજ કલ્યાણજી આણંદજી પેઢી દ્વારા ખાનગી સીક્યુરીટી દળના ૫૬ સશસ્ત્ર અને વાયરલેસથી સજ્જ ચોકીદારો રોકાયેલ છે. અને તેની દેખરેખ ગિરિરાજ ઇન્સ્પેક્ટરના માનદ હોદ્દો ધરાવતા સીક્યુરીટી ઇન્ચાર્જ દ્વારા થાય છે. તેઓની આ સલામતી વ્યવસ્થા સ્થાનિક પોલીસના સઘન સંપર્ક અને સંકલનમાં કરવામાં આવેલ છે.

(૨) આ મંદિરની સુરક્ષા વ્યવસ્થાની આકસ્મિક ચકાસણી માટે વર્ષ ૨૦૦૬માં કોઇ મોકડ્રીલ યોજવામાં આવી છે કે કેમ, અને

(૨) ના,જી.

(૩) જો હા, તો કેટલી વખત ?

(૩) પ્રશ્ન ઉભો થતો નથી.

-----------

## કચ્છ અને જામનગર જિલ્લામાં બોક્સાઇટનું વેચાણ

૨૦૦૮૧ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ અને જામનગર જિલ્લામાં બોક્સાઇટના લીઝ ધારકો પેકી વપરાશ માટે કેપ્ટીવ માઇનના ઇજારદારો પેકી બોક્સાઇટનો વપરાશ સિવાય ઓપન માર્કેટ કે નિકાસ માટે વેચાણ કરે છે તેની સરકારને જાણ છે, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં ૩૧ ડીસેમ્બર - ૨૦૦૬ ની સ્થિતિએ વર્ષવાર કચ્છ અને જામનગર જિલ્લામાં ક્યા ક્યા લીઝ ધારકોએ કેટલું બોક્સાઇટ ખોદયુ અને વેચાણ કે નિકાશ કર્યુ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કચ્છ અને જામનગર જિલ્લામાં વર્ષવાર બોક્સાઇટ ખનિજ ખોદાણ અને વેચાણ/નિકાસની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | લીઝ ધારકની સંખ્યા | ઉત્પાદન મે.ટન | વેચાણ/નિકાસ મે.ટન |
|---|---|---|---|---|
| કચ્છ | ૨૦૦૪ | ૨ | ૨૮૨૩૨૧.૫૭ | ૪૦૮૭૮૦.૮૯ |
| | ૨૦૦૫ | ૨ | ૧૧૧૯૦૭.૦૦ | ૧૯૨૭૫૯.૮૩ |
| | ૨૦૦૬ | ૨ | ૩૩૨૪૭.૮૩ | ૪૩૧૬૩.૩૫ |
| જામનગર | ૨૦૦૪ | ૧૦૬ | ૧૯૩૯૪૮૭.૩૧ | ૨૦૩૪૪૭૨.૭૮ |
| | ૨૦૦૫ | ૧૦૬ | ૨૮૦૧૧૫૯.૬૬ | ૩૧૫૮૪૭૫.૨૫ |
| | ૨૦૦૬ | ૧૦૬ | ૩૭૯૫૯૮૪.૧૮ | ૪૪૪૮૪૪૫.૫૬ |

કચ્છ અને જામનગર જિલ્લાના લીઝ ધારકોની વિગત અનુક્રમે *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ સામેલ રાખેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## કચ્છ એલ્યુમીનીયમ પ્રોજેક્ટમાં વ્યાપક ગેરરીતિ

૧૯૨૮૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છમાં રૂા. ૨૫૦૦ કરોડના ખર્ચે સ્થપાનાર એલ્યુમીનીયમ પ્રોજેક્ટ આશાપુરા માર્કેટીંગ એજન્સીને તજજ્ઞો અને અધિકારીઓના નકારાત્મક અભિગમ પછી ક્યા કારણોસર સોંપવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં આશાપુરા માઇનકેમ ને એલ્યુમિના પ્રોજેક્ટ સોંપવાના નિર્ણય સામે મે. એલ્યુકેમ આઇ.એન.સી. દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ, જેમાં, નામ. ગુજરાત હાઈકોર્ટે તા. ૧૩-૭-૦૬ ના હુકમ થી બંને પક્ષકારોને સાંભળીને રાજ્ય સરકારને આ અંગે નિર્ણય કરવા તથા રાજ્ય

સરકાર જે નિર્ણય કરે તે આખરી નિર્ણય ગણાશે અને તે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે અને તે ચેલેન્જ કરી શકાશે નહીં તે મુજબનો ચૂકાદો આપેલ હતો તદ્અનુસાર રાજ્ય સરકારે બંને પક્ષકારોને સાંભળીને ગુણદોષોના આધારે આ નિર્ણય કરેલ છે.

(૨) આ પ્રકરણમાં વ્યાપક ગેરરીતિ અન્વયે સરકારને તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી ફરિયાદો મળી?

(૨) આ પ્રકરણમાં ગેરરીતિ અંગેની એક ફરિયાદ તકેદારી આયોગ મારફતે મળેલ હતી. જેમાં, કોઇ ગેરરીતિ થયેલ નથી, તે અંગેનો રીપોર્ટ આયોગને રજૂ કરવામાં આવતાં, આયોગે તે સ્વીકારી, આ પ્રકરણ દફતરે કરેલ છે.

-----------

## કચ્છ જિલ્લામાં લૂંટ, ખૂન, તેમજ બળાત્કારના કેસો

૨૦૦૩૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૦૪, ૨૦૦૫ તેમજ ૨૦૦૬ ની સાલમાં લૂંટ, ખૂન તેમજ બળાત્કારના કેટલા ગુન્હાઓ બન્યા, અને

(૨) આ ક્રાઈમ રેટ ઓછો કરવા સરકારે ક્યા નક્કર પગલાં લીધા ?

**જવાબ**

| (૧) | ગુનાનો પ્રકાર | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|---|---|
| | લુંટ | ૩૧ | ૩૩ | ૫૫ |
| | ખુન | ૨૮ | ૩૫ | ૩૯ |
| | બળાત્કાર | ૧૩ | ૦૯ | ૧૯ |

(૨) પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓ દ્વારા દિવસ તેમજ રાત્રી પેટ્રોલીંગ કરવામાં આવે છે. ફરજ પર મુકેલા પોલીસ કર્મચારીઓનું ચેકીંગ કરવામાં આવે છે. પ્રજાના પ્રશ્નોની લોક દરબાર યોજી જાણકારી મેળવી પ્રશ્નોનો નિકાલ કરવામાં આવે છે. ઉપરાંત ગુનાઓની વેજ્ઞાનિક પધ્ધતિથી તપાસ કરવામાં આવે છે. સીઆરપીસી-૧૦૯ તથા બીપીએક્ટ-૧૨૨ હેઠળ કેસો મુકવામાં આવેલ છે તથા શંકાસ્પદ ઈસમોના બી-રોલ ભરવામાં આવેલ છે.

-----------

## સોરાષ્ટ્રમાં ગેરકાયદેસર ખનીજ-ખોદાણના કેસો

૨૦૦૬૨ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોરાષ્ટ્રમાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કુલ કેટલા કેસો પકડાયા,

(૨) કેટલી રકમના અંદાજે ગેરકાયદેસર ખનીજોની ચોરી પકડાઈ,

**જવાબ**

(૧) ૪૪૫ કેસો.

(૨) અને (૩) ગેરકાયદેસર ખનિજોની ચોરી પકડીને કસૂરવાર ઈસમો સામે નીચે મુજબના પગલાઓ લેવામાં આવેલ છે.

(અ) ૧૮૯ કેસોમાં માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૧૯૫૭ ની કલમ ૨૩ એ (૧)

હેઠળ ૮૧૬૬૧ મે.ટન ખનિજ ચોરી ગુનો કબુલ કરેલ છે. સમાધાન પેટે રૂા. ૧૦૬.૮૬ લાખ વસુલાત કરવામાં આવેલ છે.

(બ) ૪૭ કેસોમાં એમ.એમ. (ડી.આર.) એક્ટ ૧૯૫૭ ની કલમ ૨૧(૫) હેઠળ ૩૪૧૬૨૫ મે. ટન ખનિજ ચોરી સાબિત થતાં રૂા. ૪૫૭.૯૫ લાખના દંડના હુકમો કરવામાં આવેલ છે.

(ક) ૬૫ કેસોમાં એલ.આર.સી. ની કલમ ૩૯ એ હેઠળ ૨૦૨૬૩૦ મે. ટન ખનિજ ચોરી સબબ ના કેસો મામલતદારશ્રીની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

(ડ) ૮૭ કેસોમાં આઈ.પી.સી.ની કલમ ૩૭૯ હેઠળ રૂા. ૩૫૫૭૧૫૧ મે. ટન ખનિજ જથ્થાની ચોરી સબબ પોલીસ કેસો દાખલ કરવામાં આવેલ છે.

(ઈ) ૫૭ કેસોમાં ૯૩૯૬૪૭૨ મે.ટન ખનિજ ચોરી માટે પ્રથમ નોટીસ કસુરદારોને આપવામાં આવેલ છે.

(૩) આ પકડાયેલા ઈસમો સામે ક્યા ક્યા પ્રકારના પગલાં લેવાયા, અને

(૪) કેટલા ઈસમો હજુ નાસતા ફરે છે ?

(૪) ૧૦ ઈસમો.

-----------

## રાજ્યમાં મૂડી રોકાણના એમ.ઓ.યુ

૧૮૯૯૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમોમાં કેટલા મૂડી રોકાણના એમ.ઓ.યુ. થયા, અને

(૨) વર્ષ-૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ. માંથી કેટલું મૂડી રોકાણ અમલીકરણ હેઠળ છે, કેટલી રોજગારી ઉભી થઈ ?

**જવાબ**

(૧) જાન્યુઆરી, ૨૦૦૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમમાં રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના ૨૨૬ એમ.ઓ.યુ/જાહેરાત થયા તથા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭માં કુલ ૩૬૩ પ્રોજેક્ટના

રૂા. ૪,૬૧,૮૩૫ કરોડના એમ.ઓ.યુ/જાહેરાતો થયેલ છે.

વર્ષ ૨૦૦૬માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટનો કાર્યક્રમ થયેલ નથી.

(૨) વર્ષ-૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ માંથી રૂા. ૮૮,૨૪૯.૬૬ કરોડના ૧૬૯ પ્રોજેક્ટસ અમલીકરણના વિવિધ તબક્કામાં છે, અને તેમાં અમલીકરણ સંપૂર્ણ થયેથી ૨,૫૩,૦૦૦ની રોજગારી ઉભી થવાની સંભાવના છે.

-----------

## નર્મદાનું પાણી ડેમમાં નાખવા બાબત

૧૮૭૫૨ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા** (મોરબી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મોરબી - મચ્છુ-૨ ડેમમાં નર્મદાનું પાણી નાખવા માટે કેટલો સમય લાગશે ?

**જવાબ**

નર્મદા યોજનાની મોરબી પેટા શાખા નહેર મચ્છુ-૨ ડેમમાં અંતિત થાય છે. આ નહેરનું કામ ચાલુ વર્ષમાં તબક્કાવાર શરૂ કરી વર્ષ ૨૦૦૮ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે. નર્મદા નદીમાં વધારાના પાણીની ઉપલબ્ધિ અને પાણીના વપરાશને આધિન મચ્છુ-૨માં પાણી આપી શકાશે.

----------

## ભરૂચ જિલ્લાની મધ્યબારા પાણી પુરવઠાની યોજનાની સુધારણા

૧૮૬૫૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની પીવાના પાણી પહોંચાડનારી મધ્યબારા પાણી પુરવઠા યોજનાની સુધારણા માટેની કાર્યવાહીમાં ભારે વિલંબ થઈ રહ્યો છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) આ અંગે કેટલી વખત ક્યારે ક્યારે ટેન્ડરો બહાર પાડી કઈ કઈ એજન્સીઓને કામો સોંપાયા,

(૩) આવા કામો સોંપાયા પછી પણ તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં આ અંગે કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી તે અન્વયે સરકાર જવાબદારો સામે શાં પગાલાં ભરવા માંગે છે, અને

(૪) આ યોજના ક્યારે પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) વિલંબ અંગે સરકાર વાકેફ છે.

(૨) બે વખત નીચેની વિગતે

| અનુ. | તારીખ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | ૨૪-૧૨-૦૩ | મે. સોરઠીયા એન્ડ કું. વડોદરા |
| ૨ | ૧૫-૬-૦૬ | મે. જોય બિલ્ડર્સ, સુરત |

(૩) ખાતા દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં પ્રથમવારના ટેન્ડરના ઠેકેદાર સામે કરારખત મુજબ જરૂરી પગલાં લેવામાં આવેલ છે. ત્યારબાદ ટેન્ડરો ફરીથી માંગવામાં આવેલ છે અને નવી એજન્સી નક્કી કરવામાં આવેલ છે.

(૪) સપ્ટેમ્બર-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

## વાહનો લૂંટના બનાવો

૧૮૭૩૯ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** (હાલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરાથી હાલોલ અને હાલોલ ગોધરા બાયપાસ નવજીવન હોટલ સુધીના માર્ગ પર છેલ્લા બે વર્ષમાં
તા. ૩૧-૧૨-૦૬ની પરિસ્થિતિએ વાહનો લૂંટના કેટલા બનાવો બન્યા છે, અને કેટલા પોલીસ દફતરે નોંધાયેલ છે,

(૨) આ પેકી કેટલા ગુન્હાઓ ડીટેક્ટ થયા છે, અને

(૩) આવા લૂંટના બનાવો અટકાવવા ખાસ શાં પગલાં ભરવા માંગો છો ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ) ગુના બન્યા છે અને ત્રણે ગુના પોલીસ દફતરે નોંધાયા છે.

(૨) ડીટેક્ટ થયેલ નથી.

(૩) આવા લુંટના બનાવો અટકાવવા સારૂ પોલીસ પેટ્રોલીંગ તથા હાઈવે રોડ ઉપર પેટ્રોલીંગ અને મોબાઈલ પેટ્રોલીંગ કરવામાં આવે છે. તેમજ રાત્રિના સમયે બે મોટર સાયકલ પેટ્રોલીંગ ક્રોસમાં સતત ફરે છે તેમજ સુપરવાઈઝર અધિકારી ચેકીંગ માટે આ રોડ ઉપર પેટ્રોલીંગ ફરી નાઈટ રાઉન્ડ માણસોને ચેક કરે છે. તેમજ જરોદ આઉટ પોસ્ટ પોલીસ ચોકીમાં એ.એસ.આઈ.-૨ તથા હે.કો.-૨ તથા પો.કો.-૫ તથા હોમગાર્ડ-૧૦ માણસો આ રોડ ઉપર નાઈટ પેટ્રોલીંગ ફરજો બજાવેલ છે.

-----------

**સાયલા પોલીસ સ્ટેશનના અપહરણ અને ખૂનના આરોપીને પકડવા અંગે**

૧૯૩૧૫ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** (તલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણ અને ખૂનના સંયુક્ત ગુનાના આરોપી પોલીસ સાથેની મૂઠભેડમાં મૃત્યુ પામેલ હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી.<br>ત્રણ આરોપીઓ પેકી એક આરોપી પોલીસ સાથેની મૂઠભેડમાં મૃત્યુ પામેલ છે. |
| (૨) જો હા, તો આ ગુનાના બીજા કોઈ આરોપીઓ પકડવાના બાકી છે કે કેમ, જો બાકી હોય તો કેટલા ? | (૨) ના, જી. |

-----------

**ગૃહ વિભાગ હસ્તકના રહેમરાહે નોકરીના પડતર કેસો**

૧૯૩૮૭ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગૃહ વિભાગ હસ્તક રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો એક વર્ષ - બે વર્ષ અને તેથી ઉપરના<br>તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ પડતર છે, | (૧) એક વર્ષ સુધીના : ૩૭<br>બે વર્ષ સુધીના : ૩૬<br>બે વર્ષથી ઉપરના : ૧૧૩<br>કુલ : ૧૮૬ |
| (૨) ગૃહ વિભાગ ધ્વારા કેટલા કેસો ગોણ સેવા પસંદગી મંડળને તે અન્વયે મોકલી આપવામાં આવ્યા છે, | (૨) ૭૭૦ |
| (૩) કેટલા આશ્રીતોને રહેમરાહે નોકરી આપી, | (૩) ૪૯૯ |
| (૪) ગોણ સેવામાં આપેલા કેસો પેકી કેટલા કેસોમાં હજુ નોકરીઓ આપવામાં આવી નથી, અને | (૪) ૧૪૫ |
| (૫) તેના કારણો શા છે ? | (૫) નવી શેક્ષણિક નીતિ અમલમાં આવતા અરજદારો પાસેથી વર્ગ-૪માં સંમતિપત્ર મેળવવા તેમજ કોમ્પ્યુટર અંગેની માહિતી બાકી હોવાથી |

-----------

**ભાવનગર ખાતે આવેલ આલ્કોક એશડાઉનમાં વી.આર.એસ.યોજનાનો અમલ મુકવા અંગે**

૧૯૦૯૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર ખાતે આવેલા આલ્કોક એશડાઉનમાં વી.આર.એસ.ની યોજના અમલમાં મુકેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) કંપનીના રીસ્ટ્રક્ચરીંગના હેતુથી વીઆરએસની યોજના અમલમાં મુકેલ છે. |
| (૩) તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં તેનો કેટલા કર્મચારીઓએ લાભ લીધો ? | (૩) આ યોજના ૨૨-૧-૦૭ના રોજ જાહેર થયેલ હોઈ તે અગાઉ લાભ લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કારગો અને હાર્બર બંદરનું આયોજન**

૧૯૬૩૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેરાવળ અને સુત્રાપાડા દરિયા કિનારા વિસ્તારમાં કારગો અને હાર્બર બંદર વિક્સાવવાનું કોઈ આયોજન છે ખરુ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હાલના તબક્કે આ બન્નેને વિક્સાવવા માટે ક્યા તબક્કે કામગીરી થઈ રહી છે, અને | (૨) (૧) વેરાવળ મત્સ્ય બંદરને અપગ્રેડ કરવામાં આવનાર છે. અને આ માટે વહીવટી મંજુરી મેળવવા ભારત સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે. |

(૨) સુત્રપાડા ખાતે મત્સ્ય બંદર વિકસાવવા માટે મોડેલ સ્ટડીઝ માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આગામી નાણાકીય વર્ષમાં સરકારનું આ બન્ને વિકસી રહેલા બંદરોના વિકાસ અર્થે શું આયોજન છે ?

(૩) (૧) વેરાવળ મત્સ્ય બંદર ખાતે હાથ ધરવાના થતાં કામો ભારત સરકારશ્રીની મંજૂરી બાદ તુરંત હાથ ધરવામાં આવશે.

(૨) સુત્રપાડા ખાતે વ્યાપારીક બંદર વિકસાવવા ખાનગી વિકાસકાર નક્કી થયેથી તથા મત્સ્ય બંદર માટે નાણાંકીય સહાય મંજૂરી થયેથી કામગીરી તુરંત હાથ ધરવામાં આવશે.

-----------

**અમદાવાદ શહેરમાં પાસાના કાયદા હેઠળના કેસોની માહિતી**

૧૯૭૬૬ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાસાના કાયદા હેઠળ કેટલા લોકો સામે કેસો કરવામાં આવ્યા છે,

(૨) કેટલા લોકોની ધરપકડ કરવામાં આવેલ છે, અને

(૩) આ ધરપકડોમાંથી પાસાના બોર્ડ તરફથી કેટલાની ધરપકડોને માન્ય રાખવામાં આવેલ છે અને કેટલાને બોર્ડ મુક્ત કરવાની ભલામણ કરી છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **કેસો કર્યા** |
|---|---|
| ૨૦૦૫ | ૪૩૭ |
| ૨૦૦૬ | ૪૧૯ |

(૨)

| **વર્ષ** | **ધરપકડ (અટકાયત) કરી** |
|---|---|
| ૨૦૦૫ | ૪૩૩ |
| ૨૦૦૬ | ૪૦૨ |

(૩)

| **વર્ષ** | **પાસા સલાહકાર બોર્ડ** ધરપકડ (અટકાયત)ને માન્ય રાખી | અટકાયતમુક્ત કરવાભલામણ કરી. |
|---|---|---|
| ૨૦૦૫ | ૩૬૧ | ૫૯ |
| ૨૦૦૬ | ૩૦૨ | ૯૫ |

-----------

**સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઓદ્યોગિક એકમોની સ્થાપના**

૨૦૨૨૩ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ૩ વર્ષમાં કેટલા મોટા કદના અને મધ્યમ કદના ઓદ્યોગિક એકમો સ્થપાયા, અને

(૨) આ ઓદ્યોગિક એકમોને કારણે કેટલા શિક્ષિત બેરોજગારોને નોકરીઓ ઉપલબ્ધ થઈ ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર મોટા કદના અને મધ્યમ કદના નીચે મુજબ ઓદ્યોગિક એકમ સ્થપાયા છે.

૧. હિંમતનગર -૬
૨. પ્રાંતિજ -૬
૩. તલોદ -૧

(૨) લગભગ ૯૦૦.

-----------

**ખાણ ખનીજની રોયલ્ટી પેટે રાજ્ય સરકારને મળતી રકમનો અંદાજ**

૧૯૦૪૮ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ખાણ ખનીજની રોયલ્ટી પેટે રાજ્ય સરકારને કેટલી રકમ મળવાનો અંદાજ હતો,

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ખાણ ખનીજની રોયલ્ટી પેટે રાજ્ય સરકારને રૂા. ૨૪૧.૬૨ કરોડની રકમ મળવાનો અંદાજ હતો.

(૨) તે અંદાજ સામે કેટલી રકમ મળી, | (૨) રૂા. ૩૦૮.૧૭ કરોડ

(૩) રાજ્ય સરકારના અંદાજ મુજબ જે રકમ મળવાની હતી તેમાં વધારો થયો છે કે ઘટાડો, અને | (૩) રૂા. ૬૬.૫૫ કરોડનો વધારો થયેલ છે.

(૪) જો ઘટાડો થયો હોય તો તેનાં શા કારણો છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કલ્પસર યોજનાની માહિતી મેળવવા બાબત**

૨૦૨૧૦ **શ્રી બાલુભાઈ તંતી** (ધારી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કલ્પસર યોજનામાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલું ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) કલ્પસર યોજનામાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રૂા. ૨૫૪૪.૪૯ લાખનો કુલ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના ક્યા તબકકે છે અને કાર્યાન્વીત કેટલા સમયમાં થશે ? | (૨) આ યોજના હાલ પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તેયાર કરવાના તબકકે છે. અહેવાલ તેયાર થયા બાદ યોજનાની કામગીરી હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. |

----------

**રાજ્યમાં કોન્સ્ટેબલની ખાલી જ્ગ્યાઓ ભરવા અંગે**

૧૯૧૮૨ **શ્રી શંકરભાઇ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલા કોન્સ્ટેબલની ખાલી જ્ગ્યાઓ છે, અને | (૧) ૫૮૧૧. |
| (૨) તે ખાલી જ્ગ્યા ભરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) વહીવટી અનુકૂળતાએ ખાલી જ્ગ્યાઓ ભરવામાં આવે છે. |

-----------

**ખેડા જિલ્લામાં પોલીસ કલ્યાણ નીતિ અન્વયે પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય તપાસ**

૧૮૭૧૩ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે "પોલીસ કલ્યાણ" નીતિ અપનાવીને ફરજ બજાવતાં તમામ પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ ફરજ બજાવે છે, અને | (૨) અને (૩) ફરજ બજાવતા કુલ ૧૩૯૫ કર્મચારી/અધિકારીઓ પેકી ૧૩૦૧ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |
| (૩) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ? | |

-----------

**અમદાવાદ શહેરમાં યોજાયેલ વાઇબ્રન્ટ આઇ.ટી. સમિટ ૨૦૦૬ની માહિતી**

૨૦૨૧૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તાજેતરમાં યોજાયેલા વાઇબ્રન્ટ આઇ.ટી. સમીટ ૨૦૦૬માં આઇ. ટી. પાર્ક, ડેવલોપર ટેલિકોમ સર્વિસ પ્રોવાઇડર અને આઇ.ટી. બીપીઓ-કેપીયો ક્ષેત્રે કેટલું રોકાણ અંદાજવામાં આવ્યું છે અને તેમાં નોકરીની કેટલી તકો અંદાજવામાં આવી છે, અને | (૧) રૂા. ૧૧,૦૬૭/-કરોડનું રોકાણ અને ૩,૨૫,૯૦૦/-નોકરીની તકો અંદાજવામાં આવેલ છે. |
| (૨) ગુજરાતમાં આઈ.ટી. ક્ષેત્રે વિકાસ માટે | (૨) સામેલ પત્રક મુજબ |

શિરમોર બનવા કેવા પગલાં સરકારે લીધા છે ?

**પત્રક**

(૧) રાજ્ય સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પોલીસી ૨૦૦૬-૧૧ જાહેર કરેલ છે જે અંતર્ગત રાજ્યના નવા આઈ.ટી. ઉદ્યોગોને ઈલેક્ટ્રીક ડયુટીમાંથી રાહત, મજૂર કાયદાઓના સરળીકરણનો લાભ, મેગા આઈ.ટી. પ્રોજેક્ટ માટે સ્પેશ્યલ પેકેજ, નવા આઈ.ટી. એસ.ઈ.ઝેડ. માટેના પ્રોત્સાહનો, આઈ.ટી. વેન્ચર ફંડ, આઈ.ટી. એડવાઈઝરી કમિટી જેવા મહત્વના પગલાંઓનો સમાવેશ થાય છે.

(૨) રાજ્યમાં વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સારૂ રાજ્ય સરકારે દેશભરમાં જાણીતા એવા આઈ.ટી. ડેવલપર્સને આઈ.ટી. પાર્ક વિક્સાવવા માટે તેમજ ગાંધીનગર કેપીટલ સીટી વિસ્તારમાં આઈ.ટી. ઝોન સ્થાપવા માટે જમીનની ફાળવણી કરવા માટેની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) રાજ્યની અંદર આઈ.ટી. ઉદ્યોગ માટે યોગ્ય કૌશલ્ય ધરાવતો મેનપાવર મળી રહે તે માટે ટી.સી. એસ., આઈ.બી.એમ., અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ સાથે ઈજનેરી છાત્રોનું કૌશલ્ય સુધારવા માટેના સેટેલાઈટ આધારિત કાર્યક્રમ શરૂ કર્યા છે.

(૪) નાસ્કોમ, કે જે આઈ.ટી. સોફ્ટવેર કંપનીઓનું એસોસીએશન છે, તેમની સાથે મળી આઈ.ટી. ક્ષેત્રમાં ગુજરાત રાજ્યમાં કંપનીઓ મૂડી રોકાણ કરે તે માટેની કાર્યવાહી શરૂ કરેલ છે.

-----------

**રાજ્યમાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની રચના**

૧૯૫૮૯ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ** (ચાણસ્મા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સરકાર કેટલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ઉભા કરવા ઇચ્છે છે, | (૧) આ બાબત એસઈઝેડ સ્થાપવા માટે ડેવલપર્સ ધ્વારા મળનાર અરજીઓ/દરખાસ્તો પર આધારિત છે. કેન્દ્ર સરકારના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય ધ્વારા ૩૩ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને મંજુરી આપવામાં આવેલ છે, વધુ ૧૦ દરખાસ્તો મંજુરી માટે ભારત સરકારને ભલામણ કરવામાં આવેલ છે, તદ્ઉપરાંત ૭ દરખાસ્તો મળેલ છે જે વિચારણા હેઠળ છે. |
| (૨) તેમાં કેટલા હેકટર જમીન સંપાદિત કરવામાં આવશે, | (૨) સ્પેશીયલ ઈકોનોમીક ઝોન માટે ડેવલપર્સ ધ્વારા જુદા જુદા માધ્યમોથી જમીન મેળવવામાં આવે છે જેમ કે ખાનગી વાટાઘાટથી, જમીન સંપાદન કરીને, સરકારી જમીનો મેળવીને વિગેરે. સ્પેશીયલ ઈકોનોમીક ઝોનની મંજુરી મળ્યા પછી સમયાંતરે જમીનો મેળવવામાં આવે છે. આ ૩૩ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનમાં ડેવલપર્સ ધ્વારા આપેલ માહિતી મુજબ ૧૯૧૧૨ હેકટર જમીનનો ઉપયોગ થશે. |
| (૩) તેમાં ઉત્તર ગુજરાતના ક્યા ક્યા જિલ્લાઓનો સમાવેશ થયેલ છે, | (૩) ઉત્તર ગુજરાતના ગાંધીનગર જીલ્લાનો સમાવેશ થાય છે. |
| (૪) આ ઝોન ક્યા ક્યા ઉદ્યોગ ગૃહો બનાવશે, | (૪) પરિશિષ્ટ અ-મુજબ. |
| (૫) તેમાં કેટલું મૂડી રોકાણ થશે, અને | (૫) ડેવલપર્સ ધ્વારા આપવામાં આવેલ વિગતો મુજબ ૩૩ મંજુર થયેલ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનમાં કુલ મુડીરોકાણ રૂા. ૧,૪૯,૮૪૭ કરોડ થનાર છે. |
| (૬) તેમાંથી રોજગારી કેટલા લોકોને મળશે ? | (૬) ડેવલપર્સ ધ્વારા આપવામાં આવેલ વિગતો મુજબ ૩૩ મંજુર થયેલ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનમાં કુલ<br>રૂા. ૧૦.૬૧ લાખની રોજગારી ઉત્પન્ન થવાની શક્યતા છે. |

**પરિશિષ્ટ-અ**

તા.૩૧-૧૨-૦૬ સુધીમાં બોર્ડ ઓફ એપ્રુવલ દ્વારા મંજૂર થયેલ એસ.ઇ.ઝેડ

| ક્રમાંક | વિકાસકાર |
|---|---|
| ૧. | ડી.સી., કંડલા એસ.ઇ.ઝેડ, ગાંધીધામ |
| ૨. | ડાયમન્ડ એન્ડ જેમ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન સચિન, સુરત |
| ૩. | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર |
| ૪. | રીલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ૫. | દહેજ એસઇઝેડ લી., C/o જી.આઇ.ડી.સી., બ્લોક નં.૩ અને ૪, ગાંધીનગર |
| ૬. | મુન્દ્રા પોર્ટ અને એસઇઝેડ લી., અમદાવાદ-૩૮૦૦૦૯ |
| ૭. | ઝાયડસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી., અમદાવાદ-૩૮૦૦૧૫ |
| ૮. | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર |
| ૯. | એસ્સાર એસઇઝેડ હજીરા લી., અમદાવાદ |
| ૧૦. | ગુજરાત હીરા બુર્સ, સુરત |
| ૧૧. | મુન્દ્રા એસઇઝેડ લી., અમદાવાદ |
| ૧૨. | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર |
| ૧૩. | સીપીએલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી., અમદાવાદ |
| ૧૪. | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર |
| ૧૫. | એસ્સાર એસઇઝેડ જામનગર લી., જામનગર |
| ૧૬. | જ્યુબીલેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી., નોઇડા |
| ૧૭. | એક્વાલાઇન પ્રોપર્ટીઝ પ્રા.લી., મુંબઇ |
| ૧૮. | કાલીકા કન્સ્ટ્રક્શન એન્ડ ઇમ્પેક્સ પ્રા.લી., અમદાવાદ |
| ૧૯. | મુગ્ધા (થલતેજ) કોમ્પ્લેક્સ પ્રા.લી., અમદાવાદ |
| ૨૦. | કંડલા પોર્ટ ટ્રસ્ટ, ગાંધીધામ |
| ૨૧ | અદાણી પાવર પ્રા.લી., અમદાવાદ |
| ૨૨. | વેલસ્પન અંજાર એસઇઝેડ લી., મુંબઇ |
| ૨૩ | જે.બી.કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી., પાનોલી, ભરૂચ |
| ૨૪. | એન.જી.રીયાલીટી પ્રા.લી., અમદાવાદ |
| ૨૫. | અદાણી એક્સપોર્ટ લી., અમદાવાદ |
| ૨૬. | જ્યુબીલેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી., નોઇડા |
| ૨૭. | સુઝલોન ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી., અમદાવાદ |
| ૨૮. | સ્ટર્લીંગ બાયોટેક લી., વડોદરા |
| ૨૯. | જયંત ઓઇલ એન્ડ ડેરીવેટીઝ લી., મુંબઇ |
| ૩૦. | દીશમાન ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી., અમદાવાદ |
| ૩૧ | દીશમાન ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી., અમદાવાદ |
| ૩૨. | એસ્સાર સુવાલી એસઇઝેડ લી., અમદાવાદ |
| ૩૩. | ઇન્ડીયન સ્ટીલ કોર્પોરેશન લી., ઇન્દોર |

-----------

**નર્મદાનું પીવાનું પાણી પુરુ પાડવાની યોજના**

૧૯૨૨૫ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાને તા. ૧-૧-૦૬થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં નર્મદાનું પીવાનું પાણી પુરુ પાડવાની યોજનાની પ્રગતિ ક્યા સ્ટેજે છે,

**જવાબ**

(૧) તા.૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬ સુધીમાં યોજના હેઠળના વિવિધ ઘટકોની કામગીરી જેમ કે, પાઇપ લાઇન ૯૩ કિ.મી. નાંખવામાં આવી, ૫ નંગ ઉંચી ટાંકી પૂર્ણ કરવામાં આવી, ૧૦૯ નંગ ભૂગર્ભ સંપ પૂર્ણ કરવામાં આવ્યા, ફીલ્ટર પ્લાન્ટની ૫૫ ટકા કામગીરી તેમજ ૯૪ પંપ હાઉસ પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત જમીન સંપાદનની ૧૧ દરખાસ્તો, રેલ્વે ક્રોસીંગની ૪, કેનાલ ક્રોસીંગની ૫ તથા રોડ ક્રોસીંગની

૨૧ દરખાસ્તોની મંજૂરી મેળવેલ છે.

(૨) આ અંગે રાજ્ય સરકારનું લીંબડીને પીવાનું પાણી આપવાનું આયોજન કેટલા સમયમાં પુરુ થાય તેમ છે, અને

(૨) માહે જુલાઇ-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) આ કામમાં વિલંબના કારણો શાં છે ?

(૩) રેલ્વે અને કેનાલ ક્રોસીંગની મંજૂરી સમયસર ન મળવાથી, કેનાલ ઓફ ટેઇકની કાર્યવાહીમાં થયેલ વિલંબ, પાઇપ લાઇન નાખવાની તથા હેડવર્કસ માટેની જમીનના હક્કો સંપાદનમાં કરવામાં આયોજન કરતા વધુ સમય થવાથી, ગત ચોમાસા દરમ્યાનમાં ભારે વરસાદ થવાથી તેમજ કોન્ટ્રાકટર દ્વારા સમયસર કામગીરી ન કરવા જેવા કારણોસર કામમાં વિલંબ થયેલ છે.

-----------

## સ્વજલધારા યોજના અંતર્ગત ભારત સરકારે ગુજરાતમાં ફાળવેલ લક્ષ્યાંક

૧૯૯૭૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) **: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સ્વજલધારા યોજના અંતર્ગત ભારત સરકારે રાજ્યમાં ફાળવેલ લક્ષ્યાંક રાજ્ય સરકાર સિધ્ધ કરી શકી નથી તે હકીકત સાચી છે,

(૧) ના, જી.

એચબી-(૯૪૭)-૬ જો, હા, તો તેના શાં કારણો છે, અને

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) જો ના, તો આ યોજનાથી ક્યા જિલ્લામાં ક્યા ગામો લાભાન્વિત થયા ?

(૩) નીચેની વિગતે ૧૩ જિલ્લાના ૪૮૨ ગામો લાભાન્વિત થયેલ છે.

| જિલ્લો | ગામની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૧૬ |
| આણંદ | ૨૧ |
| બનાસકાંઠા | ૬૯ |
| ભરૂચ | ૧૭ |
| ભાવનગર | ૨૮ |
| જૂનાગઢ | ૫૫ |
| ખેડા | ૨ |
| નર્મદા | ૪ |
| પંચમહાલ | ૨૫ |
| પાટણ | ૫૫ |
| સાબરકાંઠા | ૯૫ |
| વડોદરા | ૪૦ |
| વલસાડ | ૫૫ |
| **કુલ** | **૪૮૨ ગામો** |

ગામોની યાદી *પરિશિષ્ટ મુજબ છે.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-----------

તા.૨૩મી ફેબ્રુઆરી,૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાંથી લીફ્ટ ઇરીગેશનથી પાણી આપવા બાબત**

૨૦૧૪૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના વ્યાપક હિતમાં સિંચાઇ યોજના કેનાલમાંથી લીફ્ટ ઇરીગેશન પધ્ધતિથી પિયત માટે પાણી આપવા અંગેનું આયોજન કરાયેલ છે તે વાત સાચી, | (૧) હા, જી. |
| (૨) રાજકોટ જિલ્લામાં કોઇ યોજનાની કેનાલમાંથી લીફ્ટ ઇરીગેશનથી પાણી આપવા કેનાલોની સર્વે કામગીરી કરાયેલ છે, અને | (૨) હા, જી. (૧) સોડવદર (૨) ડોંડી (૩) સુરવો (૪) ભાદર.૨ (૫) કર્ણુકી (૬) ડેમી.૧ (૭) બંગાવડી યોજનાની કેનાલોની સર્વે કામગીરી કરાયેલ છે. |
| (૩) જો હા, તો સર્વે મુજબ કામગીરી પૂર્ણ કરી કેટલા સમયમાં લીફ્ટ ઇરીગેશનનો લાભ આપવામાં આવશે ? | (૩) સોડવદર સિંચાઇ યોજનામાં મે-૨૦૦૭, ડોંડી સિંચાઇ યોજનામાં મે-૨૦૦૭, સુરવો સિંચાઇ યોજનામાં માર્ચ-૨૦૦૯, ભાદર.૨ સિંચાઇ યોજનામાં ડિસેમ્બર-૨૦૦૯, કર્ણુકી સિંચાઇ યોજનામાં માર્ચ-૨૦૦૭ માં લીફ્ટ ઇરીગેશન દ્વારા સિંચાઇનો લાભ આપવાનું આયોજન હાથ ધરાયેલ છે.<br><br>જ્યારે ડેમી.૧ અને બંગાવડી સિંચાઇ યોજનાના ઉદ્વવહન સિંચાઇ માટેના અંદાજો ચકાસણી હેઠળ છે. ફંડ ઉપલબ્ધ થયે કામગીરી હાથ ધરવાનું આયોજન છે. |

-----------

**પમિ રેલ્વે વડોદરામાં પોલીસ કલ્યાણ નીતિ અન્વયે પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય તપાસ**

૧૮૭૨૨ **શ્રી કાંતિભાઈ ભા. તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારે પોલીસ કલ્યાણની નીતિ અપનાવીને ફરજ બજાવતાં તમામ પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પમિ રેલ્વે, વડોદરાની કચેરીમાં કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ ફરજ બજાવે છે, અને | (૨) અને (૩) : ફરજ બજાવતા કુલ ૧૬૧૮ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૩૧૧ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |
| (૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ? | |

-----------

**રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલ એમ.ઓ.યુ.**

૧૯૩૨૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઉદ્યોગ સાહસિકોને આકર્ષવા વાયબ્રન્ટ ગુજરાત અન્વયે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા મેળાવડા ક્યારે ક્યારે થયા, | (૧) છેલ્લાં ૩ વર્ષમાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત અન્વયે બે મેળાવડા કર્યા જે પૈકી એક જાન્યુઆરી-૦૫માં અને બીજો જાન્યુઆરી-૦૭માં યોજવામાં આવ્યો. |
| (૨) દરેક વખતે સ્વદેશી અને વિદેશી મૂડી | (૨) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ દરમ્યાન વિદેશી |

| | |
|---|---|
| રોકાણના કુલ કેટલા એમ.ઓ.યુ. થયા, | મૂડી રોકાણવાળા અને એન.આર.આઇ. દ્વારા ૪૦ પ્રોજેકટ અને સ્વદેશી મૂડી રોકાણવાળા ૧૮૬ પ્રોજેકટ માટે એમ.ઓ.યુ./ જાહેરાત થયેલી છે.<br>વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭ દરમ્યાન કરવામાં આવેલ ૩૬૩ એમ.ઓ.યુ.ના પ્રોજેકટો પૈકી એન.આર.આઇ. ના પ્રોજેકટ ભારત સરકારની ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ (એફ.ડી.આઇ.) મંજૂરી મેળવે અથવા રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને જાણ કરે ત્યારબાદ માહિતી ઉપલબ્ધ થઇ શકે. |
| (૩) તેમાં રાજ્ય કે કેન્દ્રની માલીકીના જાહેર સાહસોનું કેટલું મૂડી રોકાણ આવ્યું, અને | (૩) બંને કાર્યક્રમોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની માલિકીના જાહેર સાહસો દ્વારા રૂા.૧,૪૯,૫૩૯ કરોડનું મૂડી રોકાણ કરવાના એમ.ઓ.યુ/જાહેરાતો થયેલ છે. |
| (૪) દરેક વખતે થયેલ મૂડી રોકાણ પૈકી વર્ષવાર કેટલો ખર્ચ કરીને કુલ કેટલા એકમોએ કાર્ય શરૂ કર્યુ ? | (૪) ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૫ દરમ્યાન રૂા.૧૦૬,૧૬૦ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો પૈકી રૂા.૮૮,૨૪૯.૬૬ કરોડના ૧૬૯ પ્રોજેકટો સ્થાપના હેઠળ છે. જે પૈકી રૂા.૨૨૭૭૯.૫૮ કરોડના કિંમતના કુલ ૮૪ પ્રોજેકટો ઉત્પાદનમાં આવેલા છે. જ્યારે રૂા.૬૫૪૭૦.૦૮ કરોડના મૂડી રોકાણવાળા ૮૫ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ ના પ્રોજેકટસનું અમલીકરણ હવે શરુ થશે. |

-----------

**ઉકાઇ ડાબા કાંઠાની ખરોલી ડીસ્ટ્રીબ્યુટના કમાંડ એરિયામાં ગામોનો સમાવેશ**

૧૮૯૪૩ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) : તા. ૧૪-૯-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૩૨૨૬(અગ્રતા ક્રમ-૯૨) ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરોલી ડીસ્ટ્રીબ્યુટ હેઠળ જીંજણી વાંગરવાડી તથા સુરખાઇના કમાન્ડ વિસ્તારને પાણી આપવાની કામગીરી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) ખરોલી ડીસ્ટ્રીબ્યુટ હેઠળ જીંજણી વાંગરવાડી તથા સુરખાઇના કમાન્ડ વિસ્તારને પાણી આપવા નહેર તથા તેના સ્ટ્રક્ચર્સને રીપેરીંગ કરવાની કામગીરી ચાલુ છે. |
| (૨) આ કામગીરીમાં વિલંબ થવાના કારણો શાં છે ? | (૨) પ્રસ્તુત કામના મૂળ ઇજારદારે કામ છોડી દીધેલ હોવાથી વિલંબ થયેલ છે. પરંતુ હવે નવા ઇજારદાર દ્વારા કામ શરુ કરવામાં આવેલ છે. |

-----------

**રાજ્યમાં ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર અને ઘરફોડ ચોરીના બનાવો**

૧૮૯૫૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર અને ઘરફોડ ચોરીના કેટલા બનાવો પોલીસના દફતરે નોંધાયા ? | સામેલ પત્રક મુજબ. |

**પ ત્ર ક**

| અ.નં. | શહેર/જિલ્લો | ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | ઘરફોડ ચોરી |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૬ | ૧૭૨ | ૨૬ | ૩૮ | ૮૦૨ |
| ૨. | રાજકોટ શહેર | ૨૯ | ૨૬ | ૧ | ૩ | ૨૬૦ |
| ૩. | સુરત શહેર | ૧૦૪ | ૭૨ | ૧૫ | ૨૩ | ૪૩૭ |
| ૪. | વડોદરા શહેર | ૩૪ | ૩૫ | ૮ | ૦ | ૪૮૨ |
| ૫. | અમદાવાદ રૂરલ | ૪૮ | ૨૮ | ૧૦ | ૧૧ | ૭૫ |
| ૬. | ખેડા | ૩૭ | ૯ | ૧૨ | ૧૬ | ૧૩૮ |
| ૭. | આણંદ | ૨૭ | ૧૧ | ૭ | ૧૬ | ૧૧૪ |
| ૮. | ગાંધીનગર | ૨૩ | ૧૭ | ૬ | ૧૪ | ૯૭ |
| ૯. | સાબરકાંઠા | ૩૭ | ૧૩ | ૭ | ૧૧ | ૧૦૫ |
| ૧૦. | મહેસાણા | ૨૪ | ૫૨ | ૧૪ | ૫ | ૨૬૨ |
| ૧૧. | જામનગર | ૨૯ | ૨૨ | ૫ | ૧૩ | ૧૮૦ |
| ૧૨. | રાજકોટ રૂરલ | ૪૫ | ૩૧ | ૧૦ | ૨૧ | ૨૫૯ |
| ૧૩. | સુરેન્દ્રનગર | ૩૦ | ૨૦ | ૬ | ૧૮ | ૧૦૭ |
| ૧૪. | બનાસકાંઠા | ૪૨ | ૨૮ | ૬ | ૨૩ | ૧૫૪ |
| ૧૫. | કચ્છ-ભૂજ | ૩૯ | ૫૫ | ૧૮ | ૧૯ | ૩૦૩ |
| ૧૬. | પાટણ | ૧૫ | ૬ | ૯ | ૧૦ | ૯૫ |
| ૧૭. | અમરેલી | ૨૩ | ૧૪ | ૨ | ૧૪ | ૧૦૯ |
| ૧૮. | ભાવનગર | ૬૦ | ૧૭૦ | ૪૭ | ૨૯ | ૪૧૨ |
| ૧૯. | જૂનાગઢ | ૫૪ | ૩૪ | ૧૫ | ૭ | ૧૮૫ |
| ૨૦. | પોરબંદર | ૯ | ૬ | ૦ | ૨ | ૪૦ |
| ૨૧. | વડોદરા રુરલ | ૮૩ | ૧૩ | ૭ | ૧૦ | ૮૧ |
| ૨૨. | ભરૂચ | ૩૮ | ૮ | ૧૦ | ૮ | ૧૧૩ |
| ૨૩. | નર્મદા | ૧૧ | ૧ | ૨ | ૨ | ૧૮ |
| ૨૪. | ગોધરા | ૬૨ | ૧૯ | ૫ | ૧૬ | ૧૧૫ |
| ૨૫. | દાહોદ | ૩૦ | ૨૩ | ૧૬ | ૯ | ૫૦ |
| ૨૬. | સુરત રુરલ | ૭૧ | ૧૫ | ૯ | ૧૦ | ૭૫ |
| ૨૭. | વલસાડ | ૪૩ | ૧૩ | ૧૬ | ૨ | ૧૫૬ |
| ૨૮. | નવસારી | ૧૬ | ૫ | ૨ | ૨ | ૭૬ |
| ૨૯. | ડાંગ-આહવા | ૭ | ૧ | ૨ | ૩ | ૨ |
| ૩૦. | પમિ રેલ્વે વડોદરા | ૧૩ | ૫૮ | ૪ | ૨ | ૨૧ |

-----------

**કાયદા ભંગના ગુન્હા બદલ દંડ વસુલવા બાબત**

૧૮૭૭૬ **શ્રી ટપુભાઈ લીંબાસિયા** (રાજકોટ-૧) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં હેલ્મેટ પહેરવાનો અમલ શરૂ થયો ત્યારથી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કાયદા ભંગના ગુન્હા બદલ કેટલી રકમનો દંડ વસુલવામાં આવ્યો,

(૨) વસુલ કરવામાં આવેલી દંડની રકમ પોલીસ વિભાગની જરૂરી સુવિધામાં વધારો કરવા માટે વાપરવાની છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આજ દિન સુધિમાં કેટલી રકમનો વપરાશ થયો અને ક્યા હેતુ માટે વાપરવામાં આવી ?

**જવાબ**

(૧) રૂપિયા ૧,૦૧,૪૯,૮૦૦/-.

(૨) હા, જી.

(૩) ગુજરાત માર્ગ સુરક્ષા નિધિમાંથી ખર્ચ કરવાની કાર્યવાહી ગતિમાં છે.

------------

## રાજ્યના મોટા ડેમોની ઉંડાઇ વધારવા બાબત

૧૯૪૦૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા ક્યા મોટા ડેમોની ઉંડાઇ વધારવાની કામગીરી કરવામાં આવી છે, અને

(૨) આગામી નાણાકીય વર્ષમાં ક્યા ક્યા ડેમની ઉંડાઇ વધારવાની સરકારની યોજના છે?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ મોટા ડેમોની ઉંડાઈ વધારવાની કામગીરી કરવામાં આવી નથી.

(૨) આગામી નાણાકીય વર્ષમાં કોઈ ડેમની ઉંડાઈ વધારવાની સરકારની હાલ કોઈ યોજના નથી.

## કલ્પસર યોજનાના ફીઝીબીલીટી રીપોર્ટ

૧૮૯૧૦ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાના ફીઝીબીલીટી રીપોર્ટ માટે કેટલી રકમની ક્યા વર્ષના બજેટમાં ફાળવણી કરવામાં આવી હતી,

(૨) આ ફાળવણી કર્યા પછી ૩૧ ડીસેમ્બર-૨૦૦૬ અંતિત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે,

(૩) આ અહેવાલ માટે જ્યારે જાહેરાત કરી ત્યારે તેનો રીપોર્ટ કેટલા સમયમાં આવવાનો અંદાજ હતો, અને

(૪) આ રીપોર્ટ ક્યાં સુધીમાં (ફીઝીબીલીટી રીપોર્ટ) આવવાનું સરકાર દ્વારા આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાના ફીઝીબીલીટી રીપોર્ટ માટે નીચે મુજબની રકમની વર્ષવાર ફાળવણી કરવામાં આવી હતી.

| વર્ષ | બજેટ ફાળવણી રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૫૬.૫૦ |
| ૨૦૦૩-૦૪ | ૬૭૨.૧૮ |
| ૨૦૦૪-૦૫ | ૧૦૦૦.૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૮૩.૩૩ |
| ૨૦૦૬-૦૭ | -- |
| કુલ | ૧૮૧૨.૦૧ |

(૨) કુલ રૂા. ૭૦૯.૭૬ લાખ.

(૩) આ અહેવાલ માટે જ્યારે જાહેરાત કરી ત્યારે તેનો રીપોર્ટ ૨૦૦૭ સુધીમાં આવવાનો અંદાજ હતો.

(૪) હાલના આયોજન પ્રમાણે ૨૦૦૯-૧૦ સુધીમાં ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવાનું આયોજન છે.

-----------

## એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને પૂરી પાડેલ સહાય

૧૮૭૧૬ **શ્રી રાજેશ પાઠક** (બાલાશીનોર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યના ડાયરેકટરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને સહાયતા પુરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસોમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨)

| અ. નં. | રાજ્યનું નામ | આવેલ કેસ |
|---|---|---|
| ૧. | હરીયાણા પોલીસ | ૪ |
| ૨. | મધ્યપ્રદેશ પોલીસ | ૩ |
| ૩. | ગોવા પોલીસ | ૩ |
| ૪. | રાજસ્થાન પોલીસ | ૧૨ |
| ૫. | નવી દિલ્હી પોલીસ | ૧૦ |
| ૬. | C.B.I. નવી દિલ્હી | ૬ |
| ૭. | C.B.I. ગાંધીનગર | ૯ |

| | | |
|---|---|---|
| ૮. | C.B.I. ચંદીગઢ | ૧ |
| ૯. | C.B.I. લખનો | ૧ |
| ૧૦. | C.B.I. કલકત્તા | ૧ |
| ૧૧. | ડાયરેકટર રેવન્યુ ઈન્ટેલીજન્સ | ૨૭ |
| ૧૨. | નારકોટીક્સ કંટ્રોલબ્યુરો | ૧ |
| ૧૩. | મહારાષ્ટ્ર પોલીસ | ૧૭ |
| ૧૪. | કેન્દ્ર શાસીત દમણ/સેલવાસ | ૮૨ |
| ૧૫. | કેન્દ્ર શાસીત દીવ | ૩ |
| ૧૬. | પંજાબ પોલીસ | ૧ |
| ૧૭. | કેન્દ્ર શાસીત ચંદીગઢ પોલીસ | ૭ |
| ૧૮. | ઓરીસ્સા પોલીસ | ૧ |
| ૧૯. | જમ્મુ કાશ્મીર પોલીસ | ૭ |
| ૨૦. | આંધ્ર પ્રદેશ પોલીસ | ૩ |
| ૨૧. | વેસ્ટર્ન રેલ્વે રતલામ તથા અમદાવાદ | ૫ |
| ૨૨. | ઈન્ડીયન રીઝર્વ બટાલીયન સેલવાસ | ૨ |
| ૨૩. | આસીસ્ટન્ટ કમીશ્નર કસ્ટમ મુંબઈ | ૧ |
| | કુલ... | ૨૦૭ |

---------

**નવલખી બંદરના વિકાસ બાબત**

૧૯૯૯૫ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** (હળવદ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી તાલુકામાં આવેલ નવલખી બંદરના વિકાસથી વ્યાપક ફાયદાઓ થાય તેમ હોવાથી નવલખી બંદરના વિકાસ માટે સરકારે કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં નવલખી બંદરને વિકસિત બનાવવાની કામગીરી પૂર્ણ કરાશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નવલખી બંદર હાલ કાર્યરત છે. મુખ્ય કામો જેવા કે, આર.સી.સી. જેટી, રસ્તાઓ, પાણી પુરવઠો અને વીજળીકરણના કામો પૂર્ણ થયા છે. અન્ય વિકાસને લગતા કામો જરૂરિયાત મુજબ હાથ ધરી પૂર્ણ કરવા આયોજન છે.

---------

**<#SBએટ્રોસીટી એકટ હેઠળના કેસોની તપાસ**

૧૯૯૩૬ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એટ્રોસીટી એકટ કલમ.૨૩ અનુસાર નિયમ બનાવવાની અથવા તેમાં ફેરફાર કે સુધારો અથવા વધારો કરવાની સત્તા કેન્દ્ર સરકાર હસ્તક છે તે સરકારશ્રી જાણે છે,

(૨) રાજ્ય સરકારના ગૃહ વિભાગે અતહ-૧૦૯૫-સીએમ-૩૧-ઝ તા.૧૭-૬-૯૯થી જાહેરનામું બહાર

**જવાબ**

(૧) હા જી.

(૨) પ્રસ્તુત ઠરાવમાં ટાઈપોગ્રાફીકલ ભુલ રહી જવા પામેલ હતી જે અંગે વિભાગના તા. ૨૪-૬-

પાડીને એટ્રોસીટી એકટ હેઠળના કેસોની તપાસ પોલીસ સબ ઈન્સપેકટરથી નીચેના દરજ્જાના અધિકારીઓ કરી શકે તેમ ઠરાવ્યું છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આ જાહેરનામું સરકારના અધિનિયમ બહારનું અને ગેરકાયદેસર છે તે સરકાર જાણે છે, અને

(૪) જો હા, તો તે રદ કરવા સરકારે શાં પગલાં લીધા છે ?

૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : અતહ-૧૦૯૫ સીએમ-૩૧/ઝ અન્વયે સર્વગ્રાહી સૂચનાઓ પુનઃ બહાર પાડવામાં આવેલ છે.

(૩) અને (૪) આ બાબતે તા. ૨૪-૬-૦૫ના ઠરાવ ક્રમાંક : અતહ-૧૦૯૫-સીએમ-૩૧/ઝ, અન્વયે જરૂરી સુચનાઓ પુનઃ બહાર પાડેલ છે.

---------

**વલ્લભીપુર કેનાલમાંથી પાણી છોડવા બાબત**

૨૦૧૮૫ **શ્રી ભરતભાઈ પંડયા** (ધંધુકા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલ્લભીપુર કેનાલમાં દરવર્ષની જેમ ૨૦૦૭ના વર્ષે પણ ઉનાળુ પાક માટે પાણી છોડવામાં આવશે કે કેમ, અને

(૨) જો હા, તો તેનાથી ધંધુકા અને બરવાળા તાલુકાના કેટલા ગામોને લાભ થશે ?

**જવાબ**

(૧) સરદાર સરોવર નર્મદા યોજનામાં ઉનાળુ સિંચાઈનું આયોજન નથી. પરંતુ યોજનાનો પિયત વિસ્તાર વિકાસના તબકકે હોઈ જો ખાતેદારોની મંડળી મારફતે માંગણી આવશે તો વલ્લભીપુર કેનાલમાં ૨૦૦૭ના વર્ષમાં ઉનાળુ પાક માટે પાણી છોડવા વિચારણા કરવામાં આવશે.

(૨) જેનાથી માંગણી અનુસાર નહેરની આસપાસના ધંધુકા તાલુકાના ૧૪ અને બરવાળા તાલુકાના ૬ ગામોને લાભ થઈ શકશે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ધાડ, લૂંટ અને ખૂન અંગેના કિસ્સાઓ**

૧૯૧૯૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ધાડ, લૂંટ અને ખૂન અંગેના કેટલા કિસ્સાઓ બનેલ છે,

(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં ગુનેગારો પકડાયા, અને

(૩) આવા બનાવો બનતા અટકાવવા સરકારે લીધેલાં પગલાંઓની વિગતો શું છે ?

**જવાબ**

(૧)

| કિસ્સા | નોંધાયેલા કેસો |
|---|---|
| ધાડ | ૫ |
| લૂંટ | ૨૮ |
| ખૂન | ૪૨ |

(૨)

| કિસ્સા | કેસો | પકડાયેલા ગુનેરાગારો |
|---|---|---|
| ધાડ | ૫ | ૧૮ |
| લૂંટ | ૨૮ | ૩૪ |
| ખૂન | ૪૨ | ૯૬ |

(૩) આવા ગુનાઓ આકસ્મિક બનતા હોય છે. આવા ગુના બનતા અટકાવવા ગામડાઓમાં વીઝીટિંગ અસરકારક રીતે કરવા તેમજ હાઈવે ઉપર પેટ્રોલીંગ રાખવામાં આવે છે.

---------

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોના અધિકારીઓને તાલીમ**

૧૮૭૧૭ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** (ગોધરા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬માં ક્યા રાજ્યના કેટલા અધિકારીઓને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી.

(૨)

| ક્રમ | રાજ્યનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | બિહાર | ૩ |
| ૨ | ઉત્તરપ્રદેશ | ૨૦ |
| ૩ | ઉતરાંચલ | ૪ |
| ૪ | ઝારખંડ | ૫ |

| | | |
|---|---|---|
| ૪ | ઝારખંડ | ૫ |
| ૫ | છત્તીસગઢ | ૩ |
| ૬ | ઓરીસ્સા | ૪ |
| ૭ | પમિ બંગાળ | ૩ |
| ૮ | આસામ | ૫ |
| ૯ | મહારાષ્ટ્ર | ૨૧ |
| ૧૦ | દિલ્હી | ૮ |
| ૧૧ | સિકકીમ | ૨ |
| ૧૨ | નાગાલેન્ડ | ૧ |
| ૧૩ | ભુતાન | ૩ |
| ૧૪ | તામીલનાડુ | ૫ |
| ૧૫ | આંધ્રપ્રદેશ | ૮ |
| ૧૬ | કર્ણાટક | ૧ |
| ૧૭ | કેરાલા | ૨ |
| ૧૮ | પંજાબ | ૨ |
| ૧૯ | રાજસ્થાન | ૮ |
| ૨૦ | મધ્યપ્રદેશ | ૫ |
| ૨૧ | હરીયાણા | ૩ |
| ૨૨ | ગોવા | ૪ |
| ૨૩ | દમણ | ૩ |
| ૨૪ | જમ્મુ કાશ્મીર | ૩ |
| | કુલ... | ૧૨૬ |

---------

**દાહોદ જિલ્લાના પેટાપરામાં વીજ જોડાણની કામગીરી**

૧૯૮૧૧ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા** (લીમડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલા પેટાપરામાં વીજ જોડાણની કામગીરી બાકી છે, અને

(૨) બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૯૦

(૨) બાકી કામગીરી શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજ્યમાં ખૂન, લૂંટ ચોરી, બળાત્કારના નોંધાયેલ ગુનાના કેસો**

૧૯૬૦૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર-ઉત્તર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર અને અપહરણ તેમજ આત્મહત્યાના કેટલા કિસ્સાઓ પોલીસ દફતરે નોંધાયા છે,

(૨) તેમાં કેટલા ગુનાઓનો ભેદ ઉકેલાયો,

**જવાબ**

(૧)

| ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા |
|---|---|---|---|---|---|
| ૧૧૮૯ | ૯૭૭ | ૧૮૪૭૬ | ૩૮૮ | ૧૧૨૭ | ૪૮૩૦ |

(૨)

| ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા |
|---|---|---|---|---|---|
| ૧૦૦૬ | ૬૭૪ | ૬૦૦૯ | ૩૯૦ | ૯૯૮ | ૩૦૯૯ |

(૩) ઉપરોક્ત ગુનાઓ પેકીના કેટ કેટલા આરોપીઓ પકડાયા નથી, અને

(૩)

| ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | અપહરણ | આત્મહત્યા |
|---|---|---|---|---|---|
| ૧૨૨ | ૧૧૮ | ૯૫૬ | ૧૦૪ | ૧૯૯ | ૧૮૦ |

(૪) તેમને પકડવા સરકાર શાં પગલાં લેવા ધારે છે ?

(૪) આરોપીઓના સરનામે અવાર-નવાર તપાસ કરવામાં આવે છે

-- બાતમીદારો પાસેથી માહિતી મેળવી પકડવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

-- નામદાર કોર્ટમાંથી વોરંટ મેળવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

-- આરોપીઓના ફોટા ઉપલબ્ધ હોય તો તેમના વર્ણનનો સ્કેચ તૈયાર કરી વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

---------

**ઉમરગામ તાલુકામાં ક્વોરીની મંજૂરીઓ આપવા બાબત**

૧૮૮૪૮ **શ્રી શંકરભાઈ મં. વારલી** (ઉમરગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકામાં રહેણાંક વિસ્તારોમાં ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષમાં ક્વોરીની મંજૂરીઓ આપવામાં આવી છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) રહેણાંક વિસ્તારની આવી ક્વોરીઓથી સ્થાનિક રહીશોના આરોગ્યને નુક્સાન થાય છે તો આવી ક્વોરીઓ રદ કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં ઉદ્યોગો પાસેથી લેણી વીજ વપરાશની રકમ**

૧૯૫૭૫ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર** (રાજકોટ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા ઉદ્યોગો, ફેક્ટરી અને કંપનીઓ પાસેથી ઉર્જા વિભાગે ૩ લાખથી વધુની વીજ વપરાશ અંગેની રકમ લેવાની બાકી છે,

(૨) આવા ક્યા ઉદ્યોગો ફેક્ટરી કંપનીઓ પાસે કેટલી રકમ બાકી છે, અને

(૩) ક્યા ક્યા ઉદ્યોગો અને ફેક્ટરી કંપની પાસેથી કેટલો દંડ વસુલવાનો બાકી છે ?

**જવાબ**

(૧) ઉર્જા વિભાગ દ્વારા વીજ વપરાશ અંગેની કોઈ રકમ ઉદ્યોગો, ફેક્ટરી અને કંપનીઓ પાસેથી લેવાની બાકી નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં ઈસમોની પાસા હેઠળ અટકાયત**

૨૦૨૦૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** (મુન્દ્રા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા ઈસમોની પાસા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે, અને

(૨) પાસા હેઠળ અટકાયત થયેલ આ ઈસમોની

**જવાબ**

(૧) ૫૭

(૨) બુટલેગિંગ, સમાજમાં ભયજનક પ્રવૃત્તિ કરવી,

ક્યા ક્યા ગુન્હાસર અટકાયત કરવામાં આવેલ છે ? — સરકારી/ખાનગી જમીન પચાવી પાડવી અને ગો-વંશની હત્યા કરવી વગેરે ગુન્હાસર

---------

**અમદાવાદમાં એસ.આર.પી. ગૃપ-૨ના પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્યની તપાસ**

૧૮૭૦૯ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ** (બાવળા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્માચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ એસ. આર. પી. ગૃપ-૨ અમદાવાદમાં કેટલા પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓ ફરજ બજાવે છે, અને | (૨) અને (૩) ફરજ બજાવતા કુલ ૧૦૦૩ કર્મચારી/અધિકારીઓ પૈકી ૯૯૩ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |
| (૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ ? | |

---------

**કચ્છ જિલ્લામાં સમુદ્ર કિનારા પર બંદરો વિકસાવવા અંગે**

૨૦૧૮૦ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સમુદ્ર કિનારા પર અન્ય નાના બંદરો વિકસાવવાની રાજ્ય સરકારની વિચારણામાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા બંદરો ? | (૨) (૧) લુણી (૨) ભદ્રેશ્વર (૩) મોઢવા અને (૪) કોટેશ્વર |

---------

**વાવ અને થરાદ તાલુકામાં ખેતી માટે નર્મદાનું પાણી**

૨૦૨૦૩ **શ્રી હેમાજી દ. રાજપૂત** (વાવ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાવ અને થરાદ તાલુકામાં ખેતી માટે નર્મદાનું પાણી ક્યારે મળશે, અને | (૧) ૨૦૦૯-૧૦ થી તબકકાવાર ખેતી માટે પાણી આપવાનું આયોજન છે. |
| (૨) વાવ અને થરાદમાં પેટા કેનાલોનું કામ તાલુકામાં ચાલુ કરવા માંગો છો કે કેમ ? | (૨) હાજી, હાલમાં નેટવર્ક પ્લાનીંગની કામગીરી પ્રગતિમાં છે જે પુર્ણ થયેથી ૨૦૦૮-૦૯થી તબકકાવાર કામો શરૂ કરવાનું આયોજન છે. |

---------

**ભાવનગર જિલ્લામાં તત્કાલ વિજ જોડાણ યોજના**

૧૮૭૯૬ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તત્કાલ ખેત વિજ જોડાણ યોજના અન્વયે તા. ૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કનેકશનો કેટલા તબક્કામાં રીલીઝ કરવામાં આવ્યા, | (૧) ૧૪૮૮. |
| (૨) કુલ કેટલી અરજીઓ પેન્ડીંગ છે, અને | (૨) ૪૫૨૨. |
| (૩) ક્યાં સુધીમાં રીલીઝ કરવાનું આયોજન છે ? | (૩) વર્ષ ૨૦૦૭-૦૮માં પેન્ડીંગ અરજીઓ પૈકી અંદાજપત્રના નાણાં ભરપાઈ થશે તે તમામ અરજીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે. |

---------

**સામુહિક વિકાસના કામો અંતર્ગત શેરીઓમાં આર.સી.સી.રોડનું કામ**

૧૯૦૮૪ **શ્રી ભેમાભાઈ ૨ા. પટેલ** (દિયોદર) : **માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ધારાસભ્યશ્રીઓની સામુહિક વિકાસના કામ માટે સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાં ગામડાઓની શેરીમાં આર.સી.સી રોડનું કામ ફાળવવાનું રદ કરેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ કામ રદ કરવાના ક્યા કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વલસાડ જિલ્લાની મધુબંધ ડેમની કેનાલ બનાવવા બાબત**

૧૮૯૬૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાની મધુબંધ ડેમની મુખ્ય કેનાલ તથા માઈનોર કેનાલો ક્યારે બનાવવામાં આવી, અને | (૧) મધુબંધ ડેમની કેનાલો જુન-૮૮થી માર્ચ-૨૦૦૦ સુધીમાં બનાવવામાં આવી. |
| (૨) આ કામ પૂરા થયા પછી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી વખત મરામત કામગીરી હાથ ધરી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) મરામતની કામગીરી સતત ચાલતી પ્રક્રીયા હોઈ આ કામો પૂરા થયા પછી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સમયાંતરે મરામત કામગીરી હાથ ધરી રૂા. ૨૦૭.૫૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં ધાડ, લૂંટ, ચોરી અને અપહરણના બનાવો**

૧૯૭૮૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં તા ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાડ, લૂંટ, ચોરી અને અપહરણના કેટલા બનાવો બન્યા,

(૨) દરેક બનાવોમાં કેટલા આરોપીઓને પકડયા, અને

(૩) પકડેલા આરોપીઓ પેકી કેટલાને છોડ્યા તથા છોડવાનાં શાં કારણો હતા ?

**જવાબ**

(૧)

| ધાડ | લૂંટ | ચોરી | અપહરણ |
|---|---|---|---|
| ૪૭ | ૧૨૬ | ૧૯૧૩ | ૧૩૧ |

(૨)

| ધાડ | લૂંટ | ચોરી | અપહરણ |
|---|---|---|---|
| ૨૩૫ | ૧૪૨ | ૧૬૦૭ | ૨૫૮ |

(૩)

| ધાડ | લૂંટ | ચોરી | અપહરણ |
|---|---|---|---|
| ૧૭૨ | ૧૦૨ | ૧૧૮૩ | ૧૬૫ |

ઉપરોક્ત આરોપીઓને નામ. કોર્ટે જામીન ઉપર મુક્ત કરેલ છે તથા સાહેદો ફરી જવાના કારણે આરોપીઓ નિર્દોષ છોડવામાં આવેલ છે.

---------

**ખેડૂતોને ૧૬ કલાક વિજળી પૂરી પાડવા બાબત**

૨૦૨૧૩ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવાડ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ખેડૂતોને ખેતી માટે ૧૬ કલાકની વિજળી પૂરી પાડવાનું આયોજન કરવા માંગે છે કે કેમ, | (૧) ખેતી વિષયક હેતુ માટે આઠ કલાક, અને જરૂર જણાયે તેથી વધુ સમય માટે વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. |

| | |
|---|---|
| (૨) જો હા, તો ક્યારથી અમલ કરવામાં આવશે, અને | (૨) અને |
| (૩) આનાથી રાજ્યના કેટલા ખેડૂતોને લાભ મળશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**એફ. એસ. એલ. દ્વારા જજો અને વકીલોને આપેલ તાલીમ**

૧૮૭૨૦ શ્રી **શ્રી વજુભાઈ પ. ડોડિયા** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને | (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો માટે વિવિધ તાલીમ કોર્ષોનું આયોજન કરવામાં આવે છે. પરંતુ એડવોકેટો માટે તાલીમ કોર્ષોનું આયોજન કરવામાં આવતું નથી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૬માં કેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમ કોર્ષમાં હાજરી આપેલ છે ? | (૨) સને ૨૦૦૬ના વર્ષમાં દેશભરના કુલ-૧૩૨ ન્યાયાધીશોને ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની કામગીરીની જાણકારી તેમજ આ અંગેની જરૂરી તાલીમ આપેલ છે. |

---------

**આણંદ આર.ટી.ઓ. કચેરીની આવક**

૧૮૮૨૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની આણંદ આર. ટી. ઓ./ એ.આર. ટી. ઓ. કચેરીની તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, આણંદની કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક |

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૪ | ૧૭૦૨.૨૫ |
| ૨૦૦૫ | ૧૮૪૬.૦૬ |
| ૨૦૦૬ | ૨૧૬૪.૪૦ |

| | |
|---|---|
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વ્યારા ટીચકપુરાની આદર્શ નિવાસી શાળાની ગોઝારી ઘટના**

૧૯૭૧૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરની વ્યારાની ટીચકપુરાની આદર્શ નિવાસી શાળાની ગોઝારી ઘટનામાં પોલીસે ફરીયાદ લીધી નહીં હોવાની બાબતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) સદરહુ અકસ્માત અન્વયે સરકાર તરફે વ્યારા પો. સ્ટે. અ. મોત નંબર ૬/૨૦૦૭ સીઆરપીસી ૧૭૪ દાખલ કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો પોલીસે આ ઘટનામાં ક્યા કારણસર ગુનો દાખલ નથી કર્યો, અને | (૨) અને (૩) વ્યારા પો. સ્ટે. અ. મોત નં. ૬/૨૦૦૭ સીઆરપીસી ૧૭૪ અન્વયે સરકાર પક્ષે નોંધી તપાસ હાથ ધરવામાં આવેલ અને જવાબદાર વ્યક્તિઓની જવાબદારી નક્કી કરવા સારુ પંચો તેમજ ગુજરાત એન્જિ. અને રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ સંસ્થાના પ્રતિનિધિની રુબરુમાં જરૂરી સેમ્પલ કબજે કરવામાં આવેલ તથા સરકારશ્રી ધ્વારા તા. ૨૭-૧-૦૭ના રોજ સંબંધિત સંસ્થાઓને જરૂરી સેમ્પલ લઈ તપાસણી અહેવાલ મોકલવા જણાવેલ પરંતુ તપાસણી |

અહેવાલ મળ્યા બાદ એફ. આઈ. આર. નોંધવા અંગે યોગ્ય નિર્ણય થઈ શકશે.

(૩) આ ઘટનામાં વિદ્યાર્થીઓના મોત થયા હોવા છતાં ગુનો કેમ દાખલ થયેલ નથી ?

----------

**નર્મદા પાવર પ્રોજેકટનું ઉદ્‌ઘાટન**

૧૮૮૮૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નર્મદા પાવર પ્રોજેકટનું તા. ૧૯-૧-૦૭ ના ઉદ્‌ઘાટન થયા પછી ગુજરાત રાજ્યને વધારાની કેટલી ઉર્જા મળતી થઇ છે ?

**જવાબ**

તા. ૧૯-૧-૦૭ના રોજ ઉદ્‌ઘાટન નહી પણ ચાલુ થયેલ સવલતોનું લોકાર્પણ કરવામાં આવેલ હતું. આ જળવિદ્યુત મથકના ટર્બાઇનો ક્રમશઃ કાર્યરત થયા હતા.

લોકાર્પણ બાદ સરદાર સરોવરમાં પાણીનું સ્તર ૧૧૮ મીટર ઉપર રાખી ઉપલબ્ધ પાણીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. ટ્રીબ્યુનલના ચુકાદા મુજબ ગુજરાતને ફાળે ૧૬ ટકા વિજળી આવે છે. તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં જળવિદ્યુત મથકોમાંથી કુલ ૫૬૩.૬૦ કરોડ યુનિટ વિદ્યુતનું ઉત્પાદન થયેલ છે. જેમાંથી ગુજરાતને ૯૦.૧૭ કરોડ યુનિટ વિજળી પ્રાપ્ત થયેલ છે.

----------

**વૈકલ્પિક સોર્સ આધારીત પાણી પુરવઠા યોજનાઓ અંગે આયોજન**

૨૦૧૯૯ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા ગ્રામ્ય) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂગર્ભ આધારીત પાણી પુરવઠા યોજનાને બદલે વૈકલ્પિક સોર્સ આધારીત પાણી પુરવઠા યોજના અંગે સરકારે કોઇ આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરદાર સરોવર કેનાલ આધારીત પા. પુ. યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, તેમજ અન્ય જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૧૩૩ શહેર તથા ૧૩૨૩૬ ગામ/ફળિયાનો વૈકલ્પિક સોર્સ (સરફેસ સોર્સ) આધારીત જુદી જુદી પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાંથી હાલ ૫૯ શહેરો અને ૬૩૬૮ ગામોમાં પીવા માટે પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે.

------------

**સોમનાથ મંદિરની સુરક્ષા માટે યોજેલ મોક ડ્રીલ**

**૧૮૭૧૯ શ્રી માધાભાઈ બોરીચા** (કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોમનાથ યાત્રાધામની સુરક્ષા માટે સરકારે કયા કયા પગલાંઓ લીધેલ છે,

**જવાબ**

(૧) આ મંદિરની સુરક્ષા માટે કાયમી ધોરણે એક કંપની એસઆરપી તેમજ સ્થાનિક પોલીસ ફાળવવામાં આવેલ છે. સ્થાનિક પો. સ્ટે.ના પોલીસ ઇન્સ્પેક્ટર તેમજ નાયબ પોલીસ અધિક્ષકશ્રી દ્વારા સુરક્ષા બંદોબસ્તનું સુપરવિઝન કરવામાં આવે છે. સુરક્ષા માટે ડીએમએફડી-એચએચએમડી-સ્નીફર ડોગ, સીસીટીવી, નાઇટ વીઝન, બાયનોક્યુલર, બોડીસ્કીનરનો ઉપયોગ કરવામાં આવે છે. કાયમી ધોરણે હથિયારબંધી કરવામાં આવેલ છે.

(૨) આ મંદિરની સુરક્ષા વ્યવસ્થાની આકસ્મિક ચકાસણી માટે વર્ષ ૨૦૦૬માં કોઇ મોક ડ્રીલ યોજવામાં આવી છે કે કેમ, અને — (૨) હા, જી.

(૩) જો હા, તો કેટલી વખત ? — (૩) એક વખત.

---------

**એપરલપાર્ક મંજૂર કરવા અંગે**

૧૯૨૬૪ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આગામી વર્ષે ક્યા ક્યા જિલ્લામાં એપરલપાર્ક મંજૂર કરવામાં આવનાર છે, અને | (૧) ભારત સરકારની એપરલ પાર્ક મંજૂર કરવાની સ્કીમ હાલ અસ્તિત્વમાં ન હોઇ, એપરલ પાર્ક મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આનાથી ક્યા ક્યા ફાયદાઓ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં જિલ્લાવાર સ્ત્રી આત્મહત્યાના કેસો**

૨૦૧૭૭ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર સ્ત્રી આત્મહત્યાના કુલ કેટલા ગુના નોંધાયા છે, અને | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે ગુના માટે કેટલા ગુનેગારો સામે કાનુની કાર્યવાહી કરેલ છે ? | (૨) ૧૩૨૯. |

**પત્રક-૧**

| અ.નં. | શહેર/જિલ્લા | બનાવ ઉપરથી દાખલ થયેલ ગુનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૫૦ |
| ૨ | રાજકોટ શહેર | ૧૯ |
| ૩ | સુરત શહેર | ૧૫ |
| ૪ | વડોદરા શહેર | ૧૨ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧૭ |
| ૬ | ખેડા | ૧૮ |
| ૭ | આણંદ | ૨૫ |
| ૮ | ગાંધીનગર | ૬ |
| ૯ | સાબરકાંઠા | ૩૩ |
| ૧૦ | મહેસાણા | ૧૦ |
| ૧૧ | જામનગર | ૩૮ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૨૦ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૮ |
| ૧૪ | બનાસકાંઠા | ૪૯ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૧૫ |
| ૧૬ | પાટણ | ૧૨ |
| ૧૭ | અમરેલી | ૧૦ |
| ૧૮ | ભાવનગર | ૩૭ |
| ૧૯ | જુનાગઢ | ૧૯ |
| ૨૦ | પોરબંદર | ૬ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૨૧ |

| | | |
|---|---|---|
| ૨૨ | ભરૂચ | ૩ |
| ૨૩ | નર્મદા | ૦ |
| ૨૪ | ગોધરા | ૨૩ |
| ૨૫ | દાહોદ | ૧૭ |
| ૨૬ | સુરત રૂરલ | ૧૧ |
| ૨૭ | વલસાડ | ૯ |
| ૨૮ | નવસારી | ૮ |
| ૨૯ | ડાંગ-આહવા | ૩ |
| ૩૦ | પ.રે.વડોદરા | ૨ |
| | **કુલ...** | **૫૨૬** |

-------------

## ડાંગ જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ધાડના બનાવો

૧૮૮૯૫ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ડીસેમ્બર-૦૬ સુધીમાં ડાંગ જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ધાડના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરી અને કેટલો મુદ્દામાલ પરત મેળવવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| | ખુન | લુંટ | બળાત્કાર | ધાડ |
|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬ | ૧ | ૫ | - |
| ૨૦૦૬-૦૭(ડિસે.૦૬ સુધી) | ૫ | - | ૩ | ૨ |

(૨) ધરપકડ કરેલ ઇસમો

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૯ | - | ૧૨ | - |
| ૨૦૦૬-૦૭(ડિસે.૦૬ સુધી) | ૯ | - | ૩ | ૧૩ |

પરત મેળવેલ મુદ્દામાલ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | - | - | - | - |
| ૨૦૦૬-૦૭(ડિસે.૦૬ સુધી) | - | - | - | ૧૦૦૮૦ |

-------------

## રાજ્યમાં આલ્કોહોલના પરવાના ધારકોની માહિતી

૨૦૨૦૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રા.ક.) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુ. ૦૭ની સ્થિતિએ આલ્કોહોલનું સેવન કરવા માટે કુલ કેટલા પરવાના ધારકો છે,

(૨) તે પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા પરવાના ફાળવવામાં આવેલ છે,

(૩) આ પ્રકારના પરવાના આપવા સરકારે નવી નીતિ અમલમાં મૂકેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો તેના ધારા ધોરણો શું છે ?

**જવાબ**

(૧) ૨૮૦૬૯.

(૨) ૮૪૯૭.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**આણંદ જિલ્લામાં હાઉસ વીજ કનેક્શન માટે ધારાસભ્યશ્રીઓએ ફાળવેલ ગ્રાન્ટના એસ્ટીમેન્ટ બાબત**

૧૯૫૫૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** (ભાદરણ) : **માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હાઉસ વીજ કનેકશન માટે ધારાસભ્યશ્રીઓએ ગ્રાન્ટ ફાળવેલ હોય તેના એસ્ટીમેન્ટ ખૂબજ મોડા અપાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આવા એસ્ટીમેન્ટો મોડા આપવાના કારણો શાં છે, અને

(૩) આવા એસ્ટીમેન્ટો સત્વરે આપવામાં આવે તે અંગે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) અને (૨) જિલ્લા આયોજન અધિકારી દ્વારા ધારાસભ્ય ગ્રાન્ટની સેદ્ધાંતિક મંજુરી તાલુકા વિકાસ અધિકારીને આપવામાં આવે છે. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ સેધ્ધાંતિક મંજુરીની જાણ જે તે પેટા વિભાગીય કચેરીને કરવામાં આવે છે. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તરફથી લાભાર્થીઓની યાદી મળ્યા બાદ જરૂરી મોજણી કાર્ય હાથ ધરીને સક્ષમ કચેરીની તાંત્રિક મંજુરી મેળવ્યા બાદ પ્રવર્તમાન નિયમોનુસાર અંદાજપત્ર તાલુકા વિકાસ અધિકારીશ્રીને પાઠવવામાં આવે છે. પરિણામે જે કામોમાં લાભાર્થીઓની યાદી સમયસર ન મળતી હોય તેવાં કામોના એસ્ટીમેટ તેયાર કરવામાં અંશતઃ મોડું થયાના કિસ્સા બને છે.

(૩)

(૧) તા. ૨૨-૧-૨૦૦૭ના રોજ કાર્યવાહક આયોજન સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી.

(૨) આ બેઠકમાં મધ્ય ગુજરાત વિજ કંપની લિ. ના અધિકારીશ્રીઓને ધારાસભ્યશ્રીની જોગવાઇના વિજળીકરણના કામોના પ્લાન એસ્ટીમેટ નિયત સમયમર્યાદામાં મોકલી આપવા તાકીદ કરવામાં આવેલ છે.

(૩) આ બેઠકમાં એમ.જી.વી.સી.એલ.ના અધિકારીશ્રીઓ અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ દર માસે નિયત તારીખે તાલુકા કક્ષાએ સંયુક્ત બેઠક બોલાવી વિજળીકરણના કામોની પ્રગતિની સમીક્ષા કરવા સુચના આપવામાં આવેલ છે અને જે તે વર્ષના કામો જે તે વર્ષમાં જ સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવું આયોજન કરવા જણાવેલ છે.

-----------

**રાજ્યમાં અતિવૃષ્ટિથી વીજ જોડાણો પી.ડી.સી. થવા અંગે**

૧૯૩૭૫ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા** (ચકલાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અતિવૃષ્ટિમાં ખેડૂતોના પાતાળ કુવા પુરાઇ ગયા જેના કારણે વીજ જોડાણો પી.ડી.સી. થયા છે, તેના માટે ખાતાએ ક્યાં ક્યાં પગલાં ભર્યા, અને

(૨) જે ખેડૂતોના વીજ જોડાણ કપાઇ ગયા છે, તેઓને કઇ જાતની મદદ કરવા માંગે છે?

**જવાબ**

(૧) અતિવૃષ્ટિમાં પાતાળકુવા પુરાઇ જવાથી વિજ જોડાણ પી.ડી.સી. થતાં નથી. આથી કોઇ પગલાં ભરવાના થતા નથી.

(૨) જો અન્ય રીતે ખેડૂતના વિજ જોડાણ કપાઇ ગયા હોય તો ખેડૂતે નીચે મુજબની કામગીરી કરવાની રહે.

-વિજબીલ નહિ ભરવાથી હંગામી ધોરણે વિજ જોડાણ કપાયેલ હોય તો બાકી લ્હેણી રકમ અને રી-કનેકશન ચાર્જ ભરપાઇ થયે પુનઃવિજ જોડાણ ચાલુ થઇ શકે.

-કાયમી ધોરણે વિજ જોડાણ કપાયેલ હોય તો ત્યારબાદ પાંચ વર્ષ થયા ન હોય તો વિજ જોડાણ પેટેની લ્હેણી

રકમ ભરપાઇ કરી પેટા વિભાગીય કચેરીએ અરજીની નોંધણી કરાવી ત્યારબાદ અપાયેલ અંદાજપત્રની રકમ ભર્યેથી અને ટેસ્ટ રીપોર્ટ રજૂ થયેથી વિજ જોડાણ ચાલુ થઇ શકે.

-----------

**આણંદ જિલ્લામાં વિદેશી દારૂનું વેચાણ**

૨૦૧૪૫ **શ્રી અમીત ચાવડા** (બોરસદ) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન તા.૩૧-૧-૦૭ સુધીમાં આણંદ જિલ્લામા પોલીસ સ્ટેશનવાર વિદેશી દારૂના વેચાણના કેટલા કિસ્સા ધ્યાનમાં આવેલ છે,

(૧)

| પોલીસ સ્ટેશન | તા. ૧-૪-૦૫ થી તા. ૩૧-૩-૦૬ | તા. ૧-૪-૦૬ થી ૩૧-૧-૦૭ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| આણંદ ટાઉન | ૧૫ | ૧૨ |
| આણંદ રૂરલ | ૦૮ | ૦૫ |
| વિદ્યાનગર | ૦૪ | ૦૯ |
| ૧ | ૨ | ૩ |
| ખંભોળજ | ૦૨ | ૦૪ |
| ઉમરેઠ | ૦૧ | ૦૪ |
| વાસદ | ૦૫ | ૦૫ |
| પેટલાદ ટાઉન | ૦૨ | ૦૬ |
| બોરસદ | ૦૨ | ૦૧ |
| પેટલાદ રૂરલ | ૦૩ | ૦૧ |
| મહેળાવ | ૦૫ | ૦૧ |
| આંકલાવ | ૦૪ | ૦૫ |
| ખંભાત સીટી | ૦૧ | ૦૧ |
| તારાપુર | ૦૨ | ૦૩ |
| સોજીત્રા | ૦૧ | ૦૧ |
| વિરસદ | ૦૪ | ૦૧ |

(૨) કેટલી કિંમતનો વિદેશી દારૂ પકડાયેલ છે, અને

(૨)

| | | |
|---|---|---|
| -- | બોટલ નંગ ૩૬૨૪ કિંમત રૂા. ૯,૦૨,૭૬૫/- | બોટલ નંગ ૧૩૨૯૧ કિંમત રૂા. ૧૫,૩૯,૭૫૦/- |

(૩) ગેરકાયદેસર વિદેશી દારૂનું વેચાણ બંધ કરાવવા સરકાર ધ્વારા શાં પગલા લેવામાં આવે છે ?

(૩) અવારનવાર પ્રોહીડ્રાઇવ રાખી કેસો શોધી કાઢવામાં આવે છે. નાકાબંધી કરવામાં આવે છે. તેમજ ગુપ્ત બાતમીદારો રોકી બાતમી મેળવી કેસો શોધવા સતત પ્રયત્ન કરવામાં આવે છે.

-----------

**મહેસાણા જિલ્લામાં પોલીસ કલ્યાણ નીતિ અન્વયે પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય તપાસ**

૧૮૭૨૧ **શ્રી પ્રહલાદભાઈ મો.પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ

(૨) અને (૩) ફરજ બજાવતા કુલ ૧૪૦૬

મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૩) તે પેકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે?

કર્મચારી/અધિકારીઓ પેકી ૧૩૯૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**અમદાવાદ શહેરની ક્રાઇમ બ્રાન્ચે ચરસનો જથ્થો પકડવા અંગે**

૧૯૩૧૩ **શ્રી વિષ્ણુભાઇ પટેલ** (ઉમરેઠ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરની ક્રાઇમ બ્રાન્ચે વર્ષ ૨૦૦૬માં ચરસનો કેટલો જથ્થો પકડી પાડેલ છે, | (૧) ૧૮ કિલો. |
| (૨) આ ગુનામાં કેટલા આરોપીઓ સંડોવાયેલ છે, અને | (૨) ચાર |
| (૩) તે પેકી ક્યા ક્યા આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે? | (૩) (૧) મુનાવરખાન રહીમખાન પઠાણ.<br>(૨) મો. ફારૂક ઉર્ફે બાજીત મયુદ્દીન વોરાની ધરપકડ કરવામાં આવેલ છે. |

----------

**વલસાડ જિલ્લાના વાપી પંથકમાં ગુનાખોરી તથા પોલીસ મહેકમની માહિતી**

૨૦૨૨૧ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ વાપી ડીવીઝનમાં પોલીસ કર્મીઓની સંખ્યા મંજૂર મહેકમ કરતાં ઓછી છે જેના કારણે વાપી પંથકમાં ગુનાખોરી વધુ પડતી વકરી છે જે વાત સાચી છે ? | (૧) ના, જી. |

-----------

**સાવરકુંડલા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. સેવાથી વંચિત ગામો**

૧૯૦૪૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં અમુક ગામોમાં છેલ્લા બે વર્ષથી એસ.ટી. ની સેવા બંધ છે તે વાત સાચી છે, | (૧) હા, પરંતુ ફક્ત એક ગામે બસ સેવા મળવા પામતી નથી. |
| (૨) જો હા, તો એસ.ટી. ની સેવાથી જે ગામો વંચિત છે તે ગામોને એસ.ટી. સેવા પૂરી પાડવા માંગો છો કે કેમ, અને | (૨) હા. |
| (૩) તો વંચિત રહેતા ગામોમાં એસ.ટી. ની સેવા ક્યારે શરુ થઈ શકશે? | (૩) ગામમાં જવાનો રસ્તો સને ૨૦૦૫માં અતિવૃષ્ટિના કારણે ધોવાઇ ગયેલ છે જે હજુ રીપેર થયેલ નથી. રસ્તો રીપેર થતા તુરત જ બસ સેવા શરૂ કરી શકાશે. |

-----------

**ગાંધીનગર જિલ્લાની પોલીસ પાર્ટી પર થયેલ જીવલેણ હુમલાની તપાસ**

૧૯૩૧૮ **શ્રી કાંતિભાઇ રા.પટેલ** (વિજાપુર ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસે. ૦૬ માં ગાંધીનગર જિલ્લાની પોલીસ પાર્ટી ઉપર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કર્યાની હકીકત ખરી છે, | (૧) ડીસે. ૦૬માં ગાંધીનગર જિલ્લાની પોલીસ પાર્ટી ઉપર કોઇ અસામાજિક તત્વોએ હુમલો કર્યો નથી પરંતુ જાન્યુ. ૦૭ના માસમાં ગાંધીનગર જિલ્લાની પોલીસ પાર્ટી ઉપર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કરતાં પોલીસ સાથેની મૂઠભેડમાં એક વ્યક્તિનું મૃત્યુ થવાની હકીક્ત સાચી છે. |
| (૨) જો હા, તો આ હુમલો કરનાર વ્યક્તિઓ કોણ | (૨) આ ઇસમ રહીમ કાસમ સુમરા તથા અન્ય બે |

હતી,

ઇસમો હતા. જે રાત્રીના અંધારામાં નાસી જતાં ઓળખ થઇ નથી.

(૩) તેઓની સામે કેટલા ગુન્હાઓ નોંધાયેલા છે, અને

(૩) મરનાર રહીમ કાસમ સુમરા વિરૂદ્ધમાં ખુન, ખૂનની કોશીસ, ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી, મહાવ્યથા, વ્યથા, સરકારી નોકરો પર હુમલો તથા હથિયાર ધારા ભંગ જેવા ગંભીર પ્રકારના કુલ-૫૯ ગુન્હા દાખલ થયેલ છે.

(૪) આ હુમલો કરનાર વ્યક્તિઓ સામે પોલીસે શાં પગલાં ભર્યા છે ?

(૪) આ હુમલો કરનાર વ્યક્તિઓ સામે કલોલ તાલુકા પો.સ્ટે.માં ઇ.પી.કો. કલમ-૩૦૭, ૩૫૩,૧૮૬,આર્મ્સ એક્સ કલમ-૨૫(૧-બી) એ, ૨૭ બી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

-----------

**અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચરસનો જથ્થો પકડવા અંગે**

૧૯૩૧૪ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** (શહેર કોટડા ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૬માં અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચે મોટા જથ્થામાં ચરસ પકડી પાડેલ હોવાની હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલું ચરસ પકડાયેલ છે, | (૨) ૧૮ કિલો |
| (૩) તેની બજાર કિંમત કેટલી થાય છે, અને | (૩) રૂા. ૯,૦૦,૦૦૦/- (નવ લાખ) |
| (૪) આ ગુનાના આરોપીઓ કોણ પકડાયેલ છે ? | (૪) (૧) મુનાવરખાન રહીમખાન પઠાણ, અને (૨) મો. ફારૂક ઉર્ફે બાજીત મયુદ્દીન વોરાની ધરપકડ કરવામાં આવી છે. |

-----------

**પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ એકટમાં થયેલ ફેરફાર**

૨૦૧૮૩ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ એકટ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં ફરીયાદ નોંધવા બાબતે ગુજરાત સરકાર દ્વારા કોઈપણ પ્રકારના ફેરફાર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ બાબતે ક્યા પ્રકારના ફેરફારો કરવામાં આવ્યા છે, આવા ફેરફાર કરવાના કારણો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

-----------

**ભરૂચ જિલ્લામાં પોલીસ કલ્યાણ નીતિ અન્વયે પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૧૮૭૧૨ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** (ભરૂચ ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે "પોલીસ કલ્યાણ" ની નીતિને અપનાવી ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સુચના આપેલ હોવાની હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને | (૨) અને (૩) ફરજ બજાવતા કુલ ૧૩૭૩ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૨૭૪ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |
| (૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ? | |

-----------

તા.૨૩મી ફેબ્રુઆરી,૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં મારામારી બળાત્કાર ચોરી અને સીમચોરીના કેસો**

૧૯૪૨૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં વર્ષવાર કેટલા મારામારીના, બળાત્કારના, ચોરીના અને સીમચોરીના ગુના નોંધાયા છે,

(૨) તે પૈકી ચોટીલા, થાન અને સાયલા પોલીસ સ્ટેશનમાં વર્ષવાર કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

(૩) કેટલા ગુન્હામાં કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા વોન્ટેડ છે?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) ૧૬૨૦ (સોળસો વીસ) ગુન્હામાં ૪૧૧૦(ચાર હજાર એક્સો દસ) તહોમતદારો પકડાયા અને ૨૯ (ઓગણત્રીસ) વોન્ટેડ છે.

-----------

**પત્રક-૧**

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | મારામારી | | | | બળાત્કાર | | | | ચોરી | | | | સીમ ચોરી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ |
| ૧ | સુરેન્દ્રનગર સીટી | ૫૪ | ૬૦ | ૩૦ | ૨ | ૩ | ૨ | ૦ | ૦ | ૪૮ | ૫૦ | ૩૪ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | જોરાવરનગર | ૨૧ | ૨૪ | ૨૪ | ૩ | ૦ | ૦ | ૨ | ૦ | ૨૪ | ૧૩ | ૧૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | વઢવાણ | ૪૦ | ૩૩ | ૩૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮ | ૧૬ | ૧૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | લખતર | ૧૯ | ૧૨ | ૧૫ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૬ | ૧૬ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | મૂળી | ૨૪ | ૧૬ | ૨૬ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૫ | ૧૧ | ૩૭ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | લીંબડી | ૪૪ | ૪૨ | ૨૮ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૩૨ | ૨૨ | ૧૯ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૭ | ચુડા | ૧૦ | ૩૦ | ૨૩ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૩ | ૫ | ૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | પાણશીણા | ૨૮ | ૨૩ | ૧૨ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૫ | ૫ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૯ | સાયલા | ૨૮ | ૩૯ | ૨૮ | ૪ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૬ | ૧૪ | ૨૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૧૦ | ચોટીલા | ૩૧ | ૩૦ | ૧૭ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૨૨ | ૩૪ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | થાનગઢ | ૯ | ૧૯ | ૫ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૬ | ૧૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ધાંગધ્રા સીટી | ૧૯ | ૪૨ | ૩૦ | ૨ | ૦ | ૦ | ૩ | ૦ | ૧૭ | ૨૫ | ૩૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ધાંગધ્રા તાલુકો | ૨૯ | ૩૮ | ૨૧ | ૩ | ૨ | ૩ | ૨ | ૦ | ૧૬ | ૫ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | હળવદ | ૨૨ | ૨૦ | ૪૨ | ૧ | ૦ | ૦ | ૬ | ૧ | ૧૨ | ૨૬ | ૧૯ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | પાટડી | ૨૦ | ૧૪ | ૯ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૭ | ૩૦ | ૧૦ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ |
| ૧૬ | દસાડા | ૯ | ૭ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૧૭ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ઝીંઝુવાડા | ૨૦ | ૯ | ૧૪ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૯ | ૯ | ૦ | ૧ | ૧ | ૨ | ૦ |

**પત્રક-૨**

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | મારામારી | | | | બળાત્કાર | | | | ચોરી | | | | સીમ ચોરી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧/૦૭ |
| ૧ | સાયલા | ૨૮ | ૩૯ | ૨૮ | ૪ | ૦ | ૧ | ૧ | ૦ | ૧૬ | ૧૪ | ૨૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૨ | ચોટીલા | ૩૧ | ૩૦ | ૧૭ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૨૨ | ૩૪ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | થાનગઢ | ૯ | ૧૯ | ૫ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૬ | ૧૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |

**લોક દરબાર યોજવા બાબત**

૧૮૮૩૧ **શ્રી કનુભાઇ મે. ભાલાળા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ"લોક દરબાર" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ માં કેટલા લોક દરબાર યોજવામાં

**જવાબ**

(૧) હા, જી.

(૨)

<u>વર્ષ</u> <u>યોજાયેલ લોકદરબાર</u>

| | | |
|---|---|---|
| આવેલ છે ? | ૨૦૦૫ | ૧૯ |
| | ૨૦૦૬ | ૬૩ |

-----------

**બનાસકાંઠામાં પોલીસદળની ઘટ બાબત**

૨૦૭૧૪ **શ્રી ધારશીભાઈ લ. ખાનપુરાM#>** (કાંકરેજ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બનાસકાંઠામાં પોલીસદળમાં વિવિધ સંવર્ગમાં કેટલી ઘટ છે, અને | (૧) પોલીસ સબ ઇન્સપેક્ટર ૧૭<br>આસી. સબ ઇન્સ./હે.કો. ૫૦<br>પો. કોન્સ્ટેબલ ૧૧૯<br>લોક રક્ષક ૬૨ |
| (૨) આ ઘટ પુરવા લીધેલા અને લેવા ધારેલા પગલાંની વિગત શી છે ? | (૨) વહીવટી અનુકુળતાએ ભરતી અને બઢતી દ્વારા ખાલી જગ્યાઓ ભરવામાં આવે છે. |

-----------

**મહેસાણા જિલ્લામાં દારુની પરમીટ તથા દારુના વેપારના પરવાનાની માહિતી**

૧૯૮૨૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા લોકોને દારુ પીવાની પરમીટ આપવામાં આવી, અને | (૧) ૯૭૧. |
| (૨) મહેસાણા જિલ્લામાં કુલ કેટલા વેપારીઓને દારુના વેપારના પરવાના આપવામાં આવેલ છે ? | (૨) ૧. |

-----------

**વાયબ્રન્ટ ગુજરાત હેઠળ થયેલ એમ.ઓ.યુ.**

૧૯૮૫૨ **શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬માં વાયબ્રન્ટ ગુજરાત માં કેટલા એમ.ઓ.યુ. થયા, | (૧) સને ૨૦૦૪-૦૫ માં જાન્યુઆરી-૦૫માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાતમાં કુલ ૨૨૬ પ્રોજેક્ટોના એમ.ઓ.યુ./જાહેરાતો થયા હતાં. ૨૦૦૫-૦૬માં વાયબ્રન્ટ ગુજરાત સમિટનો કાર્યક્રમ યોજાયેલ નથી. |
| (૨) થયેલ એમ.ઓ.યુ. માં હકીકતમાં કેટલું મુડી રોકાણ થયું, અને | (૨) ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમ્યાન રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો પેકી રૂા. ૮૮,૨૪૯.૬૬ કરોડના ૧૬૯ પ્રોજેક્ટો સ્થાપના હેઠળ છે. જે પેકી રૂા. ૨૨૭૭૯.૫૮ કરોડના ૮૪ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલા છે જ્યારે રૂા. ૬૫૪૭૦.૦૮ કરોડના મૂડી રોકાણવાળા ૮૫ પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે. |
| (૩) એમ.ઓ.યુ. રદ થવાના શાં કારણો છે ? | (૩) એમ.ઓ.યુ. રદ કરવામાં આવતાં નથી. |

-----------

**કચ્છ જિલ્લામાંથી લીગ્નાઇટની હેરફેર બાબત**

**<#M૨૦૧૦૧ શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાની લીગ્નાઇટની ખાણોમાંથી લીગ્નાઇટ કચ્છ બહાર ન લઇ જવા પર સરકારે પ્રતિબંધ લગાવ્યો છે કે કેમ, અને | (૧) રાજ્ય સરકારે આવો કોઇ પ્રતિબંધ મુકેલ નથી. |

(૨) જો હા, તો આ પ્રતિબંધ હટાવવા સરકાર વિચારે છે કે કેમ ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુરત શહેર અને જિલ્લામાં પોલીસ કર્મી વર્ગ - ૧ થી ૪ નું મંજૂર થયેલ મહેકમ**

૧૮૬૭૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ અંતિત સુરત શહેર અને જિલ્લામાં પોલીસકર્મી અંગેનું વર્ગ - ૧, ૨, ૩, ૪ નું મંજુર થયેલ મહેકમ કેટલું,

(૨) જે પૈકી હાલ કેટલું મહેકમ કાર્યરત છે, અને

(૩) હાલ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧)(૨)અને(૩)

| વર્ગ | સુરત શહેર | | | સુરત ગ્રામ્ય | | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર | કાર્યરત | ખાલી | મંજુર | કાર્યરત | ખાલી |
| ૧ | ૧૬ | ૧૩ | ૦૩ | ૦૭ | ૦૬ | ૦૧ |
| ૨ | ૩૧ | ૨૭ | ૦૪ | ૦૭ | ૦૭ | - |
| ૩ | ૩૪૯૭ | ૩૧૯૦ | ૩૦૭ | ૧૧૪૯ | ૧૦૧૮ | ૧૩૧ |
| ૪ | - | - | - | - | - | - |

-----------

**શહેરા તાલુકામાં ઓદ્યોગિક વસાહતની મંજૂરી અંગે**

૧૯૭૩૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા તાલુકા ઓદ્યોગિક વસાહત મંજુર કરવામાં આવેલ છે, કે કેમ, અને

(૨) જો, હા, તો ક્યારે મંજૂર થઈ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે ઓદ્યોગિક વસાહત સ્થાપવા અંગેનો નિર્ણય ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની તા. ૧૯-૧૧-૯૨ના રોજ મળેલ ૩૩૩મી બેઠકમાં લેવામાં આવ્યો.

-----------

**સાધુ સંતોની હત્યા**

૧૮૭૨૫**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** (મહુધા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ કેટલા ક્યા જિલ્લાના સાધુ સંતોની હત્યા થઈ,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ નીચે પ્રમાણેના જિલ્લાઓમાં નીચે જણાવ્યા મુજબની હત્યા થઈ.

| | |
|---|---|
| ૧. સુરત (શહેર) | ૧ |
| ૨. સાબરકાંઠા | ૧ |
| ૩. જામનગર | ૨ |
| ૪. રાજકોટ (ગ્રામ્ય) | ૧ |
| ૫. બનાસકાંઠા | ૧ |
| ૬. કચ્છ | ૧ |
| ૭. ભાવનગર | ૧ |
| ૮. જુનાગઢ | ૧ |
| ૯. ભરુચ | ૧ |
| ૧૦. વલસાડ | ૧ |
| કુલ : | ૧૧ |

(૨) કેટલા હત્યારાઓ ક્યાંથી પકડાયા, અને

(૨) જામનગરમાં ૨ અને રાજકોટ (ગ્રામ્ય)માંથી ૨ મળી કુલ--૪ હત્યારાઓ પકડાયા.

(૩) સરકારે આવી હત્યાઓ પર શી કાર્યવાહી કરી?

(૩) સરકારશ્રીએ આવી હત્યારાઓ રોકવા શહેર/જીલ્લાઓમાં તાબાના અધિકારી/કર્મચારીઓને દિવસ તથા રાત્રી પેટ્રોલીંગ દરમ્યાન ધાર્મિક જ્ગ્યાઓની મુલાકાત લઈ, ધાર્મિક જ્ગ્યાના સંતો, મહંતોને રાતવાસો ગામમાં કે રહેણાંક વિસ્તારોમાં કરવા વિનંતી કરી છે. તેમજ ધાર્મિક જ્ગ્યાની આજુબાજુ કોઈ અજાણ્યા ઈસમો મળી આવેથી સઘન પુછપરછ કરી તપાસ કરવામાં આવે છે. શંકાસ્પદ જણાયે ધોરણસરની કાર્યવાહી કરવા ઘટતી સુચનાઓ તથા માર્ગદર્શન આપવામાં આવેલ છે.

-----------

**સ્વજલધારા કાર્યક્રમની ગ્રાન્ટ બાબત**

૨૦૧૯૪ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી** (જામનગર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓના કામો શરુ કરવા માટે ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો ના તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે શું પ્રયત્નો કર્યા છે?

(૨) તા. ૩૧-૦૧-૦૭ સ્થિતિએ રાજ્ય સરકારે સમયાંતરે કુલ ૮ પત્રો ધ્વારા તથા રૂબરૂમાં પણ વારંવાર કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે વર્ષ ૦૪-૦૫ થી સ્વજલધારાના સિધ્ધાંતને અનુરૂપ સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના અમલમાં મૂકી છે. અને છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૪૫૦૦ લાખ ફાળવેલ છે. વધુમાં વર્ષ ૨૦૦૬-૦૭માં પૂરક ફંડ તરીકે રૂા. ૯૦૦૦ લાખની ફાળવણી કરેલ છે.

-----------

**કોલીયારી ડેમના કામ બાબત**

૧૮૮૬૪**શ્રી બચુભાઈ ખાબડ** (દેવગઢ બારીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાના કોલીયારી ડેમનું કામ હાલ ક્યા સ્ટેજે છે,

(૧) મુખ્ય બંધનું ૭૦ ટકા કામ પુર્ણ થયેલ છે.

(૨) તેમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧/૧૨/૨૦૦૬ સુધીમાં રૂા. ૧,૭૫૫.૨૮ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) બાકી કામ ક્યાં સુધીમાં પુરું કરવા માંગો છો?

(૩) અસરગ્રસ્તોના પુનઃવસવાટના પ્રશ્નોનું નિરાકરણ થયેથી સત્વરે બાકીના કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**ભાવનગર ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી પાર્કનું આયોજન**

૧૯૩૪૫ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૦૬ના વર્ષ દરમ્યાન ભાવનગર ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી પાર્કનું આયોજન કરવા રાજ્ય સરકારે શાં પગલાં લીધેલા છે, અને

(૧) સને ૨૦૦૬ના વર્ષ દરમ્યાન ભાવનગર ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી પાર્કનું આયોજન કરવા ફીજીબીલીટી રીપોર્ટ તૈયાર કરવા માટે કન્સલટન્ટની નિમણૂંક તા. ૩૧-૦૧-૦૭ થી કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂર્ણ કરવા ધારે છે?

(૨) શક્ય તેટલા વહેલા સમયમાં

-----------

**વીજ કંપની ધ્વારા ખરીદવામાં આવતી વીજળી**

૨૦૦૮૦ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ગત ત્રણ વર્ષમાં રાજ્યની વીજ કંપનીઓ ધ્વારા ખાનગી ઉત્પાદકો પાસેથી વીજ ઉત્પાદન ખરીદવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષવાર કોની કોની પાસેથી કેટલા યુનિટસ ક્યા ક્યા દરે ચુકવણી કરી વીજ ખરીદવામાં આવી, અને

(૩) આ વીજ ખરીદી અન્વયે ક્યા ક્યા ખાનગી ઉત્પાદક્ને વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી?

(૨) અને (૩) પત્રક-અ અને બ મુજબ.

**પત્રક--અ**

| અનુ. | નામ | ૨૦૦૪-૦૫ | | ૨૦૦૫-૦૬ | | ડીસે. ૦૬ સુધી | |
|---|---|---|---|---|---|---|---|
| | | એમયુએસ | રૂા/યુનીટ | એમયુએસ | રૂા/યુનીટ | એમયુએસ | રૂા/યુનીટ |
| ૧ | એસ્સાર | ૧૫૦૯ | ૩.૧૫ | ૧૮૯૫ | ૨.૩૯ | ૧૩૪૪ | ૨.૭૨ |
| ૨ | જીપેક | ૩૫૭૯ | ૨.૮૮ | ૪૭૧૪ | ૨.૫૨ | ૩૨૭૮ | ૨.૮૨ |

**પત્રક--બ** રૂા. કરોડમાં

| ક્રમ | નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ડીસે. ૦૬ સુધી |
|---|---|---|---|---|
| ૧. | એસ્સાર | ૪૭૫.૭૩ | ૪૫૨.૮૬ | ૩૬૫.૩૨ |
| ૨. | જીપીઈસી | ૧૦૩૧.૧૨ | ૧૧૮૫.૬૩ | ૯૨૫.૦૬ |

-----------

**પોરબંદર જિલ્લામાં સરકારી જમીન સુધારણા**

૧૯૨૮૩ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં સરકારી ગ્રામપંચાયતની ગોચર સરકારે આપેલ ફળઝાડની જમીનની અંદર જમીન સુધારણાના નામે ખાણ ખનીજ વિભાગે છેલ્લા બે વર્ષમાં કેટલી નવી પરમીટો તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં આપી?

(૧) ૨૫

-----------

**કચ્છ જિલ્લામાં દરિયા તેમજ અન્ય પાણીને પેયજળ બનાવવાની યોજના**

૨૦૦૩૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં દરિયાનું પાણી તેમજ પીવાલાયક ન હોય તેવા પાણીને પેયજળ બનાવવા સરકારે કોઈ વિચારણા હાથ ધરી છે કે કેમ,

(૧) ના, જી.

(૨) જો હા તો આ યોજનાની વિગતો શી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) તેનો ક્યાં સુધીમાં અમલ કરવા માંગો છો?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-----------

**બનાસકાંઠા જિલ્લાના ડીસા અને વાવ તાલુકામાં તત્કાલ વીજ જોડાણની અરજીઓ**

૨૦૦૬૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા અને વાવ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ

(૧) છેલ્લા ૨વર્ષમાં એટલે કે, તા. ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૬ સુધીમાં તત્કાલ યોજના હેઠળ અરજીઓ

તત્કાલ વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ આવી, અને

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

સ્વીકારવા માટે જાહેરખબર પ્રસિધ્ધ કરાયેલ ન હોઈ ડીસા અને વાવ તાલુકામાં અરજીઓ મળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ પાછળ ખર્ચ**

૧૮૯૯૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ-૨૦૦૫ અને ૨૦૦૬ના કાર્યક્રમ માટે કઈ કઈ જગ્યા માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

(૨) આ અંગે કોન્ટ્રાકટો કોને કોને કેટલા ખર્ચે સોંપવામાં આવ્યા હતા, અને

(૩) આ કાર્યક્રમને કુલ કેટલા વિદેશી મૂડી રોકાણકારો કે વિદેશીઓએ નિહાળ્યા, અને તે ક્યા ક્યા દેશના હતા?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ-૨૦૦૫ અને ૨૦૦૬ના કાર્યક્રમ માટે ગાંધીનગર ખાતે ૨૦૦૫માં ૧૦૦૫.૯૨ લાખ અને ૨૦૦૬માં ૬૨૯.૯૩ લાખ (* પત્રક-અ અને બ મુજબ)

(૨) * પત્રક- ક અને ડ મુજબ

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લી., દ્વારા આયોજિત ફેમ ટુરમાં આમંત્રિત વિદેશી પ્રવાસીઓની યાદી વર્ષ ૨૦૦૫ માટે * પત્રક ઈ પ્રમાણે અને વર્ષ ૨૦૦૬ માટે * પત્રક ઈ૧ મુજબ છે. આ ઉપરાંત એકત્રિત થયેલી માહિતી મુજબ વિવિધ દેશોમાંથી નવરાત્રિ માસ ઓકટોબર ૨૦૦૫ દરમ્યાન ૧૩૦૧૨બીન નિવાસી ભારતીયો તેમજ વિદેશીઓ અને સપ્ટેમ્બર-૨૦૦૬ દરમ્યાન ૧૨૩૫૮ બીન નિવાસી ભારતીયો અને વિદેશીઓ રાજ્યની મુલાકાતે આવેલ હતા.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**મોરબી શહેરને પાઈપ લાઈનથી રાંધણ ગેસ આપવા બાબત**

૧૮૭૫૪ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મોરબી શહેરના વાસીઓને પાઈપલાઈનથી ઘેર ઘેર રાંધણ ગેસ કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

પાઈપ લાઈનથી રાંધણ ગેસ આપવાની કામગીરી ૨૦૦૭-૦૮માં શરૂ કરીને પછીના ૨(બે) વર્ષના સમયગાળામાં શહેરના મોટાભાગના વિસ્તારમાં ગેસ આપવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં વાસ્તવિક ઓદ્યોગિક મૂડી રોકાણ**

૧૮૬૫૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ૬૬૦૬૮.૫૦ કરોડના રોકાણોની દરખાસ્તો પૈકી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં વાસ્તવિક ઓદ્યોગિક મૂડી રોકાણ કેટલા કરોડનું થયું,

(૨) ક્યા ક્યા ક્ષેત્રમાં કેટલા કરોડનું થયું, અને

(૩) ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટ-૨૦૦૫ દરમ્યાન ૧૦૬૧૬૦ કરોડ મૂડી રોકાણની દરખાસ્તો પૈકી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં વાસ્તવિક મૂડી રોકાણ કેટલા

**જવાબ**

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ૬૬૦૬૮.૫૦ કરોડના રોકાણોની દરખાસ્તો પૈકી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં રૂા. ૫૨૨૭૧ કરોડના ૪૭ પ્રોજેક્ટો સ્થાપના હેઠળ છે. જે પૈકી રૂા. ૨૪૪૬૧ કરોડના ૨૯ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલ છે. અને રૂા. ૨૭૮૧૦ કરોડના મૂડીરોકાણવાળા ૧૮ પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે.

(૨) ક્ષેત્રવાર મૂડીરોકાણની યાદી પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૩) ગ્લોબલ ઈન્વેસ્ટ સમીટ-૨૦૦૫ દરમ્યાન ૧૦૬૧૬૦ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો પૈકી રૂા. ૮૮૨૪૯.૬૬ કરોડના ૧૬૯ પ્રોજેક્ટો સ્થાપના હેઠળ

કરોડનું થયું?

છે. જે પૈકી રૂા. ૨૨૭૭૯.૫૮ કરોડના ૮૪ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલા છે જ્યારે રૂા. ૬૫૪૭૦.૦૮ કરોડના મૂડીરોકાણવાળા ૮૫ પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે.

પરિશિષ્ટ--૧

Progress of project proposals/MOUs progress Date : ૦૩/૦૧/૨૦૦૭

Vibrant Gujarat Global Investor's Summit-૨૦૦૩ Page : ૧

| Product | | | | | Projects | (INVESTMENT RS. IN CRORE) ORIGINAL |
|---|---|---|---|---|---|---|
| ૧/ | ૧ | : | AGRO AND FOOD PROCESSING SECTOR | : | ૨ | ૧૬૫.૦૦ |
| ૧/ | ૨ | : | TEXTILE SECTOR | : | ૪ | ૫૬૫૬.૦૦ |
| ૧/ | ૩ | : | MINERAL BASED INDUSTRY | : | ૨ | ૭૦.૦૦ |
| ૧/ | ૪ | : | CHEMICALS/PETROCHEMICALS SECTOR | : | ૬ | ૧૦૧૭૦.૦૦ |
| ૧/ | ૫ | : | ENGINEERING/STEEL SECTOR | : | ૩ | ૨૩૫૦.૦૦ |
| ૧/ | ૬ | : | INDUSTRIAL PART / SEZ | : | ૨ | ૧૧૫.૦૦ |
| ૧/ | ૭ | : | OIL & GAS PROJECTS | : | ૧ | ૬૦૦.૦૦ |
| ૧ | | : | INDUSTRIAL PROJECTS | : | ૨૦ | ૧૯૧૨૬.૦૦ |
| ૨/ | ૧ | : | POWER PROJECT | : | ૨ | ૩૮૨૦.૦૦ |
| ૨/ | ૩ | : | PORT PROJECTS | : | ૧ | ૧૦૦૦.૦૦ |
| ૨/ | ૪ | : | ROAD-RAIL PROJECTS | : | ૨ | ૨૫૦.૦૦ |
| ૨/ | ૬ | : | INSTITUTIONS | : | ૩ | ૫.૦૦ |
| ૨ | | : | INFRASTRUCTURE SECTOR | : | ૮ | ૫૦૭૫.૦૦ |
| ૩/ | ૧ | : | TOURISM PROJECTS | : | ૧ | ૨૬૦.૦૦ |
| ૩ | | : | TOURISM SECTOR | : | ૧ | ૨૬૦.૦૦ |
| | | | Grand Total | : | ૨૯ | ૨૪૪૬૧.૦૦ |

-----------

**પીવાના પાણી માટે ફીલ્ટર પ્લાન્ટની જગ્યા**

૧૮૭૪૨ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** (હાલોલ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના હેઠળ પીવાના પાણી માટે ફીલ્ટર પ્લાન્ટની જગ્યા હાલોલમાં ખરીદીની કીંમત હજી સુધી નક્કી થયેલ નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયથી બાકી છે, અને | (૨) પાંચ માસથી |
| (૩) કેટલા સમયમાં નિર્ણય કરવા માંગો છો? | (૩) જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની જોગવાઈઓ તેમજ વખતોવખતના સુધારા વધારાને ધ્યાને લઈ બનતી ત્વરાએ નિર્ણય લેવામાં આવશે. |

-----------

## જૂનાગઢ જિલ્લામાં ધારાસભ્યોએ પોલીસને કરેલ ફરિયાદો

૧૯૩૮૮ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ધારાસભ્યોએ જિલ્લા પોલીસ વડાને કરેલી જુદી જુદી ફરિયાદો પછી પણ યોગ્ય પગલાંઓ લેવાયા નથી તેવા કેટલા કિસ્સાઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છે, અને | (૧) એક પણ નહી |
| (૨) ધારાસભ્યોએ કરેલી ફરિયાદોની ચકાસણી પછી પગલાં ન લેવાયા હોય તો જવાબદારો સામે પગલાં ભરવા શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભાવનગર જિલ્લામાં એસ.ટી.ની સુવિધા

૧૯૦૯૭ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ગઢડા અને ઉમરાળા તાલુકામાં ક્યા ક્યા ગામોમાં એસ.ટી. ની સુવિધા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ઉપલબ્ધ નથી, અને

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૦૬ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગઢડા તાલુકામાં નીચેના ૨૨ ગામોને એસ.ટી. ની સુવિધા ઉપલબ્ધ ન હતી.

| | | |
|---|---|---|
| આંકડીયા | ઈશ્વરીયા | ચોખલા |
| ગાળા | પાડાપાણ | તુતાણા |
| ધુફણીયા | મેઘવડીયા | પીપળ |
| પીપળીયા | રસનાળ | રતનપર |
| રતનવાવ | સાળંગપર | સખપર નાના |
| સખપર મોટા | હામાપર | વીરડી |
| વીરાવાડી | ભોળાથા | જુનવદર |
| ઈંગોરાળા | | |

ઉમરાળા તાલુકામાં નીચેના ૬ (છ) ગામોને એસ.ટી. ની સુવિધા ઉપલબ્ધ ન હતી.

| | | |
|---|---|---|
| ખીજડીયા | ટીંબા | ડભારીયા |
| દેવળીયા | ધોળા (ગોદડજી) | ઝાંઝમેર |

**પ્રશ્ન** (૨) આ સુવિધાઓ કેટલા સમયમાં ઉપલબ્ધ કરવામાં આવશે?

**જવાબ** (૨) ઉપરના તમામ ગામોને એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

-----------

## કલ્પસર યોજનાની કામગીરી

૧૯૬૩૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં શું જોગવાઈ કરવામાં આવી હતી, | (૧) રૂા. ૫૦૦ લાખ |
| (૨) તા. ૩૧-૧-૦૭ સુધીમાં તેમાં શું ખર્ચ થયો, અને | (૨) તા. ૩૧/૧/૦૭ સુધીમાં તેમાં રૂા. ૩૨.૪૬ લાખનો ખર્ચ થયો છે. |
| (૩) નિર્ધારીત સમય મર્યાદામાં આ યોજના પૂરી કરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે? | (૩) યોજનાનો વિસ્તૃત બેંકેબલ યોજનાકીય અહેવાલ શક્ય તેટલો વહેલો તૈયાર કરીને ભારત સરકાર તથા રાજ્ય સરકારની જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ યોજનાને શરૂ કરવાનું આયોજન છે. |

## અમદાવાદ શહેર અને જિલ્લામાં ઘરફોડ ચોરીઓ

૧૯૭૬૭ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ઘરફોડ ચોરીઓ થઈ છે, | (૧) કુલ ૧૭૭૩ ઘરફોડ ચોરીઓ થઈ છે. |
| (૨) આ પૈકી કેટલાની ધરપકડ કરવામાં આવી છે, | (૨) ૧૦૦૭ આરોપીઓની ધરપકડ કરવામાં |

અને

(૩) તેને અટકાવવા સરકારે શાં પગલાં લીધા છે?

આવી છે.

(૩) ઘરફોડ ચોરીઓ અટકાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં દિવસ-રાતનું પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવેલ છે.

આરોપીઓ તેમજ ચોરીનો માલ રાખવાવાળા ઈસમો ઉપર વોચ રાખી તેમની સઘન પુછપરછ કરી તેમ જ શકદારો ઉપર ખાનગી બાતમીદારો તેમજ સર્વેલન્સ સ્કોડ દ્વારા વોચ રખાવી તેમજ અસરકારક અટકાયતી પગલાંના કેસો કરી તમામ સ્તરે પ્રયો કરવામાં આવે છે. અમદાવાદ શહેરના ઝોન-૧ વિસ્તાર માટે ઘરફોડ સ્કોડની રચના પણ કરવામાં આવી છે તેમજ સઘન વાહન ચેકીંગ કરવામાં આવે છે, શકમંદ વ્યક્તિઓના બી-રોલ ભરવામાં આવે છે.

લોકદરબાર તેમજ જાહેર માધ્યમો દ્વારા લોકોને આવા બનાવોથી સતર્ક રહેવા અંગેની જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવે છે.

-----------

**નર્મદા યોજનામાંથી સાબરકાંઠા જિલ્લાને મળેલ લાભ**

૨૦૨૨૪ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ નર્મદા યોજનામાંથી સાબરકાંઠા, ભિલોડા, ઈડર, વિજયનગર અને મેઘરજ તાલુકાઓને તાલુકાવાર કેટલા હેકટર સિંચાઈનો લાભ મળ્યો,

(૨) આ તાલુકાઓમાં સિંચાઈની સુવિધાઓ વધારવા સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા હેકટર વિસ્તાર આવરી લેવામાં આવશે?

**જવાબ**

(૧) નર્મદા યોજનાની નહેરના પિયત વિસ્તારમાં સમાવિષ્ટ ન હોવાથી સિંચાઈનો લાભ મળેલ નથી.

(૨) નર્મદા નહેર આધારિત પાઈપલાઈન મારફતે હયાત પિયત વિસ્તારને સુદ્રઢ કરવામાં આવશે. તે ઉપરાંત ધરોઈ યોજનાની નહેરોનું વિસ્તરણ, પાલ અને રોલા સિંચાઈ યોજનાઓ, ચેકડેમ તથા તળાવની યોજના થકી સિંચાઈમાં વધારો કરવાનું આયોજન છે.

(૩) ૬૩૭૫ હેકટર જેટલો સિંચાઈ વિસ્તાર આવરી લેવાનું આયોજન છે. ચેકડેમ તથા તળાવથી આશરે ૧૭૦૦૦ હેકટર વિસ્તારને પરોક્ષ સિંચાઈ લાભનું આયોજન છે.

-----------

**નર્મદા યોજના માટે બજેટમાં જોગવાઈ અને કેન્દ્ર સરકારની સહાય**

૧૯૦૪૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં નર્મદા યોજના હેઠળ બજેટમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી,

(૨) આ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ તા. ૩૧-૧-૦૭ સુધીમાં થયો, અને

**જવાબ**

(૧) નર્મદા યોજના હેઠળ બજેટમાં (બજેટ બુક મુજબ) નીચે દર્શાવ્યા મુજબની વર્ષવાર જોગવાઈ કરવામાં આવી.

(રૂા. કરોડમાં)

| ક્રમ | વર્ષ | જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૧૮૧૯.૯૪ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૨૬૨૦.૦૦ |

(૨) આ જોગવાઈઓ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમનો ખર્ચ થયો છે. (રૂા. કરોડમાં)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૧૪૬૬.૯૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ | ૧૭૯૫.૦૦ |

| | | |
|---|---|---|
| | (તા.૩૧-૧-૦૭ સુધી) | |

(૩) આ ગાળા દરમ્યાન આ હેતુસર કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાયની રકમ મળી છે કે કેમ?

(૩) આ ગાળા દરમ્યાન આ હેતુસર કેન્દ્ર સરકાર તરફથી નિગમને એ.આઈ.બી.પી યોજના હેઠળ નીચેની વિગતે સહાયની રકમ મળેલ છે.

| ક્રમ | વર્ષ | મળેલ સહાયની રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૧૭૭.૬૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | શૂન્ય |

-----------

**બગસરા અને ધારી ખાતે પાણી પુરવઠા બોર્ડની કચેરીમાં કર્મચારીઓના સંવર્ગની માહિતી**

૨૦૨૧૧ **શ્રી બાલુભાઈ તંતી** (ધારી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બગસરા તેમજ ધારી ખાતે પાણી પુરવઠા બોર્ડની ઓફીસોમાં કેટલો સ્ટાફ સંવર્ગ સહીત છે,

(૨) આ ઓફિસો બંધ કરવા માટે વિચારણા થયેલી તે સાચુ છે, અને

(૩) કાયમી ધોરણે ચાલુ રાખવા માટેની સરકારશ્રી વિચારે છે કે કેમ?

**જવાબ**

(૧) સંવર્ગવાર માહિતી નીચે મુજબ છે :-

| ક્રમ | સંવર્ગનું નામ | બગસરા યુનિટ | સુ. પે.વિ. ધારી | યાંત્રિક પે. વિ. ધારી |
|---|---|---|---|---|
| ૧ | ના.કા.ઈ. | - | ૦૧ | ૦૧ |
| ૨ | મદદનીશ ઈજનેર | ૦૧ | - | ૦૧ |
| ૩ | અ.મ.ઈ | - | ૦૨ | - |
| ૪ | વર્ક આસીસ્ટન્ટ | ૦૧ | ૦૨ | - |
| ૫ | રેખનકાર | - | ૦૧ | - |
| ૬ | સીનીયર ક્લાર્ક | - | ૦૧ | - |
| ૭ | જુનીયર ક્લાર્ક | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૮ | પટાવાળા | ૦૧ | ૦૧ | ૦૨ |
| | કુલ | ૦૪ | ૦૯ | ૦૫ |

(૨) અંશતઃ હા.

(૩) હા, જી. કાર્યભારણને ધ્યાને લઈ વિચારણા કરવામાં આવશે.

-----------

**દક્ષિણ ગુજરાતમાં મોટા ચેક ડેમોની કામગીરી**

૨૦૧૯૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ગુજરાતમાં ૨૦૦૬-૦૭ના તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલા મોટા ચેક ડેમો પૂરા કરવામાં આવ્યા,

(૨) કેટલા મોટા ચેક ડેમોની કામગીરી પ્રગતિમાં છે, અને

(૩) આ ચેક ડેમોથી શું લાભ થશે?

**જવાબ**

(૧) દક્ષિણ ગુજરાતમાં ચાલુ સાલે તા. ૩૧/૧/૦૭ સુધીમાં માંગરોળ તાલુકામાં બે મોટા ચેક ડેમો અને ઉમરપાડા તાલુકામાં એક મોટો ચેક ડેમ પૂરો કરવામાં આવેલ છે.

(૨) માંગરોળ તાલુકામાં એક મોટા ચેક ડેમની કામગીરી પ્રગતિમાં છે.

(૩) આ ચેક ડેમોથી ૮ ગામોના ૨૭૩ હેકટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળી શકશે તેમજ આજુબાજુના કુવાઓમાં પાણીના સ્તર ઉંચા આવશે.

-----------

**આણંદ જિલ્લામાં લૂંટ અને લૂંટના પ્રયોના કેસો**

૨૦૨૦૫ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧ લી જાન્યુઆરીના ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં લૂંટ અને લૂંટ કરવાના કેટલા કેસો બન્યા છે, | (૧) ૨૮ |
| (૨) એક જ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી લૂંટો થતી હોવા છતાં ક્યા કારણોસર લૂંટના તહોમતદારોને પકડી શકાતા નથી, અને | (૨) આરોપીઓ અંગે કોઈ પત્તો કે ભાળ ન મળતા આવા તહોમતદારોને પકડી શકાતા નથી. |
| (૩) આ લૂંટના કેસોમાં પોલીસના માણસોની પણ સંડોવણી છે કે કેમ, તે શક્યતાઓ પણ તપાસવામાં આવેલ છે કે કેમ? | (૩) આવા લૂંટના કેસોની તપાસ દરમ્યાન પોલીસના માણસોની સંડોવણી અત્યાર સુધી કોઈ કેસમાં જણાયેલ નથી. |

-----------

**વાયબ્રન્ટ ગુજરાત પંતગોત્સવના ઉદ્યોગોમાં એમ.ઓ.યુ.**

૨૦૨૧૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત પંતગોત્સવમાં ક્યા ક્યા ઉદ્યોગોમાં કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યું, અને | (૧) પતંગ મહોત્સવનું ઉદ્દેશ એમ.ઓ.યુ. કરવા માટેનો ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ ઉત્સવમાં કેટલા વિદેશના અને કેટલા ભારતીય ઉદ્યોગપતિઓએ ભાગ લીધો? | (૨) વિદેશના ૮ અને દેશના ૨૫ |

-----------

**નર્મદા મેઈન કેનાલમાંથી ખોરસમ મુકામેથી પાણીનું પંપીંગ કરી પાટણના ખાન સરોવરમાં નાખવાનું ખર્ચ**

૧૯૫૯૦ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ** (ચાણસ્મા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા મેઈન કેનાલમાંથી ખોરસમ મુકામેથી પંપીંગ કરી પાણીનું ઉદ્વવહન કરી પાઈપ લાઈન મારફત પાટણના ખાન સરોવરમાં અને અન્ય ગામ તળાવોમાં નાખવાનું ખર્ચ વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલું થયું, અને | (૧) વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૮૩.૬૫ લાખ ખર્ચ થયેલ છે. |
| (૨) તે પાણીનો સિંચાઈમાં ઉપયોગ કેટલા હેકટરમાં થયો અને તેમાંથી કેટલા રૂપિયા મળ્યા? | (૨) વર્ષ ૨૦૦૫-૦૬માં તળાવો ભરવામાં આવેલ હતા. જ્યારે સિંચાઈ ૨૦૦૫-૦૬, બાદ થયેલ હોઈ આ સમયગાળા દરમ્યાન કોઈ આવક થયેલ નથી. |

----------

**ઈસમોના મૃત્યુ તથા મહાવ્યથા અને બળાત્કારના કિસ્સા**

૧૯૨૨૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિના લોકોના તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ દરમ્યાન કેટલા ઈસમોના મૃત્યુ, વ્યથા, મહાવ્યથા અને બળાત્કારના કિસ્સાઓ જિલ્લાવાર નોંધાયા છે,

**જવાબ**

(૧)

| | શહેર જિલ્લાનું નામ | ખૂન/મૃત્યુ વ્યથા, મહાવ્યથા, બળાત્કારના નોંધાયેલા કેસો |
|---|---|---|
| (૧) | અમદાવાદ શહેર | ૧૦ |
| (૨) | વડોદરા શહેર | ૩ |
| (૩) | સુરત શહેર | ૪ |
| (૪) | રાજકોટ શહેર | ૩ |
| (૫) | અમદાવાદ (ગ્રામ્ય) | ૩૬ |
| (૬) | આણંદ | ૪૯ |
| (૭) | ખેડા | ૪ |

| | | |
|---|---|---|
| (૮) | સાબરકાંઠા | ૪ |
| (૯) | ગાંધીનગર | ૭ |
| (૧૦) | મહેસાણા | ૧૪ |
| (૧૧) | પાટણ | ૧૦ |
| (૧૨) | બનાસકાંઠા | ૧૨૧ |
| (૧૩) | કચ્છ | ૯૪ |
| (૧૪) | વડોદરા (ગ્રામ્ય) | ૧૩ |
| (૧૫) | પંચમહાલ | ૧૬ |
| (૧૬) | દાહોદ | ૧ |
| (૧૭) | ભરુચ | ૧૫ |
| (૧૮) | નર્મદા | ૧ |
| (૧૯) | સુરત (ગ્રામ્ય) | ૧ |
| (૨૦) | નવસારી | ૦ |
| (૨૧) | ડાંગ | ૦ |
| (૨૨) | વલસાડ | ૦ |
| (૨૩) | જુનાગઢ | ૧૯ |
| (૨૪) | ભાવનગર | ૩ |
| (૨૫) | પોરબંદર | ૩ |
| (૨૬) | અમરેલી | ૨ |
| (૨૭) | રાજકોટ (ગ્રામ્ય) | ૧૪ |
| (૨૮) | સુરેન્દ્રનગર | ૫૭ |
| (૨૯) | જામનગર | ૧૨ |
| (૩૦) | પ. રેલ્વે વડોદરા | ૧ |
| | કુલ.. | ૫૧૭ |

| | |
|---|---|
| (૨) આમાંથી કેટલા કિસ્સાઓમાં પોલીસ ફરિયાદો નોંધાઈ છે, | (૨) ૫૧૭ |
| (૩) કેટલી તપાસ નીચે છે, અને | (૩) ૦૯ |
| (૪) કેટલા કિસ્સા કોર્ટમાં છે? | (૪) ૪૮૭ |

-----------

**પંચાયત હસ્તકના જળાશયોમાં માટી ભરાઈ જવા અંગે**

૧૯૯૭૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચાયત હસ્તકની નાની તથા મધ્યમ સિંચાઈ યોજનાના જળાશયોમાં માટી ભરાઈ જવાથી જોઈતા પ્રમાણમાં પાણીનો જથ્થો રહેતો નથી તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) માટી/કાંપ ભરાઇ જવાથી યોજનાની સંગ્રહ શક્તિમાં ઘટાડો થાય તે હકીક્ત સરકાર જાણે છે. |
| (૨) જો હા, તો આ માટી બહાર કાઢવા સરકારે કોઈ કાર્યક્રમ હાથ ધરેલ છે કે કેમ ? | (૨) પ્રાથમિક અંદાજ પ્રમાણે ઘણો મોટો ખર્ચ આવે તેમ હોય, માટી બહાર કાઢવાનો ખર્ચ પોષણક્ષમ ન હોઇ સરકારશ્રીએ આ કાર્યક્રમ હાથ ધરેલ નથી. |

-----------

**નવલખી બંદરના વિકાસનું આયોજન**

૨૦૧૪૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મોરબી તાલુકામાં આવેલ નવલખી બંદરના વિકાસથી વ્યાપક ફાયદાઓ થાય તેમ હોવાથી નવલખી બંદરના વિકાસ માટે સરકારે કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં નવલખી બંદરને વિકસિત બનાવવાની કામગીરી પૂર્ણ કરાશે ? | (૨) નવલખી બંદર હાલ કાર્યરત છે. મુખ્ય કામો જેવા કે, આર.સી.સી. જેટી, રસ્તાઓ, પાણી પુરવઠો |

અને વીજળીકરણના કામો પૂર્ણ થયા છે. અન્ય વિકાસને લગતા કામો જરૂરિયાત મુજબ હાથ ધરી પૂર્ણ કરવા આયોજન છે.

-----------

**લોક દરબાર યોજવા બાબત**

૧૮૮૩૪ **શ્રી કાંતિભાઈ ભા. તડવી** (સંખેડા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો વડોદરા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | યોજાયેલ લોક દરબાર |
|---|---|
| ૨૦૦૫ | ૧૫ |
| ૨૦૦૬ | ૩૦૩ |

-----------

**રાજ્યમાં નવી બસો લેવા સહાય**

૧૯૩૨૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર-શહેર ઉત્તર) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા રાજ્યમાં માર્ગ વાહન વ્યવહાર નિગમને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવી બસો લેવા કુલ કેટલી સહાય આપવામાં આવી અને કેટલી નવી બસો લેવામાં આવી,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારના જુદા જુદા કાર્યક્રમો દરમ્યાન કુલ કેટલી બસોનો ઉપયોગ કરાયો, અને

(૩) તે પેટે રાજ્ય સરકારે કેટલી રકમ ચુકવી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા નિગમને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબ સહાય આપવામાં આવી અને તે સામે દર્શાવ્યા મુજબ બસો લેવામાં આવી.

| વર્ષ | સહાય ગ્રાન્ટ + લોન (રૂા. કરોડમાં) | નવી બસો |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૯.૪૭ | ૩૫ |
| ૨૦૦૫-૦૬ | ૧૩૪.૯૬ | ૧૧૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૫.૦૦ | ૧૦૦૦ |
| કુલઃ- | ૨૬૯.૪૩ | ૨૧૩૫ |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં જુદા જુદા ૧૫ કાર્યક્રમો દરમ્યાન કુલ ૫૫૬૯ બસોનો ઉપયોગ કરાયો.

(૩) તે પેટે રાજ્ય સરકારે કુલ રૂા. ૨,૧૮,૧૯,૫૮૦/- રકમ ચુકવી.

-----------

**ઉકાઈ ડાબા કાંઠા કેનાલનું પાણી આપવા બાબત**

૧૮૯૪૪ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :** (ચીખલી) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના મોગરાવાડી તા. ચીખલીને ઉકાઈ ડાબા કાંઠા કેનાલનું પાણી જે રમલા ગામે મોગરાવાડીના ખેડૂતોને ક્યારે આપવામાં આવશે, અને

**જવાબ**

(૧) ગત ચોમાસામાં નહેરને થયેલ નુકશાનને અને લીધે પાણી આપી શકાયેલ ન હોતું મરામતની

(૨) કામગીરી પૂર્ણ થયેલ છે, અને હવે

(૨) હજુ સુધી આ પાણી ન આપવાના કારણો શા છે?

આગામી રોટેશનમાં આપવાનું આયોજન છે.

-----------

**ગામો અને પેટાપરા જ્યોતિગ્રામ કરવા બાબત**

૧૮૯૫૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા ગામો અને પેટાપરા જ્યોતિગ્રામ થઈ ગયા,

(૨) રાજ્યમાં જિલ્લાવાર વિજ કનેક્શન ન હોય તેવા કેટલા ગામો, પેટાપરા અને વસાહતો છે, અને

(૩) તેને કેટલા સમયમાં વિદ્યુતીકરણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ અને કુલ ૧૮૦૬૫ પેકીના ૧૭૭૯૭ ગામો અને

(૨) ૯૭૦૧ પેટાપરા જ્યોતિગ્રામ થયેલ છે અને વિજ કનેક્શન ન હોય તેવા ૧૩૬ ગામો અને ૯૧૦ પેટાપરા અને વસાહતો છે, જેની જિલ્લાવાર વિગતો પત્રક "અ" મુજબની છે.

(૩) ૧૩૨ ગામોને સોર ઉર્જાથી વીજળીકરણ કરેલ છે, જ્યારે વીજળીકરણની શક્યતા ધરાવતા બાકીના ગામો, પેટાપરાઓ અને વસાહતોમાં વિવિધ યોજનાઓ અંતર્ગત શક્ય તેટલી ઝડપથી વિદ્યુતીકરણ કરવાનું આયોજન છે.

**પત્રક - અ**

| જિલ્લો | જ્યોતિગ્રામ થયેલ | | વિજ કનેક્શન ન હોય તેવા | | |
|---|---|---|---|---|---|
| | ગામોની સંખ્યા | પેટાપરાની સંખ્યા | ગામોની સંખ્યા | પેટાપરાની સંખ્યા | |
| | | | | ટ્રાયબલ | નોન-ટ્રાયબલ |
| વલસાડ | ૪૪૮ | ૩૨૦ | ૦ | ૫૦ | ૦ |
| સુરત | ૧૧૬૨ | ૩૬૯ | ૫ | ૧ | ૦ |
| નર્મદા | ૫૧૪ | ૧૫૨ | ૧૫ | ૩૦ | ૦ |
| નવસારી | ૩૭૪ | ૧૪૬ | ૦ | ૦ | ૦ |
| ભરૂચ | ૬૫૪ | ૩૨૯ | ૩ | ૦ | ૧૮ |
| ડાંગ | ૩૦૯ | ૭૨ | ૨ | ૦ | ૦ |
| આણંદ | ૩૫૦ | ૬૫૨ | ૦ | ૦ | ૪ |
| દાહોદ | ૬૮૪ | ૭૫૬ | ૫ | ૩૯૫ | ૦ |
| ખેડા | ૬૧૧ | ૧૨૦૭ | ૧ | ૦ | ૧૨ |
| વડોદરા | ૧૪૯૯ | ૭૪૨ | ૩૧ | ૪૨ | ૦ |
| પંચમહાલ | ૧૧૮૯ | ૧૧૮૫ | ૬ | ૧૬૦ | ૩૯ |
| અમદાવાદ | ૫૪૫ | ૧૫૮ | ૧ | ૦ | ૪ |
| બનાસકાંઠા | ૧૨૩૬ | ૪૮૦ | ૨ | ૬ | ૩૧ |
| ગાંધીનગર | ૨૯૦ | ૨૩૩ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૫૯૪ | ૨૫૬ | ૦ | ૦ | ૭ |
| પાટણ | ૫૧૭ | ૨૧૦ | ૦ | ૦ | ૧૫ |
| સાબરકાંઠા | ૧૩૬૯ | ૯૫૧ | ૩ | ૨૧ | ૭ |
| જામનગર | ૬૬૬ | ૨૧૬ | ૦ | ૦ | ૧૬ |
| જુનાગઢ | ૮૭૩ | ૨૩૪ | ૨૬ | ૦ | ૦ |
| કચ્છ | ૮૬૭ | ૨૦૦ | ૩ | ૦ | ૩૫ |
| પોરબંદર | ૧૫૧ | ૬ | ૨૫ | ૦ | ૧ |
| રાજકોટ | ૮૪૩ | ૩૮૮ | ૧ | ૦ | ૨ |
| ભાવનગર | ૭૮૮ | ૧૦૨ | ૨ | ૦ | ૫ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| અમરેલી | ૬૧૪ | ૨૪૬ | ૧ | ૦ | ૭ |
| સુરેન્દ્રનગર | ૬૫૦ | ૯૧ | ૦ | ૦ | ૨ |
| **કુલ :** | **૧૭૭૯૭** | **૯૭૦૧** | **૧૩૬** | **૭૦૫** | **૨૦૫** |

-----------

**ગુજરાતમાં વિજ મથકો સ્થાપવા બાબત**

૧૮૭૭૮ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈનવેસ્ટમેન્ટ સમીટ-૨૦૦૫ અને ૨૦૦૭માં રાજ્યમાં વિજમથકો સ્થાપવા માટે, ક્યા ઉદ્યોગગૃહે કેટલા મૂડી રોકાણ સાથે

**જવાબ**

(૧) * પત્રક-અ મુજબ

| | |
|---|---|
| સમજૂતી કરાર કર્યા, કઈ જગ્યાએ વીજ મથકો સ્થાપવા સાથે, | |
| (૨) ૨૦૦૫માં થયેલ કરાર પેકી કેટલા પ્રોજેકટોનું કામ હાથ ધરવામાં આવેલ છે, અને તા. ૩૧-૧૨-૦૬ સુધી કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, | (૨) * પત્રક-બ મુજબ |
| (૩) સમજૂતી કરાર-૨૦૦૫ અનુસાર કેટલા સમયમાં પ્રોજેકટ પૂર્ણ થવાની ધારણા છે, અને | (૩) * પત્રક-ક મુજબ |
| (૪) પ્રોજેકટ પૂર્ણ થયે વીજ ઉત્પાદન કેટલું થશે? | (૪) ૬૩૫૦ મે.વો. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## કલ્પસર યોજનાનો પ્રી ફીઝીબીલીટી રિપોર્ટ

૧૯૪૦૬ ડૉ. **માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજનાની પ્રી ફીઝીબીલીટી રીપોર્ટ અને ફીઝીબીલીટી રીપોર્ટ ક્યારે તેયાર થઈ ગયા છે, | (૧) કલ્પસર યોજનાનો પ્રી ફીઝીબીલીટી રીપોર્ટ વર્ષ ૧૯૯૮માં તેયાર થયેલ હતો અને ફીઝીબીલીટી રીપોર્ટ તેયાર કરવાની કામગીરી હાલ ચાલુ છે. |
| (૨) ૨૦૦૬-૨૦૦૭ના નાણાંકીય વર્ષ દરમ્યાન આ યોજના પાછળ કેટલા નાણાં ફાળવવામાં આવ્યા હતા, અને? | (૨) ૨૦૦૬-૨૦૦૭ના નાણાંકીય વર્ષમાં કલ્પસર યોજના માટે રૂા. ૫૦૦ લાખની બજેટ જોગવાઇ છે. |
| (૩) તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલો ખર્ચ થયો છે? | (૩) તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં કુલ ખર્ચ રૂા. ૨૫.૪૪ કરોડ થયો છે. |

-----------

## ભાવનગર જિલ્લામાં તત્કાલ યોજના

૧૮૯૧૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ખેતી વિષયક તત્કાલ વીજ જોડાણ યોજનામાં વર્ષ ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં કરેલ અરજીઓ કુલ કેટલી હતી, અને | (૧) ૭૦૦૩ અરજીઓ. |
| એચબી-૮૪૭-૧૬ (૨) તત્કાલ યોજનાના બાકી રહેલા ભાવનગર જિલ્લાના વર્ષ ૨૦૦૪-૦૫ના તમામને ક્યાં સુધીમાં ખેતી વિષયક જોડાણ આપવામાં આવનાર છે? | (૨) બાકી રહેતી અરજીઓ પેકી અંદાજપત્રના નાણાં ભરપાઇ થયે વર્ષ ૨૦૦૭-૦૮માં વીજજોડાણ આપવાનું આયોજન છે. |

-----------

## કેનાલમાંથી લીફ્ટ ઈરીગેશન પધ્ધતિથી પાણી આપવાનું આયોજન

૧૯૯૯૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા** (હળવદ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા ખેડૂતોના વ્યાપક હિતમાં સિંચાઈ યોજના કેનાલમાંથી લીફ્ટ ઈરીગેશન પધ્ધતિથી પિયત માટે પાણી આપવા અંગેનું આયોજન કરાયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ બ્રાહ્મણી-૧ યોજનાની કેનાલોમાંથી લીફ્ટ ઈરીગેશન થી પાણી આપવા કેનાલોની સર્વે કામગીરી કરાયેલ છે, અને? | (૨) ના, જી. |
| (૩) જો હા, તો સર્વે મુજબ કામગીરી પૂર્ણ કરી કેટલા સમયમાં લીફ્ટ ઈરીગેશનનો લાભ આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## મહિલાઓ ઉપર ઘરેલૂ હિંસાના ગુનાઓ

૧૯૯૩૭ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિલાઓ ઉપરના અત્યાચાર રોકવા ઘરેલૂ | (૧) તા. ૨૬-૧૦-૨૦૦૬ થી અમલમાં આવી |

હિંસા ધારાનો અમલ રાજ્યમાં ક્યારથી શરુ કરવામાં આવ્યો છે,

ગયેલ છે. જેનો અમલ કાર્યરત છે.

(૨) આ ધારાના અમલથી તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલા ગુનાઓ રાજ્યમાં જિલ્લાવાર નોંધાયા છે, અને

(૨)

| અ.નં. | શહેર/જિલ્લા | નોંધાયેલ ગુના |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૮ |
| ૨ | રાજકોટ શહેર | ૧ |
| ૩ | વડોદરા શહેર | ૬ |
| ૪ | અમદાવાદ રૂરલ | ૭ |
| ૫ | આણંદ | ૬ |
| ૬ | સાબરકાંઠા | ૪ |
| ૭ | મહેસાણા | ૪ |
| ૮ | રાજકોટ રૂરલ | ૩ |
| ૯ | બનાસકાંઠા | ૩ |
| ૧૦ | વલસાડ | ૯ |
| ૧૧ | ડાંગ-આહવા | ૧૨ |

(૩) મહિલાઓ પર થતી ઘરેલૂ હિંસા રોકવા આ ધારા નીચે ફરિયાદો નોંધાવવા મહિલાઓને પ્રોત્સાહિત કરવા કેવા પગલાં સરકાર લેવા માગે છે?

(૩) મહિલાઓને મફ્ત શિક્ષણ આપવામાં આવે છે. તેઓમાં જાગૃતિ લાવવા સમાચાર પત્રોમાં પ્રસિધ્ધી કરવામાં આવે છે તેમજ અલગ અલગ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. શિબિરો યોજી આ કાયદા અંગે જ્ઞાન પણ આપવામાં આવે છે. લોક દરબાર તેમજ ગામડાંની મુલાકાતો લઇ અત્યાચારનો ભોગ બનેલ અથવા હેરાન કરવામાં આવે તો તે મહિલા વિના સંકોચ નજીક્ના પોલીસ સ્ટેશનમાં રૂબરૂ ફરિયાદ આપવા તેમજ અધિકારીશ્રીઓને મળી ફરિયાદ/ રજૂઆત કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

-----------

**નર્મદાની કાચી કેનાલના બાંધકામની કામગીરી**

૨૦૧૮૬ **શ્રી ભરતભાઈ પંડયા** (ધંધુકા) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) નર્મદાની લીંમડી કેનાલ અને બોટાદ કેનાલનું કાચી કેનાલનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને ક્યારે પૂર્ણ થશે, અને

(૧)

| **નહેરનું નામ** | **કુલ લંબાઇ કી.મી.** | **હાલ કામો પ્રગતિમાં** | **બાકી લંબાઇમાં કામનું આયોજન** |
|---|---|---|---|
| ૧. લીમડી | ૧૧૮ | ૦ થી ૩૧ કિ.મી. | ૦૨/૨૦૦૭માં શરૂ કરી ૦૧/૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨. બોટાદ | ૧૦૯ | ૦ થી ૧૬ કિ.મી. | |

(૨) તેનાથી ધંધુકા, બરવાળા તથા રાણપુર તાલુકાના કેટલા ગામોને તેમજ કેટલા હેકટર જમીનને સિંચાઈનો લાભ મળનાર છે ?

(૨) લાભિત તાલુકાના ગામ અને વિસ્તાર નીચે મુજબ છે.

| **અ.** | **તાલુકાનું** | **લાભિત** | **સિંચાઇનો લાભ** |
|---|---|---|---|
| ૧ | ધંધુકા | ૨૮ | ૧૫૫૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૧ | ધંધુકા | ૨૮ | ૧૫૫૨૬ |
| ૨ | બરવાળા | ૨૧ | ૧૩૬૫૧ |
| ૩ | રાણપુર | ૨૪ | ૧૫૮૮૦ |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં બળાત્કારના કિસ્સાઓ**

૧૯૧૯૫ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં બળાત્કારના કેટલા કેસ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલા છે, અને

(૨) બળાત્કારના આરોપીઓ અંગે સરકારે કોઈ કાર્યવાહી ન કરી હોય તેવા પોલીસ અધિકારીઓ સામે પગલા લેવા માંગો છો ?

**જવાબ**

(૧) ૨૩

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ગેરકાયદેસર ખનિજ ખોદાણના કેસો**

૧૯૬૦૯ **શ્રી ધીરૂભાઈ ગજેરા** (સુરત શહેર-ઉત્તર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનિજ ખોદાણના કુલ કેટલા કિસ્સાઓ પકડાયા,

(૨) આ રીતે ગેરકાયદેસર ખોદાણના કારણે થતી રોયલ્ટીની ચોરીઓ પકડવા રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આ પ્રવૃત્તિને રોકવા માટે રાજ્ય સરકાર ભવિષ્યમાં શી કાર્યવાહી કરવા માગે છે?

**જવાબ**

(૧) ૧૦૦૧ કેસો

(૨) ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિને ડામવા તથા અને રોયલ્ટીની ચોરી અટકાવવા માટે રાજ્ય
(૩) સરકારે બિનઅધિકૃત વહન અને સંગ્રહ અટકાવવાના નિયમો -૨૦૦૫ બનાવેલ છે તથા તેનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટે રાજ્યકક્ષા અને જિલ્લા કક્ષાએ ટાસ્ક ફોર્સ કમિટિની રચના કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત ફ્લાઇંગ સ્કવોર્ડ તથા જીલ્લાના સ્થાનિક ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા પણ ખાણ વિસ્તારોનું સમય અંતરે ચેકીંગ કરી, સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

-----------

**ઉમરગામ તાલુકાની પાણી પુરવઠા યોજના**

૧૮૮૪૯ **શ્રી શંકરભાઈ વારલી** (ઉમરગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાની ઉમરગામ તાલુકાની વલવાડા અચ્છારી જૂથ પાણી પુરવઠા યોજના ક્યારે મંજૂર થઈ, અને તેનું કામ ક્યારે હાથ ધરવામાં આવ્યું,

(૨) સમય મર્યાદામાં આ કામ પુરું થયું નથી તે સરકાર જાણે છે,

(૩) જો હા, તો આ કામનો વિલંબ થવા પાછળના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) આવી કોઇ યોજના નથી પરંતુ, વલસાડ જિલ્લાની ઉમરગામ તાલુકાની ઉમરગામ જૂથ પાણી પૂરવઠા યોજના છે તેમાં વલવાડા ગામનો જ સમાવેશ થયેલ છે. ઉમરગામ જૂથ યોજના ફેબ્રુઆરી-૨૦૦૩માં મંજૂર થયેલ છે. અને તેનું કામ મે-૨૦૦૩માં હાથ ધરવામાં આવેલ છે.

(૨) હા, જી.

(૩) ઉમરગામ જૂથ પાણી પૂરવઠા યોજનાના કામ માટે નેશનલ હાઇવે, વન વિભાગ તથા રેલ્વે ક્રોસીંગની

| | |
|---|---|
| | પરવાનગી મળવામાં, વલવાડા હેડવર્ક્સ તેમજ આવરી લેવાયેલ ગામોમાં ટાંકીની જગ્યા સંપાદન કરવામાં, કેનાલ ક્રોસીંગ તેમજ પંચાયત હસ્તકની જમીનો મેળવવામાં અને એજન્સી દ્વારા માલ-સામાન મેળવવામાં થયેલ વિલંબના કારણે. |
| (૪) કેટલા સમયમાં પૂર્ણ કરી કાર્યરત થશે ? | (૪) આ યોજના મે-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**નાગપુર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યાલય પરના આતંકવાદી હુમલાને નાકામ કરનાર જવાનોને ગુજરાત સરકાર દ્વારા ઈનામ**

૧૯૫૭૬ **શ્રી સિધ્ધાર્થ મા.પરમાર** (રાજકોટ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાગપુર ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યાલય પરના આતંકવાદી હુમલાને નાકામ કરનાર જવાનોને ગુજરાત સરકારે રૂા. ૧૦ લાખનું ઈનામ જાહેર કરેલ હતું તે ઈનામની રકમ રાજ્ય સરકારે ક્યારે અને કોને મોકલાવેલ છે, અને | (૧) રૂા. ૧૦ (દશ) લાખના પુરસ્કારની રકમનો ક્રોસ્ડ ચેક તા. ૧૪-૭-૦૬ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, મહારાષ્ટ્ર સરકારને મોકલાવેલ છે. |
| (૨) જો ના મોકલી હોય તો તેના શાં કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કચ્છ જિલ્લાના મંદિરોમાં ચોરીના કેસો**

૨૦૧૮૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મંદિરોમાં ચોરીના કેટલા બનાવો બન્યા, અને | (૧) ૩૯ (ઓગણ ચાલીસ). |
| (૨) કેટલા ગુનેગારો પકડાયા ? | (૨) ૪ (ચાર). |

-----------

**રાજ્ય સરકારે પ્રચાર પ્રસાર માધ્યમ માટે જાહેરાતોનો ખર્ચ**

૧૮૯૭૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકારે રાજ્યમાં પ્રચાર અને પ્રસાર માધ્યમ માટે જાહેરાતો પાછળ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો ? | માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રૂા. ૩૫૮.૯૧ લાખ (અંકે રૂપિયા ત્રણ કરોડ અઠ્ઠાવન લાખ અને એકાણું હજાર પૂરા). |

-----------

**મહેસાણા, પાટણ જિલ્લામાં નવા પોલીસ સ્ટેશનની દરખાસ્ત**

૧૯૭૮૮ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા, પાટણ જિલ્લામાં નવા પોલીસ સ્ટેશન શરૂ કરવાની કોઈ દરખાસ્ત પડતર છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના નિકાલ ક્યારે કરવા માંગો છો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જામનગર જિલ્લામાં નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત**

૨૦૨૧૪ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ)** : (કાલાવડ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર નર્મદાનું પાણી પીવા માટે કેટલા ગામો અને શહેરોને આવરી લેવામાં આવેલ છે,

(૧) તાલુકાવાર નીચે મુજબ.

| ક્રમ | તાલુકો | આવરી લીધેલ | |
|---|---|---|---|
| | | ગામો | શહેર |
| ૧ | જામનગર | ૪૦ | ૩ |
| ૨ | ધ્રોલ | ૧૫ | ૧ |
| ૩ | જોડીયા | ૫૦ | ૧ |

અન્ય લાલપુર, કાલાવાડ, ખંભાળીયા. જામજોધપુર, ભાણવડ, કલ્યાણપુર તથા દ્વારકા તાલુકામાં કામગીરી ચાલુ છે.

(૨) બાકીના ગામો શહેરોને પીવાનું પાણી ક્યારે પુરું પાડવામાં આવશે, અને

(૨) બાકી રહેલા ૫૮૯ ગામો અને ૧૨ શહેરોને તબક્કાવાર જુલાઇ-૨૦૦૮ સુધીમાં પીવાનું પાણી પુરૂં પાડવાનું આયોજન છે.

(૩) આ માટે કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) તા. ૩૧-૦૧-૦૭ની સ્થિતિએ રૂ. ૪૦૫.૩૦ કરોડનો ખર્ચ થયેલ છે.

-----------

**અમદાવાદ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના કામો**

૧૮૮૨૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા** (વિરમગામ) : **માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) રૂા. ૯૩.૯૪ લાખ.

(૨) રૂા. ૯૩.૯૪ લાખ.

-----------

**ખાણ અને ખનિજ વિભાગના અધિકારીઓ સામે ખાતાકીય તપાસ**

૧૯૧૪૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાણ અને ખનિજ વિભાગના કેટલા વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારી સામે ખાતાકીય તપાસ પડતર છે, અને

(૨) ખાતાકીય તપાસ જલ્દી પુરી થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ગ-૧ના ૨ કેસ અને વર્ગ-૨ના ૨ કેસ.

(૨) સત્વરે કાર્યવાહી હાથ ધરાશે.

**રાજકોટ જિલ્લામાં ટી. વી. સેટ આપવા બાબત**

૧૮૮૮૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ટી. વી. સેટ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ ટી.વી. સેટ આપવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | ટીવી સેટ |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૦૭ |
| ૨ | માળિયા | ૦૨ |
| ૩ | કોટડા સાંગાણી | ૦૧ |
| ૪ | જસદણ | ૧૦ |
| ૫ | મોરબી | ૦૧ |
| | **કુલ :** | **૨૧ ટી.વી. સેટ** |

(૨) રૂા. ૧,૭૮,૫૦૦/- (અંકે રૂપિયા એક લાખ અઠ્ઠોતેર હજાર પાંચસો પૂરા)

**ગેરકાયદે પથ્થરની ખાણોનું ખોદાણ અંગે**

૨૦૨૦૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોરબંદરથી ચોરવાડ સુધીના દરિયા કિનારા ઉપર ગેરકાયદે પથ્થરની ખાણોનું ખોદાણ થાય છે એ હકીકત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના ઉપર નિયંત્રણ માટેના શાં શાં પગલા લેવા વિચાર્યું છે ? | (૨) ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિને ડામવા માટે રાજ્ય સરકારે બિનઅધિકૃત વહન અને સંગ્રહ અટકાવવાના નિયમો-૨૦૦૫ બનાવેલ છે તથા તેનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટે રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાએ ટાસ્કફોર્સ કમિટિની રચના કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત ફ્લાઇંગ સ્કવોર્ડ તથા જીલ્લાના સ્થાનિક ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા પણ ખાણ વિસ્તારોનું સમય અંતરે ચેકીંગ કરી, સતત મોનીટરીંગ કરવામાં આવે છે. |

-----------

**ધરોઈ સિંચાઈ મંડળીની કામગીરી**

૨૦૧૯૦ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) **: માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધરોઈ સિંચાઈ યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ કેટલી સિંચાઈની મંડળી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કામ કરે છે, અને | (૧) ૨૨૧ સિંચાઇ મંડળી કાર્યરત છે. |
| (૨) તેનાથી સિંચાઈ વ્યવસ્થામાં શું પરિવર્તન આવેલ છે ? | (૨) સહભાગી સિંચાઇ વ્યવસ્થાના ફાયદાઓ નીચે મુજબ છે.<br>(૧) મંડળીના કમાન્ડ વિસ્તારમાં આવતી નહેરોના મરામત અને જાળવણીના કામો સમયસર અને યોગ્ય રીતે પાણી મળતા પહેલા પૂર્ણ કરવામાં આવે છે. જેથી પૂરતો પૂરવઠો મળી રહે છે.<br>(૨) સભાસદોને ફોર્મ ભરવાની, મંજૂર કરવાની પ્રક્રિયાથી છુટકારો મળે છે.<br>(૩) પાણીની વહેંચણીની કામગીરી મંડળી હસ્તક હોવાથી પાણીનો મહત્તમ અને કરકસરયુક્ત ઉપયોગ થઇ શકે તે રીતે આંતરીક સમજૂતિથી આયોજન થાય છે.<br>(૪) મંડળીઓ જો નહેરના છેવાડાના વિસ્તારમાં હોય તો પણ દરેક સભાસદોને પૂરતા સમય માટે પૂરતું પાણી મળી રહે છે.<br>(૫) સિંચાઇ પિયાવાના ૫૦% ફાળો મંડળી પાસે રહેતો હોઇ જરૂરિયાત મુજબના મરામતના કામો સહેલાઇથી અને ઝડપથી પૂર્ણ કરી શકે છે.<br>(૬) સિંચાઇ વહીવટ ખેડૂતો હસ્તક હોવાથી માલિકીપણાનો પોતાપણાનો અહેસાસ ઉત્પન્ન થવાથી નહેરનું કાળજીપૂર્વક જતન થાય છે. |

-----------

**ઉદ્યોગ ગૃહો સાથેના એમ.ઓ.યુ.**

૨૦૧૭૮ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ** (ખેરાલુ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ થી તા.૩૧-૧-૦૭ સુધીમાં સરકારે રાજ્યમાં કેટલા ઉદ્યોગ ગૃહો સાથે કેટલા મૂડી રોકાણના એમ.ઓ.યુ. કર્યા, અને | (૧) સને ૨૦૦૪-૦૫ થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટોમાં કુલ ૫૮૯ પ્રોજેકટોમાં રૂા. ૫,૬૭,૯૯૫ કરોડના મૂડી |

(૨) કેટલા નાણાનું મૂડી રોકાણ થયું ?

રોકાણના એમ.ઓ.યુ. અને જાહેરાતો કર્યા છે.
(૨) વર્ષ-૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાતમાં થયેલ એમ.ઓ.યુ. માંથી રૂા. ૮૮,૨૪૯.૬૬ કરોડના ૧૬૯ પ્રોજેકટસ અમલીકરણના વિવિધ તબક્કામાં છે.

-----------

**રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના માટેની અરજીઓ**

૧૮૮૯૬ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ટ્રાયબલ એરીયા એવા ડાંગ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ડીસેમ્બર-૦૬ સુધીમાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ બાકી છે, તેને ક્યારે જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ માં ડીસે. ૨૦૦૬ સુધીમાં આ યોજના હેઠળ કોઈ અરજી મળેલ નથી, પરંતુ ગુજરાત ઉર્જા વિકાસ નિગમની વિભાગીય કચેરી દ્વારા સર્વે કરી ૩૨૬૨ લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવા આયોજન હાથ ધરાયું છે.

(૨) અને (૩) ડાંગ જિલ્લામાં આ યોજનાનાં અમલની મંજૂરી ડીસેમ્બર-૨૦૦૬માં મળેલ હોઈ, એજન્સીની નિમણૂંક આખરી થયેથી ૩૨૬૨ લાભાર્થીઓને વીજ જોડાણની કાર્યવાહી આવતા બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**અમરેલી જિલ્લાની ખોડીયાર સિંચાઇ કેનાલને પાકી કરવાની દરખાસ્ત બાબત**

૨૦૨૦૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાની ખોડીયાર સિંચાઇ કેનાલને પાકી કરવાના કામની દરખાસ્ત રાજ્ય સરકારને મળી છે કે કેમ,

(૨) જો હા, તો આ કામોને સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરી ક્યારે ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ છે,

(૩) જો મંજુરીઓ આપેલ ન હોય તો, તેના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં જરૂરી મંજુરીઓ આપી કામ પૂર્ણ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) (૩) અને (૪) અંદાજોને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. વહીવટી મંજૂરીની દરખાસ્ત વિભાગની વિચારણા હેઠળ છે.

-----------

**અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ હાઇવે પર લૂંટ**

૧૯૫૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** (ભાદરણ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬માં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઇવે પર કેટલી લૂંટ થઇ, અને

(૨) લૂંટ કરનારા કેટલા ગુનેગારો પકડાયા ?

**જવાબ**

(૧) અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર કુલ-૩ લૂંટના બનાવો બનેલ છે.

(૨) ૬ (છ) ઈસમો પકડાયેલ છે.

-----------

**રાજ્યના ખેડા અને આણંદ જિલ્લાના કાંસો પહોળા અને ઉંડા કરવાનું આયોજન**

૧૯૩૭૩ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા** (ચકલાસી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અતિવૃષ્ટિને કારણે તેમજ કાંસનું રીપેરીંગ નહિ થવાને કારણે કેટલાય ગામોમાં પાણી મહીનાઓ સુધી ભરાઇ રહ્યાની તે વાત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૬ ના ચોમાસામાં અતિભારે વરસાદને કારણે કાંસોની વહન શક્તિ કરતાં વધુ પાણી આવવાથી, કાંસો

(૨) જો હા, તો ખેડા/આણંદ જિલ્લામાં કાંસોને ઉંડા તથા પહોળા કરવાનું શું આયોજન છે ?

ઉભરાયા હતા. પરંતુ ભવિષ્યમાં આ પ્રકારની વિકટ પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે ખેડા તથા આણંદ જિલ્લામાં કાંસો ઉંડા તથા પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

----------

**લોક દરબાર યોજવા બાબત**

૧૮૮૩૬ **શ્રી પ્રહલાદભાઈ મો.પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨)

| (૨) વર્ષ | યોજાયેલ લોક દરબાર |
|---|---|
| ૨૦૦૫ | ૧૧૫ |
| ૨૦૦૬ | ૧૦૭ |

-----------

**વલસાડ જિલ્લાના ઉદ્યોગોમાં સ્થાનિક ભરતી અંગે**

૨૦૨૨૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આવેલ ઉદ્યોગો પેકી ક્યા ક્યા ઉદ્યોગોએ ૮૫% સ્થાનિક ભરતીના નિયમોનો ભંગ કર્યો છે, અને

(૨) સ્થાનિક વ્યક્તિની જગ્યાએ અન્ય રાજ્યોમાંથી સ્થાનિક વ્યક્તિ બનાવી ભરતી કરી હોય તેવી કંપનીઓની ચકાસણી કરવા કોઇ કાર્યવાહી થઇ છે કે કેમ ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) હા જી.

-----------

**અમરેલી જિલ્લામાં નવા સબ સ્ટેશનો મંજૂર કરવા અંગે**

૧૯૦૪૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા નવા સબસ્ટેશનો મંજુર કરવામાં આવ્યા છે,

(૨) જો હા, તો તેમાંથી જિલ્લાના ક્યા તાલુકામાં કેટલા કાર્યરત થયેલા છે, અને

(૩) બાકીના મંજુર થયા હોય તે કેટલા દિવસોમાં કાર્યરત થશે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૬ (છ) નવા સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે.

(૨)

| અનુ.નં. | તાલુકાનું નામ | કાર્યરત થયેલા સબ-સ્ટેશનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સાવરકુંડલા | ૧ |
| ૨ | બાબરા | ૧ |
| ૩ | ખાંભા | ૧ |
| ૪ | ધારી | ૧ |
| ૫ | બગસરા | ૧ |

(૩) શક્ય તેટલા વહેલા કાર્યરત કરવાનું આયોજન છે.

-----------

તા.૨૩મી ફેબ્રુઆરી,૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**દારૂબંધીમાં આંશિક છૂટછાટ બાબત**

૨૦૧૮૪ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સરકાર દ્વારા તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોટા ઉધોગ ગૃહો (કોર્પોરેટ ઉદ્યોગો) માટે દારૂબંધીમાં આંશિક છુટછાટ આપવામાં આવેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) આ દારૂબંધીમાં છુટછાટનો હુકમ કઇ તારીખે કરવામાં આવેલ છે,

(૩) આ દારૂબંધીની છુટછાટ સાથે સમુહ પરમીટની જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) મોટા મેળાવડાઓ માટે આ સમુહ પરમીટનો ઉપયોગ કરવામાં આવશે તેના માટે સરકારી અંકુશ ક્યા પ્રકારના રાખેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) દારૂબંધીમાં કોઈ છુટછાટ મુકેલ નથી, પરંતુ સમુહ પરમીટની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૪) ફક્ત રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાના પરસિંવાદો/સેમીનારમાં ઉપસ્થિત રહેનાર વિદેશી તેમજ પરપ્રાંતના પ્રતિનિધિઓ પૂરતી જ સમુહ પરમીટોનો ઉપયોગ કરવામાં આવશે. સમુહ પરમીટ અંતર્ગત સ્થાનિક પ્રતિનિધીઓ દારૂનું સેવન કરી શકશે નહીં.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ વાહન અકસ્માતના ગુના**

૧૯૪૨૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ સ્ટેશનવાર તા.૧-૧-૦૪ થી તા.૩૧-૧-૦૭ સુધીમાં વર્ષવાર કેટલા વાહન અકસ્માત ગુન્હાઓ નોંધાયેલ છે,

(૨) તે પૈકી ચોટીલા-થાન અને સાયલા પોલીસ સ્ટેશનમાં વર્ષવાર કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

**જવાબ**

(૧)

| **પો.સ્ટે.નું નામ** | **૨૦૦૪** | **૨૦૦૫** | **૨૦૦૬** | **૧-૧-૦૭ થી ૩૧-૧-૦૭** |
|---|---|---|---|---|
| સુરેન્દ્રનગર સીટી | ૯૨ | ૯૯ | ૯૨ | ૭ |
| જોરાવરનગર | ૧૦૮ | ૧૨૧ | ૮૩ | ૧૨ |
| વઢવાણ | ૧૦૫ | ૯૧ | ૯૩ | ૮ |
| લખતર | ૫૩ | ૫૭ | ૩૫ | ૪ |
| મુળી | ૬૩ | ૬૩ | ૬૦ | ૮ |
| લીંબડી | ૧૧૦ | ૧૩૦ | ૯૯ | ૧૧ |
| ચુડા | ૪૨ | ૨૯ | ૩૨ | ૧ |
| પાણશીણા | ૫૧ | ૬૦ | ૫૦ | ૩ |
| સાયલા | ૧૦૯ | ૧૦૭ | ૮૬ | ૬ |
| ચોટીલા | ૧૧૭ | ૧૩૩ | ૭૭ | ૧૧ |
| થાનગઢ | ૧૪ | ૧૭ | ૨૨ | ૨ |
| ધાંગ્રધ્રાસીટી | ૨૫ | ૩૫ | ૩૩ | ૨ |
| ધાંગ્રધ્રા તાલુકો | ૮૮ | ૮૨ | ૭૦ | ૪ |
| હળવદ | ૪૫ | ૬૨ | ૬૮ | ૫ |
| પાટડી | ૩૩ | ૨૭ | ૪૪ | ૪ |
| દસાડા | ૮ | ૮ | ૧૬ | ૩ |
| ઝીંઝુવાડા | ૨ | ૪ | ૦ | ૧ |
| **ટોટલ...** | **૧૦૬૫** | **૧૧૨૫** | **૯૬૦** | **૯૨** |

(૨)

| પો.સ્ટે.નું નામ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૧-૧-૦૭ થી ૩૧-૧-૦૭ |
|---|---|---|---|---|
| સાયલા | ૧૦૯ | ૧૦૭ | ૮૬ | ૬ |
| ચોટીલા | ૧૧૭ | ૧૩૩ | ૭૭ | ૧૧ |
| થાનગઢ | ૧૪ | ૧૭ | ૨૨ | ૨ |

| | |
|---|---|
| (૩) કેટલા અક્સ્માતોમાં કેટલા માનવ મૃત્યુ થયા છે ? | (૩) કુલ કેસો :- ૫૧૦<br>કુલ મૃત્યુ :- ૬૧૨ |

-----------

**કડી તાલુકામાં માટીની ગેરકાયદેસર હેરફેર અંગેની માહિતી**

૧૯૮૨૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં માટીની ગેરકાયદેસર હેરફેર કરતાં કેટલા ટ્રેકટરોને પકડવામાં આવ્યા, અને | (૧) ૧ (એક) ટ્રેકટર. |
| (૨) આવા ગેરકાયદેસર માટીની હેરફેર કરતાં ટ્રેકટર માલીકો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) રૂા. ૧૫૦૦-૦૦. |

-----------

**નર્મદા ડેમનું પાણી આપવાનું આયોજન**

૧૯૮૫૩ **શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા ડેમનું પાણી અમરેલી, ભાવનગર, રાજકોટ, જામનગર, જુનાગઢને આપવાનું શું આયોજન છે, અને | (૧) અમરેલી, ભાવનગર, રાજકોટ, જામનગર અને જુનાગઢને પીવા માટે હાલમાં પાણી અપાઈ રહ્યું છે. ભાવનગર અને રાજકોટ જિલ્લાને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે. (નર્મદા પ્રભાગનું આયોજન)<br>નર્મદાના સોરાષ્ટ્ર વિસ્તારને ફાળવવામાં આવેલ પુરના વધારાના ૧ મીલીયન એકર ફીટ પાણી પેકીના પાણીને હયાત જળાશયોમાં લીંક નહેર ધ્વારા પાણી ભરી તેના પીયત વિસ્તારની સિંચાઈ સુવિધા સુદ્ઢ કરવાનું તેમજ નહેરને છેદતી નદીઓમાં પાણી છોડી હેઠળવાસના ચેકડેમો ભરવાનું આયોજન વિચારણા હેઠળ છે. (જ. સં. પ્રભાગનું આયોજન) |
| (૨) ક્યા વિસ્તારમાં કેટલા હેકટરમાં અને કેટલા સમયમાં આપવા માંગો છો ? | (૨) ભાવનગર જિલ્લાના ૬૫૨૯૨ હેકટર અને રાજકોટ જિલ્લાના ૪૪૫૦૩ હેકટર વિસ્તારને તબક્કાવાર ૨૦૦૮-૦૯ થી શરૂ કરી ૨૦૧૦ સુધીમાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે.<br>જ.સ. પ્રભાગના ઉક્ત આયોજન અંગે લીંક નહેરની પથરેખા નક્કી કરવા માટેના પ્રાથમિક સર્વેક્ષણો કરવામાં આવેલ છે અને વિવિધ વિકલ્પોની ચકાસણી થઈ રહેલ છે. |

-----------

**કચ્છ જિલ્લામાં બહારથી લીગ્નાઇટ લાવવાની મનાઇ**

૨૦૧૦૨ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ ઉદ્યોગોને બળતણ માટે લીગ્નાઇટ કચ્છ બહારથી લાવવાની મનાઇ છે, | (૧) રાજ્ય સરકારે આવો કોઈ પ્રતિબંધ મુકેલ નથી. |
| (૨) આવો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કચ્છના ઉધોગોને જિલ્લા બહારથી છૂટ આપવામાં આવશે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## રાજ્યમાં ૨ વ્હીલ અને ૪ વ્હીલ વાહનોની નોંધણી

૧૮૬૭૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૧-૧-૨૦૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૨ વ્હીલ અને ૪ વ્હીલના કેટલા વાહનોની નોંધણી કરવામાં આવેલ છે, અને

(૨) જે પેકી સુરત જિલ્લામાં કેટલા ૨ વ્હીલ અને ૪ વ્હીલના વાહનોની નોંધણી કરવામાં આવેલ છે, અને

(૩) જે પેટે રાજ્ય સરકારને કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૨ વ્હીલના ૧૨,૬૦,૫૮૧ અને ૪ વ્હીલના ૧,૬૪,૨૦૦ વાહનોની નોંધણી કરવામાં આવેલ છે.

(૨) જે પેકી સુરત જિલ્લામાં ૨ વ્હીલના ૧,૯૧,૩૯૦ વાહનો અને ૪ વ્હીલના ૨૬,૬૦૯ વાહનોની નોંધણી કરવામાં આવેલ છે.

(૩) ખંડ-(૧) ના જવાબમાં દર્શાવેલ વાહનો માટે રાજ્ય સરકારને કુલ રૂા. ૫૭૫.૩૫ કરોડની આવક થયેલ છે. તેમજ ખંડ-(૨) ના જવાબમાં દર્શાવેલ વાહનો માટે રાજ્ય સરકારને રૂા. ૧૦૧.૭૪ કરોડની આવક થયેલ છે.

-----------

## પીપાવાવ બંદરના ગેસ ટર્મીનલ બાબત

૨૦૦૭૯ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પીપાવાવ બંદરે નક્કી થયેલ ગેસ ટર્મીનસમાં વિલંબ થવા કે રદ થવાની બાબતમાં શું તથ્ય છે,

(૨) આ ગેસ ટર્મીનસ કોણે ઉભું કરવાનું હતું કે છે, અને

(૩) રાજ્ય સરકાર પીપાવાવ બંદરે ગેસ આયાત કરવા ટર્મીનસ કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ગેસ ટર્મીનલમાં વિલંબ કે રદ થયેલ નથી.

(૨) અને (૩) જી.એસ.પી.સી. અને એસ્સાર હોલ્ડીંગ લિમીટેડના સંયુક્ત સાહસથી ઉભુ કરવા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ માં એમ.ઓ.યુ. સહી કરેલ છે.

-----------

## સીતા કેનાલનું ખોદકામ

૧૯૨૮૪ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પોરબંદરમાં ગોરાસા અને નવાગામ વચ્ચે સીતા કેનાલ નામે ઓળખાતી કેનાલનું ખોદકામ કરવા માટે રાજ્ય સરકારને તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણીઓ મળી ?

**જવાબ**

બે.

-----------

## પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવમાં થયેલ ખર્ચ

૨૦૦૭૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવમાં થયેલ ખર્ચ અંગે જવાબમાં કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી કરેલ ખર્ચની વિગતો જણાવેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેન્દ્ર સરકારની કઇ ગ્રાન્ટમાંથી કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) આ મહોત્સવો માટે કેન્દ્ર સરકાર કોઈ ગ્રાન્ટ આપતી ન હોઈ, કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી કરેલ ખર્ચની વિગતો જણાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સિધ્ધપુર તાલુકાને સિંચાઇ માટે પાણી આપવા અંગે**

૧૮૯૯૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| મોકેશ્વર અને ધરોઇ જળાશય યોજનામાંથી સિધ્ધપુર તાલુકાને સિંચાઇ માટે પાણી આપવાનું વર્ષ ૨૦૦૬-૦૭ માં કોઇ આયોજન કરેલ છે કે કેમ ? | ના. જી. પરંતુ ધરોઈ વિસ્તરણના કામો પુર્ણ થતા ૧૩૪૨ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ, સાબરમતી સરસ્વતી લીંક કેનાલથી ૬૦૦૦ હેકટરને અપ્રત્યક્ષ લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**ભરૂચ જિલ્લામાં ગામોને પાણી પહોંચાડવા બાબત**

૧૮૬૬૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મધ્યબારા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં કેટલા તાલુકાઓના કેટલા ગામોને પાણી પહોંચાડવામાં આવે છે, | (૧) મધ્ય બારા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં ત્રણ તાલુકાઓના ૯૩ ગામોને પાણી પહોંચાડવામાં આવે છે. |
| (૨) આ ગામોમાં પુરતા પ્રેસરથી પાણી પહોંચતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૨) હા. જી, છેવાડાના ૧૯ ગામોમાં ૩૦ વર્ષ જૂની પાઈપ લાઈન હોવાથી પૂરતા પ્રેસરથી પાણી પહોંચતું નથી. |
| (૩) કેવા પ્રકારના પગલાંઓ ભરી પાણી પુરતા પ્રેસરથી મળે તે માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૩) આ યોજનાના ગામોને જોડતી મુખ્ય વિતરણ પાઈપની નવિન પાઈપ લાઈન નાંખવાનું આયોજન છે. |

-----------

**લોક દરબાર યોજવા બાબત**

૧૮૮૩૨ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ "લોક દરબાર" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) |

| વર્ષ | યોજાયેલ લોક દરબાર |
| --- | --- |
| ૨૦૦૫ | ૧૫૭ |
| ૨૦૦૬ | ૩૩૧ |

-----------

**ઓદ્યોગિક એકમો પાસેથી પાણી વેરાની બાકી વસૂલાત**

૧૯૩૮૯ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ક્યા ક્યા ઓદ્યોગિક એકમો પાસેથી પાણીના વપરાશ સામે કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૧) સામેલ *પત્રક (૧) મુજબ. |
| (૨) આવી રકમ સત્વરે વસૂલવા સરકારે શી કાર્યવાહી કરી, અને ઓદ્યોગિક એકમો પાસેથી શા દરે પાણી વેરો વસૂલ કરવામાં આવે છે ? | (૨) (અ) કરેલ કાર્યવાહીની વિગતો સામેલ *પત્રક (૨) મુજબ. |

૧૦૦૦ લીટરે દર

| (બ) | વર્ષ | સ્થાયી દરો | વપરાશી દરો | કુલ દરો |
| --- | --- | --- | --- | --- |
| | ૨૦૦૫-૦૬ | ૦.૭૫ | ૫.૩૬ | ૬.૧૧ |
| | | ૧.૫૦ | ૫.૩૬ | ૬.૮૬ |
| | ૨૦૦૬-૦૭ | ૦.૭૫ | ૫.૯૦ | ૬.૬૫ |
| | (૩૧-૧૨-૦૬ સુધી) | ૧.૫૦ | ૫.૯૦ | ૭.૪૦ |
| | ૧-૧-૦૭ થી | --- | ૮.૦૦ | ૮.૦૦ |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

## હોમગાર્ડઝની સંખ્યામાં વધારો કરવા બાબત

૧૯૬૩૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં લૂંટફાટ, ખૂન, ધાડ વિગેરે વધતા જતા ગુનાઓ ધ્યાને લઈને રાજ્ય સરકાર હોમગાર્ડઝની સંખ્યામાં વધારો કરી કાયમી ધોરણે સુરક્ષા વ્યવસ્થિત કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો તેનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં પ્રજાના જાનમાલની સુરક્ષાની જવાબદારી પોલીસતંત્રની છે. હોર્મગાર્ડઝ દળ એ પૂરક દળ છે. હાલમાં હોમગાર્ડઝની સંખ્યા પુરતી છે. પોલીસ તંત્રની માંગણી મુજબ હોમગાર્ડઝની સેવાઓ પુરી પાડવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સાબરકાંઠા જિલ્લામાં ખૂન, લૂંટ, અને છેડતીના બનાવો

૨૦૨૨૫ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખૂન, લૂંટ અને છેડતીના કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા, અને

(૩) કેટલા ગુનેગારો પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ કેસો. | | |
|---|---|---|---|---|
| | | ખૂન | લૂંટ | છેડતી |
| ૧ | હિંમતનગર | ૧૧ | ૭ | ૨૬ |
| ૨ | પ્રાંતિજ | ૬ | ૫ | ૧૨ |
| ૩ | તલોદ | ૧૧ | ૩ | ૧૨ |
| ૪ | ઈડર | ૧૨ | ૧૩ | ૯ |
| ૫ | વડાલી | ૧ | ૧ | ૭ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૧ | ૭ | ૧ |
| ૭ | વિજયનગર | ૧૩ | ૧ | ૯ |
| ૮ | ભિલોડા | ૧૯ | ૬ | ૧૧ |
| ૯ | મોડાસા | ૯ | ૩ | ૭ |
| ૧૦ | મેઘરજ | ૨ | ૨ | ૯ |
| ૧૧ | માલપુર | - | - | ૪ |
| ૧૨ | ધનસુરા | ૧ | ૨ | ૭ |
| ૧૩ | બાયડ | ૫ | ૧ | ૧૦ |
| | કુલ.. | ૧૦૧ | ૫૧ | ૧૧૬ |

(૨)

| ખૂન | લૂંટ | છેડતી |
|---|---|---|
| ૧૯૦ | ૭૦ | ૧૫૧ |

(૩)

| ખૂન | લૂંટ | છેડતી |
|---|---|---|
| ૮ | ૩ | - |

-----------

## અમદાવાદ શહેર તથા જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં ખાલી જ્ગ્યાઓ

૧૯૦૫૦ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ક્યા ક્યા પોલીસ સ્ટેશનમાં કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરાઈ જશે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ

(૨) વહીવટી અનુકૂળતા પ્રમાણે જ્ગ્યાઓ ભરવામાં આવે છે.

**પત્રક**

**અમદાવાદ શહેર**

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | વેજલપુર | ૧૮૭ |
| ૨ | એલીસબ્રીજ + | ૫૪ |
| ૩ | સેટેલાઈટ | ૫ |
| ૪ | નવરંગપુરા | ૪૬ |
| ૫ | નારણપુરા | ૪૦ |
| ૬ | ઘાટલોડીયા | ૫૦ |
| ૭ | સોલા | ૩ |
| ૮ | શાહપુર | ૪૪ |
| ૯ | કારંજ | ૮૪ |
| ૧૦ | સાબરમતી | ૨૯ |
| ૧૧ | માધુપુરા | ૯૯ |
| ૧૨ | કાલુપુર | ૬૩ |
| ૧૩ | શહેર કોટડા | ૯૩ |
| ૧૪ | ખાડીયા | ૧૧૩ |
| ૧૫ | ગા. હવેલી | ૫૧ |
| ૧૬ | દરીયાપુર | ૧૭ |
| ૧૭ | શાહીબાગ | ૬૦ |
| ૧૮ | સરદારનગર | ૩૭ |
| ૧૯ | નરોડા | ૧૪ |
| ૨૦ | મેઘાણીનગર | ૧૩ |
| ૨૧ | ગોમતીપુર | ૭૯ |
| ૨૨ | બાપુનગર | ૭૯ |
| ૨૩ | રખીયાલ | ૩૫ |
| ૨૪ | ઓઢવ | ૨૨ |
| ૨૫ | અમરાઈવાડી | ૩૨ |
| ૨૬ | કાગડાપીઠ | ૬૦ |
| ૨૭ | દાણીલીમડા | ૫૩ |
| ૨૮ | મણીનગર | ૩૮ |
| ૨૯ | જીઆઈડીસી વટવા | ૫૬ |
| ૩૦ | વટવા | ૨૩ |

**અમદાવાદ ગ્રામ્ય**

| ક્રમ | પોલીસ સ્ટેશનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | માંડલ | ૮ |
| ૨ | ધોળકા | ૨૨ |
| ૩ | દેત્રોજ | ૧૧ |
| ૪ | ધંધુકા | ૧૮ |
| ૫ | બાવળા | ૯ |
| ૬ | વિરમગામ રૂરલ | ૭ |
| ૭ | કોઠ | ૫ |
| ૮ | બગોદરા | ૫ |
| ૯ | કણભા | ૧ |
| ૧૦ | અસલાલી | ૧ |
| ૧૧ | વિઠ્ઠલાપુર | ૬ |
| ૧૨ | સાણંદ | ૩ |
| ૧૩ | ધોલેરા | ૩ |
| ૧૪ | વિરમગામ ટાઉન | ૧૮ |
| ૧૫ | રાણપૂર | ૩ |
| ૧૬ | બરવાળા | ૮ |

-----------

**બગસરા પોલીસ સર્કલ ઈન્સ્પેકટર કચેરી બંધ કરવા બાબતે**

૨૦૨૧૨**શ્રી બાલુભાઈ તંતી** (ધારી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બગસરા પોલીસ સર્કલ ઈન્સ્પેકટર કક્ષાની કચેરી ૨૦૦૫ માં બંધ કરવાના કારણો શાં હતા, અને

(૨) આ કચેરી ફરી બગસરાને આપવા સરકાર વિચારે છે કે કેમ ?

**જવાબ**

(૧) બગસરા પોલીસ સર્કલ ઈન્સ્પેકટર કક્ષાની કચેરી ૨૦૦૫માં બંધ કરવામાં આવેલ નથી પરંતુ બગસરા પોલીસ સર્કલ ઈન્સ્પેકટરની કચેરી હઠેળ આવતા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ગુનાઓના પ્રમાણને ધ્યાને લઈ વહીવટી સરળતા ખાતર બાબરા ખાતે સ્થળાંતર થયેલ છે.

(૨) ના, જી.

-----------

**કડાણા ડાબા કાંઠા મુખ્ય નહેરથી વંચિત આદિવાસી વિસ્તારોને સિંચાઈની સુવિધા**

૨૦૧૯૩ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડાણા ડાબા કાંઠા મુખ્ય નહેરથી વંચિત આદિવાસી વિસ્તારને સિંચાઈની સુવિધા આપવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, અશંતઃ સિંચાઈથી વંચિત આદિવાસી વિસ્તારને કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર યોજના ધ્વારા સિંચાઈ સુવિધા આપવાનું આયોજન છે. |
| (૨) આ યોજના ક્યારે પૂરી થશે ? | (૨) જુન-૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**પાટણ-મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાઓમાં નર્મદા સબ-કેનાલો અને પેટા કેનાલોનું બાંધકામ**

૧૯૫૯૧ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ** (ચાણસ્મા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓમાં નર્મદા મેઈન કેનાલનું કામ લગભગ પૂરું થવા આવ્યું છે, તો રાજ્ય સરકાર સબ કેનાલો અને પેટા કેનાલોનું કામ ક્યારે પૂરું કરવા માંગે છે, | (૧) તબક્કાવાર ૨૦૦૭-૦૮ થી શરૂ કરી ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ ત્રણે જિલ્લાઓના ખેડૂતોને તેમના ખેતરોમાં આ કેનાલો ધ્વારા પાણી ક્યારે પહોંચાડવા માગે છે, અને | (૨) અને (૩) ૨૦૦૮-૦૯ થી તબક્કાવાર શરૂ કરી ૨૦૧૦ સુધીમાં પાણી પહોંચાડવાનું આયોજન છે. |
| (૩) તેની સમય મર્યાદા સરકારે નક્કી કરી છે કે કેમ ? | |

-----------

**પોલીસ અધિકારીઓની પ્રમોશનથી ભરવાની જગાઓ**

૧૯૨૨૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ ના રોજ ગૃહ વિભાગ હસ્તકનાખાતામાંપોલીસ-સબ-ઈન્સ્પેકટર/પોલીસ ઈન્સ્પેકટર/ ડી.વાય.એસ.પી. તથા ડી.એસ.પી. ની કુલ કેટલી જગાઓ પ્રમોશનથી ભરવા પાત્ર ખાલી છે, અને | (૧) ૬૦૬ |
| (૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) વહીવટી અનુકૂળતાએ ખાલી જ્ગ્યાઓ ભરવામાં આવે છે. |

-----------

**તિલકવાડા તાલુકાના ગામોને નર્મદા નહેરનું પાણી આપવા બાબત**

૨૦૧૯૭ **શ્રી કાંતિભાઈ ભા. તડવી** (સંખેડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાની તિલકવાડા તાલુકાના ગામોને નર્મદા નહેર આધારિત યોજનાનું પીવાનું પાણી સરકાર આપવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ૧૨/૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**ઉકાઈ ડાબા કાંઠા નહેરની કેનાલ ફિલ્ડ ચેનલ પૂરી દેવા બાબત**

૧૮૯૪૫ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ ડાબા કાંઠા નહેરની કેનાલ ફિલ્ડ ચેનલ પૂરી દેવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના જી. |
| (૨) તેના કારણો શા છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) આ ફિલ્ડ ચેનલ તેયાર કરી પાણી આપવા માંગો છો કે કેમ ?

-----------

**રાજ્યમાં વીજ ઉત્પાદન**

૧૮૯૫૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૫-૦૬માં વિજ ઉત્પાદન કેટલું હતું, | (૧) ૫૯૦૭૨ મીલીયન યુનીટ |
| (૨) તેની સામે માંગ કેટલી હતી, અને | (૨) અનિયંત્રિત માંગ ૬૩૩૧૩ મીલીયન યુનીટ હતી. |
| (૩) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં વિજ ઉત્પાદન કેટલું વધારી શકાયું ? | (૩) ૧૮૪૨ મીલીયન યુનીટ |

-----------

**રાજ્યમાં અપમૃત્યુના કેસો**

૧૯૪૦૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની ( નરોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા અપમૃત્યુના કિસ્સાઓ નોંધાયેલ છે, અને | (૧) પત્રક - ૧ સામેલ છે. |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલાના ભેદ ઉકેલાયા છે ? | (૨) પત્રક - ૨ સામેલ છે. |

**પત્રક-૧**

રાજ્યમાં તા. ૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબના અપમૃત્યુના કિસ્સાઓ નોંધાયેલ છે.

| અ.નં. | શહેર/જિલ્લા | અપમૃત્યુના બનાવો |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૯૧૨ |
| ૨ | રાજકોટ શહેર | ૮૪૩ |
| ૩ | સુરત શહેર | ૪૨૧ |
| ૪ | વડોદરા શહેર | ૫૦૯ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૨૫૭ |
| ૬ | ખેડા | ૧૨૨ |
| ૭ | આણંદ | ૪૩૯ |
| ૮ | ગાંધીનગર | ૪૩૨ |
| ૯ | સાબરકાંઠા | ૪૨૯ |
| ૧૦ | મહેસાણા | ૪૧૨ |
| ૧૧ | જામનગર | ૬૪૬ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૯૪૮ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૮૪ |
| ૧૪ | બનાસકાંઠા | ૨૭૫ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૫૭૭ |
| ૧૬ | પાટણ | ૪૩ |
| ૧૭ | અમરેલી | ૩૩૫ |
| ૧૮ | ભાવનગર | ૭૬૭ |
| ૧૯ | જુનાગઢ | ૨૭૨ |
| ૨૦ | પોરબંદર | ૨૩૬ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૨૮૮ |
| ૨૨ | ભરૂચ | ૧૦૧ |
| ૨૩ | નર્મદા | ૪ |

| અ.નં. | શહેર/જિલ્લા | અપમૃત્યુના બનાવો |
|---|---|---|
| ૨૪ | ગોધરા | ૨૪૫ |
| ૨૫ | દાહોદ | ૧૯૯ |
| ૨૬ | સુરત રૂરલ | ૫૨૧ |
| ૨૭ | વલસાડ | ૨૯૧ |
| ૨૮ | નવસારી | ૧૨૧ |
| ૨૯ | ડાંગ-આહવા | ૩૨ |
| ૩૦ | પ. રે. વડોદરા | ૧૩૪૧ |
| | **કુલ...** | **૧૨૪૦૨** |

**પત્રક-૨**

નીચે મુજબના જિલ્લાઓમાં અપમૃત્યુના ભેદ ઉકેલાયા છે.

| અ.નં. | શહેર/જિલ્લા | અપમૃત્યુના ઉકેલાય લાશો અંગેના ભેદની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૭૯૮ |
| ૨ | રાજકોટ શહેર | ૭૩૧ |
| ૩ | સુરત શહેર | ૩૪૮ |
| ૪ | વડોદરા શહેર | ૩૦૩ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૨૪૦ |
| ૬ | ખેડા | ૧૨૦ |
| ૭ | આણંદ | ૪૦૦ |
| ૮ | ગાંધીનગર | ૪૧૧ |
| ૯ | સાબરકાંઠા | ૪૦૪ |
| ૧૦ | મહેસાણા | ૩૧૯ |
| ૧૧ | જામનગર | ૩૪૬ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૯૪૩ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૮૧ |
| ૧૪ | બનાસકાંઠા | ૨૫૬ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૫૬૩ |
| ૧૬ | પાટણ | ૪૨ |
| ૧૭ | અમરેલી | ૩૩૧ |
| ૧૮ | ભાવનગર | ૭૫૬ |
| ૧૯ | જુનાગઢ | ૨૭૧ |
| ૨૦ | પોરબંદર | ૨૩૫ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૨૪૮ |
| ૨૨ | ભરૂચ | ૧૦૦ |
| ૨૩ | નર્મદા | ૧ |
| ૨૪ | ગોધરા | ૨૩૩ |
| ૨૫ | દાહોદ | ૧૮૭ |
| ૨૬ | સુરત રૂરલ | ૪૪૮ |
| ૨૭ | વલસાડ | ૨૫૨ |
| ૨૮ | નવસારી | ૧૦૩ |
| ૨૯ | ડાંગ-આહવા | ૩૦ |
| ૩૦ | પ. રે. વડોદરા | ૭૭૪ |
| | **કુલ...** | **૧૦૫૭૪** |

-----------

### અમદાવાદમાં સેઝ ગારમેન્ટ ઉત્પાદન બાબત

૧૮૯૩૪ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં કાંકરીયા વિસ્તારમાં જી.આઈ.ડી.સી. ધ્વારા બનેલ એસ.ઈ.ઝેડ ગારમેન્ટ ઉત્પાદન ક્યારે શરુ કરવામાં આવશે, | (૧) મંજુર થયેલ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનનું કેન્દ્ર સરકારના વાણિજ્ય વિભાગ ધ્વારા જાહેરનામું પ્રસિધ્ધ થયે, પાર્કમાં પ્લોટ ફાળવવાની પ્રક્રિયા શરુ થઈ શકશે. |
| (૨) તા. ૩૧-૧-૦૭ સુધીમાં એસ.ઈ.ઝેડ. માં કુલ કેટલા ઉદ્યોગ સાહસિકોએ પોતાના યુનિટો શરુ કરવા માટે અરજીઓ કરી છે, અને | (૨) ૫૧ |
| (૩) આ ગારમેન્ટ પાર્કનું ઉત્પાદન હજુ સુધી શરુ ન થવાના કારણો શાં છે ? | (૩) ઝોન માટે કેન્દ્ર સરકારના વાણિજ્ય વિભાગના જાહેરનામાની પ્રસિધ્ધ ન થવાને કારણે પાર્કમાં વિકસિત પ્લોટની ફાળવણી થઈ શકેલ નથી. |

-----------

### રાજ્યમાં ભ્રુણ હત્યાના કેસો

૧૯૯૩૮ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧-૦૭ સુધી ભ્રુણ હત્યાના કેટલા ગુનાઓ જિલ્લાવાર નોંધાયા, અને

**જવાબ**

(૧)

| શહેર જિલ્લો | ભ્રુણ હત્યાના કેસો |
|---|---|
| અમદાવાદ શહેર | ૧ |
| અમદાવાદ રૂરલ | ૧ |
| ખેડા | ૨ |
| આણંદ | ૧ |
| બનાસકાંઠા | ૧ |
| ભાવનગર | ૧ |
| વડોદરા રૂરલ | ૮ |

આ સિવાય રાજ્યના અન્ય જિલ્લા/શહેરોમાં આવા ગુનાઓ નોંધાયેલ નથી.

(૨) ભ્રુણ હત્યા રોકવા સરકારે કેવા પગલાં લેવાનું આયોજન કર્યુ છે ?

(૨) આવા ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડવાની તપાસ તજવીજ હાથધરી ગુનાઓ દાખલ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરાવા એકત્રીત કરી કડકમાં કડક સજા થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તેમજ સરકાર તરફથી આપવામાં આવેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરાવવામાં આવે છે.

-----------

### અમદાવાદ જિલ્લાના ચેકડેમો બાબત

૨૦૧૮૭ **શ્રી ભરતભાઈ પંડયા** (ધંધુકા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના રાણપુર ખાતે ભાદર નદીમાં રાણપુર તાલુકાના વેજલકા નિલકા નદીમાં બરવાળા ખાતે ઉતાવળી નદીમાં બરવાળા તાલુકામાં ખરસલીયા ભીમનાથ નિલકા નદીમાં કુલ ચાર ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા હતા તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ કામગીરી અચાનક ક્યા કારણોસર બંધ કરવામાં આવી અને હવે આ ચાર ચેકડેમોની કામગીરી ફરી શરૂ કરીને ક્યારે પૂર્ણ કરવામાં આવેશે ? | (૨) સૂચિત ચાર ચેકડેમો પૈકી ત્રણ ચેકડેમો (૧) વેજલકા (૨) બરવાળા તથા (૩) ખરસલીયા ચેકડેમોના બાંધકામ ઈજારદારશ્રી સ્પેસીફીકેશન તથા ગુણવત્તાવાળી કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ ઈજારો રદ |

કરવામાં આવેલ છે.
ટૂંક સમયમાં કામો હાથ ધરવાનું આયોજન વિચારાયેલ છે.

-----------

**કંપનીઓ પાસેથી વીજળી ખરીદવા બાબત**

૧૯૬૧૦ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર ઉત્તર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કઈ કઈ વીજળી કંપનીઓ પાસેથી ક્યા ક્યા ભાવે વીજળી ખરીદવા માટે ઓફરો મંગાવી,

(૨) આ પૈકીની કઈ કંપની પાસેથી ક્યા ભાવે વીજળી લેવાનું નક્કી કર્યુ ?

**જવાબ**

(૧) વીજ ખરીદી માટેની આવી પ્રસ્તાવના માંગતી વખતે ભાવો દર્શાવવાના હોતા નથી. વાસ્તવમાં વીજ વેચાણના ભાવોની ઓફર જે તે વીજ વેચાણ કરતી કંપનીઓ દ્વારા આપવામાં આવે છે.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ (ડીસેમ્બર-૦૬ સુધી) ની ખરીદીની વિગતો પત્રક-અ મુજબ.

**પત્રક - અ**
**વીજ ખરીદીની વિગતો**

| ક્રમાંક | એજન્સીનું નામ | ૨૦૦૫-૨૦૦૬ | | ૨૦૦૬-૦૭ (ડીસેમ્બર ૦૬ સુધી) | |
|---|---|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | પ્રતિ યુનિટ સરેરાશ ભાવ | મીલીયન યુનિટ | પ્રતિ યુનિટ સરેરાશ ભાવ |
| ૧ | પીટીસી | ૧૪૫.૧૧૮ | ૩.૧૭ | -- | -- |
| ૨ | એનવીવીએનએલ | ૨.૨૭૨ | ૨.૫૮ | ૩.૪૬૮ | ૪.૬૯ |
| ૩ | અદાણી એન્ટરપ્રાઈઝ લી. | ૬૨.૯૧૭ | ૩.૫૬ | ૪૭૦.૪૩૩ | ૫.૪૮ |
| ૪ | રીલાયન્સ એનર્જી લી. | ૩૧.૩૪૪ | ૩.૪૮ | ૬૧.૮૮૧ | ૪.૦૫ |
| ૫ | ટાટા પાવર લી. | -- | -- | ૨૦.૩૫૫ | ૫.૧૫ |
| ૬ | સુભાષ કબીની | -- | -- | ૩૬.૬૨૨ | ૩.૮૪ |
| ૭ | લેન્કો | -- | -- | ૪૦.૯૪૧ | ૪.૧૪ |
| ૮ | કરમચંદ થાપર | -- | -- | ૩.૯૬૭ | ૫.૦૬ |

-----------

**વલસાડ જિલ્લામાં બળાત્કાર, ખૂન, લૂંટ અને ધાડના બનાવો**

૧૮૯૭૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર, ખૂન, લૂંટ અને ધાડના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | બળાત્કાર | ખૂન | લૂંટ | ધાડ |
|---|---|---|---|---|
| વલસાડ | ૦ | ૦૨ | ૦ | ૦૧ |
| પારડી | ૦ | ૨૦ | ૦૬ | ૦૭ |
| ઉમરગામ | ૦૨ | ૧૨ | ૦૩ | ૦૬ |
| ધરમપુર | ૦ | ૦ | ૦૧ | ૦૧ |
| કપરાડા | ૦ | ૦૯ | ૦૩ | ૦૧ |

(૨) તે પૈકી કેટલા આરોપી પકડાયા, અને

(૨)

| તાલુકાનું નામ | બળાત્કાર | ખૂન | લૂંટ | ધાડ |
|---|---|---|---|---|
| વલસાડ | ૦ | ૦૪ | ૦ | ૦ |
| પારડી | ૦ | ૧૮ | ૧૩ | ૬૨ |
| ઉમરગામ | ૦૨ | ૧૧ | ૦૨ | ૨૫ |
| ધરમપુર | ૦ | ૦ | ૦૪ | ૦૫ |
| કપરાડા | ૦ | ૨૪ | ૦ | ૦ |

(૩) કેટલો મુદ્દામાલ પરત મેળવવામાં આવ્યો ?

(૩)

| તાલુકાનું નામ | બળાત્કાર | ખૂન | લૂંટ | ધાડ |
|---|---|---|---|---|
| વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ |
| પારડી | ૦ | ૦ | ૩૦૭૯૫૫૦ | ૧૮૨૦૧૮૦ |
| ઉમરગામ | ૦ | ૦ | ૦ | ૮૩૨૪૫૦ |
| ધરમપુર | ૦ | ૦ | ૯૦૦૦ | ૧૮૦૦૦૦ |
| કપરાડા | ૦ | ૦ | ૬૫૦૦ | ૦ |

-----------

## મહેસાણા અને પાટણ જિલ્લાના પોલીસ મહેકમની માહિતી

૧૯૭૮૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં હેડ કોન્સ્ટેબલો, કોન્સ્ટેબલો, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, પોલીસ ઈન્સ્પેક્ટરની મંજૂર થયેલ કેટલી જગ્યાઓ છે,

(૨) મંજૂર થયેલ જગ્યાઓમાંથી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ શું આયોજન કરેલ છે, કેટલા સમયમાં સરકારશ્રી ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ

(૩) ખાલી જગ્યાઓ ભરતી અને બઢતીથી વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે.

**પત્રક**

| સંવર્ગ | મહેસાણા | | | પાટણ | | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | ભરાયેલ | ખાલી | મંજૂર | ભરાયેલ | ખાલી |
| પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૪ | ૧૧ | ૦૩ | ૦૯ | ૦૯ | -- |
| પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૫૪ | ૩૮ | ૧૬ | ૪૬ | ૨૯ | ૧૭ |
| હેડ કોન્સ્ટેબલ/એ.એસ.આઈ. | ૪૬૪ | ૪૩૧ | ૩૩ | ૩૩૪ | ૩૦૮ | ૨૬ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૧૦૯૦ | ૯૩૫ | ૧૫૫ | ૬૩૯ | ૫૧૯ | ૧૨૦ |

-----------

## જામનગર જિલ્લામાં ખનિજના લીઝ માટેની પડતર અરજીઓ

૨૦૨૧૫ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવાડ) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનિજોના લીઝ માટે કુલ કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં ખાણ ખનિજની મળેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર | ૧૪૯ |
| ૨ | ધ્રોલ | ૬૭ |

| | | |
|---|---|---|
| ૨ | ધ્રોલ | ૬૭ |
| ૩ | જોડીયા | ૯૨ |
| ૪ | કાલાવાડ | ૮૪ |
| ૫ | જામજોધપુર | ૧૨૫ |
| ૬ | ભાણવડ | ૪૫ |
| ૭ | લાલપુર | ૨૨૦ |
| ૮ | ખંભાળીયા | ૯૮ |
| ૯ | કલ્યાણપુર | ૧૫૭ |
| ૧૦ | ઓખામંડળ | ૯૧ |
| | કુલ.. | ૧૧૨૮ |

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી તાલુકાવાર મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર | ૨૪ |
| ૨ | ધ્રોલ | ૧૩ |
| ૩ | જોડીયા | ૧૩ |
| ૪ | કાલાવાડ | ૯ |
| ૫ | જામજોધપુર | ૩૨ |
| ૬ | ભાણવડ | ૩ |
| ૭ | લાલપુર | ૨૦ |
| ૮ | ખંભાળીયા | ૨૧ |
| ૯ | કલ્યાણપુર | ૫ |
| ૧૦ | ઓખામંડળ | ૩ |
| | કુલ.. | ૧૪૩ |

(૩) બાકીની અરજીઓ પડતર રહેવા અથવા નામંજૂર થવાના ક્યા ક્યા કારણો છે ?

(૩) અરજીઓ પડતર રહેવા/નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજદાર તરફથી લીઝ અરજી અન્વયે સમયસર પૂર્તતા/સ્પષ્ટતા નહીં થવાના કારણોસર.
૨. ગોચર જમીન અંગે સબંધિત ગ્રામપંચાયતના ઠરાવના અભાવે.
૩. વનખાતાના અભિપ્રાયના અભાવે.
૪. કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ તથા કલેકટર કચેરી સાથે સ્પષ્ટતા/પૂર્તતા સમયસર નહિ થવાના કારણોસર.

-----------

**પોરબંદર જિલ્લામાં ખાણ ખનિજની રોયલ્ટીની ચોરીના બનાવો**

૧૯૧૪૧ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાણ ખનીજની ચોરીના કેટલા બનાવો પોરબંદર જિલ્લામાં બન્યા,

(૨) કેટલી રકમની રોયલ્ટીની ચોરી સરકારના ધ્યાને આવી, અને

(૩) ગુનેગારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૬૦૦

(૨) રૂા. ૪૫.૧૧ કરોડ

(૩) માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ, ૧૯૫૭ ની જોગવાઈઓના ભંગ બદલ કસૂરવાન ઈસમો સામે લેન્ડ રેવન્યુ કોર્ડ હેઠળ નોટીસો પાઠવવામાં આવેલ છે. તેમજ ભારતીય

ફોજદારી ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

-----------

**કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા**

૨૦૨૦૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) **: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેશોદ તાલુકાનો ગ્રામ્ય વિસ્તાર પીવાના પાણીની સમસ્યાથી ગ્રસ્ત હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) અંશતઃ હા |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર એના ઉપાય માટે શાં પગલાં લેવા વિચારે છે ? | (૨) ઉનાળા દરમ્યાન પીવાના પાણીની ઉભી થતી અંશતઃ મુશ્કેલી નિવારવાના પ્રયાસ રૂપે રાજ્ય સરકારે લાંબાગાળાના આયોજન રૂપે સમગ્ર કેશોદ તાલુકાને મહી/નર્મદા પાઈપ લાઈન પ્રોજેક્ટ અંતર્ગત તેમજ ઓઝત-૨ ડેમ આધારિત કેશોદ જૂથ પાણી પુરવઠા યોજના કાર્યરત કરી પીવાનું પાણી આપવાનું આયોજન કરેલ છે. |

-----------

**સાબરકાંઠા માઝુમ યોજના હેઠળ સહભાગી પિયત મંડળીની રચના**

૨૦૧૯૨ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સાબરકાંઠા જિલ્લામાં આવેલ માઝુમ સિંચાઈ યોજનામાં સરકાર ધ્વારા કેટલી સહભાગી પિયત મંડળીની ૨૦૦૬ ના વર્ષમાં રચના કરવામાં આવી ? | સાબરકાંઠા જિલ્લામાં માઝમ સિંચાઈ યોજનામાં વર્ષ ૨૦૦૬ માં એક (૧) સહભાગી પિયત મંડળીની રચના કરવામાં આવેલ છે. |

-----------

**પાતાળ કૂવાનાં વીજળીકરણ કરવા અંગેની અરજીઓ**

૨૦૧૭૯ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** (ખેરાલુ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં ભૂગર્ભ જળસંત્તા મંડળ અંતર્ગત રાજ્યમાં પાતાળ કૂવાનાં વીજળીકરણ માટે ખેડૂતો પાસેથી માંગવામાં આવેલી અરજીઓની સંખ્યા જિલ્લાવાર કેટલી, અને | (૧) ભૂગર્ભ જળ સત્તા મંડળ દ્વારા રાજ્યમાં પાતાળકૂવાનાં વીજળીકરણ માટે ખેડૂતો પાસેથી અરજીઓ માંગવામાં આવતી નથી. |
| (૨) આ પેકી કેટલા ખેડૂતોને વીજળીકરણનો લાભ આપેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ડાંગ જિલ્લામાં નવી યોજનાઓ**

૧૮૮૯૭ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) **: માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લા માટે સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં પાણી પુરવઠા યોજના માટે નવી કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૦ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે કેટલા કામો શરૂ કરવામાં આવ્યા ? | (૨) ૪૫ કામો શરૂ કરવામાં આવ્યા. |

-----------

**આણંદ જિલ્લામાં લૂંટ ઘરફોડ ચોરીઓ અને ચેઈન સ્નેકીંગના બનાવો**

૧૯૫૫૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** (ભાદરણ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | લૂંટ | ઘરફોડ ચોરીઓ | ચેઈન સ્નેકીંગ |
|---|---|---|---|---|
| (૧) આણંદ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬માં કેટલી લૂંટ ઘરફોડ ચોરીઓ અને ચેઈન સ્નેકીંગના કેટલા બનાવો બન્યા, અને | (૧) | ૨૮ | ૨૩૩ | ૫ |
| (૨) ઉપરોક્ત બનાવોમાંથી કેટલા ગુનેગારો પકડાયા ? | (૨) | ૪૪ | ૧૨૭ | ૩ |

-----------

**રાજ્યમાં લૂંટ તેમજ ઘરફોડ ચોરીના બનાવો**

૧૯૩૭૭ **શ્રી શંકરભાઈ દે. વાઘેલા** (ચકલાસી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૪ થી ૨૦૦૬ના ડીસેમ્બર સુધીમાં કેટલી લૂંટો તેમજ ઘરફોડ ચોરીઓના બનાવો બન્યા, | (૧) ૨૦૦૪ ૨૦૦૫ ૨૦૦૬<br>લૂંટ ઘરફોડ લૂંટ ઘરફોડ લૂંટ ઘરફોડ<br>૧૧૬૬ ૫૬૩૦ ૯૨૩ ૫૧૩૫ ૯૭૭ ૫૩૨૩ |
| (૨) જિલ્લાવાર બનાવોની વિગત શું છે, અને | (૨) આ સાથે *પત્રક : ૧ થી ૬ સામેલ છે. |
| (૩) કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા ? | (૩) ૨૦૦૪ ૨૦૦૫ ૨૦૦૬<br>લૂંટ ૧૫૦૭ ૧૪૬૬ ૧૪૩૯<br>ઘરફોડ ચોરી ૩૨૯૫ ૩૨૬૫ ૩૨૪૬ |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

-----------

**ગાંધીનગર જિલ્લા પોલીસ ઉપર હુમલો**

૧૯૩૧૭ **શ્રી પ્રહલાદભાઈ મો.પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાની પોલીસપાર્ટી ઉપર ડીસે.-૦૬માં જીવલેણ હુમલો કરનાર વ્યક્તિને પોલીસ સાથેની મૂઠભેડમાં મૃત્યુ નીપજ્યુ હોવાની હકીકત સાચી છે, | (૧) ડીસે. ૦૬માં ગાંધીનગર જિલ્લાની પોલીસ પાર્ટી ઉપર કોઈ અસામાજીક તત્વોએ હુમલો કર્યો નથી પરંતુ જાન્યુ. ૦૭ના માસમાં ગાંધીનગર જિલ્લાની પોલીસ પાર્ટી ઉપર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કરતાં પોલીસ સાથેની મૂઠભેડ એક વ્યક્તિનું મૃત્યુ થવાની હકીક્ત સાચી છે. |
| (૨) જો હા, તો આ વ્યક્તિ કોણ હતી, અને | (૨) આ ઈસમ રહીમ કાસમ સુમરા તથા અન્ય બે ઈસમો હતા. જે રાત્રીના અંધારામાં નાસી જતાં ઓળખ થઈ નથી. |
| (૩) તેની સામે કેટલા ગુના નોંધાયેલા છે ? | (૩) મરનાર રહીમ કાસમ સુમરા વિરુધ્ધમાં ખૂન, ખૂનની કોશિસ, ધાડ, લૂંટ ઘરફોડ ચોરી, ચોરી, મહાવ્યથા, વ્યથા, સરકારી નોકરો પર હુમલો તથા હથિયાર ધારા ભંગ જેવા ગંભીર પ્રકારના કુલ-૫૯ ગુન્હા દાખલ થયેલ છે. |

-----------

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં કયારેય ન બન્યું હોય તેવું પ્રશ્નોત્તરીના કાળની અંદર ચાર જેટલા સભ્યોએ સૌથી પહેલા આ સભાગૃહને અટકાવી, વિધાનસભાનો જે સ્ટાફ છે, જે ગૃહમાં છે તે, સ્ટેનોગ્રાફી, વિડીયોગ્રાફી કરે છે તેમને ગાળો દીધી. અને ધમકીભર્યા ઉચ્ચારણો કર્યા અને એમને દબાવવાનો પ્રયત્ન થયો. આજસુધી કયારેય વિધાનસભા ગૃહમાં આ પ્રકારે લૉબીમાં જે અધ્યક્ષશ્રીના જે સચિવાલયનો સ્ટાફ છે એ સચિવાલય ઉપર આપના દેખતાં આક્રમણ થયું એ માટે શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી ભવાનભાઈ ભરવાડ, ડૉ.દિનેશ પરમારને આ સત્ર સમાપ્તિ સુધી નેઈમ કરવાનો પ્રસ્તાવ મૂકું છું. આ ચાર સભ્યોએ બેઠા બેઠા જે દેખાવો કર્યો એ આપ જોઈ શકયા છો, આ ગંભીર બાબત છે. ત્રણ વસ્તુ ખૂબ ગંભીરતાપૂર્વક આપે લીધી છે એ અમે જોઈ છે. પહેલી વસ્તુ ગૃહના નેતાનું સન્માન જળવાવું જોઈએ. એ પ્રમાણે બે ઘટના પ્રશ્નોત્તરી દરમિયાન બની પણ પ્રશ્નોત્તરી સમય દરમિયાન મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન ન કર્યો. કારણકે સામાન્ય રીતે નથી કરતા. ભીખાભાઈનો પણ એ પ્રયત્ન રહ્યો હતો અને જગદીશભાઈ ઠાકોરના ઉચ્ચારણમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિધાનસભાના નેતાશ્રીના ગૌરવને હાનિ કરતા પ્રશ્નો થયા હતા. ત્યારપછી આ ચાર સભ્યોએ જયારે આ વર્તન કર્યુ ત્યારે એ ખૂબ જ ગંભીર છે. એટલા માટે હું પ્રસ્તાવ લાવું છું કે

જગદીશભાઈ, પરેશભાઈ, ભવાનભાઈ અને દિનેશભાઈ આ ચાર સભ્યોએ વિધાનસભા સચિવાલયના સ્ટાફ ઉપર ધમકી, અપ્રસ્તુત શબ્દો અને અપશબ્દોનું ઉચ્ચારણ કર્યું છે. એ અશોભનીય છે. એટલા માટે હું નેઈમ કરવાનો પ્રસ્તાવ લાવું છું. જે મત માટે મૂકવામાં આવે. (આ તબકકે વિરોધપક્ષના વોકઆઉટ કરી ગયેલા સભ્યો સભાગૃહમાં પરત આવ્યા) (અંતરાય) (ઘોંઘાટ)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આની ચર્ચા ન થાય. દરખાસ્ત મૂકીને એને ટેકો આપવા દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો જે પ્રશ્નોત્તરી છે એ પ્રશ્નોત્તરીમાં ચર્ચા હોતી નથી અને જે કાંઈ પ્રશ્નો હોય એ પ્રશ્નોત્તરીનો સમય થયા પછી હોય. આજે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન જે ઘટના બની છે • (xxxx)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમને બેસાડી દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, સાતમો પ્રશ્ન છે અહીં આવીને આ પ્રકારનું વર્તન કરવું (xxxx)
અને આખાય સમય દરમ્યાન (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય મુખ્યમંત્રીશ્રીના મનમાં આવા વિચારો હતા જ એવું આપ અંદાજે કહી શકો નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી. (xxxx)

**અધ્યક્ષશ્રી .** : ના, એવું ન કહી શકે. ના, ના પ્લીઝ (અંતરાય)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ દુર્ભાગ્ય છે. આ પ્રકારની (અંતરાય) વાત મારા ગજા બહારની છે. (અંતરાય) પહેલા નેઈમ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલા માટેની માનનીય અધ્યક્ષશ્રી, બધી તૈયારી હતી.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, પ્લીઝ બેસો. પહેલા એ વાત નહિ કરો. આ વાત રદ કરીએ છીએ. આ વાતને કાર્યવાહીમાં લેતા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ચર્ચા નાબૂદ કરી નાખો તો પણ અમારો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : ના એવું ન કહેવું જોઈએ. નો, નો પ્લીઝ. શબ્દો બોલાયા છે એ શબ્દની વાત છે. (અંતરાય) અહીંયા માનનીય અશોકભાઈએ ૪ સભ્યશ્રીઓ માટે માનનીય જગદીશભાઈ ઠાકોર, પરેશભાઈ ધાનાણી, ભવાનભાઈ ભરવાડ અને દિનેશભાઈ પરમારને નેઈમ કરવા માટે વિચાર મૂક્યો છે. એમને હું નેઈમ કરું છું. હવે આ પ્રસ્તાવ તમે મૂકી શકો છો.

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી અશોક ભટ્ટ** : હું નિયમ-૫૨ નીચે પ્રસ્તાવ મૂકું છું કે આ સભાગૃહમાં અહીંયાથી (અંતરાય)...

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આનાથી વધારે ૫૦ ગણું આ જ અશોકભાઈએ કર્યુ છે. (અંતરાય)..

**શ્રી અશોક ભટ્ટ** :વિધાનસભા સચિવાલયના સ્ટાફ ઉપર ખાસ કરીને જે જાતનો વ્યવહાર, અપ્રસ્તુત શબ્દો અને અપશબ્દો અને ધમકીભર્યા ઉચ્ચારણો કરવા બદલ સભ્યો સર્વશ્રી જગદીશભાઈ, શ્રી પરેશભાઈ, શ્રી ભવાનભાઈ ભરવાડ, શ્રી દિનેશભાઈ પરમારને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહની બહાર રાખવા નેઈમ કરવાનો હું પ્રસ્તાવ મૂકું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈએ જે પ્રસ્તાવ મૂક્યો છે, તે પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

(આ તબક્કે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી ભવાનભાઈ ભરવાડ, ડો.સી.જે. ચાવડા અને સભ્યશ્રી બળદેવજી ઠાકોર વેલમાં ધસી આવ્યા અને શ્રી પરેશભાઈ ધાનાણીએ વેલમાં આવી કાગળો ઉછાળ્યા અને સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે માઇક તોડ્યું )

**અધ્યક્ષશ્રી .** : હું ગૃહને ૧૦-૩૦ મિનિટ સુધી એડ્જોર્ન કરું છું. (સવારના ૯.૪૧)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળીઅધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નેઈમ કરેલા સભ્યો અંદર બેઠેલા છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, જે સભ્યશ્રીઓને, ચાર મિત્રોને નેઈમ કર્યા છે તે પહેલાં ગૃહની બહાર નીકળી જાય, પ્લીઝ, બીજું કંઈ નહીં.

**શ્રી વજુભાઈ વાળા** : પહેલાં બહાર નીકળો પછી પોઈન્ટ ઓફ ઓર્ડરની વાત.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : પહેલાં ગૃહની બહાર નીકળી જાઓ, પ્લીઝ બહાર જાઓ. પછી બીજું. (અંતરાય) પહેલાં ચાર સભ્યો બહાર જાય. ચાર ભાઈઓ બહાર જાય, જયારે નેઈમ થયાનો પ્રસ્તાવ પસાર થાય ત્યારે બહાર જવું પડે. મેં જ કર્યો છે. મેં નામજોગ કર્યો છે. ચાર સભ્યોને નેઈમ કર્યા છે. બીજા બેસો પ્લીઝ, બેસો પ્લીઝ,. પ્લીઝ બેસો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોને નેઈમ કર્યા છે તેમને સાંભળવાની તક નહીં આપવાની?

**અધ્યક્ષશ્રી** : નહીં, આ હાઉસ તમારે અને મારે બધાએ ભેગા મળીને ચલાવવાનું છે. આપણે બધાએ ચલાવવાનું છે. આપણે બધાએ ભેગા મળીને ગૃહ ચલાવવાનું છે. પ્લીઝ બેસો. આ ચાર ભાઈઓ પહેલાં બહાર જાય. ચાર મિત્રો બહાર જાઓ તો સારી વાત છે નહીં જાવ તો સલામતી દળના સભ્યો તેમને વિનંતી કરી બહાર લઈ જાવ.

(આ તબકકે ડો.દિનેશ પરમાર તથા શ્રી ભવાનભાઈ ભરવાડ ગૃહની બહાર ચાલ્યા ગયા અને સાર્જન્ટ દ્વારા શ્રી જગદીશભાઈ ઠાકોર તથા શ્રી પરેશભાઈ ધાનાણીને ગૃહની બહાર લઈ જવામાં આવ્યા.આ દરમ્યાન કોંગ્રેસના સભ્યો દ્વારા દાદાગીરી નહીં ચલેગી, દાદાગીરી નહીં ચલેગીના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો અને "રઘુપતિ રાઘવ રાજા રામ, સબકો સંમતિ દે ભવગાન" જેવી ધૂન પાટલીઓ થપથપાવી ગાવામાં આવી )

( અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : ભાઈ, પ્લીઝ, બેસો, પ્લીઝ, પહેલાં બેસો જાઓ, પ્લીઝ, નેકસ્ટ. કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. પ્લીઝ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## સન ૨૦૦૫ના ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ અન્વયેના નાણા વિભાગના નિવેદનો

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫ના ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ અન્વયેના નાણા વિભાગના મધ્યમ મુદતી રાજવિત્તીય નીતિવિષયક તથા રાજવિત્તીય નીતિવિષયક વ્યૂહરચનાને લગતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

**(અંતરાય) (સૂત્રોચ્ચાર)**

## ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

## સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**
**(અંતરાય) (સૂત્રોચ્ચાર)**

# અંદાજપત્રની રજૂઆત

## સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા ઉપસ્થિત થયો છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી . :** પ્લીઝ, આ (અંતરાય) બંધ કરો, પ્લીઝ, નહીંતર મારે કંઈક નિર્ણય કરવો પડશે. પ્લીઝ, પ્લીઝ, (અંતરાય) મારે કંઈક નિર્ણય કરવો પડશે. પ્લીઝ, બંધ કરો, પ્લીઝ, કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી, , પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૭-૨૦૦૮ના વર્ષના અંદાજપત્ર..... (અંતરાય)...

**અધ્યક્ષશ્રી .**: બંધ કરો, પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) : આદરણીય અધ્યક્ષશ્રી,**

ગરવી ગુજરાતના ગૌરવવંતા સન્માનનીય સભાગૃહ સમક્ષ હર્ષની લાગણીઓ સાથે વર્ષ ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું. ભૂતકાળમાં **અગિયાર વખત** અંદાજપત્ર રજૂ કરવાનો મને અવસર મળ્યો છે અને આજે **ફરી એકવાર** આ અવસર મને સાંપડયો છે તે માટે ગૌરવ અનુભવું છું.

વર્ષ ૨૦૦૬-૦૭ ના અંદાજપત્ર પ્રવચનમાં **માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ** ગુજરાતની વિકાસની દિશા અને નવી સદીના પડકારોને રજૂ કર્યા હતા. તેઓશ્રીએ વિકાસની વ્યાખ્યાને અર્થપૂર્ણ અને અસરકારક બનાવી હતી જેમાં જણાવ્યું હતું કે વિકાસ સર્વસમાવેશક હોય, વિકાસ સર્વસ્પર્શી હોય, વિકાસ સર્વપોષક હોય અને વિકાસ સાર્વદેશિક હોય. આ દિશાદર્શન સમગ્ર પ્રશાસન માટે ખૂબ જ પ્રોત્સાહક પુરવાર થયું છે.

વિકાસના વૈશ્વિક પ્રવાહોએ રાજયના આંતર પ્રવાહોને પ્રભાવિત કર્યા છે. સદીના પરિવર્તને નવા પડકારો ઊભા કર્યા છે, વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણા જીવનના સંદભોર્ને બદલી નાખ્યા છે. ગુજરાત વિકાસની એવી ઊંચાઇઓ તરફ આગળ વધી રહ્યું છે તેથી અંદાજપત્ર સદીની આવશ્યકતાઓને અનુરૂપ ઘડયું છે. આપણા પ્રગતિશીલ ગુજરાતનું વર્ષ ૨૦૦૭-૦૮ માટેનું અંદાજપત્ર રજૂ કરતાં હર્ષ અનુભવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,** બજેટને આંકડાઓથી ઉપર ઉઠાવીને, ગયા વર્ષે **માનનીય મુખ્યમંત્રીશ્રીએ** તેમના વિકાસ દર્શનથી જે ઐતિહાસિક પ્રવચન કર્યું હતું તેને યાદ કરું છું ત્યારે **૨૦૧૦ના વર્ષમાં ગુજરાત ૫૦ વર્ષ પૂરાં** કરશે તે તરફ ધ્યાન કેન્દ્રિત થવું સ્વાભાવિક છે. ગુજરાતની સુવર્ણ જયંતી ગુજરાતને સુવર્ણ - શિખરો સુધી પહોંચાડે, પ્રજાની આકાંક્ષાઓએ જે રીતે અમારામાં અપાર શ્રદ્ધા મૂકી છે તેના સંદર્ભમાં સુવર્ણ-જયંતીના **સુવર્ણ ધ્યેયોને** નજર સમક્ષ રાખીને અમે કામ કરીએ છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી,** ગુજરાતના લોકોની અપેક્ષાઓ અમે જાણીએ છીએ. મહાગુજરાતના પ્રજા-આંદોલનની ભાવનાઓ અમને યાદ છે. મહાગુજરાતના આંદોલનની વિભીષિકા અને પ્રજા-આંદોલનથી ઊભી થયેલી અપેક્ષાઓને હું યાદ કરું છું. આપત્તિઓને અવસરમાં પલટવાની તાકાત ધરાવતી પ્રજાના આ સુવર્ણજયંતી ઉજવવાના થડકારને અમે અનુભવી શકયા છીએ, પ્રજાની સાથે જીવંત સંપર્ક રાખવાની અમારી કાર્યશૈલીને કારણે પ્રજાના ઉત્સાહને પ્રતિઘોષિત કરવાની જવાબદારી સાથે આજે આપની સમક્ષ ઊભો છું.

ગુજરાતનો વિકાસ ઝંખતા, જનમાનસને સંતોષ થાય તેવી સફળતા પ્રાપ્ત કરનાર ત્રણ ત્રણ સમીટ **આઇ-ટી સમીટ, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ** અને **અર્બન સમીટને** કારણે **માન. અધ્યક્ષશ્રી,** ગુજરાત આજે વિકાસની પહેલી હરોળમાં ઊભું છે. દેશ આપણી સામે અપેક્ષા અને આશાઓ સાથે જુએ છે.

આવા ઐતિહાસિક ધ્યેયો સાથે **માનનીયશ્રી નરેન્દ્રભાઇના** નેતૃત્વમાં ગુજરાત આજે વિકાસનો પોતાનો ઇતિહાસ લખી રહ્યું છે ત્યારે, **કન્યા કેળવણી વર્ષ, ઇ-ગવર્નન્સ વર્ષ, શહેરી વિકાસ વર્ષ** અને **પ્રવાસન વર્ષ** પછી હવે **નિર્મળ ગુજરાતના** સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ. વૈશ્વિક માપદંડોને પહોંચી વળવાનો આ જ એક માત્ર રાજમાર્ગ છે.

આપણને સૌને સ્વચ્છતા ગમતી હોય છે, **રામકૃષ્ણ પરમહંસથી** માંડીને **મહાત્મા ગાંધી** સુધીના મહાપુરુષો પાસેથી સફાઇનો સંદેશ આપણે ઝીલતા રહ્યા છીએ. જનભાગીદારીથી ગંદકીને દૂર કરવાનું અભિયાન આવશ્યક બન્યું છે. જનસુખાકારી માટે સફાઇનું ખૂબ મહત્ત્વ છે. આજે વિશ્વના વિકાસ- માનકોમાં પણ સ્વચ્છતા અને સફાઇનું ઘણું બધું મૂલ્ય છે તેથી જ ગંદકી દૂર કરીને **નિર્મળ ગુજરાતના** નિર્માણ માટે આપણા સૌના સહિયારા પુરુષાર્થની આવશ્યકતા છે. ગુજરાતને ગંદકીથી મુકત કરવા **રૂા. ૧૭૯ કરોડની** માતબર જોગવાઇ

સૂચવી છે. આ ઉપરાંત આ ભગીરથ કામને પાર પાડવા માટે બધા જ વિભાગો તેમના બજેટમાંથી પણ ફાળવણી કરનાર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** વિકાસના ક્ષેત્રમાં ગુજરાતની પહેલ **ઇ-ગવર્નન્સ** હોય કે **શહેરી વિકાસ** હોય, **કન્યા કેળવણી અભિયાન** હોય કે **કૃષિ મહોત્સવ** હોય, **પ્રવાસનનો વિકાસ** હોય કે **કર્મયોગી મહાઅભિયાન** હોય, **જયોતિગ્રામ** હોય કે **નદીઓનું એકીકરણ** હોય, **પંચામૃત** હોય કે **વંચિતોના વિકાસની યાત્રા** હોય- ગુજરાત એક **અનોખા રાજય** તરીકે ઊભરી રહ્યું છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી** દ્વારા જનભાગીદારી તથા વહીવટીતંત્રના આધારસ્થંભ એવા સમર્પિત કર્મયોગીઓને સાથે રાખી નૂતન અભિગમ અપનાવી સમગ્ર ગુજરાતના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય અપાયેલ છે.

રાજયની વિકાસક્ષમતા, વહીવટી તંત્રની સક્ષમતા, પ્રજાજનોની સાહસિકતા, કુદરતની મહેરથી ઉપલબ્ધ થયેલ વિશાળ દરિયાકાંઠો, રાજય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાયેલ સુઆયોજિત આંતર માળખાકીય સુવિધાઓ, વૈશ્વિક વિકાસને ધ્યાને રાખી દીર્ઘદૃષ્ટિયુકત આયોજન અને ઔદ્યોગિક શાંતિ પ્રવર્તતી હોવાના કારણે મૂડીરોકાણકારો Why Gujarat ને બદલે હવે My Gujarat કહેતા થયા છે.

ચિંતન શિબિરના આયોજન થકી કર્મયોગીઓની માનસિક સંપદા નિખરી આવે તેવી પ્રોત્સાહક નીતિને કારણે સામાન્યજનની આવશ્યકતાઓ અને અપેક્ષાઓનો આયોજનમાં સમાવિષ્ટ કરીને લોકભાગીદારીના સહયોગથી નિશ્ચિત ધ્યેય હાંસલ કરી શકયા છીએ.

સમગ્ર દેશના માનવ વિકાસ સૂચકાંકની તુલનામાં ગુજરાતની સ્થિતિ સારી હોવા છતાં તેમાં સંતોષ માની લેવાને બદલે આ દિશામાં વધુ પ્રગતિ હાંસલ કરવાના પ્રયત્નો કરવા છે. આયોજન વિભાગને સુદૃઢ કરવાનો તેમજ રાષ્ટ્રીય અને વૈશ્વિક સંસ્થાઓનો સહકાર મેળવી ઝડપભેર પ્રગતિ થાય તેવો સરકારે નિર્ધાર કર્યો છે. યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામના સહયોગથી જિલ્લા અને તાલુકા કક્ષાએ માનવ વિકાસ સૂચકાંક અંગેનો અભ્યાસ થાય અને તેનું વિશ્લેષણ કરી યોગ્ય વ્યૂહરચના સાથે સૂચકાંકને વધુ ઊંચો લાવવા માટે આયોજન કરવામાં આવી રહેલ છે.

**રાજયની વાર્ષિક યોજના**

**માનનીય અધ્યક્ષશ્રી,** ૨૦૦૬-૦૭નું વર્ષ દશમી યોજનાનું છેલ્લું વર્ષ છે અને ૨૦૦૭-૦૮નું વર્ષ એ અગિયારમી પંચવર્ષીય યોજનાનું પ્રથમ વર્ષ છે. આ યોજનાને મૂલવવા હું ૧૯૬૦થી ગુજરાતની વિકાસ યાત્રાનો ચિતાર આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઇચ્છું છું.

૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થયા બાદ અત્યાર સુધીમાં રાજયમાં ૧૪ **સન્માનનીય મુખ્યમંત્રીશ્રીઓ** હેઠળની તથા રાષ્ટ્રપતિ શાસન હેઠળની વિવિધ રાજય સરકારોએ રાજયનો કાર્યભાર સંભાળેલ છે.

૧૯૬૦થી ૨૦૦૧-૨૦૦૨ સુધીના ૪૧ વર્ષના ગાળામાં ત્રીજી પંચવર્ષીય યોજનાથી શરૂ કરીને નવમી પંચવર્ષીય યોજના સહિતની તમામ યોજનાઓનું કુલ કદ **રૂા. ૫૫૨૫૬.૭૭ કરોડ** હતું. તેની સામે કુલ ખર્ચ **રૂા. ૫૪૨૦૫.૩૨ કરોડ** થયેલ હતો. જેની સામે અમારી સરકારના વર્ષ ૨૦૦૨-૦૩ થી ૨૦૦૬-૦૭ સુધીના **માત્ર પાંચ વર્ષના શાસનમાં** દશમી પંચવર્ષીય યોજનાનું કદ રૂા. **૪૭૦૦૦ કરોડનું** નિર્ધારિત કરાયેલ હતું. **માનનીય અધ્યક્ષશ્રી,** મને જણાવતાં આનંદ થાય છે કે આ પાંચ વર્ષના સમયગાળા દરમિયાન, ગુજરાતે ભયંકર ભૂકંપ અને બીજી કુદરતી આફતોનો સામનો કરવો પડયો હોવા છતાં નિર્ધારિત કરાયેલ **રૂા. ૪૭૦૦૦ કરોડના** લક્ષ્યાંકને આ નાણાકીય વર્ષના અંત સુધીમાં રાજયની પ્રજાના સહકાર અને ટેકાથી સિદ્ધ કરી શકીશું.

સામાન્યતઃ યોજનાના વધારાના કદને પહોંચી વળવા કરવેરા, ડયુટી વગેરેના દરો વધારીને આવકના સ્ત્રોત ઊભા કરવાનું વલણ હોય છે. **માનનીય અધ્યક્ષશ્રી,** મને વધુ હર્ષ એ બાબતથી થાય છે કે દશમી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન, અમારી સરકારે, અંદાજે **રૂા.૧૧૮૬.૨૮ કરોડના** કરવેરા, ડયુટી વગેરેમાં માતબર રકમની રાહત આપી હોવા છતાં, દશમી યોજનાના રૂા. **૪૭૦૦૦ કરોડના** લક્ષ્યાંકને પાર કરીશું. ૪૧ વર્ષમાં વિવિધ સરકારોના કાર્યકાળ દરમિયાન યોજનાઓના કુલ ખર્ચ **રૂા. ૫૪૨૦૫.૩૨ કરોડની** સામે **માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં દશમી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષમાં ૪૭૦૦૦ કરોડ રૂપિયાનું લક્ષ્યાંક સિદ્ધ થશે. માનનીય અધ્યક્ષશ્રી,** ૪૧ વર્ષની સામે પાંચ વર્ષનો આ દસ્તાવેજ ઘણું બધું કહી જાય છે.

ગુજરાતની પ્રજાએ બતાવેલા આ અદમ્ય ઉત્સાહથી પ્રેરિત અને પ્રોત્સાહિત થઇને, અમારી સરકારે, આવતા પાંચ વર્ષના ગાળાની, ૨૦૦૭-૦૮ના વર્ષથી શરૂ થતી અગિયારમી પંચવર્ષીય યોજના માટે મોટી હરણફાળ ભરવાનું નકકી કર્યું છે. અગિયારમી પંચવર્ષીય યોજનાનું કદ **રૂા. ૧ લાખ કરોડ** એટલે કે દશમી પંચવર્ષીય યોજનાના કદના બમણાથીએ વધુ રકમનો લક્ષ્યાંક રાખવાનો નિર્ણય કરેલ છે. બીજી રીતે જોઇએ તો અગિયારમી પંચવર્ષીય યોજનાનું **રૂા. એક લાખ કરોડનું** કદ, ગુજરાત રાજયના જન્મથી આજ સુધીમાં વિવિધ યોજનાઓમાં ખર્ચાયેલ કુલ રકમના સરવાળા જેટલું આશરે થશે. ગુજરાત રાજયના ૨૦૧૦ના **સુવર્ણ જયંતી સ્થાપના વર્ષ** સહિત અને તે પછીના બે વર્ષોના ભાવિના ઘડતર માટેનો રાજયનો સામાજિક અને આર્થિકક્ષેત્રનો સુદૃઢ પાયો અગિયારમી પંચવર્ષીય યોજના થકી રાજયના અર્થતંત્રને પૂરો પાડવાની અમારી સરકારની નેમ છે.

વિકાસની આ યાત્રાના અભિગમને અનુલક્ષીને અગિયારમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષ ૨૦૦૭-૦૮ માટેનું કદ **રૂા. ૧૫૫૦૬ કરોડ** નકકી કરેલ છે, જે વર્ષ ૨૦૦૬-૦૭ કરતાં **રૂા. ૩૦૦૨.૫ કરોડ** એટલેકે અંદાજે ૨૫ **ટકાનો** વધારો દર્શાવે છે. આ બાબત અમારી સરકારના વિકાસની તેજ ગતિના દર્શન કરાવે છે.

૨૦૦૭-૦૮ની વાર્ષિક યોજનાની ફાળવણી આ પ્રમાણે છે.

| | | **(રૂા. કરોડમાં)** |
|---|---|---|
| **ક્રમ** | **સદર** | **ફાળવણી** |
| ૧ | કૃષિ અને સંલગ્ન્ સેવાઓ | ૮૩૫.૧૭ |
| ૨ | ગ્રામીણ વિકાસ | ૫૧૩.૧૬ |
| ૩ | સિંચાઇ અને પૂર નિયંત્રણ | ૪૭૫૪.૪૯ |
| ૪ | ઊર્જા | ૬૧૩.૨૮ |
| ૫ | ઉદ્યોગ અને ખનિજ | ૫૨૧.૧૫ |
| ૬ | પરિવહન(વાહન વ્યવહાર) | ૧૫૨૬.૨૭ |
| ૭ | વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને પર્યાવરણ | ૧૩૨.૦૧ |
| ૮ | સામાન્ય આર્થિક સેવાઓ | ૩૩૪.૬૯ |
| ૯ | સામાજિક સેવાઓ | ૬૨૬૫.૦૫ |
| ૧૦ | સામાન્ય સેવાઓ | ૧૦.૭૩ |
| | **કુલ** | **૧૫૫૦૬** |

વંચિતોના વિકાસને વરેલી આ સરકારે વાર્ષિક યોજનામાં સામાજિક સેવાઓ જેવી કે આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી, આવાસ, સમાજ કલ્યાણ, મહિલા બાળ વિકાસ વગેરે માટે વર્ષ ૨૦૦૭-૦૮માં **રૂા. ૬૨૬૫.૦૫ કરોડ** જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે, જે વર્ષ ૨૦૦૬-૦૭ની યોજનાની જોગવાઇ **રૂા. ૪૪૨૬.૨૪ કરોડની** સામે **૪૧.૫૫ ટકાનો** ધરખમ વધારો દર્શાવે છે જે રાજયના સામાન્ય પ્રજાજનની વિકાસ પ્રત્યેની અમારી કટિબદ્ધતા વ્યકત કરે છે.

કૃષિ, સિંચાઇ અને ગ્રામીણ વિકાસ હેઠળ કુલ સંકલિત ફાળવણી રૂા. **૬૧૦૩.૧૧ કરોડ** સૂચવી છે. **ગ્રામ વિકાસની યોજનાઓ** માટે રૂા **૩૬૯.૫૨** કરોડની ફાળવણી સૂચવી છે. રાજયના **રસ્તાઓના** વિકાસ અને **વાહનવ્યવહારની** સગવડ પૂરી પાડવા **રૂા. ૧૫૨૬.૨૭ કરોડની** ફાળવણી સૂચવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** અમારી સરકાર સામાન્ય માનવી અને તેમાંય વિશેષ કરીને ગરીબ માનવીના વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને તેને કારણે આ અંદાજપત્રમાં આયોજનથી માંડીને દરેક ક્ષેત્રની જોગવાઇઓમાં વંચિતોના વિકાસ માટેની અગ્રતા ઊડીને આંખે વળગે તેવી છે.

ભારત ગામડાઓમાં વસેલું છે. **ગ્રામરાજયથી રામરાજયનું** ધ્યેય સિદ્ધ થાય તે માટે સુયોજિત વિકાસની અમારી નેમ છે અને તે હેતુથી **રૂા. ૧૫૫૦૬ કરોડની** વાર્ષિક યોજનાની રકમ પૈકી **રૂા. ૧૧૦૦૦ કરોડ** જેવી માતબર રકમ **ગ્રામીણ વિકાસ અર્થે** છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** આમ આદમીની વાત કરવી અને આમ આદમી માટે કામ કરવું તેમાં શું તફાવત છે તે આ સરકારે સુપેરે બતાવી દીધું છે.

**રાજયનો વિકાસ દર**

આયોજન પંચે આપણા રાજય પાસે સૌથી ઊંચા એવા ૧૦.૨ના વિકાસ દરની અપેક્ષા રાખી હતી. જે એક પડકાર હતો. **માનનીય અધ્યક્ષશ્રી,** ભીષણ ભૂકંપના પડછાયા અને સતત આવતી કુદરતી આપત્તિઓના કપરા સંજોગોમાં પણ ભારે જહેમત અને આયોજનબદ્ધ વિકાસના પરિણામે દસમી પંચવર્ષીય યોજનાના ચાર વર્ષ દરમિયાન રાજયના ઘરગથ્થુ ઉત્પાદનનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર **૧૦.૬૨** ટકા હાંસલ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** આપણા માટે એ આનંદની વાત છે કે દેશના આયોજન પંચે આપણી આ સફળતાને ધ્યાને લઇ સમૃદ્ધ દેશોમાં પણ ન હોય તેવો, દેશના મોટા રાજયોમાં સૌથી ઊંચો એવો **૧૧.૨ ટકાનો** વિકાસ દરનો લક્ષ્યાંક અગિયારમી પંચવર્ષીય યોજના માટે સૂચવેલ છે. મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આવતા પાંચ વર્ષમાં આપણે આ **૧૧.૨ ટકાના** વિકાસ દરને અવશ્યપણે હાંસલ કરીશું.

**વંચિતોનો વિકાસ**

**માનનીય અધ્યક્ષશ્રી,** દરિદ્રનારાયણની સેવા એ આપણી સંસ્કૃતિનો આધાર છે. **મહાત્મા ગાંધીએ** વિકાસને છેવાડાના માનવી સાથે જોડવાની વાત આપણને કહી છે. આ સરકાર વંચિતોના વિકાસને વરેલી છે. ગરીબી રેખા નીચે જીવતા માનવીને એકલ-દોકલ યોજનામાં આવરી લેવાને બદલે અનેકવિધ યોજનાઓમાં સાંકળી લઇને તેના વિકાસ માટે એક સર્વાંગિણ પ્રયાસ આદર્યો છે. **કન્યા કેળવણીની** આહલેક હોય કે સુરક્ષિત માતા માટેની **માતૃવંદના યોજના** હોય, **સરસ્વતી સાધના યોજના** કે **ગણવેશ યોજના** દ્વારા વિદ્યાર્થીને પ્રોત્સાહન હોય કે **સખી સંઘો-સખી મંડળોનું** આંદોલન હોય, **શ્રમયોગી યોજના** હોય કે **આદિજાતિના કલ્યાણને** માટે **ગુજરાત પેટર્ન** હોય, સીમાંત ખેડૂતોને વાડી **યોજનાનો** લાભ હોય કે હસ્તકલા કામગીરી કરનારા લોકોને મોટા બજાર ઉપલબ્ધ કરાવવાનું આયોજન હોય આવી તો અનેકવિધ યોજનાઓએ સમગ્ર દેશમાં ગુજરાતને મોખરે રાખેલ છે. ગ્રામીણ રોજગાર વધારવામાં ગુજરાત **અગ્રિમ હરોળમાં** ઊભું છે.

**આદિજાતિ કલ્યાણ**

વંચિતોના વિકાસને વરેલી આ સરકાર માટે આદિજાતિનો વિકાસ એ પ્રાથમિકતા છે. રાજયમાં અનુસૂચિત જનજાતિની વસ્તીના પ્રમાણને લક્ષમાં રાખીને તેમના સર્વાંગી વિકાસ માટેની માતબર સંકલિત જોગવાઇ વર્ષ ૨૦૦૭-૦૮માં **રૂા. ૨૩૩૫.૩૫ કરોડ** સૂચવી છે. જે વર્ષ ૨૦૦૬-૦૭ની સંકલિત જોગવાઇ **રૂા. ૧૩૩૫.૬૦ કરોડની** સામે **૭૫** ટકાનો જંગી વધારો સૂચવે છે. જેમાં **ન્યુ ગુજરાત પેટર્ન** હેઠળની ચાલુ વર્ષની જોગવાઇ રૂા. ૨૬૪ કરોડની સામે **રૂા. ૪૧૦ કરોડ** અને ચાલુ વર્ષની આયોજન સદર હેઠળની જોગવાઇ રૂા. ૧૭૦ કરોડની સામે વર્ષ ૨૦૦૭-૦૮ માટે **રૂા. ૨૧૦ કરોડની** જોગવાઇ સમાવિષ્ટ થાય છે.

૧૯૭૪થી આજ સુધીમાં આદિજાતિના વિકાસની વાતો કરનાર અનેક સરકારો આવી ગઇ. ૧૯૮૫-૯૦ દરમિયાનની સરકારે આદિજાતિના વિકાસ માટે રૂા. ૫૪૭ કરોડનું આયોજન કર્યું હતું જયારે અમારી સરકારે દશમી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષમાં અંદાજે **રૂા. ૬૦૦૦ કરોડનું** આયોજન કરેલ છે અને મારે ગૌરવ સાથે કહેવું છે કે અગિયારમી પંચવર્ષીય યોજનામાં આદિજાતિઓના વિકાસ માટે **રૂા. ૧૫૦૦૦ કરોડનું** પેકેજ આપવા માંગીએ છીએ.

- ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની ધોરણ-૮માં અભ્યાસ કરતી ૩૨૫૦૦ કન્યાઓને **વિદ્યા સાધના યોજના** હેઠળ સાઇકલ સહાય માટેની જોગવાઇ **રૂા. ૬.૪૫ કરોડ.**
- પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૧૦ લાખ છ હજાર વિદ્યાર્થીઓને બે જોડ ગણવેશ માટેની જોગવાઇ **રૂા. ૧૫.૧૦ કરોડ.**
- એસ.એસ.સી. સુધીના અભ્યાસક્રમો માટે ૧૬ લાખ ૪૧ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટેની જોગવાઇ **રૂા. ૨૪.૬૫ કરોડ.**
- સહાયક અનુદાન મેળવતા છાત્રાલયોમાં ૭૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા વધારાશે.
- દાહોદ, પંચમહાલ, ડાંગ, સાબરકાંઠા, બનાસકાંઠા અને નર્મદા જિલ્લામાં ધોરણ એકથી બારની નવોદય પ્રકારની છ નિવાસી શાળાઓના આવર્તક ખર્ચ માટેની જોગવાઇ **રૂા. ૬ કરોડ.**
- ૪૬૦૦ કન્યાઓને **કુંવરબાઇનું મામેરું** અને **મંગળસૂત્ર યોજના** હેઠળ આવરી લેવાશે.
- આદિજાતિના ૨૦૦૦ પરિવારો માટે આવાસો બાંધવામાં આવશે.

- ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ ગરીબી રેખા હેઠળના ૯૦ હજાર લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.
- **માનવગરિમા યોજના** હેઠળ ૯૧૬૬ લાભાર્થીઓને આવરી લેવા માટેની જોગવાઇ **રૂા. ૨.૭૫ કરોડ.**
- આદિમ જૂથના ૨૦,૦૦૦ કુટુંબોને **જનશ્રી વીમા યોજના** અંતર્ગત પાંચ વર્ષ માટે વીમા કવચ પૂબરું પડાશે.
- **વાડી યોજના** હેઠળ વધુ ૧૨,૦૦૦ હેકટર જેટલી જમીનને આવરી લેવાશે.
- સુગંધિત પાકની ખેતી, ટીસ્યુ કલ્ચર, મશરૂમ ઉત્પાદન અને દુધાળાં ઢોર વગેરે યોજનાઓ માટે પણ જરૂરી જોગવાઇ સૂચવી છે.
-

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

વંચિતોના વિકાસને વરેલી આ સરકારે **અનુસૂચિત જાતિના કલ્યાણ** માટે આયોજન સદરે સંકલિત જોગવાઇ **રૂા. ૪૧૩ કરોડની** સૂચવી છે. જે વર્ષ ૨૦૦૬-૦૭ની અનુસૂચિત જાતિના કલ્યાણ અંગે આયોજન સદરે થયેલ સંકલિત જોગવાઇ **રૂા. ૩૧૮ કરોડની** સામે **૩૦ ટકા** જેટલો વધારો સૂચવે છે.

- ચાર લાખ વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પૂર્વેની શિષ્યવૃત્તિ અપાશે.
-
- અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના ત્રણ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાશે.
- અતિપછાત જાતિના એક લાખ પચાસ હજાર વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ અપાશે.
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અપાતી લોનની રકમ રૂા. ૫ લાખથી વધારી રૂા. ૧૦ લાખ કરાયેલ છે જેનો લાભ ૪૦ વિદ્યાર્થીઓને મળશે.
- ૬૦ હજાર વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ અપાશે.
- **બેન્કેબલ, માનવગરિમા** અને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ ધિરાણ અને વિકાસ નિગમની યોજનાઓ હેઠળ ૨૦ હજાર લાભાર્થીઓને આવરી લેવાશે.
- ૭૦ વકીલો અને ૧૦ તબીબી વિદ્યાર્થીઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે લોન અને સહાય અપાશે.
- ૭૦ નાના ઉદ્યોગ સાહસિકોને દુકાન ખરીદવા રૂા. ૭૫ હજાર સુધીની લોન અને સહાય અપાશે.
- **કુંવરબાઇનું મામેરું યોજના** હેઠળ સાત હજાર કન્યાઓને તેમના લગ્નપ્રસંગે મામેરાં માટે રૂા. ૫૦૦૦ ની આર્થિક સહાય અપાશે.
- ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની ધોરણ- ૮માં અભ્યાસ કરતી ૫૦૦૦ કન્યાઓને **સરસ્વતી સાધના યોજના** હેઠળ સાઇકલ માટે આર્થિક સહાય રૂા.૭૫ લાખ.
- કચ્છ, દાહોદ, આણંદ અને નર્મદા જિલ્લાના મુખ્ય મથકોએ **ડો. બાબાસાહેબ આંબેડકર ભવન** બાંધવામાં આવશે.
- સૂરત અને જૂનાગઢ ખાતે **બાબુ જગજીવનરામ પ્રતિષ્ઠાન સંકુલ** હેઠળ કન્યાઓ માટેની નિવાસી શાળાઓ બાંધવામાં આવશે.
- મોડાસા ખાતે કુમારો માટે સરકારી છાત્રાલય બાંધવામાં આવશે.
- સૂરત ખાતે કુમારો માટે સરકારી છાત્રાલય શરૂ કરાશે.
- એરહોસ્ટેસ, ટ્રાવેલ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કારકિર્દીની તાલીમ માટેનો ભારતીય પ્રવાસન નિગમ સંચાલિત નવો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. જેમાં તાલીમાર્થીને રૂા. ૧ લાખ ૨૫ હજારની સહાય આપવામાં આવશે. આ યોજનામાં ૧૦૦ તાલીમાર્થીઓને સમાવવામાં આવશે.

**વિકસતી જાતિ કલ્યાણ (બક્ષીપંચ)**

વંચિતોના વિકાસને વરેલી આ સરકારે વિકસતી જાતિના કલ્યાણ (બક્ષીપંચ) માટેની જોગવાઇ **રૂા. ૨૪૫ કરોડ** સૂચવી છે. જે વર્ષ ૨૦૦૬-૦૭ની જોગવાઇ રૂા. ૨૦૪ કરોડની સામે **૨૦ ટકાનો** વધારો સૂચવે છે.

- અંદાજે ૪૬ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક શિષ્યવૃત્તિ આપવામાં આવશે.
- પાંચ નવાં સરકારી છાત્રાલયો અને ૨૦ નવાં સહાયક અનુદાન છાત્રાલયો શરૂ કરાશે.

- હયાત સહાયક અનુદાન મેળવતા છાત્રાલયોમાં ૧૫૦૦ નવાં છાત્રોનો વધારો કરવામાં આવશે.
- **બેન્કેબલ અને માનવગરિમા યોજના** હેઠળ ૯૦૦૦ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.
- **કુંવરબાઇનું મામેરું યોજના** હેઠળ ૬૦૦૦ કુમારિકાઓને તેમના લગન્ પ્રસંગે મામેરાં માટે રૂા. ૫૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે.
- ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની ધોરણ-૮માં અભ્યાસ કરતી ૨૩૦૦૦ કન્યાઓને **સરસ્વતી સાધના યોજના** હેઠળ સાઇકલ સહાય માટેની જોગવાઇ રૂા. ૩.૪૫ કરોડ.
- પાયલોટ થવા માટેની તાલીમ લેવા આપવામાં આવતી લોનની રકમ રૂા. ૪ લાખથી વધારી રૂા. ૮ લાખ કરાશે.
- એરહોસ્ટેસ, ટ્રાવેલ અને હોસ્પિટાલીટી મેનેજમેન્ટ તાલીમ માટે તાલીમાર્થી દીઠ રૂા. ૧. ૨૫ લાખની સહાય આપવામાં આવશે.

**સમાજ સુરક્ષા**

- વંચિતોના વિકાસ માટે સમાજ સુરક્ષાની જવાબદારી સરકારે સ્વીકારી છે. **વિકલાંગોના કલ્યાણ** માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને તેઓના કલ્યાણની વિવિધ યોજનાઓ માટે વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. **૭૫ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**જળશકિત**

**સરદાર સરોવર યોજના**

**માનનીય અધ્યક્ષશ્રી,** મને જણાવતા આનંદ થાય છે કે અનેક અવરોધો અને વિટંબણાઓ વચ્ચે ગુજરાતની પાંચ કરોડની જનતાની પ્રબળ ઇચ્છાશકિતને કારણે તથા આ સન્માનનીય ગૃહની એકમતીને કારણે સરદાર સરોવર યોજના પૂર્ણતા તરફ આગળ ધપી રહી છે. યોજનાના ત્રણ મુખ્ય પાસાં છે તે પૈકીનું એક મહત્ત્વનું પાસું જળ વિદ્યુત મથક છે. આ સન્માનનીય સભાગૃહની વર્ષોજૂની આકાંક્ષાની પરિપૂર્તિરૂપે **૧૪૫૦ મેગાવોટનું** વીજ મથક **રાષ્ટ્રને લોકાર્પણ** કરીને એક તબકકો પૂર્ણ કર્યો છે. બંધની ઊંચાઇ **૧૨૧.૯૨ મીટર** સુધી લઇ ગયા છીએ અને કેનાલોનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકી પાસે સ્થપાયેલ **દુનિયાના સૌથી મોટા પંપીંગ સ્ટેશનના** તમામ ૧૬ પંપો કાર્યાન્વિત થયેલ છે.

કમાન્ડ એરિયાના વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવેલ છે જેના પરિણામે ચાલુ વર્ષના જૂન માસ સુધીમાં અંદાજે પાંચ લાખ હેકટર વિસ્તારમાં આ કામો પૂર્ણ થશે જેના પરિણામે **પાંચેક લાખ ખેડૂતોને** સિંચાઇનો લાભ મળતાં તેમનું જીવન ધોરણ ઊંચું આવશે.

સરદાર સરોવર યોજના **વર્ષ ૨૦૧૦** દરમિયાન પૂર્ણ કરવાનો **ગોલ્ડન ગોલ** છે, જે અંતર્ગત **૧૮ લાખ હેકટર વિસ્તારને** નર્મદાના જળથી સિંચિત કરી શકાશે. આ કાર્યને વધુ ગતિ આપવા માટે વર્ષ ૨૦૦૭-૦૮માં **રૂા. ૩૦૧૩ કરોડની** ધરખમ જોગવાઇ સૂચવી છે.

**સિંચાઇ**

ખેડૂતોના હિતોને ધ્યાને રાખીને રાજય સરકારે જળ સંસાધનોના વિકાસ માટે વિશેષ લક્ષ આપ્યું છે અને ઉપલબ્ધ પાણીના યોગ્ય વપરાશ, ઊભી કરાયેલ સિંચાઇ ક્ષમતાનો મહત્તમ વપરાશ, આધુનિક સિંચાઇ પ્રણાલિકાઓનો ઉપયોગ અને જળસંચયના કામોને પ્રાધાન્ય આપી વર્ષ ૨૦૦૬-૦૭ના સુધારેલા અંદાજોમાં **રૂા. ૬૭૫ કરોડની** વધારાની જોગવાઇ સૂચવી છે. વર્ષ ૨૦૦૭-૦૮ માટે **રૂા.૧૫૫૯ કરોડની** જોગવાઇ સૂચવી છે.જેચાલુ વર્ષની રૂા. **૧૧૩૫ કરોડની** જોગવાઇ સામે **૩૭ ટકાનો** વધારો સૂચવે છે.

**સુજલામ સુફલામ યોજના** અંતર્ગત **ઉત્તર ગુજરાત વિસ્તારને** ફાળવાયેલ નર્મદાના **એક મિલિયન એકર ફીટ** પૂરના પાણીનો વપરાશ કરવા અંતર્ગત હાથ ધરાયેલ કુલ ૮ પાઇપલાઇનોની કામગીરી પૈકી બે પાઇપલાઇનોની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે અને બાકીની ૬ પાઇપલાઇનની કામગીરી પૂર્ણતાના આરે છે.

**સુજલામ સુફલામ** સ્પ્રેડીંગ કેનાલના કામો પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત પાનમ હાઇલેવલ કેનાલ, કડાણા ડાબાકાંઠા હાઇલેવલ કેનાલ, સંતરોડ વિયરના કામો પ્રગતિમાં છે. આ યોજના અંતર્ગત કચ્છ જિલ્લાના ૨૯

બંધારાના કામો શરૂ કરી દીધેલ છે. સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર વિસ્તારમાં, નદીઓ ઉપરના મોટા ૧૦૭ ચેકડેમો પૈકી ૭૧ ચેકડેમો પૂર્ણ થયેલ છે. જયારે ૩૬ ચેકડેમોની કામગીરી સંતોષકારક રીતે પ્રગતિ હેઠળ છે અને તે પૈકીના કેટલાક કામોના લાભો મળવાના પણ શરૂ થઇ ગયેલ છે.

**સુજલામ સુફલામ યોજના** હેઠળના અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, કચ્છ, સુરેન્દ્રનગર, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં કુલ ૮૯,૯૧૦ ખેત તલાવડીઓ બનાવવામાં આવી છે જેની સાથે સમગ્ર રાજયમાં કુલ ૧,૭૧,૪૦૦ ખેત તલાવડીઓ થયેલ છે.

**સૌરાષ્ટ્રને એક મિલિયન એકર ફીટ** અને **કચ્છ વિસ્તારને પણ એક મિલિયન એકર ફીટ** નર્મદાના પૂરના પાણી ફાળવવા માટેના જરૂરી હુકમો થઇ ગયેલ છે અને આ માટેના પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા માટે કન્સલટન્સી નીમવા અંગેની કામગીરી હાથ ધરાયેલ છે.

ખેડૂતો રાજય સરકારના સિંચાઇ વહીવટમાં સંપૂર્ણપણે સહભાગી થાય તે માટે **સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનના** ભાગરૂપે એક લાખ હેકટરથી વધુ જમીનના સિંચાઇનો વહીવટ સહકારી મંડળીઓ અને પાણીનો ઉપયોગ કરતા સંગઠનોને સોંપાયેલ છે. આગામી વર્ષ દરમિયાન વધુ એક લાખ હેકટર સિંચાઇ વિસ્તારને આ વ્યવસ્થામાં આવરી લેવાશે.

રાજય સરકાર દ્વારા ઝુંબેશ સ્વરૂપે હાથ ધરેલ અભિયાનના ફળ સ્વરૂપે અત્યાર સુધી ડ્રીપ અને સ્પ્રીંકલર જેવી માઇક્રો સિંચાઇનો અમલ ૪૦ હજાર હેકટર વિસ્તારમાં થયેલ છે અને આગામી વર્ષે **વધુ એક લાખ હેકટર** વિસ્તાર આવરી લેવાશે.

**વૈભવી વાવ યોજના**

રાજયની ઐતિહાસિક અને સાંસ્કૃતિક એવી સેંકડો પૌરાણિક વાવ કે જે જળસંસાધનના શ્રેષ્ઠ ઉપાય તરીકે સૈકાઓ સુધી આશીર્વાદરૂપ હતી તેને શકય હોય ત્યાં પુનઃ જીવિત કરી જળસંચય માટેના નવતર પ્રયોગનું અભિયાન '**ગુ વાવ શિંઝે**' તરીકે સરકારે હાથ ધર્યું છે. આ અભિયાનથી આપણા પૂર્વજોએ આપેલ વિરાસતની જાળવણી થશે અને જળસંચયના કામ તરીકે ઉપયોગમાં પણ લઇ શકાશે.

**પીવાનું પાણી**

રાજયની મહત્ત્વાકાંક્ષી **સુજલામ સુફલામ યોજનાના** ઘણા બધા પ્રોજેકટમાં થયેલી પ્રગતિને પરિણામે પીવાના પાણીની અછત ધરાવતા વિસ્તારોને આ યોજનાના લાભ મળતા શરૂ થયા છે જેમાં બનાસકાંઠા જિલ્લાના ૪૫૦, મહેસાણા જિલ્લાના ૧૮૬, પાટણ જિલ્લાના ૨૨૬, ગાંધીનગર જિલ્લાના ૩૧, સુરેન્દ્રનગર જિલ્લાના ૯૪, અમદાવાદ જિલ્લાના ૩૪ અને પંચમહાલ જિલ્લાના ૧૭૯ ગામોને પીવાના પાણીનો લાભ મળતો થયો છે.

- સમગ્ર દેશમાં ગુજરાત રાજયે જળવ્યવસ્થાપન કાર્ય માટે આગવી પહેલ કરીને **સર્વગ્રાહી જળ વ્યવસ્થા પદ્ધતિ** ગોઠવેલ છે.
- **સુજલામ સુફલામ યોજના** તથા **સરદાર સરોવર યોજનાઓ** હેઠળ ગ્રામ્ય અને શહેરી પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ માટેની ચાલુ વર્ષ માટેની રૂા. ૮૪૨ કરોડની જોગવાઇ સામે **૪૪.૮ ટકાનો** જંગી વધારો કરી વર્ષ ૨૦૦૭-૦૮ માટેની જોગવાઇ **રૂા. ૧૨૨૦ કરોડ.**
- **વાસ્મો સંસ્થા** દ્વારા **વિકેન્દ્રીકરણ** અને **લોકભાગીદારીના** કામો અન્ય રાજયો માટે **પ્રેરણાદાયક સિદ્ધ** થયેલ છે. જનભાગીદારી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીના આયોજન માટેની જોગવાઇ **રૂા. ૯૭ કરોડ.**
- **આદિજાતિ વિસ્તારમાં** લોકોને પીવાના પાણીના આયોજન માટેની જોગવાઇ **રૂા. ૧૮૦.૩૦ કરોડ.**
- નર્મદાનું પાણી કચ્છ અને જામનગર જેવા અંતરિયાળ જિલ્લાઓ સુધી પહોંચેલ છે.

**કલ્પસર યોજના**

રાજયની લાંબાગાળાની પાણી તથા વીજળીની જરૂરિયાતને પહોંચી વળવા મહત્ત્વાકાંક્ષી **કલ્પસર યોજનાની** કામગીરી માટે ઝડપથી અને મકકમપણે આગળ વધવાનો રાજય સરકારનો નિર્ણય છે. જમીનનું સર્વેક્ષણ કાર્ય પૂર્ણ થયેલ છે. દરિયાઇ સર્વેક્ષણ કાર્ય પૂર્ણ થવામાં છે. તેમજ અન્ય આનુષંગિક વિવિધ અભ્યાસો માટે તજ્જ્ઞોની સેવાઓ લેવાઇ રહી છે.

**કૃષિ અને સહકાર**

કૃષિ, બાગાયત અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ રાજયના તમામ ખેડૂતોને સહાયરૂપ થવા માટે આ અંદાજપત્રમાં રૂા. **૬૪૫ કરોડની** જોગવાઇ સૂચવી છે. જે ચાલુ વર્ષની રૂા. ૪૩૨.૩૧ કરોડની જોગવાઇ સામે ૪૯ **ટકા** જેટલો જંગી વધારો સૂચવે છે.

રાજયના ગરીબ ખેડૂતોને ગામદીઠ કૃષિ, બાગાયત અને પશુપાલનના દરેક વિભાગના પાંચ પાંચ મળી પંદર કીટ આપવાનું આયોજન છે જેનો લાભ **સાત લાખ કરતાં વધુ ખેડૂતોને** મળશે. **આદિજાતિ વિસ્તારના ખેડૂતો** માટે ગામદીઠ વધારાના દસ કીટ આપવામાં આવશે. આ કાર્યક્રમ માટેની જોગવાઇ **રૂા. ૪૮.૮૫ કરોડ.**

**કૃષિ મહોત્સવ-૨૦૦૭** દરમિયાન દરેક ગામને પોતાની જમીનની તાસીર જાણવા માટે **સોઇલ હેલ્થ કાર્ડ** આપવામાં આવશે.

**કૃષિ યુનિવર્સિટી** દ્વારા **એગ્રી એક્ષપોર્ટ બીઝનેસ મેનેજમેન્ટ કોર્સ** તથા **એગ્રી ઇન્ફર્મેશન ટેકનોલોજી, સેન્ટર ફોર રૂરલ એન્જિનીયરીંગ એન્ડ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ** તથા **એવીયન પ્રોડકશન** વગેરે જેવા નવા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.

વર્ષ ૨૦૦૭-૦૮માં ખેત તલાવડી, સીમ તળાવ અને ગામ તળાવ ઊંડા કરવાની કામગીરી સાથે જળ સંગ્રાહક સ્ટ્રકચરો બાંધવા માટેની જોગવાઇ **રૂા.૧૪૪ કરોડ.**

તળાવની ખોદાયેલી માટી ઉપર ભૂતકાળમાં રોયલ્ટી લેવામાં આવતી હતી. અમારી સરકારે **ઐતિહાસિક નિર્ણય** કરી રોયલ્ટી લેવાનું બંધ કરેલ છે જેના કારણે તળાવ ઊંડા કરવાની કામગીરીને વેગ મળશે.

ખેડૂતોના હિતોને ધ્યાને રાખી પિયત પાણીના બચાવ માટે લિફટ ઇરીગેશન થઇ શકે તે હેતુથી ખુલ્લી પાઇપલાઇન અને પાક કાપણી પછી ખેત પેદાશોની ગુણવત્તા જળવાય તે હેતુ અર્થે સહાયથી તાડપત્રી આપવા માટેની જોગવાઇ **રૂા. ૨.૫૦ કરોડ.**

- નાગરીક બેન્કોના એકસૂત્રી નિયંત્રણ માટે રિઝર્વ બેન્ક સાથે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેડીંગના ભાગરૂપે સહકારી બેન્કોના થાપણદારો અને સભાસદોના હિતને ધ્યાને લઇ હજુ વધુ નાગરીક સહકારી બેન્કોને મર્જર અંગેની યોજનાઓનો લાભ આપવામાં આવશે.

- **સરદાર સરોવર નર્મદા યોજના** અંતર્ગત નર્મદા નહેરમાંથી કાંઠાના વિસ્તારોને સહકારી મંડળીઓ મારફતે પાણી પુરું પાડવા ૧૬૦૫ પિયત સહકારી મંડળીની નોંધણી કરાયેલ છે અને હજી બાકી રહેતા વિસ્તારોમાં સહકારી મંડળીઓની નોંધણીનું કાર્ય સમયસર પૂર્ણ કરવામાં આવશે.

સહકારી ધિરાણ માળખાને સુદૃઢ બનાવવા માટે પ્રોફેસર વૈદ્યનાથનના અધ્યક્ષસ્થાને નિમાયેલ ટાસ્ક ફોર્સે કરેલી ભલામણોનો રાજય સરકારે સ્વીકાર કરેલ છે અને તે અન્વયે રાજય સરકારે કેન્દ્ર સરકાર અને નાબાર્ડ સાથે સમજૂતી કરાર કરેલ છે. તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ ૭૭૦૦ પ્રાથમિક કૃષિવિષયક ધિરાણ મંડળીઓ તથા ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો દ્વારા કરવામાં આવેલ ધિરાણ સામેની એકત્રિત ખોટ ભરપાઇ કરી આપવાનો સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરવામાં આવેલ છે. આ ખોટ અંદાજે રૂા. ૧૨૨૦ કરોડ જેટલી છે.

**પશુપાલન**

- રાજયના કુલ ઘરેલુ ઉત્પાદનમાં કૃષિ અને પશુપાલનનો ફાળો અંદાજે ૧૫.૧૪ ટકા છે જેમાં પશુપાલન અંદાજે ૫ ટકા જેટલો હિસ્સો ધરાવે છે.
  - વર્ષ૨૦૦૭-૦૮માટે પશુધન પેટા-સદર હેઠળ જોગવાઇ રૂા. **૬૩ કરોડ.**
  - ડેરી વિકાસ માટેની જોગવાઇ **રૂા. ૩૦ કરોડ.**
  - ૫૬ નવી પશુ સારવાર સંસ્થાઓની સ્થાપના માટેની જોગવાઇ **રૂા. ૪. ૪૫ કરોડ.**
  - પશુધનની ઉત્પાદકતા અને માળખાકીય સુવિધાઓ વધારવા માટેની જોગવાઇ **રૂા. ૫ કરોડ.**

- **કૃષિ મહોત્સવ** દરમિયાન પશુઓની આરોગ્યલક્ષી સેવાઓ માટેની જોગવાઇ **રૂા. ૧૦ કરોડ.**
- રાજયની ખ્યાતનામ ઓલાદની ગીર અને કાંકરેજ જાતિની ગાયોના સંવર્ધન, ગોપાલન, ગૌરક્ષણની કલ્યાણકારી કામગીરી માટેની જોગવાઇ **રૂા. ૨. ૯૧ કરોડ.**

**ગ્રામીણ વિકાસ**

વર્ષ ૨૦૦૭-૦૮ માટે ગ્રામીણ વિકાસની જોગવાઇ **રૂા. ૩૬૯.૫૨ કરોડ.**

- **ટોટલ સેનીટેશન** માટેની જોગવાઇ **રૂા. ૬૧ કરોડ.**
- **સ્વર્ણ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના** હેઠળ ૨૦,૦૦૦ વ્યક્તિઓને આવરી લેવાશે.
- **સખી મંડળ** અને **સખી સંઘના** નામથી નાબાર્ડ રાષ્ટ્રીયકૃત બેન્ક તથા ગ્રામ વિકાસ વિભાગના સંકલન દ્વારા જૂના ચાલીસ હજાર અને નવા **એક લાખ સખી મંડળોને** કાર્યાન્વિત કરી ખાસ રોજગાર કાર્યક્રમ બનાવાશે. આ યોજના માટેની જોગવાઇ **રૂા. ૧૬ કરોડ.**
- રાજયમાં **નિર્મળ ગુજરાતની** ઝુંબેશના અનુસંધાને ગામડાઓમાં ઘન કચરાના નિકાલ માટે અંકિત કરાયેલ જોગવાઇ **રૂા. ૨૦ કરોડ.**
- ગ્રામ વિસ્તારના ગરીબી રેખા હેઠળના પરિવારોને આવાસ સુવિધા માટેની જોગવાઇ **રૂા. ૪૨.૭૧ કરોડ.**

**પંચાયત**

ગ્રામ વિસ્તારની પ્રજાને વધુ સુખ-સુવિધાઓ મળી રહે તે માટે પંચાયત વિભાગ માટે વર્ષ ૨૦૦૭-૦૮માં **રૂા. ૫૪૩ કરોડની** જોગવાઇ સૂચવી છે. જે ચાલુ વર્ષની જોગવાઇ રૂા. ૪૦૮ કરોડમાં **૩૩ ટકાનો** વધારો સૂચવે છે.

**નિર્મળ ગુજરાતના** અભિયાનમાં જે ગ્રામ પંચાયત દ્વારા જેટલો સફાઇ વેરો ઉઘરાવાશે તેટલી જ રકમ રાજય સરકાર દ્વારા પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે પરંતુ જે ગામ ૧૦૦ ટકા સફાઇ વેરો ઉઘરાવશે તેને ૧૧૦ ટકા ગ્રાન્ટ આપવાનો **ઐતિહાસિક નિર્ણય** કરવામાં આવ્યો છે. આ યોજના માટેની જોગવાઇ **રૂા. ૫૦ કરોડ.**

ગામના સરપંચશ્રી, તલાટી -કમ- મંત્રી, ગ્રામ સેવકો, ગ્રામ મિત્ર અને ગ્રામ કોમ્પ્યુટર સાહસિકનો સમાવેશ કરી **ગ્રામ સચિવાલયની** સ્થાપના કરવામાં આવશે.

- પ્રત્યેક જિલ્લામાં બે **ગોબર બેન્ક** કરવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ગ્રામ્ય વિકાસની વિવિધ યોજનાઓની માહિતી મળી રહે તેમજ શિક્ષિત અને ઉત્સાહી યુવાનો ગ્રામ સમાજની વિકાસ યાત્રામાં રચનાત્મક રીતે જોડાઇ શકે તે માટે પ્રત્યેક ગ્રામ પંચાયત ખાતે પાંચ **ગ્રામ મિત્રની** નિમણૂક કરવા માટેની જોગવાઇ **રૂા. ૭૫ કરોડ.**

પંચાયતીરાજ સંસ્થાઓના કોમ્પ્યુટરાઇઝેશન અને કોમન સર્વીસ સેન્ટરના અમલ અને દેખરેખ માટેની **ઇ-ગ્રામ-વિશ્વ ગ્રામ સોસાયટી** અંગેની જોગવાઇ **રૂા. ૩૦ કરોડ.**

આગામી વર્ષથી **તીર્થ ગ્રામ યોજનામાં પાવન ગામ યોજનાનો** સમાવેશ કરવામાં આવશે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુન્હો નોંધાયેલ ન હોય તે ગામને **પાવન ગામ** તરીકે આવરી લેવાશે અને તેને રૂા. ૫૦ હજાર પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે.

- **પંચવટી યોજના** માટેની જોગવાઇ **રૂા. ૧૦ કરોડ.**

ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધલક્ષી ગ્રામીણ આવાસન યોજનાની વસાહતોમાં માળખાગત સુવિધાઓ પૂરી પાડવા તથા જમીન સંપાદન અંગે વર્ષ ૨૦૦૭-૦૮માં સૂચવેલ જોગવાઇ **રૂા. ૪૪.૯૨ કરોડ.**

**શિક્ષણ**

છેલ્લા ચાર વર્ષથી સઘન ઝુંબેશ તરીકે **કન્યા કેળવણી** રથયાત્રા દ્વારા **શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના** પરિણામે ચાલુ વર્ષ ૨૦૦૬-૦૭માં **૯૯.૦૨ ટકા જેટલો ઊંચો શાળા પ્રવેશ દર** હાંસલ કરેલ છે.

- વર્ષ ૨૦૦૦-૦૧ માં ધોરણ ૧ થી ૫ સુધીમાં ૨૦.૫૦ ટકા ડ્રોપ આઉટ રેટ હતો જે ચાલુ વર્ષે ૩.૨૪ ટકા હાંસલ કરી શકયા છીએ.
- **વિદ્યા સહાયક યોજના** હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૮૨,૧૪૮ વિદ્યા સહાયકોની ભરતી કરેલ છે અને હવે વધુ ૧૪૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવાની કામગીરી પ્રગતિમાં છે.
- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ દાખલ કરેલ છે.

- રાજયમાં મળેલ **ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ** અન્વયે રાજયમાં થનાર મૂડીરોકાણો અન્વયે ઉદ્યોગોને અનુરૂપ માનવબળ આપી શકાય તે માટે ઇજનેરી કોલેજોમાં Long Distance Educationૠપ્રબંધ કરેલ છે.

- ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરની વ્યકિતઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવે અને તેમનો આત્મવિશ્વાસ વધે તે માટે ૧૦૦૦ કેન્દ્રો શરૂ કરી **પાંચ લાખ વ્યકિતઓને** આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર એજન્સીઓ દ્વારા તાલીમ આપવામાં આવશે જેના કારણે રોજગારીની તકો પ્રાપ્ત થશે આ હેતુ અર્થે જોગવાઇ **રૂા. ૭ કરોડ.**

- છેલ્લા ત્રણ વર્ષથી **સાક્ષરદીપ કાર્યક્રમ** અમલમાં મૂકાયેલ છે જેમાં કુલ ૨૬,૭૪,૯૧૫ વ્યકિતઓ સાક્ષર બનેલ છે જે પૈકી **૧૬,૨૧,૬૬૯ મહિલાઓ સાક્ષર** બનેલ છે.

- પ્રાથમિક શાળાઓમાં દાખલ થયેલ **યોગના** કાર્યક્રમથી મળેલ સારા પરિણામો ધ્યાનમાં લઇ તે કાર્યક્રમને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમલમાં મૂકવામાં આવશે.

- કચ્છ અને બનાસકાંઠાની સરહદી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં સ્કાઉટ ગાઇડની તાલીમ આપવામાં આવશે.

**મહિલા અને બાળ વિકાસ**

આપણી સંસ્કૃતિમાં નારીને શકિત સ્વરૂપ ગણીને તેની પૂજા-અર્ચના કરવાનો મહિમા છે. મહિલા કલ્યાણની વાતો માત્ર કાગળ પર જ ન રાખતા અમારી સરકારે આ દિશામાં મક્કમ પગલાં લઇને નારી શકિતને વિકાસની પ્રક્રિયાના કેન્દ્રમાં મૂકી છે. આર્થિક, સામાજિક અને શૈક્ષણિકક્ષેત્રે મહિલાઓને વધુને વધુ સશકત બનાવવા ઉચિત ન્યાય આપી શકાય તે હેતુસર રાજય સરકારે પ્રથમ જ વાર અલગ મહિલા બાળ કલ્યાણ વિભાગની રચના કરી છે. મહિલાઓનું આત્મસન્માન અને ગૌરવ જળવાય તેમજ તેમનું સામાજિક અને આર્થિક ઉત્થાન થાય, તેમના પ્રશ્નોના નિરાકરણ માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે દિશામાં પણ રાજય સરકારે વિશિષ્ટ કદમ ઉઠાવી મહિલા આયોગ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોની રચના, જેન્ડર રિસોર્સ સેન્ટરની સ્થાપના, ચિરંજીવ, માતૃવંદના જેવી યોજનાઓ અમલમાં મૂકી છે. મહિલાઓ માટે રોજગાર કચેરીઓ અને મહિલાઓ માટેની આઇ.ટી.આઇ. શરૂ કરવાના પહેલરૂપ કદમ ભર્યાં છે.

- રાજય સરકાર દ્વારા પ્રેરણાદાયી **નારી ગૌરવ નીતિની** ઘોષણા કરાયેલ છે.

- રાજયની **એક લાખ જેટલી** નિરાધાર વિધવા મહિલાને નાણાકીય સહાય કરવાના હેતુ અર્થેની જોગવાઈ **રૂા. ૬૧. ૫૮ કરોડ.**

- ૧૮ થી ૪૦ વર્ષની વય જૂથની ૧૦,૦૦૦ નિરાધાર વિધવા મહિલાઓને તાલીમ આપી સ્વનિર્ભર બનાવવા માટેની જોગવાઇ **રૂા. ૭.૨૦ કરોડ.**

- ૧૪૫ તાલુકાઓમાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો દ્વારા મહિલાઓને કાનૂની, સામાજિક અને આર્થિક બાબતોમાં માર્ગદર્શન આપવા ઇન્ફર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવા અર્થેની જોગવાઇ **રૂા. ૩.૩૮ કરોડ.**

- રાજયના છેવાડાના વિસ્તારમાં રહેતી મહિલાઓને તેમની કૌટુંબિક સમસ્યાના નિરાકરણમાં મદદરૂપ થવા **નારી અદાલતોને** વધુ સક્ષમ કરાશે.

- **સંકલિત**
  **બાળ વિકાસ કાર્યક્રમ**

- છ વર્ષથી નીચેના તમામ બાળકોને પૂરક પોષણ હેઠળ આવરી લેવા ચાલુ વર્ષની રૂા. ૬૭. ૧૮ કરોડની જોગવાઇ વધારીને આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂા. ૧૨૦ કરોડ.**

- ૨૬૯૫ વધારાની આંગણવાડીઓ શરૂ કરાશે.

- દરેક આંગણવાડીમાં ત્રણથી છ વર્ષના બાળકો તથા ધાત્રી અને સગર્ભા માતાઓને **ફોર્ટીફાઇડ આટો** પૂરો પાડવામાં આવશે.

- આંગણવાડીઓ મારફતે ત્રણ વર્ષથી નાની ઉંમરના દસ લાખ નાના ભૂલકાંઓને પોષણયુકત આહાર આપવા માટે " બાલભોગની" યોજના શરૂ કરવામાં આવશે.

- રાજય સરકારની જનભાગીદારીના અભિગમ અંતર્ગત માઇક્રો ન્યુટ્રીઅન્ટ નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા ત્રણ વર્ષથી છ વર્ષની વચ્ચેની વયના આઠ લાખ બાળકોને પોષક તત્વો સભર ફોર્ટીફાઇડ ચોકલેટો આપવામાં આવશે.

- આંગણવાડી સમાજ વિકાસ માટે પાયાનું મહત્ત્વનું એકમ છે. બાળ માનસને મનોવૈજ્ઞાનિક રીતે વિકસિત કરવાનો સરકારનો અભિગમ છે તેના માટે માળખાકીય સવલતો ઊભી કરવી તથા નાના ભુલકાંઓને વિકાસ માટેની પ્રોત્સાહક વ્યવસ્થા મળે તે માટે સાધનો ઉપલબ્ધ કરવા તેમજ આંગણવાડી માટેના મકાનો પણ બાંધવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવાનો નિર્ધાર કર્યો છે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરનું પ્રમાણ વધારે હતું તેવા પાંચ જિલ્લાઓ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદમાં **ચિરંજીવ યોજના** શરૂ કરાયેલ હતી. સમગ્ર દેશમાં આવી યોજના શરૂ કરનાર **ગુજરાત પ્રથમ રાજય** છે. આ યોજનાને **એશિયન ઇનોવેટીવ એવોર્ડ** પ્રાપ્ત થયેલ છે. યોજનાની યશસ્વી સફળતાને ધ્યાને લઇ સમગ્ર રાજયમાં અમલી બનાવેલ **ચિરંજીવ યોજના** માટેની જોગવાઇ **રૂ.૨૭.૫૦ કરોડ.**

રાજયમાં જાતિ પ્રમાણ દર સુધારવા માટે રાજય સરકારે શરૂ કરેલ **બેટી બચાવ અભિયાનને** ખૂબ સારા પરિણામો મળેલ છે. આ અભિયાનને આગળ ધપાવવા તેમજ **માતૃવંદના** કાર્યક્રમ માટેની જોગવાઇ **રૂ. ૨૮.૨૫ કરોડ.**

આદિજાતિ વિસ્તારમાં રહેતા ગરીબી રેખા હેઠળના લોકોને મેલેરિયાના રોગથી બચાવવા ખાસ પ્રકારની બનાવેલ જતુંનાશક દવાયુકત બે લાખ આઠ હજાર મચ્છરદાનીઓ આપવા માટેની જોગવાઇ **રૂ. ૨૪.૪૭ કરોડ.**

રાજય સરકારે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને દરેક પ્રકારની આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે પ્રાયોગિક ધોરણે એક જિલ્લામાં આરોગ્યલક્ષી વીમા યોજના દાખલ કરવાનું વિચાર્યુંર્ છે. સમગ્ર વિશ્વમાં પ્રશંસનીય બનેલ શાળા આરોગ્ય કાર્યક્રમ જેમાં એક કરોડ પચ્ચીસ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવાયેલ છે તે કાર્યક્રમ વિસ્તારીને ધોરણ-૧૨ સુધીના તમામ વિદ્યાથીર્ઓને આવરી લેવાશે. આ કાર્યક્રમ માટેની જોગવાઇ **રૂ. ૭.૧૦ કરોડ.**

- **રોગી કલ્યાણ સમિતિમાં જનભાગીદારીને** જોડવા માટેની જોગવાઇ **રૂ. ૭ કરોડ.**

- રાજયની તબીબી સેવાઓ સુદૃઢ બનાવવા માટેની જોગવાઇ **રૂ. ૫૦ કરોડ.**

- રાજયમાં હોમિયોપથી પદ્ધતિના પ્રચાર અને પ્રસાર માટે ૩૦ નવી હોમિયોપથી ડિસ્પેન્સરીઓ શરૂ કરવાનું આયોજન છે.

- પોરબંદર, ધ્રાંગધ્રા અને રાજપીપળા ખાતે સરકારી આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરવાનું આયોજન છે.

- **આદિજાતિ વિસ્તારોમાં** બે આયુર્વેદિક ડિસ્પેન્સરી શરૂ કરવાનું આયોજન છે.

**ઊર્જા**

રાજયની વધતી જતી ઊર્જા માંગને અનુલક્ષીને આગામી વષોર્માં રાજયના તમામ વીજ વપરાશકારોને વીજળી પૂરી પાડી શકાય તે માટે કરાયેલ આયોજન અન્વયે ધુવારણ ખાતે ૧૧૨ મેગાવોટ, પાનન્ધ્રો ખાતે ૭૫ મેગાવોટ, એન.ટી.પી.સી. પાસેથી ૪૦૩ મેગાવોટ વીજ પુરવઠો આગામી વર્ષે ઉપલબ્ધ થશે. ખાનગી કંપની દ્વારા શરૂ થનાર પ્રોજેકટ હેઠળ રાજયને ૭૫૦ મેગાવોટ વીજળી ઉપલબ્ધ થશે.

રાજય હસ્તકની વીજ જનરેશન કંપની ગુજરાત સ્ટેટ ઇલેકિટ્રસીટી કંપનીના આધુનિકીકરણ કાર્યક્રમ અંતર્ગત આગામી વર્ષમાં મુખ્ય કાર્યક્રમ હેઠળ ઉકાઇ પાવર સ્ટેશન એક અને બે દ્વારા વધારાના ૮૦ મેગાવોટ અને ગૌણ કાર્યક્રમ હેઠળ ગાંધીનગર પાવર સ્ટેશન ત્રણ અને ચારમાંથી ૫૦ મેગાવોટ વીજળી ઉપલબ્ધ થશે.

વીજ પુરવઠાના આગોતરા આયોજનના ભાગરૂપે રાજય સરકારે પાવર ટેરીફના ટેન્ડર દ્વારા ૩૨૦૦ મેગાવોટ વીજ મેળવવાના કરારો કર્યા છે.

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭** દરમિયાન અગિયાર કંપનીઓ સાથે ૧૪૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન માટે **રૂ. ૫૫૦૦૦ કરોડના** મૂડીરોકાણ માટેના એમ.ઓ.યુ. થયેલ છે.

**જયોતિગ્રામ યોજના**

રાજયની ક્રાંતિકારી **જયોતિગ્રામ યોજનાએ** દેશને દિશા પૂરી પાડી છે અને તાજેતરમાં **મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના વરદહસ્તે** રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવેલ છે. આ યોજનાના અમલીકરણથી રાજયનાં ગામડાંઓમાં આરોગ્ય સેવા, શિક્ષણમાં આધુનિકતા, ગ્રામ્ય અને કુટિર ઉદ્યોગોની સ્થાપના તથા સ્વરોજગારી ક્ષેત્રે ઘણી બધી તકો ઊભી થતાં ગામડાઓમાંથી શહેરો તરફની દોટનું પ્રમાણ મહદ્અંશે ઘટયું છે.

**પેટ્રોલિયમ**

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા ગેસ અને ઓઈલના સંશોધન, ઉત્પાદન અને વિતરણમાં રાજય કક્ષાએ સફળતા મેળવ્યા બાદ **કૃષ્ણા-ગોદાવરી બેઝીન** ખાતેના **દીનદયાળ પ્રોજેકટ** મારફત રાષ્ટ્રિય કક્ષાએ અને હવે વૈશ્વિક ક્ષેત્રે પણ ઇજિપ્ત, યમન અને ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં ગેસ/ઓઈલ સંશોધન માટેના કુલ ૩૧ જેટલાં ક્ષોત્રો પ્રાપ્ત કરી ગેસ અને ઓઈલ માટેની **ગ્લોબલ કંપની** તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

ઓઈલ અને ગેસક્ષેત્રે વિશ્વમાં જે રીતે વિકાસ થઇ રહ્યો છે તે અન્વયે આ ક્ષેત્રે તાંત્રિક માનવબળની અછત વરતાઈ રહી છે. ગુજરાત પેટ્રોલિયમક્ષેત્રે અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે તેથી રાજયમાં **નોલેજ મિશનના** ભાગરૂપે દેશભરમાં આ ક્ષેત્રે માનવબળ પૂબરું પાડી શકાય તેવા અભિગમથી પંડિત **દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની** સ્થાપનાનું આયોજન છે.

**ગેસ ગ્રીડ**

ગેસ આધારિત આર્થિક વિકાસને ધ્યાનમાં લઇ કે.જી. બેઝીનનો ગેસ રાજયમાં પાઇપલાઇન દ્વારા લાવી રાજયના વિસ્તારોમાં ગેસ પૂરો પાડવા માટે પાઇપલાઇન નેટવર્કની કામગીરી શરુ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૯૪૦ કિ.મી. પાઇપલાઇનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. રૂા.૨૨૦ કરોડના ખર્ચે ૮૬૦ કિ.મી.ની ઉચ્ચ દાબ ગેસ પરિવહનની પાઇપલાઇનના બાંધકામો માટેના આયોજન કરી રહ્યા છીએ. જે ભરૂચ- જામનગર, દરોદ-પીપાવાવ, વડોદરા-હાલોલ અને મોરબી-મુન્દ્રા પાઇપલાઇનને આવરી લેશે.

ઘરવપરાશના હેતુ માટે અગાઉ હઝીરામાં ગેસ પુરવઠો પૂરો પાડયા બાદ ચાલુ વર્ષમાં ગાંધીનગર શહેરમાં ગેસ પુરવઠો પૂરો પાડવાનું શરું કરાયેલ છે. આ ઉપરાંત, ૨૦૦૭થી શરૂ કરીને રાજયમાં વાપી, વલસાડ, સારીગામ, નવસારી, નડિયાદ, ચાંદખેડા, મોટેરા, રાજકોટ, મોરબી, અમદાવાદ, આણંદ, મહેસાણા, હિંમતનગર વગેરે શહેરોમાં ઘર વપરાશનો ગેસ પૂરો પાડવાનું આયોજન છે. ઉપરાંત, ભવિષ્યમાં જામનગર, કચ્છ અને ભાવનગરના વિસ્તારોમાં પણ ઉદ્યોગોને તેમજ ઘર વપરાશનો ગેસ પૂરો પાડવાનું આયોજન છે.

જી.એસ.પી.સી. ગેસ કંપની દ્વારા રાજયના ધોરીમાર્ગો ઉપર વાપી, વલસાડ, નવસારી, ભરૂચ, નડિયાદ, કલોલ, મહેસાણા, ચાંદખેડા, બામણબોર, મોરબી, રાજકોટ, અમરેલી, જામનગર, ભૂજ વગેરે સ્થળોએ ગેસ પાઇપલાઇન ઉપર વર્ષ ૨૦૦૮ સુધીમાં પ્રથમ તબકકે ૨૦ સ્થળોએ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

**મૃતદેહોના અગ્નિસંસ્કારની આપણી પરંપરાગત વ્યવસ્થાને આધુનિક બનાવવાના હેતુથી અને પર્યાવરણલક્ષી બનાવવા જયાં જયાં ગેસ ગ્રીડ નેટવર્ક પસાર થતું હશે ત્યાં સ્મશાનગૃહોને ગેસ આધારિત સ્મશાનગૃહો તરીકે નિર્માણ કરવાનું આયોજન છે. આને કારણે પર્યાવરણનું રક્ષણ થશે અને વૃક્ષોનું જતન થશે.**

**ઉદ્યોગ**

ભૂતકાળમાં વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫માં યોજવામાં આવેલી **વાયબ્રન્ટ ઇન્વેસ્ટર્સ સમીટમાં** કુલ **રૂા. ૧,૭૨,૦૦૦ કરોડ** જેટલા વધુ મૂડીરોકાણના સમજૂતી કરારો થયા તે પૈકી **રૂા. ૧,૪૦,૦૦૦ કરોડ** જેટલી રકમના પ્રોજેકટ અમલીકરણ હેઠળ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** મને જણાવતા અત્યંત આનંદ થાય છે કે રાજય સરકારે યોજેલ **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ને** અભૂતપૂર્વ સફળતા મળી છે. ભારતભરના આગેવાન ઉદ્યોગગૃહો અને દુનિયાભરના ઉદ્યોગ પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ પ્રસંગને પરિણામે રૂા. **૪,૫૦,૭૬૮ કરોડના** રોકાણ ધરાવતા **૩૪૨** પ્રોજેકટની દરખાસ્તો પ્રાપ્ત થઈ. આ પ્રોજેકટોને પરિણામે આશરે **૧૦ લાખ વ્યકિતઓને** રોજગારી મળવાની સંભાવનાઓ છે.

આ ઉપરાંત આઇ.ટી. ક્ષેત્રે ગુજરાત પ્રગતિ કરી શકે તે હેતુથી અલગ રીતે યોજાયેલ **વાયબ્રન્ટ ગુજરાત આઇ.ટી. સમીટમાં ૨૧** પ્રોજેકટ થકી કુલ રૂા. **૧૧૦૬૭ કરોડના** રોકાણો અને આશરે **૩,૨૫,૦૦૦ વ્યકિતઓને** રોજગારીની તકો ઊભી થનાર છે.

તાજેતરમાં ભારતના **મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના** માર્ગદર્શનમાં યોજાયેલ **વાયબ્રન્ટ ગુજરાત અર્બન સમીટ ૨૦૦૭** સમગ્ર દેશમાં શહેરી વિકાસક્ષેત્રે સીમાચિહ્નરૂપ બની રહેશે. ગુજરાતનાં ૧૬૧ નગરો અને મહાનગરોના વિકાસ માટે આ અભૂતપૂર્વ સમીટમાં **રૂા. ૨,૦૫,૦૦૦ કરોડના** મૂડીરોકાણોની દરખાસ્તો દ્વારા આશરે **૮ લાખ વ્યકિતઓને** રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,** વાયબ્રન્ટ ગુજરાતનાં જુદાં જુદાં આયોજન દ્વારા એક જ વર્ષના ટૂંકાગાળામાં આશરે કુલ **રૂા. ૬,૬૬,૦૦૦ કરોડની** જંગી રકમના કુલ મૂડીરોકાણની દરખાસ્તો આવી છે અને આશરે કુલ ૨૧ **લાખ વ્યકિતઓને** રોજગારી માટેની તકો ઊભી થાય તેવું વિકાસ માટેનું સર્વશ્રેષ્ઠ વાતાવરણ ઊભું થયું છે.

રાજયની નિકાસ વધારવા માટે અને નવું રોકાણ આકર્ષવા માટે સ્પેશિયલ ઇકોનોમિક ઝોનના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ટેક્ષટાઇલ્સ અને એપેરલ, દવા ઉદ્યોગ, આઇ.ટી., એન્જિનીયરીંગ, પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ્સ, કેમિકલ્સ, સિરામીક, ગ્લાસ, જવેલરી જેવા ઉદ્યોગો સહિત ૩૩ SEZ માટે મંજૂરી મળેલ છે તે પૈકીના ૩ SEZ શરૂ થયેલ છે અને બીજા વિકાસના તબક્કામાં છે.

- ગુજરાતમાં પ્રસ્થાપિત લઘુ અને મધ્યમ ઉદ્યોગોની માળખાકીય સુધારણા અંગે વિવિધ યોજનાઓ માટેની જોગવાઇ **રૂા.૮૦.૪૦ કરોડ.**

**કુટિર અને ગ્રામોદ્યોગ**

એક લાખ વીસ હજાર જેટલી રોજગારી ઊભી કરવા કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે જોગવાઇ **રૂા. ૮૫ કરોડ.**

હસ્તકલા/માટીકામના કારીગરો પોતાની કલા એકબીજા સાથે વહેંચી શકે અને ગ્રામ્ય કારીગરોને એક જ સ્થળે તાલીમ, ઉત્પાદન અને વેચાણની કાયમી જગ્યા મળી રહે તે માટે **પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ** મુજબ **હેન્ડીક્રાફ્ટ પાર્ક- કલે પાર્ક** માટેની જોગવાઇ **રૂા. ૧. ૫૦ કરોડ.**

ઉત્તર ગુજરાતના ખેડૂતો દિવેલાનાં પાનનો ઉપયોગ કરી એરીકલ્ચર કોશેટાનો ઉછેર કરી પૂરક રોજગારી મેળવી શકે તે માટે સેન્ટ્રલ સિલ્ક બોર્ડના સહયોગથી એરીકલ્ચરનો પ્રાઇવેટ પ્રોજેકટ સ્થાપવાનું આયોજન કરેલ છે.

**મીઠા ઉદ્યોગ**

મીઠા ઉદ્યોગમાં રોકાયેલ એક લાખ ઉપરાંતના **અગરિયાઓની કલ્યાણકારી યોજનાઓ** અને મીઠા ઉદ્યોગના વિકાસ માટેની જોગવાઇ **રૂા.૩૫.૯૭ કરોડ.**

**પ્રવાસન**

૨૦૦૬ના વર્ષને **પ્રવાસન વર્ષ** તરીકે જાહેર કરાયેલ હતું. રાજય સરકારની પહેલને વિશ્વભરમાંથી સારો પ્રતિભાવ મળ્યો છે. મને જણાવતાં આનંદ થાય છે કે સતત બીજા વર્ષે પણ એટલે કે ૨૦૦૭-૦૮માં **રૂા. ૧૦૦ કરોડની** જોગવાઇ સૂચવી છે. રાજયના વિવિધ વિભાગો દ્વારા પ્રવાસન સ્થળોએ માળખાકીય સુવિધા ઉપલબ્ધ થાય તે માટે કાર્યવાહી હાથ ધરી છે.

- પ્રવાસન વર્ષ દરમિયાન જિલ્લાનાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કલેકટરોને રૂા. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા.
- ઇકો ટુરીઝમ હેઠળ જેસોર, મહાલ, નળસરોવર, રતનમહાલ જેવા રમણીય સ્થળોના વિકાસની કામગીરી પ્રગતિમાં છે.
- રાજય સરકારે ૪૧ જેટલા પ્રવાસધામોમાં હોટલરૂમ્સના બાંધકામ અન્વયે વિવિધ કરમાં રાહતો જાહેર કરી હતી.
- સરકારે મેડિકલ ટુરીઝમની પોલિસી જાહેર કરી છે.
- પ્રવાસધામોમાં પાણી તેમજ ડ્રેનેજની વ્યવસ્થા માટેના આયોજન અંગે પાણી પુરવઠા વિભાગ તરફથી રૂા. ૧૨.૪૩ કરોડની રકમની ફાળવણી કરેલ છે અને તે અંગેનાં કામો ચાલુ છે.
- માર્ગ- મકાન વિભાગ દ્વારા ૬૩ જેટલા પ્રવાસીપથ માટે રૂા. ૭૮ કરોડ ફાળવ્યા છે.
- આ ઉપરાંત નર્મદા વિભાગે કેવડિયા કોલોની ખાતે પ્રવાસન વિકાસ માટે રૂા. ૨૦ કરોડનો ખર્ચ કરેલ છે.
- દ્વારકા ખાતે રોડ ડેવલપમેન્ટ પ્રોજેકટ રૂા. ૨.૩૦ કરોડના ખર્ચે ખાનગી ભાગીદારીથી પૂર્ણ કરેલ છે.
- નારાયણ સરોવર ટુરીસ્ટ કોમ્પ્લેક્ષ રૂા. ૧ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.

- વડનગર ટુરીસ્ટ કોમ્પ્લેક્ષ રૂા. ૧.૪૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.
- ટ્રાયબલ હાટ સાપુતારાના પ્રોજેકટ રૂા. ૧.૬૦ કરોડના ખર્ચથી માર્ચ-૨૦૦૭ સુધીમાં પૂર્ણ થશે.
- ઉદવાડા ઇન્ટરપ્રિટેશન સેન્ટર રૂા. ૧.૨૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.
- બાલાશીનોર ખાતે ફોસીલ પાર્ક પ્રોજેકટ અંગે રૂા. ૩.૪૫ કરોડનાં ખર્ચે કામગીરી ચાલુ છે.
- મોઢેરા ટુરીઝમ પ્રોજેકટ રૂા. ૧.૧૮ કરોડ, અડાલજ ટુરીઝમ પ્રોજેકટ રૂા. ૪.૮૦ કરોડ અને માંડવી ટુરીઝમ પ્રોજેકટ રૂા. ૪.૨૮ કરોડના કામો ચાલુ છે.
- સાપુતારા વિકાસ પ્રોજેકટ રૂા. ૩.૭૮ કરોડ, દાંડી ટુરીઝમ પ્રોજેકટ માટે રૂા. ૩.૮૦ કરોડના ખર્ચે તેમજ જૂનાગઢ, વેરાવળ, દ્વારકા,પોરબંદર સરકીટ ટુરીઝમ પ્રોજેકટનાં કામો ચાલુ છે.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે ટુરીઝમ તથા ટ્રાવેલ્સ તાલીમ કેન્દ્રની સ્થાપના કરાયેલ છે જયાં એક વર્ષનો ટુરીઝમ તથા હોસ્પિટાલિટી ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવેલ છે.

રાજયના પ્રવાસન વર્ષની સફળતાને કારણે દુનિયાભરમાંથી સહેલાણીઓ ગુજરાતમાં આવ્યા છે. ઉત્સવોમાં અને ઇન્વેસ્ટર્સ સમીટમાં પણ તેની અસર વર્તાતી હતી. ગુજરાતને વિશ્વમાં એક પ્રવાસન સ્થળ તરીકે જાણીતા કરવાના પ્રયાસો ચાલુ રહેશે.

**માર્ગો**

રાજય સરકારે માર્ગોના આંતરમાળખાને ઉચ્ચસ્તરીય કરવા અગ્રતા આપી જોગવાઇમાં વધારો કરેલ છે. રાષ્ટ્રીય ધોરી માર્ગો, રાજય ધોરી માર્ગો તથા ગ્રામ્ય રસ્તા સહિતના માળખાને સર્વગ્રાહી રીતે ઉચ્ચસ્તરીય બનાવવા તબકકાવાર કાર્યવાહી હાથ ધરી છે. સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ અનુભવું છું કે **પ્રગતિપથ, વિકાસપથ** અને **કિસાનપથ** જેવી ત્રણ મુખ્ય યોજનાઓ સાથે રસ્તાઓના કામમાં સંતોષકારક પ્રગતિ થયેલ છે અને આ યોજનાઓ માટે આગામી વર્ષમાં જરૂરી જોગવાઇઓ સૂચવાયેલ છે.

- **પ્રગતિપથ યોજના** હેઠળ બાકી લંબાઇના રસ્તાના કામો હાથ ધરવા માટેની જોગવાઇ **રૂા. ૧૦૦ કરોડ.**
- **વિકાસપથ યોજના** હેઠળ શહેરી વિસ્તારમાંથી પસાર થતા બાકી રહેતા ૧૭૩ કિ.મી.ની લંબાઇના રસ્તાના કામ હાથ ધરવા માટેની જોગવાઇ **રૂા. ૭૬ કરોડ.**
- **કિસાનપથ યોજનામાં** ૨૪૦૪ કિ.મી.ની લંબાઇના રસ્તાની સુધારણા માટેની જોગવાઇ **રૂા. ૧૦૦ કરોડ.**
- **પ્રવાસીપથ યોજના** હેઠળ પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની અંદાજિત ૩૦૦ કિ.મી.ની લંબાઇના અનુભાગોની સુધારણા હાથ ધરવા માટેની જોગવાઇ **રૂા. ૪૦ કરોડ.**
- **ગ્રામ્ય** વિસ્તારના રસ્તાઓની સુધારણા માટે નાબાર્ડ સહાયિત યોજના હેઠળની જોગવાઇ **રૂા. ૮૦ કરોડ.**
- અતિભારે વરસાદને કારણે વિખૂટા પડતા ગ્રામ્ય રસ્તાઓને ઉચ્ચસ્તરીય અને બારમાસી બનાવવા માટેની જોગવાઇ **રૂા. ૩૫ કરોડ.**

**શહેરી વિકાસ**

મેં અગાઉ ઉલ્લેખ કર્યો તેમ **વાયબ્રન્ટ ગુજરાત અર્બન સમીટ-૨૦૦૭ના** કારણે શહેરી વિસ્તારોમાં જનસુખાકારી અને જનસુવિધા વધુ સગવડભરી બનશે.

સમગ્ર દેશની સરખામણીએ ગુજરાતની શહેરીકરણની પ્રક્રિયા ઝડપી બનેલ છે જે ધ્યાને લઇને ધબકતા શહેરોના નિર્માણમાં **જનભાગીદારી** દ્વારા વિવિધ વિકાસ કાર્યક્રમો હાથ ધરીને શહેરી જીવન અને વ્યવસ્થા સુધારણા કાર્યક્રમ હાથ ધરાયેલ છે.

સ્વચ્છ, સુંદર, રળિયામણાં અને નિર્મળ નગરનાં સ્વપ્નો સાકાર કરવાં માટે પીવાના પાણીની **અમૃતધારા યોજના,** હરિયાળા નગરો માટે **નગર નંદનવન યોજના** અને દેશમાં શ્રેષ્ઠતમ ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઊભી કરાયેલ છે. **નિર્મળ ગુજરાત-નિર્મળ નગર** માટેની જોગવાઇ **રૂા. ૯૮ કરોડ.**

**શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫** દ્વારા વિકાસના નવા માપદંડો અપનાવીને સમગ્ર દેશને દિશા આપેલ છે અને તેથી જ ગુજરાતે હાથ ધરેલ કાર્યક્રમો સમગ્ર રાષ્ટ્ર માટે નેશનલ અર્બન રીન્યુઅલ મિશનની દિશા દૃષ્ટિ બનેલ છે. ગુજરાત અર્બન ડેવલમેન્ટ મિશન દ્વારા શહેરોની માળખાકીય સુવિધા વધારવા માટેની જોગવાઇ **રૂા. ૬૫૦ કરોડ.**

**શહેરી ગરીબોની યોજનાઓના અમલીકરણમાં ગુજરાત દેશમાં અગ્રેસર** રહેલું છે. આગામી વર્ષમાં શહેરી ગરીબો માટે **એક લાખ આવાસ** અને **એક લાખ** શહેરી યુવક, યુવતીને **રોજગારી** પૂરી પાડવા " ઉમીદ" યોજના હાથ ધરેલ છે.

ગુજરાતે સાચા અર્થમાં શહેરી ગરીબો માટેની યોજનાઓને સાકાર કરવા રાજયે આપેલ ભંડોળ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના કુલ ભંડોળમાંથી ૨૦ ટકા ભંડોળ શહેરી ગરીબો માટે વાપરવા અનામત રાખવા **ઐતિહાસિક નિર્ધાર** કરેલ છે. શહેરી ગરીબોની સમસ્યાના નિરાકરણ માટે માળખાકીય સુવિધાઓ અને શહેરી ગરીબોને રોજગારીની વિપુલ તકો પૂરી પાડવા માટેની જોગવાઇ રૂા. **૧૧૬.૫ કરોડ.**

- **વન**
-
- વર્ષ ૨૦૦૭-૦૮માં વનીકરણ ક્ષેત્રે **રૂા. ૨૧૩ કરોડની** જોગવાઇ સૂચવી છે. જે વર્ષ ૨૦૦૬-૦૭ની રૂા. ૧૬૧ કરોડની જોગવાઇ સામે ૩૨ **ટકાનો** વધારો સૂચવે છે.
- આદિજાતિ ખાતેદારોને કબજા હક્ક આપેલ જમીન ઉપરના વૃક્ષોનો નિકાલ વન ખાતા દ્વારા જાહેર હરાજીથી કરવામાં આવે છે અને તે ઊપજમાંથી ખર્ચ બાદ કરી ૧૦૦ ટકા રકમ ખાતેદારને આપવામાં આવે છે. તે ઝડપથી ચૂકવી શકાય તે હેતુથી રાજય સરકારે રીવોલ્વિંગ ફંડની રચના કરેલ છે.
- વાનિકી ક્ષેત્રે ૧૪૭.૫૪ લાખ માનવ દિન ઉત્પાદિત કરી આદિજાતિ અને પછાત વિસ્તારમાં રોજગારીની તકો ઊભી કરવાનું આયોજન છે.
- **ઇકો ટુરીઝમ** માટેની જોગવાઇ **રૂા. ૮ કરોડ.**
- કચ્છ, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં સરહદ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ વનીકરણ માટેની જોગવાઇ **રૂા. ૧.૯૦ કરોડ.**
- એશિયાભરમાં સૌથી વિશાળ ઘાસિયા વિસ્તાર એવા કચ્છના બન્ની વિસ્તારમાં ઘાસની ગુણવત્તા તથા ઉત્પાદકતા વધારવા બન્ની **વિસ્તાર વિકાસ કાર્યક્રમ** અમલમાં મુકાયેલ છે.

**પર્યાવરણ**

રાજયનાં સાત મોટાં શહેરો અને ઔદ્યોગિક વિસ્તારોમાં એર એકશન પ્લાનનો અમલ કરવામાં આવી રહ્યો છે. નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો માટે કલીનર પ્રોડકશનની પ્રક્રિયા માટે રાજય સરકારે એવોર્ડ દાખલ કર્યા છે.

રાજય સરકારે ઘન કચરાના નિકાલ પદ્ધતિ અંગેની પ્રાયોજનાને કાર્યાન્વિત કરવા અને તેને લાંબાગાળા સુધી નિભાવી રાખવા માટેના વિવિધ વિકલ્પો ચકાસી તે પૈકી " કાર્બન ક્રેડિટને" ધ્યાને લેવામાં આવેલ છે. ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીએ કાર્બન ક્રેડિટના વેચાણ માટે વિશ્વ બેન્કને કન્સલટન્સીથી નીમેલ છે. અંદાજ પ્રમાણે આ પ્રાયોજનાથી કાર્બન ક્રેડિટ પેટે ૧૬ લાખ ૫૦ હજાર યુ.એસ. ડોલર એટલે કે રૂા. ૭,૪૨,૫૦,૦૦૦ પ્રતિ વર્ષ આ યોજનાના અમલીકરણ દરમિયાન પ્રાપ્ત થશે. કયોટો પ્રોટોકોલ કરાર અંતર્ગત સર્ટીફાઇડ એમીશન રીડકશન એટલે કે કાર્બન ક્રેડિટનો આંતરરાષ્ટ્રીય બજારમાં વ્યાપાર કરી શકાય છે. રાજય સરકાર દ્વારા આવી પ્રાયોજના હાથ ધરવા સમગ્ર **દેશમાં ગુજરાત પ્રથમ** રાજય છે.

રાજયમાં હવા પ્રદૂષણના નિયંત્રણ માટેની કાર્ય યોજના ઘડવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે સી.એન.જી. આધારિત વાહનવ્યવહારની વ્યવસ્થા માટે હાલમાં ૭૧ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા ૪૨૬ અને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ૨૦૦ સી.એન.જી. બસો દોડાવવામાં આવે છે. રાજયમાં ૫૦ હજાર રીક્ષાઓ સી.એન.જી. આધારિત છે. અમદાવાદમાં આશરે ૨૦૦ જેટલા ઔદ્યોગિક એકમો દ્વારા નેચરલ ગેસનો બળતણ માટે ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે. વડોદરામાં નંદેસરી ખાતે ૬૦, ભરૂચ જિલ્લામાં ૩૬૬ ઔદ્યોગિક એકમો અને મોરબી, વાંકાનેર વિસ્તારમાં ૪૦ જેટલા સિરામીક ઉદ્યોગોએ નેચરલ ગેસનો વપરાશ શરૂ કર્યો છે.

રાષ્ટ્રીય વ્યાપક હવા ગુણવત્તા મોજણી કાર્યક્રમ હેઠળ અમદાવાદ શહેરમાં શ્વાસમાં જતા રજકણોની માત્રા વર્ષ ૨૦૦૦-૦૧માં ૧૯૭ માઇક્રો ગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાયેલ જેમાં ૫૦ ટકા ઘટાડો થઈ વર્ષ ૨૦૦૬માં ૯૮ માઇક્રોગ્રામ પ્રતિ ઘનમીટરે થયેલ છે.

- **મત્સ્યોદ્યોગ**
- મત્સ્યોદ્યોગ સદરે વિવિધ યોજનાઓ, કાર્યક્રમોને સુદ્દઢ બનાવવા માટેની જોગવાઇ **રૂા. ૨૫ કરોડ.**
- દક્ષિણ ગુજરાતમાં **ધોલાઇ મત્સ્ય બંદર** વિકસાવવાની કામગીરી પૂર્ણ થવાને આરે છે.
- **ઓખા મત્સ્ય બંદર** વિકસાવવાની કામગીરી હાથ ધરાયેલ છે.
- દરિયાઈ તોફાન જેવાં કે, વાવાઝોડા કે કુદરતી આપત્તિ સમયે માછીમારોની ઓળખ સહેલાઈથી થઇ શકે તે માટે **સ્માર્ટ કાર્ડની યોજના** અમલમાં મૂકવાનું નિયત કરેલ છે.

**રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ**

- કિશોરીઓ માટેનો **યુવા મહોત્સવ** શરૂ કરવાનું આયોજન છે.
- કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે નાના બાળકોમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા રાજયમાં **બાળ મહોત્સવ** શરૂ કરવામાં આવશે.
- વડોદરા ખાતે **બહુહેતુક સાંસ્કૃતિક સંકુલ** ઊભું કરવાનું આયોજન છે.
- અમદાવાદ સ્થિત **રવિશંકર કલાભવનનું** નવીનીકરણ કરાશે.
- રાજયનાં **ઐતિહાસિક શહેરોમાં સંગ્રહાલયો** શરૂ કરવાની યોજના હાથ ધરાયેલ છે.

**સાયન્સ અને ટેકનોલોજી**

મેં અગાઉ જણાવ્યું તેમ **વાયબ્રન્ટ ગુજરાત આઇ.ટી. સમીટે** આઇ.ટી. ક્ષેત્રમાં ગુજરાતને પ્રગતિની મુખ્યધારામાં લાવીને મૂકી દીધું છે જેનો લાભ આવનારા દિવસોમાં ગુજરાતને મળશે.

- કુદરતી આપત્તિ અને જરૂરિયાતના સમયે ઉપયોગી થઇ શકે અને ડેટા પુનઃ મેળવી શકાય તે માટે **ડિઝાસ્ટર રીકવરી સાઇટનું** સર્જન કરવા માટેની જોગવાઇ **રૂા. ૨ કરોડ.**
- **નાગરિક સુવિધા કેન્દ્રિત કોલ સેન્ટરની** સ્થાપના કરવા માટેની જોગવાઇ **રૂા. ૧ કરોડ.**
- સૂરત, રાજકોટ, ભાવનગર અને વડોદરા ખાતે **સોફટવેર ટેકનોલોજી પાર્ક** સ્થાપવા માટેની જોગવાઇ **રૂા. ૪ કરોડ.**
- રાજયમાં જિલ્લાઓને એકબીજા સાથે જી-સ્વાનથી સાંકળી લેવા MESH ટેકનોલોજીનો ઉપયોગ કરવા ડેટા અંગેની જરૂરિયાત પૂર્ણ કરવા **મીની ડેટા સેન્ટર્સ** ઊભાં કરવા માટેની જોગવાઇ **રૂા. ૫ કરોડ.**
- **ઇન્સ્ટિટયૂટ ઓફ સીસ્મોલોજીકલ ભવનના** બાંધકામ માટેની જોગવાઇ **રૂા. ૧ કરોડ.**

**ગૃહ**

- પોલીસ દળને આધુનિક કરવા માટે તેમજ તેને અદ્યતન અને પરિણામલક્ષી શસ્ત્ર સરંજામ પૂરો પાડવા માટે પોલીસ દળ આધુનિકીકરણ યોજનાની જોગવાઇ **રૂા. ૧૩૪. ૯૯ કરોડ.**
- પોલીસ તાલીમ માટેની જોગવાઇ **રૂા. ૨.૧૫ કરોડ.**

- ડેઝર્ટ એરિયા પોલીસીંગ માટેની જોગવાઇ **રૂા. ૨ કરોડ.**
- મેગા સિટી માટેની જોગવાઇ **રૂા. ૧૦ કરોડ.**
- ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકીકરણ માટેની જોગવાઇ **રૂા. ૧૨.૬૦ કરોડ.**
- પોલીસ દળ માટે વિવિધ કક્ષાના ૨૫૦૦ જેટલા રહેણાંકના મકાનો માટેની જોગવાઇ **રૂા. ૧૨૫ કરોડ.**
- વડોદરા ખાતે દંતેશ્વર મુકામે અને સૂરત ખાતે લાજપોર મધ્યસ્થ જેલ બનાવવા માટેની જોગવાઇ **રૂા. ૮ કરોડ.**
- દાહોદ, રાજપીપળા, પાટણ, અંકલેશ્વર, વલસાડ, આણંદ અને ગલપાદર(કચ્છ) ખાતે સબજેલ બનાવવા માટેની જોગવાઇ **રૂા. ૯ કરોડ.**
- રાજયની જેલોની મરામત અને જાળવણી માટેની જોગવાઇ **રૂા. ૮ કરોડ.**

**ન્યાયતંત્રસાંધ્ય**

**કોર્ટની યોજના** દાખલ કરનાર **ગુજરાત પ્રથમ રાજય** છે. વધુ સાંધ્ય કોર્ટની સ્થાપના કરવા માટે કરેલ જોગવાઇ **રૂા. ૧ કરોડ.**

**સમગ્ર દેશમાં** હાઇકોર્ટમાં કોમ્પ્યુટરાઇઝેશન શરૂ કરનાર **ગુજરાત પ્રથમ રાજય** હતું. તમામ અદાલતો, ટ્રીબ્યુનલ તેમજ ચેરિટી કમિશ્નરની કચેરી તથા સરકારી વકીલની કચેરી માટે કોમ્પ્યુટરાઇઝેશન માટેની જોગવાઇ **રૂા. ૨.૭૫ કરોડ.**

- અમદાવાદ ખાતે બે નવી મેટ્રોપોલીટન કોર્ટ સ્થપાશે.
- વાઘોડિયા, ગઢડા, જોડિયા, તલોદ અને હળવદ ખાતે પાંચ સિવિલ જજની કોર્ટ સ્થપાશે.
- સૂરત, વડોદરા અને રાજકોટ ખાતે આઠ ફેમિલી કોર્ટ  સ્થપાશે.
- આ તમામ નવી કોટોર્ માટે કરેલ જોગવાઇ **રૂા. ૨.૬૮ કરોડ.**
- રાજયમાં વિવિધ સ્થળે કોર્ટના નવા મકાનના બાંધકામ, હયાત મકાનના વિસ્તરણ માટેની જોગવાઇ **રૂા. ૨.૮૦ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં નવી કોર્ટના બાંધકામ માટે તથા હયાત મકાનના વિસ્તરણ માટેની જોગવાઇ **રૂા. ૮.૨૯ કરોડ.**

**શ્રમ અને રોજગાર**

શ્રમ અને રોજગાર વિભાગ માટે વર્ષ ૨૦૦૭-૦૮માં **રૂા. ૮૦ કરોડની** જોગવાઇ સૂચવી છે. જે વર્ષ ૨૦૦૬-૦૭ની રૂા. ૬૦ કરોડની જોગવાઇમાં **૩૩ ટકાનો** વધારો સૂચવે છે.

- રાજયમાં જરૂરી માનવ સંસાધન માટે કુલ ૪૫૦૦ બેઠકોની ક્ષમતા સાથે ૧૦ નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા માટેની જોગવાઇ **રૂા.૫.૮૦ કરોડ.**
- નવી ઊભી કરાનાર  ૧૦ આઈ.ટી.આઈ. પૈકી **બે આઈ.ટી.આઈ. મહિલાઓ માટે** ઊભી કરાશે.
- **આદિજાતિ વિસ્તારના** યુવકો રાજયની વિકાસ યાત્રામાં ભાગીદાર બને તે હેતુથી નવી ઊભી કરાનાર ૧૦ આઈ.ટી.આઈ. પૈકી બે **આઈ.ટી.આઈ.** આદિજાતિ વિસ્તારમાં ઊભી કરાશે.
- હયાત ૨૦ આઈ.ટી.આઈ.નું આધુનિકીકરણ કરવા માટેની જોગવાઇ  **રૂા. ૫.૮૦ કરોડ.**
- રાજયમાં વ્યાવસાયિક તાલીમ આપતી ખાનગી સંસ્થાઓની સ્થાપના માટેની કાર્યવાહી ચાલી રહી છે જે થકી બેઠક ક્ષમતામાં વધારો થશે.
- વિકાસયાત્રામાં દિન-પ્રતિદિન મહિલાઓની ભાગીદારી વધી રહી છે એ બાબતને ધ્યાને લેતાં રાજય સરકારે એક નવતર અભિગમ શરૂ કરવાનો નિર્ણય કર્યો અને આ નવતર અભિગમ અંતર્ગત પ્રાયોગિક ધોરણે બે મહાનગરોમાં **મહિલા રોજગાર કચેરીઓનો** આરંભ કરવામાં આવશે.

- એવીએશન ઇન્ડસ્ટ્રીઝને લગતા અભ્યાસક્રમો ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કુબેરનગર ખાતે શરૂ કરવા માટે એર લાઇન્સ ટ્રેનિંગ સેન્ટર અંગે પણ જરૂરી જોગવાઇ સૂચવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી** મને જણાવતા આનંદ થાય છે કે **ભારત સરકાર દ્વારા પ્રકાશિત અહેવાલ મુજબ સમગ્ર દેશમાં** રોજગાર કચેરી દ્વારા આપવામાં આવતી રોજગારીમાં **સતત છેલ્લા ચાર વર્ષથી આપણું રાજય પ્રથમ ક્રમે** રહ્યું છે.

રાજયના અસંગઠિત ક્ષેત્રના કુલ ૧૯૫ લાખ શ્રમિકોના કલ્યાણ અને દેખરેખ માટે એક બોર્ડ રચવાનું નિયત કરાયેલ છે.

અસંગઠિત ક્ષોત્રના અકસ્માતે મૃત્યુ પામેલા શ્રમિકોના વારસદારોને વળતર અને શ્રમિકોને હ્રદય, કિડની, કેન્સર તથા અસાધ્ય અને ગંભીર રોગોની સારવાર માટે ૧૦૦ ટકા તબીબી સહાય માટેની જોગવાઈ **રૂા. ૪.૯૨ કરોડ.**

**નાગરિક પુરવઠો**

વાજબી ભાવની દુકાનોની કામગીરી પર દેખરેખ રાખવા ૧૩,૪૧૪ તકેદારી સમિતિની રચના કરવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં **ગુજરાત** એક એવું **પ્રથમ રાજય** છે કે જેણે વાજબી ભાવની દુકાનના મોડેલનો નૂતન વિચાર રજૂ કર્યો જેમાં વાજબી ભાવની દુકાનમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ ગ્રાહકો માટે ઉપલબ્ધ હોય, જેના વેચાણથી ટર્નઓવર વધતાં દુકાનદારની આર્થિક સક્ષમતામાં પણ વધારો થયો અને સાથોસાથ ગ્રાહકોને પણ સવલત પ્રાપ્ત થઇ છે. વાજબી ભાવની આવી દુકાનો સાચા અર્થમાં **વિલેજ મોલમાં** પરિવર્તિત થઈ છે.

**વાહન વ્યવહાર**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અમદાવાદ તથા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે કોમ્પ્યુટરાઇઝડ શીખાઉ લાયસન્સ આપવાની કામગીરી થાય છે. રાજયની અન્ય પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓમાં આ પ્રોજેકટનો અમલ કરાશે.

- ટ્રાન્સપોર્ટ વાહનોના ફીટનેસની કામગીરી આઈ.ટી.આઈ. તથા બિનસરકારી સંસ્થા મારફત આઉટસોર્સિંગથી કરવાનો નિર્ણય કરેલ છે.
- મોટર વાહન ખાતાની કચેરીઓ અને ચેકપોસ્ટના નવાં મકાનો અને કચેરીઓની સુવિધા વધારવા માટેની જોગવાઇ **રૂા. ૧૮.૬૫ કરોડ.**
- ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવતી બસ સુવિધા વધુ કાર્યક્ષમ બનાવવા માટે રાજય સરકારની મદદથી **સતત ત્રીજા વર્ષે** પણ **નવી ૧૫૦૦ બસો** ખરીદાશે. જે અંગે ફાળવેલ રકમ રૂા. **૨૦૯ કરોડ.**
- ખાનગી ઓપરેટરો પાસેથી ૫૦૦ વાહનો ભાડે લેવાશે.
- બધી જ શીડયુલોમાં ઇલેકટ્રોનિકસ ટિકિટીંગ મશીનની સુવિધા ઉપલબ્ધ કરાશે.
- કેશ અને બુકીંગનું કોમ્પ્યુટરાઇઝેશન ૫૦ ડેપોમાં પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકી રહેતા ૭૬ ડેપોમાં કામ પૂર્ણ કરાશે. જે અંગેની જોગવાઇ રૂા. ૫.૯૭ કરોડ.
- ખાનગી ભાગીદારીથી બસ સ્ટેશન અને ડેપોનું આધુનિકીકરણ કરવાનો પ્રારંભ કરાયેલ છે. ૨૦ બસ સ્ટેશનોનો ચાલુ વર્ષે વિકાસ કરાશે.
- સાત બસ સ્ટેશનો **આંતરરાષ્ટ્રીય કક્ષાના ધોરણે** વિકસાવવાનો નિર્ણય કરેલ છે.
- ઇન્ડિયન ઓઈલ કોપોર્રેશનના સહકારથી નરોડા ખાતે **સેટેલાઇટ બસ સ્ટેશનનું** કાર્ય પ્રગતિમાં છે.

**બંદરો**

મેં અગાઉ જણાવ્યું તે મુજબ **વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭** દરમિયાન દરેક ક્ષેત્રે રોકાણકારોનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો છે. બંદર ક્ષેત્રે ૨૪ યોજનાઓના અંદાજિત **રૂા. ૧૩૦૦૦ કરોડ** કરતાં

વધુ મૂડીરોકાણના સમજૂતી કરાર થયેલ છે. જેના કારણે આવતા વર્ષોમાં રાજયનો આર્થિક વિકાસ થશે તથા નવી રોજગારીની તકો પેદા થશે.

સમગ્ર દેશમાં આવેલ કુલ ૧૪૨ મધ્યમ અને લઘુકક્ષાનાં બંદરો દ્વારા થતી માલ-સામાનની હેરફેર પૈકી ગુજરાતમાં આવેલ આવાં ૪૦ બંદરોનો ફાળો ૮૦ ટકા જેટલો થવા જાય છે.

વર્ષ ૨૦૧૫ સુધીમાં ગુજરાતનાં બંદરો દ્વારા ૪૦૦ મિલિયન મેટ્રીક ટન કાર્ગોની હેરફેર થવાનો અંદાજ છે જે દેશના કુલ કાર્ગોના ૩૯ ટકા જેટલો હિસ્સો થવાની ધારણા છે.

સમગ્ર દેશમાં સૌથી લાંબો દરિયા કાંઠો હોવાના કારણે ગુજરાતમાં SEZ માટે આદર્શ સ્થિતિ છે. સમુદ્ર કિનારો હોવાના કારણે એક તરફ દરિયાઈ પરિવહન બીજી તરફ ગુજરાતનું મજબૂત આંતરમાળખાકીય સગવડોનું ખૂબ જ અસરકારક વ્યવસ્થાપન કે જેમાં એરપોર્ટ, રેલવે અને રોડ નેટવર્ક તેમજ વિશેષમાં દરિયા કિનારે પુષ્કળ પ્રમાણમાં સરકારી પડતર જમીન ઉપલબ્ધ છે તેને કારણે SEZ ના વિકાસમાં જમીન સંપાદનના, સંપ્રાપ્તિના પ્રશ્નો નહિવત છે. આમ, ગુજરાતમાં લાંબો દરિયાકાંઠો અને બંદરોથી નજીક આવેલ SEZ અને બંદરો એમ બન્ને વિકાસ માટે એકબીજાના પૂરક છે.

સમગ્ર દેશમાં સૌ પ્રથમ ખાનગી બંદર આપણે વિકસાવી શકયા છીએ. આપણે હાલમાં નવાં સ્થળોએ બીજા ૧૦ બંદરોનો વિકાસ કરી રહ્યા છીએ. ખાનગીક્ષેત્રના સહયોગથી આપણાં બંદરોને રેલ તથા માર્ગ વ્યવસ્થા થકી સાંકળી રહ્યા છીએ.

ભાવિદર્શક માળખાકીય વિકાસમાં બંદરો તથા આસપાસના વિસ્તારોમાં કોલ્ડ સ્ટોરેજ, શીપ બિલ્ડીંગ યાર્ડ, શીપ રીપેરિંગ તથા ઇન્ટર પોર્ટ પરિવહન વ્યવસ્થાનો સમાવેશ થાય છે જેને કારણે ઉત્પાદન સુવિધામાં વધારો થવાથી આંતરરાષ્ટ્રીય વેપારમાં વિશેષ પ્રમાણમાં વૃદ્ધિ થશે. આમ, ગુજરાતમાં **પ્રોડકશન ટુ પોર્ટની** વિભાવના તેના ખરા અર્થમાં મૂર્તિમંત થશે.

- વર્ષ ૨૦૦૭-૦૮માં બંદર ક્ષેત્રે **રૂા. ૨૮૩૭ કરોડનું** ખાનગી મૂડીરોકાણ થનાર છે.
- વર્ષ ૨૦૦૭-૦૮માં ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા હયાત બંદરો ઉપર અંદાજિત **રૂા. ૭૫ કરોડના** ખર્ચથી વિકાસની યોજનાઓ હાથ ધરવાનું આયોજન કરાયેલ છે.
- વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન **૧૨૫ મિલિયન મેટ્રીક ટન ટ્રાફિકની** હેરફેર થવાની ધારણા છે.

**રેકર્ડ ઓફ રાઇટસનું કોમ્પ્યુટરાઇઝેશન**

**ઇ- ધરા પ્રોજેકટ** અન્વયે બે અગત્યના હક્ક પત્રકો ૭/૧૨ અને ૮-અ સફળતાપૂર્વક કોમ્પ્યુટરાઇઝ કર્યા છે અને તા. ૧-૪-૨૦૦૫થી ઓનલાઇન મ્યુટેશનની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. જેનાથી હક્ક પત્રકની નોંધો કોમ્પ્યુટરથી નિયંત્રિત થઇ છે. તે જ રીતે ગામ નમૂના નં. ૬ના સ્કેનીંગ અને કોમ્પ્યુટરાઇઝેશનની કામગીરી હાથ ધરાનાર છે. શ્રેષ્ઠ સર્વિસ ડિલીવરી માટે **વિશ્વ પ્રસિદ્ધ માઇક્રોસોફટ-૨૦૦૬** એવોર્ડ તથા **શ્રેષ્ઠ ઇ- ગવર્નન્સ પ્રોજેકટ** અમલીકરણ માટે **કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા- ૨૦૦૬નો બીજા ક્રમનો નામાંકિત એવોર્ડ ઇ-ધરા પ્રોજેકટને** મળ્યો છે જે **ગૌરવની** બાબત છે.

નાગરિકો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને અદ્યતન અને ડિઝિટાઇઝડ રેકર્ડ મળવાથી વહીવટી, કાયદાકીય અને નાણાકીય ફાયદાઓ થનાર છે. મહેસૂલી સિટી સર્વે રેકર્ડ કોમ્પ્યુટરાઇઝડ કરવા આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂા. ૫ કરોડ.**

મામલતદાર કચેરી તથા પ્રાંત કચેરીઓના નિર્માણ તથા આધુનિકીકરણ માટે **સૌ પ્રથમવાર** ઇન્ફ્રાસ્ટ્રકચર માટેની જોગવાઇ **રૂા. ૨૦ કરોડ.**

**સ્ટેમ્પ**

- દસ્તાવેજ નોંધણીની કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા માટે સાત મહાનગરપાલિકાની ૨૫ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી કોમ્પ્યુટરાઇઝેશન દ્વારા શરૂ કરાયેલ છે.
- રાજયની અન્ય ૧૨૪ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં કોમ્પ્યુટરાઇઝેશનની કામગીરી પૂર્ણ થવાના આખરી તબક્કામાં છે.

- વેચાણની સુવિધા સરળ અને ઝડપી થાય તે માટે તાલુકા કક્ષાએ તથા નાનાં ગામોમાં આવેલ પોસ્ટ ઓફીસ મારફત નોન પોસ્ટલ સ્ટેમ્પના વેચાણ માટે લાયસન્સ આપવામાં આવ્યા છે. આ કામગીરી ૧૬૧ પોસ્ટ ઓફીસો દ્વારા હાથ ધરાશે.
- નાગરિકોને સ્ટેમ્પ ડયૂટી ભરવામાં સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુ અર્થે ઇ- **સ્ટેમ્પિંગ પદ્ધતિ** અમલમાં મુકાયેલ છે.
- **આપત્તિ વ્યવસ્થાપન**
- ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ થયેલ વિનાશક ભૂકંપમાં મૃત્યુ પામેલા લોકોની સ્મૃતિ અર્થે **ભૂજ ખાતે સ્મૃતિવન સ્મારકનું નિર્માણ** કરવા આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂ. ૪.૮૦ કરોડ.**
- આપત્તિ વ્યવસ્થાપનને વિકાસલક્ષી આયોજનના પ્રયાસ સાથે સાંકળવા **રાજય આપત્તિશમન ભંડોળ** માટેની જોગવાઇ **રૂ. ૧૦ કરોડ.**
- ભૂકંપ સંબંધી પ્રાકૃતિક હિલચાલ કે અભ્યાસ સમજવા તથા દેખરેખ રાખવા **ઇન્સ્ટિટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રિસર્ચ** સ્થાપવા જમીનની ફાળવણી કરવામાં આવી છે. જેના કોર્પસ ફંડ તરીકેની જોગવાઇ રૂા. ૮ **કરોડ.**
- આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે અદ્યતન તાલીમ આપવા **ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા** કાર્યરત કરવામાં આવેલ છે. આ સંસ્થા માટેની જોગવાઇ **રૂા. ૮ કરોડ.**
- શાળાઓમાં આપત્તિ સંબંધી સલામતી માટેની સમજમાં વધારો કરવા તથા માળખાગત અને બિનમાળખાગત સુધારા દ્વારા જોખમો ઘટાડવા અન્ય વિષયોની જેમ પ્રયાસો કરવામાં આવ્યા છે. **શાળા સલામતી માટે તાલીમ કાર્યક્રમ** માટેની જોગવાઇ **રૂા. ૧ કરોડ.**

**૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૫૦મી જયંતી**

**માનનીય અધ્યક્ષશ્રી,** આપણે આજે ગૌરવભેર આ સન્માનનીય સભાગૃહમાં બેસીને આપણા રાજયનું ભવિષ્ય નિર્ધારિત કરી શકીએ તે માટે દેશપ્રેમીઓએ શહાદત વહોરી છે. બલિદાનો આપ્યા છે. આપણો ભારત દેશ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની ૧૫૦મી જયંતી ઉજવી રહ્યો છે ત્યારે આ સન્માનનીય સભાગૃહ અને રાજય ઇતિહાસની આ મહાન પળનો આવનારી પેઢીને પરિચય કરાવવાની જવાબદારી સમજે તે હેતુથી **૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની** ૧૫૦મી જયંતી રાજયભરમાં ઉજવાય તે અમારી નેમ છે. આ હેતુ અર્થે રૂા. ૨૦ લાખની પ્રાથમિક જોગવાઇ સૂચવી છે.

**ક્રાંતિતીર્થ  મહાન ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્મા** જેમણે દેશ બહાર રહી સ્વાતંત્ર્યની લડાઈ ચાલુ રાખી એવા ગુજરાતના સપૂતની યાદમાં **ક્રાંતિતીર્થ** બનાવવાનું રાજય સરકારે નકકી કરેલ છે. જે માટે રૂા. ૫ લાખની પ્રાથમિક જોગવાઇ સૂચવી છે.

**ગુજરાત સુવર્ણ જયંતી મહોત્સવ-૨૦૧૦**

**માનનીય અધ્યક્ષશ્રી,** મારે ગૌરવભેર એ વાતનો ઉલ્લેખ કરવો છે કે ૨૦૧૦માં ગુજરાતને ૫૦ વર્ષ થાય છે. ગુજરાતના ઇતિહાસના ઘડતરની આ અમૂલ્ય તક છે. સમગ્ર રાજયમાં વિકાસને અને સુવર્ણ જયંતીને જોડવાનો અમારો અભિગમ છે અને તેથી **૨૦૧૦ના ગોલ્ડન ગોલ્સ** નિર્ધારિત કરીને વિકાસના પ્રત્યેક ક્ષેત્રમાં ગુજરાત હરણફાળ ભરે તે દિશામાં આગળ વધવું છે. **સુવર્ણ જયંતી** વર્ષ સરકારનું નહીં પણ જનસામાન્યનું બની રહે તેવા અભિગમ સાથે આગળ વધવા માટે આ સભાગૃહના સૌ માનનીય સભાસદોનાં સૂચનો ઉપકારક બની રહેશે.

અમે આ બજેટ દ્વારા સુવર્ણજંયતીની ઉજવણીને આગળ વધારવા અને સમયબદ્ધ સંશોધનો, દસ્તાવેજીકરણ તથા અનેક કીર્તિમાનોથી દેદીપ્યમાન ગુજરાતની યશગાથા લખવા માંગીએ છીએ. **સુવર્ણ જયંતી** માટે **રૂા. ૧ કરોડની** જોગવાઇ સૂચવી છે.

**રાજવિત્તીય વ્યવસ્થાપન**

આપણું રાજય, ભૂકંપ, વાવાઝોડું, અતિશય ભારે વરસાદ અને છેલ્લે સુરતમાં આવેલ ભારે પૂર જેવી મોટી કુદરતી આપત્તિઓનો છેલ્લાં કેટલાક વર્ષોથી સામનો કરી રહેલ છે. નાણાકીય લક્ષ્યાંકો હાંસલ કરવાની આડે

આવતા આ અંતરાયો પાર કરવા માટે આપણે વધુ કૃતનિશ્ચયી બન્યા છીએ. વિત્તીય શસ્તનું પાલન કરવાનું ચાલુ રાખીને હવે અમે નાણાકીય સુદ્દઢતાના તબકકા તરફ જઇ રહ્યા છીએ. કરવેરાની વધુ વસૂલાત થઇ હોવા છતાં, કરકસરનાં પગલાં અને સુદ્દઢ નાણાકીય વ્યવસ્થાપન દ્વારા, આપણે મહેસૂલી ખર્ચને નિયંત્રણમાં રાખી રહ્યા છીએ.

વર્ષ ૨૦૦૧-૦૨માં મહેસૂલી આવક **રૂા.૧૫,૯૮૬ કરોડ** હતી, તે વર્ષ ૨૦૦૬-૦૭ માં **રૂા.૩૦,૪૬૦ કરોડ** થવાની ધારણા છે, જેમાં મુખ્ય હિસ્સો મૂલ્યવર્ધિત કરનો છે. આ વર્ષે અમે મૂલ્યવર્ધિત કર તંત્રને વધુ સરળ અને કાર્યસાધક બનાવવા ઇચ્છીએ છીએ. વર્ષ ૨૦૦૧-૦૨ ના **રૂા.૨૨,૭૧૮ કરોડના** મહેસૂલી ખર્ચ સામે વર્ષ ૨૦૦૬-૦૭ માં સુધારેલ મહેસૂલી ખર્ચ રૂા.૨૮,૬૫૭ કરોડ થવાનો સંભવ છે. મહેસૂલી ખર્ચમાં ફક્ત ૪.૭૫ ટકાનો વધારો અને મહેસુલી આવકમાં ૧૩.૭૬ ટકા જેટલો વધારો જોતાં એ સ્પષ્ટ થશે કે રાજય સરકાર ખર્ચને નિયંત્રણમાં રાખી રહી છે જેના કારણે આ વર્ષે મહેસૂલી પુરાંત **રૂા.૧૮૦૩ કરોડ** થવાની ધારણા છે.

રાજય સરકાર દ્વારા નાણાંના સુદ્દઢ વહીવટને પરિણામે આ નાણાકીય વર્ષમાં પણ ભારતીય રીઝર્વ બેંક પાસેથી સાધનોપાય પેશગી અથવા ઓવર ડ્રાફટનો સહારો લેવો પડયો નથી.

ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માં (જી.એફ.આર. એકટ-૨૦૦૫) નકકી કરેલ રાજવિત્તીય લક્ષ્યાંકોની પૂર્તતાને પરિણામે, ૨૦૦૫-૦૬ ના વર્ષ માટેની નાણાકીય ખાધ જે **રૂા. ૩૯૯ કરોડ** હતી, તેને બદલે વર્ષ ૨૦૦૬-૦૭ માં **રૂા. ૧૮૦૩ કરોડની** મહેસૂલી પુરાંત થવાની ધારણા છે. જયારે વર્ષ ૨૦૦૭-૦૮ માં મહેસૂલી પુરાંત **રૂા.૧૬૫૧ કરોડ** થવાની ધારણા છે. ૨૦૦૬-૦૭ ના વર્ષમાં, તેના અગાઉના વર્ષની તુલનામાં વાર્ષિક યોજનાનું કદ ૧૩.૬ ટકા જેટલું વધુ હોવા છતાં, વર્ષ ૨૦૦૫-૦૬ માટેની **રૂા.૬૨૭૦ કરોડની** વિત્તીય ખાધ વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન **રૂા.૬૧૬૫ કરોડ** સુધી નિયંત્રિત કરી શકાઈ છે.

રાજયના વિશાળ હિતમાં સરદાર સરોવર પરિયોજના અને અન્ય સેકટરોનાં કામો પૂર્ણ કરવા માટે મોટા મૂડીરોકાણો સાથે ઝડપી વિકાસનો માર્ગ પસંદ કર્યો છે. આમ છતાં, આપણું દેવું જી.એફ.આર. એકટ-૨૦૦૫ના માર્ગદર્શક સિદ્ધાંતોની મર્યાદામાં રહેશે. રાજયના વિકાસ માટે ઝડપી વૃદ્ધિ અને એના માટે સ્ત્રોત પણ એટલાં જ જરૂરી છે. રાજયના સર્વાંગી વિકાસ માટે આ સંસાધનોનો ઉચિત અને કાર્યક્ષમ ઉપયોગ કરવાની રાજય સરકારની વ્યુહરચના છે.

**૨૦૦૫-૦૬ નો હિસાબ**

હવે હું ૨૦૦૫-૦૬ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂા.૫૬૫.૦૧ કરોડની પુરાંત રહેશે, તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પરંતુ ૨૦૦૫-૦૬ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂા.૮૭.૬૧ કરોડની પુરાંત દર્શાવે છે.

(રૂા.કરોડમાં))

| | | **૨૦૦૫-૦૬ના સુધારેલા અંદાજ** | **૨૦૦૫-૦૬નો હિસાબ** |
|---|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૨,૫૧,૨૮.૫૪ | ૨,૫૦,૬૬.૮૭ |
| | મહેસૂલી ખર્ચ | ૨,૫૪,૬૩.૧૩ | ૨,૫૪,૬૫.૪૯ |
| | મહેસૂલી હિસાબ પર ખાધ/ પુરાંત | (-) ૩,૩૪.૫૯ | (-) ૩,૯૮.૬૨ |
| | મૂડી આવક | ૧,૦૮,૦૫.૯૫ | ૧,૨૪,૫૪.૮૧ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૯૭,૫૬.૩૫ | ૮૭,૯૧.૨૮ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (+) ૧૦,૪૯.૬૦ | (+) ૩૬,૬૩.૫૩ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (+) ૭,૧૫.૦૧ | (+) ૩૨,૬૪.૯૧ |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- | (-) ૬૮.૮૫ |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (-) ૧,૫૦.૦૦ | (-) ૩૧,૦૮.૪૫ |
| (૪) | **સરવાળો ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨ +૩)** | (+) ૫,૬૫.૦૧ | (+) ૮૭.૬૧ |

**૨૦૦૬-૦૭ નાસુધારેલા અંદાજ**

વર્ષ ૨૦૦૬-૦૭ના અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે પુરાંત રૂા.૨૭.૦૬ કરોડની થવાની ધારણા હતી, પરંતુ વર્ષના અંતે સુધારેલા અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે રૂા.૧૫૩.૭૩ કરોડની પુરાંત રહેવાની ધારણા છે.

**(રૂા.કરોડમાં)**

| | | **૨૦૦૬-૦૭ના અંદાજ** | **૨૦૦૬-૦૭ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૨,૬૨,૮૧.૮૫ | ૩,૦૪,૫૯.૯૨ |
| | મહેસૂલી ખર્ચ | ૨,૬૨,૭૫.૫૫ | ૨,૮૬,૫૭.૦૭ |
| | મહેસૂલી હિસાબ પર ખાધ/ પુરાંત | (+) ૬.૩૦ | (+) ૧૮,૦૨.૮૫ |
| | મૂડી આવક | ૧,૦૮,૪૯.૩૨ | ૮૮,૮૨.૨૬ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧,૦૪,૭૮.૫૬ | ૧,૦૧,૮૧.૩૮ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (+) ૩,૭૦.૭૬ | (-) ૧૨,૯૯.૧૨ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (+) ૩,૭૭.૦૬ | (+) ૫,૦૩.૭૩ |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- | -- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (-) ૩,૫૦.૦૦ | (-) ૩,૫૦.૦૦ |
| (૪) | **સરવાળો ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨ +૩)** | (+) ૨૭.૦૬ | (+) ૧,૫૩.૭૩ |

**૨૦૦૭-૨૦૦૮ નો અંદાજ**

૨૦૦૭-૨૦૦૮ ના અંદાજ નીચે પ્રમાણે રૂા.૩,૨૯.૫૮ કરોડની એકંદર પુરાંત દર્શાવે છે.

(રૂા.કરોડમાં)

| | | **૨૦૦૭-૨૦૦૮ ના અંદાજ** |
|---|---|---|
| (૧) | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૩,૨૯,૬૪.૨૨ |
| | મહેસૂલી ખર્ચ | ૩,૧૩,૧૩.૩૬ |
| | મહેસૂલી હિસાબ પર ખાધ/ પુરાંત | (+) ૧૬,૫૦.૮૬ |
| | મૂડી આવક | ૧,૦૩,૯૪.૧૨ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧,૧૪,૪૦.૪૦ |
| | મૂડી હિસાબ પર ખાધ / પુરાંત | (-) ૧૦,૪૬.૨૮ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | (+) ૬,૦૪.૫૮ |
| (૨) | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | -- |
| (૩) | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | (-) ૨,૭૫.૦૦ |
| (૪) | **સરવાળો ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨ +૩)** | (+) ૩,૨૯.૫૮ |

હવે હું મારા પ્રવચનનો ભાગ- ખ રજૂ કરીશ.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની વિગતો પૂરેપૂરી રજૂ થઈ જાય, ત્યાં સુધી સમયની અવધિ લંબાવવા માટે વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : અંદાજપત્રની રજૂઆત પૂરી થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: સ્વાભાવિક વિવેક છે, એ પણ ચૂકીશું ? સ્વાભાવિક વિવેક પણ નહીં રાખવાનો?

**અધ્યક્ષશ્રી** : આમાં એવી બાબત નથી એટલે. એ તો સ્વાભાવિક છે કે અંદાજપત્ર પૂરું થાય ત્યાં સુધી લંબાવવાનું હોય. આમાં કોઈ વિવાદાસ્પદ બાબત નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: આવતીકાલ ઉપર જાય, પરમિશન ન મળે તો. આ પ્રકારે ન ચલાવી શકાય, સાહેબ.

**અધ્યક્ષશ્રી** : તમે આવી નાની નાની વાતમાં પણ વિરોધ કરો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ નાની વાત નથી, ગૃહનો સમય વધારવાની વાત છે અને એમાં અમારી સંમતિ જરૂરી છે.

**અધ્યક્ષશ્રી** : જયારે વિવાદાસ્પદ હોય ત્યારે પૂછાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે ના પાડતા જ નથી, પરંતુ વિવેક તો હોય જ ને?

**અધ્યક્ષશ્રી** : આમાં વિવેકની વાત જ નથી, સીધી જ વાત છે. એમાં કોઈ વિવાદ હોય તો ચોકકસ પૂછવાનું થાય, પરંતુ એવો કોઈ વિવાદ જ નથી. માનનીય વજુભાઈ, આપ આગળ પ્રવચન વાંચો.

**શ્રી દોલતભાઈ પરમાર** : આમાં પછી ખોટી પધ્ધતિ પડે.

**અધ્યક્ષશ્રી** : અધ્યક્ષશ્રી, કાંઈ ના પડે, ચાલો, વજુભાઈ, આગળ પ્રવચન વાંચો..

**શ્રી વજુભાઈ વાળા** : હોય, દોલતભાઈ, કાંઈ વાંધો નહીં. હવે હું અંદાજપત્ર પ્રવચન ભાગ- ખ રજૂ કરીશ. આદરણીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂપિયા ૩૨૯.૫૮ કરોડની રહેશે.

એક તરફ વધતો જતો ફુગાવાનો દર, બીજી તરફ બદલાતા જતાં જીવન ધોરણો અને આવી વિષમ પરિસ્થિતિમાં સામાન્ય નાગરિક ઉપર કરવેરાનું ભારણ પણ ન વધે અને વિકાસની દિશા અને ગતિ આગળ ધપતી રહે તથા તે માટે પૂરતા સંસાધન મળી રહે, એ કામ નાનું સૂનું નથી. રાજય સરકારનો અનુભવ છે કે, નાગરિકોને વિશ્વાસમાં લઈને, રાજયના ભલા માટે પ્રજાની ભાગીદારીને પ્રોત્સાહન આપીએ તો ધાર્યાં પરિણામ મેળવી શકાય છે. આ ઉમદા હેતુને કારણે કરવેરાના દરમાં ગત પાંચ વર્ષથી નિરંતર ઘટાડો કરતા રહયા છતાંય, વેરાકીય આવકો જળવાઈ રહી. સુશાસનની એક મહત્વપૂર્ણ ઓળખ એ છે કે, તેની બધી જ વ્યવસ્થાઓમાં તર્કસંગતતા હોય, સરળતા હોય અને પારદર્શિતા હોય. સમય સમય પર અપનાવાયેલી, વિકસાવેલી, કરપ્રથાઓને કારણે હંમેશાં ગુંચવાડાઓમાં ઉમેરા જ થતા જતા હતા. સામાન્ય માનવીની અવઢવ ઓછી કરવા, કરમાળખાના સરળીકરણનું ભગીરથ કામ આ સરકારે ઉપાડયું છે અને તેમાં મહદઅંશે આપણે સફળ રહયાં છીએ. આ સુધારા પ્રજાકીય હોવાના કારણે લોકો કરવેરા ભરવા પ્રેરાયા છે. ભૂતકાળમાં કર આપતી વખતે સામાન્ય માનવીને વેરો ચૂકવવાનો ભાર હતો. આજે વિકાસમાં ભાગીદાર થવાનો આનંદ થાય છે. લોકોના આવા સુખદ, સાનુકૂળ અને પ્રોત્સાહક સહકારથી પ્રેરાઈને આ સરકાર સામાન્ય માનવીની આર્થિક સધ્ધરતા ખાતર આ પ્રગતિશીલ અભિગમને ઉત્તરોત્તર વધુને વધુ વેગ આપવા માંગે છે. કાળજીપૂર્વક લીધેલા એક પછી એક આ પગલાંઓને પરિણામે, રાજયના અર્થતંત્ર ઉપર ભૂતકાળમાં કયારેય ન પડી હોય તેવી સારી અસર પેદા થઈ છે. અર્થતંત્ર મજબૂત બન્યું છે, અર્થતંત્ર ગતિશીલ બન્યું છે, અર્થતંત્ર સામાન્ય માનવીને પોષક અને પૂરક બન્યું છે અને રાજયની આર્થિક સધ્ધરતાને અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચાડયું છે.

ગુજરાતના અર્થતંત્રને વધુ વેગ મળે તેવા અભિગમ સાથે હવે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટેના કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.

**વીજકર**

રાજયના વીજકર દરનું માળખું સરળ, તર્કસંગત અને સ્પર્ધાત્મક બને તેવો રાજય સરકારનો અભિગમ રહેલો છે. **માનનીય અધ્યક્ષશ્રી,** આ અભિગમ અનુસાર અમારી સરકારે, ગુજરાતની પ્રજા પાસેથી ૧૮ વર્ષથી વસૂલ કરવામાં આવતો વીજળી ઉપરનો વેચાણવેરો રદ કર્યો છે, તેમજ ૨૨ વર્ષથી સિંચાઈના હેતુ માટે વાપરવામાં આવતી વીજળી ઉપર ખેડૂતો પાસેથી લેવામાં આવતી ડયુટી રદ કરેલ છે. છેલ્લાં ચાર વર્ષમાં વીજકર દરના માળખાને સરળ અને તર્કસંગત બનાવી અમારી સરકારે રાજયના પ્રજાજનોને માત્ર વીજકરમાં જ **રૂપિયા ૭૫૦ કરોડની** માતબર રાહત આપેલ છે. ગુજરાતની પ્રજાને રાહત આપવાની આ પરંપરાને ચાલુ રાખી વીજકરમાં વધુ રાહતો આપવાની દરખાસ્ત કરું છું.

**ગ્રામ્યવિસ્તારનાં રહેણાંક, માન્ય શિક્ષણ સંસ્થાઓ તેમજ છાત્રાલયોને રાહત**

ગ્રામ્ય વિસ્તારમાં આવેલ રહેણાંક, માન્ય શિક્ષણસંસ્થાઓ તેમજ છાત્રાલયો માટેનો હાલનો વીજકર દર ૧૫ ટકા છે. ગ્રામ્ય વિસ્તારના ગરીબ અને છેવાડાના લોકોને રાહત મળે તેમજ શૈક્ષણિક પ્રવૃતિને વેગ મળે તે હેતુથી હાલનો દર **૧૫ ટકાથી ઘટાડી ૧૦ ટકા** કરવાની દરખાસ્ત કરું છું.આ ઘટાડાથી લગભગ **૧૩ લાખ ગ્રાહકોને** રાહત મળશે.

**શહેરી વિસ્તારના રહેણાંક અને માન્ય શિક્ષણ સંસ્થાઓને**

**રાહત** **શહેરી** વિસ્તારમાં આવેલ રહેણાંક તથા માન્ય શિક્ષણ સંસ્થાઓ માટે હાલમાં ૪૦ યુનીટથી વધુ વપરાશ માટે ૩૦ ટકાનો દર છે, **જેમાં ઘટાડો કરીને ૨૦ ટકાનો** દર કરવાની દરખાસ્ત કરું છું. આમ શહેરી વિસ્તારના રહેણાંક અને શિક્ષણ સંસ્થાઓ માટે હવે એક જ દર રહેશે.

આ ઘટાડાથી શહેરી વિસ્તારમાં રહેતાં સામાન્ય અને મધ્યમ વર્ગને તેમજ માન્ય શિક્ષણ સંસ્થાઓના **૬૯ લાખ ગ્રાહકોને** રાહત મળશે.

ગ્રામ્ય વિસ્તારના ૧૩ લાખ ગ્રાહકોને અને શહેરી વિસ્તારના ૬૯ લાખ ગ્રાહકોને, એમ કુલ ૮૨ લાખ ગ્રાહકોને **રૂપિયા ૧૫૯ કરોડની** મોટી રાહત મળશે.

ગુજરાતમાં અંદાજે ૧ કરોડ કુટુંબો છે. તેમાંથી ૮૨ લાખ વપરાશકારોને સીધી રાહત મળતી હોવાના કારણે **રાજયના ૮૦ ટકા કરતા વધારે** પ્રજાજનોને એક સાથે આટલો મોટો લાભ મળતો હોય તેવી આ મહત્ત્વપૂર્ણ ઘટના છે.

**રેસીડયુઅરી કક્ષાના ગ્રાહકો**

રેસીડયુઅરી કક્ષાના વપરાશકારોમાં ખાસ કરીને નાના દુકાનદારો, સ્વરોજગારી મેળવતા નાના ધંધાર્થીઓ જેવા કે, શાકભાજીની દુકાનો,ઝેરોક્ષ મશીન ચલાવનાર, એસ.ટી.ડી. પી.સી.ઓ. ચલાવનાર, દરજી કામ કરનાર, વાળંદની દુકાન, ધોબી, પાનના ગલ્લા, કરિયાણા, કટલરી પ્રોવિઝન સ્ટોર, સ્ટેશનરી, રમકડાં, હોઝીયરી, બુકસ્ટોલ, દૂધની બનાવટની નાની દુકાનો, સાયબર કાફે,ઈન્ટરનેટ સર્વિસ આપનાર, ટી.વી. ચેનલ સર્વિસ આપનાર, સંશોધન સંસ્થાઓ,પેટ્રોલ પંપ, ગેસ સ્ટેશનો, રીફીલીંગ પ્લાન્ટ, ફરસાણની દુકાનો, પાણીની પરબો, પેથોલોજી લેબોરેટરી, ગોડાઉન, ખાનગી બ્લડ બેન્કો, દવાખાનાઓ, ખાનગી હોસ્પિટલો, ખાનગી લાઈબ્રેરી, સ્મશાનગૃહો, ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ જેવા અનેક વીજ વપરાશકારો, જેઓની સંખ્યા લગભગ ૧૩ લાખ જેટલી થવા જાય છે, તેમનો સમાવેશ થાય છે.

આ કક્ષાના વીજ વપરાશકારોનો વીજકર દર વર્ષોથી ૬૦ ટકા હતો. અમારી સરકારે આ કેટેગરીના લોકોની વિશેષ ચિંતા કરીને છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન આ દર ૬૦ ટકાથી ક્રમશઃ ઘટાડીને ૩૦ ટકા કર્યો હતો. આ દરમાં હજી પણ **વધુ ઘટાડો કરી ૨૫ ટકા** કરવાની મારી દરખાસ્ત છે.

આ ઘટાડાને પરિણામે રેસીડયુઅરી કક્ષાના લગભગ **૧૩ લાખ ગ્રાહકોને અંદાજે રૂપિયા ૫૩ કરોડની** રાહત મળશે.

**હૉલ,પ્રેક્ષકગૃહ, સિનેમાઘર તથા હોટલ અને રેસ્ટોરન્ટ**

મનોરંજન અને પ્રવાસન જેવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુથી હૉલ, પ્રેક્ષકગૃહ, સિનેમાઘર તથા હોટલ અને રેસ્ટોરન્ટ એ બંને કેટેગરીને લાગુ પડતા **૩૦ ટકાના દરમાં ઘટાડો કરી ૨૫ ટકા** કરવાની મારી દરખાસ્ત છે. આ ઘટાડાથી આ બંને કેટેગરીના કુલ લગભગ **૧૮ હજાર ગ્રાહકોને અંદાજિત રૂપિયા ૧૧ કરોડ** જેટલી રાહત પ્રાપ્ત થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,** વિવિધ કેટેગરીના વીજકર દરમાં ઘટાડો કરવાની ઉપરોકત દરખાસ્તોથી લગભગ **૯૫ લાખ વીજ વપરાશકારોને અંદાજે રૂપિયા ૨૨૩ કરોડની** રાહત મળશે. આમ, અમારી સરકારે છેલ્લાં પાંચ વર્ષના ગાળામાં માત્ર વીજકરને લગતી અંદાજિત **રૂપિયા ૯૭૩ કરોડની** માતબર રાહત રાજયની પ્રજાને આપી છે.

**મોટર વાહન વેરો**

**મોટર** વાહન વેરાનું હાલનું માળખું રાજયના સ્થાપના કાળથી અસ્તિત્વમાં છે. આ વેરો, વાહન કયા ઈંધણથી ચાલે છે તેના પ્રકાર મુજબ, વાહનની કિંમત મુજબ, વાહનના વજન મુજબ અથવા વાહનની બેઠક

ક્ષમતાના આધારે લેવામાં આવે છે. આમ, ૨૧ જેટલા વિવિધ પ્રકારના અને જુદા જુદા વર્ગનાં મોટર વાહનો માટે હાલમાં વેરાના ૬૭ જેટલા જુદા જુદા દરો અને જુદી જુદી પધ્ધતિઓ અમલમાં છે. જેના પરિણામે, અનેક વહીવટી અને વસૂલાતના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

મોટર વાહન વેરાના આ જટિલ માળખાને સરળ, પારદર્શક, તર્કસંગત બનાવવા તથા વેરો ભરવામાં સરળતા રહે તેવા હેતુઓથી તેમાં અગત્યના ફેરફારો કરવાનો સરકારે વિચાર કર્યો છે. મોટર વાહન વેરાના માળખાને હવે નવેસરથી બનાવતી વખતે ઈંધણ આધારિત વર્ગીકરણ દૂર કરવાનું, વાહનની વેચાણ કિંમત ઉપર વેરો લેવાનું, તેમજ વજન અથવા બેઠકોની ક્ષમતા આધારિત પધ્ધતિને વધુ સરળ બનાવવાનું વિચારવામાં આવ્યું છે. ઉપરાંત, કેટલીક વધારાની કેટેગરીનાં વાહનો ઉપર ઉચ્ચક કરનો વિકલ્પ આપવાનું પણ વિચારવામાં આવ્યું છે.

મોટરવાહન વેરાના કર માળખામાં આ મુજબ કરવામાં આવનાર સુધારાઓને કારણે, હાલના ૬૭ જેટલા વેરાના દરો ઘટીને ફકત ૧૮ દરો થશે, જેથી મોટરવાહન વેરાના માળખાનું સરળીકરણ થશે. આ સુધારાઓને કારણે તથા કેટલીક કેટેગરીનાં વાહનો ઉપર ઉચ્ચક કરનો વિકલ્પ આપતા હોવાના કારણે, એક અંદાજ પ્રમાણે, મોટરવાહન વેરાની આવક-જાવકમાં ખાસ કોઈ ફરક પડશે નહિ.

મોટરવાહન વેરાના માળખામાં સરળીકરણ કરતું બિલ વિધાનસભાના ચાલુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

**સ્ટેમ્પ ડયુટી**

રાજયનો સ્ટેમ્પ ડયુટીનો દર વધુ આકર્ષક અને પ્રોત્સાહક બને કે જેથી પ્રજાજનો પરનો વેરાનો બોજો ઓછો થાય તેવા હેતુથી અમારી સરકારે, સ્ટેમ્પ ડયુટીના માળખાને ખૂબ સરળ અને તર્કસંગત બનાવવાનો સતત પ્રયાસ કર્યો છે. સ્ટેમ્પ ડયુટીનું કુલ ભારણ વર્ષ ૨૦૦૨-૨૦૦૩ સુધી મહત્તમ ધોરણે ૧૪.૮૦ ટકા જેટલું હતું. તેમાં અમારી સરકાર સતત ઘટાડો કરતા રહી, આ ભારણ ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષ દરમ્યાન ફકત ૫.૯૫ ટકાના સ્તરે લઈ આવી હતી.

ગુજરાત ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધી રહયું છે. ગરીબ અને મધ્યમ વર્ગના માનવીને પોતાનું ઘર બનાવવાનું સપનું હોય છે. સામાન્ય માનવી માટે, પોતાનું ઘર બનાવવાનું શકય બને, સરળ બને અને તેને પ્રોત્સાહન મળે તે હેતુથી સ્ટેમ્પ ડયુટીના હાલના એકત્રિત ૫.૯૫ ટકાના દરમાં હજી પણ વધુ ઘટાડો કરી **એકત્રિત દર ૪.૯ ટકા** કરવાની મારી દરખાસ્ત છે. સૂચિત ઘટાડાને પરિણામે રાજયની ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજાને અંદાજિત **રૂપિયા ૧૨૬ કરોડની** જંગી રાહત પ્રાપ્ત થશે.

**નોંધણી ફીમાં રાહત**

સ્થાવર મિલકતોની તબદીલીના દસ્તાવેજોની નોંધણી ફીનું હાલનું ભારણ, અવેજની રકમના ૧.૫ ટકા છે; તેમાં ઘટાડો કરી અવેજની રકમનો **૧ ટકો** કરવાની મારી દરખાસ્ત છે. સૂચિત ઘટાડાને પરિણામે રાજયની પ્રજાને અંદાજિત **રૂપિયા ૪૭ કરોડની** રાહત પ્રાપ્ત થશે.

**મનોરંજન કર**

મનોરંજન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી અમારી સરકારે મનોરંજન કરના દરને ૫૦ ટકાથી ઘટાડીને ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યાન ફકત ૨૫ ટકા કરેલ છે. સિનેમા પ્રદર્શન વ્યવસાયને પ્રોત્સાહન મળે તે હેતુથી તેમજ પ્રેક્ષકોને વધુ સારી સુવિધાઓ મળે તે હેતુથી, વેરાકીય પ્રોત્સાહનોનો લાભ લેતાં મલ્ટીપ્લેકસ સિનેમાગૃહો સિવાય, ંસિગલ સિનેમા ગૃહોને મળતા સર્વિસ ચાર્જની રકમમાં વધુ રાહત આપવા અર્થે, એરકંડીશન્ડ અને એરકૂલ્ડ સિનેમાગૃહો માટે **રૂપિયા ૩ થી વધારીને રૂપિયા ૪** અને અન્ય સિનેમાગૃહો માટે **રૂપિયા ૨ થી વધારીને રૂપિયા ૩** કરવાની દરખાસ્ત કરું છું. મલ્ટીપ્લેકસ સિનેમાગૃહોની તુલનામાં, ંસિગલ સ્ક્રીન સિનેમાગૃહો ટકી રહે તે દ્રષ્ટિએ આ લાભ માત્ર ંસિગલ સ્ક્રીન સિનેમાગૃહોને જ મળવાપાત્ર થશે.

સૂચિત દરખાસ્તથી ંસિંગલ સ્ક્રીન સિનેમાગૃહોને સર્વિસ ચાર્જ પેટે અંદાજિત **રૂપિયા ૧ કરોડ** જેટલી વધારાની રાહત પ્રાપ્ત થશે. જેના ઉપર રાજય સરકારને મનોરંજન કર પેટે મળવાપાત્ર થતી અંદાજિત રૂપિયા ૨૫ લાખની આવક ઘટશે.

મનોરંજન કરની બાકી રહેતી રકમ ૫ર વર્ષે ૨૪ ટકાના દરે સાદું વ્યાજ લેવાની હાલની જોગવાઈમાં ફેરફાર કરીને, બાકી રહેતી રકમ ઉપર વર્ષે ૧૮ ટકા સુધીના દરે સાદું વ્યાજ લેવાની દરખાસ્ત કરું છું.

**સુખ સુવિધા કર**

પ્રવાસન ઉદ્યોગનો વધુ વિકાસ થાય તે માટે હોટલ ઉદ્યોગને વધુ પ્રોત્સાહન આપવાની જરુર છે. આથી, સુખ સુવિધા કરના દરમાં ઘટાડો કરવાની નીચે મુજબ દરખાસ્ત કરું છું.

**Table 1**

| **ક્રમ** | **રુમ દીઠ દરરોજ રહેવાનો ચાર્જ** | **ઓકયુપન્સી** | **સુખ સુવિધા કરનો હાલનો દર** | **દરખાસ્ત** |
|---|---|---|---|---|
| ૧ | રૂપિયા ૫૦૧ થી રૂપિયા ૨૦૦૦ સુધીના રુમ દીઠ | જાહેર કરેલ સરેરાશ ટેરીફની ૫૦ ટકા ઓકયુપન્સી મુજબ કરેલ એકત્રિત ચુકવણી પર | ૫ ટકા | ૪ ટકા |
| ૨ | રૂપિયા ૨૦૦૦થી વધુ રૂમ દીઠ | રૂપિયા ૨૦૦૧ થી વધુ રુમ દીઠજાહેર કરેલ સરેરાશ ટેરિફની ૫૦ ટકા ઓકયુપન્સી મુજબ કરેલ એકત્રિત ચુકવણી પર<br>અથવા<br>જાહેર કરેલ ટેરિફની ખરેખર ઓકયુપન્સી મુજબની ચુકવણી પર | ૮ ટકા<br><br>૧૨.૫ ટકા | ૬ ટકા<br><br>હાલની ૧૨.૫ ટકાની જોગવાઈ ચાલુ રહેશે. |

સુખ સુવિધા કરમાં જાહેર કરવામાં આવેલ સૂચિત ઘટાડાથી હોટલ ઉદ્યોગને અંદાજિત **રૂપિયા ૨.૪૦ કરોડની** રાહત મળશે.

સુખ સુવિધા કરની બાકી રહેતી રકમ ઉપર હાલ પ્રત્યેક મહિના અથવા તેના ભાગ માટે લેણાં નીકળતા કરની રકમના વાર્ષિક ૨૪ ટકા સાદું વ્યાજ લેવાની જોગવાઈ છે; તેમાં ફેરફાર કરીને, બાકી રહેતી રકમ પર વર્ષે ૧૮ ટકા સુધીના દરે સાદું વ્યાજ લેવાની દરખાસ્ત કરું છું.

**સમાપન** સને ૨૦૦૭-૦૮ ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

**(રકમ રૂપિયા કરોડમાં)**

**(૧)અંદાજ અનુસારની પુરાંત** **૩૨૯.૫૮**

**(૨) કરવેરામાં સૂચિત રાહતો**

| | | |
|---|---|---|
| વીજકર | ૨૨૩.૦૦ | |
| સ્ટેમ્પ ડયુટી | ૧૨૬.૦૦ | |
| નોંધણી ફી | ૪૭.૦૦ | |
| મનોરંજન કર અને સુખ સુવિધા કર | ૪.૦૦ | |
| | | ૪૦૦.૦૦ |

**(૩) અંદાજી એકંદર ખાધ** **૭૦.૪૨**

વહીવટમાં કરકસર દ્વારા, સરકારની આવકોની અસરકારક વસૂલાત દ્વારા તથા બિનવિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો કરીને અંદાજી એકંદર ખાધ ઘટાડવાનો અમારો પ્રયત્ન રહેશે.

**જય જય ગરવી ગુજરાત**

**જય જય નિર્મળ ગુજરાત**

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૧૧ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૬મી ફેબ્રુઆરી-૨૦૦૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૦૭**
**ફાલ્ગુન ૭, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં મજૂરોના મૃત્યુ

***૨૦૦૮૨ શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કામ કરતા મજદૂરોના અકસ્માતને કારણે અપમૃત્યુ/મૃત્યુ થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો મુન્દ્રા, ભુજ, અંજાર, ગાંધીધામ અને ભચાઉ તાલુકાના એકમોમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કયા કયા એકમોમાં ક્યારે ક્યારે આવા અપમૃત્યુ કે મૃત્યુના બનાવો બન્યા, અને કેટલા કામદારોના મૃત્યુ નોંધાયા, અને

(૩) આવા અકસ્માત કે બેદરકારી બદલ કોની કોની સામે કઈ કઈ કાર્યવાહી થઈ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) હા, જી.

(૨) આ તાલુકાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અપમૃત્યુ કે મૃત્યુના ૫૭ બનાવો બનેલ છે અને જેમાં ૬૨ શ્રમજીવીઓના અપમૃત્યુ કે મૃત્યુ નોંધાયેલ છે. તાલુકાવાર અને વર્ષવાર માહિતી *પત્રક-૧ મુજબ છે.

(૩) આવા અકસ્માત કે બેદરકારી બદલ ૩૧ ઔદ્યોગિક એકમો સામે કારખાનાધારા ૧૯૪૮ની જુદી જુદી કલમ/નિયમના ભંગ સબબ ૪૩ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે. જેની વિગતો *પત્રક-૨ માં આપેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર છેલ્લા ૩ વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં કેટલા શ્રમજીવીઓના મૃત્યુ થયા છે તેના જવાબો જે પત્રકમાં આપેલા છે તે પત્રક આપના મારફત સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને જાણ થાય એટલા માટે કહું, કે ૨૦૦૪માં ૮ મૃત્યુ થયા, ૨૦૦૫ માં ૨૦ મૃત્યુ થયા અને ૨૦૦૬ ના ઑક્ટોબર મહિના સુધીમાં ૩૪ મૃત્યુ થયા છે. આ શ્રમ જીવીઓના મૃત્યુ કારખાનામાં બેદરકારીને કારણે અને સેફ્ટી મેજર ન લેવાને કારણે થયા છે જ્યારે તેની સામે સામાન્ય કલમો લગાડવામાં આવેલી છે. અને ફરિયાદો નોંધાવવામાં આવેલ છે. તેના બદલે ડીવાય.એસ.પી. કક્ષાની તપાસ થાય તેવી કલમો શા માટે લગાડવામાં આવેલી નથી? અને આમાં કોઈક જગ્યાએ માલિકના નામો લખવામાં આવેલ છે. અને મોટાભાગના કેસોમાં સુપરવાઈઝર કે એ કક્ષાના નામો લખવામાં આવેલ છે. મૃત્યુ એ મૃત્યુ છે અને જાન એ જાન છે, તેથી માનનીય મંત્રીશ્રી જવાબ આપે કે આવી જે ફરિયાદો કરી છે અને જે કલમો લગાડવામાં આવેલી છે તે વધુમાં વધુ કે ઓછામાં ઓછી કેટલી સજાની જોગવાઈ વાળી કલમો લગાડેલી છે? અને મૃત્યુ પામેલા શ્રમજીવીઓ છે એમને કેટલું કેટલું વળતર આપવામાં આવેલ છે. અને રાજયની વીમા યોજના કામદારો માટેની છે તેના અંતર્ગત તમામ લોકોને વળતર ચૂકવાઈ ગયું છે કે કેમ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષ શ્રી, અકસ્માતના કારણે જે મૃત્યુ થયા છે તેમાં મોટાભાગના કેસોમાં વળતર ચૂકવાઈ ગયું છે. જે મૃત્યુ થયા છે એમાંથી જે કેસો કોર્ટમાં પેન્ડીંગ છે તેવા કેસોમાં માલિક તરફથી વળતરની રકમ કોર્ટમાં જમા થઈ ગઈ છે પણ કેસ પેન્ડીંગ હોવાને કારણે એમને મળી ન હોય, ૨૦૦૪ ના વર્ષમાં આઠ કેસો મૃત્યુના બન્યા હતા. એમાં બધાના નામો બોલું ને?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ સ્પષ્ટ છે. ૨૦૦૪માં ૮ મૃત્યુ થાય, ૨૦૦૫ માં ૨૦ મૃત્યુ થયા અને ૨૦૦૬ના ઑક્ટોબર સુધીમાં ૩૪ મૃત્યુ થયા છે, અને આમાં જે કલમો લગાડવામાં આવી છે તે અનુસાર વધુમાં વધુ કે ઓછામાં ઓછી કેટલી સજા થઈ શકે તેમ છે? અને આ કેસોની તપાસ ડીવાય.એસ.પી. કક્ષાએથી થઈ શકે તેવા પ્રકારની કલમો લગાડવા માગે છે કે કેમ? અને રાજ્ય સરકાર તરફથી ઔદ્યોગિક કામદારોને વીમાનું સંરક્ષણ આપવામાં આવેલ છે તે અનુસાર કેટલા લોકોને વીમાની રકમ આપી દેવામાં આવી છે કે ભલામણ થઈ છે?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, વળતરનો પહેલા જવાબ આપતો હતો. કલમો કઈ કઈ લગાડેલ છે એનો જવાબ પણ આપીશ. માલિકો સામે પણ છે અને સુપરવાઈઝરો સામે પણ કેસો થયેલા છે.

૨૪ માલિકો સામે કેસો થયેલા છે જ્યારે ૧૯ મેનેજરો સામે કેસો નોંધાયેલા છે. દરેકની કલમો અલગ અલગ લગાડવામાં આવેલ છે. કારખાના ધારા ૧૯૪૮ અને તે હેઠળના નિયમો અન્વયે કરેલ કાર્યવાહીની વિગત છે. એની નીચે આ બધા ગુનાઓ નોંધાયેલા છે. દરેકની કલમો જોઈતી હોય તો હું આપવા તૈયાર છું. વર્ષ ૨૦૦૪ માં કેસો બન્યા છે એમાં કલમ ક-૭એ(૨)સી આ ભુજ તાલુકાનો છે. નિયમ ૧૦૨ હેઠળ શિડયુલ -૧૯ ભાગ-૨ના પેરા ૧૧/૨, નિયમ ૬૦/૧, કલમ ૭એ(૨) (બી)નીચે વધારે કેસો થયેલા છે. જે માલિકો છે એમાં નવા નવા કારખાના થયેલા છે એની પોતાની નવી મશીનરી ફિટ કરતાં હોય ત્યારે શ્રમિકોને સલામતી માટે સમજણ આપવી જોઈએ એ ન આપી હોય એવા કેસો પણ છે. કલમ ૩૨(૧) છે, બીજી કલમ ૭એ(૨)(એ) અને સી છે., નિયમ ૬૮ (ઈ) છે. કલમ ૭એ(૨) (એ) છે. કલમ ૭એ(૨)બી છે. આનું આખું પત્રક છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ કલમો અનુસાર જે ફરિયાદો નોંધાયેલ છે એમાં કેટલી સજાની જોગવાઈ થાય છે એ મેં પૂછયું છે. ૨૪ માલિકો સામે અને ૧૯ સુપરવાઈઝરો સામે ૪૩ ફરિયાદો થાય છે. જ્યારે મૃત્યુ ૬૨ થયાં છે.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : કાયદાની અંદર જે જોગવાઈ છે એમાં વધુમાં વધુ બે વર્ષની સજા અને વધુમાં વધુ એક લાખના દંડની જોગવાઈ છે. વળતર કેટલું ચૂકવાયું એની માહિતી જોઈતી હોય તો આપીશ.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : કચ્છ જિલ્લામાં કુલ કેટલા કારખાના નોંધાયેલા છે અને એમાં કેટલા શ્રમિકો કામ કરે છે?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : કારખાના ધારા નીચે કુલ ૫૬૨ કારખાના નોંધાયેલા છે. જેમાં ૪૬૩૪૫ શ્રમિકો કામ કરે છે. કારખાનાઓની સંખ્યામાં વધારો થયો છે અને શ્રમિકોમાં પણ વધારો થયો છે એની સામે આ અકસ્માતના કેસો છે. (અંતરાય)

## આદિજાતિ પેટા યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ તેમજ વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગણવેશ

***૨૦૨૪૪ શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૦૬માં અનુસૂચિત જનજાતિના ધોરણ-૧ થી ૭માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની ચાલતી યોજનામાં ફેરફાર કરી રૂા. ૧૫૦/- રોકડા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કુલ કેટલા રોકડા રૂપિયા ચૂકવવામાં આવ્યા?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) કુલ રૂા. ૧,૭૩,૬૧,૧૫૦/- રોકડા ચૂકવેલ છે.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : વર્ષ ૨૦૦૬-૦૭માં સંખેડા તાલુકામાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલા વિદ્યાર્થીઓને ચૂકવવાની બાકી છે. ગણવેશ સહાય ચૂકવવામાં કયા ધોરણો અપનાવવામાં આવે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ગણવેશ આપવાની વ્યવસ્થા છે, ગરીબી રેખા નીચે આવતા બાળકોને ગણવેશ આપવાનું ધોરણ છે. ૨૦૦૬-૦૭માં સંખેડા તાલુકાના ૪,૯૭૩ વિદ્યાર્થીઓને ૯,૧૯,૬૫૫ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગણવેશ આપવાની યોજના છે એ ખૂબ સારી છે પરંતુ આપણે જે યોજના લાગુ પાડી છે એ બી.પી.એલ. બાળકોને લાગુ પાડી છે. બી.પી.એલ. સિવાયના બાળકોને પ્રવેશોત્સવ કરીને ઘણાં બાળકો શાળાએ જતાં થયા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બી.પી.એલ. સિવાયના બાળકોને આ યોજના લાગુ પાડવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ના,જી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજયમાં આ યોજના દાખલ થઈ ત્યારે આવક મર્યાદા વગર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષી પંચના તમામ બાળકોને ચૂકવવામાં આવતા હતા કે કેમ? અને આ જો ચૂકવવામાં આવતા હતા તો માત્ર બી.પી.એલ.ને જ ચૂકવવાના એ ક્યારથી નક્કી કરવામાં આવ્યું છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ નીતિવિષયક બાબત છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે આ યોજના તમામ એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ના તમામ બાળકોને પહેલાં ગણવેશ આપતા હતા અને ત્યાં સુધી સરકાર પાસે નાણાં પણ હતા, પણ આ નિર્ણય કઈ તારીખથી લેવાયો છે? માત્ર નીતિવિષયક નિર્ણયોની ચર્ચા કરતાં નથી.

સભ્યશ્રીએ માત્ર તારીખ જ માગી છે. કઈ તારીખથી આ નિર્ણયમાં ફેરફાર કરીને બાકીના લગભગ, કારણ કે હું માનું છું ત્યાં સુધી ૧૦ લાખ ફૅમિલી બી.પી.એલ.ના છે. બાકીના આટલા બધા ફૅમિલી છે. કુલ વસતિના ૫૦ ટકા કરતાં વધારે ફૅમિલી છે તેને બાકાત રાખવાનો નિર્ણય ક્યારથી લેવાયો એ તારીખ જ જોઈએ છે. માનનીય મંત્રીશ્રી તારીખ આપે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જી.આર. થયેલ છે એ જુદા જુદા જી.આર. છે. ૨૦૦૩માં જી.આર. થયો છે. ૨૦૦૫માં જી.આર. થયો છે. એટલે જે કોઈ આવા વિદ્યાર્થીઓ હતા તેને ૧૧૦ રૂપિયા આપવામાં આવતા હતા. આ સરકારે વધારીને ૧૫૦ રૂપિયા કર્યા છે અને આ ગરીબી રેખા નીચે આવતા બાળકોને આપવામાં આવે છે.(અંતરાય)

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૫-૨૦૦૬માં વડોદરા જિલ્લાના પાવી-જેતપુર અને છોટા ઉદેપુર તાલુકાના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી અને બીજો પ્રશ્ન એવો છે કે છોટા ઉદેપુર તાલુકામાં ૨૦૦૫-૨૦૦૬માં કેટલા ગામોના કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ માટે રોકડ રકમ ચૂકવવાની બાકી છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાવી-જેતપુરમાં કુમારોને ૧૦,૮૪૭ અને કન્યાને ૧૦,૧૪૨ એમ કુલ ૨૦,૯૮૯ બાળકોને ગણવેશના પૈસા ચૂકવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં પાવી-જેતપુરમાં ૧૧,૭૪૩ અને ૧૧,૦૦૩ એમ કુલ ૨૨,૭૪૬ બાળકોને ગણવેશના પૈસા આપવાના બાકી છે. દરખાસ્ત મોડી મળી છે અને છોટા ઉદેપુરમાં કુલ ૨૪,૬૯૭માંથી ૮,૫૪૭ કુમાર અને ૭,૯૦૫ કન્યાઓ મળી કુલ ૧૬,૪૫૨ વિદ્યાર્થીઓને ગણવેશના પૈસા ચૂકવી દેવામાં આવ્યા છે.

## ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ફાળવેલ રકમ, ખર્ચ તેમજ વણવપરાયેલ રકમ

***૨૦૦૬૪ શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજય સરકારે કેટલી રકમ વર્ષવાર ફાળવેલ હતી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલી રહી તેના કારણો શા છે અને

(૩) બનાસકાંઠા જિલ્લામાં તે અન્વયે કેટલો ખર્ચ કર્યો ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) રાજય સરકારે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં નીચે પ્રમાણે રકમ ફાળવી છે.

| વર્ષ | ફાળવેલ રકમ (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૬૨.૫૫ |
| ૨૦૦૬-૦૭ | ૧૬૯.૪૭ (જાન્યુઆરી-૦૭ અંતિત) |

(૨) વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૬૧.૨૩ |
| ૨૦૦૬-૦૭ | ૧૩૬.૮૯ (જાન્યુઆરી-૦૭ અંતિત) |

વર્ષવાર વણવપરાયેલી ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવેલ રકમ (કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧.૩૨ |
| ૨૦૦૬-૦૭ | ૩૨.૫૮ (જાન્યુઆરી-૦૭ અંતિત) |

૨૦૦૫-૦૬માં નજીવી રકમ વણવપરાયેલ છે તથા ૨૦૦૬-૦૭માં વહીવટી કારણોસર વપરાઈ નથી જે વર્ષના અંત સુધીમાં વપરાઈ જશે.

(૩) બનાસકાંઠા જિલ્લામાં વર્ષવાર ખર્ચ નીચે મુજબ થયેલ છે.

| વર્ષ | (લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬૧૩.૪૮ |
| ૨૦૦૬-૦૭ | ૨૮૬.૫૪ (જાન્યુઆરી-૦૭ અંતિત) |

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. એમાં ૨૦૦૬-૦૭માં ૧૬૯.૪૭ જાન્યુઆરી અંતિત બતાવ્યા છે. હજુ આ વર્ષની ગ્રાન્ટ બાકી છે તો કેટલી બાકી છે? આ ગ્રાન્ટની અંદર

ગુજરાત સરકારનો કેટલો હિસ્સો છે અને ભારત સરકારનો કેટલો હિસ્સો છે? બાકીમાં એમણે જે ખર્ચ બતાવ્યો છે એમાં ૩૪ કરોડ રૂપિયા બાકી છે. જે નજીવી રકમ કહે છે. ખરેખર તો આનાથી ૪ જિલ્લાઓમાં ગણવેશ અપાઈ જાય. બનાસકાંઠામાં ૨૦૦૫-૦૬માં ૬૧૩.૪૮ કરોડ અને ૨૦૦૬-૦૭માં ૨૮૬.૫૪ કરોડ એટલે કે ૫૦ ટકા ખર્ચ ઓછો થયો છે. તો બનાસકાંઠામાં ઓછો ખર્ચ થવાના કારણો શું છે? સિંચાઈના ખર્ચમાં કેટલા ખર્ચાયા છે? અને ઉત્સવો પાછળ કેટલો ખર્ચ થયો છે? એ પણ જણાવવા વિનંતી છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં આપ્યું જ છે. ૨૦૦૫-૦૬માં ૨૬૨.૫૫ લાખ રૂપિયા ફાળવ્યા છે તેમાંથી રૂ.૨૬૧.૨૩ લાખનો ખર્ચ થયો છે. એટલે કે, લગભગ ૯૯ % જેટલો ખર્ચ થયો છે અને એમણે બનાસકાંઠાની વાત કરી છે. બનાસકાંઠામાં ૨૦૦૫-૦૬માં ૬૧૩.૪૮ લાખ ફાળવવામાં આવ્યા છે અને એનો પૂરેપૂરો ખર્ચ થયેલ છે. આ વખતે બનાસકાંઠામાં ૪૧૭.૭૧ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને તેમાંથી રૂ.૨૮૬.૫૪ લાખ ખર્ચાઈ ગયા છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે એમાં બાકી કેટલા છે? ૨૦૦૬-૦૭ની અંદર ૧૬૯.૪૭ જાન્યુઆરી અંત સુધીમાં મળવાના બાકી છે. ૩૨.૫૮ કરોડનો ખર્ચ થયો નથી. તો કેમ ખર્ચાયા નથી? કેટલી ગ્રાન્ટ લેવાની બાકી છે અને એમાં ગુજરાતનો હિસ્સો કેટલો છે અને ભારત સરકારનો હિસ્સો કેટલો છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત પેટર્ન હેઠળની ફાળવણી છે. એમાં કેન્દ્ર સરકારનો નવો પૈસો પણ મળતો નથી. આ વખતને બજેટની વાત કરી તો એમાં ૪૨૧ લાખનું આયોજન છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ કેટલી મળવાની છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ આંકડા એમાં આવી જાય છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૨૧ લાખ રૂપિયા બનાસકાંઠાને મળવાના છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫-૦૬માં જે ફાળવેલ ગ્રાન્ટ હતી તે પૈકી વણવપરાયેલ રૂ.૧.૩૨ લાખ છે. ૨૦૦૬-૦૭માં રૂ.૩૨.૫૮ લાખ જાન્યુઆરી અંતિત છે. આ વણ વપરાયેલા રહી ગયા એ વાર્ષિક બજેટમાં ફાળવી દીધા પછી આ રકમ ન વપરાય તો લોકોને નુકસાન જાય. તો હવે આ રાજયમાં કર્મયોગીઓ છે અને કર્મયોગીઓ હોવા છતાં આટલી મોટી રકમ વણવપરાયેલી રહી એ કયા કારણોસર રહી ગઈ? એમાં જવાબદારી કોની? એ શા માટે વાપરી ન શક્યા? આ વર્ષના અંતે હજુ સુધી ન વપરાવાના કારણો શું હતા? કર્મયોગી માટેની મોટી મોટી જાહેરાતો કરો છો તો કર્મયોગી હોવા છતાં આ રકમ ન વપરાઈ તેના કારણો શું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના વખતમાં ૩૦થી ૪૦ ટકા રકમ વપરાયા વગરની રહી જતી હતી. આ ગુજરાત પેટર્નમાં કાંઈપણ લેસ જતું નથી.

**અધ્યક્ષશ્રી** : આનો જવાબ આપે આપવાનો છે. પ્લીઝ, મંગુભાઈ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ચના અંત સુધીમાં પૂરેપૂરી વપરાઈ જશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં વપરાયા એના કારણો શું છે? એના કારણો તો આપવા જોઈએને? હવેના સમયમાં વાપરવાનો એમનો અભિગમ શું છે?

**અધ્યક્ષશ્રી** : જાન્યુઆરી સુધીના જ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક કામો હાથ ધરાયા છે, કેટલાક કામો પ્રગતિમાં છે, ૨૦૦૫-૦૬માં ૧કરોડ ૩૨ લાખ રૂપિયા વણવપરાયેલા પડી રહ્યા છે અને ૨૦૦૬નો જવાબ આપો.

## રાજય સરકારની આવક તેમજ વિકાસ ખર્ચ

***૧૮૭૭૯ શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજય સરકારની સન ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ની કુલ વાર્ષિક આવક વર્ષ પ્રમાણે કેટલી હતી, અને

(૨) તે પૈકી વહીવટી ખર્ચ વર્ષ પ્રમાણે કેટલો અને વિકાસ કાર્યમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**નાણામંત્રીશ્રી :**

**(૧)**

| | આવક | | (રુ. કરોડમાં |
|---|---|---|---|
| વર્ષ | મહેસૂલ | મૂડી | કુલ |
| ૨૦૦૩-૦૪ | ૧૮૨૪૭.૫૨ | ૨૨૩૬૮.૪૧ | ૪૦૬૧૫.૯૩ |
| ૨૦૦૪-૦૫ | ૨૦૨૬૪.૯૪ | ૧૬૫૮૭.૧૦ | ૩૬૮૫૨.૦૪ |
| ૨૦૦૫-૦૬ (સુધારેલ અંદાજ) | ૨૫૧૨૮.૫૪ | ૧૦૮૨૫.૯૫ | ૩૫૯૩૪.૪૯ |

(૨)

| | | (રુ. કરોડમાં ) |
|---|---|---|
| વર્ષ | વહીવટી ખર્ચ | વિકાસકાર્યમાં ખર્ચ |
| ૨૦૦૩-૦૪ | ૧૧૮૦.૫૧ | ૧૬૩૨૧.૦૯ |
| ૨૦૦૪-૦૫ | ૧૨૨૫.૯૦ | ૧૮૫૩૮.૧૭ |
| ૨૦૦૫-૦૬ (સુધારેલા અંદાજ) | ૧૨૬૯.૮૦ | ૨૦૨૮૩.૧૭ |

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬માં વિકાસ કાર્યો પાછળ જે ખર્ચ થવા પામેલ છે તેમાંથી સિંચાઈ ક્ષેત્રે અને શિક્ષણ ક્ષેત્રે કેટલી રકમનો વપરાશ થયેલ છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિકાસનો ખર્ચ થતો હોય એનો તો દરેકનો ડીટેલમાં બજેટમાં જયારે હોય એનો હિસાબ ઓલરેડી કરી અને ડીકલેર પણ કરી દીધું હોય એટલે એટલી બધી ડીટેલની અંદર કોની પાછળ કયા વર્ષમાં કેટલા પૈસા વપરાયા એ રીતે નથી. કુલ મારી પાસે એગ્રીગેટ આવકની રીતે હોઈ શકે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રાજય સરકારની કરવેરાની ટોટલ આવક છે એમાંથી વેચાણવેરાનો કેટલો હિસ્સો હોય છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વેચાણવેરાનો લગભગ ૩૫થી ૪૦ ટકા જેટલો હિસ્સો હોય છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સન ૨૦૦૬-૦૭માં મૂડી આવકમાં ઘટાડો થયો એના કારણો શા છે?

**શ્રી વજુભાઈ વાળા** :માનનીય અધ્યક્ષશ્રી, જે મૂડી આવકમાં ઘટાડો થયો એ તો આપણા માટે સારી વસ્તુ કહેવાય. મૂડી આવક એટલે જે આપણે બહારથી લોન લઈએ છીએ એ લોન આપણે ઓછી લેવી પડે, આપણે વેઈજ એન્ડ મિન્સ જે રિઝર્વ બૅન્કના કાયદા છે એ પ્રમાણે વેઈજ એન્ડ મિન્સ છે એ આપણે છેલ્લા ૨ વર્ષથી લેતા જ નથી. ઓવરડ્રાફટ આપણે લેતા જ નથી અને આપણે જે માર્કેટ બોરોઈંગ હોય, ગયા વર્ષની અંદર આ રાજય સરકારે એક પણ રૂપિયાનું માર્કેટ બોરોઈંગ કર્યુ નથી. આપણે બહારનું કોઈ કરજ નથી લીધું એટલે એના કારણે આ મૂડી આવક થવી જોઈએ, આપણે જો એગ્રીગેટ રીતે એ જોઈએ તો આપણી જે મૂડી આવક છે એના કરતા વિકાસના કાર્યોની અંદર આપણે વૃદ્ધિ કરી છે. વિકાસ કાર્યમાં ૧૬હજારમાંથી ૨૦હજાર સુધી પહોંચ્યા છીએ અને વહિવટી ખર્ચ છે ૧૨૮૦માંથી ૧૨૬૯ એટલે આપણે કહીએ કે ૮૦કરોડ રૂપિયાનો વહિવટી ખર્ચ વધ્યો એની સામે આપણે ૪હજાર કરોડનું વિકાસનું કામ કર્યુ એટલે વિકાસના કામના પ્રમાણમાં આપણો વહિવટી ખર્ચ છે એ ૨ ટકા છે, એટલે ૨ ટકાની સામે આપણે ૫૦ ગણું કામ કર્યુ છે, એટલે જે પ્રમાણે મૂડી આવક આપણી ઘટી એ રાજયની આવક સારી કહેવાય એટલા માટે થઈને કે વેજ એન્ડ મિન્સ, દા.ત. આજે ૫૦૦ કરોડના વેજ એન્ડ મિન્સ લીધા, પાછા ભરી દીધા, પાછા ૧૫ દિવસ પછી લીધા તો આ બધી મૂડી આવકની અંદર વધારો થતો જાય એટલે મૂડી આવક જે રીતે ઘટવી જોઈએ એમાં આપણે લોન ન લીધી હોય, ઓ.ડી. ના લીધી હોય એ રાજય સરકાર માટે ક્રેડીટ કહેવાય અને ફરીથી કહુ છું ચાલુ વર્ષની અંદર આપણે એક પણ રૂપિયા માર્કેટ બોરોઈંગ કર્યુ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ૨૦૦૨-૦૩ની અંદર રાજયનું દેવું ૪૭ કરોડ હતું અને અત્યારે આપણું દેવું છે એ ૮૬હજાર કરોડનું થયું. દર વર્ષે આપણે ૧૦હજાર કરોડનું દેવું વધારીએ છીએ અને આ વર્ષે ૭૮૦૦ કરોડ રૂપિયા માત્ર આપણા બજેટમાંજ વ્યાજ પાછળ જવાના છે તો આ માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે આપણે માર્કેટ બોરોઈંગ કરતા નથી. ૫ વર્ષની અંદર બોરોઈંગ કર્યા વગર જ આ બધા ૪૭હજાર કરોડમાંથી ૮૬હજાર કરોડ થઈ ગયા? અને વ્યાજની આવક એટલી બધી વધી એ પણ બોરોઈંગ કર્યા વગર થઈ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માર્કેટ બોરોઈંગ કર્યું નથી એ હકીકત છે. આ રાજ્યની સદ્ધર સ્થિતિ છે અને એ સદ્ધર સ્થિતિમાં રાજ્યના લોકો જે પર્સનલ સેવિંગ કરે છે અને નેશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટના પૈસા આપણે કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે કમ્પલસરી લેવા પડે. આપણું ઓબ્જેકશન એટલું જ છે કે આપણે ૮૦ ટકા લેવા કે ૧૦૦ ટકા લેવા. બાકી ૮૪ અને ૮૬ના આંકડા તમે ક્યાંથી કાઢ્યા એ ખબર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રિઝર્વ બેંકના રિપોર્ટના આંકડા છે, મારા નથી. આપની બુકમાં લખ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : કરજ વસ્તુ જુદી છે. કોઈને ગૅરન્ટી આપી હોય એ લાએબિલિટીમાં આવે, એ કરજ ન કહેવાય. મકાન બાંધવા લોન લઈએ એ કરજ કહેવાય અને પેલાને જવાબદારી કહેવાય. દીકરા-દીકરીને પરણાવીએ એ જવાબદારી કહેવાય. કરજ ૭૧ હજાર કરોડનું છે અને એમાંથી ૬૦ ટકા તો આ નેશનલ સેવિંગ્ઝના

છે. ૪૨ થી ૪૩ હજાર કરોડ રૂપિયા નાની બચતના છે. એ કરજ નથી. એ લેવા પડે. રાજ્યના લોકો એટલી બચત કરી શકે છે. બચત ક્યારે કરી શકે? એની સ્થિતિ સારી હોય તો જ બચત કરી શકે. એટલે આપણું કરજ એ ૭૧ હજાર કરોડ છે. લાએબિલિટી વસ્તુ જુદી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૭૮૦૦ કરોડ વ્યાજ ચૂકવીએ છીએ, થોડું નહિ.

**શ્રી વજુભાઈ વાળા** : વ્યાજ ચૂકવવું પડે પૈસા લઈએ તો. એની સામે વહીવટના કામ થાય છે ને? એક પણ લોનનો હપ્તો બાકી હોય, કોઈનું વ્યાજ બાકી હોય એવું નથી.

## શહેરા તાલુકામાં પેન્શનરોની પડતર અરજીઓ

***૧૯૭૪૧ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) શહેરા તાલુકામાં તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ કેટલા પેન્શનરોની સંખ્યા નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલા પેન્શનરોને પેન્શન મળે છે,

(૩) કેટલી અરજીઓ આ સ્થિતિએ પડતર છે, અને

(૪) આ પડતર અરજીઓનો કયાં સુધી નિકાલ કરવામાં આવશે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) ૧૧૭૬

(૨) ૧૧૮૫

(૩) ૧

(૪) પડતર એક અરજીનો નિકાલ જે તે વિભાગ તરફથી પૂર્તતા કરવાથી તાકીદે કરવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો જવાબ મળેલ છે એનાથી મને સંતોષ છે.

**શ્રી વજુભાઈ વાળા** : એમણે કહ્યું એટલે સંતોષ છે. છતાં જવાબ આપી દઉં કે તમારો એક જણ બાકી હતો એને પ્રોવિજનલ પેન્શન આપી દીધું છે એટલે આજની તારીખે કોઈ બાકી રહેતું નથી. આ કોણ છે? તમારો જૂનો મિત્ર છે.

## ગીધ પક્ષીઓની સંખ્યામાં વધારો કરવા અંગે

***૨૦૨૬૩ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગીધ પક્ષીઓની કેટલી સંખ્યા છે,

(૨) ગીધની સંખ્યા ઘટી જવાના શાં કારણો છે, અને

(૩) ગીધની સંખ્યા વધારવા અને તેને બચાવવા સરકારે શું ઉપાયો યોજ્યા છે?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :**

(૧) રાજ્યમાં ૨૦૦૫માં મે માસમાં ગણતરી કરતાં જીપ્સ જાતિના ગીધની સંખ્યા ૨૬૪૭ નોંધાઈ હતી. ત્યારબાદ કોઈ ગણતરી થયેલ નથી.

(૨) ગીધની સંખ્યા ઘટી જવાના કારણોમાં એક કારણ પશુઓને આપવામાં આવતી ડેકલોફેનાક દવાને લીધે ગીધના મોત થતા હોય છે તેવું વૈજ્ઞાનિક પરીક્ષણમાં જણાઈ આવેલ છે.

(૩) ગીધના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકારે નીચે મુજબના ઉપાયો યોજ્યા છે.

૧ ભાવનગર જિલ્લામાં ગીધના માળા જે નાળીયેરી વૃક્ષ પર હોય તે ખેતરના ખેડૂતને ગીધના માળાના રક્ષણ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

૨ રાજ્યના પશુપાલન વિભાગના પશુ દવાખાનામાં ડેકલોફેનાક દવાનો ઉપયોગ ન થાય તે માટે પશુપાલન નિયામક દ્વારા સૂચનાઓ આપવામાં આવેલ છે.

૩ રાજ્યની પાંજરાપોળમાં પણ ઢોરને ડેકલોફેનાક દવા ન આપવા સૂચના આપવામાં આવેલ છે.

૪ રાજ્યમાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે ગીધના સંરક્ષણમાં રસ ધરાવે છે તેમને પણ પ્રાકૃતિક શિક્ષણ શિબિરો દરમિયાન ડેકલોફેનાક દવાનો ઉપયોગ ન થાય તે માટે યોગ્ય જાગૃતિ ઊભી કરવા વિનંતી કરવામાં આવેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પશુઓને આપવામાં આવતી ડેકલોફેનાક દવાના કારણે આ ગીધના મૃત્યુ થાય છે. તો આ દવા પશુઓને શાના માટે આપવામાં આવે છે? ગુજરાતની અંદર અને ખાસ કરીને નળ સરોવરમાં વિદેશી પક્ષીઓની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. ગુજરાતમાં જંગલી પશુઓ અને પંખીઓને આપણે વિશેષ સંરક્ષણ આપીએ છીએ તો મારે જાણવું છે કે ભાવનગર જિલ્લા સિવાય આ ગીધ રાજ્યના બીજા કયા ભાગમાં વિશેષ સંખ્યામાં જણાયા છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પશુઓને થતા રોગ માટે આ દવા વપરાય છે. પશુનું મૃત્યુ થાય પછી ગીધ ખાય છે એના કારણે ગીધનું મૃત્યુ થાય છે. ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, ભાવનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા, ભરુચ, મહેસાણા, પંચમહાલ, પાટણ અને સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં ગીધની વસ્તી છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ દેશની અગર સ્ત્રી-નારીનું કોઈએ રક્ષણ કર્યું હોય તો પહેલું ગીધ હતું. જટાયું નામના ગીધે સીતા માતાનું રક્ષણ કર્યું હતું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવજો.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : એ જ વાત કરું છું. આ ગીધની પીક્યુલારિટી, એક ખાસિયત છે. એતો ખાસિયત છે. જ્યાં સુધી એક તો ઢોર માંદું હોય, એના છેલ્લા શ્વાસ ચાલતો હોય ત્યાં સુધી ગીધ ભૂખ્યું હોય તો પણ તેને અડતું નથી. પર્યાવરણના રક્ષણ માટે ગીધ એ ખૂબ મોટી સમાજની જરૂરિયાત છે. મારે આ ગીધના રક્ષણ માટે કોઈ મોનિટરિંગ કમિટી રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ? જેથી કરીને ગીધની સંખ્યા સમાજની અંદર વધારી શકાય.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે જુદા જુદા પગલા લેવામાં આવે છે. આ દવાનો ઉપયોગ પશુપાલન નિયામક..

**અધ્યક્ષશ્રી** : એમને તો ફકત આપ કાંઈ બનાવવા માગો છો કે કેમ એ વાત છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો સળંગ ચાલતી પ્રક્રિયા છે, છતાં પણ એના રક્ષણ માટે પૂરા પ્રયત્ન કરાય છે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે પ્રમાણે આ ગીધ અને અન્ય પશુઓ માટે પશુપાલન વિભાગ તરફથી પશુપાલન દવાખાના ચાલી રહ્યાં છે એ પ્રમાણે મારા ધ્યાનમાં કોઈ પક્ષી માટે આવું કોઈ દવાખાનું કોઈ છે નહિ તો એ દિશામાં મંત્રીશ્રી વિચારવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી વ્યવસ્થા સુરત કરવામાં આવી છે. મહુવા અને કચ્છમાં પણ આ જાતના રક્ષણની વ્યવસ્થા કરવામાં આવનાર છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જુદા જુદા જિલ્લામાં ગીધની વસ્તી છે તો ગાંધીનગર જિલ્લામાં કેટલી વસ્તી છે?

**અધ્યક્ષશ્રી** : દોલતભાઈને એમાં ગીધમાં વિશેષ રસ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં વસ્તી નથી.

## ખંભાત તાલુકામાં વારસાઈ એન્ટ્રીની અરજીઓ

***૧૯૧૨૭ શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) ખંભાત તાલુકામાં તા.૩૧-૦૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વારસાઈ એન્ટ્રી પાડવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી વારસાઈ એન્ટ્રી પાડવામાં આવી છે, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, તેના કારણો શાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૧૦૧૫

(૨) ૧૦૧૫

(૩) શૂન્ય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખંભાત તાલુકામાં જે અરજીઓ આવી એ બધી અરજીઓ મંજૂર કરી પણ કેટલી એન્ટ્રીઓ મંજૂર કરવામાં આવી એ મને જણાવવા કૃપા કરે. બીજું, તાલુકા કક્ષાએ ચોક્કસ સમય માટે એન્ટ્રી માટે કોઈ ઝુંબેશ શરૂ કરવા માગે છે કે નહિ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની એક મોટામાં મોટી સિદ્ધિ એવા આ કાર્યક્રમ ઈ-ધારા પ્રોજેકટ આખા દેશની અંદર કર્ણાટક અને આંધ્રપ્રદેશની સરકારના અધિકારીઓ અહીં આવીને આપણે જે ગુજરાતના પ્રાથમિક દસ્તાવેજો છે એ સમગ્ર ગુજરાત રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી આખા દેશમાં ફકત ગુજરાતમાં કરવામાં આવી છે એના ભાગરૂપે પ્રશ્નના જવાબમાં જોઈ શકાય છે ૧૦૧૫ ખંભાત તાલુકામાં વારસાઈની એન્ટ્રીઓ પાડવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરી પહેલા તલાટી હસ્તલિખિત પ્રથા વર્ષોથી ચાલતી હતી એમાં તલાટી કંઈ ગેરરીતિ કે ખોટી એન્ટ્રી કરતો હતો એનો વર્ષો સુધી નિકાલ આવતો નહતો. રાજ્ય સરકારના આ કાર્યક્રમ દ્વારા

આ જે ખેડૂતોના પ્રાથમિક દસ્તાવેજો છે એમાં વારસાઈ હોય, ફેરફાર હોય એમાં ખૂબજ ઝડપ આવી છે એના ભાગરૂપે સમગ્ર કામગીરી ખંભાતમાં નહિ પણ આખા રાજ્યમાં ચાલી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૧૫ માંથી ૭૮૧ અરજીઓ તો મંજૂર કરવામાં આવી છે અને જે પુરાવાના અભાવે અરજી નામંજૂર અથવા રદ કરવામાં આવી હતી એ પણ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવી છે. સમગ્ર રાજ્યની અંદર આણંદ જિલ્લામાં આ કામ માટે સ્પેશ્યલ વ્યવસ્થા કરવામાં આવી છે. દર સોમવારે આ કામગીરીમાં સંકળાયેલા છે, એ દરેકની દર સોમવારે સાંજે આખા જિલ્લામાં કેટલી ફેરફારની નોંધોની કેટલી અરજી આવી છે એની તબક્કાવાર કઈ રીતે કામગીરી ચાલે છે તેનો રિવ્યૂ કરવામાં આવે છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખંભાત તાલુકાની અંદર ૧૦૧૫ એન્ટ્રી મંજૂર થઈ છે. મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી હું જાણવા માગું છું કે, આ એન્ટ્રીઓ મંજૂર થયા પછી, સર્ટીફાઈડ થયા પછી કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં જે લાંબોગાળો ગયો છે એ કેટલો ગયો છે? ઘણી એન્ટ્રીઓની અંદર બે-બે મહિના સુધી કોમ્પ્યુટરાઈઝેશન પ્રાઈવેટ એજન્સીને આપવાના કારણે નથી થઈ તો આ કિસ્સાની અંદર કેટલી સર્ટીફાઈડ થઈને એ કોમ્પ્યુટરાઈઝેશન થવાની છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે ફેરફાર નોંધની અરજીઓ આવે છે એ સૌ પ્રથમ તલાટી પણ લઈ શકે છે અત્યારે હાલ, અને ઈ-ધારા મામલતદાર ત્યાં તાલુકા કક્ષાએ જઈને પણ આપી શકે છે. જેવી અરજી આ તલાટી દ્વારા અથવા તાલુકા કક્ષાએ મળે, કમ્પ્યુટરમાં એ તરત જ અરજીની નોંધણી થઈ જાય છે. ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ સર્ટિફાઈનો છે, આ કમ્પ્યુટર એવી સિસ્ટમથી કામગીરી કરી રહ્યું છે કે, તાત્કાલિક એની નોંધણી થયા પછી આપોઆપ ૧૩૫-ડીની નોટિસ જનરેટ થાય છે અને એ નોટિસ તલાટીને આપવામાં આવે છે અને તલાટી એ પછી જેણે અરજી કરી છે એના જે લાભાર્થી હોય અથવા એના જે વારસદારો હોય એને આપવામાં આવે છે એટલે ઑટોમૅટીક ૧૩૫-ડીની નોટિસ જે ભૂતકાળમાં તલાટીઓ ઘણાં સમય સુધી ૧૩૫-ડીની નોટિસો નથી આપતા, એટલે ૧૩૫-ડીની નોટિસ આપ્યા પછી ૩૦ દિવસમાં જો એની સામે કોઈ વાંધો ના આવ્યો હોય તો આપોઆપ કમ્પ્યુટરમાં આ સિસ્ટમમાં ઓ.કે. થાય છે એટલે આખી ફૂલ પ્રૂફ સિસ્ટમ છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર :** માનનીય અધ્યયક્ષશ્રી, આજે અમુક જગ્યાએ કમ્પ્યુટરના લીધે કુટુંબમાં બીજાના નામો પેસી ગયા છે તો એને સુધારવા માગો છો કે કેમ? બીજાના નામો આવી જાય છે, મૂળ માલિકના બદલે બીજાના નામો આવી જાય છે એવા ઘણા બનાવો છે આખા ગુજરાતમાં.

**અધ્યક્ષશ્રી . :** નટવરસિંહનો પ્રશ્ન બધાને સમજાયો કે ફરીથી પ્રશ્ન પૂછે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ :** ફરીથી પ્રશ્ન પૂછે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર :** જે મૂળ જમીન માલિકના બદલે બીજા જમીન માલિકો આવી જાય છે એને સુધારવા માગો છો કે કેમ ? મૂળ માલિકના બદલે બીજાના નામો પેસી જાય છે એને સુધારવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ :** આ કમ્પ્યુટરાઈઝ સિસ્ટમ એ જે સારી બાબત છે, એ સારુ પાસું એ છે કે, કોઈ ગમે ત્યારે, ગમે તે રીતે એમાં ચેડા ના કરી શકે, એના ડોકયુમેન્ટના આધારે જ એની એન્ટ્રી પડી શકે એજ આ સિસ્ટમનું જમા પાસું છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા :** હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એમણે એમ કહ્યું કે, આ કમ્પ્યુટરમાં ડેટા ફીડ કરી અને આમાં આવું બનતું નથી તો મેં ખુદ વાંકાનેરમાં ત્રણ એકર જમીન લીધી, મારું નામ મનહરલાલ મકવાણાના બદલે મારી અટક સાગઠીયા કમ્પ્યુટરમાં થઈ ગઈ, એક મહિના સુધી મેં આંટા માર્યા તો એમ કહ્યું કે, ગાંધીનગરથી જી.આર. આવે ત્યારે અરજી કરો ત્યારે તમારું નામ સુધારશે તો આ વસ્તુ સુધારવા માગો છો કે કેમ એમ નટવરસિંહ પૂછવા માગે છે તમને? એના બદલે મારો પોતાનો જ દાખલો છે જે જમીન મારી અને મારું જ નામ સાગઠીયા થઈ ગયું એટલે આ વસ્તુ તમે સુધારવા માગો છો કે કે, એમ નટવરસિંહ પૂછવા માગે છે ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ પ્રશ્નમાં ડાયરૅક્ટ કોઈ સંબંધ નથી પણ કમ્પ્યુટરમાં આવી કોઈ ભૂલ ના થાય એની સિસ્ટમ....

**શ્રી મનહરલાલ મ. મકવાણા :** મારો પોતાનો જ દાખલો છે.

**અધ્યક્ષશ્રી . :** હા, સુધારવું જ પડે, ચાલો પ્લીઝ (અંતરાય) નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક:૧૧.

**અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે શિક્ષિત બેરોજગારોની નોંધણી અને રોજગારી**

***૧૯૦૫૭ ડાૅ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી છે, અને

(૨) આ પૈકી કેટલાને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા છે, તે પૈકી કેટલાને નોકરી આપવામાં આવી છે?

**રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા):**

(૧)

| | |
|---|---|
| અમદાવાદ | ૭૯૯૮૪ |
| સુરત | ૫૪૪૮૩ |
| વડોદરા | ૫૭૮૮૧ |
| કુલ | ૧૯૨૩૪૮ |

(૨) નીચે મુજબ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા.

| | |
|---|---|
| અમદાવાદ | ૧૯૮૭૮ |
| સુરત | ૧૦૬૦૮ |
| વડોદરા | ૨૬૩૬૧ |
| કુલ | ૫૬૮૪૭ |

નીચે મુજબ નોકરી આપવામાં આવી છે.

| | |
|---|---|
| અમદાવાદ | ૨૦૮૬ |
| સુરત | ૨૮૬૦ |
| વડોદરા | ૬૧૦૨ |
| કુલ | ૧૧૦૪૮ |

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, મારા બીજા પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું છે કે, ૫૦૮૪૭ લોકોને ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા અને ૧૧૦૪૮ને નોકરી મળી, તો આ જે સમય છે એ કયા સમયગાળાના અને કયા વર્ષના છે અને મને એમ લાગે છે કે, મારો બીજો પ્રશ્ન એ પૂછવા માગું છું કે, જ્યારે ઔદ્યોગિક વિકાસ આવનારા વર્ષોમાં ગુજરાતમાં ૬ લાખ,૬૦હજાર કરોડનો થવાનો હોય ત્યારે આ રોજગારીની તકો લગભગ કેટલી વધવાની શક્યતા છે ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : આ જે આંકડાઓ ૫૦૮૪૭ ભલામણ કરી અને ૧૧૦૪૮ જેને નોકરી મળી છે એ આંકડા છેલ્લા એક વર્ષના છે અને નવી રોજગારીની જે વાત કરી છે મૂડી રોકાણ આવવાથી એ અંદાજે ૧૨ લાખ જેટલી નવી રોજગારી ઊભી થવાની સંભાવના છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય મંત્રીશ્રીએ પૂછવા માગું છું કે, ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ આ બે વર્ષો દરમિયાન અમદાવાદ, સુરત અને વડોદરામાં કુલ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયા અને એની સામે આ બંને વર્ષોમાં કેટલા આવા લાભાર્થીઓને નોકરી મળી એમાં ખાનગીમાં, સરકારમાં અને સૅમી ગવર્નમૅન્ટમાં કેટલી મળી ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** :માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં એક વર્ષમાં ૨૬૧૦૬ વડોદરામાં ૧૩૦૬૪ અને સુરતમાં ૨૬૬૮૧ની નવી નોંધણી થઈ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કુલ કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયા, એની સામે જે તે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી અને સરકારી, અર્ધ સરકારીમાં કેટલાને અને રોજગારી કેટલાને નોકરી પ્રાપ્ત થઈ?

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન તા.૩૧-૧૨ની સ્થિતિએ ત્રણ જિલ્લાનો પૂછ્યો છે. એટલે છેલ્લા એક વર્ષની માહિતી આપું. કેટલાને સરકારી અને કેટલાને અર્ધસરકારી નોકરી આપી છે અને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ની માહિતી ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ચાર વર્ષમાં ૧૧૦૪૮નોકરી આપી છે તો કેટલાને શિક્ષક તરીકે નોકરી આપી છે, કેટલાને ખાનગી અને કેટલાને સરકારી નોકરી આપી છે એની વિગત આપો.

**શ્રી મુળુભાઈ હ. આયર બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કેટલાને, અર્ધસરકારી કેટલાને એ માહિતી આપું. છેલ્લે ૧૧૦૪૮ નોકરી આપી છે. એમાંથી રાજય સરકારની કુલ ૬૨, કેન્દ્ર સરકારની ૨૬, અર્ધ કેન્દ્ર સરકારી જાહેર સાહસોમાં ૪, લોકલ બોડીમાં ૯, ખાનગીમાં ૧૯૮૫ નોકરી આપી છે. રાજયોમાં છેલ્લા ચાર વર્ષમાં ગુજરાત રોજગારીની દ્રષ્ટિએ પહેલા ક્રમે છે.

**ખેડૂતોના ઊભા પાકને રાની પશુઓ દ્વારા નુકસાન**

***૨૦૨૪૮ શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ખેડૂતોના ઊભા પાકને રંજાડતા રાની પશુઓની હેરાનગતિ રાજય સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ રાની પશુઓના નિયંત્રણ માટે તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું પગલાં લેવા આયોજન કર્યું?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :**

(૧) હાજી.

(૨) રાની પશુઓના નિયંત્રણ માટે એક વર્ષમાં તા.૩૧/૧/૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

(૧) રોઝની વધતી જતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા અને ખસીકરણ કરવામાં પુરતી સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જયાં રોઝથી પાકને વધુ નુકસાની જણાય છે તેવા જુદા જુદા વિસ્તારોમાં ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૦૭૨ હેઠળ નીલગાયનો નિકાલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

(૨) ખેડૂત પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે વર્ષ ૨૦૦૫-૦૬થી સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.

(૩) ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને તેના અવાજો કરીને હલનચલન વાળા ચાડિયા રાખીને રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.

(૪) ખેતીના પાકને થતા નુકસાન સામે પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સમગ્ર રાજયમાં રોઝની વસ્તી કુલ કેટલી છે? એમાં કેશોદ વિધાનસભા ક્ષેત્રમાં રોઝની વસ્તી કેટલી અને રાજય સરકારે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૦૭૨ હેઠળ નીલ ગાયનો નિકાલ કરવાની ૧૫૪૫ સરપંચોને સત્તા આપવામાં આવી છે એમાં મારા વિધાનસભા ક્ષેત્રના કેશોદ અને વંથલી તાલુકાના કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રોઝની કુલ વસ્તી ૯૭૦૦૦ જેટલી છે. તાલુકા પ્રમાણે નહીં પણ જુનાગઢમાં ૫૪૧૩ જેટલા રોઝની વસ્તી છે. કાંટાળી તારની વાડ માટે જુનાગઢ જિલ્લામાં જે કાંઈ મંજૂરી આપી છે એ તાલુકાવાર, ગામો જે છે એમાં આખા ૧૮૪ જિલ્લાની માહિતી છે. ૧૮૪ જેટલા ગામો આવે છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ગૃહમાં છેલ્લા ૩ વર્ષથી આ પ્રશ્ન બહુ ગંભીરતાપૂર્વક ચર્ચાય છે. રાજય સરકારનો ટાઈપ કરેલો જે જવાબ છે વાડની તાર કરવી, ૫૦ટકા મદદ કરવી, સરપંચને સોંપી દેવું આ સિવાય કોઈ નવી વાત આવતી નથી. રાજયમાં ખેડૂતોને આટલો મોટો ત્રાસ છે. રાજય સરકાર આના માટે કોઈ ઠોસ કદમ ઉઠાવવા માગે છે કે કેમ? અને બીજો મહત્ત્વનું મારે કહેવું છે કે મહેસાણા, પાટણ અને સુરેન્દ્રનગરમાં રોઝોની સંખ્યા કેટલી છે એ જણાવવામાં આવે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : સરકાર ખૂબ ગંભીરતાથી આ પ્રશ્નને વિચારણામાં લીધો છે. ભૂતકાળમાં રોઝને હાકારો આપીને ખેતરની બહાર કાઢતા હતા, ત્યારપછી કાંટાળી તારની યોજના આ સરકારે દાખલ કરેલી. શરૂઆતમાં ૨૦ લાખ રૂપિયા જેટલું આયોજન કરેલું અને ગયા વર્ષ પછી ૫૦ લાખનું આયોજન કરવામાં આવે છે અને સાથે જે કઈ સરપંચોને સત્તા આપી છે એ લગભગ ૧૫૪૫ જેટલા સરપંચોને આ રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવી છે. બીજું એમણે કહ્યું કે મહેસાણામાં રોઝ ૩૨૪૦ જેટલા છે, પાટણમાં ૭૨૩૪ જેટલા રોઝ આવેલા છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ભાલમાં વેરાવદળ નેશનલ પાર્ક આવેલ છે, ત્યાં કાળિયાર અને નીલ ગાયની તકલીફ હતી, એની જગ્યાએ ત્રીજું હવે રાની પશું છે. જે ખેડૂતોના પાકને નુકસાન કરે છે એ છે ભૂંડ. મારે આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવું છે કારણ કે આ ભૂંડ નીલગાય અને કાળિયાર કરતા પણ વધારે ખરાબ રીતે પાકને નુકસાન કરે છે. એ જંગલી થઈ જાય છે, એના માટેનો ખાસ સરવે, અભ્યાસ કરી એના ઉપર પ્રયોગ કરી એક ભૂંડનું કપલ વર્ષમાં બે વખત એ જન્મ આપે છે અને ૬-૭ બાળકોને જન્મ આપે છે, એટલે ખૂબ મોટી સંખ્યામાં એ જંગલી ભૂંડ વધે છે. એના માટેનો ખાસ અભ્યાસ કરી, સરવે કરીને અને બીજું ભાલ વિસ્તાર એ પછાત વિસ્તાર છે. ત્યાં આગળ ખેડૂતો માંડ માંડ ખેતી કરે છે, ત્યારે

ભાલ વિસ્તાર માટે અહીંયા યોજના કરવામાં આવી છે, પેટા પ્રશ્ન-૨ માં કહ્યું છે કે એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે, ભાલ વિસ્તારના પછાત ખેડૂતો માટે ૫૦ ટકા કરતા વધારે રકમ માટે વિચારણા કરવા માગો છો કે નહીં? જંગલી ભૂંડ માટે અભ્યાસ, સરવે કરી નિકાલ કરવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :પાકને નુકસાન કરવામાં ભૂંડ પણ આવે છે અને અમારી કાંટાળી તારની વાડની ડિઝાઇન પણ આ ભૂંડને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રોઝના ત્રાસ એ આખાં રાજ્યમાં છે. કોઈ એક જિલ્લામાં નથી. અમારે ત્યાં પણ એટલો જ ત્રાસ છે. વારંવાર રજૂઆત થાય છે તો એ પણ જાણી ગયા છે કે કાંટાળી તારની વાત કરે છે, ખસી કરવાની વાત કરે છે, પણ કાંઈ થયું નથી. આ લોકો નજીક જઈને ભગાડે તો પણ ઊઠતા નથી. રોઝ જાણી ગયું છે કે વર્ષો વર્ષ આ પ્રશ્ન થાય છે. મંત્રીશ્રી આ અંગે કોઈ ઠોસ વિચાર કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આમાં પૂરેપૂરી વિચારણા કરી છે. પગલાં લેવામાં આવી રહ્યાં છે.

## નિકાસ કરતા એકમોને વેટમાંથી માફી

***૧૯૦૦૧ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) શું રાજ્ય સરકારે તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ નિકાસ કરતા એકમોને વેટમાંથી માફી આપી છે, અને

(૨) જો હા, તો આ સ્થિતિએ રિફંડ બાકી હોય એવા કેટલા એકમોને રિફંડ આપવાનું બાકી છે, ક્યારે આપવા આયોજન છે?

**નાણામંત્રીશ્રી :**

(૧) નિકાલ કરતા એકમો દ્વારા નિકાસ કરેલ માલ ઉપર વેટ માફી છે. આવા એકમો દ્વારા નિકાસના હેતુ માટે ખરીદેલ માલ ઉપર ભરેલ વેટનું રિફંડ નિયમોને આધીન મળવાપાત્ર છે.

(૨) ૨૭૩ એકમોને રિફંડ આપવાનું બાકી છે. મળવાપાત્ર રિફંડના ૭૫ ટકા રકમ ઝડપથી મળે તે માટે વેટના નિયમોમાં તાજેતરમાં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રી જણાવે છે કે ૨૭૩ એકમોને રિફંડ આપવાનું બાકી છે. વેટના કાયદાની આજે રાજ્ય સરકારની આવક વધી છે. આજે આવક વધવાનું કારણ હોય તો રિફંડની પ્રક્રિયા છે. કાયદામાં જોગવાઈ છે. આજે ૯-૯ મહિનાથી રિફંડ મળતું નથી, માટે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૨૭૩ એકમો એમાં સમય મર્યાદાની અંદર કેટલા છે અને સમય મર્યાદાની બહાર કેટલા છે અને કેટલી રકમ છે તે પૂછવા માગું છું? ત્રીજો પ્રશ્ન કાયદો કર્યો છે ૭૫ ટકા તાત્કાલિક આ પ્રશ્ન પૂછયો પછી આ કાયદો કરવામાં આવ્યો. બાકીના ૨૫ ટકા ક્યારે આપશો એ નક્કી નથી તો મંત્રીશ્રી આ બાબતમાં જવાબ કહે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વેટના કાયદાની અંદર જે નિકાસ કરતા એકમો છે તેને રિફંડ આપવા માટેની જોગવાઈ તેનું એસેસમેન્ટ થઈ જાય ત્યાર પછી આપવાની વાત છે. પરંતુ આ તો એસેસમેન્ટ થાય પછી બે વર્ષમાં રિફંડ આપવાની વાત છે. પરંતુ આના કારણે વેપાર ઉદ્યોગમાં મુસીબત પડતી હતી. રાજય સરકારે રિફંડ આજે નહીં તો ભવિષ્યમાં આપવાનું છે તે રિફંડ વહેલું મળી જાય એટલા માટે તા. ૧૫-૨-૨૦૦૭ના રોજ એક સરકયુલર બહાર પાડ્યો અને કોઈપણ વેપારી જે નિકાસ કરતો હોય તે વેપારીએ જે માલ પરચેઝ કર્યો હોય તેના પુરાવા આપે તો ૭૫ ટકા રકમ તે જ વખતે આપવાની છે. જ્યારે બાકીના પુરા પુરાવા આપે તો ૧૦૦ ટકા રિફંડ આપવાની વાત છે. આ ૨૭૩ કેસમાંથી ૨૫ કેસમાં તો ૧૦૦ ટકા રિફંડ ચૂકવ્યું છે. બાકીના જે ૨૪૮ કેસ છે તેમાંથી ૮૩ કેસમાં ૭૫ ટકા રિફંડ ચૂકવ્યું છે. ૧૬૫ બાકીના કેસ વધ્યા છે તેમાંથી ૧૫૧ કેસના લોકોએ હજી જે માલ ખરીદ કર્યો છે તેના પુરાવા આપવા જોઈએ તે આપ્યા નથી. ૧૪ કેસ એવા છે કે આ વેપારીઓ એમ કહે છે કે, આ વેપારીઓ સુતરના છે તે કહે છે કે અમે ટોટલ રિફંડ ભેગું લઈશું. અત્યારે અમારે નથી લેવું. કાયદામાં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં પણ બે વર્ષ અગાઉ અમે આપવા માટે થઈને આ સુધારો નિયમ મારફતે કર્યો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિદ્વાન છે માટે કશું કહી ન શકાય. પણ બે વર્ષ કહે છે. દર મહિને તેને રિફંડ લેવાનું હોય, ત્રણ મહિનાની જોગવાઈ છે તે ચકાસજો. ત્રણ મહિનાના સમયમાં આપણે આપી નથી શક્યા. આજે નવ-નવ મહિના થયા છે. ચોક્કસ તમે ચકાસજો. બે વર્ષ તો આખી ફૅક્ટરીનો બધો ધંધો કરે તો પણ ન આપી શકાય. એટલે ૯૦ દિવસની સમય મર્યાદા છે. આપણે આ સમય મર્યાદા બહાર જઈ રહ્યા છીએ. તો વહેલામાં વહેલી તકે મળે તેવું કરવું જોઈએ. મેં પરિપત્ર વાંચ્યો છે અને તેની કોપી પણ મારી પાસે છે. તેમાં આપણે ૨૫ ટકાની જોગવાઈ ફરીથી બતાવતા નથી. આજે કરોડો રૂપિયા વેટના કારણે અટકી રહ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વેપારીના રોકાતા હતા તેમાં એકવાર એસેસમેન્ટ કર્યા પછી ત્રણ મહિનામાં રિફંડ આપવાની વાત છે. પછી તેનું ટોટલ એસેસમેન્ટ જ્યારે થતું હોય ત્યારે પણ આ જે રીતે કર્યુ છે અને આપે જ્યારે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે આ ફાઈલ ચાલતી હતી. ૧૫-૨-૨૦૦૭ના રોજ અને આપનો પ્રશ્ન

૧૫-૨-૨૦૦૭ પહેલાં નોંધાયો હશે. આપણે સુધારો ૧૫-૨-૨૦૦૭ના રોજ કર્યો છે. આપણે તેમાં ત્રણ મહિનાના બદલે પુરાવા આપે તો તુરત જ ૭૫ ટકા આપવાની વાત છે અને પૂરેપૂરું એસેસમેન્ટ થઈ જાય ત્યારે બાકી રહેતા ૨૫ ટકા રકમ આપવાની વાત છે. બધા કેસોની વિગતો આપી છે. આપને ખ્યાલ હશે કે સેલ્સ ટેક્સ કાયદાની અંદર નિકાસ કરનાર વ્યકિતને જે પરચેઝ માલ કર્યો હોય તેના માટે ભરેલો ટેક્સ તેને રિફંડ નથી મળતો. તેમાં વેટના કાયદાની અંદર આપણે આગેવાની લઈ નિકાસ કરતા જે યુનિટો છે તેને પ્રોત્સાહન મળે તેને ખરીદ વેરા ઉપર આપણે રિફંડ આપીએ છીએ. નિકાસ કરે છે તેના માટે ટેક્સ લેતા નથી, કાયદા મુજબ વેચાણ વેરો લઈ શકતા નથી. કાયદા મુજબ ત્રણ મહિના હતા તેના બદલે આપણે ૭૫ ટકા પહેલાં આપવા માટેનો જી.આર. કર્યો છે. બીજા પછી આપવાના છે. કોઈપણ બાકી નહીં રહે. જેટલા કેસ હોય તે કહેજો એકસપીડાઈટ કરાવી દઈશું.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વેટના કારણે ગુજરાત કરતાં બાજુના રાજયમાં ડિઝલ અને પેટ્રોલમાં ચાર થી પાંચ રૂપિયાનો ડીફરન્સ છે તો તે ડીફરન્સ સરખો કરી ગુજરાતના પેટ્રોલ પંપવાળાઓને બચાવવા માગે છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાં નથી આવતો.

## વેટના કાયદામાં સુધારાઓ અંગે

*** ૧૮૯૫૭ શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

(૧) રાજયમાં વેટનો કાયદો અમલી બનાવ્યા પછી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં આ કાયદામાં કેટલા સુધારાઓ કરવામાં આવ્યા, અને

(૨) આવા સુધારાઓ કરવાના કારણો શા છે ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) એક સુધારો કરવામાં આવ્યો. (તા.૨૨.૯.૨૦૦૬)

(૨) કાયદાકીય જોગવાઈઓની વધુ સ્પષ્ટતા સારુ, જોગવાઈઓનું સરળતાથી પાલન થઈ શકે તે માટે, તેમજ કાયદાના અમલની પારદર્શકતા સારું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે વેટના કાયદાને અમલી બનાવ્યા પછી કાયદામાં એક સુધારો કરવામાં આવ્યો છે. તો આ સુધારો કર્યા પછી રાજયમાંથી બીજી કોઈ રજૂઆત સરકારને મળી છે કે હજી વધુ વેટના કાયદામાં અસંગતતા અને વિસંગતતા હોય. અથવા મુશ્કેલી હોય તો એને સુધારવા માટે આ કાયદામાં સુધારા કર્યા ,એ પછી બીજી કોઈ રજૂઆતો મળી છે ? અને જો મળી હોય તો એ માટે સરકારે શું પગલાં લીધાં છે ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વેટનો કાયદો સુધારવો હોય તો, આ વેટનો કાયદો આખાય હિન્દુસ્તાનમાં એક સરખો કાયદો કરવામાં આવ્યો છે. એના કારણે કેન્દ્ર સરકારે તમામ રાજયોના ફાઈનાન્સ મિનિસ્ટરોની એક હાઈ પાવર કમિટીની નિમણૂક કરી છે અને એ જે સુધારો કરવો હોય એ હાઈ પાવર કમિટીમાં કહે જેના કારણે આખા હિન્દુસ્તાનમાં એકસરખો સુધારો થઈ શકે પણ સુધારાના બદલે વહીવટની પ્રોસીજરમાં જે સુધારો કર્યો, હમણાં જ માનનીય સભ્યશ્રીએ રિફંડ આપવા માટેની વાત કરી. આપણે એ રીતે વહીવટમાં કરી શકીએ છીએ અને છતાં પણ આપણે આમાં કાયદામાં જે વાત હતી, છતાંય કાયદામાં આપણે એક રીતે આ એક જે સુધારો કરીને એગ્રીકલ્ચર પ્રોડકટની જે એક્ષ્પોર્ટ કરનારા પાસેથી જે પરચેજની અને એ જે ભરવાની વાત હતી એટલે એગ્રીકલ્ચર પ્રોડકટ માટે થઈને આપણે સ્પેશિયલ સુધારો કર્યો છે એટલા માટે થઈને કે એગ્રીકલ્ચર પ્રોડકટ ઉપર બીજા રાજયોમાં સેલ્સટેકસ લેવામાં આવે છે. ઘઉં ઉપર પંજાબ, દિલ્હીમાં સેલ્સટેકસ લેવામાં આવે છે, આપણે એની સામે વાંધો કર્યો કે અમારા ત્યાં એગ્રીકલ્ચર પ્રોડકટ, ખેડૂતોને અમે જ્યારે રાહતો આપીએ છીએ ત્યારે અમારે ટેક્સ લેવો નથી એટલે એગ્રીકલ્ચર પ્રોડકટ ઉપર જે ખેતપેદાશો હતી એના ઉપર, હોટલ ઉપર લમ્પસમ ટેક્સ લેવાનો કે જે એ ગ્રાહકો પાસેથી વસૂલ ન કરી શકે એવા જે બધા સુધારા કરવાના હતા એ આપણે કર્યા છે અને એને હાઈ પાવર કમિટીમાં કોઈ વિરોધ નથી. વેટની અંદર બધા જે ટેકસના રેઈટ ઓછા કરવાની વાત આવે છે એ રેઈટ આપણે ઓછા કરી શકતા નથી સિવાય કે હાઈ પાવર કમિટી આપણને મંજૂરી આપે તો જ થઈ શકે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૨-૯-૨૦૦૬ના રોજ જે રીતે વેટનો કાયદો સુધાર્યો, એવી રીતે રાજયોમાં પેટ્રોલ-ડિઝલના ભાવ કાબૂમાં રાખવા માટે, ત્યાંની પોતાની સરકારોએ વેટમાં સુધારો કરીને કાયદો બનાવ્યો. ગુજરાત સરકાર આ પેટ્રોલ-ડિઝલના ભાવ કાબૂમાં રાખવા માટે અને બીજા રાજયોની સરખામણીમાં ભાવ જાળવી રાખવા માટે કોઈ સુધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** :માનનીય અધ્યક્ષશ્રી, આમાં ભાવ કાબૂમાં રાખવા કે કોને કાબૂમાં રાખવા એના માટે કાયદો નથી, કાયદો તો કેટલો ટેક્સ લેવો, કેટલા ટકા લેવો એ માટેનો કાયદો છે અને એના માટે રેઈટ નક્કી કરે છે એ આખાય હિન્દુસ્તાનમાં એકસરખા રેઈટ નક્કી કર્યા છે, જે જુદા જુદા રાજયોએ જે ટેક્સમાં ભંગ કર્યો છે અને એની અંદર બીજા રાજયોના લોકો વાંધો ઉઠાવે એટલે હાઈ પાવર કમિટીમાં આની ચર્ચા થાય છે. હાઈ પાવર કમિટી તરફથી એને કહેવામાં આવે કે તમે વેટના કાયદા મુજબ તમે જે સુધારો કર્યો છે એ પાછો ખેંચો, અને એ મુજબ વર્તન કરો અને એ પ્રમાણે વર્તન ન કરે તો, અને જે લોકોએ વધુ છૂટછાટ આપી છે એને કેન્દ્ર સરકાર

સેલ્સટેક્સના કાયદા મુજબ મળતી રકમ અને વેટના કાયદા મુજબ તો એને ઓછી રકમ મળે તો કેન્દ્ર સરકાર એને વળતર પણ ન આપે એટલા માટે તમામ જગ્યાએ જે કાયદો છે એ એકસરખો રહે છે રેઈટ પણ એક સરખા રહે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જે વેટના દરો છે પેટ્રોલ-ડિઝલની પ્રોડકટ ઉપર જે ભાવ વધારો થયો એને compensate કરવા માટે મહારાષ્ટ્ર, આંધ્ર અને દિલ્હીની સરકારોએ એમાં ઘટાડો કરી અને પેટ્રોલમાં લગભગ બે રૂપિયા અને ડિઝલની અંદર લગભગ એક રૂપિયો ભાવ ઘટાડ્યો એ પ્રમાણે વેટના દરોમાં ફેરફાર કરવા માટે કાયદામાં સુધારો કર્યો છે અને આજે પણ એ ચાલુ છે, આપણા સરહદી રાજય મહારાષ્ટ્રમાં અને એટલે જ માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી કે પેટ્રોલ-ડિઝલ આપણા સરહદી રાજયો છે એમાં વેચાણમાં ખૂબ ઘટાડો થયો અને બાજુના રાજયોની અંદર વધારો થયો એને કારણે આપણી આવક પણ ઘટે છે. તો આવો સુધારો લઈને આપણે આવવા માગીએ છીએ કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત હજી ચર્ચા નીચે છે, અમારે પણ હાઈ પાવર કમિટીને પૂછવાનું છે, ભૂતકાળમાં મહારાષ્ટ્રમાં ૩૫-૩૫ ટેક્સ હતો અને આપણા ત્યાં ૨૨ થી ૨૪ ટકા ટેક્સ હતો, આ બે રાજયો વચ્ચે પેટ્રોલ-ડિઝલના ભાવ છે અને એની અંદર discrepancy રહેવાની છે એ પણ અમે કહીએ છીએ આખાય હિન્દુસ્તાનમાં તમામ માટે થઈને રેઈટ કરો, હવે જ્યારે હાઈ પાવર કમિટીની મીટિંગ આવશે ત્યારે અમે કહીશું, એક રાજય ઓછા કરે એના કારણે બીજા રાજયોને અસર થાય છે એવું ન થાય એ માટે અમે પૂરી પૂરી કોશિશ કરીશું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સરકારનું આંતરિક અને બાહ્ય દેવું**

૧૯૧૦૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડિસેમ્બર-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું થયું છે તેમાંથી આંતરિક અને બાહ્ય દેવું કેટલું છે, અને

(૨) આ દેવું ચૂકવવા રાજ્ય સરકારે કોને કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યનું અંદાજે દેવું નીચે મુજબ છે.

**(રૂા. કરોડમાં)**

| | |
|---|---|
| કુલ આંતરિક દેવું | ૬૦૧૪૩.૫૪ |
| કેન્દ્ર સરકારની લોન | ૧૧૫૨૧.૨૬ |
| કુલ જાહેર દેવું | ૭૧૬૬૪.૮૦ |

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭ માં જાહેર દેવા પેટે તા.૩૧.૧૨.૦૬ સુધીમાં નીચે મુજબની વ્યાજની અંદાજે ચુકવણી કરવામાં આવી છે.

**(રૂા. કરોડમાં)**

| | |
|---|---|
| નાણાંકીય સંસ્થાઓ | ૧૩૧.૭૬ |
| નેશનલ સ્મોલ સેવિંગ ફંડ લોન | ૩૦૨૪.૩૧ |
| જાહેર બજારની લોન | ૬૬૦.૮૬ |
| કેન્દ્ર સરકારની લોન | ૬૩૨.૯૮ |

-------------

**ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવામાં અભિપ્રાય અંગે**

૧૯૪૭૧ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં સરકાર દ્વારા ખેતીની જમીન બિનખેતીમાં ફેરવવા માટે જિલ્લાના ચાર મુખ્ય અધિકારીઓનો અભિપ્રાય લેવા માટેનો નિર્ણય કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર ક્યારે અમલમાં મૂક્વા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના દબાણો દૂર કરવા અંગે**

૨૦૨૩૩ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા મામલતદારને તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રસ્તાના દબાણ દૂર કરવાની કેટલી ફરિયાદો મળી, | (૧) ચાર |
| (૨) આ પૈકીની કેટલી ફરિયાદોમાં દબાણ દૂર કરવાના હુકમો કરવામાં આવ્યા, | (૨) બે<br>બે કેસોમાં દબાણ સમજુતીથી દૂર કરાવેલ હોઇ હુકમ કરવાની જરૂરીયાત જણાયેલ નથી. |
| (૩) જે હુકમ કરવામાં આવ્યા તે પૈકીના કેટલા કેસોમાં હુકમનો અમલ કરાવી દબાણ દૂર કરાવવાના બાકી છે અને કેટલા સમયથી, | (૩) શૂન્ય |
| (૪) જે હુકમોનો અમલ બાકી છે તેનો અમલ ન કરાવવાના તથા દબાણ દૂર ન કરાવવાના શાં કારણો છે, | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) હુકમનો અમલ કરાવવામાં વિલંબ કરનાર જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે પગલાં લેવા માંગો છો, અને | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૬) કેટલા સમયમાં હુકમોનો અમલ કરાવી દબાણો દૂર કરાવવામાં આવશે ? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્ય સરકારનું દેવું અને વ્યાજ**

૨૦૨૫૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારનું તા.૩૧-૧-૦૭ ના રોજ કેટલું દેવું છે, | (૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું અંદાજે રૂા.૭૧૩૫૪.૦૩ કરોડ છે. |
| (૨) તા.૩૧-૧-૦૫ થી તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલું દેવું વધેલ છે, | (૨) તા.૩૧-૧-૦૫ થી તા.૩૧-૧-૦૭ સુધીમાં રૂા.૧૪૨૬૦.૦૩ કરોડ દેવું વધેલ છે. |
| (૩) દેવું વધવાના કારણો શાં છે, અને | (૩) (અ) અગાઉથી નિર્ધારીત રીતે કેન્દ્ર સરકારમાંથી રાષ્ટ્રિય નાની બચત ફંડમાંથી, રાજ્ય સરકારને ચોખ્ખા રોકાણ સામે ૧૦૦% ના ધોરણ મુજબ આપવામાં આવતી લોન.<br>(બ) ભૂંકપ રાહત માટે વિશ્વ બેંક તથા એશિયન ડેવલપમેન્ટ બેંક તરફથી આપવામાં આવેલ લોન. |
| (૪) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૧-૦૭ સુધીમાં રાજ્ય સરકારે કેટલું કેટલું વ્યાજ ચૂકવ્યું ? | (૪) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં અંદાજે રૂા.૫૪૫૨.૧૦ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ માં તા.૩૧.૧.૦૭ સુધીમાં અંદાજે રૂપિયા ૪૮૨૬.૨૨ કરોડ વ્યાજ ચુકવવામાં આવ્યું છે. |

-------------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં જમીન સંપાદન**

૧૯૭૯૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં રસ્તાઓ માટે જમીનો સંપાદન કરવાની કાર્યવાહી ચાલે છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી અને ક્યા | (૨) કુલ-૩૭ ગામોની કુલ-૧૧૪-૦૮-૯૯ ચો.મી. |

ગામની જમીનો સંપાદન હેઠળ છે, અને

(૩) સંપાદનની કાર્યવાહી ક્યારે પૂર્ણ થશે ?

જમીન સંપાદન હેઠળ છે.

(૩) જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ માં થયેલ જોગવાઇ અનુસાર કલમ-૪ ની આખરી પ્રસિધ્ધિથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

-------------

**રાજ્યમાં ઓષધિય રોપાઓના ઉછેર**

૨૦૨૪૩ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા ગ્રામ્ય) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં વિવિધ માર્ગો પર રસ્તાને બંને સાઇડે ઓષધિય રોપાઓના ઉછેરની યોજના શરુ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા ઓષધિય રોપાઓનો સમાવેશ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મોરબી તાલુકાના ગામોને મહેસૂલી ગામો તરીકે જાહેર કરવા અંગે**

૨૦૨૨૭ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા** (મોરબી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી તાલુકાના ભરતનગર, લક્ષ્મીનગર, અમરનગર, કૃષ્ણનગર તથા ભક્તિનગરની સ્વતંત્ર ગ્રામ પંચાયતો ક્યારે અસ્તિત્વમાં આવી,

**જવાબ**

(૧)

| ગ્રામ પંચાયતનું નામ | સ્વતંત્ર ગ્રામ પંચાયત તરીકે અસ્તિત્વમાં આવ્યા તારીખ |
|---|---|
| ભરતનગર | તા.૩.૫.૧૯૮૮ |
| લક્ષ્મીનગર | તા.૧૦.૩.૧૯૯૫ |
| અમરનગર | તા.૨૮.૫.૧૯૯૨ |
| કૃષ્ણનગર | તા.૫.૧૧.૧૯૯૮ |
| ભક્તિનગર | તા.૧.૦૫.૨૦૦૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ગામોને મુળ ગામમાંથી અલગ પાડી મહેસૂલી ગામ જાહેર કરવામાં આવ્યા છે કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તેનું રેવન્યુ રેકર્ડ અલગ કરી દેવામાં આવેલ છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો ના, તો કેટલા સમયમાં રેવન્યુ રેકર્ડ અલગ કરી દેવામાં આવશે ? | (૪) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૯૭૬૯ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી છે, | (૧) ૫૬૨૪૬. |
| (૨) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા માટે સરકારે શાં પગલાં વિચાર્યા છે, અને | (૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. |
| (૩) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે ? | (૩) ૧૬૯૪. |

-------------

**રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં ખેત મજૂરોને જમીન ફાળવણી**

૧૮૮૮૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં કેટલા ખેત મજૂરોએ સરકારી ખરાબાની પડતર જમીન ખેતી માટે માંગણી કરેલ, અને | (૧) રાજકોટ - ૩૫૯૬<br>સુરેન્દ્રનગર - ૭૨૮૪<br>કચ્છ - ૪૫૧૩ |
| (૨) તે પેકી કેટલા અરજદારોને ઉપરોક્ત જિલ્લાવાર કેટલી જમીન ખેતીના હેતુ માટે આપવામાં આવી ? | (૨) રાજકોટ - શૂન્ય<br>સુરેન્દ્રનગર - ૧૪૧૨<br>કચ્છ - ૮૨૨ |

-------------

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગણવેશની રોકડ રકમ અંગે**

૨૦૨૪૫ **શ્રી દિપસિંહ શં. રાઠોડ** (પ્રાંતિજ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૦૬ માં અનુ.જનજાતિના ધો. ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની યોજનામાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને રૂા.૧૫૦ રોકડા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કુલ કેટલા રોકડા રૂપિયા ચુકવાયા? | (૨) કુલ રૂા.૧,૦૬,૬૬,૮૦૦/- રોકડા ચૂકવેલ છે. |

-------------

**સુરત શહેરમાં પૂર અન્વયે થયેલ જાનહાની તેમજ વળતર અંગે**

૨૦૨૩૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬ ના વર્ષમાં સુરત શહેરમાં આવેલ પૂરમાં કુલ કેટલી જાનહાનિ થઇ, અને | (૧) ૧૫૭. |
| (૨) કેટલી વળતરની રકમ જાનહાનિ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી ? | (૨) કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૪૯.૦૦ લાખ.<br>રાજ્ય સરકાર દ્વારા રૂા.૩૮.૬૦ લાખ. |

-------------

**રાજ્ય સરકારે દેવું ઘટાડવા લીધેલ પગલાં**

૨૦૨૭૦ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યનું કુલ કેટલું દેવું છે, | (૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું અંદાજે રૂા.૭૧૩૫૪.૦૩ કરોડ છે. |
| (૨) આ દેવું વધવાના કારણો શાં છે, | (૨) (અ) અગાઉથી નિર્ધારીત રીતે કેન્દ્ર સરકારમાંથી રાષ્ટ્રિય નાની બચત ફંડમાંથી, રાજ્ય સરકારને ચોખ્ખા રોકાણ સામે ૧૦૦% ના ધોરણ મુજબ આપવામાં આવતી લોન.<br>(બ) ભૂકંપ રાહત માટે વિશ્વ બેંક તથા એશિયન ડેવલપમેન્ટ બેંક તરફથી આપવામાં આવેલ લોન. |
| (૩) રાજ્યનું દેવું ઘટાડવા રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે, અને | (૩) (અ) શક્ય હોય તેવી લોનોની વહેલી ચુકવણી,<br>(બ) બિન વિકાસલક્ષી ખર્ચ પર નિયંત્રણ રાખી મહેસૂલી ખાધમાં ઘટાડો,<br>(ક) મહેસૂલી ખાધમાં ઘટાડાના આધારે મેળવેલ દેવા માફી. |

(૪) જાહેર દેવા પાછળ પ્રતિ વર્ષ કુલ કેટલું વ્યાજ ચુકવવું પડે છે ?

(૪) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં અંદાજે રૂા.૫૪૫૨.૧૦ કરોડ વ્યાજ ચુકવવામાં આવ્યું હતું.

-------------

**સુરત જિલ્લાના સરસાણા ગામની જમીનના કૌભાંડ અંગે**

૧૯૯૪૧ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરતના કલેકટરશ્રીએ સરસાણા ગામની ૧૦૩ ચો.મી. જમીન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટને વેચી મારી છે, તે હકીક્ત સાચી છે,

(૧) ના, જી, પરંતુ સરકારની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર નવી શરતે ગ્રાંટ કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો અંદાજે રૂપિયા ૧૦૦ કરોડની આ જમીન ચાર કરોડ રૂપિયામાં વેચી મારીને કલેકટરે કૌભાંડ કર્યુ હોવાની ફરીયાદ કોના તરફથી સરકારશ્રીને મળી છે,

(૨) ન્યુ સરસાણા ગામ વિકાસ સેવા ટ્રસ્ટ વતીથી ઉપપ્રમુખશ્રી નગીનભાઇ નેમાભાઇ પટેલ તથા દુલ્લર્ભભાઇ નમલાભાઇ પટેલ રહે. સરસાણા, તા.ચોર્યાસી (હાલ સીટી) તરફથી ફરિયાદ જિલ્લા કલેકટરશ્રીને મળેલ છે.

(૩) આ ફરિયાદમાં કેવા પ્રકારની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે,

(૩) રેકર્ડ તથા નાણાંકીય પ્રકારની.

(૪) આ પ્રકરણમાં સરકાર દ્વારા શું તપાસ કરવામાં આવી છે, અને

(૪) સરકાર કક્ષાએ ફરિયાદ મળેલ ન હોઇ હાલના તબક્કે તપાસનો પ્રશ્ન રહેતો નથી.

(૫) આ સંદર્ભે કસુરવારો સાથે કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે, અગરતો લેવા માંગે છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વણવપરાયેલ રકમ અને ખર્ચ અંગે**

૧૮૯૭૨ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજ્ય સરકારે વર્ષવાર કેટલી રકમ ફાળવી,

(૧) રાજ્ય સરકારે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા.૩૧.૧૨.૨૦૦૬ સુધીમાં નીચે પ્રમાણે રકમ ફાળવી છે.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૬૨.૫૫ |
| ૨૦૦૬-૦૭ (ડિસેમ્બર-૦૬ અંતિત) | ૧૬૯.૪૭ |

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ખર્ચ કરેલ રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૨૬૧.૨૩ |
| ૨૦૦૬-૦૭ (ડિસેમ્બર-૦૬ અંતિત) | ૧૨૨.૧૩ |

(૩) કેટલી રકમ વણવપરાયેલી રહી ?

(૩) વર્ષવાર વણવપરાયેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વણવપરાયેલ રકમ (રૂા.કરોડમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧.૩૨ |
| ૨૦૦૬-૦૭ (ડિસેમ્બર.૦૬ અંતિત) | ૪૭.૩૪ |

-----------

**ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં ઉદ્યોગોને ફાળવેલ જમીન**

૨૦૦૩૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છેલ્લા ત્રણ વર્ષમાં ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૦૬ ની સ્થિતિએ વર્ષવાર વિવિધ ઉદ્યોગોને કેટલી જમીન અને ક્યા ક્યા ભાવે ફાળવવામાં આવી ? | વર્ષ ૨૦૦૪માં હે. ૯૪-૫૫-૪૮ ચો. મી.<br>વર્ષ ૨૦૦૫માં હે. ૩૨૨૧-૫૬-૨૧ ચો. મી.<br>વર્ષ ૨૦૦૬માં હે. ૩૯૬-૦૫-૯૦ ચો. મી.<br>આ જમીન રાજ્ય મૂલ્યાંક્ન સમિતી અને જિલ્લા મૂલ્યાંક્ન સમિતીએ નકકી કરેલ કિંમતે ફાળવવામાં આવી છે. |

-----------

**કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી રકમની વસુલાત**

૨૦૨૫૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** (મુન્દ્રા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ સુધીમાં સિધ્ધિ સિમેન્ટ ક્રાં., અંબુજા સીમેન્ટ ક્રાં., દિગ્વિજય સીમેન્ટ ક્રાં, અને સાંધી સીમેન્ટ ક્રાં, પાસેથી વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, | (૧) સિધ્ધિ સીમેન્ટ ક્રાં. - રૂા. ૬૪૭૬ લાખ<br>અંબુજા સીમેન્ટ ક્રાં. - શૂન્ય<br>દિગ્વિજય સીમેન્ટ ક્રાં. - શૂન્ય<br>સાંધી સીમેન્ટ ક્રાં. - રૂા. ૪ લાખ |
| (૨) વેચાણવેરાની આ બાકી રકમની વસુલાત માટે વિલંબ થવાના કારણો શાં છે, અને | (૨) સિધ્ધિ સીમેન્ટ ક્રાં.ના કેસમાં "આઈફર" ના તા. ૨૧-૧૧-૦૨ના ચૂકાદાના કારણે તથા સાંધી સીમેન્ટ ક્રાં. ના કેસમાં અપીલના મનાઈહુકમના કારણે |
| (૩) વેચાણવેરાની આ બાકી રકમ વસુલવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) (૧) સિધ્ધિ સીમેન્ટ ક્રાં. દર માસે હપ્તાની રકમ ભરે છે.<br>(૨) સાંધી સીમેન્ટ ક્રાં. ના કેસમાં મનાઈહુકમને કારણે વસુલાત કરી શકાતી નથી. |

-----------

**વ્યારા તાલુકાના ટીચકપુરા આર્દશ નિવાસી શાળાના મકાનના બાંધકામ અંગે**

૧૯૭૧૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યારા તાલુકાના ટીચકપુરાની આર્દશ નિવાસી શાળાના મકાનનું બાંધકામ નબળું હોવાની ફરિયાદ ક્યારે ક્યારે સરકારને મળી, | (૧) આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીએ શાળા સંકુલમાં લીકેજ રીપેરીંગ માટે તા. ૨૯-૬-૨૦૦૫ના રોજ તેમજ તા. ૩૦-૧૨-૨૦૦૬ના રોજ છાત્રાલયની દિવાલ તૂટી જવાથી જોખમ હોવા અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વ્યારાનું ધ્યાન દોરેલ હતું. |
| (૨) આ ફરિયાદની બાબતે સરકારે ક્યા ક્યા પગલાં ભરેલ, અને | (૨) આચાર્યશ્રીની તા. ૩૦-૧૨-૨૦૦૬ની રજુઆત અન્વયે નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા. ૬-૧-૦૭ તથા કાર્યપાલક ઈજનેર દ્વારા તા. ૧૬-૧-૦૭ ના રોજ સ્થળ મુલાકાત લઈ જે તે સમયે મરામતની કામગીરીના અંદાજ તૈયાર કરાયેલ અને તાંત્રિક મંજૂરી પ્રદાન કરવાની કાર્યવાહી હાથ ધરેલ હતી. |
| (૩) આ પગલાં ન ભરેલ હોય તો તેનું કારણ શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વ્યારા તાલુકાની ટીચકપુરા આર્દશ નિવાસી શાળા બંધ કરવા મળેલ રજૂઆતો**

૨૦૨૬૬ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વ્યારા તાલુકા ખાતે આવેલ ટીચકપુરા ગામે આદર્શ નિવાસી શાળાનું બાંધકામ | (૧) શાળાનું બાંધકામ સને ૧૯૯૦માં શરૂ કરવામાં આવેલ હતું અને સને ૧૯૯૪માં પૂર્ણ થયેલ હતું. |

ક્યારે થયેલ, અને

(૨) આદર્શ નિવાસી શાળા સંચાલકે વારંવાર રજુઆતો લખેલ હોવા છતાં ક્યા કારણસર જે તે સ્થળ નિરીક્ષણ કરી આ શાળા શા માટે બંધ કરવામાં ન આવી ?

(૨) નિરીક્ષણ સમયે છાત્રાલયના મકાનમાં પ્લાસ્ટરમાં ક્રેક હોવાનું જણાયેલ પરંતુ જે તે સમયે નિરીક્ષણ કરનાર અધિકારીને બાંધકામ પડી જવાની ભીતી ન જણાતા છાત્રાલય બંધ કરવામાં આવેલ ન હતું.

**જૂનાગઢ જિલ્લામાં ૧ કરોડથી વધુ બાકી વેચાણવેરાના એકમો**

૧૯૬૪૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ વેચાણવેરો અને વેટ ટેક્સ મળી એક કરોડ ઉપરની રકમ બાકી હોય તેવા કેટલા એકમો છે, | (૧) ૧૩. |
| (૨) તેમાં વિલંબીત ચુકવણી નીચે કેટલા એકમોએ રકમ ભરવાની થાય છે, અને | (૨) ૧. |
| (૩) આ વસુલાત માટે સરકાર શા પગલાં લેવા માંગે છે ? | (૧) મનાઈહુકમવાળા કેસોમાં મનાઈહુકમનો નિકાલ થયેથી અને શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા/વેટ કાયદા તેમજ જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લેવામાં આવે છે. |

**અમદાવાદ શહેરમાં ગંદા પાણીના નિકાલ અંગે**

૧૯૪૦૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદમાં નરોડા-ઓઢવ-વટવા-મેમ્કો વગેરે ઓદ્યોગિક એકમોમાંથી ગંદા પાણીના નિકાલ ખુલ્લામાં અથવા જાહેર રસ્તા પર કરવા બદલ કેટલા અને ક્યા ક્યા એકમોને નોટીસ પાઠવવામાં આવી, અને | (૧) ગંદુ પાણી ખારીકટ કેનાલમાં છોડતાં નીચેના બે એકમોને નોટિસ પાઠવવામાં આવી છે :-<br>(૧) મેસર્સ તેજલ ડાયસ્ટફ ઈન્ડસ્ટ્રીઝ જી.આઈ.ડી.સી., નરોડા.<br>(૨) મે. જીન્દાલ ટેક્ષો ફેબ. લી. જી.આઈ.ડી.સી., વટવા. |
| (૨) આ અંગે શું શું પગલાં લેવાયાં અને કઇ કઇ કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ અંગે પાણી અધિનિયમ ૧૯૭૪ હેઠળ વીજ પુરવઠો, પાણી પુરવઠો કાપવાની કાર્યવાહી કરવામાં આવી હતી.<br>ભવિષ્યમાં ગંદુ પાણી ન છોડે તે માટે બેન્ક ગેરન્ટી લેવામાં આવી છે. |

-------------

**આદિજાતિ ન્યુ પેટર્ન યોજના હેઠળ ફાળવેલ રકમ**

૧૮૯૪૭ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫-૦૬ ના બજેટમાં આદિજાતિ ન્યુ પેટર્ન યોજના માટે આદિજાતિ વિભાગે કુલ કેટલી રકમની ફાળવણી કરી હતી, અને | (૧) સને ૨૦૦૫-૦૬ના બજેટમાં આદિજાતિ ન્યુ પેટર્ન યોજના માટે આદિજાતિ વિભાગે રૂા. ૨૬૨.૫૦ કરોડની ફાળવણી કરી હતી. |
| (૨) સરકારે કુલ બજેટની કેટલી રકમની મંજૂરી આપી, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) સરકારે કુલ બજેટની રૂા. ૨૬૨.૫૫ કરોડની મંજુરી આપી અને રૂા. ૨૬૧.૨૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. |

-------------

**એક કરોડ કરતાં વધારે વેચાણવેરાની રકમ ચૂકવવાની બાકી હોય તેવા એકમા**

૧૯૩૨૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રૂા. એક કરોડ કરતાં વધારે વેટ આપવા સેલ્સટેક્ષની રકમ બાકી હોય તેવા કુલ કેટલા એકમોની કેટલી રકમ બાકી છે, | (૧) ૬૨૭ એકમો.<br>રૂા. ૬૪૬૮.૩૨ કરોડ. |
| (૨) આ પૈકી હાઈકોર્ટ કે સુપ્રિમકોર્ટમાં કેસ | (૨) ૨૪ એકમો |

ચાલતા હોય અને પડતર હોય તેવા કેટલા એકમોની કેટલી રકમ છે, અને

રૂા. ૨૨૪૫.૧૩ કરોડ.

(૩) બાકી રકમની વસુલાત માટે સરકારે શાં પ્રયાસો કર્યા?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા હેઠળ પગલાં લીધેલ છે.

-------------

**જામનગર સ્થિત રીફાઈનરી દ્વારા કરેલ શરત ભંગ**

૧૯૨૯૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર જુથની જામનગર સ્થિત રીફાઈનરી પ્રોજેક્ટ માટે આપેલી અને શરતભંગ થતાં પાછી લઈ લેવાયેલી ૪૮૧ હેક્ટર જમીન (સરકારી પડતર) કોઈપણ જાતની પૂર્વશરત વિના પાછી આપવા સંચાલકોએ કલેકટરશ્રી જામનગર સમક્ષ ક્યારે દરખાસ્ત કરી, | (૧) તા. ૩૦-૧૧-૦૬થી. |
| (૨) આ કંપનીને કેટલું રીફંડ ક્યારે કેટલા વ્યાજ સાથે ચૂકવી આપવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૫,૧૪,૭૬,૭૫૮/-, તા. ૭-૯-૦૩થી જમીનની કિંમત રીફન્ડ કરેલ છે, કોઈ વ્યાજ ચુકવાયેલ નથી. |
| (૩) આવી શરત ભંગ થયેલ જમીન ફરીથી કોઈપણ પૂર્વ શરત વિનાની માંગણી અંગે સરકારે શો નિર્ણય કરેલ છે? | (૩) બાબત વહીવટીય પ્રક્રિયામાં છે. |

-------------

**સુરત શહેર અને જિલ્લામાં વેટની બાકી રકમ**

૧૯૬૭૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં વેચાણવેરા (વેટ) દ્વારા તા. ૧-૧-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં કેટલી આવક પ્રાપ્ત થયેલ છે, અને | (૧) રૂા. ૨૩૨૭.૦૧ કરોડ. |
| (૨) જે પેકી કેટલા ઉદ્યોગો પાસે કેટલા રૂપિયાનો વેરો બાકીમાં છે? | (૨) આકારણી પૂર્ણ થયા બાદ માહિતી ઉપલબ્ધ થઈ શકે. |

-------------

**ભાવનગર તાલુકાના ઉદ્યોગો દ્વારા દબાણ**

૧૯૩૫૧ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૬ વર્ષ દરમ્યાન ભાવનગર તાલુકામાં ઉદ્યોગો દ્વારા તેમને ફાળવવામાં આવેલ જમીન કરતાં વધુ જમીન પર દબાણ (લેન્ડ ગ્રબીંગ) કર્યુ હોય તેવી ફરિયાદો રાજ્ય સરકારને મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરેલ છે? | (૨) રજુઆત સંદર્ભે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |

-------------

**પાલીતાણા અને ગારિયાધાર તાલુકાની વારસાઈ એન્ટ્રીઓની મળેલ અરજીઓ**

૧૮૭૯૭ **શ્રી મનહરલાલ મ. મકવાણા** (પાલીતાણા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વારસાઈ એન્ટ્રી પાડવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી વારસાઈ એન્ટ્રી પાડવામાં આવી છે, અને

(૩) નામંજુર કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| પાલીતાણા | ૪૭૪ |
| ગારિયાધાર | ૪૦૩ |
| **કુલ...** | **૮૭૭** |

(૨)

| તાલુકાનું નામ | પાડેલ એન્ટ્રીઓ |
|---|---|
| પાલીતાણા | ૪૭૪ |
| ગારિયાધાર | ૪૦૩ |
| **કુલ...** | **૮૭૭** |

(૩) કોઈ અરજી નામંજૂર કરેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પંચમહાલ ડીવીઝન ખાતે વન વસાહત મંડળીઓ દ્વારા કામો શરુ કરવા અંગે**

૧૮૭૪૧ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગના પંચમહાલ ડીવીઝન તથા વાઈલ્ડ લાઈફ વડોદરા ડીવીઝનમાં આવેલ વન વિસ્તારમાં મંડળીઓને વિકાસના કામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી વન વસાહત મંડળીઓ દ્વારા વિકાસના કામો શરુ કરવામાં આવેલ છે અને કેટલી મંડળીઓએ હજી કામો શરુ કરેલ નથી, અને

(૩) જે વન વસાહત મંડળીઓને કામો શરુ કરવાના બાકી છે તેના શાં કારણો છે ક્યાં સુધી કામો શરુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પંચમહાલ જિલ્લામાં આવેલ વન વસાહતના કુલ ૩૦ ગામો પૈકી ૧૮ વન વિકાસ મંડળીઓ મારફત ૨૭ ગામોમાં વન વસાહતના વિકાસની કામગીરી શરુ કરવામાં આવેલ છે. એક મંડળીએ કામ શરુ કરેલ નથી.

(૩) મોજે ગુસર ગામે રચાયેલી વન વિકાસ મંડળીમાં વિવાદ ઉપસ્થિત થવાથી મંડળી દ્વારા કામ શરુ થઈ શકેલ નથી. જ્યારે બાપોટીયા તથા ભુરીવેરી ગામો અભ્યારણ્ય વિસ્તારમાં હોવાથી મંડળી રચાયેલ નથી.

-------------

**રાજ્યમાં જિલ્લા અને શહેરોમાં જંત્રી સુધારણા કાર્યક્રમ**

૧૯૯૯૯ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા** (હળવદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જંત્રી સુધારણા કાર્યક્રમ હેઠળ કેટલા જિલ્લા અને શહેરોની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને

(૨) બાકી જિલ્લાઓ અને શહેરોમાં આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) રાજ્યની સાત મહાનગરપાલિકા વિસ્તાર તથા તેના વિકાસ સત્તામંડળ વિસ્તાર અને ૧૨૪ નગરપાલિકા વિસ્તારની જંત્રી સુધારણાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) સત્વરે,

-------------

**કચ્છ જિલ્લાની કોળી અને દેવી પૂજક જ્ઞાતિને પુનઃ આદિજાતિમાં સમાવવા સમિતિની રચના**

૨૦૧૦૩ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના કોળી અને દેવીપૂજક જાતિને પુનઃ અનુ જનજાતિ-આદિજાતિમાં સમાવેશ કરવા રાજ્ય સરકારે કોઈ સમિતિને સમીક્ષા કરવા નિમણૂંક કરી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સમિતિ કેટલા સમયમાં અહેવાલ આપશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્ય સરકારનું જાહેર દેવું અને વ્યાજ**

૧૯૫૯૩ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ** (ચાણસ્મા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૭ના રોજ રાજ્ય સરકારનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) અંદાજે રૂપિયા ૭૧૬૬૪.૮૦ કરોડ. |
| (૨) દેવા પેટે કેટલી રકમનું વ્યાજ ચૂકવવામાં આવ્યું ? | (૨) નાણાકિય વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અંદાજે રૂપિયા ૪૪૪૯.૯૩ કરોડ વ્યાજ ચૂકવવામાં આવેલ છે. |

-------------

**ડાંગ જિલ્લામાં વૃક્ષો કાપવાના બનેલા બનાવો**

૧૮૮૯૮ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-આહવા વાંસદા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં વૃક્ષો કાપવાના કેટલા બનાવો નોંધાયા, અને | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષો કાપવાના ૧૫૭૦ ગુનાઓ નોંધાયેલ છે. |
| (૨) કેટલા ઈસમોની ધરપકડ કરી કેટલી કિંમતનો માલ જપ્ત કરવામાં આવ્યો? | (૨) કુલ-૩૧૩ ઈસમોની ધરપકડ કરવામાં આવી. કુલ રૂપિયા ૧,૩૯,૭૬,૩૯૪ની કિંમતનો માલ જપ્ત કરવામાં આવ્યો. |

-------------

**વેટના માળખામાં ફેરફાર કરવા અંગે**

૨૦૨૭૨**શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ પાડોશી રાજ્યો મહારાષ્ટ્ર અને રાજસ્થાન કરતા ગુજરાતમાં પેટ્રોલ ડીઝલ મોઘું મળતુ હોવાની હકીક્ત ખરી છે, | (૧) મુંબઈ અને જ્યપુરની સરખામણીએ અમદાવાદમાં ડીઝલ મોંઘું છે. જ્યારે પેટ્રોલ મુંબઈની સરખામણીએ અમદાવાદમાં સસ્તુ અને જ્યપુરની સરખામણીએ મોંઘું છે. |
| (૨) જો હા તો ક્યા કારણોસર ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલની કિંમત વધારે છે, અને | (૨) પેટ્રોલ/ડીઝલની કિંમત એક્સ રીફાઈનરી કિંમત, એક્સાઈઝ, વહન કિંમત, વેટ, સેસ વગેરે આધારે નકકી થાય છે. ઉપરોક્ત કારણોસર પેટ્રોલ / ડીઝલની કિંમતમાં રાજ્યમાં એક સ્થળેથી બીજા સ્થળે અને એક રાજ્યથી બીજા રાજ્યમાં ફેરફાર નોંધાય છે. |
| (૩) પાડોશી રાજ્યોની પેટ્રોલ-ડીઝલની કિંમતની અસમાનતા દૂર કરી રાજ્યના નાગરિકોને સસ્તુ પેટ્રોલ ડીઝલ મળે તે માટે વેટના માળખામાં રાજ્ય સરકાર કોઈ ફેરફારો કરવા માંગે છે કે કેમ? | (૩) જુદા જુદા રાજ્યોમાં પેટ્રોલ/ડીઝલના ભાવોની અસમાનતાનો મુદ્દો હાલ એમ્પાવર્ડ કમીટીમાં વિચારણા હેઠળ છે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પેન્શનપાત્ર કર્મચારીઓની મળેલ અરજીઓ**

૧૯૨૦૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પેન્શન પાત્ર કર્મચારીઓને પેન્શન ચૂકવવાની કેટલી અરજીઓ આવી છે, | (૧) ૬૭૩. |
| (૨) કેટલા અરજદારોને પેન્શન ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો, અને | (૨) ૫૧૫. |
| (૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૩) તા. ૩૧-૧૨-૨૦૦૬ પછી ૪૬ અરજીઓ મંજુર કરેલ છે. બાકી રહેલ અરજીઓનો નિકાલ ઉપસ્થિત કરેલ વાંધાઓની પૂર્તતા કર્યેથી તાકીદે કરવામાં આવશે. |

-------------

**કડી તાલુકામાં ખાદ્ય તેલના ઉત્પાદકો પાસેથી વેચાણવેરાની બાકી વસુલાત**

૧૯૮૨૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકાના કેટલા અને ક્યા ક્યા ખાદ્યતેલના ઉત્પાદકો પાસે વેચાણવેરાની બાકી વસુલાત અંગેની ફરિયાદો સરકારને મળી, | (૧) (૧) રાજા ઈન્ડસ્ટ્રીઝ<br>(૨) એન. કે. પ્રોટીન્સ<br>(૩) હાઈનૂપ ફૂડ<br>(૪) ગુજરાત અંબુજા એક્ષપોર્ટસ |
| (૨) આ ખાદ્યતેલના ઉત્પાદકો પાસેથી કેટલી વેચાણવેરાની વસુલાત કરવામાં આવી, કેટલી રકમ માફ કરવામાં આવી, | (૨) આકારણીમાં ઉપસ્થિત થયેલ માંગણા પૈકી રૂા. ૩૦૧.૯૯ લાખની વસુલાત કરવામાં આવી, કોઈ રકમ માફ કરવામાં આવી નથી. |
| (૩) વેચાણવેરાની વસુલાત બાકી રહેવાના કારણો શાં છે, અને | (૩) એક કેસમાં અપીલનો સ્ટે હોવાથી તથા અન્ય એક કેસમાં બી.આઈ.એફ.આર. સીક યુનિટ હોવાથી. |
| (૪) વેચાણવેરાની ચોરી અટકાવવા આ એકમો સામે શા પગલાં ભર્યા? | (૪) મળેલ ફરીયાદો અન્વયે સ્થળ તપાસની કાર્યવાહી બાદ પાંચ કેસોમાં આકારણીઓ પૂર્ણ થયેલ છે. બાકી વસુલાત અંગે ગુજરાત વેચાણવેરા કાયદા હેઠળ ટાંચ અંગેની તથા જમીન મહેસૂલ કાયદા હેઠળ અંગત મિલ્કત તથા ઓફીસ ઉપર ટાંચ મુકવા અંગેની કાર્યવાહી કરવામાં આવી છે. |

-------------

**વેચાણવેરાની બાકી વસુલાત અંગે**

૧૯૯૦૭ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં છેલ્લા બે વર્ષમાં વેચાણવેરા પેટે સરકારને કેટલા નાણા મળ્યા, અને | (૧) ૨૦૦૪-૦૫ : રૂા. ૮૩૭૦.૪૪ કરોડ.<br>૨૦૦૫-૦૬ : રૂા. ૧૦૬૦૭.૪૭ કરોડ. |
| (૨) બાકી વસુલાત માટેનું શું આયોજન છે ? | (૨) બાકી વસુલાતમાં મનાઈહુકમવાળા કેસોમાં મનાઈહુકમનો નિકાલ થયેથી અને વિલંબીત કર ચુકવણીના કેસોમાં હપ્તો ડયુ થયેથી રકમ વસુલવાની રહેશે.<br>શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા હેઠળ પગલાં લેવામાં આવે છે. |

-------------

**પૂર અતિવૃષ્ટિમાં કેન્દ્ર સરકારની મળેલ સહાય તેમજ વિભાગવાર ખર્ચ**

૨૦૨૩૫ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ | તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ |

અને ૨૦૦૬-૦૭માં પૂર અતિવૃષ્ટિમાં સહાય અર્થે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળેલ છે?

| **ક્રમ** | **વર્ષ** | **રકમ રૂા. (કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | રૂા. ૪૮૮.૮૧૦૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | રૂા. ૭૯૨.૫૫૫૦ |
| | **કુલ...** | **રૂા. ૧૨૮૧.૩૬૫૦** |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઓદ્યોગિક એકમો પાસે વેચાણવેરાની બાકી રકમની વસુલાત અંગે**

૧૯૪૨૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાન, બામણબોર વિસ્તારના ક્યા ક્યા ઓદ્યોગિક એકમો પાસે, તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં સેલ ટેક્ષની કેટલી રકમ બાકી છે,

(૨) તે પેકી કેટલી રકમ વસુલાત માટે કઈ કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) બાકી રકમ વસુલાત ન થવાના ક્યા ક્યા કારણો છે?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) (૧) બાકી રહેતી સઘળી રકમ સામે વસુલાતની કાર્યવાહી કરવામાં આવી છે.

(૨) ઓદ્યોગિક એકમો પાસે વેચાણવેરાની બાકી રકમ વસુલ કરવા માટે ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા અન્વયે કાર્યવાહી કરવામાં આવી છે.

(૩) નામ. હાઈકોર્ટમાં પડતર હોવાને કારણે, ધંધા બંધ હોવાને કારણે, પેઢી/કંપની ફડચામાં ગયેલ હોવાથી-જેવા કારણોસર.

**પત્રક**
**(રૂા. લાખમાં)**

| **થાન** | | | **બામણબોર** | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | એકમનું નામ | બાકી રકમ | ક્રમ | એકમનું નામ | બાકી રકમ |
| ૧. | ગોકુલ સિરામીક્સ | ૧.૦૨ | ૧. | પેરેમાઉન્ટ કેમીક્લ ઈન્ડ. | ૨.૨૮ |
| ૨. | દિપ સિરામીક્સ ઈન્ડ. | ૨.૫૫ | ૨. | પાટીદાર સ્ટીલ ઈન્ડ. | ૧.૭૪ |
| ૩. | સાગર સિરામીક્સ ઈન્ડ | ૨.૫૯ | ૩. | શ્રીજી સ્ટીલ્સ | ૨.૫૦ |
| ૪. | ઉદય સિરામીક્સ | ૧.૪૬ | ૪. | દિનેશ પોલી પ્લાસ્ટ | ૧.૧૭ |
| ૫. | ભવાની ટાઈલ્સ | ૧.૭૫ | ૫. | યોગી સિરામીક્સ ઈન્ડ. | ૪.૬૫ |
| ૬. | વિકાસ સીરામીક્સ | ૧.૨૦ | ૬. | સ્વસ્તિક વુડલેન્ડપ્રા.લી. | ૦.૧૮ |
| ૭. | સનરાઈઝ સીરામીક્સ | ૧૦.૬૨ | ૭. | કમલ ઓઈલ ઈન્ડ. | ૧.૩૯ |
| ૮. | જય રીફ્રેક્ટરીઝસ | ૧.૩૯ | ૮. | હિન્દુસ્તાન ફાસ્ટનર્સ | ૧.૦૦ |
| ૯. | એન્કર સેનેટરીવેર પ્રા. લી. | ૧૧.૭૯ | ૯. | શ્રધ્ધા કેમીકલ્સ | ૧.૪૬ |
| ૧૦. | આશીર્વાદ ટાઈલ્સ પ્રા.લી. | ૧.૩૬ | ૧૦. | સરસ્વતી કેમીકલ્સ | ૩.૩૪ |
| ૧૧. | મેક્ષ સીરામીક્સ ઈન્ડ. | ૨.૧૩ | ૧૧. | ભારત ડ્રમ ઈન્ડ. | ૧.૨૬ |
| ૧૨. | સ્મૃતિ સીરામીક્સ ઈન્ડ. | ૧૨.૪૪ | ૧૨. | ખંડેરીયા એન્જી. વર્કસ | ૨.૪૧ |
| ૧૩. | પ્રકાશ સીરામીક્સ | ૧.૭૭ | ૧૩. | સ્વસ્તિક લેમીનેટ | ૧.૫૦ |
| ૧૪. | રાજદીપ સીરામીક્સ ઈન્ડ. | ૧.૦૦ | ૧૪. | મારવેલ લેમીનેટ | ૧.૫૮ |
| ૧૫. | એલાઈડ પોટરીઝ | ૧.૬૫ | ૧૫. | જાદવજી પ્રેમજી એન્ડ સન્સ | ૧૪.૬૩ |
| ૧૬. | હર્ષદા પોટરીઝ | ૨.૦૧ | ૧૬. | ગાયત્રી સીમેન્ટ એન્ડ કેમી. | ૪.૯૫ |
| ૧૭. | આશાપુરા પોટરીઝ એન્ડ ઈલે. | ૪.૬૨ | ૧૭. | વિરલ ફ્રેમ પ્રા. લી. | ૭.૩૫ |
| ૧૮. | બાવા પોટરીઝ | ૧.૪૦ | ૧૮. | લા મેડીકલ ડીવાસીસ | ૪૪.૬૧ |
| ૧૯. | પરમેશ્વર પોટરીઝ | ૨.૯૭ | ૧૯. | ઓમની ફોર્જીગ્સ | ૩૫.૦૪ |
| ૨૦. | લખતરીયા ફાયરબ્રીક્સ એન્ડ બાઈન્ડીંગ | ૨.૦૧ | ૨૦. | અરિહંત સીમેન્ટ પ્રા.લી. | ૧૫.૮૭ |
| ૨૧. | માતંગ સીરામીક્સ | ૧.૫૩ | ૨૧. | ગેલેક્ષી ડેકોર પ્રા. લી. | ૨.૮૦ |
| ૨૨. | કૃપાલ સીરામીક્સ | ૨.૦૧ | ૨૨. | શ્રી મારુતિ મેટર ઈન્ડ. | ૭.૩૦ |
| ૨૩. | મહાકાલી સીરામીક્સ | ૩.૧૮ | ૨૩. | દિપ પ્લાસ્ટીક ઈન્ડ. | ૫.૨૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪. | સાક્સીયા સીરામીક્સ | ૩.૩૨ | ૨૪. | ભગવતી સ્ટીલ ઈન્ડ. | ૮.૦૨ |
| ૨૫. | પ્રકાશ પોટરીઝ | ૨.૨૮ | ૨૫. | સેટર્ન ફાર્માસ્યુટીક્લ્સ | ૬.૭૨ |
| ૨૬. | નીલકંઠ સીરામીક્સ | ૫.૭૨ | ૨૬. | ડેકોરા ફીટસ એન્ડ કલર પ્રા. | ૩૪૪.૬૩ |
| ૨૭. | થાન પોટરીઝ વર્ક્સ | ૧.૩૯ | ૨૭. | જાદવજી પ્રેમજી એન્ડ સન્સ | ૧૮.૭૯ |
| ૨૮. | આનંદ સીરામીક્સ ઈન્ડ. | ૬.૭૨ | ૨૮. | પાબારી સ્પીનીંગ મીલ પ્રા. | ૩૦૧.૮૬ |
| ૨૯. | ચોઈસ ઈન્ટરનેશનલ | ૬.૧૧ | ૨૯. | ઓમની ફોર્જીંગ પ્રા.લી. | ૩૨.૫૯ |
| ૩૦. | નરેન્દ્ર સીરામીક્સ | ૨૬.૪૯ | | | |
| ૩૧. | શ્રીજી સીરામીક્સ | ૨.૫૬ | | | |
| ૩૨. | પરશુરામ ટેક્નો ટાઈલ્સ લી. | ૩૧.૦૯ | | | |
| ૩૩. | પ્રભાત પોટરીઝ વર્ક્સ | ૧.૦૫ | | | |
| ૩૪. | એન્કર સીરામીક્સ | ૧.૩૮ | | | |
| ૩૫. | અનુપ પોટરીઝ | ૧.૧૨ | | | |
| ૩૬. | અજય પોટરીઝ | ૨.૧૨ | | | |
| ૩૭. | આદર્શ મીનરલ્સ | ૨.૦૩ | | | |
| ૩૮. | એ.એ. ક્લાડીયા | ૧.૬૩ | | | |
| ૩૯. | અંકુર ટાઈલ્સ પ્રા. લી. | ૬.૨૭ | | | |
| ૪૦. | પારસ પોટરી વર્ક્સ | ૩.૮૧ | | | |
| ૪૧. | અલકા થર્મલ ઈન્સ્યુલેશન | ૮.૮૮ | | | |
| ૪૨. | સંદીપ સીરામીક્સ | ૯.૬૩ | | | |
| ૪૩. | પરશુરામ પોટરીઝ વર્ક્સ | ૩૩૫.૯૬ | | | |

-------------

**મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં જમા થયેલ રકમ**

૧૮૮૫૦ **શ્રી શંકરભાઈ વારલી** (ઉંમરગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં કેટલી રકમ જમા થઈ, અને

(૨) તે પૈકી સુરતમાં આવેલ પૂર અન્વયે કેટલી રકમ રાહત પેટે મળી?

**જવાબ**

(૧) રૂા. ૫૧,૨૭,૮૭,૬૩૭/-

(૨) રૂા. ૨૫,૭૯,૩૫,૧૧૮/-

-------------

**વ્યારા તાલુકાના ટીચકપુરા ખાતે આદર્શ નિવાસી શાળાના મકાન તેમજ વળતર અંગે**

૧૯૪૫૮ **શ્રી પુનાભાઈ ધે. ગામીત** (વ્યારા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ટીચકપુરાની આદર્શ નિવાસી શાળાનું મકાન ખૂબજ જર્જરીત અને ભયજનક છે તેવી કેટલી ફરિયાદો આચાર્યશ્રી તરફથી સરકારને છેલ્લા બે વર્ષમાં કઈ કઈ તારીખે તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કરવામાં આવી,

(૨) આ ભયજનક મકાન તા. ૨૬-૧-૦૭ના રોજ તૂટી જતા ૧૧ બાળાઓના મૃત્યુ થયા અને અનેક વિદ્યાર્થીઓ ઘવાયા છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો મૃત્યુ અને ઘાયલ થયેલાઓના વારસદારોને વળતર ચુક્વવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીએ શાળા સંકુલમાં લીકેજ રીપેરીંગ માટે તા. ૨૯-૬-૨૦૦૫ના રોજ તેમજ તા. ૩૦-૧૨-૨૦૦૬ના રોજ છાત્રાલયની દિવાલ તૂટી જવાથી જોખમ હોવા અંગે નાયબ કાર્યપાલક ઈજનેર, વ્યારાનું ધ્યાન દોરેલ હતું.

(૨) હા, જી. ૧૫ વિદ્યાર્થીનીઓને ઈજા થઈ છે.

(૩) (૧) આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલ ૧૧ વિદ્યાર્થીનીઓના વાલી વારસદારોને રૂા. ૧.૦૦ લાખ લેખે સહાય ચુકવેલ છે.

(૨) ઈજાગ્રસ્ત વિદ્યાર્થીનીઓના વાલીઓને રૂા. ૨૫,૦૦૦/- લેખે સહાય ચુકવેલ છે.

(૩) મૃત્યુ પામેલ વિદ્યાર્થીનીઓના વાલી/વારસદારોને વિદ્યાદીપ યોજના હેઠળ રૂા. ૫૦,૦૦૦/- લેખે વીમાની રકમ મેળવવા

માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

-----------

**રાજ્ય સરકારનું દેવું અને વ્યાજ**

૧૯૨૩૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ના રોજ રાજ્ય સરકારનું કુલ દેવું કેટલું છે,

(૨) તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી રકમના દેવા માટે કેટલું વ્યાજ માસવાર ચુકવાયું છે, અને

(૩) દેવું થવાના કારણોમાં બિન-ઉત્પાદક ખર્ચનું પ્રમાણ કેટલું છે ?

**જવાબ**

(૧) અંદાજે રૂપિયા ૭૧૬૬૪.૮૦ કરોડ.

(૨) તા. ૧-૧-૦૬ના રોજ રાજ્ય સરકારનું કુલ જાહેર દેવું રૂપિયા ૬૪૧૬૬.૩૦ કરોડ હતું. જે માટે તારીખ ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં નીચે મુજબ માસવાર વ્યાજ ચૂકવવામાં આવેલ છે.

(રૂપિયા કરોડમાં)

| | |
|---|---|
| જાન્યુઆરી-૦૬ | ૮૬૬.૮૬ |
| ફેબ્રુઆરી -૦૬ | ૨૭૨.૯૫ |
| માર્ચ-૦૬ | ૪૫૩.૬૫ |
| એપ્રિલ-૦૬ | ૯૬૪.૪૫ |
| મે--૦૬ | ૩૧૫.૩૩ |
| જુન-૦૬ | ૪૮૧.૫૩ |
| જુલાઈ-૦૬ | ૨૭૪.૭૫ |
| ઓગસ્ટ-૦૬ | ૬૯૧.૪૫ |
| સપ્ટેમ્બર-૦૬ | ૪૫૪.૭૧ |
| ઓકટોબર-૦૬ | ૩૮૧.૧૯ |
| નવેમ્બર-૦૬ | ૪૫૬.૦૧ |
| ડિસેમ્બર-૦૬ | ૪૩૦.૪૯ |
| કુલ : | ૬૦૪૩.૩૭ |

(૩) રાજ્યની મહેસૂલી આવક આયોજન બહારના ખર્ચ કરતાં વધુ રહેલ છે. રાજ્ય સરકાર માત્ર આયોજન હેઠળના વિકાસના કામોના ખર્ચ પેટે ઉપયોગ અર્થે આયોજન પંચ દ્વારા મંજૂર કર્યા મુજબ દેવા દ્વારા સંસાધનો ઉભા કરે છે.

-------------

**દાહોદ જિલ્લામાં લોકલ ફંડ ઓડીટની કચેરી શરુ કરવા અંગે**

૧૯૮૧૪ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા** (લીંબડી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાની નવી રચના બાદ લોકલ ફંડ ઓડીટ કચેરી તા. ૩૧-૧૨-૦૬ સુધી શરુ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સદર કચેરી કેટલા સમયમાં શરુ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નવી કચેરી શરૂ કરવા માટેની આનુષંગિક કાર્યવાહી જેવી કે મકાન, ફર્નીચર અને સ્ટાફની મંજૂરીની કાર્યવાહી પૂર્ણ થયેથી.

----------

**સાબરકાંઠા જિલ્લામાં વન્ય પ્રાણીઓથી ખેતીને નુકસાન**

૧૯૩૧૨ **ડૉ. દિનેશ પરમાર** (મોડાસા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન્ય પ્રાણીઓથી ખેતી પાકને થતું નુકસાન અટકાવવા તારની વાડ કરવા ખેડૂતો તરફથી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાંથી કેટલી અરજીઓ સરકારને મળી છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વન્ય પ્રાણીઓથી ખેતીના પાકને થતુ નુકસાન અટકાવવા તારની વાડ કરવા ખેડૂતો તરફથી તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નીચે મુજબ અરજીઓ સરકારને

મળી છે.

| અ. નં. | વર્ષ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૨૬૬ |
| ૨ | ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ) | ૧૦૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ કેટલી નામંજૂર થઈ, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર થઈ તથા નામંજૂર થઈ.

| અ. નં. | વર્ષ | મંજૂર થયેલ અરજીઓ | નામંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૧૦ | ૪ |
| ૨ | ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ) | - | - |

(૩) ના મંજૂરના શા કારણો છે ?

(૩) સરકારશ્રીના નિયમોનુસાર આવેલ અરજીઓને અગ્રતાક્રમ આપી વર્ષવાર ઉપલબ્ધ ગ્રાન્ટના પ્રમાણમાં અરજીઓ મંજૂર કરવામાં આવે છે. કાંટાળા તારની વાડની કામગીરી બજેટ મર્યાદામાં કરાવવામાં આવતી હોઈ, અરજીઓ પેન્ડીંગ રહેવા પામેલ છે અને અધૂરાશવાળી કે ક્ષતિપૂર્ણ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

-----------

**આણંદ જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની માંગણીઓ**

૧૯૫૫૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** (ભાદરણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા જમીન અંગેની કેટલી માંગણીઓ આવી, અને

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૫-૦૬ આવેલ માંગણીઓ | વર્ષ ૨૦૦૬-૦૭ આવેલ માંગણીઓ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૪૪૪ | ૧૧૧ |
| ૨ | ઉમરેઠ | ૧૩૪ | ૯૪ |
| ૩ | આંક્લાવ | ૮૬ | ૨૬ |
| ૪ | બોરસદ | ૮૨ | ૧૦૪ |
| ૫ | પેટલાદ | ૫૨૫ | ૨૨૬ |
| ૬ | સોજીત્રા | ૭૭ | ૮૪ |
| ૭ | ખંભાત | ૪૫૬ | ૫૦૦ |
| ૮ | તારાપુર | ૨૭૩ | ૨૬૦ |
| | કુલ : | ૨૦૭૭ | ૧૪૦૫ |

(૨) તે અન્વયે કેટલી માંગણીઓનો નિકાલ થયો, કેટલી માંગણીઓ પડતરમાં છે ?

(૨)

| ક્રમ | તાલુકો | નિકાલ | પડતર |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૫૫ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૨૨૮ | ૦ |
| ૩ | આંક્લાવ | ૧૧૨ | ૦ |
| ૪ | બોરસદ | ૧૮૬ | ૦ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | પેટલાદ | ૭૨૩ | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૫ | પેટલાદ | ૭૨૩ | ૨૮ |
| ૬ | સોજીત્રા | ૧૬૧ | ૦ |
| ૭ | ખંભાત | ૯૪૨ | ૧૪ |
| ૮ | તારાપુર | ૫૩૧ | ૨ |
| | **કુલ :** | **૩૪૩૮** | **૪૪ આ માંગણીઓ ૨૦૦૬-૭ના વર્ષની છે.** |

-----------

**રાજ્યના આદિવાસી વિસ્તારના ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓને સાયકલ આપવા અંગે**

૧૮૯૧૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરસ્વતી સાધના યોજના હેઠળ આદિજાતિના ધોરણ ૮ થી ૧૨ના કુમાર અને કુમારીકાઓ માટે સાયકલો આપવામાં અગાઉ કોઈ આવકનું ધોરણ યોજના શરુ કરી ત્યારે હતું કે કેમ, અને

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પ્રવર્તમાન યોજનામાં કોઈ આવક મર્યાદા નકકી કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) યોજના શરૂ કરી ત્યારે આવકનું કોઈ ધોરણ હતું નહીં.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ પ્રવર્તમાન યોજનામાં ગરીબી રેખા હેઠળના કુટુંબની કન્યાઓને સાયકલ સહાય મળવાપાત્ર છે.

-----------

**ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુક્સાનના વળતર અંગ**

૧૮૭૨૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬માં અતિવૃષ્ટિથી ખેડા જિલ્લામાં થયેલ નુક્સાનમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી રકમ ફાળવી,

(૨) નુક્સાન થયેલ દરેક ગામોમાં સરકારે ક્યા ગામને કેટલી રકમ ફાળવી,

(૩) કેટલા ગામોને કેટલું વળતર ચૂકવવાનું બાકી છે, અને

(૪) તે ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૦૦૬ની અતિવૃષ્ટી માટે રૂા. ૧૦૪૦ લાખની રકમ રાજ્ય સરકાર દ્વારા ફાળવી.

(૨) , (૩) અને (૪) : સહાય વ્યક્તિગત ધોરણે ચુક્વાતી હોઈ પ્રશન ઉપસ્થિત થતો નથી.

-----------

**કચ્છ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓની જમીન ફાળવણી બાબત**

૨૦૦૮૩ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા શૈક્ષણિક/સામાજિક/આરોગ્ય સેવાની પ્રવૃતિના હેતુ માટે સરકારી જમીનની માંગણીઓ નિકાલ થયા વગરની બાકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો કઈ કઈ સંસ્થાની આવી માંગણીઓ કઈ કઈ તારીખે આવી, અને અરજીઓનો નિકાલ ન થવાના કારણો શાં છે, અને

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વર્ષવાર કોને કોને ક્યારે કેટલી જમીન ક્યારે ક્યારે ક્યા ભાવે આપી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જુદી જુદી ૪૨ સંસ્થાની આવી માંગણીઓ જુદી જુદી તારીખે આવેલ છે. જે વહીવટી/ચકાસણી હેઠળ હોવાના કારણોસર નિકાલ થઈ શકેલ નથી.

(૩) ૧૪ સંસ્થાઓને ધોરણસરની મળવાપાત્ર જમીન સરકારની જોગવાઈઓ અનુસાર સક્ષમ કક્ષાએ નક્કી થયેલ ભાવ પ્રમાણે છેલ્લા ૩ વર્ષના સમયગાળા

દરમ્યાન આપી.

-----------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન માથાદીઠ દેવું અને વ્યાજ અંગે**

૨૦૦૬૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૦૭ સુધીમાં સરકારે લીધેલ લોન પેટે માથાદીઠ દેવું અને વ્યાજ કેટલું થાય છે ?

**જવાબ**

માથાદીઠ દેવું અને માથાદીઠ વ્યાજ અંદાજે નીચે મુજબ થાય છે.

| | **૨૦૦૫-૦૬** | **૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧મી જાન્યુઆરી ૨૦૦૭** |
|---|---|---|
| માથાદીઠ દેવું | ૧૨૨૪૮ | ૧૨૮૫૯ |
| માથાદીઠ વ્યાજ | ૯૯૮ | ૧૧૨૫ |

-----------

**તજજ્ઞ સમિતિના અહેવાલ અંગે**

૧૮૭૮૦ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખોટ કરતાં જાહેર સાહસો બંધ કરવા, ખાનગીકરણ કરવું કે મર્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સન-૨૦૦૪માં રચાયેલ તજજ્ઞ સમિતિએ તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં પોતાનો અહેવાલ સરકારને આપ્યો કે નહીં, અને

(૨) જો ના, તો કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) રાજ્યના ખોટ કરતા જાહેર સાહસો બંધ કરવા, ખાનગીકરણ કરવું કે મર્જ કરવા માટે વર્ષ ૨૦૦૪માં રાજ્ય સરકાર દ્વારા કોઈ તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભાવનગર જિલ્લામાં નિકાલ કરેલ વારસાઈ એન્ટ્રીઓની સંખ્યા**

૧૯૧૦૫ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વારસાઈ એન્ટ્રીઓ માટે કેટલી અરજીઓ મળેલ છે, અને

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|
| ભાવનગર ગ્રામ્ય | ૫૪૮ |
| ભાવનગર શહેર | ૧૯ |
| શિહોર | ૩૨૩ |
| ઘોઘા | ૩૧૯ |
| વલ્લભીપુર | ૩૧૮ |
| પાલીતાણા | ૪૪૮ |
| ગારીયાધાર | ૩૯૨ |
| ગઢડા | ૪૮૬ |
| ઉમરાળા | ૨૩૦ |
| બોટાદ | ૩૮૮ |
| તળાજા | ૪૪૫ |
| મહુવા | ૮૭૦ |
| કુલ : | ૪૭૮૬ |

(૨) તે પૈકી કેટલી વારસાઈ એન્ટ્રીઓ પાડી નિકાલ કરેલ છે ?

(૨) ૪૪૫૧

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં રોપાના વાવેતર પાછળ કરેલ ખર્ચ

૧૯૪૭૨ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની કઈ કઈ નર્સરીઓ તથા પ્લાન્ટેશનમાં કેટલા રોપાના વાવેતર જંગલ ખાતાના અલગ અલગ વિભાગોએ કર્યા,

(૨) આ નર્સરીઓ અને પ્લાન્ટેશનો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) શ્રમજીવીઓને કેટલી મજુરી ચુકવી, કેટલા માનવ દિન રોજગારી ઊભી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૬૧ નર્સરીઓમાં ૫૩.૩૦ લાખ રોપા ઉછેરવામાં આવ્યા. તે પૈકી ૪૫.૩૮ લાખ રોપા જિલ્લાના કુલ ૫૮૨ પ્લોટમાં વાવેતર કરવામાં આવેલ હતું.

(૨) રૂા. ૮૫૧.૪૮ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) રૂા. ૫૧૦.૭૭ લાખ મજૂરી ચૂકવવામાં આવી અને ૫૬૮૩૪૩ માનવ દિન રોજગારી ઉભી કરવામાં આવી.

-----------

## પંચમહાલ જિલ્લામાં ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ તેમજ અભ્યાસ કરતા બાળકોની સંખ્યા

૧૯૭૪૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે,

(૨) આ સંસ્થાઓમાં કુલ કેટલા બાળકો ક્યા ક્યા ટ્રેડમાં અભ્યાસ કરે છે, અને

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલાઓને સીવણના ટ્રેડમાં કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) પત્રક - અ મુજબ

(૩) તમામ મહિલાઓને ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે તથા સામાજીક-શૈક્ષણિક રીતે પછાત વર્ગના તમામ તાલીમાર્થીઓને પ્રતિમાસ રૂા. ૨૦૦/- લેખે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

-----------

પત્રક-અ

| ક્રમ | આઈ. ટી. આઈ. નું નામ | વ્યવસાયનું નામ | મંજૂર બેઠકો | ભરાયેલ બેઠકો |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ડ્રાફ્સમેન સીવીલ | ૧૬ | ૧૨ |
| | ગોધરા | ફીટર | ૧૧૨ | ૧૫૩ |
| | ગોધરા | ફીટર (ટ્રાયબલ) | ૧૬ | ૨૧ |
| | ગોધરા | ટર્નર | ૭૨ | ૯૦ |
| | ગોધરા | મશીનીષ્ટ | ૨૪ | ૩૧ |
| | ગોધરા | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક | ૪૮ | ૨૧ |
| | ગોધરા | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક | ૩૨ | ૩૮ |
| | ગોધરા | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (ટ્રાયબલ) | ૧૬ | ૧૪ |
| | ગોધરા | ઈલેક્ટ્રીશીયન | ૮૦ | ૧૧૦ |
| | ગોધરા | ઈલેક્ટ્રીક્શીયન (ટ્રાયબલ) | ૧૬ | ૨૦ |
| | ગોધરા | વાયરમેન | ૮૦ | ૮૦ |
| | ગોધરા | વાયરમેન (ટ્રાયબલ) | ૧૬ | ૧૯ |
| | ગોધરા | મીકેનીક મોટર વ્હીકલ | ૮૦ | ૭૪ |
| | ગોધરા | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪૦ | ૫૩ |
| | ગોધરા | મીકેનીક રેડીયો એન્ડ ટી. વી. | ૩૨ | ૧૯ |
| | ગોધરા | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક (ખાસ અંગભૂત યોજના) | ૧૬ | ૧૪ |
| | ગોધરા | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક (ટ્રાયબલ) | ૧૬ | ૧૩ |
| | ગોધરા | વેલ્ડર | ૨૪ | ૨૮ |

| ક્રમ | આઈ. ટી. આઈ. નું નામ | વ્યવસાયનું નામ | મંજૂર બેઠકો | ભરાયેલ બેઠકો |
|---|---|---|---|---|
| | ગોધરા | વેલ્ડર (ટ્રાયબલ) | ૧૨ | ૧૬ |
| | ગોધરા | મીકેનીક ડીઝલ | ૧૬ | ૧૫ |
| | ગોધરા | મીકેનીક ડીઝલ (ખાસ અંગભૂત યોજના) | ૧૬ | ૧૦ |
| | ગોધરા | મીકેનીક ડીઝલ (ટ્રાયબલ) | ૧૬ | ૧૬ |
| | ગોધરા | પ્લાસ્ટીક પ્રોસીસીંગ ઓપરેટર | ૩૨ | ૨૪ |
| | ગોધરા | ડ્રેસમેકીંગ | ૩૨ | ૧૭ |
| | ગોધરા | ઈન્ફરમેશન ટેક્નોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ | ૪૦ | ૩૭ |
| | ગોધરા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૪૮ | ૫૫ |
| | ગોધરા | સ્ટેનો ક્મ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) | ૧૬ | ૧૯ |
| | ગોધરા | સેન્ટર ઓફ એક્સલન્સ અંતગર્ત (ઈલેક્ટ્રીકલ) | ૯૬ | ૯૯ |
| | **કુલ** | | **૧૦૬૦** | **૧૧૧૮** |
| ૨ | લુણાવાડા | ફીટર | ૯૬ | ૧૧૮ |
| | લુણાવાડા | ઈલેક્ટ્રીશીયન | ૩૨ | ૩૮ |
| | લુણાવાડા | વાયરમેન | ૬૪ | ૬૬ |
| | લુણાવાડા | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪૦ | ૫૦ |
| | લુણાવાડા | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક | ૩૨ | ૩૯ |
| | લુણાવાડા | મીકેનીક ડીઝલ | ૩૨ | ૩૬ |
| | લુણાવાડા | ડ્રેસમેકીંગ | ૩૨ | ૨૪ |
| | **કુલ** | | **૩૨૮** | **૩૭૧** |
| ૩ | પાવાગઢ (ટ્રાયબલ) | ફીટર | ૩૨ | ૩૭ |
| | પાવાગઢ (ટ્રાયબલ) | વાયરમેન | ૩૨ | ૩૩ |
| | પાવાગઢ (ટ્રાયબલ) | મીકેનીક મોટર વ્હીકલ | ૩૨ | ૩૦ |
| | પાવાગઢ (ટ્રાયબલ) | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪૦ | ૫૦ |
| | પાવાગઢ (ટ્રાયબલ) | વેલ્ડર | ૨૪ | ૨૬ |
| | પાવાગઢ (ટ્રાયબલ) | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૩૨ | ૨૬ |
| | પાવાગઢ (ટ્રાયબલ) | પ્લાસ્ટીક પ્રોસીસીંગ ઓપરેટર | ૩૨ | ૭ |
| | **કુલ** | | **૨૨૪** | **૨૦૯** |
| ૪ | શહેરા | ફીટર | ૩૨ | ૪૨ |
| | શહેરા | વાયરમેન | ૩૨ | ૪૦ |
| | શહેરા | વેલ્ડર | ૧૨ | ૧૬ |
| | શહેરા | મીકેનીક ડીઝલ | ૧૬ | ૦ |
| | શહેરા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૧૬ | ૧૪ |
| | શહેરા | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ (ખાસ અંગભૂત) | ૧૬ | ૧૫ |
| | શહેરા | વેલ્ડર (ખાસ અંગભૂત યોજના) | ૧૨ | ૧૪ |
| | **કુલ** | | **૧૩૬** | **૧૪૧** |
| | **કુલ સરવાળો** | | **૧૭૪૮** | **૧૮૩૯** |

--------------

**રાજ્યના ઉદ્યોગોના બોઈલરની તપાસણી**

૨૦૨૬૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ઉદ્યોગોના બોઈલરની તપાસણી તટસ્થ એજન્સી દ્વારા કરવાની વિચારણા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા. ૨૮-૧૨-૨૦૦૬ના જાહેરનામાંથી થર્ડ પાર્ટી ઈન્શપેકશનની વેકલ્પિક વ્યવસ્થા માટે અસરકર્તા વ્યક્તિઓ પાસેથી ૩૦ દિવસની સમય મર્યાદામાં વાંધા

સૂચનો મંગાવેલ હતા. આ બાબત તા. ૧૯-૨-૨૦૦૭ના જાહેરનામાંથી આખરી કરવામાં આવેલ છે.

(૨) જેમાં કઈ કઈ કંપનીઓ દ્વારા આ કામ હાથ ધરવાનું વિચારણા હેઠળ છે ?

(૨) નીચે મુજબની ૧૪ કંપનીઓ દ્વારા કામ હાથ ધરવાનું ઠરાવેલ છે.

(૧) ધી હાર્ડફોર્ડ સ્ટીમ બોઈલર ઈન્શપેકશન એન્ડ ઈન્શપેકશન એન્ડ ઈન્સ્યુરન્સ કંપની.
(૨) મે. એન્જીનીયર્સ ઈન્ડીયા લી.
(૩) મે. આર ડબલ્યુટીયુવી ઈ.વી.
(૪) મે. રોયલ એન્ડ સન એલાયન્સ એન્જીનીયરીંગ.
(૫) મે. જાપાન ઈન્સપેક્શન કંપની લી.
(૬) મે. ઈન્ટરટેક ટેસ્ટીંગ સર્વીસીસ (જાપાન) કે.કે.
(૭) મે. એસ.જી.એસ. કોરીયા કંપની લી.
(૮) મે. બ્યુરો વર્ટીટાસ.
(૯) મે. ડેટ નોર્સકે વર્ટીટાસ.
(૧૦) મે. લોયડસ રજીસ્ટર ઓફ શીપીંગ.
(૧૧) મે. ટેક્નીસ્કેર ઉબેરવંગસ વેરીન.
(૧૨) મે. વેલોસી સર્ટીફીકેશન બ્યુરો લી.
(૧૩) મે. એબીએસજી કન્સલ્ટીંગ ઈન્કલ.
(૧૪) મે. મુડી ઈન્ટરનેશનલ લી.

-----------

**ચેક પોસ્ટોની આવક**

૧૯૦૦૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યની કઈ કઈ ચેક પોસ્ટો પરથી છેલ્લા બે વર્ષમાં કેટલી આવકો પ્રાપ્ત થઈ, અને

(૨) કઈ કઈ ચેક પોસ્ટો પર આવકો ઘટી ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

**પત્રક--૧**

(રકમ રૂ. લાખમાં)

| ક્રમ | ચેક પોસ્ટનું નામ | ૨૦૦૫-૦૬ (૩૧-૧-૦૬ સુધી) થયેલ આવક | ૨૦૦૬-૦૭ (૩૧-૧-૦૭ સુધી) થયેલ આવક |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૮૧.૪૦ | ૧૭.૧૮ |
| ૨ | શામળાજી | ૧૫૩.૭૬ | ૮૩.૯૯ |
| ૩ | ડીસા (ગુંદરી/થાવર) | ૬૫.૦૬ | ૨૨.૬૧ |
| ૪ | થરાદ | ૨૪.૮૨ | ૪.૮૩ |
| ૫ | દાહોદ | ૭૯.૧૧ | ૫૫.૭૪ |
| ૬ | સોનગઢ | ૬૮.૩૧ | ૨૦૭.૭૯ |
| ૭ | ભિલાડ | ૧૭૮.૬૬ | ૮૨.૬૬ |
| ૮ | ચલા | ૦.૦૦ | ૧.૪૨ |
| ૯ | ચણોદ | ૦.૦૦ | ૭.૫૩ |
| ૧૦ | સામખિયાળી | ૦.૦૦ | ૨૭૦.૭૪ |

**પત્રક--૨**

| **ક્રમ** | **ચેક પોસ્ટનું નામ** |
|---|---|
| ૧ | અમીરગઢ |
| ૨ | શામળાજી |
| ૩ | ડીસા (ગુંદરી/થાવર) |
| ૪ | થરાદ |
| ૫ | દાહોદ |
| ૬ | ભિલાડ |

-----------

**રાજ્ય સરકારનું જાહેર દેવું અને વ્યાજની ચૂકવણી**

૧૮૯૫૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) અંદાજે રૂપિયા ૭૧૬૬૪.૮૦ કરોડ |
| (૨) આ દેવા ઉપર કેટલું વ્યાજ ચુકવવાનું છે ? | (૨) જાહેર દેવા પેટે નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં રૂપિયા ૬૨૪૧.૬૩ કરોડ વ્યાજ ચુકવવાનો અંદાજ છે. તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અંદાજે રૂપિયા ૪૪૪૯.૯૩ કરોડ વ્યાજ ચુકવવામાં આવેલ છે. |

-----------

**રાજ્યમાં માથાદીઠ આવક અને દેવું**

૨૦૨૫૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ માથાદીઠ આવક કેટલી છે, અને | (૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ એકંદર ઘરગથ્થું પેદાશ આધારીત માથાદીઠ આવક અંદાજે રૂપિયા ૪૪૨૨૯/- છે. |
| (૨) તેના સામે માથાદીઠ દેવું કેટલું છે ? | (૨) અંદાજે રૂા. ૧૨૮૫૯/- |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં સંપાદન થયેલ જમીન પરત આપવા અંગે**

૧૯૭૯૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં ઉદ્યોગો માટે સંપાદન થયેલ કેટલી ખાનગી જમીનો ક્યારથી વપરાયા વગરની પડી છે, | (૧) બંને જિલ્લામાં ઉદ્યોગો માટે ખાનગી જમીન સંપાદન કરવામાં આવેલ ન હોઈ, વપરાયા વગરની પડી રહેવાનો પ્રશ્ન નથી. |
| (૨) વપરાયા વગરની જમીનો મૂળ માલિકોને પરત આપવા માંગો છો કે કેમ, અને | (૨) પ્રશ્ન રહેતો નથી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

-----------

**મોરબી તાલુકાના મહેન્દ્રનગરના ખાતેદાર ખેડૂતોના વાડા નિયમીત કરવા અંગે**

૨૦૨૨૯ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા** (મોરબી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રજવાડાના સમયથી વાડા વિ. નો કબજો ધરાવતા ખાતેદાર ખેડૂતોને વાડા નિયમિત કરી આપવા સરકારશ્રીની કોઈ નિતિ નીતિ છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) એવી બાબતે મોરબી તાલુકાના મહેન્દ્રનગર ગામની રજુઆત ક્યારે મળી, અને

(૩) આવા વાડાઓ નિયમિત કરી આપવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) તા. ૨૧-૬-૨૦૦૬ અને તા. ૧૫-૮-૨૦૦૬ના રોજ

(૩) વાડાઓ નિયમિત કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

-----------

**રાજકોટ જિલ્લામાં બાળ મજૂરોનું શોષણ અટકાવવા અંગે**

૧૮૮૮૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાળ મજૂરોનું શોષણ થતું અટકાવવા રાજકોટ જિલ્લામાં તાલુકાવાર હોટલો-કારખાના અને ઉદ્યોગોમાં કેટલી વખત ચેકીંગ કરી કેટલા બાળ મજુરોને શોષણ થતા અટકાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાળ મજુરોનું શોષણ થતું અટકાવવા કુલ ૨૧૧૬ વખત હોટલો-કારખાના અને ઉદ્યોગોમાં ચેકીંગ કરી ૯ બાળ શ્રમિકોનું શોષણ થતું અટકાવવામાં આવેલ છે. તાલુકા વાર માહિતી પત્રક-૧માં છે.

(૨) બાળ મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ૭ સંસ્થાઓ સામે નામદાર કોર્ટમાં ફોજદારી કેસો કરવામાં આવેલ છે.

**પત્રક--૧**

**તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ બાળ મજુરોનું શોષણ અટકાવવા રાજકોટ જિલ્લામાં તાલુકાવાર હોટલો-કારખાના અને ઉદ્યોગોમાં લેવામાં આવેલ મુલાકાત/નિરિક્ષણોની વિગત દર્શાવતું પત્રક :-**

| ક્રમાંક | તાલુકાનું નામ | લેવામાં આવેલ મુલાકાત/ નિરિક્ષણો | મળેલા બાળ શ્રમયોગીઓ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૯૦૬ | ૯ |
| ૨ | લોધીકા | ૨૮ | -- |
| ૩ | કોટડા સાંગાણી | ૧૩૯ | -- |
| ૪ | જેતપુર | ૨૬૫ | -- |
| ૫ | ધોરાજી | ૫૬ | -- |
| ૬ | ઉપલેટા | ૨૨૭ | -- |
| ૭ | જામકંડોરણા | ૦૦ | -- |
| ૮ | જસદણ | ૫૧ | -- |
| ૯ | પડધરી | ૮૬ | -- |
| ૧૦ | ગોંડલ | ૫૩ | -- |
| ૧૧ | મોરબી | ૨૦૩ | -- |
| ૧૨ | વાંકાનેર | ૮૧ | -- |
| ૧૩ | માળીયા | ૦૮ | -- |
| ૧૪ | ટંકારા | ૧૩ | -- |
|  | **કુલ** | **૨૧૧૬** | **૯** |

-----------

**વલસાડ જિલ્લામાં ગોચર તથા ખરાબાની જમીનની ફાળવણી**

૧૮૯૭૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે વલસાડ જિલ્લાની ગોચર તથા ખરાબાની જમીન એન.જી.ઓ. તથા કંપની કે વ્યક્તિને છેલ્લા બે વર્ષમાં કેટલી શા ભાવે આપી, અને | (૧) શુન્ય |
| (૨) ક્યા ક્યા હેતુ માટે આ જમીનો ફાળવાઈ છે? | (૨) ઉપસ્થિત થતો નથી. |

-----------

**કચ્છ જિલ્લામાં નાની બચત અન્વયે વિકાસ માટે ફાળવેલ રકમ**

૨૦૦૩૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સન ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭માં વર્ષવાર કચ્છ જિલ્લાના લોકો દ્વારા નાની બચત જેવી વિવિધ બચત યોજનાઓમાં કેટલી રકમની ડીપોઝીટો મળેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ, કચ્છ જિલ્લાના લોકો દ્વારા નાની બચત જેવી વિવિધ બચત યોજનાઓમાં થયેલ વર્ષવાર કુલ રોકાણ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | થયેલ રોકાણ રૂા. |
|---|---|---|
| ૧. | સને ૨૦૦૪-૨૦૦૫ | ૫૭૩.૫૮ કરોડ |
| ૨. | સને ૨૦૦૫-૨૦૦૬ | ૭૦૨.૩૩ કરોડ |
| ૩. | સને ૨૦૦૬-૨૦૦૭ (ડિસેમ્બર-૦૬ અંતિત) | ૪૩૫.૦૮ કરોડ |

**પ્રશ્ન**

(૨) આ ડીપોઝીટોમાંથી કચ્છ જિલ્લાના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી?

**જવાબ**

(૨) નાની બચત યોજનાઓમાં લોકો દ્વારા કરાતા રોકાણોની (નેટ) રકમ કેન્દ્ર સરકારના ભંડોળમાં જમા થાય છે. આ રકમ સામે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ૧૦૦ ટકા પ્રમાણે ફાળવવામાં આવેલ રકમની લોન અન્ય લોનોની સાથે રાજ્યના એકત્રિત ભંડોળમાં જમા થાય છે. આ એકત્રિત ભંડોળના નાણાનો ઉપયોગ રાજ્યના વિકાસ કાર્યોમાં કરવામાં આવે છે. આથી કોઇ જિલ્લા માટે (અહી કચ્છ જિલ્લા માટે) નાની બચત યોજનાઓની લોનમાંથી ફાળવાયેલ ચોક્કસ રકમની વિગત આપવી શક્ય નથી.

-----------

**વ્યારા તાલુકાના ટીચકપુરા આદર્શ નિવાસી શાળાનું મકાન તૂટી ગયા અંગ**

૧૯૭૧૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ટીચકપુરામાં આદર્શ નિવાસી શાળાનું મકાન તૂટી પડ્યું છે તે વાત સરકારના ધ્યાને છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તૂટી પડેલ મકાનમાં કેટલી વિદ્યાર્થીનીઓએ જાન ગુમાવ્યા, અને | (૨) ૧૧ વિદ્યાર્થીનીઓએ જાન ગુમાવ્યા છે. |
| (૩) જે મકાન તૂટી પડેલ છે અને તેમાં વિદ્યાર્થીનીઓના મોત થયા છે તેમાં કોણ જવાબદાર છે? | (૩) સરકાર દ્વારા અકસ્માતના કારણોની તજજ્ઞો દ્વારા તપાસ હાથ ધરી બે માસમાં અહેવાલ રજુ કરવાના હુકમો કરવામાં આવેલ છે. |

-----------

## વલસાડ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૨૦૨૬૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોએ રોજગારી મેળવવા ઉમેદવારી નોંધાવી,

(૧)

| વર્ષ સમય ગાળો | બેરોજગારોએ રોજગારી મેળવવા નોંધાવેલી ઉમેદવારી |
|---|---|
| તા.૧.૨.૦૫ થી ૩૧.૧.૦૬ | ૧૮૬૫૮ |
| તા.૧.૨.૦૬ થી ૩૧.૧.૦૭ | ૧૫૭૯૪ |
| કુલ | ૩૪૪૫૨ |

(૨) તે પૈકી કેટલા ઉમેદવારોને રોજગારી માટે ઈન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા, અને

(૨)

| | ઉમેદવારોને રોજગારી માટે ઇન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા સંખ્યા |
|---|---|
| તા.૧.૨.૦૫ થી ૩૧.૧.૦૬ | ૧૬૪૬૫ |
| તા.૧.૨.૦૬ થી ૩૧.૧.૦૭ | ૧૩૫૯૬ |
| કુલ | ૩૦૦૬૧ |

(૩) તેમાંથી કેટલાને નિમણૂકો આપવામાં આવી?

(૩)

| | નિમણૂંકો આપવામાં આવી સંખ્યા |
|---|---|
| તા.૧.૨.૦૫ થી ૩૧.૧.૦૬ | ૧૪૯૫૫ |
| તા.૧.૨.૦૬ થી ૩૧.૧.૦૭ | ૧૨૨૨૧ |
| કુલ | ૨૭૧૭૬ |

-----------

## ઈ-ધરા અન્વયે સુધારણાની કામગીરી

૧૯૬૪૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઈ-ધરા કાર્યક્રમ અંતર્ગત રહી ગયેલી ભૂલોને સુધારવા માટે રાજ્યમાં પ્રાંત ઓફીસરો દ્વારા જે તે ગામોની મુલાકાતો લઈને રેકર્ડ સુધારણાની કામગીરી રાજ્ય સરકાર હાથ ધરવા વિચારે છે, તે હકીક્ત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યારે?

(૨) આ કામગીરી હાલમાં ચાલુ છે.

-----------

## શિક્ષિત અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી અને રોજગારી

૧૮૯૪૮ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૧) કુલ શિક્ષિત ૭૦૯૩૫૯
કુલ અર્ધશિક્ષિત ૯૪૦૪૪

(૨) આવા બેરોજગારોને રોજગારી મળે તે માટે સરકારે શા પ્રયાસો કર્યા છે?

(૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે.

-----------

**રાજ્યમાં વેટથી થયેલ આવક**

૧૯૩૨૯ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વેટનો અમલ ક્યારથી શરુ થયો,

(૨) અમલ શરુ થયાથી તા. ૩૧-૧-૦૭ સુધીમાં વેટના માધ્યમથી કુલ કેટલી આવક થઈ, અને

(૩) વેટના અમલીકરણમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં મૂળ કાયદામાં કુલ કેટલા સુધારા કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૧-૪-૨૦૦૬ થી.

(૨) રૂા.૧૧,૦૩૪.૬૧ કરોડ (કેન્દ્રીય વેચાણવેરા સહિત)

(૩) નીચે મુજબ બે સુધારા કરવામાં આવ્યા.
તા.૨-૩-૨૦૦૬
તા.૨૨-૯-૨૦૦૬

-----------

**જૂનાગઢ જિલ્લામાં બાળ મજૂરોના શોષણ અંગે**

૧૯૨૯૩ ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારે બાળ મજૂરોના શોષણ અટકાવતા કરેલ કાયદા પછી રાજ્ય સરકારે જૂનાગઢ જિલ્લામાં બાળ મજૂરોના શોષણ અટકાવવા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા બાળ મજૂરોને શોધી કાઢ્યા, અને

(૨) આવા બાળ મજૂરોનું શોષણ કરતા ઈસમો સામે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) ૨૧

(૨) બાળ મજુરોનું શોષણ કરતાં ઇસમો સામે ૪ પોલીસ ફરીયાદો અને ૧૭ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે.

-----------

**સુરત શહેરમાં આઈ.ટી.આઈ. ના અભ્યાસક્રમ**

૧૯૬૭૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૨) જે પૈકી સુરતમાં કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે, અને

(૩) સુરતમાં કેટલી આઈ.ટી.આઈ. માં ક્યા ક્યા પ્રકારના અભ્યાસક્રમો ચાલે છે?

**જવાબ**

(૧) ૧૩૨

(૨) સુરત શહેરમાં ૦૧ સહિત સુરત જિલ્લામાં કુલ ૧૨.

(૩) ઉક્ત ખંડ (૨) મુજબની આઇ.ટી.આઇ. માં મીકેનીકલ, ઓટોમોબાઇલ્સ, ઇલેકટ્રીકલ્સ, ઇલેકટ્રોનિક્સ, કેમીકલ, આઇ.ટી., પ્લાસ્ટીક, ગારમેન્ટ શિવણ, કોમ્પ્યુટર વિગેરે.

-----------

**ભાવનગર અને મહુવા તાલુકામાં ફાળવેલ જમીનમાં ઉદ્યોગ શરૂ કરવા અંગે**

૨૦૨૭૩ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર અને મહુવા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારની મંજૂરી લઈને ઓદ્યોગિક હેતુસર કુલ કેટલા ઉદ્યોગકારોને કેટલી જમીન ફાળવવામાં આવી છે,

(૨) તે પૈકી કેટલા ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરૂ કરેલ નથી, કેટલા સમયથી, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | કેટલા ઉદ્યોગોકાર અને ફાળવેલ જમીન |
|---|---|---|
| ૧. | મહુવા | શૂન્ય |
| ૨. | ભાવનગર | ૩ ઉદ્યોગકારોને ૧,૦૨,૪૪૫ ચો.મી. જમીન. |

(૨) ""શૂન્ય""

(૩) તે અંગે રાજ્ય સરકાર ક્યા પગલાં લેવા ધારે છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**જિલ્લા રોજગાર કચેરી ભાવનગર ખાતે બેરોજગારોની નોંધણી અંગે**

૧૮૭૯૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કુલ કેટલી નોંધણી થઈ છે,

(૨) કેટલા ગ્રેજ્યુએટ બેરોજગારો નોંધાયા છે, અને

(૩) કેટલા પોસ્ટ ગ્રેજ્યુએટ બેરોજગારો નોંધાયા છે?

**જવાબ**

(૧)

| **વર્ષનો સમય ગાળો** | **નોંધણી** |
|---|---|
| તા.૧.૨.૦૪ થી ૩૧.૧.૦૫ | ૮૦૪૦ |
| તા.૧.૨.૦૫ થી ૩૧.૧.૦૬ | ૮૦૮૭ |
| તા.૧.૨.૦૬ થી ૩૧.૧.૦૭ | ૯૬૦૧ |
| **કુલ** | **૨૫૭૨૮** |

(૨) ૫૫૦૫

(૩) ૨૦૯૩

-----------

**કચ્છ જિલ્લાના પારધી જાતિને અનુ. જનજાતિમાં સમાવવા**

**૨૦૧૦૪ શ્રી છબીલભાઈ પટેલ (માંડવી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને કચ્છ જિલ્લાની પારધી જાતિનો અનુ.જનજાતિમાં સમાવેશ કરવાની માંગણી સબબ પુનઃ મુલ્યાંકન, અભિપ્રાય અહેવાલ તા. ૧૮-૨-૦૬ના મળ્યાબાદ સરકારે શી શી કાર્યવાહી કરી, અને

(૨) આ અહેવાલની ચકાસણી બાદ રાજ્ય સરકારે શો અભિપ્રાય આપી ક્યાં દરખાસ્ત પાઠવી?

**જવાબ**

(૧) અને (૨) : અભિપ્રાય અહેવાલ મળેલ છે, જે વિચારણા હેઠળ છે.

-----------

**ડાંગ જિલ્લામાં ભારે વરસાદ અને પુરના કારણે થયેલ નુકસાન**

૧૮૮૯૯ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬માં ડાંગ જિલ્લામાં પડેલ ભારે વરસાદ અને પૂરના કારણે અંદાજે કેટલી રકમનું નુકસાન થયેલ છે, અને

(૨) તે અન્વયે કેટલી રકમ ઘરવખરી-મૃત્યુ સહાય પેટે ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) સને ૨૦૦૬ માં ડાંગ જિલ્લામાં પડેલ ભારે વરસાદ અને પૂરના કારણે અંદાજે રૂા.૧.૭૩ લાખ રકમનું નુકશાન થયેલ છે.

(૨) (અ) ઘરવખરી પેટે રૂા.૦.૦૨ લાખ.

(બ) મૃત્યુ સહાય પેટે રૂા.૦.૫૦ લાખ.

-----------

**આણંદ જિલ્લામાં સંવર્ગવાર આઈ.ટી.આઈ.ના મહેકમ અંગે**

૨૦૨૩૬ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કઈ કઈ સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે, કેટલા સમયથી,

(૨) સંસ્થાવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) વાસદ, ઓગષ્ટ ૧૯૯૩ થી (૨) ખંભાત, ઓગષ્ટ ૧૯૯૩ થી (૩) આણંદ મહિલા, ઓગષ્ટ ૨૦૦૦ થી.

(૨)

| ક્રમ | સંસ્થાનું નામ | મંજૂર | ખાલી |
|---|---|---|---|

| | | થયેલ મહેકમ | જગ્યા |
|---|---|---|---|
| ૧. | આઇ.ટી.આઇ., વાસદ | ૩૪ | ૦૮ |
| ૨. | આઇ.ટી.આઇ., ખંભાત | ૨૩ | ૦૪ |
| ૩. | મહિલા આઇ.ટી.આઇ., આણંદ | ૦૯ | ૦૩ |

(૩) સંસ્થાઓમાં લાંબા સમયથી ભરતી ન થવાથી વિદ્યાર્થી/તાલીમાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે તે હકીકત સાચી છે, અને

(૩) ના, જી.

(૪) જો હા તો મંજૂર મહેકમ ભરવા શા પગલાં લેવામાં આવેલ છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લાના થાન શહેરમાં વેચાણવેરાની ચોરીના ગુન્હા

૧૯૪૩૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાન શહેરમાં તા. ૧-૪-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી સેલટેક્ષની આવક થઈ,

(૨) આ સમયમાં સેલટેક્ષની ચોરીના કેટલા ગુન્હાઓ બન્યા અને કેટલી વસુલાત આવી, અને

(૩) કેટલી વસુલાત બાકી છે?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના થાન શહેરમાં તા.૧.૪.૦૫ થી તા.૩૧.૧૨.૦૬ સુધીમાં સેલ્સટેક્ષ/વેટની રૂા.૫.૮૩ કરોડની આવક થઇ.

(૨) (૧) એક ગુન્હો.
(૨) રૂા.૬૦,૭૦૨/- ની વસુલાત આવેલ છે.

(૩) કોઇ વસુલાત બાકી નથી.

-----------

## વલસાડ જિલ્લામાં વૃક્ષો કાપવાની મળેલ માંગણીઓ

૧૮૮૫૧ **શ્રી શંકરભાઈ વારલી** (ઉંમરગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં જંગલોના વૃક્ષો કાપવાની કેટલી માંગણીઓ આવી, અને

(૨) આવી માંગણીઓ સમયસર મંજૂર કરવામાં આવી છે કે કેમ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં જંગલોના વૃક્ષો કાપવાની કોઇ માંગણી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## વ્યારા તાલુકાના ટીચકપુરા આદર્શ નિવાસી શાળાના હોસ્ટેલના જર્જરીત મકાન

૧૯૪૫૯ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત** (વ્યારા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ટીચકપુરા આદર્શ નિવાસી શાળાની હોસ્ટેલનું મકાન જર્જરીત છે તેવી કેટલી ફરિયાદો ક્યારે ક્યારે સરકારને છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં મળી,અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે આ જર્જરીત હોસ્ટેલની મરામત કામગીરી માટે શા પગલાં લીધા?

**જવાબ**

(૧) આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રીએ શાળા સંકુલમાં લીકેજ રીપેરીંગ માટે તા.૨૯.૬.૨૦૦૫ ના રોજ તેમજ તા.૩૦.૧૨.૨૦૦૬ ના રોજ છાત્રાલયની દિવાલ તૂટી જવાથી જોખમ હોવા અંગે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીનું ધ્યાન દોરેલ હતું.

(૨) આચાર્યશ્રીની તા.૩૦.૧૨.૨૦૦૬ ની રજુઆત અન્વયે નાયબ કાર્યપાલક ઇજનેર તથા કાર્યપાલક ઇજનેર દ્વારા સ્થળ મુલાકાત લઇ જે તે સમયે મરામતની કામગીરીના અંદાજ તૈયાર કરાવેલ અને તાંત્રિક મંજૂરી પ્રદાન કરવાની કાર્યવાહી હાથ ધરેલ હતી.

----------

**આદિજાતિ વિકાસ વિભાગના તાબાની કચેરીમાં વર્ગ-૧ અને ૨ ની ખાલી જગ્યાઓ ભરવા અંગે**

૧૯૨૫૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ નિયામકશ્રી તાબાની કચેરીઓમાં તા. ૩૧-૧૨-૦૬ના રોજ વર્ગ-૧ તથા ૨ ની કુલ કેટલી જગાઓ ખાલી છે, | (૧) વર્ગ-૧ થી ૦૧ જગા.<br>વર્ગ-૨ ની ૨૩ જગા. |
| (૨) આ જગાઓ પ્રમોશનથી ભરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી છે, | (૨) વર્ગ-૧ ની જગા પ્રમોશનથી ભરવાની થતી નથી.<br>વર્ગ-૨ ની કુલ ૧૬ જગા પ્રમોશનથી ભરવાની થાય છે. અધિક્ષક સંવર્ગમાંથી વર્ગ-૨ ની જગા ભરવાની થાય છે. અધિક્ષક સંવર્ગની કામચલાઉ પ્રવરતા યાદીને આધારે બઢતી આપવાની દરખાસ્ત ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવેલ હતી. પરંતુ આયોગે આખરી પ્રવરતા યાદી બહાર પાડયા બાદ દરખાસ્ત કરવા જણાવેલ છે. |
| (૩) આ કાર્યવાહી હાલ ક્યા સ્ટેજે છે, અને | (૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી આખરી પ્રવરતા યાદી બહાર પાડવાના તબક્કે છે. |
| (૪) વિલંબના શાં કારણો છે ? | (૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી અધિક્ષક સંવર્ગની આખરી પ્રવરતા યાદી બહાર પાડવાની કાર્યવાહી ચાલુ છે. |

-----------

**રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની નોંધણીની સંખ્યા તેમજ રોજગારી અંગે**

૧૮૯૧૪ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૭૦૯૩૫૯. |
| (૨) વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન કેટલા શિક્ષિત બેરોજગાર નવા નોંધાયા? | (૨) વર્ષ ૨૦૦૪-૦૫ ૧૪૪૬૦૩.<br>વર્ષ ૨૦૦૫-૦૬ ૧૫૦૭૩૨. |

-----------

**સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન અધિકારી રાજકોટની કચેરી દ્વારા ૩૨-ક હેઠળ નિકાલ કરેલ કેસો તેમજ આવક અંગે**

૧૮૭૮૧ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન અધિકારીની કચેરીમાં છેલ્લા ૩ વર્ષ દરમ્યાન ૩૨-ક માં કેટલા દસ્તાવેજો સ્ટેમ્પ ડયુટી નક્કી કરવા માટે, સબ રજીસ્ટ્રાર અધિકારીએ મોકલ્યા, | (૧) ૯૦૫૬. |
| (૨) સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન અધિકારીએ તે પૈકી કેટલા દસ્તાવેજોનો નિકાલ કર્યો અને કેટલી કિંમતની સ્ટેમ્પ ડયુટી વસુલવામાં આવી, | (૨) ૨૧૧૨ દસ્તાવેજો<br>રૂા.૧,૮૪,૯૪,૮૧૪/- |
| (૩) સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં એમનેસ્ટી સ્કીમ હેઠળ કેટલા દસ્તાવેજોનો નિકાલ થયો તેમાંથી રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઈ, અને | (૩) ૧૫૪૮<br>રૂા.૭૩,૦૫,૩૨૧/- |
| (૪) આ સ્થિતિએ કેટલા દસ્તાવેજો નિકાલ થયા વગરના પડતર છે? | (૪) ખંડ (૧) માં દર્શાવેલ દસ્તાવેજોના સંદર્ભમાં ૬૯૪૪. |

-----------

## ગઢડા અને ઉમરાળા તાલુકામાં રહેણાંકી મકાનોની સનદો અંગે

૧૯૧૦૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકામાં રહેણાંકી પ્લોટોની / મકાનોની કેટલી સનદો તા. ૩૧.૧૨.૦૬ની સ્થિતિએ આપવાની બાકી છે,

(૨) કેટલા સમયમાં તે આપવામાં આવશે, અને

(૩) સમયસર સનદો નહીં આપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સીટી સરવે વિસ્તાર ગઢડાની ૯૫ અને ઉમરાળાની ૬૭ સનદો આપવાની બાકી છે.

(૨) મિલકતદારો સનદની ફી ભરે કે તુરત જ આપવામાં આવશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## જૂનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૮૯૫૯ **પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની કેટલી સંખ્યા રોજગાર વિનીમય કચેરીમાં નોંધાયેલ છે, તે પેકી પાંચ કે વધુ વર્ષથી નોંધાયેલા હોય તેવા બેરોજગારોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧.૧૨.૦૬ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત-અર્ધશિક્ષિત બેરોજગારોની સંખ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧. | ભેંસાણ | ૬૩૯ | ૬૬ |
| ૨. | જૂનાગઢ | ૯૬૨૦ | ૨૪૪૩ |
| ૩. | કોડીનાર | ૨૭૧૦ | ૧૮૦ |
| ૪. | કેશોદ | ૩૨૯૮ | ૪૨૮ |
| ૫. | મેંદરડા | ૧૦૭૧ | ૧૦૭ |
| ૬. | માંગરોળ | ૩૪૭૮ | ૩૭૩ |
| ૭. | માળીયા હાટીના | ૨૦૭૯ | ૨૦૪ |
| ૮. | માણાવદર | ૨૪૩૦ | ૨૯૨ |
| ૯. | સુત્રાપાડા | ૯૨૫ | ૫૦ |
| ૧૦. | તલાલા | ૧૪૪૪ | ૨૧૦ |
| ૧૧. | ઉના | ૨૨૩૮ | ૧૪૯ |
| ૧૨. | વંથલી | ૧૬૮૧ | ૨૪૧ |
| ૧૩. | વેરાવળ | ૨૮૧૫ | ૪૬૬ |
| ૧૪. | વિસાવદર | ૧૧૩૫ | ૧૭૨ |
| | કુલ | ૩૫૫૬૩ | ૫૩૮૧ |

તે પેકી પાંચ કે વધુ વર્ષથી નોંધાયેલા હોય તેવા બેરોજગારોની સંખ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ભેંસાણ | ૧૮૭ | ૩૨ | ૨૧૯ |
| ૨. | જૂનાગઢ | ૨૦૧૭ | ૭૧૬ | ૨૭૩૩ |
| ૩. | કોડીનાર | ૫૭૪ | ૨૧ | ૫૯૫ |
| ૪. | કેશોદ | ૧૦૦૨ | ૧૪૫ | ૧૧૪૭ |
| ૫. | મેંદરડા | ૩૦૬ | ૫૩ | ૩૫૯ |
| ૬. | માંગરોળ | ૧૧૨૦ | ૧૭૮ | ૧૨૯૮ |
| ૭. | માળીયા | ૫૬૭ | ૯૧ | ૬૫૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | હાટીના | | | |
| ૮. | માણાવદર | ૮૮૪ | ૧૪૫ | ૧૦૨૯ |
| ૯. | સુત્રાપાડા | ૨૦૧ | ૧૧ | ૨૧૨ |
| ૧૦. | તલાલા | ૨૭૧ | ૬૧ | ૩૩૨ |
| ૧૧. | ઉના | ૫૯૬ | ૬૧ | ૬૫૭ |
| ૧૨. | વંથલી | ૪૯૩ | ૧૦૯ | ૬૦૨ |
| ૧૩. | વેરાવળ | ૫૩૩ | ૧૦૩ | ૬૩૬ |
| ૧૪. | વિસાવદર | ૨૯૮ | ૭૭ | ૩૭૫ |
| કુલ.. | | ૯૦૪૯ | ૧૮૦૩ | ૧૦૮૫૨ |

(૨) આવા બેરોજગારોને રોજગારી આપવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ઓદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવી રોજગારી આપવાનું આયોજન છે.

-----------

## રાજ્ય સરકારનું જાહેર દેવું અને વ્યાજ

૧૯૩૩૦ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૩ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલા રૂા. હતું તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આવુ જાહેર દેવું કેટલા રૂા. થયું. અને

(૨) તા. ૧-૪-૦૩ થી તા. ૩૧-૩-૦૬ના સમય દરમ્યાન તેના વ્યાજ પેટે અને દેવા પેટે કુલ કેટલી કેટલી રકમ ચૂકવી?

**જવાબ**

(૧) તા.૩૧.૩.૦૩ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું રૂા.૪૦૭૯૪.૩૮ કરોડ હતું. તા.૩૧.૧.૦૭ની સ્થિતિએ આવું જાહેર દેવું અંદાજે રૂા.૭૧૩૫૪.૦૩ કરોડ થયું છે.

(૨) તા.૧.૪.૦૩ થી તા.૩૧.૩.૦૬ ના સમય ગાળામાં મુદ્દલ પેટે અંદાજે રૂા.૧૨૨૮૦.૮૩ કરોડ અને આ સમયગાળામાં વ્યાજ પેટે અંદાજે રૂા.૧૫૯૯૩.૧૪ કરોડની ચુકવણી કરવામાં આવી છે.

## કચ્છ જિલ્લાના અનામત જંગલો/અભ્યારણ્યોની હદ અંગે

૨૦૧૦૫ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા અનામત જંગલો અને અભ્યારણ્યની હદ ઘટાડવા ક્યા ક્યા હેતુ માટે દરખાસ્તો કરવામાં આવી છે,

(૨) આ દરખાસ્તો ક્યા ક્યા તબક્કે છે, અને

(૩) ક્યા ક્યા અનામત જંગલ/અભ્યારણ્યની હદ ઘટાડવામાં આવનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧.૧.૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનામત જંગલો અને અભ્યારણ્યોની હદ ઘટાડવા માટે કોઇ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ઉમરગામ તાલુકામાં આદિવાસી ભવનની કામગીરી

૧૮૮૫૨ **શ્રી શંકરભાઈ વારલી** (ઉમરગામ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આદિવાસી ભવન ક્યારે મંજૂર કરવામાં આવ્યું અને તેનું ખાત મુહૂર્ત ક્યારે કરવામાં આવ્યુ, અને

(૨) ખાત મુહૂર્ત કર્યા પછી આ સ્થિતિએ ભવનની બાંધકામ કામગીરી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) ઉમરગામ તાલુકાના ઘોડીપાડા ગામે તા.૩૦.૩.૨૦૦૦ ના રોજ આદિવાસી ભવન મંજૂર કરવામાં આવેલ છે અને તેનું ખાતમુહૂર્ત તા.૧૩.૯.૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ હતું.

(૨) આ કામ માટે અપૂરતી નાણાકીય જોગવાઇને કારણે ભવનની બાંધકામની કામગીરી શરૂ થઇ શકેલ નથી.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ સર્વિસીસ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક વહિવટી અહેવાલ

**શ્રી મૂળુભાઈ બેરા (રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

### નાણાં વિભાગની અધિસૂચના

**શ્રી વજુભાઈ વાળા (નાણાંમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગની સન ૧૯૭૬ના ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની તારીખ ૨૦-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૧૦૨) પીએફટી-૨૦૦૬(એસ-૨૭)(૧)(૧૦)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

### વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી દિલીપસિંહ વ. પરમાર (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતી રાજ સમિતિનો પાંચમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### વિધેયકો દાખલ કરવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં આજે જે બિલ મૂકવામાં આવી રહ્યું છે એનું પહેલું વાચન થાય એ પહેલા મારો એક પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૨૧ (ખ) છે એ બહુ સ્પષ્ટ છે કે, દાખલ કરવાનું વિધેયક જે દિવસની કામકાજની યાદીમાં બતાવ્યું હોય તે દિવસની કામકાજની યાદીની સાથે એક જુદા પરબિડિયામાં આવા વિધેયકની નકલ મૂકીને સદરહું વિધેયક સભાગૃહમાં દાખલ થાય તે પહેલા તેમાંની વિગતો જાહેર ન થાય તેની કાળજી રાખવાની સૂચના સાથે દરેક સભ્યશ્રીને મોકલવામાં આવશે. આપણે આ બિલો વિધાનસભાની અંદર ૨૨મી તારીખે દાખલ થયા અને બાકીના બિલો ૨૩મી તારીખે દાખલ થયા, ૨૧મી તારીખે જયારે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી ત્યાં સુધી ૩ બિલો તો કામકાજ સલાહકાર સમિતિના સભ્યશ્રીઓને પણ આપવામાં આવ્યા ન હતા અને સભ્યશ્રીઓને જો આ બિલ આપવામાં ન આવ્યા હોય તો આ બિલ એ પ્રકારના છે કે જે ૭ બિલોમાંથી એક બિલની ચર્ચા થઈ ચૂકી છે. આ ૬ બિલો છે એમાં પહેલું, બીજું અને ત્રીજું વાચન કરવાનું બાકી છે. આ બિલ સમાજના મોટા વર્ગને કોઈકને કોઈક જગ્યાએ ફાયદો અપાવનારું હશે તો કોઈક જગ્યાએ નુકસાન કરનારું હશે. કોઈને કોઈ બિલની અસર સમાજના જુદા જુદા વર્ગ ઉપર રહેવાની છે, અને જયારે સમાજ ઉપર એની અસર રહેવાની હોય ત્યારે આ બિલની વિચારણા ખૂબ કાળજીપૂર્વક રીતે કરવી જોઈએ. સૌથી પહેલાં જે સભ્યશ્રીઓ હોય, જે આ વિશાળ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ છે એણે એનો કાળજીપૂર્વકનો પોતે અભ્યાસ કર્યો હોવો જોઈએ. એટલે એને અભ્યાસ કરવા માટે પૂરતો સમય આપવો જોઈએ અને એના પછી આ બિલના જે નિષ્ણાતો છે અને આ બિલની જેના પર અસર થવાની છે એ વર્ગના લોકો છે એ બિલોની અસરો શું થવાની છે એનો અભ્યાસ પણ સભ્યશ્રીઓ કરી અને એમનો અવાજ ગૃહની અંદર રજૂ કરી એના અભિપ્રાયો એમણે આપવા જોઈએ અને એમાં સભ્યશ્રીઓને એવું લાગે કે આ બિલની અંદર કોઈ જે કલોઝીસ છે એમાં સુધારો કરવો જરૂરી છે તો સુધારા કરવા માટેનો પણ પૂરો સમય હોવો જોઈએ. એના માટેનો નોટિસ પિરિયડ પણ પૂરો હોવો જોઈએ. આ તમામ

નિયમોની જે જોગવાઈઓ છે એના નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવું જોઈએ અને માત્ર લૅટરની અંદર નહિ, એના સ્પિરિટની અંદર, એની ભાવનાની અંદર પણ એનું પાલન થવું જોઈએ.

૧૨૧(ખ) નું પણ પાલન નથી થયું મેં આજે સવારે આપને પત્ર પણ આપ્યો છે કે જે બિલો ૨૧મી તારીખે અપાયા છે અને બાકીના બિલો બાવીસમી તારીખે અપાયા છે, ત્રણ વાચન કરવાના જે નિયમો છે. નિયમ ૧૩૦ છે એ તરફ પણ હું આપનું ધ્યાન દોરવા માગું છું. ૧૩૦(૧) એમ કહે છે કે, વિધેયક રજૂ કરવામાં આવે ત્યારે અથવા પછી કોઈ પ્રસંગે પ્રભારી સભ્યશ્રી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે એવો પ્રસ્તાવ રજૂ કરી શકશે, પરંતુ જે દિવસે પ્રસ્તાવ લાવવાનો હોય તેના ચાર કામકાજના દિવસ.. હું અહીંયા કહેવા માગું છું કે, કામકાજના દિવસો પહેલાં વિધેયકની નકલ તેના અનુવાદ સહિત દરેક સભ્યશ્રીને રવાના કરવામાં આવી ન હોય ત્યાંસુધી આવો પ્રસ્તાવ લાવી શકાશે નહિ સિવાય કે અધ્યક્ષશ્રી તે વહેલો લાવવાની પરવાનગી આપે. એટલે આ કામકાજના જે ચાર દિવસો છે એ પણ મહત્ત્વના છે અને જ્યારે દાખલ કરે એની પહેલાંના બે દિવસ પણ ખૂબ મહત્ત્વના છે અને આ છ દિવસ સિવાય દરેક સભ્યશ્રીને એમેન્ડમેન્ટ રજૂ કરવાના જે અધિકારો છે એ અધિકારો પર પણ તરાપ પડેલ છે એટલે આ બન્ને નિયમોનો લૅટર અને સ્પિરિટ બન્નેની અંદર ભંગ થયેલો છે અને એ સંદર્ભે હું આપને એ વિનંતી કરવા જઈ રહ્યો છું કે આ બિલ જે મૂકવાનું છે એ પહેલું વાચન પણ ઑર્ડરમાં નથી અને આ તમામ બિલો જે રજૂ થયાં છે એ બિલો રજૂ થવાના છે એ બિલો દાખલ કરવાનું પણ ઑર્ડરમાં નથી. ત્રીજી વાત જે મહત્ત્વની છે એ બિલોની બાબતમાં બિલોની કાળજીપૂર્વકની સભ્યશ્રીઓએ વિચારણા કરવી જરૂરી છે અને એમાં સભ્યશ્રીઓને આપણે ચર્ચા કરવા માટે કોઈ બંધન મૂકી શકીએ નહિ. એ સંદર્ભે આ બિલો માત્ર સાત બિલો છે જો એના પર કાળજીપૂર્વકની વિચારણા કરવી હોય તો ઓછામાં ઓછાં એક બિલમાં બે બે દિવસ જાય એટલું કામ પડેલું છે અને ભૂતકાળની અંદર આપણા રાજયની અંદર અને બીજા રાજયોમાં પણ અને દેશની સંસદમાં પણ આ પ્રશ્નો ઊભા થયા હતા કે જ્યારે જ્યારે બિલની કાળજીપૂર્વકની વિચારણા નથી થઈ ત્યારે રાજયપાલશ્રી અને દેશના રાષ્ટ્રપતિશ્રી બન્ને આ બિલને કાળજીપૂર્વકની વિચારણા કરવા માટે પરત કરી શકેલા છે, પરત કરી શકવાનો એમનો અધિકાર પણ છે એ સંદર્ભે આ ગૃહમાં ખૂબ અગત્યના બિલો છે રાજય માટે, એટલે જે ઑર્ડરમાં નથી એ બિલો દાખલ કરતાં પહેલાં ઑર્ડરમાં લઈ આવે ત્યાંસુધી આ બિલો દાખલ નહિ થવા જોઈએ અને જે દાખલ થયા પછી પહેલું વાચન કરતાં પણ પહેલાં કામકાજના ચાર દિવસો હોવા જોઈએ એ કલોઝ પણ પરિપૂર્ણ થતું નથી અને બીજું કાળજીપૂર્વકની વિચારણા, આ એકજ દિવસની અંદર રાખીશું તો એ થઈ શકવાની નથી એટલે આ કોઈપણ રીતે જો બિલ પાસ કરવા જઈશું તો એ ઑર્ડરમાં નહિ હોય અને એને કારણે રાજય સરકાર પર અને આ રાજયની પ્રજાને .આ બિલોની અસરો સારી હશે તો તેમાં પણ નુકસાન થવાનું અથવા નુકસાન થતું હશે તો તેનું પણ આપણે સુધારા વધારા કરીને વિચારણા કરી શકાય તેમાંથી પણ બાકી રહી શકશે. એટલે આ બે નિયમોના સંદર્ભમાં મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે અને તે નિયમો ટાંકીને મેં બતાવેલું છે તો આ અંગે આપનો નિર્ણય હું ઈચ્છું છું.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૧(ખ) જે બતાવ્યો છે તે વિધિ પૂરી થાય છે કારણકે કેવી રીતે વિધાનસભાના સભ્યોને બિલો આપવા તે અંગેનું છે. આપણે જે રીતે, કાળજીપૂર્વક બંધ કવરની અંદર વિધાનસભા સચિવાલય દ્વારા બિલો અપાયાં છે. એટલે ૧૨૧(ખ) નીચે તેમણે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે રહેતો નથી. ત્યાર પછી જે વાત કરવામાં આવે છે તે આ પ્રમાણે છે કે જ્યારે બિલ નં.૨ આજે જે હું રજૂ કરું છું તે ૧૭મી એ અમે આપની પાસે રજૂ કર્યુ છે. વિધેયક ક્રમાંક: ૨,૪,૫,૬ અને ૭ જે છે, જે હવે પછી આવવાના છે. આજે હું જે બિલ અત્યારે રજૂ કરી રહ્યો છું તે ૧૭મીએ રજૂ કર્યું છે. એટલે પૂરતા સમય પ્રમાણે અને વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે રજૂ કર્યા છે અને રજૂ કરવાનો સમય ચાર દિવસનો જોઈએ તે રીતે ૨૧મી તારીખે બિલો જે રજૂ કરાયા તેના પ્રમાણે બરાબર રીતે તેની સમય-મર્યાદા નોટિસ પિરિયડની જે જોઈએ તે પ્રમાણે અપાયો છે. આપણે જ્યારે વાત કરીએ છીએ ત્યારે ગુજરાતની અંદર લોકશાહીનું સાચું સ્વરૂપ એ છે કે, વિધાનસભાની અંદર કાયદો ઘડવો તે તેનું પહેલું કર્તવ્ય છે, જ્યારે સભાગૃહની અંદર કાયદાની ચર્ચા આવતી હોય ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ તો તેને સ્વીકારવી જોઈએ અને વધુ સારી રીતે કરવી જોઈએ. (અંતરાય) લોકશાહીનું ગળું કોણ દબાવે છે તે તો ગુજરાતની પ્રજા જાણે છે, દેશની પ્રજા જાણે છે અને એટલા માટે લોકશાહીનું ગળું દબાવાતું હતું ત્યારે રાષ્ટ્રપતિએ ના પાડવી પડી કે વડાપ્રધાન ના બનાવાય.

હું જે વાત કરતો હતો તે એ કે વિધાનસભા કાર્યાલયને આજનું અત્યારે જે રજૂ થતું બિલ છે તે ૧૭મી તારીખે અપાયું છે અને હવે પછી બિલો જ્યારે આવે ત્યારે તેમણે મુદ્દો ઉપસ્થિત કરવો હોય તો કરી શકે છે પણ અત્યારે ૧૭મી તારીખે આપેલું બિલ છે એટલે પૂરતો સમય અપાયો છે અને ૧૨૧(ખ) જે કહે છે તે ફરીથી તે વાંચી જાય તો વિધાનસભાના સભ્યોને કેવી રીતે બિલ પહોંચાડવા તે અંગેનું છે અને તે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આપના સચિવાલયને કરવાનું કાર્ય છે તેની સામેનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે.પ્રશ્ન એટલો જ થાય છે કે વિધાનસભાના વિરોધપક્ષના નેતાશ્રી નિયમોને બરાબર વાંચીને નિયમને, એટલા માટે જ મેં પૂછયું કે કયા નિયમ નીચે આપ કહો છો ? તો ૧૨૧(ખ) કહ્યો. ૧૨૧(ખ) પાછો તેમણે વાંચ્યો, અહીંયા આવ્યા પછી વાંચ્યો. તે તો આપણાં કાર્યાલયમાંથી કેવી રીતે સભ્યોને મોકલવાનું તે વાતનો છે. એટલે તેમણે જે નિયમ નીચે મુદ્દો ઉપસ્થિત કર્યો

છે તે નિયમ પણ પૂરતો નથી. ૧૩૦ પણ નથી અને સમય-મર્યાદાની વાત કહી છે તે સમય-મર્યાદાનું પૂરતું પાલન અમે કર્યુ છે. પ્રશ્ન એટલો જ છે કે ધારાસભાનું કામ જ ધારા ઘડવાનું છે અને તેની અંદર આડ ઉભી કરવી તે બિન લોકશાહી કૃત્ય છે અને હું તેમને કહું છું કે તે ના કરે એવી મારી તેમને વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૧(ખ)નો અશોકભાઈએ ઉલ્લેખ કર્યો છે અને તેના સંદર્ભમાં મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે જે બિલો છે જે અમને મોકલવામાં આવ્યા તે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન વિધેયક ક્રમાંકઃ૩ છે તે ૨૧મી તારીખે, ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક ક્રમાંકઃ૧ ૨૧મી તારીખે, ગુજરાત નગરપાલિકા વિધેયક ક્રમાંક-૨ ૨૧મી તારીખે, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ વિધેયક ક્રમાંક-૪ ૨૧મી તારીખે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ સુધારણાને માન્ય કરવા બાબત ૨૨મી તારીખે, ગુજરાત એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ ૨૨મી તારીખે, અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ વિધેયક ક્રમાંક-૬ ૨૨મી તારીખે એવી રીતે આ બિલો મુકાયા છે. જયારે આપણે ૨૨ મી તારીખે મળ્યા ત્યારે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એમ કહયું હતું કે બાકીના ૩ બિલો બાકી છે, ૩ બિલો ૨૧ મી તારીખની રાતસુધીમાં પહોંચ્યાં નથી. ઈવન કામકાજ સલાહકાર સમિતિ હતી ત્યારે પણ એમણે આ જ વાત કરી હતી. એટલે એ બીજા દિવસે અને રેકર્ડ પ્રમાણે બીજા દિવસે જ મળ્યાં છે અને એટલે એ પ્રમાણે પણ આ ઓર્ડરમાં નથી અને જે પહેલું વાંચન કરવામાં આવે એની પહેલાં પણ જે ચાર કામકાજના દિવસ પહેલાં આ રજૂ થવું જોઈએ એ શરતનું પણ પરિપાલન થતું નથી. એટલે બન્ને રીતે આ વિધેયકનું જે પહેલું વાંચન પણ ઓર્ડરમાં નથી અને બિલ દાખલ કરવામાં આવ્યું છે એ પણ ઓર્ડરમાં નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ બાબતે મારે કહેવું છે કે મારી પાસે તો કાગળોની ઓલરેડી કોપી છે, જે સરકાર તરફથી જ મળતી હોય છે એની અંદર સ્પષ્ટ લખેલ છે કે 'નોટિસ મળેલ છે.' આ જે ૨૧ મી તારીખે આપવામાં આવ્યું હતું ત્યારે એ બાબતે એ દિવસે ૩ બિલ નીચે એ કોપીમાં પણ લખેલ છે કે નોટિસ મળેલ છે બિલ નહીં. એટલે આ એક વાસ્તવિક પુરાવો છે.

મારી બીજી વાત એ છે કે જયારે બિલો ઉપર વિસ્તૃત ચર્ચા કરવાની હોય અને આખા બિલ ઉપર જયારે સંપૂર્ણ રીતે ચર્ચા કરવાની હોય ત્યારે સમયનું એના ઉપરની ચર્ચામાં કોઈ બંધન હોય એ પણ વાજબી વાત નથી. કામકાજ સલાહકાર સમિતિમાં એ જ વાત થઈ હતી કે આજે માત્ર ચાર બિલો ત્યાં આગળ બતાવવામાં આવ્યાં હતાં અને જયારે સવારે એજન્ડા આપવામાં આવ્યો હતો એ જુદો હતો અને જયારે સાંજે એજન્ડા આપવામાં આવ્યો ત્યારે કોઈ કર્મચારીએ વાત કરી હતી કે આ એજન્ડા છે એમાં અમે સુધારો કર્યો છે. એટલે તમે આની બદલામાં આ ફાઈલ લો અને જયારે મને ફાઈલ આપી ત્યારે ૩ બિલો ઉમેર્યા હતા અને માનનીય અશોકભાઈ મારી બાજુમાં જ હતા અને મેં તેમને આ વાત કરી હતી કે આ ત્રણ બિલો ઉમેર્યા છે. તો આ ૩ બિલો ઉમેરતા હોય તો કાંઈ વાંધો નહીં, પરંતુ જયારે અર્જુનભાઈને પૂછયું ત્યારે એમણે એમ કહયું હતું કે ચર્ચામાં રૂટિન પ્રમાણે જે બિલ ચર્ચામાં આવશે અને જેમ જેમ સમય પૂરો થશે એમ એમ આપણે એ પૂરાં કરીશું, પરંતુ જયારે બહુમતિએ અહીંયાં એ પસાર કરવામાં આવ્યું કે ૬ એ ૬ બિલો ૨૬ મી તારીખ સુધીમાં પૂરાં કરી દેવાં અને આવું આ પહેલી વખત બની રહયું છે અને આ અહીંયાં મૂકતાં પહેલાં કોઈપણ બિલ સમયસર આપવામાં આવ્યાં નથી અને ૨૬ મી તારીખે પાંચ વાગ્યા સુધીમાં આ બિલ પૂરાં કરી દેવાં એ પણ વાજબી વાત નથી. એટલે આ બિલ માટે ચાર પાંચ દિવસનો બીજો સમય ફાળવવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત એ છે કે કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની ચર્ચા આ સભાગૃહમાં કરતા નથી. બીજો પ્રશ્ન એ છે કે કામકાજ સલાહકાર સમિતિનો તેમણે જે વાંધો ઉઠાવ્યો તો એ પછી એ અહેવાલને આ સભાગૃહ મંજૂરી આપે છે એટલે કામકાજ સલાહકાર સમિતિએ મંજૂરી આપેલી વાત હોય એની ચર્ચા આપણે દંડકશ્રીએ આ સભાગૃહમાં ફરીથી ઉપસ્થિત નહીં કરવી જોઈએ.

ત્રીજી વાત એ છે કે સ્પીકરશ્રીની પરવાનગી પછી વિધાનસભામાં બિલ સરકયુલેટ થતું હોય છે. એટલે આપશ્રીની પરવાનગી મળ્યા પછી અમે આ બિલ સરકયુલેટ કર્યુ છે અને આ દાખલ થવાની પરવાનગી મળી છે અને એ દાખલ થવાની નોટિસ આપી હતી એ અમે કહયું જ છે. કામકાજ સલાહકાર સમિતિની ચર્ચામાં હું જતો નથી કારણ કે હું એની મર્યાદા સંપૂર્ણ પાળવા માગું છું કારણકે એની ચર્ચા થતી હોય છે અને એની ઉપર મતદાન પણ થઈ ગયું છે. એટલે એ ચર્ચાની અંતર્ગત છે. તો આ નિયમો જાણીને પણ અજાણ કરતા હોય એવી માનનીય દંડકશ્રીની વાતને હું ચર્ચામાં લઈ જવા માગતો નથી, પરંત મારી આપને વિનંતી છે કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના અહેવાલને મંજૂરી આપવામાં આવે છે અને એ મંજૂરી આપવામાં આવ્યા પછી વિધાનસભામાં બિલો રજૂ થતાં હોય છે અને એ રજૂ થાય છે ત્યારે આપણી જે વાત થઈ હતી એ પ્રમાણે બીજા કોઈ ક્રમ વિના આપણે ઓર્ડર પણ બદલ્યો નથી અને એ અહીંયાં લાવ્યા છીએ. હવે આપણે લોકશાહીની સાચી ચિંતા કરતા હોઈએ તો આ સભાગૃહમાં જે બિલો આવ્યા છે તે બિલો ઉપર ચર્ચા થાય અને મોડી રાત સુધી થાય તો પણ વાંધો નથી. એવું નથી કે ઓછી ચર્ચા અમે કરવા માગીએ છીએ, છ એ છ બિલો ઉપર (અંતરા) બે રાત સુધી કરીએ,

સળંગ બેસીએ, મોડી રાત સુધી બેસીએ, અને જેટલી ચર્ચા કરવી હોય એ ચર્ચા માટે કોઈને વાંધો નથી. પણ ચર્ચા કરવાની આવે છે ત્યારે તમે બહાર જતા રહો છો. તમે વિરોધપક્ષના નેતા બન્યા પછી....

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, ચાલો, હું નિર્ણય ઉપર આવું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમારે બહાર નથી જવું, પાંચ દિવસનો સમય ચર્ચા માટે આપો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આ પ્રશ્નમાં સહેજ ટેકનિકલ બાબત ઊભી થાય તેવી સ્થિતિ હતી. મેં આ જે વિધેયકો છે તેમાં નિયમ ૧૨૭ (ક) છે તેના પરંતુક અન્વયે આ બિલોને પૂર્વ પ્રસિદ્ધિની મંજૂરી આપેલી છે. અહીં જે આપે વાત કરી નિયમ- ૧૨૧ની તે વિધેયક ગૃહમાં દાખલ કરવા અંગે છે. એટલે એ મુદ્દો રહેતો નથી. બીજો મુદ્દો એ છે કે આપે કહ્યું કે ૧૩૦, તો ૧૩૦માં છેલ્લું વાક્ય છે "સિવાય કે અધ્યક્ષ વહેલા લાવવાની પરવાનગી આપે" અહીં મે પહેલું વાચન લાવવા માટેની પરવાનગી આપી અને હું સંમત થયો છું. એટલે તે મુદ્દો પણ રહેતો નથી. આમ છતાં મારે આ સભાગૃહને એક વિનંતી કરવાની છે કે નિયમોની જોગવાઈ ન હોય, પૉઈન્ટ ઓફ ઑર્ડર ન હોય, છતાં પણ આજે ૬ વિધેયકો બતાવ્યા છે એમાં એક, બે અને ત્રણ વિધેયક છે તે ૨૧મી તારીખના રોજ આપેલા છે, કામકાજ સલાહકાર સમિતિમાં તેની ચર્ચા પણ થઈ ગઈ છે અને એને મંજૂરી પણ આપેલી છે. છતાં પણ આ ગૃહની લાગણીને સમજીને હું એ નિર્ણય પર આવું છું કે આ ૩ વિધેયકો છે તેની ચર્ચા આજે કરવામાં આવે અને જે ૨૨મી તારીખે આપેલા ૩ વિધેયકો છે ચોથુ, પાંચમું અને છઠ્ઠું વિધેયક, તે ત્રણે વિધેયકની ચર્ચા બીજા કોઈ દિવસે થાય એ પ્રકારનો હું નિર્ણય લઉં છું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### પ્રોરેટા પ્રમાણે ચર્ચામાં ભાગ લેવાની તક મળવા અંગે

**શ્રી શ્રી જીતેન્દ્ર સુખડીઆ : (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની ચર્ચા ઉપર આપણે કામકાજ સલાહકાર સમિતિમાં જેમ વિચાર્યુ હતું તે પ્રમાણે પ્રો રેટા મુજબ અમારા સભ્યોને બોલવાનું મળે તે રીતનો પ્રબંધ કરવા વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : નિયમોમાં જે જોગવાઈ છે તેમાં માનનીય મંત્રીશ્રીઓ બોલે તે પણ એમના સમયમાં ગણાતું હોય છે. તે નિયમમાં જોગવાઈ છે. તેથી બન્નેની સ્થિતિ સરખી થઈ જતી હોય છે. આ બિલ ઉપરની ચર્ચા છે એટલે એમાં આ હોતું નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ......

**અધ્યક્ષશ્રી .** : માનનીય અશોકભાઈ, એક મિનિટ. માનનીય અમિતભાઈ કંઈક કહે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રો-રેટા વાળી વાત બાકી રહી ગઈ તે હું કહેવા માગું છું. જે જોગવાઈ હોય તેનું પાલન થાય તેનો અમને કોઈ વાંધો હોઈ શકે નહીં. પરંતુ સભ્યોની સંખ્યા છે એમાં અપક્ષ સભ્યો, વિરોધપક્ષના સભ્યો અને શાસક પક્ષના સભ્યો તેની સંખ્યા ગણી અને સ-પ્રમાણ સમય ફાળવવા માટે અમારો બધાનો આગ્રહ છે. એટલે આપને વિનંતી છે કે આ બજૅટ સત્રની સમગ્ર ચર્ચામાં સંચાલન પ્રો રેટા પ્રમાણે થાય તેવી વિનંતી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પણ પ્રો-રેટા પ્રમાણે ચાલ્યું છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ પોતાના વિસ્તારની વાત ન કરી શકે તેવી સ્થિતિ ઊભી થાય ત્યારે સંખ્યાના પ્રમાણે સમય ફાળવવામાં આવશે તો બધાને ચોક્કસ ન્યાય મળી રહેશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું તો ઇચ્છું કે ગૃહના તમામ સભ્યશ્રીઓને તમામ બિલો ઉપર, તમામ માગણીઓ ઉપર, પૂરક માગણીઓ ઉપર, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર તમામ સભ્યશ્રીઓને બોલવાનો ચાન્સ મળે. સભાગૃહના એક પણ સભ્યશ્રી રહી ન જાય એવું કરવામાં આવે પછી તમારે એનું ધોરણ ગમે તે રાખવું હોય તે રાખો એની સામે કોઈ નિસ્બત નથી. પરંતુ આખા દેશમાં સૌથી ઓછામાં ઓછી વિધાનસભા આપણા રાજયમાં મળે છે. વર્ષમાં ૨૫ દિવસ માટે આપણે મળીએ છીએ. પડોશી મહારાષ્ટ્ર રાજય છે ત્યાં ૬૦ દિવસ માટે મળે છે, કેરલ છે, પશ્ચિમ બંગાળ છે, આપ શ્રીલંકા ગયા હતા ત્યારે પૂછ્યું હતું ૫૫ થી ૬૦ દિવસ માટે મળે છે. એમાં સભ્યશ્રીઓને બધાને ચર્ચા કરવાનો અવકાશ મળે છે. જો પ્રો-રેટા પ્રમાણે કરવું હોય તો વિધાનસભાના ગૃહની અંદર બધા વિષયો ઉપર મોકળાશથી અને પૂરો સમય આપીને કરવામાં આવતું હોય તો કોઈ વાંધો નથી પરંતુ એક તરફથી માત્ર ૨૩ દિવસ માટે આપણે સત્ર બોલાવીએ અને એમાં જે માગણીઓ હોય એમાં મંત્રીશ્રી સિવાયના સભ્યો છે અને અમારા સભ્યો છે એમાં જાજો ફરક નથી. એમાં મંત્રીશ્રીઓ પોતાનો વધારે સમય લેતા હોય એ બાબત હોવા છતાં માત્ર અમારા સભ્યો ઓછું બોલે એનો અવાજ બહાર ન આવે એના માટેનો મંત્રીશ્રીનો પ્રયાસ હોય તો વિધાનસભાનું સત્ર ૩૦મી માર્ચને બદલે ૧૫ એપ્રિલ સુધી લંબાવો અને પછી બધા સભ્યશ્રીઓને પ્રો-રેટા પ્રમાણે આપો. વિધાનસભાગૃહની અંદર અમારા સભ્યોને બોલવાની તક ઓછી મળે એ બિન લોકશાહી ભર્યુ કૃત્ય છે.આપના દ્વારા આ રીતે આપની ઈન્સ્ટિટયુશનનો ઉપયોગ થાય એ વાજબી નથી. આપની ઈન્સ્ટિટયુશનનો ઉપયોગ સત્રનો સમય વધારી આપવા માટે કરવો જોઈએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સત્ર કેટલા દિવસનું રાખવું એની ચર્ચા નથી. પરંતુ માનનીય દંડકશ્રીએ ગૃહનો સમય જોઈને વહેંચણી કરવી એ વાત કરી છે. આમાં સંખ્યાનો સવાલ છે એ કોઈના હાથમાં નથી. એમની સંખ્યા ઓછી છે એ તો ગુજરાતની પ્રજાએ કરી છે. ગુજરાતની પ્રજાએ એમની સંખ્યા ઓછી કરી છે. સંખ્યા ઓછી હોય તો ઓછો સમય મળે એ ન્યાયોચિત વાત છે. શાસક પક્ષની સંખ્યા વધારે છે એને વધારે સમય મળવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : ચાર વર્ષ સુધી બંને પક્ષોને સરખો સમય મળ્યો અને એ પ્રમાણે ગૃહ ચલાવ્યું એનો મને આનંદ છે. અહીંયા શાસક પક્ષના મિત્રો છે એમને અને વિરોધપક્ષના સભ્યશ્રીઓને બંન્ન બાજુ સરખો ટાઇમ આપ્યો અને છતાં પ્રેમથી સ્વીકારીને ચાલ્યા છે એ માટે આભાર માનું છું. આ વખતે ગૃહમાં જોયું કે શાસક પક્ષના સભ્યશ્રીઓની લાગણી તીવ્ર છે એમની સંખ્યાના પ્રમાણમાં ચર્ચાનો સમય આપવામાં આવે તેવી માગણી છે. એ માગણી ન્યાય પ્રમાણે પણ છે, યોગ્ય પણ છે એટલે મારે એ સ્વીકારવું પડે પરંતુ એક વાત બળવંતસિંહભાઈએ કરી એ પણ યાદ કરી લઉં. સપ્રમાણ સમયની અંદર મંત્રીશ્રીઓનો સમય છે એનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. એટલે હવે પછી આ ગૃહની અંદર ચર્ચાનું આયોજન એ પ્રમાણે થશે.

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

## સરકારી વિધેયકો
## સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧
# ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક,૨૦૦૭

**રાજયમાં આકસ્મિક તબીબી સેવા પૂરી પાડવા માટે અને તે હેતુ માટે રાજયમાં ગુજરાત આકસ્મિક તબીબી સેવા સત્તામંડળ અને શહેર અને જિલ્લા આકસ્મિક તબીબી સેવા કાઉન્સિલ સ્થાપવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક ૨૦૦૭ને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૭ના ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક ૨૦૦૭નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનવતા અને કરુણાને અનુલક્ષીને આકસ્મિક તબીબી સેવા માટેનું વિધેયક હું આ સભાગૃહમાં લઈને આવ્યો છું. સમગ્ર દેશમાં અને સમગ્ર એશિયાના વિકસિત રાજયોમાં આ પ્રકારનું બિલ આજે પહેલી વખત રજૂ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી આ બિલને કારણે જે રીતે ગુજરાત રાજયના આ વિધાનસભા ગૃહે(અંતરાય) દોલતભાઈ, મારે આપને આ અંગે કયાં કહેવું, પણ આપ જરા સાંભળો ત્યારે ખબર પડશે. હું ડિસ્ટર્બ થાઉં છું. હું આપને વિનંતી કરું છું કે જ્યારે સેવાના મહાકાર્યની ચર્ચા થતી હોય ત્યારે આપ તેમાં આપના વિચારો ચોક્કસ રજૂ કરો પણ ડિસ્ટર્બ ન કરો એટલી હું આપને પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે એ હતી કે અકસ્માતને કારણે સમગ્ર દેશની અંદર જે મૃત્યુનું પ્રમાણ થાય છે તે સમગ્ર દેશમાં માનવતાની ચિંતા કરનારાઓ માટે એક ચિંતાનો વિષય બન્યો છે. કેટલીકવાર હૃદયરોગ, માનવના બળવાને કારણે કે માનવી ઉપર થતી બીજી કોઈ આપત્તિને કારણે તેને તાત્કાલિક સેવાની જરૂર પડે છે અને સેવાના બે પ્રકાર છે. પહેલો પ્રકાર એવો છે કે તેને હૉસ્પિટલ સુધી પહોંચાડવા અને બીજો પ્રકાર એ છે કે તેને હૉસ્પિટલમાં પણ યોગ્ય પ્રકારની સારવાર મળે. આ બે પ્રકારમાં આકસ્મિક સેવાનું એક સત્તામંડળ બને અને સત્તામંડળ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને મહાનગરોની કક્ષાએ તેનું નેટવર્ક ઉભું કરે. એ નેટવર્કને ઉભું કરતાં આ ગુજરાત આકસ્મિક તબીબી સેવાના વિધેયકને લઈને હું આવ્યો છું આ વિધેયકને કારણે ગુજરાતમાં એક એવું નેટવર્ક થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો લાવતાં પહેલાં અમદાવાદ શહેરમાં રાજય સરકારની સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની એલ.જી. અને વી.એસ. હૉસ્પિટલ અને બાકીની કેટલીક હૉસ્પિટલો સાથે તાત્કાલિક તબીબી સેવાના બે નિષ્ણાતો જેમાં એક અમેરિકાથી આવ્યા હતા અને એક અહીંના હતા. હરેન જોષી અને મુંજાલ જોષીપુરા એ બે જણા અને રાજયના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ એક ચિંતન કર્યું અને

* વિધેયક તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

એક પ્રયોગ શરૂ કર્યો અને એ પ્રયોગ અમદાવાદ એકસપરીમેન્ટ ઈનિશિયેટીવ તરીકે ઓળખાયો, એ પ્રયોગ આજે ચાલુ છે. સમગ્ર અમદાવાદમાં ૧૦૫૯ નંબર જોડીએ તો ઈમરજન્સી કોલ એટેન્ડ કરવામાં આવે છે અને જુદી જુદી હૉસ્પિટલોમાં લઈ જવામાં આવે છે. એટલે કાયદો આવતાં પહેલાં એક સફળ પ્રયોગ પણ આપણે કર્યો છે. કાયદો આવતાં પહેલાં ૭૫૦ જેટલા તબીબો અને પેરા મૅડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સના કર્મચારીઓને પણ આપણે તાલીમ આપી છે. એટલે કાયદો આવતા પહેલાં તાલીમનો પ્રયોગ પણ અમદાવાદ એકસપરીમેન્ટ ઈનિશિયેટીવ દ્વારા કરવામાં આવ્યો છે.

કાયદાની બધી જ વિગતો આ બિલની અંદર મૂકી છે. હું આ સભાગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું. સોનેરી કલાકની અંદર, ગોલ્ડન અવર્સની અંદર હૉસ્પિટલ સુધી પહોંચાડવાની જરૂરિયાત છે એની અંદર કોઈપણ હૉસ્પિટલ એટલે કે ખાનગી હૉસ્પિટલની અંદર એને લઈ જવામાં આવે અને એ વ્યકિત ગરીબી રેખાની નીચેનો હોય અને એને એપોલો હૉસ્પિટલમાં ગોલ્ડન અવર્સની અંદર એને સારવાર મળી હોય અને એ જ્યારે ભાનમાં આવે અને એને બીજી હૉસ્પિટલમાં જવું હોય તો એ જઈ શકે. એટલે ગોલ્ડન અવર્સનો ચાર્જ ગરીબીની રેખા નીચેનો પેશન્ટ હોય તો એ ચાર્જ લેવાનો નહીં એ એનું સૌથી મોટું પાસું છે. ગોલ્ડન અવર્સમાં ગરીબ માણસોને કૉર્પોરેટ હૉસ્પિટલ, ટ્રસ્ટની હૉસ્પિટલ વગેરે હૉસ્પિટલમાં સારવારનો લાભ મળે અને એ બચી જાય ત્યાર પછી એને લાગે કે અહીંનો ખર્ચ નહીં પરવડે તો એ બીજી હૉસ્પિટલ એટલે કે સિવિલ હૉસ્પિટલ કે કોઈપણ હૉસ્પિટલમાં જઈ શકે એવી જોગવાઈવાળું આ બિલ છે. વિશ્વના અનેક તજજ્ઞોએ એને આવકાર્યું છે. W.H.O. એ એને ખૂબ સારો આવકાર આપ્યો છે. આ બિલ રજૂ થયું ત્યારે એ બિલનો પ્રયોગાત્મક રીતે અમદાવાદમાં પ્રયોગ થયો અને એ પ્રયોગ સફળ થયો ત્યારે આ જરૂરી કાયદો કર્યો છે. દેશમાં પહેલીવાર આ કાયદો બન્યો છે. આ ગૃહે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન કાયદો કર્યો અને એ કાયદો ખૂબ વખણાયો.(અંતરાય) આપ જતા રહો તો અમારો વાંક નથી. આજે બેઠા છો. તો તમારી હાજરીની અંદર પણ આ કાયદો આપણે કરીએ છી અને હું આશા રાખું છું કે આપની હાજરી અને આપના હસ્તાક્ષર આ કાયદાની અંદર વિધેયાત્મક અને રચનાત્મક રીતે મળશે એવી આપને વિનંતી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ સાહેબ બહુ લાગણીથી, બહુ દિલની વેદનાથી જે આ બિલ લઈને આવ્યા છે એનો ઉદ્દેશ ચોક્કસ સારો છે. ખરેખર તો આ બહુ સમય પહેલાં લાવવું જોઈતું હતું. આજે જે પ્રમાણે અકસ્માતો થાય છે, જે પ્રકારની ઇમરજન્સીમાં જરૂરિયાત હોય છે અને ગુજરાતની અંદર જે આરોગ્યની સ્થિતિ છે એ બાબતમાં આપણે સૌ જાણીએ છીએ કે, આપણા ડૉક્ટરોની સંખ્યાથી માંડીને, આપણી હૉસ્પિટલોની પરિસ્થિતિથી માંડીને ઘણી બધી વિપરીત પરિસ્થિતિ હોય છે. મને જાત અનુભવ છે કે ઘણી વાર હૉસ્પિટલોમાં બહુ મુશ્કેલી હોય છે. માનનીય અશોકભાઈ બિલ લાવ્યા છે અને જે પ્રમાણે બિલની વ્યાખ્યા કરી છે એમાં ઘણા બધા સુધારા આ બિલમાં માંગી લે તેવા છે. ઘણી ફેર અકસ્માત થાય ત્યારે આપણે બધા જોતા હોઈએ છીએ કે હાઈવે ઉપર અકસ્માત થાય છે અને તેવા સંજોગોની અંદર જે કાયદાની પરિભાષા છે એના કારણે એને સિવિલમાં લઈ જાય, બીજે લઈ જાય તે સમય દરમિયાનમાં એનું મૃત્યુ થઈ જાય છે. એક કલાક, બે કલાક કે ત્રણ કલાક આપણે મોડા પહોંચીએ છીએ. એને ખરેખર તો તાત્કાલિક ધોરણે સારવાર મળી જાય તો એ બચી જાય એ આજની તારીખે થઈ રહ્યું છે. તેવા સમયે જ્યારે માનનીય અશોકભાઈ બિલ લાવ્યા છે અને જિલ્લા કક્ષાની વાત કરી છે ત્યારે મારે ખાસ એમને વિનંતી કરવી છે કે, જિલ્લાની, શહેરની વાત મૂકી છે એના સત્તા મંડળો બનાવવાની વાત કરી છે. એની અંદર ઘણા બધા સુધારાઓ કરવા જોઈએ. આજે ઘણા બધા નેશનલ હાઈવે એવા હોય છે કે જ્યાં અકસ્માત ઝોન હોય કે જ્યાં વધુ પ્રમાણમાં અકસ્માત થતા હોય છે એનો સરવે કરવામાં આવે અને એની આજુબાજુમાં કોઈ જગ્યાએ નિર્માણ થાય, દા.ત. અમારો પાટણ જિલ્લો છે એ અંદરની સાઈડ છે પણ નેશનલ હાઈવે સિધ્ધપુરથી જ્યારે જવાતું હોય ત્યારે એવા સંજોગોમાં નેશનલ હાઈવે ઉપર ઘ ણા બધા અકસ્માતો થતા હોય છે ત્યારે એ સમયની મર્યાદામાં જે આપણે સ્થળ પસંદ કરીએ છીએ એની અંદર પણ ચિંતન કરવામાં આવે અને વિચાર કરવામાં આવે એવો માનનીય મંત્રીશ્રીને મારો આગ્રહ છે. માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણમાં જિલ્લા સમિતિ જે બનાવવાની વાત કરી છે એની અંદર ૭ સભ્યોની જે જોગવાઈ કરવામાં આવી છે એ ૮ સભ્યોની કરવામાં આવે, એની અંદર જ્યારે સરકાર બનાવતી હોય ત્યારે ન જાણે કેમ ગુજરાત સરકારની જે પરંપરા શરૂ થઈ છે એની અંદર ધારાસભ્યશ્રી કે સંસદસભ્યશ્રીને મહત્ત્વ આપવાનું બંધ કરી દીધું છે. આ ૭ સભ્યોને બદલે ૮ સભ્ય લેવા જોઈએ. ત્યાંના સ્થાનિક મેયર હોવા જોઈએ, ધારાસભ્યશ્રી હોવા જોઈએ, સંસદસભ્યશ્રી હોવા જોઈએ એ બહુ જરૂરી હોય છે .લોકોના પ્રતિનિધિ તરીકે ચૂંટાય ત્યારે આ બોર્ડ બનતું હોય ત્યારે આ લેવામાં આવે એ બહુ જરૂરી છે. આકસ્મિક તબીબનો, નિયામકનો જે અનુભવ ૫ વર્ષનો બતાવ્યો છે, જ્યારે ઈમરજન્સી સેવા હોય ત્યારે બહોળો અનુભવ હોય તો ૫ વર્ષને બદલે ૧૦ વર્ષનો કરવો જોઈએ કે જેથી ઈમરજન્સીમાં સારી સેવા આપી શકાય. આજે કમિશ્નરશ્રીની જગ્યાએ જે ૩ સભ્યોની સમિતિની ભલામણ નિયામક પદે રાખવાની કરી છે. નિયામક કમિશ્નર કહેવાય, એની ભલામણ કરવાની જે જોગવાઈ કરી છે એ આરોગ્ય કમિશ્નરની ૩ સભ્યની કમિટી કરવી જોઈએ. સત્તા મંડળ રાષ્ટ્રીય અધિકૃત બૅન્કમાં રાખવું જોઈએ, નહીં કોઈ બૅન્કમાં જે કલમ નં. ૧૫માં જણાવ્યું છે. કાઉન્સિલમાં આવતા સભ્યોના પ્રવાસ ખર્ચ અને બીજા ખર્ચની

જોગવાઈ રદ કરવી જોઈએ. જે કલમ નં.૨૫માં જે જણાવ્યું છે એ પ્રમાણે મારી ભલામણ છે અને કાઉન્સિલની બેઠક છે એ ૩ મહીનામાં બોલાવવી જોઈએ અને બેઠકનું કોરમ ૩ સભ્યોનું નહીં પરંતુ ૪ સભ્યનું હોવું જોઈએ એવું પણ મારું સૂચન છે અને એનો મૂળ હેતુ છે અને એનું મહત્ત્વ જળવાય એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. સારા રૂપમાં આ બધા સુધારા લઈને કદાચ આ રીતે પૂર્ણ થાય તો આ સેવાના ઉત્તમ પગલા તરીકે થઈ શકે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક:૧ ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક લઈને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું.

આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની અંદર જ્યારે ૬ લાખ ૬૭ હજાર કરોડ રૂપિયાના રોકાણના એમ.ઓ.યુ. થયા હોય ત્યારે આ ઔદ્યોગિક વિકાસની હરણફાળ સાથે સાથે એક ઘટના સહજ બનતી હોય છે કે અકસ્માતોના પ્રમાણમાં પણ વધારો થવાની શકયતાઓ ઉભી થાય છે અને આ ક્ષિતિજ ઉપર દેખાતા એક ભયને આપણે આગોતરા આયોજનરુપે આપણે જ્યારે કરી રહ્યા છીએ એ ગુજરાતની અંદર બનતી આ વિરલ ઘટના છે કારણ કે એશિયાની અંદર પ્રથમ વખત રજૂ થતું વિધેયક છે અને એટલા માટે રાજ્ય સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. અકસ્માતોના અનેક પ્રકારો છે. એ રસ્તાના વાહન ઉપર થતા રોડ અકસ્માતો હોઈ શકે, એ ઔદ્યોગિક વસાહતોની અંદર ઔદ્યોગિક એકમોની અંદર થતા અકસ્માતો હોઈ શકે, એ કુદરતી આફતોની અંદર એક સાથે બનતા અકસ્માતો હોઈ શકે અને ક્યાંક કોઈ સત્તામાં બેઠેલા લોકોના મતીભ્રમને કારણે સર્વોચ્ચ ન્યાયમંદિર ઉપર હુમલો કરનારને, સર્વોચ્ચ ન્યાયાલયને અગર ફાંસીની સજા આપી હોય આપણે એને જેલની અંદર મહેમાન રાખતા હોય, એમનાથી પ્રોત્સાહિત થઈ અને ન કરે નારાયણ અને જ્યાં સુધી એ સત્તામાં બેસેલા લોકોને સદ્બુદ્ધિ ન આવે ત્યાં સુધી ક્યારેક આવા આતંકવાદી હુમલાને કારણે પણ ખૂબ મોટા અકસ્માતો થાય તેના માટે પણ આ બિલની જરૂરિયાત હોય છે. એવી પણ જરૂરિયાત ઊભી થાય છે જે ગુજરાતમાં બનતા નથી પરંતુ ગુડગાંવની ઘટના બનતી હોય અને જ્યાં સરકાર દ્વારા દમન થતું હોય અને હજારો લોકો ઈજા પામતા હોય ત્યારે આવું બિલ અસ્તિત્વમાં હોય તો એ લોકોને સારવાર મળી શકે એવી વ્યવસ્થા થતી હોય છે. આ ૧૪ પ્રકરણોમાં ૬૫ કલમો અને પેટા કલમો દ્વારા એનું બહુ ઊંચું વિવરણ કરવામાં આવ્યું છે. અગર રોડ ટ્રાફિકના અકસ્માતોના આંકડામાં જોઈશું તો ખરેખર ચોંકાવનારા માલૂમ પડે છે. અકસ્માતોના અનેક પ્રકારોમાં માત્ર રોડ અકસ્માત દ્વારા ૩ ટકાના દરથી રોડ એક્સિડન્ટો વધી રહ્યા છે. એક આંકડા મુજબ ૧૦.૧ ટકા મૃત્યુ આવા અકસ્માતોના કારણે આ દેશમાં માલૂમ પડ્યાં છે. દર ત્રણ મિનિટે એક વાહન અકસ્માત થાય છે. દર ૧૦ મિનિટે એક વાહકનું મૃત્યુ થતું હોય છે. દુનિયાના આંકડાની વાત ન કરતાં, હિંદુસ્તાનના આંકડાઓ, કારણ કે જે વિકાસ કરેલા દેશો છે એના કરતા વિકાસશીલ દેશોમાં આ પ્રમાણે વધારે જોવા મળે છે. ૧ ટકાનો વાહન વ્યવહાર હોવા છતાં પણ ત્રણ ટકાનો ઊંચો દર આપણે અહીંયા જોઈએ છીએ. ૧૯૯૮ના આંકડા જોઈએ તો આ દેશમાં ૮૦ હજાર મૃત્યુ માત્ર વાહન અકસ્માતના કારણે, ૩.૩૦ લાખ લોકોને ઈજાના કારણો વાહન અકસ્માતના કારણે હતા. એક ચોંકાવનારી માહિતી એવી છે કે આ વાહન અકસ્માતોમાંથી મૃત્યુ થવાના અને અકસ્માતથી ઈજા પામનારાઓની સંખ્યા છે એમાંથી ૭૮ ટકા લોકો ૨૦ થી ૪૪ વર્ષ સુધીના પુરુષો છે. એક લબરમૂછિયો ૨૫ વર્ષનો યુવાન અકસ્માતના કારણે સમયસર સારવાર ન મળી રહે અને એની અંતિમ યાત્રા નીકળતી હોય, ત્રણ વર્ષના બાળકની અને ૨૫ વર્ષની વિધવાનું આક્રંદભર્યું રુદન આપણા માટે ખરેખર ક્ષોભનો વિષય છે. આવી એક વ્યક્તિ મરતી નથી પણ કુટુંબ મરી રહ્યું હોય ત્યારે કુટુંબને બચાવવાનો સંનિષ્ઠ પ્રવાસ આ બિલ દ્વારા કરવાના છીએ. આપણે જાણીએ છીએ કે રાતોરાત કાંઈ આ બધું અમલમાં આવી જવાનું નથી, પણ Destine for the star, even if you fall short you will land on the moon - આપણે પરિકલ્પનાઓ તો તારાઓને આંબવાની કરવી જોઈએ. ક્યાંક ઊણા ઊતરીશું તો કમસે કમ ચંદ્ર ઉપર ઉતરાણ કરીશું. આ પહેલું પગરણ થયું છે એના માટે રાજ્ય સરકારના માનનીય આરોગ્ય મંત્રીશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં ખૂબ ઊંડાણમાં પ્રકરણ-૪ માં કલમ ૩૨(ખ)માં ચર્ચા કરી છે. ભાઈશ્રી બલવંતસિંહ કેવું મંડળ હોવું જોઈએ, કેવી કાઉન્સિલ હોવી જોઈએ એની ચર્ચા કરતા હતા પણ મને લાગે છે કે તબીબી વ્યવસાયમાં અને ટ્રોમા સર્જન તરીકે જોડાયેલ છું ત્યારે એટલું કહી શકું કે કાઉન્સિલ અને સત્તામંડળ કેવું હોવું જોઈએ એનું મહત્ત્વ નથી પણ આકસ્મિક અવસ્થામાં સારવારની વ્યવસ્થા કેવી હોવી જોઈએ એ મહત્ત્વનું છે. આ બાબતનું વિવરણ ખૂબ ઊંડાણપૂર્વક આ કલમમાં કરવામાં આવ્યું છે. કલમ ૨૯ થી ૪૩ સુધી ૧, ૨, ૩ લેવલની હૉસ્પિટલમાં કેવા પ્રકારના સાધનો હોવા જોઈએ, કેવી વ્યવસ્થા હોવી જોઈએ એની ચર્ચા કરી છે. કૉંગ્રેસના માનનીય મિત્રોએ જો કાનમાં પ્લગ નાખ્યા હોય તો કાઢી નાખે અને ચશ્મા પહેર્યા ન હોય તો ચશ્મા પહેરી લે. એમાં ૪૨મી કલમ એમ કહે છે કે આ ૨૦૦૦ હૉસ્પિટલમાં દરેક ધર્મ, આ બિનસાંપ્રદાયિક બિલ છે એટલે કમસે કમ આ સર્વગ્રાહી વિષયને લગતું એક બિલ જ્યારે લઈને આવ્યા છે ત્યારે રાજ્ય સરકારના આ પ્રયત્નોમાં આપણે સૌ સાથે રહીએ. કોઈપણ અકસ્માત થાય ત્યારે પહેલી વ્યવસ્થા હોવી જોઈએ એ એમ્બ્યુલન્સની વ્યવસ્થા છે. આ એમ્બ્યુલન્સની વ્યવસ્થા હિંદુસ્તાનમાં એક આંકડા પ્રમાણે આ ગોલ્ડન અવરમાં માણસ જ્યારે ઈજા પામે અને ઈજા પામેલ વ્યક્તિને જ્યાં સુધી સારવાર ન મળે, એને હૉસ્પિટલમાં લઈ જવા માટેની વ્યવસ્થા છે તેના આંકડા એવા છે

- ૧૨ટકાને એમ્બ્યુલન્સ મળતી નથી, ૪ ટકાથી ઓછા લોકો air transportation કરે છે, ૫૦ ટકા લોકોની એમ્બ્યુલન્સમાં ટેકનિકલ સ્ટાફ હોતો નથી, ૩૩ ટકા લોકોની એમ્બ્યુલન્સ માત્ર મુસાફરી રથ તરીકે કામ કરે છે ત્યારે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કેવી હોય છે? એ કેવળ મુસાફરી રથ ના હોવો જોઈએ, એ સંજીવની રથ બની રહે એની અંદર જે કોઈ સ્ટાફ હોય એ સ્ટાફ પૂરેપૂરો ટેકનિકલ રીતે અપગ્રેડ હોવો જોઈએ, પ્રાથમિક સારવાર આપી શકે એવો હોવો જોઈએ એનું ઊંડાણપૂર્વકનું વર્ણન એ એમ્બ્યુલન્સ અંગેના પ્રકરણ ૧૧ની અંદર કલમ ૪૪ની (૮) પેટા કલમોમાં ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યો છે અને જે પાયાની જરૂરિયાત છે. કલમ ૫૨ની અંદર પણ એક સારી વ્યવસ્થા કરવામાં આવી છે. આ દેશની અંદર જ્યારે અનેક ધાર્મિક, સામાજિક અને રાજકીય મેળાવડા થતાં હોય ત્યારે ૨૫૦૦૦ થી વધારે લોકો ભેગા થાય ત્યારે તે જગ્યાએ અકસ્માત્ બને તો એ અકસ્માત્માં સેવા મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. કદાચ કોંગ્રેસના મિત્રોને એનો ભય ના હોવો જોઈએ, એ મેડમનો પાલવ પકડે તો જ ૨૫૦૦૦ થાય. અમારે તો આ દર ચોથા દિવસે આ વ્યવસ્થા કરવાની છે છતાંપણ અમે બિલમાં સમાવેશ કર્યો છે એજ બતાવે છે કે આ પ્રકારના અકસ્માત્ માટે અમે કેટલા ગંભીર છીએ અને આ ગંભીરતાને ધ્યાનમાં લઈને આ બિલનું આયોજન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ગુના અને શિક્ષા માટે નહિ પણ આ બિલની અંદર ખૂબ ઊંડાણમાં જોગવાઈ કરવામાં આવી છે અને બીજી એક સારી બાબત મારે એ કહેવી છે કે WHO દ્વારા ૨૦૦૭ સુધીમાં આ દુનિયાની અંદર દરેક દેશોએ આ પ્રકારનો કાયદો બનાવી દેવો જોઈએ એવો એક ઠરાવ પસાર કર્યો છે અને આ WHO ના Publication Guideline for Essential Trauma Care ૨૦૦૪ ના પાના નંબર ૮૦ માં ગુજરાત દ્વારા અકસ્માતના કેસમાં કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લીધી છે. They have taken the cognizance of the efforts engineered by Government of Gujarat અને આ જ ગાઈડ લાઈન પર આ દુનિયાના વિકાસશીલ દેશોની અંદર આ પ્રકારનું બિલ લાવવું જોઈએ એની ગંભીરતા એણે બતાવી છે એજ બતાવે છે કે WHO પણ ગુજરાતના અનુભવનું અનુસરણ કરી રહી છે અને WHO ગાઈડ લાઈન લાવે એ પહેલા ગુજરાતની અંદર આ પ્રકારનું બિલ આવી રહ્યું છે એ આપણા માટે ખૂબ મોટો ગૌરવનો વિષય છે. (અંતરાય)

**સભાપતિશ્રી .** : વચ્ચે ચર્ચા ના કરો, માનનીય ધારાસભ્ય, ટાઈમ ખોટો વેસ્ટ થાય છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : મને લાગે છે આ વિષય પર હુ બોલું એ વધારે સારું ગણાશે. મૅડિકલ ટુરીઝમ ક્ષેત્રે કેમ અત્યારે દુનિયાના દેશોમાંથી લોકો ગુજરાતની અંદર સારવાર લેવા માટે આવે છે એનું કારણ શું છે? See..

**સભાપતિશ્રી .** : માનનીય ડૉકટર સાહેબ, Don't reply to them. You continue.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : આ પ્રકારની સેવા ઉપલબ્ધ છે પરંતુ તેને કાનૂની સ્વરૂપ કારણ કે ગુણવત્તાના આધાર ઉપર મેળવવામાં તમે excellence માણસે જોઈતું હોય તો આ પ્રકારના કાનૂનની જરૂર છે. Excellence is achieved when the performer takes the pride of the job for which he is assigned. જે જોબ માટે એને રાખવામાં આવ્યો છે એમાં જો excellence લાવવામાં આવે અને એજ ગુજરાત સરકાર અત્યારે કરી રહી છે. દુનિયાના દેશો સાથે, જાપાન સાથે, ચીન સાથે આપણે કેવો તાલમેલ મેળવી શકીએ છીએ અને ગુણવત્તાનો આધાર કેવી રીતે બનાવીશું એનો પણ બિલમાં સમાવેશ થયો છે. દુનિયાની અંદર સારવાર ઉપલબ્ધ છે એજ સારવાર છેવાડાના ગરીબમાં ગરીબ માણસને વિનામૂલ્યે golden hoursની અંદર મળે એની વ્યવસ્થા આ બિલમાં કરવામાં આવી છે.

ડૉ.જીતુભાઈ પટેલ (ક્રમશ:) : અમે, અમારી ગુણવત્તા એજ અમારો Autograph છે અને એજ રાજય સરકારે સ્વીકાર કર્યો છે ત્યારે આ બિલનો આપણે સર્વાંગી સ્વીકાર કરવો જોઈએ અને આપણા માટે તો ખૂબ સારી વાત માનનીય અશોકભાઈએ જે વાત કરી એ કે ગુજરાતમાં આ પ્રકારની WHOએ અને દુનિયાના ટ્રોમા સેન્ટરોએ જેને માન્યતા આપી છે એવી સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતના ૭૫૦ અને હિન્દુસ્તાનના ૪૦૦૦ તજજ્ઞોને પહેલી વખત એમને શિક્ષિત કરવાનો, પ્રશિક્ષિત કરવાનો અગર કોઈને શ્રેય જતો હોય તો એ ગુજરાતની ધરતીને જાય છે અને એજ દિવાદાંડીરૂપ બનવા જ્યારે જઈ રહ્યું છે ત્યારે આપણે એક સૌ એ એનો ઉમળકાભેર સ્વીકાર કરવો જોઈએ, આવકાર આપવો જોઈએ કારણ કે, આજે ગુજરાતમાં પાંચ હજાર વ્યકિતઓ વર્ષે અકસ્માતના કારણે મૃત્યુ પામે છે, અમદાવાદ શહેરમાં પણ એ આંકડો પાંચસોને આંબી ગયો છે ત્યારે આ બધા જ પાસાઓને લઈ અને આપણે સૌ આ બિલને ટેકો આપીએ. અકસ્માતના કિસ્સામાં આપણે નેશનલ ટ્રોમા મેનેજમેન્ટ કોર્ષ, NTMC હેઠળ Academy of traumatology india દ્વારા કરવામાં આવેલ, જેને International Association of Surgury of Trauma & Surgical Intensive Care, IATSICનું Accreditation મળેલ છે આ આપણા માટે સૌભાગ્યની વાત છે. સાહેબ, માત્ર આ બિલમાં એક જ જોગવાઈ કરવામાં આવી નથી કે પ્રજાના વાવાઝોડાના કારણે કોઈ આખો પક્ષ અકસ્માતનો ભોગ બને તો એ દિશામાં શું કરવું એની જ માત્ર જોગવાઈ કરવામાં આવી નથી બાકી દરેક પાસાને જોતાં મને એમ લાગે છે કે, આ બિલને આપણે સૌ વધાવી લઈએ અને ગુજરાતના જે કાંઈ યુવાનો આનો ભોગ બની રહ્યા છે ત્યારે આપણે સૌ ( અંતરાય) તમને સારવાર મફત મળશે, (અંતરાય) બિલ વિના આપી દઈશું, હું આ બિલને મારું પૂરું સમર્થન આપું છું અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અને રાજય

સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, દુનિયામાં જે ઘટના ના બની હોય તે અને WHOએ ૨૦૦૭માં દરેક રાજયોએ લાવવું જોઈએ એનો જિક્ર કર્યો છે એ બિલ જ્યારે ગુજરાત લાવી રહ્યું છે ત્યારે આપણે સૌ એને સમર્થન કરીએ, ભારત માતા કી જયા, વંદે માતરમ.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧ ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક લઈને આવ્યા છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું, અભિનંદન આપું છું, એટલા માટે કે, ગુજરાતની પરંપરા રહી છે કે, દરેક વાતમાં પ્રથમ રહેવું એ પરંપરાને આગળ ધપાવતા એશિયામાં પ્રથમ, દેશમાં નહીં એશિયામાં પ્રથમ એવું બિલ લઈને આવ્યા છે, ખાસ કરીને માનનીય અધ્યક્ષશ્રી, પહેલી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ચર્ચા દરમિયાન માનનીય મુખ્યમંત્રીશ્રીને આ ક્રાંતિકારી વિચાર આવ્યો કે ડિઝાસ્ટર મેનેજમેન્ટની સાથે સાથે ગુજરાતમાં આ આકસ્મિક તબીબી સેવાના સંદર્ભમાં કોઈ બિલ હોવું જોઈએ અને જેના કારણે ગુજરાતના ગરીબમાં ગરીબ માનવીને જ્યારે તાત્કાલિક સેવાની જરૂર પડે તો એની કાંઈક વ્યવસ્થા હોવી જોઈએ અને એ વખતે આ વિચાર આવતાંની સાથે આ આકસ્મિક તબીબી સેવા બિલ લાવવું જોઈએ એ વિચાર વ્યક્ત કરવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી અને આ ક્રાંતિકારી વિચારો હંમેશા એવા લોકોના મગજમાં જ આવે કે જેના હૃદયમાં સંવેદના હોય, સજલતા હોય અને છેવાડાના માનવીની સેવા કરવા માટેની નેમ-ધ્યેય લઈને આવ્યા હોય એના મનમાં જ આવા વિચારો આવે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જીતુભાઈ કહેતા હતા કે, દેશમાં ૮૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ જેટલા અકસ્માતો દર વર્ષે થાય છે, હમણાં એક સરવે થયો એમાં જાણવા મળ્યું કે વિશ્વમાં ૫૦,૦૦૦ મિલિયન યુ.એસ.ડોલર, ગ્લોબલિયા ડિઝાસ્ટર પાછળ ખર્ચ થાય છે આવા જ્યારે ડિઝાસ્ટરો પાછળ ખર્ચ થાય છે ત્યારે એનો સરવે ૫૦,૦૦૦ મિલિયન યુ.એસ. ડોલર અને એમાં પણ ૨/૩ ખર્ચ તો માત્ર ને માત્ર આ ડિઝાસ્ટરના કોસ્ટ પાછળ જાય છે. અને ૧/૩ ખર્ચ એડમીનીસ્ટ્રેટીવ ખર્ચ અને મિટિગેશન પાછળ જાય છે.૫૦૦૦૦ મીલીયન યુ.એસ.ડોલરનો ખર્ચ બચાવવો હોય તો ડીઝાસ્ટરને રોકવા માટે અને માનવ મુલ્યને બચાવવા માટે, માનવની જિંદગીને બચાવવા માટે કરવો જોઈએ એ ખૂબ આવકારદાયક છે. દર વર્ષે ૧૪૦૦૦૦ મૃત્યુ ડીઝાસ્ટર પાછળ થાય છે. ડીઝાસ્ટર નેચરલ પણ હોઈ શકે. મેનમેઈડ પણ હોઈ શકે. મેઈનમેડ ડીઝાસ્ટરની ડો.જીતુભાઈએ વ્યાખ્યા કરી. સામેની પાટલીએ બેઠેલા સભ્યો દ્વારા પણ ઘણી વખત આવા ડીઝાસ્ટરનો ઉદભવ થતો હોય છે. સર્વે મુજબ India is prone country - UNEP પ્રમાણે પણ સરવે થયો છે કે ઈન્ડીયા સૌથી વધારે પ્રોન કન્ટ્રી છે. અકસ્માતનો ઈતિહાસ જોઈએ તો સૌથી પહેલો અકસ્માત બ્રિટનના શ્રીમતી બ્રીજલ ક્રિસલનો થયો હતો. આપણને આશ્ચર્ય એ વાતનું થશે કે જે વાહન દ્વારા અકસ્માત થયો હતો એની સ્પીડ માત્ર ૬.૪ કિલોમીટર હતી. અત્યારે સો-બસો કિલોમીટરની સ્પીડથી વાહનો ચાલતા હોય છે. એ વખતે ૬.૪ કિલોમીટરની સ્પીડથી વાહન ચાલતુ હોય અને એના દ્વારા અકસ્માત થયો એ વખતે વિચાર આવ્યો કે અકસ્માત થાય તો તાત્કાલિક કાંઈક સગવડ હોવી જોઈએ. આમ જોઈએ તો સૌથી પહેલા ફ્રેન્ચ મિલિટરી દ્વારા મોબાઈલ હૉસ્પિટલની શરૂઆત કરવામાં આવી હતી. ૧૭૯૨માં અને ૧૯૦૩માં ઈંગ્લેન્ડમાં મોટરાઈઝ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી. સૌથી પહેલા અને એ પછી પહેલા વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધ વખતે હારમાળા શરૂ થઈ અને એ પ્રમાણે આયોજન કરવામાં આવ્યું. પરંતુ ૧૯૯૬માં એક સર્વે મુજબ એકલા આપણા દેશની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં ૧૦ જે નેશનલ હાઈવે છે એમાં ૧૯૦૦૦ મૃત્યુ થયા અને એમાં ૫૩૮૭ને ગંભીર ઈજાઓ થઈ. આંકડા જોઈએ તો એમ લાગે કે હજારો, લાખો લોકોના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થાય છે એમને ગોલ્ડન અવર્સમાં સારવાર આપવામાં આવે તો એ લોકોને બચાવી શકાય. જીવન પ્રભુનું અમૂલ્ય વરદાન છે. મનુષ્ય જીવન દુર્લભ છે. મનુષ્ય જીવન બચાવવાની આપણી સૌથી પહેલી ફરજ થઈ પડે છે. કોઈનું અકાળે મૃત્યુ ન થાય, કોઈનું જીવન વેડફાઈ ન જાય, એના રક્ષણની જવાબદારી આપણી છે. આ પૈડા પર ચાલતા યમદૂત છે. એ ભય સાથે હાઈવે પર જઈએ ત્યારે યમદૂત કોને ભરખી જશે એ ખબર નથી. જયારે કોઈ વ્યકિત નેશનલ હાઈવે પર જાય છે ત્યારે એની માતાને ચિંતા હોય છે કે હાઈવે પર જતો મારો દીકરો સલામત પાછો આવે. Accident is always unexpected, unplanned which may involve injury and result in recognized damage. ૧૯૬૧માં Black કમિટીએ વિશ્વમાં પહેલી વખત ઈમરજન્સી મૅડિકલ સર્વિસીસની જરૂર છે. એવી ઈંગ્લેન્ડમાં વાત કરી હતી. ઈમરજન્સી ડિપાર્ટમૅન્ટની શરૂઆત ૧૯૬૧માં ઈંગ્લેન્ડમાં થઈ. Medical urgency is situation wherein the person requires urgent treatment to save life and limb both. અરજન્ટ સારવાર પણ જોઈએ પણ સાથોસાથ હાઈકોલીટીની સારવાર જોઈએ એટલા માટે આ બીલની આવશ્યકતા છે. મને એક કિસ્સો યાદ આવે છે મારા વિસ્તારમાં એક નવજુવાનને અકસ્માત થયો. હાથ કપાઈ ગયો. હાંસોલ ઈન્દીરા બ્રીજ પાસે સગાવહાલા તાત્કાલિક કપાઈ ગયેલા હાથ સાથે સિવિલ હૉસ્પિટલ જુદો હાથ લઈને દોડયા. એ વખતે ડો. અનિલ ચઢ્ઢા પ્લાસ્ટિક સર્જન અને સુપ્રિન્ટેન્ડન્ટ હતા. ગોલ્ડન અવરમાં જુદો હાથ લઈને પહોંચી શકયા તાત્કાલિક સારવાર થઈ, પ્લાસ્ટિક સર્જરી થઈ એના કારણે એનો હાથ બચી ગયો. મારા વિસ્તારના એક યુવાનનો હાથ કપાઈ ગયો હોત. એની જિંદગી આખી વેડફાઈ ગઈ હોત. ગોલ્ડન અવરમાં પહોંચી જવાને કારણે તાત્કાલિક સારવાર મળવાના કારણે, હાઈ ક્વોલિટી સારવાર મળવાના

કારણે એનું જીવન બચી શક્યું છે. આના ઉપરથી સમજાય છે કે ઈમર્જન્સી મૅડિકલ સર્વિસીસની કેટલી આવશ્યકતા છે. આ સારવાર ઉપરાંત દર્દીના સગાની ઈમોશ્નલ નીડ સંતોષવી એટલી જરૂરી હોય છે. જ્યારે જ્યારે ઈમર્જન્સી સર્જાય છે, જ્યારે જ્યારે અકસ્માતો સર્જાય છે. દર્દી ઉપરાંત સગાઓને પેનિક આવી જતા હોય છે, ત્યારે એમની ઈમોશ્નલ નીડની ચિંતા કરવી ખૂબ જ જરૂરી છે અને મેડિકો-લીગલ આસ્પેક્ટને પણ આવરી લેવાની ખૂબ આવશ્યકતા હોય છે. ાંચમી જુલાઈ ૨૦૦૬ ના રોજ અમદાવાદની આઈ.આઈ.એમ.માં વર્કશોપ થયો, એમાં ઇન્ડિયા ટ્રાન્સપૉર્ટ સૅક્ટરના સેમિનારમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી અને અકસ્માતના આંકડાની ચર્ચાની સાથે સાથે જ્યારે આ સરવેમાં વાત થઈ. કુલ ૫૫૦૦ કરોડ જેટલું સામાજિક મૂલ્ય અકસ્માતમાં ગુમાવ્યું છે. આજે ગ્લોબલાઈઝેશનનો જમાનો છે. પહેલા આપણે સ્પર્ધા કરતા હતા કે ગામના લોકો સાથે, હવે ગામ નહિ, રાજ્ય નહિ, દેશ નહિ પણ વિશ્વના લોકો સાથે સ્પર્ધા કરતા થયા છીએ. આજના યુવાનને પોતાની સરખામણી દેશના યુવક સાથે નથી કરવી, આજની કૉર્પોરેટ કંપનીને સ્પર્ધા પોતાના દેશની કંપની સાથે નથી કરવી, પણ આજે સ્પર્ધા આખા વિશ્વમાં થવા લાગી છે, ત્યારે આ ગ્લોબલાઈઝેશનના જમાનામાં વાહનો એટલાં જ વધતાં જાય છે. આમ જોવા જઈએ તો વિશ્વના કુલ વાહનોમાંથી આપણા દેશમાં ૧ ટકા વાહનો છે, પરંતુ અકસ્માત ૬ ટકા થાય છે. આખા વિશ્વમાં જેટલાં વાહનો છે એના ૧ ટકા વાહનો હોવા છતાં ૬ ટકા અકસ્માત થાય છે. દર હજાર વાહને ૩૫ અકસ્માત થાય છે, જ્યારે ડેવલપ કન્ટ્રીનો આંકડો જોવા જઈએ તો દર હજાર વાહને ૧૦ અકસ્માત થાય છે, જે આપણે ત્યાં આંકડો ૩૫ નો છે, ત્યારે દરરોજ છાપું ખોલીએ ત્યારે આપણને વાંચવા મળે કે ગોઝારા અકસ્માતમાં આટલાના મૃત્યુ. લગ્નની જાન જઈ રહી હતી અને અકસ્માત નડ્યો અને આટલા જાનૈયાઓના મૃત્યુ થયા. આ મોતનું તાંડવ હાઈવે ઉપર થતું હોય ત્યારે આવી હેડલાઈનો વાંચીએ અને આપણા દિલ ધડકી ઊઠે છે. અકસ્માતો થયા તો તેના મૃત્યુ કેવી રીતે રોકવા, તેની ચિંતા આપણે સૌએ કરવી જોઈએ. હાલની આ વ્યવસ્થા જોવા જઈએ તો આપણને એમ થાય કે બિલ લાવવાની જરૂરિયાત કેમ થઈ? અત્યારે ઈમર્જન્સી મૅડિકલ સર્વિસીસ નથી આપવામાં આવતી? હાલ પણ વ્યવસ્થા છે. ગુજરાતમાં જોવા જઈએ તો આ પરિસ્થિતિને પહોંચી વળવા ૪ તબક્કામાં વ્યવસ્થા છે. ઈમર્જન્સી મૅડિકલ સર્વિસીસ માટે મેજર ઈમર્જન્સી સર્વિસીસની વ્યવસ્થા છે. એમાં બધા જ ડાયગ્નોસીસ અને થેરાપ્યુટિક વ્યવસ્થા છે. ટરસ્યરી હોસ્પિટલ છે, ટિચિંગ હોસ્પિટલ છે. સિટી સ્કેનથી માંડી કાર્ડિયોલોજિસ્ટ અને ન્યુરો સર્જરી જેવા ડિપાર્ટમૅન્ટ છે. બેઝિક હોસ્પિટલ પણ છે. પી.એચ.સી. અને સી.એચ.સી. છે. રેફરલ સેવાઓ પણ છે, પરંતુ સંકલિત કાયદાકીય જોગવાઈઓ હોવાથી આપણે ખૂબ સારી રીતે આને સાંકળી લઈને વધારે તાત્કાલિક અને હાઈ ક્વોલિટીની વ્યવસ્થાથી આપણે સુવિધા આપી શકીશું. માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે, એ પોતાનું કર્તવ્ય સમજીને લાવ્યા છે. એમના હ્રદયમાં સંવેદના છે, એટલે બિલ લાવ્યા છે. કોઈના માટે ઉપકાર કરતા નથી. ગુજરાતની પરંપરા પથદર્શક બનવાની છે અને પથદર્શક બનવાની પરંપરા આગળ લાવવા માટે આ બિલ લઈને આવ્યા છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે તેટલા પ્રાયોગિક ધોરણે આ વ્યવસ્થા છે ૧૦૬૬ નંબર, યુનિટ નંબર ઉપર ફોન કરવાથી અમદાવાદ મૅડિકલ ઈમર્જન્સી સર્વિસીસ કાઉન્સિલ છે. એમાં ડો. હીરેનભાઈ જોષી છે અને સ્વયંસેવા સંસ્થાએ સુંદર મજાની વ્યવસ્થા ઊભી કરી છે, એમાં એક વર્ષમાં ૬૦૦ કોલ એટેન્ડ કર્યા છે. માત્ર અકસ્માત નહિ, પણ હ્રદયરોગના દર્દીઓને પણ તાત્કાલિક સેવા પૂરી પાડવામાં આવે છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સૅન્ટર છે, એમાં અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ બિલ જ્યારે વાંચતી હતી ત્યારે તેના બધા જ પ્રકરણનો અભ્યાસ કર્યો.ખૂબ સુંદર રીતે આમાં બધા જ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. સત્તા મંડળની રચના થશે, શહેર અને જિલ્લામાં કાઉન્સિલની રચના થશે.

અધ્યક્ષશ્રી ઉપરાંત ૧૭ સભ્યોની નિમણૂક કરવામાં આવશે. કલમ-૭માં સભ્યોના હોદ્દા, મુદત અને સેવાની શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાં એક મહત્વની સ્પષ્ટતા જરૂરી છે કે જે અધ્યક્ષની નિમણૂક કરવામાં આવે તેની ત્રણ વર્ષની મુદત રહેશે પરંતુ તે અધ્યક્ષની ફરીથી નિમણૂક કરવામાં આવશે કે કેમ? અથવા તો કેટલા સમય સુધી ફરીથી નિમણૂક કરી શકાય તેની સ્પષ્ટતા કલમ-૭માં કરવી આવશ્યક છે. જે બેઈઝ હૉસ્પિટલો હશે તે બેઈઝ હૉસ્પિટલોમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ અને એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ હોવી આવશ્યક રહેશે. જિલ્લાની અને શહેરની કાઉન્સિલની દેખરેખની અંદર આ બેઈઝ હૉસ્પિટલો કામ કરતી હશે. ખાસ કરીને આ બિલમાં જે જોગવાઈ કરવામાં આવી છે એમ્બ્યુલન્સની વ્યવસ્થાની. માનનીય સભ્યશ્રી જીતુભાઈ કહેતા હતા તેમ અત્યારે તો ખખડધજ એમ્બ્યુલન્સો છે. તે માત્ર મુસાફરી કરાવવા પૂરતી છે. દર્દીને સ્થળેથી હોસ્પિલટમાં પહોંચાડવા સુધીની સેવાઓ પૂરી પાડે છે. એમ્બ્યુલન્સનો અર્થ આપણે સમજીએ છીએ કે દર્દીને સ્થળેથી લઈ દવાખાના સુધી પહોંચાડવો. પરંતુ સાચા અર્થમાં એમ્બ્યુલન્સનો અર્થ એ હોય કે તાત્કાલિક સ્થળ ઉપર સેવાઓ પૂરી પાડે, તેને રસ્તામાં સેવાઓ પૂરી પાડે, તેમાં જેટલો સ્ટાફ હોય તે ટ્રેઈન્ડ સ્ટાફ હોય, તેમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ હોય, જરૂર પડ્યે તે એમ્બ્યુલન્સમાં રસ્તામાં પણ સારવાર આપતા આપતા આઈસીયુ ઓન વ્હીલ ટાઈપ અને પછી તેને હૉસ્પિટલમાં પહોંચાડે તેને સાચા અર્થમાં એમ્બ્યુલન્સ કહેવાય. અત્યારે એમ્બ્યુલન્સમાં જોવા જઈએ તો માત્ર ડ્રાઈવર હોય અને એક સ્ટ્રેચર બેરર હોય. તે માત્ર દર્દીને ઉંચકતાં ઉંચકતા કદાચ ઉંચકતાં ન પણ આવડતું હોય તો એક ફેકચર થયું હોય તો બીજું પણ ફેકચર થાય આવો અનટ્રેઈન્ડ સ્ટાફ હોવાના કારણે ખૂબ ખરાબ પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

આમ, આ પ્રકરણમાં જે એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે ખૂબ સારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અત્યારે જે એમ્બ્યુલન્સ હોય, કોઈપણ સંસ્થા એમ્બ્યુલન્સ એક નાની વાન લઈ લે અને તેની ઉપર લાલ લાઈટ અને બ્લ્યુ લાઈટ લગાડી દે અને ઉપર એમ્બ્યુલન્સ લખી નાંખે પછી તે એમ્બ્યુલન્સનો ઉપયોગ ખરેખર દર્દીને ટ્રાન્સફર કરવા માટે થાય છે કે પછી અસામાજિક પ્રવૃત્તિમાં થાય છે તેની ખબર પડતી નથી. એટલા માટે એમ્બ્યુલન્સનું લાઈસન્સ આપતાં પહેલાં તેની અંદર લાઈફ સપોર્ટ સિસ્ટમ છે કે નહીં, ટૅક્નીકલ સ્ટાફ છે કે નહીં આ બધી તપાસ કર્યા પછી લાઈસન્સ મળે. આ જોગવાઈ આ બિલમાં કરવામાં આવી છે તે ખરેખર આવકારદાયક છે. કલમ-૪૫ની જે જોગવાઈ છે કે કોઈપણ વ્યકિત ચોવીસ કલાક ઈમરજન્સી સેવા આપી શકે તેવા બોર્ડ મારી દે છે. આજે રસ્તા પરથી પસાર થઈએ તો દવાખાનાની બહાર લખેલું હોય છે કે તાત્કાલિક સારવાર ચોવીસ કલાક. એટલે લોકો દવાખાનામાં ઘૂસી જાય અને પછી ખબર પડે કે આ દવાખાનામાં કોઈ સુવિદ્યા છે નહીં. તેમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ છે નહીં. તેમાં એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ છે નહીં. તેમાં ટેકનિકલ સ્ટાફ નથી, તજજ્ઞો નથી. તો આવા ગમે તે બોર્ડ મારી દેવાથી દર્દી ભ્રમિત થઈ જાય છે. તેમાં પણ કલમ-૪૫ની જોગવાઈ મુજબ ખૂબ સારી રાહત રહેશે. તાત્કાલિક સારવાર ચોવીસ કલાક ઉપલબ્ધની જાહેરાત કરતાં પહેલાં પ્રમાણપત્ર લેવું પડશે. કાઉન્સિલ પાસેથી પ્રમાણપત્ર લેવું પડશે. આ ખૂબ જરૂરી છે. તેના કારણે હૉસ્પિટલો પોતાની સુવિદ્યાઓ વધારશે. સ્પર્ધા થશે. એક હૉસ્પિટલની બીજી હૉસ્પિટલ સાથે સ્પર્ધા થશે. હૉસ્પિટલો પોતાની સુવિદ્યાઓ વધારવા માટે અગ્રેસર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ફર્સ્ટ એઈડમાં કોઈ ઈજા થઈ અને પાટાપિંડી કરી દીધી એટલે કંઈ ઈમરજન્સી સારવાર ન ગણાય. એટલા જ માટે લેવલ-૧ તેમાં કંઈ કંઈ સુવિદ્યા હોવી જોઈએ, લેવલ-૨ હૉસ્પિટલમાં કંઈ કંઈ સુવિદ્યા હોવી જોઈએ. લેવલ-૩ ની હૉસ્પિટલ આવું ગ્રેડેશન આપવામાં આવશે ત્યારે મૅડિકલની સુવિદ્યાઓમાં ફેરફાર થશે. કલમ-૫૨ જાહેર કાર્યક્રમ, મેળાવડા, ક્રિકેટ મૅચો વગેરે સ્વ ખર્ચે જ્યારે ૨૫ હજારથી વધારે લોકો ભેગા થાય ત્યારે તબીબી સેવા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને )**

આ ખૂબ આવકાર્ય છે. આનો ઉદ્ેશ જોવા જઈએ તો જીવન રક્ષા આનાથી કરી શકશે. અપંગતા દૂર કરી શકશે. બી.પી.એલ.ના લોકો જે ગરીબી રેખાથી નીચે જીવન વીતાવે છે તેના માટે આ બિલ વરદાનરૂપ સાબિત થશે. માનનીય અધ્યક્ષશ્રી, એન.જી.ઓ.ની સહભાગીતા લેવામાં આવશે. ગુજરાત સરકારનો એક નિયમ છે, જ્યારથી સરકાર સત્તામાં આવી છે ત્યારે એક નિયમ લઈને અમે ચાલીએ છીએ કે માત્ર સરકાર પોતે નહીં પણ જનભાગીદારીથી, લોકોના સહયોગથી અમારે આગળ વધવું છે. લોકોના સહયોગથી અમારે લોકોની સેવા કરવી છે. તો આમાં પણ એન.જી.ઓની સહયોગ લઈને આગળ ધપવાનું છે. ઈજાને અનુરૂપ સારવાર મળે છે અને મને કહેતાં આનંદ થાય છે કે એપોલો હૉસ્પિટલમાં સિવિલ હૉસ્પિટલના ૪૦ બ્રધર્સને ટ્રેનિંગ આપવામાં આવી, ઇમરજન્સી મૅડિકલ સર્વિસીસ માટેની ટ્રેનિંગ આપવામાં આવી અને ન્યૂયૉર્કના ફાયરવાળા આવીને ટ્રેનિંગ આપી ગયા, જેનું Graduation Ceremony બીજી માર્ચ અને ત્રીજી માર્ચ છે અને બીજી બેચ પહેલી માર્ચથી શરૂ થવાની છે એટલે ઇમરજન્સી મૅડિકલ સર્વિસીસ નર્સિંગ સ્ટાફ અને બ્રધર્સને પણ આપવાની આમાં જોગવાઈ માત્ર નથી પણ માનનીય અધ્યક્ષશ્રી, થોડાંક મારે સૂચનો કરવાં છે, જ્યારે આટલું સુંદર મજાનું બિલ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે ત્યારે આ ગુજરાતમાં Super Specialist ડીગ્રી કોર્સ જો આમાં આવરી લેવામાં આવે, Super specialist ને MCA કરવું હોય તો એ પી.જી. પછી વિદ્યાર્થીઓને બહાર જવું પડે છે. તો યુનિવર્સિટી સાથે વાત કરીને જો EMS ની Post Graduation ડીગ્રી પણ આમાં સાંકળી લેવામાં આવે અને Exchange Programmeમાં વિદેશો સાથેના exchange પ્રોગ્રામને પણ સાંકળી લેવામાં આવે તો ખૂબ જ લાભદાયક રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું સારું એક સૂચન એ છે કે, અકસ્માતો જો દૂર દૂરના ગામડાંમાં થાય, માત્ર અકસ્માતો જ નહીં પણ બીજી પણ ઈમરજન્સી દૂરના ગામડામાં ઊભી થાય ત્યારે ગામડામાં ડૉક્ટરો નથી એવા સમયે Tele-medicine એ આજના સમયની સૌથી મોટી આવશ્યકતા છે, આજે આપણે જોઈએ તો ૭૫ ટકા ડૉક્ટરો શહેરોમાં છે, ૨૩ ટકા ડૉક્ટરો અર્ધશહેરમાં રહે છે અને માત્ર ૨ ટકા ડૉક્ટરો ગામડાંમાં સેવાઓ આપે છે તો જ્યારે ગામડાંમાં દર્દીને અકસ્માત સિવાયની પણ કોઈ જરૂરિયાત ઊભી થઈ ગઈ, ઇમરજન્સી ઊભી થઈ ગઈ તો Tele-medicine ની વ્યવસ્થા હોય તો ગામડાંમાં બેઠેલા દર્દીઓ પણ તજજ્ઞોની સલાહ લઈ શકે અને તેને ગામડાંમાં પણ સારી સારવાર મળી શકે એવું મારું સૂચન છે અને ખાસ કરીને ઈમરજન્સી મૅડિકલ સર્વિસીસ મેન્યુઅલની રચના કરવી જોઈએ અત્યારે ડીઝાસ્ટર મેન્યુઅલની રચના ગુજરાતમાં કરવામાં આવેલી છે પણ ઈમરજન્સી મૅડિકલ સર્વીસની પણ રચના કરવી જોઈએ જો મેન્યુઅલ હોય તો એને ફોલો કરવું જોઈએ અને આ મેન્યુઅલ ખૂબ સીમ્પલ હોવું જોઈએ, કલીયર હોવું જોઈએ, concise હોવું જોઈએ અને ફેકસીબલ હોવું જોઈએ, બધાને adoptable હોવું જોઈએ. અને એનું rehearsal થવું જોઈએ એટલે ઇમરજન્સી મૅડિકલ મેન્યુઅલ બનાવીને એની રચના કરી એને જો ફોલો કરવામાં આવશે તો ડીઝાસ્ટરની જે રીતે મેન્યુઅલ છે એ પ્રમાણે ઈમરજન્સી મૅડિકલ સર્વિસીસ મેન્યુઅલથી ગુજરાતના લોકોને ખૂબ ખૂબ રાહત રહેશે. એવી જ રીતે પોલીસના કાયદાઓ હાલ આપણે જોવા જઈએ તો કોઈપણ અકસ્માત થાય તો અકસ્માતવાળા દર્દીને કોઈપણ દવાખાને લઈ જઈએ તો એ દર્દીને તાત્કાલિક સારવાર પણ મળે છે ત્યારે પોલીસ કાયદાઓ નડતા નથી અને ડૉક્ટરો એમ પણ કહેતા નથી કે

પહેલાં પોલીસમાં ફરિયાદ લખાવો અને પછી આવો તો અમે સારવાર કરીશું પણ હું માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરવા માગું છું કે, ટેલીવિજનમાં જે સિરિયલો બતાવવામાં આવે છે એમાં દર્દીને દવાખાને લઈ ગયા તો ત્યાંના ડૉક્ટર એમ કહેતા નજરે પડે છે કે, પહેલાં પોલીસ ફરિયાદ લખાવો અને એ પછી અમે કેસ લઈશું અને એના કારણે સમાજમાં જે પ્રમાણે વિસંગતતા ઊભી થાય છે તો માનનીય મંત્રીશ્રી, આપશ્રી સિરિયલ બનાવનારાઓને પણ પત્ર લખો કે આવી કોઈ જરૂરત હોતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, એને કારણે સમાજમાં એક જાગૃત્તિ પણ આવશે અને એક ખૂબ મોટી સેવા આપણે કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું છેલ્લું સૂચન છે કે, નિવૃત્ત પ્રોફેસરોની પણ આમાં સેવાઓ લેવી જોઈએ કે જેથી કરીને એમના અનુભવોનો પણ આપણને લાભ લઈ શકીએ અને આ ગુજરાતમાં આવી આકસ્મિક તબીબી સેવાઓમાં ખૂબ સારી સેવા કરી શકીએ,

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને આવ્યા છે એને હું હૃદયપૂર્વક આવકારું છું, આ બિલ ગુજરાતમાં એક ઐતિહાસિક બિલ છે, આવકારદાયક બિલ છે અને ગુજરાતના ગરીબ, છેવાડાના માનવીઓની સેવા માટે ખૂબ ઉત્તમ કક્ષાનું આ બિલ લઈને આવ્યા છે એને હું હૃદયપૂર્વક આવકારું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત અકસ્માત તબીબી સેવા વિધેયક, ૨૦૦૭ જે લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

અત્યારે ગુજરાતમાં જે રીતે સેવા આપવાનું ધોરણ છે એમાં ગામડાંમાં ૩૦ હજારની વસતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આપેલા છે, ૧ લાખની વસતિએ એક સી.એચ.સી. આપેલ છે, જિલ્લા કક્ષાએ, સીવીલ હોસ્પિટલ છે અને શહેરોમાં પણ સીવીલ હોસ્પિટલ છે અને મ્યૂનિસિપલ હોસ્પિટલો પણ આવેલી છે. આ હોસ્પિટલોમાં આપણે ત્યાં ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ છે. મારો કહેવાનો મતલબ એ છે કે, આ હોસ્પિટલોમાં જે ઈમરજન્સી સેવાઓ અવેલેબલ છે એને સુદ્રઢ કરવાની જરૂર છે. અત્યારે આપણે જે વિચાર કરી રહ્યા છીએ અને માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં હાઈવે ઉપર અકસ્માત થાય છે એમાં ઈમરજન્સી સેવા અંગેનું આ બિલ છે. અત્યારે ગામડાંમાં પણ ઘણી બધી જાતની ઈમરજન્સી હોય છે. હાર્ટ એટેકમાં ઈમરજન્સી હોય છે, ડિલિવરી વખતે પણ ઘ ણી વખત ઈમરજન્સી સર્જાય છે પણ એ અંગેની આમાં કોઈ જોગવાઈ હોય એવું દેખાયું નથી. ત્યારે આ બિલ ફકત ૧૦ થી ૧૨ ટકા માણસો માટે જ સીમીત ન રહી જાય અને ઈમરજન્સી વખતે દરેકને પુરતી સેવા મળે એવી માનનીય મંત્રીશ્રી આ બિલમાં જોગવાઈ કરે તો મને લાગે છે કે ઘણાં બધા માણસોને એનો ફાયદો મળશે.

બીજું આમાં વાત કરી છે કે બી.પી.એલ.ને વગર ફી એ સેવા આપવામાં આવશે. ઈમરજન્સી એ ઈમરજન્સી છે એમાં ઈમરજન્સીનો દર્દી એ.પી.એલ. હોય કે બી.પી.એલ. હોય એ જોયા વગર એને તાત્કાલિક સારવાર મળવી જોઈએ, એ વખતે એ ન જોવું જોઈએ કે એ એ.પી.એલ.માં આવે છે કે બી.પી.એલ.માં આવે છે? એ દર્દી જયારે સાજો થાય ત્યારે જ એ જોવામાં આવે કે એ કઈ કેટેગરીમાં આવે છે. એટલે આ બી.પી.એલ. કે એ.પી.એલ.નું ધ્યાન ન રાખતા તમામ વર્ગના માણસને સમાન ધોરણે ઈમરજન્સીમાં લાભ મળવો જોઈએ. સાથે સાથે બેઈઝ હોસ્પિટલ, એ બેઈઝ હોસ્પિટલને જિલ્લા કક્ષાએ સરકારી હોસ્પિટલ અવેલેબલ છે એની સાથે જોડવામાં આવે તો વધુ સારું પરિણામ આવશે. એમાં ખાનગી ડોકટરોનો પણ સહકાર જરૂર લેવામાં આવે એ જરૂરી છે. સાથે સાથે એમ્બ્યુલન્સની વાત કરી કે, એમ્બ્યુલન્સનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. તો ગામડાંમાં જે એમ્બ્યુલન્સ ચાલે છે એમાં કોઈક રજિસ્ટ્રેશન વગરની પણ હશે. ગામડાંમાંથી માણસને શહેરના દવાખાના સુધી લાવવા માટે જીપો સિવાય કશું હોતું પણ નથી, ત્યારે આ રજિસ્ટ્રેશનનો સવાલ પેદા થાય તો કયાંક એ માણસ ગુનામાં ન આવી જાય. એટલા માટે રજિસ્ટ્રેશન કદાચ હાઈવે પુરતુ જરૂરી છે પણ આવા જે માણસો ગામડાંમાંથી દર્દીને બચાવવા માટે કોઈ સારી હોસ્પિટલમાં લઈ જવા માગતા હોય એવા લોકોને કયાંક આનાથી નુકસાન ન થાય એ પણ સાથે સાથે જોવાની જરૂર છે.

બીજું મારે એ કહેવું છે કે, અત્યારે આપણે સત્તામંડળની સ્થાપના કરવાની વાત કરી છે. એમાં સત્તામંડળ રાજય લેવલે, સત્તામંડળ શહેરી લેવલે, અને સત્તામંડળ જિલ્લા કક્ષા લેવલે એમ ત્રણ સત્તામંડળની સ્થાપના કરવાની વાત કરી છે. એમાં સ્ટાફની નિમણૂક કરવાની વાત પણ કરી છે. એમાં સ્ટાફ કેવી રીતે ભરવા માગો છો? જી.પી.એસ.સી. દ્વારા ભરવા માગો છો કે નિમણૂકથી કરવા માગો છો? એનો કોઈ ઉલ્લેખ આમાં દેખાતો નથી. તો જયારે જયારે એકસ્પર્ટની નિમણૂક કરવાની થાય ત્યારે જી.પી.એસ.સી.થી નિમણૂક કરવામાં આવે તો વધુ સારું રહેશે. માનનીય ડો.માયાબેને સારી વાત કરી કે એમ.એસ., એમ.ડી. કરતા પણ વધુ એકસ્પર્ટ વધારે ડીગ્રી ધરાવતા ડોકટર હોય એને પ્રાયોરીટી આપવી જોઈએ જેથી સારા માણસોનો લાભ મળશે.

છેલ્લે એક વાત આ બિલમાં રજૂ કરી છે કે, સત્તામંડળના અધિકારીઓ/કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ કાયદેસરની માની લેવામાં આવશે. મને લાગે છે કે, આ શબ્દો કદાચ વધુ પડતા લખાયા હોય એવું લાગે છે. કોઈ પણ કાર્ય એ લોકો કરે તો કાયદેસરનું માની જ લેવું એ કદાચ યોગ્ય ન ગણાય એવું મને લાગે છે. સાથે સાથે કોઈ દિવાની કોર્ટમાં જઈ શકાય નહીં એ બાબતનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ પણ જરા યોગ્ય હોય એમ દેખાતુ નથી. કાઉન્સીલના અધિકારીઓ/કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ કાયદેસરની માની લેવામાં આવેશે એ બાબતમાં ફેરવિચારણા કરવામાં આવે તો વધુ સારું થશે એમ મને લાગે છે. સાથે સાથે છેલ્લે એ કહેવું

છે કે, આપણો ઉદેશ તમામ વર્ગના માણસોને સેવા આપવાનો છે. ત્યારે ખાનગીકરણ તરફનો આપણો ઉદેશ ન હોય એ માનનીય મંત્રીશ્રી ધ્યાન રાખે તો કદાચ આ બિલથી જે લોકો ઈમરજન્સીમાં હેરાન થાય છે એ હવે હેરાન નહીં થાય અને સારી સારવાર જરૂર મળી રહેશે એવી આશા સાથે આટલું કહી મારી વાત પૂરી કરું છું.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રી સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧ ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને હું અનુમોદન આપવા માટે અને મારા વિચારો પ્રસ્તુત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્વાન સભ્યશ્રીઓએ પોતપોતાના મંતવ્યો ખૂબજ વિગતે પ્રસ્તુત કર્યા છે અને આ ઐતહાસિક બિલ જ્યારે આપણા આ રાજયમાં અત્યારે આવી રહ્યું છે ત્યારે દુનિયાના દેશોની સાથે હરોળમાં ઊભાં રહેવા માટે એ દિશામાં આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ અને તૈયાર થઈ રહ્યા છીએ. દુર્ઘટના છે એ કયારેય અગાઉથી કહીને આવતી નથી, એટલા માટે જ અકસ્માત કોઈપણ વખતે, કોઈપણ વ્યકિતને કે કોઈપણ ક્લાસને, કોઈપણ વર્ગના માણસોને અને કોઈપણ રસ્તા ઉપર નાના કે મોટાં એ સ્પર્શી શકે છે. દુનિયાના આની અંદર જે આંકડા છે દુનિયાના એક ટકા વાહનો જ્યારે આપણે ત્યાં છે અને આપણે ત્યાં ૬ ટકા અકસ્માતો થાય છે. તો આટલું બધું મોટું પ્રમાણ છે એની સારવાર તરફ જે આપણે નિર્ણય લઈએ છીએ પણ સાથે સાથે એના પ્રિવેન્શન માટે પણ સમાજને અને લોકોને વધારે જાગૃત કરવા માટે પણ એની સાથે સાથે જ કંઈક પગલાં લેવાય એ ઇચ્છનીય રહેશે. હજાર વાહને ૩૫ અકસ્માતો આપણા દેશમાં થાય છે. લોકોની જે સજાગતા છે એ આ બાબતમાં નથી કે કદાચ સ્પીડની બાબતમાં હોય કે વાહનની સર્વીસ બાબતમાં હોય કે બીજી બધી કાળજીની બાબતમાં હોય રસ્તાઓના નિયમોની બાબતમાં હોય તો એ વિશે પણ લોકોને સજાગ કરવા જોઈએ. એક કિસ્સો જેનો હું સાક્ષી બન્યો છું તે હું કહેવા માગું છું. જ્યારે હું અભ્યાસ કરતો હતો બી.જે. મૅડિકલ કોલેજ સિવિલ હૉસ્પિટલમાં એ અહીંયા પ્રસ્તુત છે એટલા માટે હું કહુ છું. ૧૯૭૮માં અસારવાનો બ્રિજ જ્યારે બનેલો નહોતો અને એ વખતે જે એક દુર્ઘટના બની ત્યારે રેલવે ક્રોસિંગ હતું એની પાછળ એક ભાઈ સાઈકલ લઈને પસાર થઈ રહ્યા હતા અને પાછળથી કોઈ શખ્સે એની અગાઉની અદાવતના કારણે એના પર પાછળથી છરીથી હુમલો કર્યો એટલે તુરત જ એ ઢળી પડ્યો અને તાત્કાલિક એને સિવિલ હૉસ્પિટલમાં લઈ આવવામાં આવ્યો કારણકે હૉસ્પિટલ બહુ નજીક જ હતી. એ વખતે એની સાથેના પરિચયના કારણે મને બોલાવવામાં આવ્યો. હું જ્યારે વૉર્ડમાં ગયો ત્યારે એ અર્ધ ભાન અવસ્થામાં હતો એના લોહીના બાટલા ચાલુ હતા અને એનું બ્લડ પ્રૅશર એટલે કે લોહીનું દબાણ એ ૭૦ કરતાં પણ નીચું, ૬૦, ૫૦ જેટલું નીચું આવી ગયેલું હતું, જેમ જેમ લોહીના બાટલાઓ ચડતા ગયા તેમ તેમ એનું દબાણ થોડું વધ્યું અને એ ૭૦ થયું અને ૭૦ થયાં પછી ૮૦, ૯૦ થયું. એ દરમિયાન પોલીસને બોલાવી હતી. એમણે એમનું સ્ટેટમેન્ટ પણ લીધું એ ભાઈ બોલતા પણ થયાં અને એણે જવાબો પણ આપ્યા, ત્યારબાદ એનો એક્સ-રે કરવામાં આવ્યો તો એમાં એવું નિદાન આવ્યું કે છાતીના એકબાજુના ભાગમાં એને ખૂબ લોહી ભરાઈ રહેલું હતું અને એને કારણે એનું દબાણ અંદર વધી રહ્યું છે અને થોડી મૂંઝવણ વધી રહી છે તો તાત્કાલિક એવો નિર્ણય કરવામાં આવ્યો કે ત્યારે અને આજે પણ Cardio-thorecic વિભાગ એટલે કે આ હૃદય અને ફેફસાં એના નિષ્ણાત સર્જનનો વિભાગ ત્યારે પણ સિવિલ હૉસ્પિટલમાં હતો તો એના નિષ્ણાત ડૉકટરોને બોલાવવામાં આવ્યા ત્યારે હું એકદમ જુનિયર રેસીડન્ટ હતો પહેલાં વર્ષમાં ભણતો હતો એટલે હું માત્ર સાક્ષીભાવે જોતો હતો એમણે નિર્ણય કર્યો કે આ છાતીની અંદર જે લોહી ભરાયું છે એ લોહીનો નિકાલ કરવો જોઈએ, પછી એમાં એક નળી મૂકવામાં આવી છાતીની અંદર એક સેન્ટીમિટર ડાયામીટરની અને એ સામાન્ય રીતે આ સારવાર કરવામાં આવતી જ હોય છે એ નળી મૂકવામાં આવી અને એની સાથે બૉટલ મૂકવામાં આવી કે જેથી કરીને લોહીનો નિકાલ થાય અને એની સાથે સાથે એની મર્યાદા પણ જળવાય તો એમાંથી ધસધસાટ લોહી આવવા માંડ્યું અને એ બૉટલ તરત જ ભરાઈ ગઈ, બીજી બૉટલ પણ ભરાઈ ગઈ અને એના માટે એક ટબલર જેવું મોટું સાધન હતું એમાં નળી મૂકવામાં આવી હું જોતો હતો કે જેમ જેમ એનું લોહી નીકળતું ગયું એમ એમ ફરીથી પાછું એનું બી.પી. ૯૦ માંથી ૮૦, ૮૦ માંથી ૭૦ અને એના કરતાં પણ નીચું આવતું ગયું અને ફરીથી એ દર્દી બેભાન અવસ્થામાં સરકી ગયો અને દસ થી પંદર મિનિટની અંદર એનો જીવ પણ ચાલ્યો ગયો, એ મૃત્યુને શરણ થઈ ગયો અને પછીથી જ્યારે એનું પી.એમ. થયું ત્યારે એમાં જાણવા મળ્યું કે છાતીની અંદર જે ધોરી નસ આવે છે એક ઊભી એને વિનાકાઓ કહેવામાં આવે છે કે જે આખા શરીરના લોહીને ઉપર લઈ જાય છે તો એની અંદર આ છરીનો ઘા થયેલો હતો અને એ ઘા એ જે છરી છે એ કાઢી ન લીધી હોત તો એટલું બધું લોહી ના ગયું હોત એટલે છરી કોઈએ કાઢી લીધી એ પહેલી ભૂલ કરી, બીજી વાત જ્યારે છરી કાઢીને એની સારવાર શરૂ થઈ પછી અંદર લોહી ભરાઈ ગયું એના દબાણના કારણે વધારાનું લોહી..

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી .** : ઓર્ડર..ઓર્ડર... મારે ગૃહનું સહેજ એ તરફ ધ્યાન દોરવું છે કે, આજે ત્રણેક બિલ છે. અને આપણે જો સિન્સીયર અને વ્યવસ્થિત રીતે કામ કરીએ તો આ બિલો શાંતિથી ચર્ચાય, વ્યવસ્થિત ચર્ચાય. એટલા માટે

બધાને વિનંતી કરું છું કે રાજકીય કોઈપણ અવલોકનો કર્યા સિવાય માત્ર અને માત્ર આપણે બિલ ઉપર વાત કરીએ તો વધારે સારું રહેશે. બસ એટલી વાત છે એટલે બધા તેમાં ધ્યાન રાખે અને મારે કોઈને ટોકવા ના પડે. કોઈ મિત્રો જો રાજકારણ તરફ જશે, ચર્ચામાં પડશે તો હું રોકીશ. શાંતિથી ચર્ચા થાય એટલા માટે આપણે નથી કરવું અને ક્યાંક આવું થશે તો હું રોકીશ એટલે હું બધાને વિનંતી કરું છું કે રાજકારણ સિવાય માત્ર અને માત્ર બિલ ઉપર ચર્ચા કરજો.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજનું જે આકસ્મિક તબીબી સારવાર માટેના વિધેયક ઉપર હું વાત કરી રહ્યો હતો. તેમાં દર્દી વિશેની ઘટના હું કહી રહ્યો હતો. તેમાં દર્દી વિશેની એક ઘટના હું કહી રહ્યો હતો તેના પોસ્ટમોર્ટમની અંદર એવું આવ્યું કે છાતીના ભાગમાંથી ધોરી નસ છે તેની અંદર છરીનો ઘા પડેલો હતો તેને કારણે લોહી ખૂબ અંદર વહી રહ્યુ હતું પરંતુ તે લોહીના જ દબાણને કારણે તે લોહીનાં વહેવાનું બંધ થયેલ હતું. પછી જ્યારે છાતીમાં તેને નળી મૂકવામાં આવી ત્યારે તે લોહીનો પ્રવાહ ફરી શરૂ થયો. અંદરનું દબાણ ઘટ્યું અને તેને કારણે શરીરની સિસ્ટમમાં રહેલું લોહી તે ફરીથી ઓછું થવા લાગ્યું અને તેનું બી.પી. ઘટવા માંડ્યું અને તે પછી દર્દી છે તે મરણને શરણ થયો. આની સાથે સાથે બીજા દેશોની જે જાગૃતતા છે અને જે expertise છે એવી expertise કદાચ હોય તો એ વખતે તે લોહીને બંધ કરી દેવામાં આવ્યું હોય અને પછી બધાજ બેઝીક લાઈફ સપોટ અને ઇમરજન્સી સારવારો તૈયાર રાખી અને તાત્કાલિક જ જો તે અડધા કલાકની અંદર જ તેને ઓપરેશનમાં લઈને સીધે સીધું તે નળીનું ઓપરેશન કરવામાં આવ્યું હોત તો કદાચ તે બચી શક્યો હોત. એવો વિચાર મને ત્યારે પણ આવ્યો હતો. તો આ જે અત્યારે આપણે આ વિધેયક લઈને જે સારવાર તરફ અંગુલીનિર્દેશ કરવા જઈ રહ્યાં છીએ તે આવા પ્રકારની સારવાર છે. આવી જ એક ઘટના મારે એટલા માટે કહેવી છે કે આની સાથે સુસંગત છે અને પંદર વર્ષ પહેલાં યુરોપના દેશમાં બનેલી છે અને Readers' Digest માં વાંચેલો કિસ્સો છે. એક મિસ્ત્રી હતા તે મિસ્ત્રી કામ કરતા હતા. ખીલા લગાડવાનું અને ખીલો લગાડતી વખતે તેનું મશીન હતું જે દરવાજાની અંદર ખીલો મારે તે કોઈ કારણસર તેની ભૂલને કારણે તે દરવાજા તરફના બદલે પોતાની છાતી તરફ રહ્યું અને તેના કારણે સીધો ખીલો ડાબી બાજુની છાતીમાં હ્દયમાં ઘૂસી ગયો. તે વ્યકિત અને તેની સાથેના જોડીદારો તેની જાગૃતતાને કારણે તે વખતે તેણે તે ખીલો ખેંચી ના કાઢ્યો. તે ખીલો હ્દયમાં એમને એમ જ રહેવા દીધો અને અડધા કલાકની અંદર જ્યાં બધી જ જાતની સારવાર મળે એવી હોસ્પિટલની અંદર તેને પહોંચાડવાની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી. અગાઉ ટેલિફોનથી જાણ કરવામાં આવી અને ત્યાં પણ ટીમ તૈયાર જ હતી. આ દર્દી જે છે જેની છાતીના હ્દયમાં ખીલો હતો તે ત્યાં પહોંચ્યા પછી ઓપરેશનમાં લઈને અને છાતી ખોલી અને જોયું તો એ ખીલો અંદર જ રહેવા દઈને જોતાં ગયા તો હ્દયની બે જે ચેમ્બર હોય તે ચેમ્બરને ક્રોસ કરીને ખીલો બીજી બાજુ નીકળ્યો હતો. તો આ સારવાર કરતા કરતા આ જોઈને પછી તે ખીલાનું કાણું બંધ કરતાં કરતાં ખીલો ખેંચી અને તેમ કરતાં કરતાં સારવાર દરમિયાન હ્દયને બંધ કર્યુ અને ખીલો ખેંચી લીધો. ઓપરેશન થિયેટરની અંદર જ આ કામકાજ છે તે નિષ્ણાત સર્જન દ્વારા કરવામાં આવ્યું અને તે દર્દીને આઠમા દિવસે રજા આપવામાં આવી. અને તે તંદુરસ્ત બનીને દર્દી ઘરે ગયો. તો આ જાતની જગૃતતા અને આ સ્થિતિ છે તે આપણે ગુજરાતમાં નિર્માણ કરવાની છે અને તેને માટે આ બિલ છે માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે લઈને આવ્યા છે તે એક આશીર્વાદરૂપ પુરવાર થવાનું છે. સાથે સાથે આ બધાની અંદર જે સારવાર કરવાની હોય છે. એમાં બધા જ એકસપર્ટાઈઝ આપણી પાસે છે અને એના કારણે જ હમણાં જ કહેવામાં આવ્યું કે મેડીકલ ટુરિઝમ પણ ગુજરાતમાં કૂદકેને ભૂસકે વધી રહયું છે. એકસપર્ટાઈઝની ખામી નથી, પરંતુ સંકલનનો અભાવ છે અને એ દૂર કરવા માટે આ વિધેયક ખૂબ જ યોગ્ય પૂરવાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે મારું સૂચન એ છે કે તાલુકા કક્ષાએ પણ આવી કાઉન્સિલ બને કેમ કે અમારા જ તાલુકાની વાત કરું તો અમારો જિલ્લો તાલુકા કક્ષાએથી ૧૦૦ કિલોમિટર દૂર છે. તો કોઈ અકસ્માત થાય અને જિલ્લા કક્ષાએ પહોંચાડવા માટે ૨ કલાક જેવો સમય નીકળી જાય છે અને એ ગોલ્ડન પિરિયડ નીકળી જાય તો ઘણી વખત આપણે એનાં જરૂરી પરિણામ ના પણ લાવી શકીએ. માટે તાલુકા કક્ષાએ પણ બેઝિક લાઈફ સપોર્ટ સાથેની હોસ્પિટલની રચના થાય અને સાથે સાથે કાઉન્સિલની પણ રચના થાય એવી મારી વિનંતી છે.

બીજું એક સૂચન એ છે કે બી.પી.એલ. કે બીલો પોવરટી લાઈનના વ્યકિતઓને આ સારવાર મફત આપવાની છે એ એક ખૂબ જ સારી વાત છે, પરંતુ અકસ્માતના સમયે ઘણા લોકો બી.પી.એલ.ના નહીં, પરંતુ મધ્યમવર્ગના હોય છે એના માટે પણ અકસ્માતની સારવાર અત્યંત મોંઘી પૂરવાર થઈ શકે અને એટલી મોંઘી સારવાર થાય છે કે એ જીવલેણ અકસ્માતમાંથી બચી ગયા પછી એના સારવારનો ખર્ચ એટલો બધો હોય છે કે એને ફરીથી મરી જવાનું મન થાય છે. તો જયાંસુધી એ જોખમમાંથી બહાર આવી જાય ત્યાંસુધીની બધી જ સારવાર કોઈપણ જાતના જાતિ, લીંગ કે ધર્મના ભેદભાવ વિના, આર્થિક સ્થિતિના ભેદભાવ વિના એ જોખમમાંથી બહાર આવે ત્યાંસુધીની સારવાર એની થાય એવું મારું દર્દભર્યુ સૂચન છે અને તો જ આપણો હેતુ છે એ સિધ્ધ થશે અને જે ટીમને આની તાલીમ આપવામાં આવે એમાં માનવતાનું એક પ્રકરણ ઉમેરીને એ પ્રમાણે એને તાલીમ આપવામાં આવે. તબીબોમાં માનવતા તો હોય છે, પરંતુ એના માટે વધારે સજાગ બનીને અને ટૂંકમાં કહું તો એ દર્દીની સારવાર કરતી વખતે તબીબો એક જ મુદ્દો ધ્યાનમાં રાખે કે આપણે આપણા કોઈ મિત્ર કે સગાવહાલાની સારવાર

કરી રહયા છીએ. આપણે આપણા સગાવહાલા કે મિત્રની સારવારમાં જેટલી કાળજી રાખીએ એટલી કાળજી કોઈપણ દર્દી માટે રાખીએ એવી ભાવના રાખવી જોઈએ. અનુભવે અમે એવું જોયું છે કે વ્યકિતને અકસ્માત થાય અને એ ગંભીર સ્થિતિમાં હોય ત્યારે સૌથી વધારે દુઃખ લાગતું હોય તો સૌથી નિકટના માણસોને લાગે છે. બીજું દુઃખ આજુબાજુના સામાન્ય લોકોને લાગે છે અને ત્રીજા નંબરે જે દુઃખ થાય છે એમાં ડોકટરો અને તબીબો આવે છે કે કારણ કે એમના માટે તો આ એક વ્યવસાય છે એટલે એમનો લાગણીનો સેતુ બનતો નથી. તો દર્દી અને સામાન્ય જનતાની લાગણીને ખ્યાલમાં રાખવામાં આવે એવા પ્રકારનું પ્રશિક્ષણ ડોકટરોને આપવામાં આવે એવું મારું એક સૂચન છે.

આ એક સુંદર બિલ લાવવામાં આવ્યું છે એને હું મારું ખૂબ ખૂબ સમર્થન આપું છું અને એક ઐતિહાસિક કદમ આપણને બીજા દેશોની હરોળમાં મૂકવા માટે ખૂબ જ આગવું કદમ પૂરવાર થશે એવો મને વિશ્વાસ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક, ૨૦૦૭ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જો વિધેયકોથી જ દર્દીઓની સારવાર થતી હોય અને આરોગ્ય યાત્રાઓથી જ જો ગુજરાતમાંથી રોગચાળો નાબૂદ થઈ શકતો હોય તો આવાં અનેક વિધેયકો આપણે રજૂ કરતાં રહેવાં જોઈએ અને યાત્રાઓ પણ કાઢતી રહેતી જોઈએ, પરંતુ જે વારસામાં મળેલ આપણું આરોગ્ય તંત્ર છે, હોસ્પિટલો છે કે સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રો છે, ડિસ્પેન્સરીઓ છે, માતા અને બાળ કલ્યાણ કેન્દ્રો છે, આ બધા જ જે આરોગ્ય કેન્દ્રો છે સામાન્ય લોકો માટેના તેને સ્ટ્રેન્ગ્ધન કે મજબૂત કરવાની વાત કયાંય ન આવી. આડકતરી રીતે આપણે તો મોટી હૉસ્પિટલો અત્યારે બની છે, એપોલો અને તેના જેવી અનેક હૉસ્પિટલો, જેમાં બહારના લોકોને સારવાર કેમ મળે અને તેનું બેલેન્શીટ તગડી કેમ થાય તેની ચિંતા અત્યારસુધી આપણે બધાએ કરી છે. અને આ સરકાર આવ્યા પછી તો બહુ ચિંતા થઈ તેની. અને તેના માટેની સગવડો આપવાની પણ ઘણી બધી વાતો થઈ. પણ અત્યારનું જે તંત્ર અમદાવાદની સિવિલ હૉસ્પિટલથી શરૂ કરીને તેની બાજુમાં જ દહેગામ તાલુકાના બારિયામાં પ્રસૂતિગૃહ ચાલુ કરવાનું એમાંનું કશું જ આ વિધેયકમાંથી એવું પ્રતિપાદિત થતું નથી. કે આ બરાબર ચાલશે. આજે આરોગ્યની આપણે ત્યાં બધી જ જગ્યાએ ખૂબ ચિંતા થાય છે. અને ખાસ કરીને જે લોકો એફોર્ડેબલ નથી જેના ખિસ્સા ગરમ નથી તેવા લોકોની ચિંતા આપણે કરવી જોઈએ. પણ આ વિધેયકથી તેની ચિંતા થાય તેવું મને દેખાતું નથી. અમદાવાદની સિવિલ હૉસ્પિટલ આખા એશિયાની મોટામાં મોટી હૉસ્પિટલ છે. આ બિલ લાવ્યા વગર પણ તેને સ્ટ્રેન્ગ્ધન કરી શકાઈ હોત. કેન્દ્ર સરકાર યુ.પી.એ.ની સરકાર આવી અને અમદાવાદની સિવિલ હૉસ્પિટલને નેશનલ ઇન્સ્ટિટ્યૂટનો દરજ્જો આપી અને તેને સો કરોડ રૂપિયા અપાયા. તેના અનેક ડિપાર્ટમેન્ટ છે તેને અગાઉ જે રીતે ઓટોનોમસ ઇન્સ્ટિટ્યૂટમાં પરિવર્તન કરવાની વાત આવી હતી તેવો કોઈ પણ રીતે આ વિધેયને કારણે સામાન્ય માણસને લાભ થાય અને તેનું તંત્ર મજબૂત થાય તેવી ઓટોનોમી મળે તે પ્રકારનું કામ કયાંય દેખાતું નથી.

૧૯૮૫ થી ૧૯૯૦માં વલ્લભભાઈ પટેલ આ વિભાગ સંભાળતા હતા. ખેડૂતના માણસ હતા. લોકો એમ કહેતા હતા કે આરોગ્ય તંત્રમાં શું કરી શકશે? એમ માનતા હતા કે એમાં તેઓ નિષ્ફળ જવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એક વિદ્યાર્થી કાર્યકર થઈને તે વખતે બહાર આવેલો. અને એ વખતે ૧૯૮૫ થી ૧૯૯૦ સુધીના પાંચ વર્ષના ગાળામાં, જે ૨૦૦૨ સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઊભા કરવાના હતા એટલા એ પાંચ વર્ષના ગાળામાં એમણે કરી આપ્યા. સરકાર ઉપર બોજો લાવ્યા વગર. દાતાઓ પાસેથી પૈસા લઈ અને જે રાષ્ટ્રીય ધોરણો નક્કી કર્યા હતા કે આટલી વસતિના ધોરણે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવું જોઈએ. આટલી વસતિના ધોરણે આટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોવા જોઈએ તે ૨૦૦૨ સુધીમાં કરવાનું કામ એમણે માત્ર ૮૫ થી ૯૦ ના સમયમાં કરેલું. હૉસ્પિટલની સુધારણા માટે અને ડૉકટરો દરેક હૉસ્પિટલમાં પૂરતા મળી રહે તે માટેનું કામ પણ થયું. અને તેના સમય દરમિયાન ગામડાંમાં સારામાં સારી હૉસ્પિટલના મકાનો બન્યા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો હોય કે સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનો હોય, ડૉકટરોની ક્રાઈસીસ હતી તો બરાબર અમલ કરાવી, બહારથી ડૉકટરો લાવી અને આપણે ત્યાં ભરવાની કોશિશ પણ કરી. આ નવા એકસ-રે મશીનોથી શરૂ કરીને લેબોરેટરીઓ પણ શરૂ થઈ. ગામડાંના લોકોને એમ થયું કે એમ.બી.બી.એસ. ડોકટરોની સારવાર અમારા લોકોને પણ મળવાની છે. પણ જયારે હવે આ સરકારને કોઈ મકાનો બાંધવાનો ખર્ચ કરવો પડે તેમ નથી. માત્રને માત્ર આ હૉસ્પિટલો રન થઈ શકે ત્યાં સારા ડોકટરો રહે, નર્સિંગ સ્ટાફ જાય, ટેકનિશિયનો જાય તો એમને સારવાર મળી શકે તેમ છે. પરંતુ અત્યારે પરિસ્થિતિ એવી થઈ છે કે જયારે ડોકટરોની નિમણૂકની વાત આવે ત્યારે જેમ વિદ્યા સહાયકો ભરવામાં આવ્યા, પોલીસોની ભરતીમાં લોક સહાયકોની ભરતી કરવામાં આવી તેવી રીતે ડોકટરોને ફિકસ પગારથી મોકલવાનું શરૂ કર્યુ. નર્સિંગ સ્ટાફને એ રીતે મોકલવાનું શરૂ કર્યુ. તેથી નર્સિંગની જગ્યાઓ ભરાતી નથી અને એ જગ્યાઓ ખાલી રહે છે. ગુજરાતની અંદર આજે પણ ૬૫ ટકાથી વધારે લોકો સંપૂર્ણ ગામડાંમાં રહે છે. ૧૫ ટકા લોકો ગામડાં જેવા ૧૦ થી ૧૫ હજારની વસતિ જેને હમણાં જ શહેરનો દરજ્જો આપ્યો ત્યાં ડોકટરો હોતા નથી, દવાખાના પ્રોપર રીતે ચાલતા નથી ત્યારે આ પ્રકારની વ્યવસ્થા સુદ્દઢ કરવી જોઈએ એ કરવામાં આવતી નથી. હમણાં જ ડોકટર કલસરિયા સાહેબ બોલતા હતા કે તાલુકા કક્ષાએ

વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. એમના વિસ્તારમાં તેઓ બહું જ નિષ્ઠાવાન ડોકટર તરીકે પ્રતિષ્ઠિત છે. પરંતુ એમણે જે ચિંતા વ્યકત કરી એનો પડઘો બિલમાં પડયો છે.

અહીંયા હમણાં ખૂબ જ આંકડા આપવામાં આવ્યા છે. બજેટ વધે એટલે આંકડા તો વધવાના પરંતુ ટોટલ આપણી આવક હોય એના કેટલા ટકા આરોગ્ય પાછળ ફાળવ્યા, કેટલા શિક્ષણમાં, કેટલા સમાજ કલ્યાણમાં અપાય છે એની કોઈ ટકાવારી નથી આપવામાં આવતી. ટકાવારીની વાત આવશે ત્યારે સરકારને કહેવા માગું છું કુલ બજેટની ટકાવારી પ્રમાણે બહું જ ઓછી ટકાવારી ફાળવવામાં આવી છે. ભૂતકાળમાં રકમમાં ઓછું એલોકેશન પરંતુ ટકાવારી વાઈઝ વધતું હતું એને કારણે સરકારી હોસ્પિટલોમાં સારી સેવા મળી રહેતી હતી. જેની પાસે પેની ન હોય એને પણ સારવાર મફત મળતી હતી. આ સરકાર આવ્યા પછી માત્ર દસ લાખ પરિવારો સિવાય તમામ પરિવારો આજે બિમાર પડયા એટલે રામ ભરોસે થઈ જાય છે. એ ગમે ત્યાં સારવાર લેવા જાય એને પૈસા આપવા પડે છે. માનનીય સભ્યશ્રી ગોરધનભાઈએ પ્રશ્ન પૂછયો હતો કે ગણવેશ માત્ર બી.પી.એલ. પરિવારમાં નામ હોય એને જ મળે. આવી રીતે સારવાર (અંતરાય) •* (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) બી.પી.એલ. પરિવાર હોય એના સિવાય ગરીબ લાખો પરિવારો છે એને પણ કોંગ્રેસનું શાસન હતું, આપની પહેલાની સરકાર હતી એ સરકારમાં મફત સારવાર આપવામાં આવતી હતી. ઓછું એલોકેશન હતું છતાં ત્યારે કોઈ માણસ એમ કહે કે મારા ખિસ્સામાં પૈસા નથી તો એક પણ માણસ હૉસ્પિટલમાં સારવારના વાંકે મરતો નહીં અને આજે બે દર લાગુ પાડ્યા. કયા પ્રકારના? એક ખાનાની અંદર સરકારી દર અને બીજાં ખાનામાં રોગી કલ્યાણ સમિતિના નામનો દર. આપણને પાછા એમ કહે ખરા કે રોગી કલ્યાણ સમિતિના પૈસા તો ત્યાં જ વાપરવાના છે. રોગી કલ્યાણ સમિતિના પૈસા હોય કે સરકારના પૈસા હોય, દર્દી પાસેથી શા માટે ઉઘરાવો છો? તેની પાસે ચાર્જ શા માટે રાખો છો? સરકારે મોટા ઉત્સવો કરવા હોય તેમાં ઘણાં બધા પૈસા આવે છે પણ ગરીબ લોકોને માટે કેમ પૈસા નથી મળતા? તેના માટે ચાર્જ શા માટે લેવાય છે? તેના માટે આ સરકાર પાસે પૈસા ખૂટી જાય છે અને એટલા માટે હું કહું છું કે આજે ૮૦ ટકા લોકો સારવાર લેવી હોય તો ઉછીના પૈસા માગવા નીકળે છે અને તેમાં પણ અનેક પ્રકારના રોગો અત્યારે એવા ઉભા થયા છે કે જેની સારવાર અત્યંત મોંઘી થઈ ગઈ છે. મોંઘી સારવાર છે એ સામાન્ય માણસોને કોઈ પણ સંજોગોમાં પરવડી શકે તેમ નથી. આપે અનુભવ કર્યો છે, આપે જોયું છે કે થેલેસેમિયાના દર્દી છે તેના બાળકની સારવાર જો દાતાઓ ન હોય તો થઈ શકે તેમ નથી. જે લોકોને સિવિયર ડાયાબીટીસ છે, કીડની ફેઈલ છે તેને ડાયાલીસીસ કરવું હોય તો પોતાના વિસ્તારોમાં શકય નથી અને સરકારી ચાર્જ પરવડી શકે તેમ નથી. કીડની બદલવી હોય તો તેના માટે પણ આજે તેની સારવાર શકય નથી. હાર્ટનું ઑપરેશન કરવું હોય, બ્રેઈન ટયુમર હોય, કૅન્સરના દર્દની સારવાર જિલ્લા કક્ષા સુધી પણ ઉપલબ્ધ નથી.(અંતરાય) બેન, તમને ચિંતા ન હોય, અમને ચિંતા છે. તમને ગરીબ માણસની ચિંતા ન હોય, અમને ચિંતા છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ જે દર્દ એવા છે કે જેની સારવાર જેના ખિસ્સા મજબૂત નથી તેના માટે આ સારવાર ખૂબ જરૂરી છે. આ બિલમાં કોઈ એવી જોગવાઈ નથી.

**અધ્યક્ષશ્રી** : આ ઈમરજન્સીની વાત છે, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ ઈમરજન્સી જ છે. ડાયાલીસીસ કરાવવું પડે, ન કરાવે તો મરી જાય. હ્રદયરોગનો હુમલો આવે, માણસ મરી જાય. કૅન્સરની સારવાર સમયસર ન થાય તો માણસ મરી જાય.

**અધ્યક્ષશ્રી** : મૅડિકલ આખો વિષય છે પણ તેમાં ઈમરજન્સીની વાત કરીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તેની સારવાર ગ્રામ્ય કક્ષા, જિલ્લા કક્ષા સુધી આજે પણ ઉપલબ્ધ નથી.

**અધ્યક્ષશ્રી** : તમે આની વાત કરી શકો, આકસ્મિક જે છે તે, તેની વાત જિલ્લા-તાલુકાની કરો આપ જનરલ વાત કરો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એની જ વાત કરું છું. માણસનો રોગ આઈડેન્ટીફાઈ કરવા માટે દવાઓ ઉપલબ્ધ હોતી નથી. તાલુકા કક્ષાએ મને ખબર છે. હડકાયું કૂતરું કરડ્યું હોય તો, હ્રદયરોગનો હુમલો આવ્યો હોય (અંતરાય) (xxxxxxxx) ઉપર બોલ્યા હતા, ત્યાં રોકવું હતું ને તમારે બધાને. એટલે તેની દવાઓ આજે તાલુકા નહીં પણ મારા વિસ્તારમાં જિલ્લા કક્ષાની હૉસ્પિટલોમાં તેની સારવાર ઉપલબ્ધ નથી. સૌથી વધારે ગામડાંઓમાં અને આદિવાસી એરિયામાં સહન કરવું પડતું હોય તો ઝેરી જનાવર કરડે છે તેના કારણે જે મુશ્કેલી થાય છે તે મોટી મુશ્કેલી છે. તેમાં ૫૦ ટકા લોકો આજે અંધશ્રદ્ધાથી દોરવાઈને મૅડિકલ સેન્ટરો સુધી પહોંચી શકતાં નથી અને પહોંચે છે ત્યારે જે ભાવ નક્કી કર્યા છે તે સામાન્ય માણસને પોસાઈ શકે તેવા નથી. એમાંય જે સારવાર સ્ટ્રેન્ધનીંગ મજબૂત રીતે થવી જોઈએ એ થતી નથી. હમણાં જુનાગઢના મારા મિત્રો આવ્યા છે એમને ખબર હશે કે જુનાગઢની અંદર એક પ્રાઇવેટ ડૉક્ટર છે એણે એક હૉસ્પિટલ શરૂ કરી છે. કોઈને સાપ કરડ્યો હોય

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે

એના માટે એણે વાન બનાવેલ છે. હૉસ્પિટલની અંદર એકદમ કોમ્પ્રીહેન્સીવ સારવાર જરૂરી હોય એ બધી જ સારવાર ત્યાં મળે છે. આજુબાજુના ૧૫૦ કિલોમિટરના એરિયામાંથી લોકો ત્યાં જાય છે. આરોગ્ય મંત્રીશ્રી જુનાગઢની સિવિલ હૉસ્પિટલમાં આ પ્રકારની સારવાર થાય, આ પ્રકારની હૉસ્પિટલ પોરબંદરમાં થાય, અમરેલીમાં થાય, વ્યારામાં થાય, પાલનપુરમાં કે હિંમતનગરમાં થાય એવું કયારેય કર્યું નહીં અને એ મજબૂત કરવાનું કર્યું હોત તો આ બિલ લાવવાની જરૂર નહોતી. પણ આજે સૌથી વધારેમાં વધારે જે લોકો આ પ્રકારના રોગોમાં મરે છે. સૌથી વધારે હડકવાની રસીની જરૂરિયાત છે. હૃદયરોગના હુમલા થાય એના માટે યોગ્ય સારવાર ન મળે એના કારણે મૃત્યુ થાય છે અને એના માટે આપણી હૉસ્પિટલો છે એને સ્ટ્રેન્ધનીંગ કરવાની જરૂર છે.

**અધ્યક્ષશ્રી** : બિલ ઉપર આવો. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું બિલ ઉપર જ બોલું છું. બિલના સ્કોપની અંદર હું કોઈ રાજકીય અવલોકન કરતો નથી. આ બિલને લગતા પ્રશ્નો ઊભા થયા છે એનું આ બિલની અંદર કોઈ સોલ્યૂશન નથી એની વાત કરું છું. અત્યારે આ નાની હૉસ્પિટલો છે એમાં આ પ્રકારની સારવાર ઉપલબ્ધ કરાવવા માટે ખૂબ જ જરૂરી છે. એમ્બ્યુલન્સને રજીસ્ટ્રેશન કરાવવાની વાત કરી છે. એમ્બ્યુલન્સ તો સ્વૈચ્છિક સંસ્થાઓ ઘણી બધી આપે છે. મૅડિકલ સાધનો કે મોબાઈલવાન ડૉક્ટરો સાથેની સુસજ્જ વાન એની વાત કયાંય નથી આવી અને જો એ પ્રકારની સુવિધા ગામડાના છેવાડાના લોકો સુધી આવે અને એમાંય ટ્રેઈન્ડ ડૉક્ટરો હોય, એના કારણે વિશેષ મૅડિકલ સૅન્ટર છે એ ઉપલબ્ધ હોય તો મને લાગે છે કે, આ બિલ સાર્થક થયું ગણાય અને આ બિલ ન લાવ્યા હોત તો પણ ચાલત. એ પણ કોઈ જગ્યાએ કર્યું નહિ. સ્કૂલ પ્રોગ્રામ નીચે જે બાળકોને...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઇમરજન્સી પર બોલવા માટે તમને આપું છું એટલે ખબર પડશે. હમણાં આપું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: બોલજો કાંઈ વાંધો નથી. વાલ્વ બદલવા માટે રૂ.૧.૨૦ લાખ આપીને અને હૃદયનું ઑપરેશન છે એ બાળકોનું કરી આપવું. પણ કેટલી હૉસ્પિટલો આના માટે સક્ષમ છે. હૃદયના ઑપરેશન કરાવવા હોય તો આખા ગુજરાતની અંદર ભાગ્યે જ આંગળીએ ગણી શકાય એટલી હૉસ્પિટલો સક્ષમ છે. એમાંય સારી હૉસ્પિટલો છે એ તો ખૂબ ઓછી છે. એમાંથી ૩૩ % મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી અપાય છે અને ૬૬ % પૈસા છે એ દરદી ફાળો કરે છે. સગાં વહાલાં પાસેથી, ઉછીના લઈને એનું ઑપરેશન કરાવવું પડે છે. આના માટે ઘ ણી હૉસ્પિટલો છે એને આપણે ફરજ પાડી શકાય અને ઘણી હૉસ્પિટલો એવી છે કે, સામેથી કહેતી હોય છે. હૃદયરોગનું ઑપરેશન સામાન્ય રીતે ઇમરજન્સીમાં જ કરાવવાનું હોય છે. આ ૩૩ %નો લાભ જે લોકો મફત કરે છે એને મળતો નથી. રાજકોટમાં સત્ય સાંઈ હૉસ્પિટલે એક વર્ષની અંદર ૬૪૦ ઑપરેશનો મફત કર્યા છે એમાં આપ પણ ગયા હતા.

કેમ્પ પણ મફત કરે છે. ડાયગ્નોસીસ પણ મફત કરે છે. સારવાર પણ મફત કરે છે અને સત્ય સાંઈ હોસ્પિટલ, સત્ય સાંઈ જે આપણા મોટા સંત છે. મદ્રાસની બાજુમાં એમના નામથી ચાલે છે, એમણે તો હમણાં તામિલનાડુની અંદર ૨૦૦ કરોડનો પાણીનો પ્રોજૅક્ટ પણ પોતાના ખર્ચે કરીને આપ્યો. આ ૬૪૦ ઓપરેશનો કર્યા એટલે એક વર્ષમાં ૧૨ કરોડ રુપિયાનું ખર્ચ આ સંસ્થાએ પોતે કરેલ છે. એમણે માગણી કરી કે મારે બીજા દર્દી પાસેથી કશું જ લેવું નથી. મને હું જે ઓપરેશન કરું તો એના ૩૩ ટકા આપો , એને ન આપ્યા કારણ કે એના જે મેનેજીંગ ટ્રસ્ટી છે. એમને આ સરકારની સાથે કંઈક વાંકુ પડેલું છે એ સારી સેવા કરે છે અને આખા રાજયની જે બેસ્ટ હૉસ્પિટલો ગણાય ૪-૫ એમાંની આ એક હોસ્પિટલ છે અને છતાં એને કરાતું નથી. એક તરફ સંતોને વંદન કરવા અને સંતો જે સારું કામ કરતા હોય એ સારા કામને મદદ તો ન કરવી, એને એપ્રિશીએટ કરવાનું કામ થતું નથી. આની અંદર વહીવટીતંત્ર નવેસરથી એક ઓથોરીટી બનાવવાનું કામ લઈને આવેલ છે માનનીય આરોગ્ય મંત્રીશ્રી, પણ એનાથી આ હોસ્પિટલની અંદર જે વ્યવસ્થા સુધારવી છે એ વ્યવસ્થા કેવી રીતે સુધરશે? લોકોના ખિસ્સામાં પૈસા નથી એને કેવી રીતે મદદ થશે? એની કોઈ વાત નથી. સિવિલ હોસ્પિટલની અંદર આજે જે ઈમરજન્સી વોર્ડ છે એ ઈમરજન્સી વોર્ડની અંદર આ બીજી હોસ્પિટલો આવી છે એને પ્રોત્સાહન આપવાને બદલે એની પાસેથી કંઈ શીખીને એટલીસ્ટ આ ઈમરજન્સી વોર્ડ છે એને સ્ટ્રેંધન કરી અને મારે તો આપને ત્યાં સુધી કહેવું છે કે બર્ન્સ વોર્ડ છે એ બર્ન્સવોર્ડની અંદર જિલ્લા કક્ષાની મારી પોરબંદરની હોસ્પિટલ છે એની અંદર આજે એક પણ એ.સી. ચાલતું નથી, જે પ્રાથમિક જરૂરિયાત છે. આ હોસ્પિટલ ગરીબ લોકોને માટેની છે. પૈસાવાળા લોકોને તો બધી જગ્યાએ મળી રહેશે. ગરીબ લોકોને માટેની હોસ્પિટલ છે અને આ હોસ્પિટલની અંદર દાતાઓ જ્યારે ભેગા થઈને એ.સી. લઈ આપે તો ચાલે છે. એ બંધ થઈ જાય તો રીપેર કરવાના પૈસા નથી હોતા. આ તંત્ર કેવી રીતે મજબૂત કરીશું. એના માટે અમદાવાદની મોટી હોસ્પિટલો તરફથી દૃષ્ટિ હટાવી અને જે છેવાડાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે અને જિલ્લા અને તાલુકા કક્ષાની હોસ્પિટલો છે એ હોસ્પિટલોને જો મજબૂત નહીં કરીએ તો કોઈ ઓથોરીટી કયાંય કામ આવવાની છે. આપણે ઉપલબ્ધ જે સાધનો છે અને મેનપાવર છે એનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને જો કામ કરતા હોઈએ તો કોઈ ઓથોરીટીની જરૂર નથી. આજે અમદાવાદની અંદર કીડની હોસ્પિટલ છે ત્યાં કઈ ઓથોરીટી કામ કરે છે? અમદાવાદની કેન્સર હોસ્પિટલ છે, સરકારી છે પણ એણે એક ઓટોનોમી આપી છે. એનું તંત્ર સારું કામ કરે છે. એને કઈ ઓથોરીટી આપેલ છે? છતાં સારું કામ કરે છે તો એ પ્રવાહ છે તાલુકા કક્ષા સુધી જઈ અને છેવાડાના માનવી છે એને ઈમરજન્સી

સારવાર લેવાનો એ એમનો અધિકાર છે અને રાજય સરકારની સૌથી પહેલી ફરજ. બે-ચાર ઉત્સવો ઓછા થાય તો ચાલશે. લોકો કરી નાખશે ઉત્સવો, પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રની અંદર ઈમરજન્સી સારવાર લેવી એ લોકોનો અધિકાર છે. આપવી એ રાજય સરકારની ફરજ છે. આ અધિકાર એમને પ્રાપ્ત થતો નથી અને રાજય સરકાર છે એ એમની ફરજ ચૂકે છે અને એટલા માટે હું કહુ છું કે આ બિલ લાવ્યા વગર જ બધી સિવિલ હૉસ્પિટલોની અંદર ઇમરજન્સી મૅડિકલ વાન ઉભી થાય, ઈમરજન્સી વોર્ડ મજબૂત થાય, ૨૪કલાક એમાં સેવા ઉપલબ્ધ રહે, દરેક હોસ્પિટલોની અંદર બન્સવોર્ડ હોય, હાઈવે હોય તો હાઈવેની અંદર અમૂક ડીસ્ટન્સ ઉપર હોસ્પિટલો હોય , ટ્રોમા સેન્ટરો હોય એમાં એમ્બ્યુલન્સ વાન હોય, આ બધી જરૂર છે પણ એ થતું નથી. વિદેશમાં આપણામાંથી ઘણા લોકો ગયા છે. ત્યાં ગમે તે વિસ્તારમાં આપ રહેતા હોય પણ ત્રણ મિનિટમાં એમ્બ્યુલન્સ વાન આવી જાય અને પાંચ મિનિટમાં ત્યાં ફાયર બ્રિગેડનો બંબો આવી જાય તેવી વ્યવસ્થા રાખેલ હોય છે. આ વ્યવસ્થા છે એના માટે રાજકીય ઈચ્છાશકિત જોઈએ અને એના માટેનો ફોકસ છેવાડાનો માનવી હોવો જોઈએ. પોતાના ફોટા છપાવીને કોઈ દિવસ રોગ દૂર થવાનો નથી. ઉત્સવો કરીને કે આરોગ્ય મેળાઓ કરીને કે પછી આરોગ્ય યાત્રાઓ કાઢીને નથી થવાનું. એના માટેનું પાયાનું તંત્ર છે એને મજબૂત કરવાનું કામ આ સરકારે કરવું જોઈએ એ કર્યું નથી. બિલ લાવીને કદાચ કોઈની વાહવાહ મેળવી શકાશે પણ છેવાડાના માનવીને મદદરૂપ થઈ શકાશે નહિ. આમાં કોઈ નાણાકીય જોગવાઈ પણ લઈને આવ્યા નથી કે જેથી ગામડાની, તાલુકા કક્ષાની કે જિલ્લા કક્ષાની હૉસ્પિટલ હોય ત્યાં એનો આધુનિક ઈમરજન્સી વૉર્ડ હોય, મોબાઈલ વાન ઊભી થઈ શકે આ બધી સગવડો છે એમાં ઈમરજન્સી સારવારની જે માણસને કે દર્દીને જરૂર છે એને મફત સારવાર આપવાનો અધિકાર આપી શકે એવી આ બિલમાં કોઈ જોગવાઈ નથી. એટલે આ બિલની સાથે સંમત એટલા માટે થઈ શકું તેમ નથી કે આટલા ક્લોઝીસ લઈને આવ્યા ત્યારે અમને સુધારવાની તક આપી હોત તો અમે એમાં અમારા સુધારા સૂચવીને સુધારી શકતા અને એ કોમ્પ્રીહેન્સીવ બિલ સામાન્ય માણસને સારવાર આપવાનું ચોક્કસ કરી શક્યા હોત. એમાંનું આમાં કશું જ નથી. માત્ર અને માત્ર આ બિલ લાવીને ઓથોરિટી બનાવી છે એવો આ બિલ લાવવાનો ઈરાદો હોઈ, આ બિલ સાથે અમો સંમત થઈ શકતા નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આરોગ્ય મંત્રી માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટ, ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક ૨૦૦૭ લઈને આ હાઉસ સમક્ષ આવ્યા છે તેના સમર્થનમાં બોલવા ઊભો થયો છું.

**અધ્યક્ષશ્રી .** : રિપીટ વધારે ન થાય એનું ધ્યાન રાખજો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : અર્જુનભાઈને મેં સાંભળ્યા. તબીબી સેવાની જગ્યાએ એમણે ૮૦ ટકા સુધી અન્ય વાતો કરી છે. આમાં એવું છે કે સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ ખાતે મારા વિસ્તારમાં આવી છે. એટલે આ સિવિલ હૉસ્પિટલ સાથે છેલ્લા ૨૫ વર્ષથી હું જોડાયેલો છું. હમણાં હમણાં છેલ્લા ચાર-પાંચ વર્ષ પહેલાના જે થોડા કિસ્સાઓ ધ્યાનમાં આવેલા છે કે સિવિલ હૉસ્પિટલમાં જે સારવાર લેવા માટે આવે, આકસ્મિક સારવાર કે રેગ્યુલર સારવાર લેવા માટે આવે તો સિવિલ હૉસ્પિટલના ફરતે જાત જાતના જનરલ સર્જનોના દવાખાનાઓ થઈ ગયા છે. ત્યાં ટાઉટ મૂકી જણાવે કે અંદર જશો તો સારવાર સારી નહિ થાય. કારણ કે એમના દવાખાનાઓ ચલાવવાના હોય. આપણે સારી સિવિલ હૉસ્પિટલ કે આરોગ્ય સેવાના સંદર્ભમાં આ હાઉસમાં પ્રશ્નાર્થો કરતા હોઈએ છીએ. આપણે ગરીબોનું અહિત કરતા હોઈએ છીએ. ગરીબોનું અહિત એ રીતે આપણે કરતા હોઈએ છીએ કે જ્યારે કોઈપણ માણસને પોતે સારવાર લેવા જવાનું છે એના સંદર્ભમાં જો પ્રશ્નાર્થો આપણે કૃત્રિમ રીતે ઊભા કર્યા હોય તો સારવાર લેવા ન જાય. એના કારણે ખાનગી સારવાર લેવા જશે. આપણે ગરીબોની સેવા કરી રહ્યા છીએ કે આપણે ગરીબોનું અહિત કરીને આ તબીબી સારવારકારોની સેવા કરી રહ્યા છીએ? અમદાવાદ શહેર અને સિવિલ હૉસ્પિટલ ખાતે છેલ્લા ૨૫ વર્ષમાં મેં અનેક હોનારતો જોઈ છે. અમારે ત્યાં એક નીલકંઠ મહાદેવનું મંદિર આવેલું છે. એમાં મોટો હિમાલય બનાવ્યો અને એ હિમાલય બનાવતી વખતે આકસ્મિક આગ લાગી તો ૬૦ થી ૭૦ જણા જીવતા ભડથું થઈ ગયા હતા. એ દિવસોમાં જે ઈલેક્ટ્રિફિકેશન બરાબર હોવું જોઈએ એ ન હોવાના કારણે આ આખી સમસ્યા પેદા થઈ. મને યાદ છે કે જ્યારે ૧૯૮૫માં કોંગ્રેસ આ રાજ્યમાં શાસન ઉપર હતું. અને આ લોકોના લઘુમતિ તૃષ્ટિકરણના કારણે છાસવારે આ શહેરની અંદર કોમી તોફાનો થતા. લતીફ અને વહાબની ગેંગ આ શહેરને બાનમાં લેતી હતી, ગમે ત્યારે સ્ટેબિંગ થાય આ બધાની સારવાર લેવા માટે (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : નહિ, પ્લીઝ, મારે મંત્રીશ્રીને બહાર કાઢવા પડશે એ ઠીક નહિ, પ્લીઝ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આજે તો એ કોમી તોફાનો બંધ થઈ ગયા છે. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી આ કોમી તોફાનો બંધ થઈ ગયા છે, પરંતુ આ તમામ વખતે સિવિલ હૉસ્પિટલના આ ડૉકટરોએ જે રીતે આકસ્મિક્ સારવાર આપી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રાજકીય બાબતોની બહુ ચર્ચાના કરો. નો, નો. પ્લીઝ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ભૂકંપ આવ્યો અને ભૂકંપના કારણે આખાય શહેરની અંદર માત્ર શહેર નહિ પરંતુ જ્યાં જ્યાં ભૂકંપની અસર થઈ આ ભૂકંપની અસરને પહોંચીવળવા માટે, સજ્જ થવા માટે આકસ્મિક તબીબી સારવાર આપવા માટે જો કોઈ સબળ અને સારું કામ કર્યુ હોય તો સિવિલ

હૉસ્પિટલના વર્ગ-૪ ના કર્મચારીથી માંડીને સુપ્રિટેન્ડન્ટ કક્ષાના લોકોએ રાત-દિવસ કામ કર્યુ છે. આકસ્મિક તબીબી સારવાર પછી કામ પૂરું થતું નથી એની પેરાપ્લેજીયા હૉસ્પિટલ જ્યાં કરોડરજ્જુની અંદર ૭-૭, ૮-૮ મહિનાની સારવાર લઈને માણસ જે પોતે ચાલી નથી શકતો હોતો. આ ૮-૮ મહિનાની સારવાર પછી એ પોતાના પગે ચાલતો થાય છે, એ જ્યારે સરકારને આશીર્વાદ આપતો હોય છે તેનાથી ઉત્તમ કોઈ કામ નથી હોતું. એક જમાનો એવો હતો સિવિલ હૉસ્પિટલની અંદર સારવાર લેવા માટે, તાત્કાલિક સારવાર તો એકબાજુએ રહી, પરંતુ કોંગીના શાસન વખતે દવાની ગોળીનો સપ્લાય પણ નહોતો મળતો. આજે ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે ટ્રોમાસૅન્ટર અને એ ટ્રોમાસૅન્ટરની બહાર, ડો. જોષીયારાજી તમારા વખતમાં ટ્રોમાસૅન્ટર નથી બન્યું, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવેલ ટ્રોમાસૅન્ટર છે. એ ટ્રોમાસૅન્ટરની અંદર પહેલા સિવિલ હૉસ્પિટલની અંદર તાત્કાલિક સારવારમાં જે રીતે આકસ્મિક તબીબી સહાય આપવાના સંદર્ભમાં જે સાનુકૂળતા જોઈએ એ નથી મળતી. હવે આ ટ્રોમાસૅન્ટરના માધ્યમથી ઑપરેશન થિએટરથી માંડીને ફૂલટાઈમ આસિસ્ટન્ટ પ્રોફેસર ૨૪ અવર્સ માટે અવેલેબલ કરવાની, ઈવન નર્સિંગ સ્ટાફ, ડૉકટરોના સ્ટાફ સાથે આ આકસ્મિક તબીબી સહાય આપવાનું અમદાવાદ સિવિલ હૉસ્પિટલ દ્વારા ઉત્તમ કામ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોગી કલ્યાણ સમિતિની વાત થઈ. આ ગુજરાતની અંદર એવા કેટલાય પૈસા ધરાવતા લોકો છે કે જેને આ રાજ્ય સરકારની તબીબી સેવાની અંદર પોતે આર્થિક યોગદાન આપવા માટે આ રોગી કલ્યાણ સમિતિના માધ્યમથી આજ સિવિલ હૉસ્પિટલની અંદર અનેક નવીનતમ કામો શરૂ થાય છે. યુ.એન. મહેતા હાર્ટ હૉસ્પિટલ એમાં કહેવાયું કે ઓટોનોમસ બોડી છે પણ એ બોડીના કેન્સર હૉસ્પિટલ, કીડની હૉસ્પિટલ કે હાર્ટ હૉસ્પિટલ હોય આ દરેક જગ્યાએ ૯૦ ટકા ફંડ તો રાજ્ય સરકારનું હોય છે અને રાજ્ય સરકારની દેખરેખ હેઠળ ચાલતું હોય છે, અર્જુનભાઈને આ વાતની માહિતી નહિ હોય અને આ ટ્રોમા સૅન્ટરની અંદર જે સારવાર લે છે. એ સારવાર હવે લેતા પહેલા કોઈપણ સારવાર લે, હૉસ્પિટલની સ્થિતિ બરાબર ના હોય તો એમાં ઇન્ફૅક્શન રેટ વધારે થતો હતો. આજે સિવિલ હૉસ્પિટલની અંદર ઇન્ફૅક્શન રેટ ૪ ટકા કરતા પણ ઓછો થઈ ગયો છે. એ આ ગરીબ તાત્કાલિક સારવાર લેવા માટે બીજી કોઈ હૉસ્પિટલની અંદર નથી જઈ શકવાના એવા સમયની અંદર આ આકસ્મિક તબીબી સહાયના માધ્યમથી રાજ્ય સરકારે જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે સિવિલ હૉસ્પિટલમાં જે જે સુવિધા ઊભી કરવા માટે ટ્રોમા સૅન્ટર હોય, સીટીસ્કેન સૅન્ટર હોય, બ્લડ બેંકમાં પણ તાત્કાલિક સુવિધાઓ ઊભી કરીને આ આકસ્મિક તબીબી સેવાના માધ્યમથી રાજ્ય સરકાર દ્વારા જે આ વિધેયક લાવવામાં આવ્યું છે એ વિધેયકને હું આવકારું છું.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી અશોકભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મને બોલવા દો ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઘણું બોલ્યા છો, (અંતરાય) બહુ થઈ ગયું.(અંતરાય) ના થાય, ચાર વાગ્યા છે, તમે ઘણું બોલ્યા છો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે સમગ્ર દેશમાં અને સમગ્ર એશિયામાં વિકાસલક્ષી રાષ્ટ્રોમાં સૌ પ્રથમ ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ પ્લીઝ, વન મિનિટ પ્લીઝ (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : આખી રાત તમે ચર્ચા કરશો, અમારે ચર્ચા કરવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આમાં બિલમાં કોઈ સભ્યશ્રીને આપણે રોકી શકીએ નહીં, જે સભ્યને બોલવું હોય તો છૂટ છે, અમારા સભ્યો બોલવાના હોય તો છૂટ છે, એકબાજુથી આપ પ્રો-રેટા કરો છો અને બીજી તરફથી જે લોકોનો અધિકાર છે બોલવાનો, બિલ ઉપર, આ એક જ વિષય એવો છે કે, એમાં તમામ સભ્યોને પોતાના અભિપ્રાય વ્યક્ત કરવાનો અધિકાર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અધિકાર છે પણ એની મર્યાદા પણ હોય સમયની.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કયારેય નહીં, ભૂતકાળમાં મર્યાદા નથી મૂકી, એમાં અમારો અધિકાર છે અને આ નહીં બીજા બધા બિલમાં આપને લખીને આપ્યું છે કે, અમારા ૪૫ સભ્યો બોલવાના છે એટલે આ બિલમાં અમને રોકી ના શકો, તો બિલ પાસ થયેલું ઑર્ડરમાં હશે નહીં.

**અધ્યક્ષશ્રી**: દરેકની મર્યાદા હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કોઈ મર્યાદા ન હોય આ ગૃહની મર્યાદા તો છેલ્લી રહી છે કે,બિલમાં દરેક સભ્યને બોલવાનો અધિકાર છે અને એ અધિકાર આપવો જોઈએ, અમારા બધા સભ્યોને બોલવાનું છે, એ અમારો અધિકાર છે અને આપે આ...( અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : અમે આપના ઉપર છોડીએ છીએ, આ સભાગૃહે નિર્ણય કર્યો હતો કે, બધા જ બિલો સાતે-સાત લેવા, આપે ચાર લેવા કહ્યું, અમે સ્વીકારી લીધું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : બેસો બધા, હવે આ ગૃહનું કામકાજ બરાબર ચાલે એટલા માટે જે પ્રશ્ન હતો કે, સાત બિલો એમાં તમારા ત્રણ જ બિલો, (અંતરાય) થોડી મુશ્કેલી હતી, સમયને એને ધ્યાનમાં રાખીને ચાર બિલો

શાંતિથી થાય એટલા માટે જે આ નિર્ણય કર્યો છે, આ બધા જ બિલો ઉપર સારી ચર્ચા થાય અને પસાર થાય એવું કરવું છે, છેલ્લું બિલ ગમે તેમ ચાલે એ ઠીક નહીં માટે બધાને વિનંતી છે, બધાને બોલવું છે( અંતરાય) બળદેવજી ઠાકોરને બોલવું હોય તો એ બોલે, તમે બોલો, તમારે જ બધું બોલવાનું છે, તમે પહેલા બોલો, તમને છૂટ બળદેવજી બોલે છે ચાલો.(અંતરાય)

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : મારે બોલવું નથી.

**અધ્યક્ષશ્રી** : તમે બોલો, તમે શરૂ કરો ચાલો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વિનંતી છે કે, સભ્યોને બોલવાનો અધિકાર છે તો જ બિલ કન્સીડર થયેલ ગણાશે એટલે આ બધા જ બિલ ઉપર જ્યાં સુધી આ હાઉસનો સમય નક્કી કરેલ છે ત્યાં સુધી બધાને બોલવા દેવા જોઈએ.(અંતરાય)

**શ્રી બિમલ શાહ** : મર્યાદા રાખો, અધ્યક્ષશ્રી સામે આ રીતે વાત કરો એ બરાબર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બધાને બોલવાનો અધિકાર છે, સભ્યોના અધિકારનું રક્ષણ કરો અને બધાને બોલવાનો સમય આપો.

**અધ્યક્ષશ્રી** :આ બિલ એવું છે કે, લગભગ બધી વાત આવી ગઈ છે તમારી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વાત આવી ગઈ છે પણ બીજા ઘણા મિત્રોને પોતાની વાત કરવી છે એટલા માટે કહું છું. કે બીલમાં બોલવાનો અમને અધિકાર છે. અને અમને અધિકારનો ઉપયોગ કરવા દેવો જોઈએ. આ લોકો બધા તૈયારી કરીને આવ્યા છે કે બીલ ઉપર બોલીશું અને આપ બોલવા ન દો એ બરાબર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, તો પહેલેથી નામ આપ્યા હોય ને? આજની ચર્ચામાં કોણ ભાગ લેશે એ નામ આપ્યા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ પરંપરા નથી બીલમાં દંડક પાસે નામ મંગાવાતા નથી.

**શ્રી અશોક ભટ્ટ** : નામ મંગાવવાના ન હોય, નામ મોકલવાના હોય.

• * (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx) (xxxxxxxxxxx)

**અધ્યક્ષશ્રી** : દરેકને ૧૦ મિનિટ આપવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના. માનનીય અધ્યક્ષશ્રી, જેને બોલવું હોય એને છૂટ આપવી પડશે.

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ...

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે ગુજરાત તબીબી સેવા વિધેયક ૨૦૦૭ ને લાવ્યા છે. ત્યારે મારું કહેવાનું એ છે કે માનનીય આરોગ્ય મંત્રીશ્રી કાંખમાં જે બાળક છે એને તરછોડીને દત્તક લેવા નીકળ્યા હોય એવો તાલ આમાં છે. અશોકભાઈને આરોગ્યની સેવા સાથે ખૂબ જૂનો દ ારોબો છે. સિવિલ હૉસ્પિટલ અને ડૉકટરો સાથે ઓતપ્રોતતાની પણ મને ખબર છે. એટલા માટે બીલમાં કહું છું કે આ બીલમાં જુદાજુદા ૧૪ પ્રકરણો છે અને એમાં ખૂબ કલમો છે. એની અંદર નાણાકીય જોગવાઈ ૧૫ લાખની અને એકત્રિત ફંડમાંથી કોઈપણ પૈસા લેવામાં આવશે નહીં એવી એમણે બીલમાં સ્પષ્ટતા કરી છે. સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લઈને આ આકસ્મિક મૅડિકલ સેવા આપવાની વાત કરે છે, પરંતુ આપણી જે મૅડિકલ સર્વીસ છે, આપણી સિવિલ હૉસ્પિટલ હોય, જિલ્લાની હૉસ્પિટલ હોય, સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પૂરતો સ્ટાફ મૂકવામાં આવે તો ખૂબ અસરકારક છે. હું પ્રદિપસિંહની વાત સાથે સંપૂર્ણપણે સહમત છું કે સરકારી હૉસ્પિટલમાં જે સેવા મળે છે એમાં ગરીબ લોકોને ખૂબ રાહત દરે અને મફત સેવા મળે છે. એ સારવાર સાચી ગણાય. અશોકભાઈએ મંત્રીશ્રી તરીકે આરોગ્ય સેવાની યાત્રા કાઢી. કોંગ્રેસના શાસનમાં કાંઈ થયું નથી અમે જ કર્યું છે એવી પણ કેટલીક વાતો થઈ. મારે કહેવું છે કે ટ્રોમા સેન્ટર છે દોઢ કરોડનું હોય પણ આરોગ્ય મંત્રી જયારે ડો.જોષીયારા હતા ત્યારે ૨૦૦કરોડનો ઓરેટ પ્રોજેકટ મંજૂર કરવા કન્વીન્સ કરી મોકલી શકયા હતા. ભારત સરકારને મોકલેલો અને ભારત સરકારે મંજૂર કરીને મોકલ્યો. અશોકભાઈને નહોતો ગમતો તે છતાં જયજયકાર કરવા જવું પડયું હતું. નવમી પંચવર્ષીય યોજનાના પહેલા વર્ષની અંદર ૮૦ કરોડની પ્લાનીંગ ગ્રાન્ટ ૨૦૦કરોડની આપી. ૨૦૦કરોડમાંથી સ્વૈચ્છિક સંસ્થાઓને...

**અધ્યક્ષશ્રી :** બીલ ઉપર આવો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એનો ઉપયોગ પણ આપણે કઈ રીતે કેન્સર, કાર્ડીયાક અને કીડનીની હોસ્પિટલમાં પણ આ જ રાહત ફંડ ગ્રાન્ટમાં અસમાનતા હોય તો આ જે સગવડ આપવા માગે છે, અમને અશોકભાઈની વાત ગળે નથી ઉતરતી. કારણકે જે કાઉન્સીલ રચવામાં આવી છે એમાં કોઈ પ્રજાકીય પ્રતિનિધિ નથી. અને એ

• (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે

રજિસ્ટ્રેશન મેળવવા કોઈ એમ્બ્યુલન્સ સંસ્થાને ચલાવવી હોય તો આ કાઉન્સિલ માન્યતા આપે તો ચલાવી શકે, નહિતર માન્યતા વગરની હોય તો એને ૨ વર્ષની સજા કરવાની આ બિલની અંદર વાત લઈને આવ્યા છે. સૌથી પહેલા ડિઝાસ્ટર મેનેજમેન્ટની વાત કરી, પણ સુરતની અંદર પૂર વખતે એમની પાસે હોડીઓ પણ નહોતી. કરોડો રૂપિયાનું ફંડ હોવા છતાં અમુક લાખની હોડીઓ પણ નહોતી લઈ શકાતી, એટલે આવી કાઉન્સિલ રચવાને કારણે બધું જ ઊજળું થઈ જવાનું છે, એને અમે ભ્રમ સમજીએ છીએ. સૌથી પહેલા પુરતી વિચારણા કર્યા પછી આ માનનીય સભાગૃહમાં આવું બિલ પસાર કરે એવું કહેવું છે. આ બિલ અંદર વાત સારી છે, એમાં લાગણી પણ છે, પણ એ લાગણીને સાકાર કરવા માટે થઈ જે સાધનો જોઈએ, તે સાધનો કોણ લાવશે?

અમદાવાદની આજુબાજુની અંદર સ્ટાર હૉસ્પિટલો હશે અને એ રાજ્યની અંદર મૅડિકલને આધારિત ટુરિઝમ કરવા માગીએ છીએ. દર્દીને અને ટુરિઝમને લાગે વળગે નહિ, એ તો દર્દીનું નિવારણ કરવા માટે આવે. મને મુંબઈ શહેરની આરોગ્યની સેવાની ખબર છે. એ ખૂબ ખર્ચાળ પદ્ધતિ છે. આ ખર્ચાળ સેવા અને તાત્કાલિક સેવા જે આપવાની હોય, એની અંદર પણ તાત્કાલિક જરૂરિયાત પડે. હું જે ક્ષેત્રમાંથી આવું છું, ત્યાં અમારા ટ્રસ્ટની હૉસ્પિટલ ભચાઉમાં વાગડ વેલ્ફેરની છે. અકસ્માતો થાય તો એ સરકારી હૉસ્પિટલમાં નહિ, પણ અહી ટ્રિટમૅન્ટ આપીએ છીએ અને દવાદારૂનો ખર્ચ થાય છે, જે દર્દી પાસે ન હોય. એસ.ટી. ની અંદર ૩૨ ઘાયલ થયા, એમાંથી કોઈનો ફોન આવ્યો આ હૉસ્પિટલની અંદર અમારી પાસેથી ચાર્જ માગે છે, તો અમે ટ્રસ્ટીને કહી દીધું ચાર્જ વગર સારવાર આપો અને એ રીતે જે સંસ્થાની સાથે સંલગ્નતા કરવા માગો છો, સંસ્થા આ પ્રકારની સગવડ વિનામૂલ્યે કરશે એવી ખાતરી લેવાની વાત આમાં આવી નથી. એની સાથેની સંલગ્નતા છે, એ સારવાર તમે કિફાયતી દરે આપો એમાં બી.પી.એલ. નહિ ચાલે એવું નહિ, પણ એમાં ઘાયલ થયેલ હોય, સારવાર માગતો હોય એને સારવાર આપવાની વાત છે, એને તાત્કાલિક સારવાર મળવી જોઈએ, એની સ્પષ્ટતા નથી થઈ. આ બિલ એટલા માટે અધકચરું છે, જેથી પ્રવર સમિતિને સોંપીને આ બિલને ફરીથી લાવી શકાય. પુખ્ત વિચારણાને અંતે બિલ પાસ કરવાની ઉતાવળ કરવા કરતા ખામીઓ સુધારીને એની અંદર સગવડ આપવાની વાત હોય તો ચોક્કસ વિચારીશું. એની સાથે સાથે સરકારી આરોગ્ય સેવા છે. ભૂકંપ વખતની વાત કરી. મેં પણ આ ગૃહની અંદર મૅડિકલ સર્વિસીસ છે, એને ધન્યવાદ આપેલા, એ વખતે ઈમર્જન્સી સારવાર આપણી સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર હોય કે અમદાવાદ હોય, જિલ્લાનો મૅડિકલ સ્ટાફ હતો. બધાએ રાઉન્ડ ધ ક્લોક કામ કરેલું, એટલે આપણા આરોગ્ય સેવા આપતા ડૉક્ટરો છે. અહીં તો ટીકું કમિશન વખતે અમે જે ક્લાસ-૧ ના ડૉક્ટરોને એમના અધિકારો આપેલા, તે માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ ખેંચી લીધા અને એમના માટે થઈ નામદાર હાઈકોર્ટમાં જઈને સ્ટે લેવો પડ્યો. ક્લાસ-૧ ના ડૉક્ટરો આવતા નથી, એનું કારણ છે કે આ સરકારની નીતિના કારણે નથી આવતા. ડૉક્ટર તમારી હૉસ્પિટલમાં આવે તો તમારી જે પોતાની સગવડો, આરોગ્ય સેવા છે, એ બેનમૂન બની શકે અને લોકોને સારવાર આપતા કરી શકાય.

ગઈકાલે રાપરની અંદર રોગી કલ્યાણ સમિતિની અંદર ગયો હતો અને ત્યાં તપાસ કરી તો ૬૦ જણાનું મહેકમ છે અને ૧૪ જણાની જગ્યાઓ ભરાયેલી છે. આ વસ્તું સમગ્ર કચ્છમાં નહિ રિમોટ પ્લેસીસમાં દરેક ઠેકાણે છે. શહેરની હૉસ્પિટલોની અંદર કદાચ જગ્યા ભરાયેલી હશે, પણ ગ્રામીણ સેવાને અપ-ટુ-ડેટ નહિ બનાવી શકાય ત્યાં સુધી કોઈ અર્થ નથી. ઊલટાનું આ બિલ કેટલું ધંધાદારી છે કે સ્વૈચ્છિક સંસ્થા આમાં રજિસ્ટ્રેશન મેળવી શકશે અને એની ભલામણ થશે અને તદન મફત સેવા આપતી સંસ્થાને પૂછીએ છીએ ખરા. અશોકભાઈને પૂછીએ. બીજડાની અંદર સેવા આપતું બીજડા સર્વોદય ટ્રસ્ટ છે, એને અનુદાન આપીએ છીએ ખરા? વાગડ વેલ્ફેરની ટાઈમ્સ ઑફ ઇન્ડિયા દ્વારા પુનઃ નિર્મિત થયેલ હૉસ્પિટલ સેવા આપે છે, તેની મુલાકાત કેટલા આરોગ્ય મંત્રીશ્રીએ લીધી? અશોકભાઈ પ્રભારી હતા ગયા હશે, પણ એ સિવાય આરોગ્ય મંત્રીના નાતે કેટલી વખત મુલાકાત લીધી? આપણા કયા અધિકારીએ મુલાકાત લીધી? આપણે જ્યાં સુધી સ્વૈચ્છિક સંસ્થાઓને આપણે પોતાની પાંખમાં લઈને અને સેવાભાવી સંસ્થાની કામગીરી ખૂબ સારી છે, સારા હેતુઓ માટેની છે. તેના માટે પણ સ્ક્રેનિંગ કરવું પડશે. બધી સંસ્થાઓ નિઃસ્વાર્થ સેવાઓ નથી આપતી. મારો જાત અનુભવ છે કેટલીક સંસ્થાઓમાં સ્થાપિત હિતો દ ાર કરી ગયા છે. મારો પોતાનો અનુભવ કહું છું. પરંતુ જે સંસ્થાઓ નિઃસ્વાર્થ સેવાઓ આપતી હોય તેને આઈડેન્ટીફાઈ કરી માત્ર અધિકારીઓના ભરોસે નહીં પણ આ સમિતિમાં પ્રજાકીય પ્રતિનિધિની નિમણૂક થવી જોઈએ.

ડીઝાસ્ટર મેનેજમેન્ટનું બિલ આવ્યું ત્યારે અમારી ગેરહાજરીમાં અમારા ડીઝાસ્ટરનો ભોગ બનેલા જિલ્લાના પ્રતિનિધિઓ હતા તે તેમના વિચારો રજૂ કરી શક્યા ન હતા તેના કારણે તેની ખામીઓ ડગલે પગલે આ વિસ્તારના અસરગ્રસ્તો ભોગવી રહ્યા છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટની વિશ્વમાં અને હિન્દુસ્તાનમાં પહેલ કરનાર આ રાજય હશે પણ એના પછી કેન્દ્રીય ડીઝાસ્ટર બોર્ડની રચના થઈ અને તેઓએ આવીને સુરતની અંદર પૂરક બન્યા હતા. નેશનલ ડીઝાસ્ટર ઓથોરિટી છે તેમનો જે સ્ટાફ છે તે ટ્રેઈન્ડ સ્ટાફ મોકલ્યો હતો. આપણો ન હતો. આપણા કરતાં પાછળ રચના થઈ પણ ચોકકસતાથી થઈ છે. કાળજીપૂર્વક રચના થઈ છે. જે આકસ્મિક મૅડિકલ સારવાર અગત્યની સેવા છે અને તે સેવાના વિચારને બિરદાવવો જોઈએ. પણ અમલીકરણ કરતાં પહેલાં ચોકસાઈ હોવી જરૂરી છે. એટલા માટે આટલા વિચારો આ બિલ ઉપર વ્યક્ત કરું છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આરોગ્ય મંત્રીશ્રી આકસ્મિક તબીબી સેવા વિધેયક-૨૦૦૭ લઈને આવ્યા છે તેને હું એક ફેસ સેવિંગ પ્રકારનું વિધેયક ગણું છું. આપણા રાજયમાં આરોગ્ય સેવાઓ સાવ ખાડે ગઈ છે અને પ્રજામાં જવાબ આપવો મુશ્કેલ છે. રાજય સરકારે ગુજરાતની વધતી જતી વસ્તી અને ભવિષ્યના દસ વર્ષનું આયોજન આરોગ્ય માટે કરવું જોઈએ. સી.એચ.સી., પી.એસ.સી. કેટલા બનાવવા, સિવિલ હૉસ્પિટલ, મોબાઈલ ડિસ્પેન્સરી આ બધાના નોર્મ્સ નક્કી થયા છે. આમાના એકપણ નોર્મ્સની જાળવણી આ સરકારમાં આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવતી નથી. આરોગ્ય તંત્ર સાવ નિષ્ફળ ગયું છે. એક ફેસ સેવિંગ તરીકે આ વિધેયક લાવવામાં આવ્યું છે તેમ હું ચોક્કસપણે માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આકસ્મિક તબીબી સેવા ફક્ત આકસ્મિક ઊભા થતી સેવા આકસ્મિક નથી. રોડ ઉપર અકસ્માત થાય કે ક્યાંક આગ ફાટી નીકળે કે કયાંક ધરતીકંપ આવે તેના સિવાય પણ આ ગુજરાતમાં ૧૮ હજાર ગામડાઓ છે અને તે ૧૮ હજાર ગામડાઓમાં ગરીબ, ખેડૂત, ખેત મજૂર, કારીગરો, બેકાર યુવાનો વસે છે. ગામડાઓમાં સુવાવડનો પ્રસંગ આવે અને તાત્કાલિક યોગ્ય સારવાર ન મળે તો આપણી માતાઓ મૃત્યુ પામે છે. આ પણ આકસ્મિક મૃત્યુ ગણાય. ગુજરાતના ગામડાઓમાં દર એક હજારે ૧૭૨ મહિલાઓ આ રીતે સારવાર નહીં મળવાના કારણે મૃત્યુ પામે છે. બીજા રાજયોની સરખામણી જ્યારે કરીએ છીએ ત્યારે કેરાલામાં ૧૧૦ મહિલાઓ મૃત્યુ પામે છે, તામિલનાડુંમાં ૧૩૪ મહિલાઓ મૃત્યુ પામે છે. મહારાષ્ટ્રમાં ૧૪૯ અને હરિયાણામાં ૧૬૨ નો આંક છે. જ્યારે આ બધા રાજયોની સરખામણીમાં ગુજરાતમાં તબીબી સારવારમાં ક્યાંક ખામીઓ છે, કયાંક ઊણપ છે તેના કારણે આ બનતું હોય છે. આકસ્મિક તબીબી સારવાર વિધેયક લઈને આવ્યા છે તેમાં વિદ્વાન ધારાસભ્યશ્રી માયાબેન કોડનાની હમણાં કહેતા હતા કે હાલ જે એમ્બ્યુલન્સ છે તે ખખડધજ છે. સારું છે સરકારના સત્તાધારી પક્ષના માનનીય ધારાસભ્યશ્રી આ વાત સ્વીકારે છે. એવું જ હોય ને? ૧૯૯૦ થી આ લોકો એક યા બીજી રીતે વહીવટ સંભાળે છે. ૧૭ વર્ષથી સત્તા સંભાળે છે. એકાદ બે વર્ષ બાપુ આવ્યા અને ચીમનભાઈ પટેલે રાજ કર્યુ. તમે પણ તેમાં સંકળાયેલા હતા. આ સમયગાળામાં કેટલી એમ્બ્યુલન્સ નવી લાવ્યા તેનો આંકડા માનનીય આરોગ્ય મંત્રીશ્રી જાહેર કરે. ૧૯૯૦ પહેલાં ખરીદેલ એમ્બ્યુલન્સ છે. તે બધી ખખડધજ થાય. તેમાં ટાયર પણ બદલ્યા નથી તો લોકોને સારવાર તો કયાંથી મળી શકે. માનનીય ધારાસભ્યશ્રીએ એ વાતનો સ્વીકાર કર્યો કે આવી એમ્બ્યુલન્સમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થાય છે. આ બહું ગંભીર બાબત છે. સારવાર માટેનું સાધન છે, સારવારનો રથ છે અને તેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોય અને સત્તાધારી પક્ષના ધારાસભ્યશ્રી સ્વીકારતા હોય તો માનનીય અશોકભાઈ ભટ્ટ સાહેબે રાજીનામું આપવું પડે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મારા નામજોગ ચર્ચા કરે છે. મારે સ્પષ્ટતા કરવી પડે.

**અધ્યક્ષશ્રી** : કંઈ નથી. પ્લીઝ બેસો. બેસી જાઓ પ્લીઝ.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં એક કલમ મૂકવામાં આવી છે... (અંતરાય)..

**અધ્યક્ષશ્રી** : માનનીય માયાબેન, હમણાં માનનીય સભ્યશ્રીને બોલવા દો, આપ બેસો, હમણાં આપને બોલવા દઉં છું, બેસો, આપને સમય આપીશ.

**ડૉ. સી. જે. ચાવડા:** માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં એક કલમ દાખલ કરવામાં આવી છે કે કોઈ વ્યકિત રાજયમાં કોઈપણ સ્થળે જયાં, ઓછામાં ઓછા ૨૫૦૦૦ લોકો એક સ્થળે એકઠા થવા સંભવ હોય ત્યારે તે સ્થળે તેને પોતાના ખર્ચે આકસ્મિક તબીબી સેવાઓની ગોઠવણ કરવી પડશે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૨૫૦૦૦ કે તેથી વધારે સંખ્યામાં તો ક્યાંક ધાર્મિક મેળાવડા હોય, ક્યાંક રામદેવજી મહારાજ જેવા યોગસાધના માટે આવતા હોય, ક્યાંક સુરેન્દ્રનગરમાં તરણેતરનો મેળો હોય કે સિધ્ધપુરમાં કાર્તિક પૂનમનો મેળો હોય એવા ધાર્મિક સ્થળો કે ધાર્મિક પ્રસંગોએ કે ગુજરાતમાં નવરાત્રિ મહોત્સવ ઊજવાતો હોય ત્યારે ગામડે ગામડે કે શહેરે શહેરે ત્યાં મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે તો ત્યાં સરકારની જવાબદારી છે એવું મારું માનવું છે અને સરકારે જ્યાં ૨૫૦૦૦ કે તેથી વધુ સંખ્યામાં લોકો એકત્રિત થતા હોય, અને તમે જો ઉત્સવોમાં પૈસા ખર્ચી શકતા હોય તો આ સરકાર આ જગ્યાઓ ઉપર પોતાના ખર્ચે કેમ આકસ્મિક તબીબી સેવા ઊભી ન કરી શકે એ મારો પ્રશ્ન છે અને આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ વિધેયકમાં આ શબ્દનો સુધારો કરી પોતાના ખર્ચે નહીં, સરકારના ખર્ચે ત્યાં વ્યવસ્થા કરવામાં આવશે એટલું ઉમેરવા માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેર કાઉન્સિલો, જિલ્લા લેવલની કાઉન્સિલો આકસ્મિક તબીબી સેવાની રચના કરવાની વાત કરી છે પણ હમણાં જ એક ધારાસભ્યશ્રી વાત કરતા હતા એમ આ વ્યાપ ગામડાં સુધી વધે અને ગામડામાં જ્યારે ખેડૂતો કપાસની દવા પીને મોતને ભેટતા હોય, આકસ્મિક મૃત્યુ થતું હોય, ક્યાંક દારૂ પીને ઘરે આવતાં કે ક્યાંક પતિના મારથી કંટાળીને મહિલા જ્યારે અગ્નિ સંસ્કાર કરતી હોય, દાજી જતી હોય , બેકાર યુવાનોને રોજી નથી મળતી ત્યારે એ દવા ઘટઘટાવીને મૃત્યુને ભેટવા જઈ રહ્યો હોય અને બધા આકસ્મિક સેવાઓમાં આવે અને ગામડાઓમાં ખાસ કરીને આવા વધારે બનાવો બનતા હોય છે એ આપણે જોયું છે, ૬૦૦૦ આત્મહત્યાઓ અને અપમૃત્યુ આવાં કારણોથી થાય છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગામડાઓમાં આવા લોકોને આકસ્મિક તબીબી સેવા પૂરી પાડે, અને એની ચિંતા સરકારે કરવી જ પડે, એ ચિંતા આમાં નથી કરવામાં

આવી એની મને ચિંતા છે એટલા માટે માનનીય આરોગ્ય મંત્રીશ્રી આવી સેવાઓને આકસ્મિક તબીબી સેવામાં સમાવેશ કરીને એમના ત્યાં સારવાર કેવી રીતે લઈ જઈ શકાય અથવા તો એ સારવાર જે તે સ્થળે પહોંચે અને તાત્કાલિક સારવાર કેવી રીતે મળે એનું આયોજન આયોજનબધ્ધ રીતે થાય એ હું આ તબક્કે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ એક મૃદ્દો ઉપસ્થિત થયો કે જે કાઉન્સિલો બનાવવાની વાત છે, કાઉન્સિલમાં જે સભ્યો નોંધવાની વાત છે, સભ્યો બનાવવાની વાત છે એ સભ્યોમાં પણ ક્યાંક ધારાસભ્યશ્રીઓની લાગણી છે, મેયર હોય, સંસદસભ્ય હોય કે ધારાસભ્ય હોય એ સાચી સલાહ આપી શકે, માર્ગદર્શન આપી શકે, ટૅક્નીકલ નહીં પણ સમાજમાં શું બની રહ્યું છે એની વાત એ કાઉન્સિલ સમક્ષ મૂકી શકે અથવા કાઉન્સિલમાં જે કામ કરનારા જે સભ્યો છે એમની ક્યાંક બેદરકારી હોય તો સાચા અર્થમાં પ્રજાના પ્રતિનિધિ બતાવી શકે એટલા માટે જો મૅડિકલ ડૉકટરના પ્રૅસિડન્ટ રહી શકતા હોય તો આમાં ધારાસભ્ય કે સંસદસભ્ય કે મેયરનો સમાવેશ થવો જોઈએ કાઉન્સિલની રચનામાં, બંધારણમાં એ હું માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બધી આરોગ્ય તંત્રીની કોઈ પોલિટીકલ વાત કરવા હું માગતો નથી, આરોગ્ય તંત્ર કેવું ખાડે ગયું છે એ હું કહેવા માગતો નથી, આરોગ્ય તંત્રમાં રસી મળે છે કે કેમ એ હું કહેવા માગતો નથી, હડકવાની રસી મળતી નથી, બીસીજીની રસી ક્યારે મુકાશે એ વાત હું કરવા માગતો નથી પણ જ્યારે આકસ્મિક તબીબી સેવાની વાત લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું બીજી બધી વાતોમાં ન પડતાં અને બીજી બધી જે બેદરકારી છે એની વાત ન કરતાં ફક્ત આકસ્મિક તબીબી સેવાની યોજના સરકાર લઈને આવી છે અને જે વાત લઈને આવી છે એ સાચા અર્થમાં આ વિધેયક કાગળ ઉપર ન રહી જાય અને એનો સાચા અર્થમાં આયોજનબધ્ધ રીતે અમલીકરણ થાય એવી વિનંતી સાથે જો સરકાર કામ કરશે તો જ હું અનુમોદન આપી શકીશ ત્યાં સુધી હું અનુમોદન આપતો નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક, ૨૦૦૭ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા માનનીય ધારાસભ્ય મિત્રોએ પોતાના વિચારો આ બિલ ઉપર વ્યક્ત કર્યા છે. માનનીય મંત્રીશ્રીએ એ ઉલ્લેખ કર્યો કે સૌ પ્રથમ આ પ્રકારનું બિલ અમે લઈને આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અહીં કહેવામાં આવ્યું એ પ્રમાણે બિલ આવ્યું, એ બિલને આપણે પસાર કરીએ, એને કાયદાનું સ્વરૂપ આપવામાં આવે, એના નીતિ નિયમો નકકી કરવામાં આવે, પરંતુ એ નક્કી કર્યા પછી એના અમલીકરણની જવાબદારી જે છે એ મહત્વની વસ્તુ છે. આ બિલ દ્વારા આકસ્મિક તબીબી સેવા ઉપલબ્ધ થશે. પણ આ બિલ લાવવાની જરૂરત પડી શા માટે? હું એમ માનુ છું કે, આ બિલ લાવવાની જરૂરત એટલા માટે પડી છે કે, હાલની જે આરોગ્ય સેવાની વ્યવસ્થા છે એ વ્યવસ્થા સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે, વહીવટી તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે એ નિષ્ફળતાને ઢાંકવા માટે માનનીય આરોગ્ય મંત્રીશ્રી આ બિલ લાવ્યા છે. હાલની જે વ્યવસ્થા છે એ વ્યવસ્થામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો એ અંગે ઘણી બધી ચર્ચા થઈ છે. પણ આ સિવાય અગાઉ માનનીય આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઈએ આ જ વિધાનસભામાં દરેક ધારાસભ્યના મત વિસ્તારદીઠ એક હોમિયોપેથીક અને એક આયુર્વેદિક દવાખાનું આપવાની જાહેરાત કરી હતી. મારે માનનીય આરોગ્ય મંત્રીશ્રી અશોકભાઈને પૂછવું છે કે, તમે આ જાહેરાત કર્યા પછી હોમિયોપેથીક અને આયુર્વેદિકના કેટલા દવાખાના આજની તારીખે કાર્યરત છે? માનનીય અશોકભાઈ જે જે યોજનાઓ નવી નવી દાખલ કરે છે એ અકાળે અવસાન પામે છે. અગાઉ જાહેરાત કરી એ હોમિયોપેથીક અને આયુર્વેદિક દવાખાના શરૂ કરવાની યોજના અકાળે અવસાન પામી છે. મોટા ભાગે કયાંય અત્યારે કાર્યરત નથી. અને આ કાર્યરત નથી થયા ત્યાં બીજુ નવું વિધેયક લઈને આવ્યા છે. અકસ્માત અંગેનું. જયાં સુવિધા છે એ સી.એચ.સી.માં અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અને અત્યારે વિભાગ દ્વારા યુરોપિયન કમિશન દ્વારા અદ્યતન દવાખાનાઓ ઉભા કર્યા છે અને સવલતો પૂરી પાડી છે એમાં બિલ્ડીંગો સારી બનાવી છે અને એમાં સાધનો પણ સારા મૂકયા છે. અગાઉ ઓરેક પ્રોજેકટનો વિરોધ કરનાર માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ મંજૂરી આપી પછી ઓરેક પ્રોજેકટના આ સાધનો કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અને કેટલી હોસ્પિટલોમાં કાર્યરત થયા છે? ગામડાંમાથી દર્દી જાય અને સાધનનો જયારે ઉપયોગ કરવાનો આવે ત્યારે મેડિકલ ઓફીસર એમ કહે છે કે, આનો ટેકનિશિયન અમારી પાસે નથી. એ મશીન ખરાબ થાય તો એનું રિપેરીંગ કરવા માટે માણસ નથી, આ પ્રકારની પરિસ્થિતિ છે ત્યારે આ સેવા આપવાની વાત કરે છે. હાલની વ્યવસ્થા છે, હાલનું માળખું છે, હાલના સાધનો છે, હાલની બિલ્ડીંગો છે એમાં જરૂરિયાતમંદ ગામડાંના છેવાડાના માણસને સારવારની વ્યવસ્થા મળે એ જરૂરી છે. મેડિકલનો વ્યવસાય ધીરે ધીરે પ્રોફેશનલ થતો જાય છે. આ સેવાનો વિષય છે, માનવતા સાથે જોડાયેલ વિષય છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં રહેનારી પ્રજા, ગરીબ પ્રજા સારવારના અભાવે મૃત્યુ પામે છે. દવાખાનામાં એ જાય અને ડોકટર સારવારનું બિલ આપે એ તેઓ ભરી શકતા નથી. આજે ગ્રામ્ય વિસ્તારોમાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જે દર્દી આવે છે એના માટે એક હજાર રૂપિયા એમ.આર.આઈ. અથવા સિટિસ્કેન કરવા માટેનો ચાર્જ નકકી કરવામાં આવ્યો છે એ ગામડાંનો દર્દી ભરી શકવા માટે સક્ષમ નથી. આ પ્રકારની જે દર્દીની જરૂરિયાત છે એને પૂરતા પ્રમાણમાં સારવાર મળવી જોઈએ. માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી

કરવા માગું છું કે જે સુવિધા અને જે વ્યવસ્થા છે એમાં પુરતા સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે. દર વિધાનસભા વખતે ડોકટરોની ખાલી જગ્યાનો મુદો આ વિધાનસભામાં ગંભીર રીતે ચર્ચાય છે.અને ગંભીર રીતે ચર્ચાયા પછી પણ રાજયના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આપણે પૂરતા ડૉકટરોની વ્યવસ્થા કરી શકતા નથી. પૂરતા બીજા વર્ગના કે ત્રીજા વર્ગના કે ચોથા વર્ગના જે કર્મચારીઓ છે એની પણ પૂરતા સ્ટાફની ભરતી આપણે કરી શકતા નથી. આ નરી વાસ્તવિકતા છે. મેડિકલ સારવાર આવશ્યક ધારામાં આવે છે અને છતાં પણ આપણે પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા કરી શકતા નથી. માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા વિનંતી કરવા માગું છું કે જે દવાખાનાઓ છે એની અંદર અપૂરતો સ્ટાફ છે અને એમાંય ખાસ કરીને ટેકનિશિયનોના અભાવને કારણે જે મોંઘી મશીનરી આપણે ખરીદ કરી છે એ સાધનોનો આપણે ઉપયોગ કરી શકતા નથી તો ટેકનિશિયનોની વ્યવસ્થા કરી અને આ સાધનોનો ઉપયોગ થાય કે જેથી કરીને ગામડાંમાંથી આવતા ગરીબ માણસોને એનો ઉપયોગ મળી શકે. સબ સેન્ટરો આપણે બનાવ્યા. આજે ગ્રામ્ય વિસ્તારમાં સબ સેન્ટરોની હાલત શું છે? ગાંડા બાવળો ઊગ્યા છે અને બીજી રીતે એનો ઉપયોગ થાય છે. આ સબ સૅન્ટરનો કે જેની પાછળ એ બનાવવા માટે આપણા આરોગ્ય વિભાગે લાખ્ખો રૂપિયાનો ખર્ચ કર્યો છે અને એ ખર્ચ કર્યા પછી એ બિલ્ડીંગનું મહત્ત્વ રહ્યું નથી. એક પણ સ્ટાફ નર્સ ત્યાં જતી નથી, એની મુલાકાત પણ લેતા નથી એને સુધારણા કરવા માટેની કોઈ વ્યવસ્થા વિભાગ નથી પાસે અને આ તમામ નિષ્ફળતા છે એ માનનીય મંત્રીશ્રી સ્વીકારવાના બદલે જુદી જુદી યોજનાઓ મૂકે છે.

અગાઉ ભૂતકાળમાં કીટ તૈયાર કરી હતી માનનીય મંત્રીશ્રીએ અને એ આપવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારમાં પ્રસૂતા માટે બહેનોને અને દાયણોને પ્રશિક્ષણ આપીને અને ધારાસભ્યોને પણ એક એક કીટ મોકલી આપવામાં આવી હતી જુદા જુદા સાધનોની. માનનીય મંત્રીશ્રીને આપના મારફતે મારે કહેવું છે કે આવી કીટોની જરૂર નથી આવી બીજી વ્યવસ્થા કરવાની પણ જરૂરિયાત નથી પણ જે દવાખાનાઓ છે એની અંદર તમે પૂરતા ડૉકટરોની વ્યવસ્થા કરો. પૂરતા ટેકનિશિયનોની વ્યવસ્થા કરો. જે ગ્રાન્ટ આપણે આપીએ છીએ અત્યારે અમારા નેતાએ જે વાત કરી કે બે લિસ્ટ મૂકવામાં આવે સરકારી ભાવ અને રોગી કલ્યાણ સમિતિના ભાવ જે ગ્રાન્ટ દવાખાનાઓને આપણે આપીએ છીએ અને એ ગ્રાન્ટ મારફતે જે દવાઓ ઉપલબ્ધ કરવાની છે એ આજે પણ રાજયના કોઈપણ મૅડિકલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દવાઓ ડૉકટરો જે લખી દે છે એ બહારથી લઈ આવવી પડે છે અંદરથી આપવામાં આવતી નથી આ અનુભવની વાત કરું છું હકીકત જે છે એ કહુ છું એમાં કંઈ ખોટું નથી જાડેજા સાહેબ. અતિશયોકિત નથી અને જે આપવામાં આવે છે એ પણ પચાસ હજાર રૂપિયા કે એક લાખ રૂપિયા તો એમાં આખા વર્ષની દવાઓ ઉપલબ્ધ થઈ શકતી નથી તો જે જરૂરિયાતવાળા માણસો છે એની પાછળ પૈસા મળતા નથી બીજી બાજુ રાજય સરકાર બીજી રીતે ઘણા બધા ખર્ચ કરે છે એમાં કાપ મૂકીને આ ગરીબ લોકોને દવાઓ મળી શકે એ રીતે વ્યવસ્થા થઈ શકે એની વ્યવસ્થા કરવાનું માનનીય મંત્રીશ્રીને કે વિભાગને સૂઝતું નથી. પણ જાહેરાતો અથવા તો ક્યાંક પ્લૅટફૉર્મ ઉપર અથવા રોડ ઉપર બોર્ડ ચીતરવામાં આવે છે અને બે ફોટા એમાં મૂકવામાં આવે છે અને એમાં તો કયાંય એવી એવી જાહેરાતોમાં ફોટા આવે છે એમાં હું પડવા માગતો નથી આ પ્રકારની વ્યવસ્થા કરવાના બદલે આકસ્મિક તબીબી સારવાર માટેનું જે બિલ લઈને આવ્યા છે તેના બદલે જે જરૂરી છે એ જરૂરી વ્યવસ્થાની અંદર પૂરતી ગ્રાન્ટની વ્યવસ્થા કરવામાં આવે એટલે કે દવાઓ ઉપલબ્ધ કરવામાં આવે. સર્પ દંશ થયો હોય કે કૂતરો કરડ્યો હોય તો એની દવાઓ ઉપલબ્ધ નથી હોતી. જિલ્લા કક્ષાએ જે મળવી જોઈએ એમાં પૂરતી વ્યવસ્થા હોતી નથી આ પ્રકારની વ્યવસ્થાના અભાવને કારણે અને પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકો અને ગરીબી રેખા નીચે જીવતા જે કુટુંબો છે એને મોટી મુશ્કેલી છે સિવિલ હૉસ્પિટલમાં અત્યારે જ્યારે સારવાર કરવા જાય છે ત્યારે બી.પી.એલ.નું કાર્ડ માગવામાં આવે છે ત્યારે એને રાહત આપવામાં આવે છે ત્યારે મારે મંત્રીશ્રીને પણ આપના મારફતે વિનંતી કરવાની કે અસંખ્ય કુટુંબો આજે પણ છે કે બી.પી.એલ. ની યાદીમાં એમના નામો નથી બી.પી.એલ.માં નામો આવવાપાત્ર છે પાત્રતા એ ધરાવે છે છતાં પણ એમના નામ બી.પી.એલ. ની અંદર નથી તેથી એવો કોઈ નિયમ કરવામાં આવે મહેસૂલ વિભાગ તરફથી કે મામલતદાર કે ટી.ડી.ઓ. સર્ટીફિકેટ આપે કે એની પાસે એક પણ વિઘો કે એકર જમીન નથી અને એને રાહત મળવાપાત્ર થાય છે તો એને સિવિલ હૉસ્પિટલમાં સારવાર આપવી જોઈએ પણ આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવતી નથી માટે આ બિલનો હું વિરોધ કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક ૨૦૦૭ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. હું ગામડાંનો માણસ છું ત્યાંની વાસ્તવિકતાની વાત કરીશ. વિધેયકની અંદર જોયું સારું છે. પણ પાછળથી અમુક કલમોમાં આડકતરો ઈશારો પ્રાઇવેટાઇઝેશન તરફ પણ છે કે કંઈક પ્રાઇવેટાઇઝેશન ધીમે ધીમે થાય અને લોકોને ધીમે ધીમે ગળે ઉતારીએ તે ટાઈપનું પણ તેની અંદર પ્રોવિઝન છે. વિધેયક જરૂરી હતું તેમને લાગતું હતું. ઘણા મારા સાથી મિત્રો બોલ્યા, ઘણી બધી વાતો કરી કે આ નહોતું અને તમારા વખતનું નહોતું. તો માનનીય અધ્યક્ષશ્રી ૧૭ વર્ષથી છે અમને ગયાને ૧૭ વર્ષ થયા તો એ વખતે આ લાવવું હતુંને કે કંઈ સુવિધા નથી. તમારા વખતમાં નથી કરેલુ એટલે અમે આ લાવ્યા છીએ અત્યારે સમય આવ્યો ત્યારે કેમ લાવો છો ? તે વખતે લાવવુ હતુંને ? માનનીય અધ્યક્ષશ્રી, અગર જો ગુજરાતના લોકોની સેવાને માટે અને ગુજરાતના લોકોની સુવિધા માટે જ જો કરવું હોય તો આપણી પાસે બધી વ્યવસ્થા છે. પ્રાથમિક

આરોગ્ય કેન્દ્રો છે, ડિસ્પેન્સરીઓ છે, સબ સેન્ટરો છે. તેમને એ તો પૂછો કે આપણાં જે નિયમો છે પચ્ચીસ હજારની વસતિએ પીએચસી કરવું. ચાર હજારની વસતિએ એક સબ સૅન્ટર કરવું. તેમાં સ્ટાફ ભરવો, તેમાં કેટલો ભરેલો છે અને તેમાં કેટલાં ચાલુ છે તો આપણને ખબર પડશે કે આપણે સુદ્રઢ સેવા કેટલી આપીએ છીએ. હેલ્થનું તંત્ર છે તેને સુદ્રઢ બનાવવા માટે અને આવી તમામ જે કંઈ એમ્બ્યુલન્સો અને બધી સેવાઓ પૂરી પાડવા માટે બધા બજૅટમાંથી પાંચ ટકા કાપીને આરોગ્યની અંદર વધારે બજેટ ફાળવીને આ સુદ્રઢ બનાવે તો તેને અમે ધન્યવાદ આપીને પાટલી થપથપાવીએ કે લોકોને માટે લાવ્યા છે. પણ આ તો ૧૭ વર્ષ સુધી કંઈ દેખાયું નહીં અને હવે લાવ્યા..

**અધ્યક્ષશ્રી** : બિલ ઉપર ગોવાભાઈ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : આકસ્મિક રોડના એકસીડન્ટની ઘણા બધાએ વાત કરી. રોડ એકસીડન્ટ તે જ આકસ્મિક નથી. આકસ્મિક તો ગામડાંનો રૂરલ ગરીબ માણસ છે તેને કોઈ સુવિધા નથી મળતી. એમ્બ્યુલન્સ કે બીજી તેને માટે કંઈ વ્યવસ્થા નથી તેની વાત કરો તો સારું. આ તો રોડ ઉપર પડી જાય અને રોડ ઉપર બીપીએલનો જ મરી જાય એની શું ખાતરી છે ? અને બીપીએલનું જ એકસીડન્ટ થાય લોકોની સેવા માટે ગરીબ માણસ જેની આર્થિક પરિસ્થિતિ બિલકુલ ખરાબ છે તેની પાસે ૧૦૦ રૂપિયા દવા માટે નથી એવા માણસોને આ સરકાર પૂરી સુવિધા આપશે. તેનું તમામ બિલ સરકાર ભરશે તે પ્રોવિઝન કરવું જોઈએ. આ બીપીએલ ફીપીએલ આમાં ના લેવાય. જ્યારે આપણે હેલ્થની અને ગુજરાતના લોકોની સેવાની વાત કરીએ છીએ અહીંયા..

**અધ્યક્ષશ્રી** : તમને પૂછ્યું નહીં એટલે મુશ્કેલી છે આ બધી. તમને પૂછ્યું હોત તો આ બધી ખબર પડત તેમને.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : એમ તો મારાથી ના કહેવાય પણ અમને જે લાગે છે તે કહીએ છીએ. હમણાં પીએચસીની અંદર આયુર્વેદ ડોકટરો ભર્યા. અમે અભિનંદન આપ્યા. મારે ત્યાં ૧૧ ડોકટરો આવ્યા પણ બે જ મહિનાની અંદર ચીકન ગુનિયા ચાલતો હતો અને કંઈ ફતવો આવ્યો કે તમારે એલોપેથીક દવા નહીં લેવાની, બાટલો નહીં ચડાવવાનો, ઈંજેકશન નહીં લેવાના. ત્યાં લાઈન લાગે પીએચસીના ગામડાંના ગરીબ માણસો કારણકે પ્રાઈવેટમાં તે દવા નથી કરાવી શકતા. ઘરે ઘરે ચીકન ગુનિયા થઈ ગયા અને હવે આ ઈંજેકશન ના લેવાય, બાટલો ના લેવાય તો ગોળીએથી ચીકન ગુનિયા જાય ? જેને થયો હોય તેને પૂછો. ઘણા ધારાસભ્યોને થયો હતો. એટલે તેને અંદર મૂકવા જ નહોતા જ્યારે પીએચસીની અંદર પ્રાથમિક સારવારના કેન્દ્રની અંદર આપણે ડોકટર મૂકીએ અને તેની ઉપર આટલો પ્રતિબંધ રાખીએ તો એ બરાબર નથી. ઘણું બધુ કરવાનું બાકી છે અગર હેલ્થ માટે અને લોકોને માટે કરવું હોય તો આ જે છે તેમાં સુધારો લાવો તો ઘણું બધું થઈ શકે તેમ છે. પણ અમે ચણેલા હતા તે ભૂકંપમાં ખખડી ગયા તે રિપેર નથી થયા. યુરોપીયન કમિશન આવ્યું તેની અંદર થોડુ ઘણું રીપેરીંગ થયું બાકી તો એમને એમ જ પડ્યું છે અને જ્યાં રીપેરીંગ થયું તો સ્ટાફ નથી આ હકીકતની વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, બિલને બાજુએ મૂકયું નથી, આ એનો એક ભાગ જ છે. આકસ્મિક સેવાઓ આની સાથે સાથે જ આ બિલની વ્યાખ્યા છે. એને ફેરવી નાખો ને? હરજીવનભાઈ, અને આખેઆખું તમારું એમાં લઈ લો, હાલ આપણું તંત્ર ચાલે છે.નવી એમ્બ્યુલન્સ લાવવી, નવો સ્ટાફ લેવો, નવા કમિશનર મૂકવા, નવી કમિટી રચવી, એના માટે શું કામ કરવાનું છે? અહીંથી જ તંત્ર છે, વહીવટ છે, સરકાર છે.. ડોકટરની જગ્યાઓ ભરાવી જોઈએ, ડોકટરોની દવા થવી જોઈએ, ડોકટર પરંતુ ખોટા છે તો એને દંડ થવો જોઈએ. આમાં તમે ૨૫ હજારનો દંડ લખ્યો છે, પરંતુ ૨૫ હજાર નહીં, પરંતુ ૫ લાખનો દંડ કરવો જોઈએ. ૫ લાખ રૂપિયાનો દંડ થશે એવું રાખવું જોઈએ. (અંતરાય) જો કરવા જઈએ તો ઘણુંબધું છે, પરંતુ બિલમાં પણ આ બધું કર્યુ છે તો ૨૫ હજારના બદલે ૫ લાખ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે બીજી કલમ પણ કંપની જેવી મૂકી છે, મને પૂરી સમજ પડતી નથી કે કંપનીવાળાઓ સાથે આ પ્રાઈવેટાઈઝેશન ના કરી દે એનો મને તો ડર છે. ખાનગીકરણ થશે તો ગરીબ માણસો મરી જશે. આપ પણ એવા ગરીબ વિસ્તારમાંથી આવો છો. ખાનગીકરણ થશે તો ગરીબ માણસોને પેસવા નહીં દે અને એમ કહેશે કે ચાલ, બહાર નીકળ, કોઈ ચોખ્ખાઈ નથી, બહાર નીકળ એમ કહેશે. એ તો બિચારો ખેતરમાંથી સીધો કાદવવાળો જ આવવાનો છે. તો એની સારવાર કેવી રીતે થઈ શકવાની છે? એટલે મારું સૂચન છે કે જે ચાલે છે એને તમે સુદૃઢ બનાવો, એની પૂરી વ્યવસ્થા કરો તો આ બધું જ બિલમાં છે એ આવી જશે. તમારા બિલની તમામ વ્યવસ્થા આમાં ગોઠવી દો તો નવાની જરૂર નથી. મારા મિત્ર કહેતા હતા કે સબ સેન્ટરોમાં બાવળ ઉગ્યા છે. તો આજે જ મારી સાથે આવો તો કેટલાયે સબ સેન્ટરોમાં આ રીતે બાવળો ઉગેલા છે એ હું બતાવવા તૈયાર છું. ગાંડા બાવળ ત્યાં ઉભા છે અને ખખડધજ બધું ત્યાં વર્ષોથી પડયું છે એ હું આજે પણ બતાવવા તૈયાર છું. પ્રવિણભાઈ, હાલ જ ચાલો હું બતાવવા તૈયાર છું. મારા પોતાના જ વિસ્તારનાં પાંચ નામ આપું. રાણપુર, જૂના ડીસા, અમોઉ, કાપરા આ બધાં છે, ચાલો, મારી સાથે હું બતાવવા તૈયાર છું કે ત્યાં ગાંડા બાવળ ઉભા છે. પી.એચ.સી.માં ટેકનીશીયનોની જગ્યાઓ ઉભી કરી છે, લેબોરેટરીઓ બનાવી છે, સાધનો લાવ્યા છે યુરોપિયન કમિશન મારફત, પરંતુ એના માટે ટેકનીશિયનો નથી. યુરોપિયન કમિશને એમને ૧૧ મહિના રાખ્યા અને ૧૧ મહિના પછી છૂટા કરી દીધા તો ગરીબ માણસોનું શું થશે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ગોવાભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય માલજીભાઈ આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયક, ૨૦૦૭ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું. (અંતરાય) ભાઈ, થોડીક સાંભળવાની તૈયારી રાખો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ગાંડા બાવળ એટલા બધા ઉગ્યા છે કે એનો કોઈ જવાબ આપજો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એનો અર્થ જ એ થાય છે કે આ રાજયનું આરોગ્ય તંત્ર નિષ્ફળ ગયું છે. રાજયના સમગ્ર ગ્રામ્ય વિસ્તારથી માંડીને જિલ્લા કક્ષાએ અને એશિયાની સૌથી મોટામાં મોટી સિવિલ હોસ્પિટલ જયારે અમદાવાદમાં કરી હોય અને નવી નવી વાતો લઈને આવવું એ પાછલા રસ્તાથી ખાનગીકરણ કરીને નકકી કરેલ લોકોને મદદરૂપ થવું એ મને લાગે છે કે આની પાછળનો આશય છે. દેશની આઝાદી આવ્યા પછી ગરીબ લોકોની બહુ મોટી અપેક્ષાઓ હતી અને પ્રજાને લોકશાહી રીતે આપણે વચનો આપેલાં છે કે અમે શિક્ષણનું કામ બરાબર કરીશું, અમે પ્રજાને આરોગ્યની સુવિધાઓ બરાબર પહોંચાડીશું અને પાણીની વ્યવસ્થા, રસ્તા અને વીજળીની વ્યવસ્થા જેને મીનીમમ રિકવાયરમેન્ટ કહેવાય અને પ્રજા માટેની આ બધી સુવિધાઓ એ રાજયની જવાબદારી છે કે રાજય એનો બરાબર વફાદારીપૂર્વક અમલ કરાવશે, પરંતુ આજે હું એમ કહી શકું એમ છું , અંદાજથી, મારી પાસે આંકડો નથી, પણ માનનીય અશોક ભાઈ એમના પ્રવચનમાં આપશે, પણ આજે આરોગ્ય વિભાગ પાસે ૪૦ ટકા થી પણ વધારે જગ્યાઓ ખાલી છે. જ્યારે આટલી જગ્યાઓ ખાલી હોય તો અદ્યતન સાધનો હોય તો પણ ડૉકટરો અને ટેકનિકલ સ્ટાફ સિવાય તેઓ ઉપયોગ શું થઈ શકે? આનો મોટામાં મોટો દાખલ આ રાજયમાં છે. સેવકોની સમક્ષ બે દાખલા બનેલા છે. માનનીય શંકરભાઈ અહીં બેઠા છે, એમના જ વિસ્તારમાં જ્યારે રોગનો મોટો ફેલાવો થયો, અને રાજયના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા જ્યારે મુખ્ય મંત્રી હતા ત્યારે એક ઘર બાકી નહોતું રહ્યું, એક કુટુંબ બાકી નહોતું રહ્યું, એક વ્યકિત સર્વિસ માટે બાકી નહોતો રહ્યો એ જાતની સેવા રાજયે પહોંચાડી હતી. એટલું જ નહીં, તેનો બીજો દાખલો પણ આ વર્તમાન સરકારમાં બન્યો છે, ચીકન ગુનિયા આવ્યો, તેનો આપણને બધાને અનુભવ છે, ચીકન ગુનિયામાં સરકાર નિષ્ફળ ગઈ છે તેનો અભૂતપૂર્વ દાખલો છે. તેનો કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. અને કેટલી બધી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી તે આપણે સૌ જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં જે જાતના ખાનગીકરણના દવાખાના વિકસી રહ્યા છે. ખાનગી પ્રેકટીશનરો વિકસી રહ્યા છે. અને રાજયમાં કેટલીક નવી નવી હૉસ્પિટલો વિકસી રહી છે તેનો અર્થ એ છે કે રાજયની પૂરી સેવા પ્રજાને પહોંચતી નથી એટલા માટે લોકો ખાનગીકરણ તરફ જઈ રહ્યા છે. જો એને અટકાવવું હોય તો રાજયે સક્ષમ પગલાં લેવા પડે. અને તો જ લોકોને સર્વિસ માટે જે લોકો ખાનગીકરણમાં લાઈનો લગાવે છે, પોતાના ઘર-બાર, ઘરેણા વેંચીને પોતાના દીકરા-દીકરીઓને બચાવવા માટે કોશિશ કરે છે તે લોકો જો સરકારી દવાખાના સક્ષમ હશે તો ખાનગીકરણ તરફ જશે નહીં, એટલા માટે ગ્રામ્ય વિસ્તારની સેવા છે તેને વધારેમાં વધારે સક્ષમ બનાવવી જોઈએ. વચ્ચે રાજયે એક પરિપત્ર કર્યો હતો કે બધાની અંદર જગ્યાઓ ભરવામાં બાન આવશે પણ આરોગ્ય અને શિક્ષણમાં નહીં આવે. પણ તે પરિપત્રનો અમલ પણ આ આરોગ્ય વિભાગ કરી શક્યું નથી. બીજા તો ઘણા મુદ્દાઓ છે પણ એક મુદ્દો મારે ધ્યાન ઉપર લાવવો છે કે તમે જ્યારે આ વિધેયક દ્વારા કાઉન્સિલ કરવા માગો છો અને તેની અંદર જે કોઈ લેવલ હોય એમાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ એ બહુ મહત્ત્વની વસ્તુ છે, પ્રજા જેને મત આપે છે તેનો અર્થ એ છે કે પ્રજાનો પોતાનો અવાજનું એમાં ઈન્વોલ્વમેન્ટ એ પ્રતિનિધિ દ્વારા થાય છે. એટલે ધારાસભ્ય કે સંસદ સભ્ય એ વિસ્તારના જે કોઈ આવતા હોય તેને આ જિલ્લા અને શહેરોની કમિટી બનાવવામાં આવે તે કમિટીમાં એમને અચૂક મૂકવા જોઈએ. અને ખાનગીકરણ તરફની જે દોટ છે તેને અટકાવવા માટે અને ગ્રામ્ય વિસ્તારની તબીબી સેવાઓ વધુ સબળ બનાવવા માટે હજુ મોડું થયું નથી. માનનીય મંત્રીશ્રી અનુભવી માણસ છે, પણ એમનો અનુભવ નિવેદનો કરવામાં વધારે વાપરે છે તેના બદલે આરોગ્ય તરફ વધારે લક્ષ આપે એટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આ સભાગૃહમાં ઘણા બધા સભ્યશ્રીઓએ ગામડાંની વાત કરી છે એ ખૂબ જ અગત્યની વાત છે. હું એ કહેવા માગું છું કે ગામડાં અને શહેરની પરિસ્થિતિ અલગ અલગ હોય છે. ગામડાંના લોકોને આરોગ્યની પૂરતી સગવડ મળતી નથી. દવાખાના હોતા નથી, દવાખાના હોય તો ડોકટરો હોતા નથી, સ્ટાફ હોતો નથી. અમારો પાટણ ખૂબ જ અંતરિયાળ વિસ્તાર છે. પાટણ શહેરથી ઘણા ગામડાં ૫૦-૫૦ કિલોમીટર દૂર આવેલા છે. ગામડાંની નજીક કોઈ મોટા દવાખાના નથી. શહેર જેવી સુવિધા અમારા વિસ્તારમાં કયાંય નથી. જ્યારે ચીકનગુનિયા થઈ ગયેલ ત્યારે ગામડાંના લોકોની પાસે પૈસા નહોતા, દવાખાના જ્યાં ચાલુ હોય ત્યાં ડોકટર પાસે દવા ન હોય. મેં એક બે દવાખાનાની મુલાકાત લીધેલી અને કહ્યું કે તમે ગરીબ દરદીઓની સારવાર કરવા માટે શું કરવા માગો છો? ત્યારે તેઓ બોલ્યા કે અમારી પાસે દવા નથી. તો મેં એમને કહ્યું તો શા માટે દવાખાના ખોલો

છો. જો શહેરોની અંદર પૂરતી સગવડતા મળતી હોય તો એના જેવી જ સગવડો ગામડાંના ગરીબ લોકોને પણ મળવી જ જોઈએ. ગામડાંના છેવાડાના માણસ સુધી આરોગ્યની સેવા પહોંચવી જોઈએ. ગામડાંમાં ગરીબ લોકો રહેતા હોય છે. એની પાસે ખાવા માટે પણ પૈસા હોતા નથી, ત્યારે સારવાર માટે ૫૦ કિલોમીટર દૂર જવું હોય તો એ કયાંથી જઈ શકવાનો છે? તેથી ગામડાંથી ૫-૧૦ કિલોમીટરના અંતરે પી.એચ.સી., કે સી.એચ.સી. તથા પ્રસૂતિગૃહ હોવું જ જોઈએ અને ત્યાં ડોકટર તથા સ્ટાફ તથા પૂરતા સાધનો સાથેની સગવડ મળવી જોઈએ. શહેરની વાત છોડીને ગામડાંની વાત કરવી જોઈએ. ગામડાંની અંદર બી.સી., બક્ષી તથા વિચરતી તથા વિમુકત જાતિના લોકો રહેતા હોય છે. એમને પૂરતી સુવિધા મળતી હોતી નથી. એમની પાસે પૈસા પણ હોતા નથી. અચાનક પ્રસૂતિનો કેસ હોય તો એને લઈ જવા માટે ગામડાંની અંદર કોઈ વાહન પણ હોતું નથી. કોઈક સગવડ કરીને શહેરની હોસ્પિટલમાં લઈ જાય ત્યાં તો એ મરણને શરણ થઈ ગયો હોય છે. શહેરોની અંદર તો ખૂબ જ અદ્યતન સગવડ વાળા દવાખાના હોય છે. જેની આંખમાં કમળો હોય એને બધું પીળું જ દેખાતું હોય છે. એમને ફકત શહેરો જ દેખાય છે. ગામડાં દેખાતા જ નથી. ગામડાંના લોકોને શું દુઃખે છે એ અમારા ગામડાંના લોકો જ જાણે. તેથી ગામની આજુબાજુ પાંચથી દસ કિલોમીટરમાં આરોગ્યની સગવડ મળી રહે પી.એચ.સી. કે સી.એચ.સી. કે પ્રસૂતિગૃહ ની સગવડ મળી રહે એ માટે વ્યવસ્થા કરવા હું માનનીય આરોગ્ય મંત્રીને વિનંતી કરુ છું.

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ સમગ્ર દેશની દિશા બન્યું છે. ગુજરાત સમગ્ર દેશને એક નવી દિશા આપનારું છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ ગુજરાતના આ વિધેયકને આવકારીને, ગુજરાતના વિધેયક લાવવાના પ્રયત્નને આવકારીને એના મૂલ્યાંકનની અંદર કહ્યું છે કે સમગ્ર ભારતની અંદર જ નહિ પરંતુ એશિયાના રાજયોમાં ગુજરાત એ એક પહેલું રાજય છે કે જે આ પ્રકારની પહેલી વ્યવસ્થા ઊભી કરી રહ્યું છે.

આ સભાગૃહની અંદર જે ચર્ચાઓ થઈ અને જેણે ભાગ લીધો એ સૌ સભ્યોને આવકારુ છું. પરંતુ તેનું મૂલ્યાંકન કરવું મને જરૂરી લાગે છે. કોંગ્રેસ પક્ષના જે સભ્યો બોલ્યા, માનનીય આદરણીય દંડકશ્રી બોલ્યા. તેમણે આખાય બિલ ઉપર રચનાત્મક અભિગમ બતાવ્યો અને ત્યાર પછી વિરોધપક્ષના નેતાશ્રી જ્યારે બોલ્યા ત્યારે તેમાં નકારાત્મકતા દેખાઈ. કોંગ્રેસ પક્ષમાં આ રચનાત્મકતા અને નકારાત્મકતા અને અસત્યનો આશરો પણ કેટલીક જગ્યાએ લેવો પડ્યો. તેમણે સૌથી પહેલાં એમ કહ્યું કે અમારી પોરબંદરની હૉસ્પિટલમાં બર્ન્સ વૉર્ડમાં એ.સી. ચાલતાં નથી. અત્યારે ચાલતા નથી. મેં હમણાં જ ટેલિફોન કરીને પૂછાવ્યું કે બર્ન્સ વૉર્ડમાં બે એ.સી. છે અને બન્ને એ.સી. ચાલુ હાલતમાં છે. આ સભાગૃહમાં કોઈ પણ વિધાન જ્યારે વિરોધપક્ષના નેતા કરતા હોય ત્યારે હું કેટલી ગંભીરતાથી લઉં છું તેનું ઉદાહરણ આપવા માટે. તેમને ખોટા પાડવા માટે નહીં. વિરોધપક્ષના નેતા જ્યારે બોલતા હોય ત્યારે મારે તરત બંધ હોય તો ચાલુ કરાવવું જોઈએ. પણ મેં જ્યારે પૂછયું તો કહ્યું કે ચાલુ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અમે ફાળો કરીને કરાવ્યા છે. તમારી સરકારે આ ત્રણ વર્ષથી બંધ હતા તે ચાલુ કરવાનો કોઈ પ્રયાસ કર્યો નથી.

**શ્રી અશોક ભટ્ટ** : જે નિવેદનો કર્યા છે તેનો હું જવાબ આપું છું. તેમણે બીજી એક વાત કરી. ૧૯૮૫ થી ૧૯૯૦ના ગાળાની વાત કરી. મારે તેમને એ જ વાત કરવી છે. મારે એ વખતના આરોગ્ય મંત્રીશ્રીનું નામ લેવું નથી. વિદેશી દાતાઓ આવ્યા. અમારી સાથે માનનીય બાબુભાઈ બેસતા હતા. આ ભોળા સ્વ. આરોગ્ય મંત્રીશ્રીને એક વિદેશી દાતા ભૂવાએ આવીને કહ્યું કે હું અમૅરિકામાંથી ડોનેશન લાવી આપીશ. તેમનું સ્વાગત થયું. આજ સુધી એ ભૂવા કયાં ગયા, જડતા જ નથી. એટલે અમૅરિકામાં કેટલા દાન ઉઘરાવ્યા, કેટલા થયા એ અહીં સુધી પહોંચ્યા જ નથી. એટલે જે દાતાની વાત ૧૯૮૫ થી ૧૯૯૦માં આપે એમ કહ્યું કે આપ ફરી જોઈ જાવ. દાતાઓ આવ્યા અને થયું. એ બધી વાત. હું એ જ દાતાની વાત કરું છું કે જે દાતાએ દાન ઉઘરાવ્યું નહીં અને આરોગ્ય મંત્રીશ્રીએ અહીં ગૃહની ચર્ચામાં એમ કહ્યું કે આ મને બનાવી ગયા. એટલે મારે આવી બધી ચર્ચામાં ઉતરવું નથી. પણ મારે એ તો જવાબ આપવો જ પડે કે રાજયની આરોગ્ય સેવાઓની ગામડાઓમાં વાત થઈ, બધા જ લોકોએ જ્યારે કહી, ત્યારે માલજીભાઈ જેવા બોલ્યા ત્યારે મને એમ થયું કે કંઈક કહેવું પડશે. ૧૯૯૫ થી ૧૯૯૦ના આંકડા આરોગ્યની ચર્ચાઓ થશે ત્યારે ચોક્કસ આપીશ, પરંતુ આજે મારે એ આંકડા આપવા પડશે કે ગવર્નમેન્ટની મૅડિકલ સાથેની જે હૉસ્પિટલો છે તેમાં ૨૦૦૫-૦૬માં ૪૨,૩૩,૩૯૦ લોકોએ આઉટડોર પેશન્ટ તરીકે લાભ લીધો. ૬,૫૬,૪૧૦ લોકોએ ઈન્ડોર પેશન્ટ તરીકે લાભ લીધો. જિલ્લા કક્ષાની મૅડિકલ હૉસ્પિટલોમાં ૯૪,૫૩,૫૫૬ લોકોએ લાભ લીધો. ઈન્ડોર પેશન્ટ તરીકે જિલ્લાની હૉસ્પિટલોમાં ૧,૭૦,૮૭૨ લોકોએ લાભ લીધો. કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં આઉટડોર પેશન્ટ તરીકે ૯૬,૨૦,૭૯૩ લોકોએ લાભ લીધો. ઈન્ડોર પેશન્ટ તરીકે ૯,૫૭,૪૪૪ લોકોએ લાભ લીધો. પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં આઉટડોર પેશન્ટ તરીકે ૧૧,૬૨,૦૦૦થી વધુ લોકોએ લાભ લીધો અને પ્રાયમરી હેલ્થ સેન્ટરમાં ઈન્ડોર પેશન્ટ ઓછા હોય છે. ૫૦,૩૪૫ લોકોએ લાભ લીધો. આગલા વર્ષો કરતાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ થઈ છે. એટલે ક્રમશઃ આ ગરીબ લોકો આરોગ્ય સેવાનો લાભ લેતા ગયા છે. એ આ આંકડાઓ પુરવાર કરે છે. બધાં જ ક્ષેત્રોમાં અને જ્યારે ડૉકટરો ન મળ્યા ત્યારે ૫૦૦ જેટલા આયુર્વેદિક ડૉકટરો સી.એચ.સી. અને પી.એચ.સી.માં આપણે મૂક્યા છે. એ પ્રયત્ન ચાલી રહ્યો છે. એ પહેલાં કેટલી જગ્યાઓ ખાલી હતી?(અંતરાય) એટલા માટે આ આંકડાઓ પુરવાર કરે છે કે, ગુજરાતની આરોગ્ય સેવાઓ સારી છે. હું ૧૯૬૦થી

૧૯૯૦ સુધીના મુખ્યમંત્રીશ્રીઓના સમયની અંદર રિલીફ ફંડનો શો ઉપયોગ થયો એનો પ્રશ્ન નહીં પૂછું. પરંતુ ગુજરાત રાજયના આ એક મુખ્યમંત્રી એવા છે કે, જેના ઘેર ગરીબ માણસ આવીને કહે છે કે, એ કોઈપણ જાતની ઓળખાણ વગર, મારે હૃદયનું ઑપરેશન કરાવવું છે અને મારી પાસે પૈસા નથી. એના મા-બાપ ગરીબ છે. એમને હાર્ટ, કિડની વગેરે જેવી ગંભીર બિમારીઓ છે એના માટે માલજીભાઈ, કયારેય એ વખતના મુખ્યમંત્રીશ્રીઓના સમયમાં એ રીતની મદદ નથી થઈ એ આજે થઈ રહી છે. ૧૯૬૦થી ૧૯૯૦ સુધીમાં ગુજરાતની અંદર તબીબી સેવાઓની અંદર એક કરોડ અને અગિયાર લાખ બાળકોના આરોગ્યની તપાસ નહોતી થતી અને આજે થાય છે અને ચાર દિવસના બાળકને પણ ચેરીયન પાસે મોકલવામાં આવે છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એવું કહ્યું છે કે, સત્ય સાંઈ બાબા હૉસ્પિટલને તમે કેટલા કારણોસર એને નથી આપતા. એમાં કોઈ કારણ નથી. એનું કારણ એ છે કે, ત્યાં કેથ-લેબ નથી. યુ.એન. મહેતામાં કેથ-લેબ છે, સાલની અંદર કેથ-લેબ છે, ક્રિષ્ણાની અંદર કેથ-લેબ છે અને ત્યાં આગળ બધાને મોકલીએ છીએ, કાર્ડીયાકના પેશન્ટને ત્યાં મોકલીએ છે, એવી પરિસ્થિતિ હોય તો ચેરીયન સુધી મોકલીએ છીએ. જંબુસરના ડાહ્યાભાઈ જાદવનું ૩૮ દિવસનું બાળક જેને હૃદયનું ઑપરેશન કરવાની જરૂર હતી એને માટે મેં ચેરીયન સાહેબને ફોન કર્યો હતો. જે ઑપરેશનની જરૂર હોય ત્યાં કેથલેબ વગર કરતા હોય, સરકારી કર્મચારી હોય ત્યાં સત્ય સાંઈ બાબા હૉસ્પિટલને માન્ય કરી છે નથી કરી એવું નથી. તમે જે દૃષ્ટિથી વાત કરો છો એ દૃષ્ટિ સરકારની નથી. તમે એમ કહો છો કે ટ્રસ્ટીને અમે કયારેય નથી ઓળખતા? એ બધું તમને સોંપ્યું. તપાસ તો કરો કે કયાં કરવા જેવું છે? આક્ષેપ કરતાં પહેલાં વિરોધપક્ષના નેતાનો વિશ્વાસ ઘટી જાય એવા આક્ષેપ કરો છો. વિરોધપક્ષના નેતાને ગૌરવ અપાવે એવી વાતો મેં વિધાનસભામાં જોઈ છે. ભાઈકાકા, ચીમનભાઈ, કેશુભાઈ ત્યાં બેસતા હતા. અર્જુનભાઈ હોત તો ના કહેત. પણ આ તો જ્યાં બાબુભાઈ બેસતા હતા, ચીમનભાઈ બેસતા હતા, કેશુભાઈ જ્યાં બેસતા હોય એ જગ્યાએ અર્જુનભાઈ બેસતા હોય ત્યારે કહેવું પડે કે તમે બોલો છો એના ઉપર ભરોસો કરીએ છીએ. ભરોસો રાખીને તપાસ કરીએ છીએ ત્યારે ખબર પડે છે કે..(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અહીંથી ઊઠીને ચીમનભાઈના હાથમાંથી કાગળ ફાડી નાંખતા હતા..(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : આપના પ્રમુખને પૂછી જુઓ. ચૂંટણી જીતવા માટે કોંગ્રેસના પ્રમુખે વચનો આપ્યા હતા એ વચનો કોંગ્રેસ પાળી શકી નથી. U.P.A. ની સરકારે આંસુંઓ નહીં પણ જીવવાનું મોંઘું કર્યું છે અને કોંગ્રેસના રાજમાં ૫૦૦૦ ખેડૂતોએ આપઘાત કરવા પડ્યા છે ત્યાં જઈને આંસુંઓ પાડો, ત્યાં જઈને પાડો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :૧૭ હજાર આપઘાત થયા છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : જે કહેવું હોય એ કોંગ્રેસના રાજમાં જાવ, જે કહેવું હોય તે ત્યાં કહો. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૧૭ હજાર આપઘાત થયા છે. તમારું રાજય ચાલે છે. ૨૧ વર્ષથી રાજય કરો છો. તે દિવસે એમ કહેતા હતા કે મુખ્યમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. તમારી બાજુમાં છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ પ્લીઝ અશોકભાઈ પ્લીઝ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હવે આંસુ કયાં ગયા? અત્યારે આંસુ કયાં ગયા?

**અધ્યક્ષશ્રી .** : અશોકભાઈ પ્લીઝ, ચાલુ રાખો. બેસો બધા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :આંસુ કયાં ગયા? (xxxxxxxxxxx)

**શ્રી અશોક ભટ્ટ** : (અંતરાય) મોંઘવારીની જનેતા કોંગ્રેસની વડાપ્રધાનની આર્થિક નીતિઓને કારણે વધ્યા છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : • * (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ પ્લીઝ એ નહીં. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :* (xxxxx) (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ ચાલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ (xxxxx) (xxxxx) (xxxxx) (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર (અંતરાય) સાહેબ જે જાતના આક્ષેપો કર્યા છે એની પૂરી વિગતો આપે, હું જવાબ આપવા તૈયાર છું (અંતરાય) નહીં. ખુલ્લી ચેતવણી છે (અંતરાય) ખુલ્લી વાત કરુ છું સાહેબ કે એ કહે. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું હજી રીપીટ કરુ છું કે (અંતરાય) (xxxxxxxxxxx)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ એમ ઓન માય લેગ. સાહેબ ગુજરાત હાઈકોર્ટે મને નિર્દોષ સાબિત કર્યો છે અને હું નિર્દોષ થયો છું. એમણે માફી માગવી જોઈએ આ આક્ષેપ કરતા પહેલા માફી માગવી જોઈએ. (અંતરાય) માફી માગવી જોઈએ, માફી માગો ( અંતરાય ) માફી માગો. માફી માગો. સતત અંતરાય.

સતત અંતરાય ( સતત સુત્રોચ્ચાર )અશોકભાઈને દૂર કરો.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સતત સુત્રોચ્ચાર માફી માગો.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ. પ્લીઝ બેસો બધા હવે ચાલોને આગળ વધો એમાં કંઈ આક્ષેપનો સવાલ નથી. પ્લીઝ ચાલો પ્લીઝ.. પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : નહીં નહીં સાહેબ , આઈ એમ સોરી સર, આપ એમને કહો.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ પ્લીઝ ચાલોને હવે નાની વાતમાં ( સતત અંતરાય )

**શ્રી અશોક ભટ્ટ** : નહીં સાહેબ (અંતરાય )

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્લીઝ પ્લીઝ

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા કેરેકટર ઉપરનો આક્ષેપ છે. (સતત અંતરાય ) એમણે જે આક્ષેપ કર્યા છે આપ જુઓ છો, આપની હાજરીમાં કર્યા છે અને બેજવાબદાર રીતે કર્યા છે, મને ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ સાબિત કરેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી ઉપર આક્ષેપો કર્યા એનું કશું જ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : કયા આક્ષેપો કર્યા?

**અધ્યક્ષશ્રી .** : હું આક્ષેપો રેકોર્ડ ઉપરથી દૂર કરુ છું. પ્લીઝ... પ્લીઝ ચાલો બેસી જાવ.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે નકકી કર્યા મુજબના બધા જ વિધેયકો એ જયાં સુધી એનું કામકાજ પતે નહીં ત્યાં સુધી સમયની અવધી લંબાવવા માટે વિનંતી છે. ત્રણ જાહેર કર્યા છે એ પ્રમાણે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆતમાં જ જયારે આ બિલ રજૂ થયું ત્યારે મેં વિનંતી કરી હતી કે બિલ ઉપર વિસ્તૃત ચર્ચા કરવાની અમારી તૈયારી છે અને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમે વિનંતી કરેલી છે કે બિલને ઓર્ડરમાં દાખલ થવા જોઈએ, ઓર્ડરમાં ચર્ચા થવી જોઈએ અને ઓર્ડરમાં પાસ થવા જોઈએ અને એના માટે અમારી ચર્ચા કરવાની તૈયારી છે. અશોકભાઈને સાંભળવાની તૈયારી છે અમારી અને અમે સમય વધારા સિવાય આ ગમે ત્યારે જયારે પણ ગૃહની અંદર આના માટેનો નિશ્ચિત સમય છે એ સમયની અંદર એમની સ્પીચ, જે સમય આપ ફાળવો, અશોકભાઈ જે સમય નક્કી કરે એટલો સમય ફાળવવાની અમારી તૈયારી છે પણ સમય વધારવામાં અમે સંમત થતા નથી.

**શ્રી અશોક ભટ્ટ** : સમય વધારવા માટે આપના આદેશ પ્રમાણે આ સાત બિલો આજે લાવવાના હતા. ૬ બિલો આજે પૂરા કરવાના હતા અને કામકાજ સલાહકાર સમિતિનો એ નિર્ણય હતો. આ સભાગૃહે પસાર કરેલો નિર્ણય હતો. પરંતુ આપે કહ્યું એ પ્રમાણે ૩ બિલો બાકી રહેવા દીધા છે અને બાકીના બિલો આજે લેવાના છે. એમને સંમત ન હોય તો હું માનનીય દંડકશ્રીને કહું છું કે સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકે અને આપ એને મતદાન ઉપર મૂકીને ગૃહની કાર્યવાહી આગળ ચલાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વિનંતી છે કે આ બિલો છે એ સમયમર્યાદામાં ચર્ચા કરવાની અમારી તૈયારી છે. અશોકભાઈ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જેટલો સમય જવાબ આપવા માગતા હોય એ આપે. એમણે ભલે કહ્યું હોય કે અમારા લોકો ૧૦ મિનિટ બોલે. છેલ્લે નટવરસિંહને બોલવાનું હતું પણ એમને રોકવામાં આવ્યા. હજુ અમારી તૈયારી છે કે બિલની સાર્વત્રિક રીતે ચર્ચા થવી જોઈએ, એનો જવાબ પણ સાર્વત્રિક રીતે આવવો જોઈએ. આપણે ખૂબ ગંભીરતાથી ચર્ચા કરી છે એવી પ્રતીતિ થવી જોઈએ અને ચર્ચા થવી જોઈએ. આવતીકાલે રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આપણે ચર્ચાઓ હાથ ધરવાના છીએ. આ ગૃહ કાંઈ પણ નક્કી કરે, આપની સાથે બેસીને બન્ને દંડકશ્રીઓ નક્કી કરે. એનો સમય સરકારી કામકાજમાં હોય કે દિવસો વધારીને પણ અમારી તૈયારી છે. એટલે આપના મારફત વિનંતી એટલી છે કે હવે બિલને લાગે વળગે છે ત્યાં સુધી એનાથી વધારે ચર્ચા કરવાની અમારી તૈયારી નથી. અમારી ચર્ચા સાંભળવાની અને કરવાની તૈયારી છે પણ એના માટે બીજો દિવસ ફાળવવામાં આવે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે બાકી રહેલા બિલોનું કામ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવો અને સભાગૃહનું કામકાજ આગળ ધપાવવું.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવને હું ટેકો આપું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(વિપક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી હંમેશા પરંપરા રહી છે કે આજે પણ અમારા તરફથી સાથ સહકાર સાથે બિલો ઉપરની વિસ્તૃત ચર્ચા કરી છે. જેમ અમારા વિપક્ષના નેતાશ્રીએ કહ્યું એમ હજુ તો આપણી શરૂઆત છે. માત્ર બે દિવસ થયા છે. આવનારા ઘણા બધા દિવસો છે અને

માત્ર ૭ જ બિલો છે અને એના અંદર બીજું બિલ છે એની ચર્ચા વિસ્તૃત રીતે થઈ છે એવી જ રીતે બધા બિલોમાં ચર્ચા થાય. દિવસો વધારી શકાય પણ ગૃહમાં બહુમતીએ આવી રીતે દરખાસ્ત મૂકવામાં આવે એ વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : હવે સભાગૃહને હું આપણા નિયમો જે છે એ અંગેની કેટલીક વાત કરવા માગું છું. આપણે બધાએ સવારે ચર્ચા કરી હતી કે કામકાજ સલાહકાર સમિતિમાં એ દિવસે ૭ બિલો પાસ કરવાનો નિર્ણય કર્યો હતો. પણ વિરોધ પક્ષના મિત્રોને એમ લાગ્યું કે ૩ બિલો એમને મળ્યા એને ચાર દિવસ નથી થયા. એટલે એમને અભ્યાસ કરવા માટે સમય જોઈતો હતો. અહીંયા મતદાન પર મૂક્યા સિવાય અને ખરેખર તો કામકાજ સલાહકાર સમિતિમાં જે આજે મંજૂર થયું હોય એ કરવાનું હોય છે. છતાં મેં સ્પીકરના પાવર વાપરીને એ ૩ બિલોની ચર્ચા આજે ન થાય અને હવે પછી એના માટે સમય ફાળવી ચર્ચા કરવી એવો નિર્ણય કર્યો. કામકાજ સલાહકાર સમિતિમાં એક વાત સ્પષ્ટ થઈ છે કે આજે એ બિલોની ચર્ચા પૂર્ણ કરવાની છે. છતાં મેં ૩ બિલો કાઢી નાખ્યા અને બાકીના માત્ર ૩ બિલો હતા તે આજના દિવસે છે. એટલે નાછૂટકે મારે એવો નિર્ણય આપવો પડશે કે આપણે આ ૩ બિલો છે એ કામકાજ સલાહકાર સમિતિએ પૂરા કરવાનો નિર્ણય કર્યો છે અને અહીંયા રુલિંગ પાર્ટી છે એ પણ ઈચ્છે છે કે આજે કામ પૂરું થાય. આજે આ બિલો પસાર કરવાનો નિર્ણય કર્યો છે એ નિર્ણય માન્ય રાખું છું. આજે આ કામકાજ પૂરું થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : મારું પ્રવચન ચાલુ છે સાહેબ, એમને આવવું હોય તો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ છે, ફરી આપના મારફત ટ્રેઝરી બેંચનું ધ્યાન દોરું છું કે એને ગંભીરતાથી લઈએ, આવી હળવાશથી લેવાય નહિ, આ કાનૂન પસાર કરીએ છીએ, કાયદો પસાર કરીએ છીએ. એમાં માત્ર પોતાની જીદથી કે બહુમતિથી નિર્ણય ના લેવાય, એની ચર્ચા થવી જોઈએ, એ ચર્ચા અહીંયા પણ થવી જોઈએ અને આ રીતે ગૃહ ચલાવવાનું હોય અને એકતરફી નિર્ણય કરીને બધા બિલ અમારી ચર્ચાની અંદર ભાગ લેવડાવ્યા વગર કરવાના હોય તો...

**અધ્યક્ષશ્રી .** : તમે હાજર રહો ક્યાં ના છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાત સુધી થોડું હાજર રહી શકાતું હોય છે. આ રીતે બિલ પસાર થઈ શકે નહિ, બિલ ચર્ચા થયા વગર પસાર ના થઈ શકે, ગૃહને ઑર્ડરમાં રાખવું જોઈએ, જેથી હું બિલની ચર્ચામાં ભાગ લઈ શકતો નથી.

( આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલા ડો, નીમાબેન આચાર્ય સિવાયના સભ્યોએ સભાત્યાગ કર્યો)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ ચાલો, પ્લીઝ, તમારો જવાબ પૂરો થયો કે અધૂરો છે?

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય મંત્રીશ્રી)** : જવાબ અધૂરો છે સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો પણ પહેલીવાર મેં જોયું કે વિરોધપક્ષના નેતા જેવું વ્યકિતત્વ એ સંસદીય સંસ્કારના અભાવવાળું હતું. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે બેજવાબદાર આક્ષેપો કર્યા અને મારા ઉપર સીધો આક્ષેપ કર્યો, એ આક્ષેપમાં એમણે એમ કહ્યું એ કહેલી વાતને આપે કાઢી નાંખી છે એટલે હું એ કહેતો નથી. પરંતુ ગુજરાત હાઈકોર્ટે જેનો ચુકાદો આપ્યો ત્યારપછી પણ એ પ્રકારે આક્ષેપ કરે અને એ આક્ષેપો પણ, વિરોધપક્ષના નેતાના આ આક્ષેપોને આપે સભાગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવા પડે. મને લાગે છે કે ૧૯૬૦ની ૧લી મે પછી ગુજરાતની રચના થયા બાદ વિરોધપક્ષના નેતાનું ધોરણ શિસ્તના અભાવ, સંસદીય સંસ્કારનું નીચું ગયેલું ધોરણ એ ગુજરાતની પ્રજા માટે સૌથી દુ:ખદ ઘટના છે. એમણે જે વાત કરી તેનો જવાબ હું આપતો નથી કારણ કે, એમની કોઈ વાત વિધાનસભાના આ વિધેયકને લગતી નહોતી. પરિસ્થિતિ શું હતી? પરિસ્થિતિ એ હતી કે રાજ્યની અંદર રાજ્યના મુખ્યમંત્રીશ્રીના માટે અને આ સરકાર જે નીતિથી ચાલી રહી છે એની જે દિશા છે એ દિશા દિનદયાળજીની દિશા છે, એમાં માણસ એના કેન્દ્રની અંદર છે અને એકાત્મ માનવવાદથી ચાલતી આ સરકારને માણસ બચે એ રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું ચિંતન છે, માણસ જીવે એ રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું ચિંતન છે, માણસ સમૃદ્ધ બને એ રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું ચિંતન છે, અને એ ચિંતન ચિરંજીવ યોજનાની અંદર દેખાય છે. એજ ચિંતન E,M.S.ની અંદર દેખાય છે. બેહાલ પડેલો માણસ, અકસ્માત્થી ઘવાયેલા માણસને નજીકની હૉસ્પિટલે એ પૈસાદાર માટે બંધાયેલી હૉસ્પિટલ છે એટલે ત્યાં એને દાખલ ના કરાય? સરખેજમાં બેભાન થયેલા માણસને ૧૫ કિલોમિટર દૂર લઈ જઈને એને સારવાર મળે એ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીનું મંતવ્ય નહોતું અને એટલા માટે એમણે એક પ્રયોગની શરૂઆત કરાવડાવી અને પ્રયોગ સફળ નિવડ્યો. અમદાવાદ શહેરની અંદર એ પ્રયોગ થયો અને એ પ્રયોગને E.M.S. અમદાવાદ ઈનીસીએટીવ તરીકે ઓળખાયું. એક સામાજિક સંસ્થા બની. આ રાજ્યની અંદર જનભાગીદારી એ આ રાજ્યની સંસ્કૃત્તિ છે એટલા માટે ગરીબ માણસ પણ આ હૉસ્પિટલની અંદર જાય. બેભાન અવસ્થાની અંદર જાય, પહેલાં તો એવું હતું કે, બેભાન અવસ્થામાં ગયેલો માણસ જ્યારે ભાનમાં આવે ત્યારે એને ખબર પડે કે, મારે એક લાખ

રૂપિયાનું બિલ એક કલાકમાં આપવું પડશે પણ આ કાયદા પછી સોનેરી અવર્સની અંદર, ગોલ્ડન અવર્સની અંદર બેભાન માણસ કોઈપણ હૉસ્પિટલમાં, જે આ કાઉન્સિલ જોડે જોડાયેલી હશે, જે સત્તા મંડળ સાથે જોડાયેલી હશે એને કોઈ ચાર્જીસ આપવાના નહીં, ત્યાર પછી એ નક્કી કરશે કે મારે સિવિલ હૉસ્પિટલમાં જવું છે, મને અહીંનું બિલ નહીં પરવડે, એ હૉસ્પિટલ નક્કી કરશે કે મારે આનું બિલ નથી લેવું. આ એક જાતની માનવતાના સંસ્કારને કાયદાનું સ્વરૂપ આપતું વિધેયક છે પરંતુ મારે કોને સમજાવવું? સમજવા માટે પણ? માનનીય અધ્યક્ષશ્રી, સરસ મઝાનો મોર હોય તો એને સમજાવવાનો પ્રયત્ન કરું તો એ સમજી શકે પણ હું કાગડાને સમજાવવાનો પ્રયત્ન કરું તો ? પરિસ્થિતિ આ છે. દૃષ્ટિકોણની અંદર, વિચારોની અંદર એટલું બધું પ્રદૂષણ આવ્યું છે દુ:ખ આ વાતનું છે કે ગાંધીના ગુજરાતમાં માણસની વાત આવે ત્યારે, માણસને બચાવવા માટેની વાત આવે ત્યારે, માણસને જીવાડવા માટેની વાત આવે ત્યારે, અકસ્માતમાં ઘવાયેલ માણસને ઉપાડીને લઈ જવા માટેનો કોઈ કાયદાકીય સ્વરૂપ લાવવાનો પ્રયત્ન થાય ત્યારે, મારે ધન્યવાદ આપવા જોઈએ કે વિરોધપક્ષના નેતાની વાતને બાજુએ મૂકીને દંડકે મારી વાતનું સમર્થન કર્યુ છે અને એમણે એમ કહ્યું કે, અશોકભાઈની લાગણી સાથે હું જોડાઉં છું, એમની, મારી સાથે જોડાયેલ લાગણીનું હું સ્વાગત કરું છું. હું એ વાતનો સ્વીકાર કરું છું કે, જો કાંઈ કહ્યું તો એ સ્વીકારું કે, એની અંદર છે જ મ્યુનિસિપલ કાઉન્સિલરને મૂકો, મ્યુનિસિપલ કાઉન્સિલર એ લોકપ્રતિનિધિ છે, સામાજિક કાર્યકર તરીકે ધારાસભ્યને મૂકવો હોય તો આ કાઉન્સિલમાં મૂકી શકાય તેમ છે પરંતુ ધારાસભ્યને મુકાવા એ એમનું સૂચન છે તો હું એ સ્વીકારવા પણ તૈયાર છું પણ અહીંયા છે જ કે સ્થાનિક કાર્યકર તરીકે ધારાસભ્ય પણ રહી શકે એમ છે. સૂચન તો આ પ્રકારના હોવા જોઈએ, કાયદાની અંદર એમ કહે કે આ કાયદો ઘડાય છે ત્યારે પરંતુ એક પણ સભ્ય આ સભાગૃહ અને આ સભાગૃહને જોનાર સૌ કોઈએ જોયું કે, કોંગ્રેસ પક્ષના એક પણ સભ્ય આ વિધેયક ઉપર વિચારો વ્યક્ત કરતી વખતે એક પણ મુદ્દો એ બિલને વાંચીને એમણે કર્યો નથી. કોઈ વાંધો નહીં, આરોગ્યની માગણીઓની ચર્ચા બે વખત આવી હોય એવું મને લાગ્યું, હવે એકવાર આવશે અને આજે થઈ પરંતુ આ થઈ એનું મને દુ:ખ છે. દુ:ખ એ વાતનું છે કે, વિધેયક ઉપર જે મારે કોંગ્રેસ પક્ષનું યોગદાન જોઈતું હતું, ભાગીદારી જોઈતી હતી, સમર્થન જોઈતું હતું, એમના વિચારોનું પ્રાગટ્ય જોઈતું હતું એ મળ્યું નહીં અને એટલા માટે મારે કહેવું છે કે, આ સત્તા મંડળ રચાશે, આ સત્તા મંડળ એ આખા રાજયનું બનશે, બીજું એ બનશે કે આખા રાજયની અંદર ઇમરજન્સી મૅડિકલ સર્વિસ માટેનો ટેલિફોન નંબર પણ અમે એક સરખો લેવાનો પ્રયત્ન કરવાના છીએ અને એ નંબર ૧૦૫૬ હશે. અત્યારે અમદાવાદમાં પ્રયોગરૂપે ૧૦૫૬ નંબર ચાલે છે. હવે આખા રાજયમાં, જેમ આખા રાજયમાં ટેલિફોન વિભાગનો ૧૯૭, ૧૯૮, ૧૦૦ નંબર પોલીસનો, ૧૦૧ એમ્બ્યુલન્સ સર્વિસનો નક્કી થયો છે એવો જ આ નંબર નક્કી થશે ૧૦૫૬ અને એના કારણે પેલાને અકસ્માત થયો ત્યારે કોઈકની એક મિનિટ પણ સમય બચે એનો આ છે ૧૦૫૬ નંબર તમને ખબર હોય અને તરત તમારા મોબાઈલ ઉપરથી ૧૦૫૬ કરો તો માણસ બચે છે, માણસનો જીવ બચે છે અને જીવ બચાવવા માટે મિનિટે મિનિટનો ઉપયોગ કરવો જોઈએ. રાજયના મુખ્યમંત્રીએ એ મિનિટો કેમ ઓછી થાય એનું ચિંતન કરીને આરોગ્ય વિભાગને આ કાયદો લાવવાનું કહ્યું અને અમે આ કાયદાનું ચિંતન અમે એકલાએ નથી કર્યુ, આ કાયદો ઘડવા માટે મુંઝાલ જોષીપુરાનો ઉપયોગ કર્યો, આ કાયદો ઘડવા માટે અનેક ચિંતનો યુનિસેફ અને બાકી આંતર રાષ્ટ્રીય સંસ્થાઓ જોડે ગયા ત્યારે આ બિલ બન્યું છે. લેટ બન્યું જ નથી, કયાંય મોડું થયું નથી અને આ કાયદાના ડ્રાફટ બિલની નકલો આજે ચાર રાજયો લઈ ગયા છે એ બતાવે છે કે, આ ડ્રાફટ એ સંપૂર્ણ ડ્રાફટ છે. પરંતુ આને કારણે થવાનું શું છે. આ કાઉન્સિલ સ્ટેટ લેવલની કાઉન્સિલ એવી ૩ પ્રકારની બીજી કાઉન્સિલની રચના કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનની એક બનશે. બીજી જિલ્લા લેવલની અંદર હશે અને મ્યુનિસિપલ કોર્પોરેશનની જે સત્તા હશે, કમિશ્નર એના હેડ બનશે. જિલ્લામાં જિલ્લા કલેકટર એના હેડ બનશે. પોલીટીકલ આઈડીયાથી લાવ્યા હોત તો અમારા પ્રભારી મંત્રીને બનાવ્યા હોત, આરોગ્ય મંત્રીને બનાવ્યા હોત પણ આવો કોઈ વિચાર કર્યો નથી. હૉસ્પિટલનું વર્ગીકરણ થશે. એ ગ્રેડની છે, લેવલ-૧ની છે, લેવલ-૨ની છે કે લેવલ-૩ની છે. ૭૫૦ લોકોને ટ્રેનિંગ અપાઈ ચુકી છે. ઈમરજન્સી મૅડિકલ સર્વીસની ટ્રેનિંગ એ બધા લેવલ પર છે. આ પ્રકારની આઈ.સી.સી.યુ. ઓન વ્હીલ માયાબેન નથી નહીંતર હું એમને કહેવા માગું છું કે હવેની નવી એમ્બ્યુલન્સ આઈ.સી.સી.યુ.ઓન વ્હીલ છે. એમણે કહયુ હતુ એમ્બયુલન્સ માટે. ઘણી વખત ખબર નથી હોતી. કોમ્યુનિકેશન ગેપ હોય છે. એટલા માટે કહેવું પડે છે કે આઈ.સી.સી.યુ.ઓન વ્હીલ ૧૩ હતી અને ૨૦ નવી આવી છે. ૨૩ આવી છે અને બીજી આવવાની છે. દરેક જિલ્લાદીઠ આઈ.સી.સી.યુ. ઓન વ્હીલ મૂકવા માગીએ છીએ. આ પ્રકારના બધા સાધનો સાથે ખાનગી હૉસ્પિટલ પાસે છે એ બધાનું સંકલન થશે. એમ્બ્યુલન્સ સર્વિસ રાજય કક્ષાએ ફ્રી કરવામાં આવશે. આ આખી વાત સમજાવવા માટે અમે ઘણો પ્રયાસ કર્યો. સમજાવવા માટે બીલ મૂક્યું ત્યારે પ્રયાસ કર્યો પરંતુ કેટલાક એજન્ડા લઈને નીકળતા હોય ત્યારે લોકશાહીની વાત કરવાવાળાને મારે કહેવું છે. એક નાનકડી વાત કરું. ઉત્સવની વાત કરી વિરોધ પક્ષના નેતાએ. અમારી પોળમાં હમણાં એક બનાવ બન્યો. એક મગનભાઈ નામના ભાઈ છે. મારે ત્યાં જનોઈ હતી તો એમણે કહયું કે આટલો મોટો ઉત્સવ, આટલો મોટો મેળાવડો? બાજુમાં લગ્ન હતા. તો કહે આટલો મોટો ખર્ચ, આટલા મોટા લગ્ન? બીજા એક ઘેર દીક્ષાનો પ્રસંગ હતો તો કહે આટલો મોટો ઉત્સવ કરો છો? આખી પોળની બહેનોએ એક દિવસ મગનભાઈને પકડયા અને કહયું કે કેમ આટલા બધા ટાઈલાવેડા કરો છો? તમારે ત્યાં ઉત્સવ? તો કહે મારે

ત્યાં ઉત્સવ કેવી રીતે આવે મારે છોકરા જ નથી. મારે ત્યાં ઉત્સવ નથી આવતા. ઉત્સવ તો એને ત્યાં આવે મારે પેલો ગુજરાતી ભાષાનો શબ્દ નથી વાપરવો એને ત્યાં આવે જેને છોકરા કે છોકરી હોય. વાંઝિયાને ત્યાં ન આવે. ઉત્સવ એને ત્યાં આવે જેને ઉત્સવ ઉજવવાનો આનંદ હોય. કેટલાકને આનંદ જ ન હોય. રોજ મરસિયા ગાવા હોય એને લગ્નના ગીત ગાવાનું ન કહી શકું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૧-સન-૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૬૫, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૦૭નું ગુજરાત આકસ્મિક તબીબી સેવા વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨

## ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, ૨૦૦૭

### ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ સમગ્ર દેશમાં ઐતિહાસિક કહી શકાય એ પ્રકારનું આ વિધેયક રજૂ કરવામાં આવ્યું છે. નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ-૯૯ માં સુધારો કરતું આ વિધેયક નગરપાલિકાની અંદર જે વેરાની વસૂલાત કરવામાં આવે છે, એ વેરાની વસૂલાતમાં કાર્યપદ્ધતિના ફેરફાર માટેનું વહીવટી પ્રક્રિયાના સુધારણાઓ સાથેનું અને યોગ્ય સ્વરૂપમાં જે રિફોર્મ્સની પ્રક્રિયા સમગ્ર ગુજરાતે અપનાવી છે, એમાં વધુ સક્ષમતા આપનારું આ વિધેયક છે.

આ સરકારે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ જેની દીર્ઘદ્રષ્ટિ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રાપ્ત થઈ અને એ શહેરી વિકાસ વર્ષ દ્વારા શરૂ કરેલ વિવિધ યોજનાઓ, વહીવટી સુધારણાઓ અને વિવિધ કાર્યવાહીઓ જે પ્રકારે હાથ ધરવામાં આવી, તેની સાથે સાથે રાજ્ય સરકારે નિર્ણય કર્યો શહેરી વિકાસ વિભાગની સાથે નગરપાલિકા અને મહાનગરપાલિકઓને વધુ સક્ષમતા આપવાની સાથે સાથે જે જે સુધારાઓ આવશ્યક છે, તે સુધારાઓ માટે કાર્યવાહી હાથ ધરવી જોઈએ અને તે દિશામાં કાર્પેટ એરિયા બેઈઝ પ્રોપર્ટી ટેકસનો વિચાર કરવામાં આવ્યો. દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય જ્યાં તમામ નગરપાલિકા અને મહાનગરપાલિકઓની અંદર પ્રમાણિકતા અને પારદર્શકતા આપે એ પ્રકારે ઈ-ગવર્નન્સ યોજના દાખલ કરવામાં આવી. ડબલ એન્ટ્રી એકાઉન્ટ બેઈઝ સિસ્ટમ દ્વારા વહીવટી પારદર્શકતા ઊભી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. કામની ગુણવત્તા માટે થયેલ થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનની સિસ્ટમ દાખલ કરવાનો નિર્ણય કર્યો. દેશમાં શ્રેષ્ઠ કહી શકાય તે પ્રકારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની પ્રક્રિયા આ સુધારણામાં દાખલ કરવામાં આવી. જે વિપક્ષોએ વોક આઉટ કર્યો છે, એમની સાથી સરકાર કેન્દ્રમાં બેઠેલી છે. જે પ્રકારે આ રાજ્યે શહેરી વિકાસ વર્ષ દરમ્યાન શહેરોના વિકાસ માટેની પ્રક્રિયા કયા પ્રકારની હોવી જોઈએ એ દિશા અને દ્રષ્ટિ સમગ્ર દેશને આપી છે. વહીવટી સુધારણા માટેની જે પ્રકારની પ્રક્રિયા ગુજરાત સરકારે હાથ ધરેલી છે, આજે પણ એવા સુધારાઓ આવી રહ્યા છે, જેના માટે કેન્દ્ર દેશના સમગ્ર રાજ્યો પાસે અપેક્ષા રાખી રહ્યું છે કે આ પ્રકારે વહીવટી સુધારણા લાવવી જોઈએ.

* વિધેયક તા. ૧૫મી ફેબ્રુઆરી ૨૦૦૭ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાત કહેતાં આનંદ છે કે અને વિપક્ષના મિત્રો આજે હોત તો એમને પણ સ્વીકારવું પડે, કેન્દ્ર સરકારે પણ સ્વીકારવું પડે. સમગ્ર દેશમાં ઐતિહાસિક પહેલું પગલું આજે ગુજરાતની આ વિધાનસભામાં આ સન્માનનીય ગૃહ સમક્ષ ભરી રહી છે. આ પ્રકારનો નગરપાલિકાઓની અંદર કારપેટ એરિયા બેઈઝ પ્રોપર્ટી ટેક્સ તમામ નગરપાલિકાઓમાં લાગુ પડે તે પ્રકારની કાર્યવાહી હાથ ધરી રહ્યા છીએ. મિલકત વેરો વસૂલવા માટે હાલ મિલકતની ભાડા કિંમત નક્કી કરી તેની ઉપર વેરો લાવવાની જોગવાઈ નગરપાલિકાઓમાં છે. મિલકતનું ભાડુ અને કિંમત નક્કી કરવા માટે કોઈપણ નગરપાલિકામાં એક સામાન્ય દર અત્યારે રહ્યો નથી. ધોરણો પણ એક સરખા રહેલા નથી. નગરપાલિકાઓ દ્વારા નક્કી કરવામાં આવતી ભાડા કિંમત અંગે પણ અસમાનતા ઉભી થાય છે, અસ્પષ્ટતા ઉભી થાય છે અને એટલા માટે રાજય સરકારે મહાનગરપાલિકાઓમાં જે રીતે સફળતાપૂર્વક પ્રયોગ કર્યો તેના પછી નગરપાલિકાઓમાં આ જ દિશામાં પગલાં લેવા માટે આ સન્માનનીય ગૃહ સમક્ષ આ વિધેયક લાવ્યા છીએ. આ સન્માનનીય ગૃહ આ વિધેયક પાસ કરે ત્યારે ગુજરાત દેશનું પહેલું એવું રાજય બનશે કે જ્યાં તમામ શહેરી સ્વાયત્ત સંસ્થાઓની અંદર કારપેટ એરિયા બેઈઝ પ્રોપર્ટી ટેક્સ લાગુ પડશે. આ સુધારાથી વિપક્ષના મિત્રો મહાનગરપાલિકાનું બિલ લાવ્યા ત્યારે કહેતા હતા કે ટેક્સમાં વધારો થશે, બાકીની સ્થિતિ ઉભી થશે. ગરીબોને અન્યાય થશે. મારે આ સન્માનનીય ગૃહના સભ્યોને એ વાત યાદ કરાવવી છે અને એ વાત ધ્યાને મૂકવી છે કે આ વહિવટી સુધારણાની એક પ્રક્રિયા છે. વહિવટી સુધારણાની પ્રક્રિયા દ્વારા કોઈપણ નગરપાલિકાની કોઈપણ વ્યકિતના ટેક્સમાં વધારો થવાનો નથી. ફક્ત વહિવટી પ્રક્રિયાના સુધારાના કારણે અનેક પ્રકારની જે નાની નાની મુશ્કેલીઓ છે તે મુશ્કેલીઓનું નિવારણ આવશે અને વહિવટી સરળતા વધવાની છે. પ્રમાણિકતા વધવાની છે અને તેવા સ્વરૂપમાં આ સુધારાથી મિલકત વેરો જે અલગ અલગ પ્રકારે અત્યાર સુધી ભાડા કિંમત ઉપર લેવાતો હતો તેના બદલે મિલકતના ક્ષેત્રફળનો વિચાર કરીને, મિલકતના વપરાશનો પ્રકાર નક્કી કરીને, કોમર્શિયલ પ્રકાર છે કે રેસિડેન્સીયલ પ્રકાર છે, કયા પ્રકારનો ઈન્ડસ્ટ્રીયલ યુઝ કરે છે, મિલકતની લોકાલિટી કયા પ્રકારની છે, કયા વિસ્તારમાં મિલકત રહેલી છે તેના આધારે જે પ્રકારે વ્યવસ્થા ઉભી કરી શકાય તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મિલકત નવી છે કે જૂની છે, પાંચ વર્ષની છે કે ૫૦ વર્ષ પહેલાંની મિલકત છે આવી અનેક બાબતો ધ્યાને લઈ આ મિલકત વેરો નક્કી કરવામાં આવશે અને તેના કારણે કોઈપણ વ્યકિત પોતાની મિલકત કેટલા વારની છે, કેટલું ક્ષેત્રફળ છે, કેટલા વારનો પ્લોટ છે તેના પેરામીટર્સ નક્કી કરવામાં આવશે અને તેમાં વ્યકિત જાતે જ વેરો ગણી શકશે. તે પ્રકારની વ્યવસ્થા આ બિલમાં આવવાની છે. નગરપાલિકાઓની આવકમાં ચોક્કસ વધારો થશે. વધારો એટલા માટે થશે કે વેરાની આકારણી પ્રત્યે વિશ્વાસ વધવાને કારણે જે રિકવરી પર્સન્ટેજ રહેલા છે તે રિકવરીમાં ખૂબ મોટો વધારો થશે. વેરાઓ ઝડપથી પ્રાપ્ત થશે. ઝડપથી વેરાઓ પ્રાપ્ત થવાને કારણે કામો ઝડપથી હાથ ધરી શકાશે. કોર્ટ કે બાકીની પ્રક્રિયાના વિવાદો ઘટવાના કારણે નગરપાલિકાઓને ચોક્કસ ફાયદો થશે. આ પ્રકારની એક વહિવટી પ્રક્રિયા આજે લઈ આવવાનું બન્યું છે. જે પ્રકારની કારપેટ એરિયા બેઈઝ પદ્ધતિ દાખલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સન્માનનીય ગૃહના સભ્યોને હું એ વાત જણાવવા માગું છું કે શહેરી ગરીબો માટે આ દેશની પહેલી સરકાર છે અને નાણા મંત્રીશ્રીએ તેમના બજેટ પ્રવચનમાં આ પ્રકારનો ઉલ્લેખ કર્યો હતો કે દેશમાં પહેલું એવું ગુજરાત રાજય છે કે જયાં અર્બન પુઅર માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજય સરકારે નિર્ણય કર્યો છે કે રાજય સરકારની જે જે ગ્રાન્ટો નગરપાલિકા અને મહાનગરપાલિકઓમાંથી પ્રાપ્ત થતી હોય અને નગરપાલિકા અને મહાનગરપાલિકા પોતાના સ્વ ભંડોળનો જે જે પ્રકારનો ઉપયોગ કરતી હોય તે તમામ ભંડોળમાંથી ૨૦ ટકા રકમ આપણે અર્બન પુઅર, શહેરી ગરીબો માટે વાપરવાના છીએ. ફકતને ફકત આ દેશમાં એક આ ગુજરાતની આ સરકારે આ નિર્ણય કર્યો છે. તે બતાવે છે કે ગરીબો માટેની, વંચિતોના વિકાસ માટેની અમારી પ્રતિબદ્ધતા, અમારી કટિબદ્ધતા એક અલગ સ્વરૂપમાં રહેલી છે. આવા સ્વરૂપમાં આ બિલમાં આ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે કે ૨૫ ચો.મી.નો પ્લોટ નગરપાલિકા કે મહાનગરપાલિકામાં જે લોકો ઝૂંપડામાં રહે છે કે ચાલીઓમાં રહે છે અથવા નગરપાલિકા, મહાનગરપાલિકામાં ૨૫ ચો.મી.ના પ્લોટની અંદર બાંધકામ માટેની વ્યવસ્થા ઉભી કરી છે. તેમના બાકીના વેરા સાથે ગણવાને બદલે ૨૫ ચો.મી. અને ૪૦ ચો.મી.થી નીચેના માટે નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં જે કંઈ પ્રકારની છૂટ મૂકવી હોય તે છૂટ મૂકવા માટેની વ્યવસ્થા આ બિલમાં કરવામાં આવી છે. જેના કારણે નાના લોકોને, ગરીબવર્ગના લોકોને, ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને સ્લમ વિસ્તારમાં રહેતા લોકોને પણ આનાથી લાભ પ્રાપ્ત થશે. આના કારણે નગરપાલિકાઓની આર્થિક સક્ષમતામાં વધારો થવાનો છે, એક દાખલો આપું કે આ બિલ આવ્યું એ પહેલાં ગુજરાતની ચાર નગરપાલિકાઓ એવી છે કે જેમણે આગોતરા આયોજન સાથે આ પ્રકારની કાર્યવાહી કરી છે, એક ઉપલેટા નગરપાલિકા, બીજી ધરમપુર નગરપાલિકા, ત્રીજી રાજુલા નગરપાલિકા અને ચોથી ભાયાવદર નગરપાલિકા, એમણે ફેરફાર કર્યો કે જે પ્રમાણે ભાડાની કિંમત આકારવામાં આવે છે, કાયદામાં સુધારો નહોતો થયો એટલે એમણે સ્થાનિક એની ગૂંચોમાંથી રસ્તો કાઢીને લોકોને સમજાવીને કારપૅટ એરિયા બેજની ગણતરી કરીને પછી ભાડાની પદ્ધતિને અમલવારી શરૂ કરી. આંશિક રીતે આમાં થોડોક સુધારો કર્યો પણ બધી જ નગરપાલિકાઓમાં એવરેજ વીસ ટકાથી વધારે વેરાની વસૂલાત પ્રાપ્ત થઈ રહી છે એની સાથોસાથ ઉપલેટા જેવી નગરપાલિકામાં વર્ષે જે કોઈ કોર્ટ કેસ થતા હતા, કોઈએ મિલકતની આકારણી ઊંચી કરી હોય તો લોકો કોર્ટનો

આશરો લે એવા સ્વરૂપમાં ૨૫ ટકા કેસોનો ઘટાડો થયો છે , અને ધરમપુરમાં તો નીલ કેસ થયા છે આ આકારણી પછી અને એ જ પ્રમાણે રાજુલામાં પણ નીલ કેસ થયા છે, એક પણ કેસ થયેલ નથી. એ બતાવે છે કે આ પ્રક્રિયા માટે લોકોની અલગ પ્રકારની વિશ્વસનીયતા રહેલી છે એ ધ્યાને રાખીને આ પ્રકારની પદ્ધતિ દ્વારા યોગ્ય સ્વરૂપ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આની પૂર્વ તૈયારી રૂપે ૧૪૧ નગરપાલિકાઓમાં મિલકતોની સરવેની કામગીરી આપણે હાથ ધરેલી છે શહેરી વિકાસ વર્ષ દ્વારા અને આના માટે ગુજરાત ફાઈનાન્સ બોર્ડ દ્વારા એક નોડલ એજન્સી નક્કી કરીને એ નોડલ એજન્સીને કાર્યવાહી સોંપવામાં આવી છે ૧૦૮ જેટલી નગરપાલિકાઓમાં સરવેની કામગીરી પૂર્ણ કરવાની પ્રક્રિયામાં અમે જઈ રહ્યા છીએ. નગરપાલિકા ઉપર આ સરવે માટે કોઈપણ પ્રકારનું બર્ડન આપવામાં આવ્યું નથી. સાડા ત્રણ કરોડ જેટલી રકમ એમને અર્બન રિફોર્મ ઈન્સેન્ટીવ ફંડમાંથી રાજય દ્વારા ત્યાં મોકલવામાં આવી છે અને સહાય પૂરી પાડવામાં આવી છે એની સાથે સાથે ટેક્નીકલ માર્ગદર્શન, તાંત્રિક સહાય જોઈએ તો પણ આપવામાં આવી છે. હવે જે નવી ૩૧ નગરપાલિકાઓ બની ગઈ છે એમાં પણ આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને કારણ એટલું જ છે કે આગોતરા આયોજન દ્વારા આ સન્માનનીય ગૃહ જ્યારે પણ આ કાયદાને મંજૂર રાખે ત્યારે આપણે ખૂબ ઝડપથી એક વહીવટી સુધારણાની પ્રક્રિયામાં જે સમગ્ર દેશ આ દિશામાં જવાનું ઇચ્છી રહ્યો છે એ પ્રકારની પ્રક્રિયામાં આપણે જઈ શકીશું, આગામી દિવસોમાં નગરપાલિકાઓની અંદર આ પ્રકારના આર્થિક સુધારાઓ દ્વારા આ પ્રકારના વહીવટી સુધારાઓ દ્વારા આ પ્રકારની કાર્યવાહી દ્વારા વધારેને વધારે સક્ષમતાની સાથે લોકવિકાસના કામો હાથ ધરી શકાય એના માટે એક સુધારો લઈને અહીંયાં સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છીએ ત્યારે હું ઇચ્છીશ કે આ સન્માનનીય સભાગૃહના માનનીય ધારાસભ્યશ્રીઓ આ સુધારો મંજૂર કરે.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ કલમ ૯૯થી રાજયની નગરપાલિકાઓને નગરપાલિકા વિસ્તારમાંથી જુદા જુદા પ્રકારના વેરાઓ લેવાની સત્તા જે આપેલી છે એમાં ખાસ કરીને મિલકત વેરાનો જે સમાવેશ થાય છે તેની જોગવાઈઓ મુજબ આ મિલકત વેરો વિસ્તારમાં આવેલી જમીનો અને મકાનો ઉપર મકાનની વાર્ષિક ભાડા કિંમત કે મકાનની મૂળ કિંમત કે મૂળ કિંમતની ટકાવારી મુજબ લઈ શકાય છે તેમાં સુધારો કરીને જે માનનીય મંત્રીશ્રી સુધારો લાવ્યા છે કે જે ક્ષેત્રફળના આધારે, સાહેબ, આ જે વિધેયક માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે, આ ઐતિહાસિક નિર્ણય છે. આવા ઐતિહાસિક નિર્ણયોથી ગુજરાતે કાયમ માટે દેશમાં દિશા આપી છે, હજુ તો દેશમાં આ વિચાર થાય એ પહેલાં તો ગુજરાતમાં એના અમલીકરણની દિશામાં આગળ વધ્યા છીએ, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાહેબ, it is due to irregularities created by the Congress , કારણ કે અલગ અલગ પ્રકારના આના કારણે જે અલગ અલગ નગરપાલિકાઓમાં ભેદભાવ ઊભા થતા હતા, કોઈ નગરપાલિકા પોતાની રીતે વેરો નક્કી કરે, બીજી નગરપાલિકા એની રીતે નક્કી કરે, સાહેબ , નગરપાલિકા નહી આના તો અનુભવ એવા થયા છે કે એક દુકાન એક જગ્યાએ હોય એનો વેરો વધારે હોય અને એની બાજુમાં જ આવેલી બીજી દુકાનનો વેરો ઓછો હોય કારણ કે it is due to discrimination. આ બધુ કોંગ્રેસે ઊભું કરેલું છે. It is due to corruption આ બધા જ problems કોંગ્રેસે ઊભા કર્યા હતા. એનું આ ઈન્જેકશન છે. એ પ્રમાણેની પરિસ્થિતિનું નિમાર્ણ થયું છે, સાચા અર્થમાં કહું તો આ પારદર્શકતા ઉભી કરવા માટેની કોશીશ થઈ છે. આપણે શહેરોના અનુભવ જોઈએ તો કેટલા બધા લાખો કેસો થયા છે એનાથી આગળ વધીને કહું તો સામાન્ય સંજોગોમાં સમાજ સેવાના નામે કેટલાક આગેવાનો, કેટલાક અધિકારી મિત્રો આ બધાની સાંઠગાઠ ભેગી થઈને વેરાની આકારણી થાય એ આકારણીના આધારે ટેકસ નકકી થાય. જેના પૈસા આપવામાં આવે એનો વેરો ઓછો થાય અને જેના પૈસા ન આપવામાં આવે એનો વેરો વધારવામાં આવે. આ બધી જે વિષમતા ઉભી થાય એનું આ બિલથી મોટું સોલ્યુશન આવવાનું છે અને એનાથી સાચા અર્થમાં પારદર્શકતા આવશે. શરૂઆતમાં કોંગ્રેસે એવો પ્રચાર કર્યો કે આનાથી વેરો વધશે. આનાથી વેરો વધવાના બદલે સામાન્ય સંજોગોમાં નગરપાલિકાઓનો વિકાસ થવાનો છે. અત્યાર સુધી નગરપાલિકા વેરો લેવાની બાબતમાં ઝગડો કરતી હતી, કોર્ટમાં જતી હતી, સમાધાન થતા હતા. આજે પણ અનેક નગરપાલિકાઓના વેરાના સંદર્ભમાં, મહાનગરપાલિકાના વેરાના સંદર્ભમાં કોર્ટમાં કેસો પન્ડીંગ છે એના કારણે સરકારને આવક થતી નથી. હું તો માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે આજે જે પરિસ્થિતિમાં નગરપાલિકાના વેરાના કેસો પેન્ડીંગ હોય એનું સોલ્યુશન જયારે આવે ત્યારે પરંતુ આવતી કાલથી જયારથી આનો અમલ થાય ત્યારથી જ ક્ષેત્રફળ આધારિત એનો વેરો નકકી કરીને એ પ્રમાણે દાખલા તરીકે કોમર્શીયલ હોય તો એ પ્રમાણે અને રેસિડેન્શીયલ હોય તો એ પ્રમાણે એ બન્ને રીતે નકકી કરીને એની અમલવારી થાય જેથી કરીને નગરપાલિકાઓનો વિકાસ થાય. આજે તો નગરપાલિકાઓમાં બને છે એવું કે નીચેની દુકાનના સંદર્ભમાં નિર્ણય જુદો થાય, ઉપરની દુકાનના સંદર્ભમાં નિર્ણય જુદો થાય, બાજુની દુકાનના સંદર્ભમાં નિર્ણય જુદો થાય એવા અનેક અનુભવો આપણે જોયા છે. આજે આ પારદર્શકતાનો નિર્ણય લેવાયો છે એનાથી સાચા અર્થમાં હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫ના વર્ષને આપણે શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું, અને આજે જે પ્રમાણે ગૌરવપથ, વિકાસપથ વગેરેમાં અનેક વિકાસના કામો નગરપાલિકાઓના સંદર્ભમાં થયા છે એનું આપણે બધા ગૌરવ

લઈએ છીએ. અત્યાર સુધીમાં નગરપાલિકાઓના વિકાસના સંદર્ભમાં વિચાર થયો હતો? આ એક ભારતીય જનતા પાર્ટીની સરકાર એવી છે કે જેણે ગામડાંઓથી શરૂ કરીને નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓમાં અનેક વિકાસના કામો આપણી વચ્ચે મૂકયા છે. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એમાં બહું સમય નહીં લઉ કેમ કે એમાં કોઈ પોલિટિકલ ઓબ્ઝર્વેશન તો કરવાના છે નહીં, પરંતુ આ વિધેયક સ્વયં સ્પષ્ટ છે અને વિધેયક એમ કહે છે કે આનાથી આપણા સમાજમાં અને નગરપાલિકાઓમાં પારદર્શકતા આવશે અને નગરપાલિકાઓનો ચોક્કસ વિકાસ થશે. એનાથી વિશેષ ખાસ કરીને ગરીબ માણસોની ચિંતા કરીને ઝૂંપડપટ્ટી વિસ્તારો અને નાના નાના પ્લોટોમાં રહેતા ભાઈઓની ચિંતા કરીને એના અંગેની વિશેષ વાત ઉમેરવામાં આવી છે એ બદલ પણ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું અને માનનીય મંત્રીશ્રી જે આ વિધેયક લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપુ છું.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક ક્રમાંક-ર લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૬૩મા કલમ ૯૯ હેઠળ રાજયની નગરપાલિકાઓને જુદા જુદા વિસ્તારોમાં વેરો લેવાની સત્તા મળેલી છે અને એના આધારે મિલકત વેરો લેવામાં આવે છે. હાલ મિલકત વેરાની આકારણી મકાનની વાર્ષિક ભાડા કિંમત અગર એની મૂડી કિંમતની ટકાવારી મુજબ લેવામાં આવે છે એના કારણે જુદી જુદી નગરપાલિકાઓમાં ઈવન નજીક નજીકની નગરપાલિકાઓમાં એક નગરપાલિકામાં જુદો દર લેતા હોય અને બીજીમાં જુદો દર ચાલતો હોય એના કારણે માનનીય મંત્રીશ્રીએ વાત કરી એમ આ વહીવટી રીફોર્મ્સ, વહીવટી સુધારણા જે વિધેયકની કલમ ૯૯ (ક) નવી ઉમેરાતા એના કારણે કાર્પેટ એરિયા મુજબ ટેકસ વસૂલ કરવાની સત્તા મળે છે. આને કારણે એકસુત્રતા જળવાશે અને હમણાં વાત કરી એ મુજબ નગરપાલિકા સ્વાયત સંસ્થા છે એને આર્થિક સધ્ધરતા મળશે અને એની સાથે સાથે ભૂતકાળમાં જે પધ્ધતિ આધારે વેરો ઉઘરાવવામાં આવતો હતો. એમાં અનેક લિટિગેશનો થતાં હતા, એના કારણે નગરપાલિકાઓને વસૂલાત નહોતી મળતી અથવા તો મોડેથી મળતી હતી અથવા તો નબળી વસૂલાત થતી હતી એ વસૂલાત આ નવી પદ્ધતિના કારણે એકવાક્યતા જળવાશે, એમાં પારદર્શકતા આવશે અને એના કારણે આવી નગરપાલિકાઓ કે જે એક સ્વાયત્ત સંસ્થા છે એનું જે બંધારણીય અંગ છે એ રીતે એની આર્થિક સ્વનિર્ભરતા અને સાચા અર્થમાં એના નગરના વિકાસમાં એક ખૂબ મહત્ત્વનું યોગદાન આ નવી પદ્ધતિના કારણે મળી રહેશે. નગરપાલિકાઓની જે જૂની પદ્ધતિ છે એ રદ કરીને ક્ષેત્રફળ આધારિત નવા વેરા વસૂલ કરવાની જે પદ્ધતિ અમલમાં આવનાર છે, આ વિધેયકથી એને હું આવકારું છું. સાથે સાથે ગુજરાત સરકારે જે સન ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી કરીને સમગ્ર દેશમાં આવી સ્થાનિક સંસ્થાઓને એક માર્ગદર્શન અને આર્થિક મદદ પૂરી પાડી છે. એ સમગ્ર દેશ માટે એક દાખલારૂપ છે અને સમગ્ર દેશે એની નોંધ લીધી છે. આવા સુધારા લાવીને નગરપાલિકા વિસ્તાર, વરસોથી જે નગરપાલિકાઓ હતી એ જે ચીલાચાલુ છેલ્લે ૨૦૦૫ના વર્ષમાં શહેરી વિકાસ વર્ષ તરીકે રાજય સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોથી એક નવી દિશા મળી છે. એક નવો ઉત્સાહ જાગ્યો છે એક નવી ચેતના જાગી છે એના કારણે સમગ્ર નગરપાલિકા વિસ્તારમાં દેખીતી રીતે ફેરફાર જે આપણને જોવા મળે છે એની શહેરીજનો અને લોકો નોંધ લેશે. આવી એક સારી યોજના છે એની જે સિદ્ધિ છે એને હું બિરદાવુ છું. માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અને ગુજરાત સરકારને પણ અભિનંદન આપું છું કે આ કામગીરી કરીને એમણે એક એવી સફળતા મેળવી છે કે જેને કારણે એક નોંધપાત્ર ફેરફાર શહેરી વિસ્તારમાં આવી રહેલ છે તેથી આ બિલને હું મારું સમર્થન આપું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨, સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે લઈને આવ્યા છે એના સંદર્ભમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

સભાપતિ શ્રી દોલતભાઈ દેસાઈ અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના વક્તવ્યની અંદર એમના પહેલા વાચનની અંદર બિલ અંગેની જે સ્પષ્ટતાઓ ગૃહ સમક્ષ મૂકી છે એનાથી સ્વયં સ્પષ્ટ થઈ જાય છે કે આ બિલની અગત્યતા, બિલની મહત્વતા કયા પ્રકારની છે. હું પણ એક શહેરી વિસ્તારની અંદર રહેવાવાળો માણસ છું. ભલે નાનું નગર હોય પણ જ્યારે અત્યારે અલગ અલગ પ્રકારની આકારણીની પદ્ધતિ હતી અને અલગ અલગ પ્રકારે વેરા લેવાની પદ્ધતિના કારણે અમારી પાસે અનેક રજૂઆતો આવતી હતી કે મારું મકાન ફલાણા, ઢીકણા ભાઈ કરતાં ઘણું નાનું હોવા છતાં મારા વેરાની આકારણી નગરપાલિકાએ વધારીને કરી આપી છે. આવા દાખલા નગર પંચાયત, નગરપાલિકા માટે અમારી સમક્ષ આવતા હોય છે. સરકારે મુંબઇ મ્યુનિસિપલ કૉર્પોરેશન એકટ ૪૯નો સુધારો કરીને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની અંદર જે સુધારો દાખલ કર્યો એ સુધારાના કારણે આવી વિસંગતતાઓ દૂર થઈ, મહાનગરપાલિકાઓની અંદર આવકમાં પણ વધારો થયો. કોર્ટ કચેરીઓની અંદર જે કામકાજો હતા એ કામકાજોની અંદર પણ ગીરાવટ આવી આનાથી પ્રેરણા લઈને ગુજરાત સરકારે મ્યુનિસિપાલિટી એકટની અંદર

પણ કારપેટ એરિયા આધારિત કર દાખલ કરવાનું પગલું લઈને એક આવકાર્ય કદમ લીધું છે. યોગ્ય દિશાનો નિર્ણય લીધો છે હું આ નિર્ણયને આવકારું છું. સાથોસાથ મારે એ પણ કહેવું છે કે ગુજરાત સરકાર જ્યારે આ દિશામાં એક કદમ આગળ વધીને નિર્ણય લઈ ચૂકી છે ત્યારે જે લોકો વોકઆઉટ કરીને ચાલ્યા ગયા છે તેમની સરકારે કેન્દ્રની અંદર ગુજરાતનું અનુકરણ કરીને, ગુજરાતના પગલે ચાલીને જવાહરલાલ નહેરૂ અર્બન ડેવલપમેન્ટ મિશન શરૂ કર્યુ છે. ગુજરાતમાં માનનીય શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ નીચેની આ સરકારે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ ઉજવીને સમગ્ર દેશને એક નવી દિશા બતાવી છે. વિકાસ વર્ષ નિમિત્તે શહેરોની આંતર માળખાકીય સુવિધાઓ કયા પ્રકારની હોવી જોઈએ તેની એક દિશા, વિઝન આખા દેશને પૂરું પાડયું છે કે જેની પ્રેરણા લઈને ભારત સરકારે પણ આ અર્બન ડેવલપમેન્ટ મિશનની શરૂઆત કરી છે. હું મારા વિસ્તારની વાત કરીશ. હું જે મત ક્ષેત્રનું પ્રતિનિધિત્વ આ ગૃહની અંદર કરું છું તે કેશોદ નગરપાલિકાની અંદર શહેરી વિકાસ ૨૦૦૫ દરમિયાન એક સાથે એક સામટા ૯ કરોડ રૂપિયાના કામો સંપન્ન થયા. આ કોઈ જેવી તેવી સિદ્ધિ નથી. ગુજરાતની ૧૪૯ જેટલી નગરપાલિકાઓની અંદર આ શહેરી વિકાસ વર્ષ નિમિત્તે આવા કરોડો રૂપિયાના કામો સંપન્ન થયા.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

એટલું જ નહીં પણ બીજી ૬૦ જેટલી નગરપાલિકાઓ નવી બની. તે ૬૦ જેટલી નગરપાલિકાઓનો પણ ગુજરાત સરકારે આંતર માળખાકીય વિકાસ કરવા માટે એક અલગ પ્રકારની ગ્રાન્ટો આપી જેના કારણે શહેરોનો વિકાસ થવા પામ્યો છે. હું ગુજરાત સરકારને અભિનંદન વિશેષમાં એટલા માટે આપીશ કે દલિતો, પછાતો, વંચિતોના વિકાસને વરેલી આ સરકારે આ બિલની અંદર પણ કારપેટ એરિયાની અંદર અત્યાર સુધી શહેરી ગરીબો માટે ૨૫ ચો.મીટરથી વધારે કોઈને ઝૂંપડા માટે જમીન આપી નથી. પરંતુ આ બિલની અંદર તેની ચિંતા કરીને ૨૫ ચો.મીટર નહીં પણ ૪૦ ચો.મીટર સુધીના કારપેટ એરિયા ધરાવતા ઝૂંપડાઓને, મકાનોને કે ચાલીને પણ એક અલગ પ્રકારે નિર્ણય કરીને તે આ કર માળખામાંથી તેને સવલતો આપવા માટેનો પણ સરકારે વિચાર કર્યો છે ત્યારે હું તેને આવકારું છું. ગુજરાતના પગલે ચાલીને દિલ્હી, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા બીજા રાજયો પણ તેની અભ્યાસ ટીમો ગુજરાતની અંદર મોકલે ત્યારે આ બિલના કારણે કરની જે વિસંગતતાઓ છે તે દૂર થશે. એકસરખી આકારણી થશે. અસમાનતાનું નિવારણ થશે. કોર્ટ કચેરીમાં જતાં લોકોને જે સમયનો વ્યય થાય છે તે વ્યયમાં બચત થશે. આટલું જ નહીં પણ નગરપાલિકાઓની અંદર જે કર્મચારીઓને જે લમણાંઝીંક કરવી પડતી હોય છે અને સમય-શકિતનો વ્યય થતો હોય છે તે પણ આને કારણે બચવાનો છે. સિદ્ધિઓની વાત જ્યારે આપણે કરીએ છીએ ત્યારે ગુજરાત સરકાર સમગ્ર શહેરો ૧૪૯ મધ્યમ કક્ષાના શહેરો, ૭ કોર્પોરેશનો અને ૬૦ જેટલી નાની નગરપંચાયત ગૃહોના વિકાસ માટેનું કામ કર્યુ છે. ભારત અર્બન ડેવલપમેન્ટ મિશન માટે સમગ્ર વિસ્તારની અંદર ૬૩ શહેરોનો વિકાસ કરવાની વાત કરવા જઈ રહી છે જ્યારે અહીંયાથી વોકઆઉટ કરીને જતાં રહેલાં મિત્રોને એ નોંધ લેવાનું પણ સૂઝતું નથી કે સમગ્ર ભારતની ૬૩ શહેરોનો વિકાસ કરવાની યોજના દાખલ કરે. નહેરૂ અર્બન ડેવલપમેન્ટ મિશનના માધ્યમથી જ્યારે ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જે રાજયની અંદર સમગ્ર શહેરોનો વિકાસ કરવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ વાપરીને શહેરોનો વિકાસ કરવા માટેનું મિશન આ સરકારે હાથ ધર્યુ. આવા સંજોગોની અંદર આવી સારી મજાની પહેલ કરવા માટે, શહેરોના વિકાસની દિશાની અંદર જે આ કદમ માનનીય મંત્રીશ્રીએ ઉઠાવ્યું છે તેને માટે તેમને હું અભિનંદન આપું છું અને આ બિલને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું. અસ્તું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી સન ૨૦૦૭ નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા વિસ્તારમાં પહેલાં જે પરિસ્થિતિ હતી, વેરાઓનાં જે ધારાધોરણ હતાં અને જે હાલની જોગવાઈઓ પ્રમાણે મિલકતવેરો, એ વિસ્તારની જમીનો, મકાનોના વેરાની વાર્ષિક આવક, ભાડાની કિંમત કે મકાનોની મૂડી કિંમત કે મૂડી કિંમતની ટકાવારી મુજબ લઈ શકે, આવી અલગ અલગ પધ્ધતિઓ હોવાને કારણે નગરપાલિકા વિસ્તારમાં મિલકતવેરો વસૂલ લેવાના બાબતે એકસૂત્રતા અને એકરૂપતા જોવા મળતી નહોતી એના લીધે નગરપાલિકાના વેરાની વસૂલાત પણ થઈ શકતી નહોતી. આજે બે નગરપાલિકાઓ બાજુબાજુમાં હોય તો બન્નેમાં વેરાઓનું ધારાધોરણ અલગ અલગ રહેતું હતું, દા.ત. મારી હાલોલ કે કાલોલ નગરપાલિકા હોય એ બન્નેમાં વેરો ઓછોવત્તો હોય, વેરાઓમાં એકસમાનતા ના હોય અને એના લીધે મિલકતની આકારણી પધ્ધતિ માટે માનનીય મંત્રીશ્રી જે નગરપાલિકા સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં દર્શાવાયા મુજબ જમીન અને મિલકતના ક્ષેત્રફળના આધારે અને તેમાં ખાસ કરીને મહાનગરપાલિકાઓ માટેની બાબતમાં ભૂતકાળમાં એમણે જે સુધારો કર્યો હતો એ પ્રમાણે જે સુધારો કર્યો એ જ પ્રમાણે નગરપાલિકાઓમાં પણ એનો અમલ કરવામાં આવ્યો છે. એના માટે માનનીય મંત્રીશ્રીને જેટલા પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓની પરિસ્થિતિ પહેલાં એવી હતી કે એમના વેરાઓમાં અસમાનતા હોવાને લીધે અને વેરો વસૂલાત ના થવાને કારણે નગરપાલિકાઓમાં પ્રાથમિક સુવિધાઓ પણ પૂરતા પ્રમાણમાં આપવામાં આવતી નહોતી અને લાઈટ બિલ પણ ભરી શકતી નહોતી અને આના લીધે ઘણી નગરપાલિકાઓમાં

સ્ટ્રીટ લાઈટ કનેકશન પણ કપાઈ જતાં હતાં અને આવી અનેક મુશ્કેલીઓ નગરપાલિકાઓને સહન કરવી પડતી હતી. આજે આ જે નવી પધ્ધતિનો અમલ આપણી સરકાર કરવા માગે છે આનાથી ખરેખર સમગ્ર ગુજરાતનો વિકાસ થશે, દરેક નગરપાલિકાને જે વેરાઓ મળશે એમાંથી નગરપાલિકાનો વિકાસ એ કરી શકશે. અત્યારસુધી વેરો ઓછો મળતો હતો, પરંતુ આપણી સરકાર જેમ ગુજરાતમાં શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ માં આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય શહેરી વિકાસ મંત્રીશ્રી એ ઘણી ગ્રાન્ટ નગરપાલિકાઓને આપી, ગૌરવ પથ યોજનાઓ હેઠળ રસ્તાઓ આપ્યા, અમૃતધારા યોજના હેઠળ પીવાના પાણીની યોજનાઓનો લાભ આપ્યો. આ રીતે વિકાસનાં કામો સરકારી ગ્રાન્ટમાંથી કર્યા અને હવે આ વેરાઓની સમાનતા હોવાને કારણે વેરાની વસૂલાતમાં સરળતા હોવાને કારણે નગરપાલિકાઓ પોતે પોતાનાં વિકાસ કામો નગરપાલિકા વિસ્તારમાં કરી શકશે. ગુજરાતનાં ગામડાંઓ અને શહેરોનો વિકાસ અને દરેક ક્ષેત્રમાં આધુનિકરણ થયેલ છે અને તેનો શ્રેય કોઈને જતો હોય તો આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહબને જાય છે, એટલું જ નહીં, પરંતુ નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશને એક નવો રાહ ચિંધ્યો છે. જેમ કે જયોતિગ્રામ યોજના, રેકર્ડ ઓફ રાઈટનું કોમ્પ્યુટરાઈઝેશન, ઓરાગ્ય ક્ષેત્રે ચિરંજીવી યોજના, સુજલામ્ સુફલામ્ જળસિંચાઈ યોજના, સરદાર સરોવર યોજનાની ઝડપી કામગીરી, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ, ૨૦૦૭, ગુજરાત વાઈબ્રન્ટ આઈ.ટી.સમિટ, વાઈબ્રન્ટ ગુજરાત અરબન સમિટ, ૨૦૦૭, રસ્તાઓનું આધુનિકીકરણ, અને આનાથી જે વાયબ્રન્ટ ગંજરાત અરબન સમિટના લીધે લગભગ ૨૧ લાખ વ્યકિતઓને રોજગારીની તકો ઉભી થઈ છે. અન્ય રાજયોના પ્રતિનિધિઓ આપણા રાજયમાં આવીને આપણા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રીનું જે સ્વપ્ન ગુજરાતના વિકાસનું છે અને એમના માર્ગદર્શન હેઠળ જે ગુજરાતનો વિકાસ થઈ રહયો છે, એ જ રીતે અન્ય રાજયોની સરકારો પણ એ જ પથ ઉપર વિકાસની કેડી કંડારાય એના પ્રયત્નો કરી રહી છે અને કોંગ્રેસના લોકો કે જેમની સરકાર અન્ય રાજયોમાં છે તેમના પ્રતિનિધિઓ જયારે આપણા ગુજરાતમાં આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી પાસે સલાહ લેવા આવતા હોય, આપણા મુખ્યમંત્રીશ્રીએ યોજનાઓ બનાવી હોય એનો અભ્યાસ કરવા માટે બહારની કોંગ્રેસની સરકારના પ્રતિનિધિઓ આવતા હોય અને ત્યારે કોંગ્રેસના લોકો અહીં બેઠા છે તે વોક-આઉટ કરી જાય તે સમગ્ર ગુજરાત માટે દુ:ખદ લાગણી છે. આજે આપણે શહેરી વિકાસ મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તે એક ઐતિહાસિક બિલ છે. અને માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તે બિલ આગળ ઉપર સમગ્ર દેશના અન્ય રાજયોની સરકારો પણ તેનો અમલ કરવાની છે. કોંગ્રેસના જે લોકો વોક-આઉટ કરી ગયા છે તેમની સરકારો પણ આ બિલનો અમલ કરશે એમાં કોઈ બેમત નથી. હું શહેરી વિકાસ મંત્રીશ્રીને આ બિલ લાવવા બદલ અભિનંદન પાઠવું છું અને અનુમોદન આપું છું.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી આઈ. કે. જાડેજા સાહેબ ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક ૨૦૦૭ લઈને આવ્યા છે તેના સમર્થનમાં બોલવા માટે હું ઊભો થયો છું. જાડેજા સાહેબે જે વાત કરી તે પ્રમાણે ચોક્કસ આ એક રીફોર્મ્સ છે, અને જે પ્રકારે શહેરી વિકાસ વર્ષ અંતર્ગત ૨૦૦૫ના વર્ષમાં આ રાજય સરકારે ગુજરાતની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓનો વિકાસ કરવા માટે થઈને ૧૧૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખર્ચી છે અને જે પ્રકારે માળખાકીય સુવિધાઓ ગુજરાતના નગરોમાં ઊભી કરી છે તેના લીધે આજે ગુજરાતમાં એવા નગરો છે કે જે મહાનગરોની સાથે કોમ્પીટેશન કરવા માટેની દિશામાં આગળ વધી રહ્યા છે. વિકાસ પથ અને ગૌરવ પથ જેવી યોજનાઓએ નગરોને એક પ્રકારનું ગૌરવ અપાવ્યું છે અને શહેરમાં પ્રવેશતાની સાથે મહાનગરમાં ફરતા હોઈએ તેવી રીતે ડીવાઈડર, વચ્ચેની ભાગમાં વીજળીકરણ, અને એ પ્રકારના માર્ગો કે જે આપણે કયારેય જોયા નહોતા. તેવા પ્રકારની સ્થિતિ આજે ઊભી થઈ છે. અને ગુજરાતનું સામાજિક જીવન જ્યારે અપ થયું છે ત્યારે સમગ્ર દેશમાં ગુજરાત એક નંબરનું પ્રગતિશીલ રાજય બનવાની દિશામાં ઝડપભેર સમાજ જીવનના વિવિધ ક્ષેત્રે આગળ વધી રહ્યું છે ત્યારે છેલ્લા દોઢ-બે વર્ષમાં ગુજરાતમાં નગરપાલિકાઓ, મહાનગર પાલિકાઓની ચૂંટણીમાં આ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતને સંઘાઈ અને સિંગાપોર બને તે દિશામાં આગળ લઈ જવાની વાત કરી હતી તેવા સંજોગોમાં આ પારદર્શક સિસ્ટમ કે જેની અંતર્ગત કારપૅટ એરિયા આધારિત મિલકત વેરો લેવાની બાબત રાજય સરકાર કેટલી એડવાન્સ ચાલે છે તેનો પુરાવો છે. જાડેજા સાહેબે અગાઉ કહ્યું તે પ્રકારે કુલ ૪ જેટલી નગરપાલિકાઓમાં આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરી તેના પરિણામો જોવા માટેની જ્યારે વિચારણા કરવામાં આવી ત્યારે આપણને તેના પરિણામો જોવા મળ્યા છે. અને બે નગરપાલિકાઓએ આ પદ્ધતિ દાખલ કરવાને કારણે એક પણ પ્રકારના કોર્ટ કેસ થયા નથી. વર્ષોથી આપણે નગરમાં રહીએ છીએ ત્યારે આપણને ખબર છે કે આ મિલકત વેરાને કારણે નગરપાલિકા વિસ્તારોમાં નગરજનો અને નગરપાલિકાઓ વચ્ચે હજારોની સંખ્યામાં કોર્ટ કેસ થતાં હતાં અને આજે પણ પેન્ડિંગ છે. જેના કારણે વકીલોની પૅનલ બનાવવાની હોય અને ઠરાવ દીઠ રકમો ચૂકવવાની હોય, અને બીજી તરફ વિવાદ પુરા ન થાય એટલે નગરપાલિકાની આવકમાં પણ ઘટાડો થાય અને આ પરિસ્થિતિમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ભયંકર નબળી આર્થિક પરિસ્થિતિમાંથી પસાર થતી હોય છે તે આપણને બધાને ખબર છે. એટલે જે પ્રકારનું માળખું અને વ્યવસ્થા ઊભી થઈ છે અને સમાજમાં જે પ્રકારની વિકાસની ભૂખ ઊભી થઈ છે. સીધી ટેલિફોનીક ફરિયાદો કરવાની પણ હવે સમાજમાં એવી વ્યવસ્થાઓ અને આમ સમાજના લોકોનો એવો સ્વભાવ બન્યો છે ત્યારે

નગરપાલિકાના માળખાને પારદર્શક કરવું જ રહ્યું. આ આખી વ્યવસ્થા રાજય સરકારે લાખો અને કરોડો રૂપિયા ખર્ચીને નગરોમાં ઊભી કરી છે એના મરામત માટે આ વ્યવસ્થાને કાયમી જાળવી રાખવા માટે પણ આ દિશામાં આપણે આગળ વધવું જ રહ્યું. મને લાગે છે કે આ પહેલ ફકત ગુજરાત જ કરી શકે, બહારથી કદાચ કોઈ પણ એક નિર્ણયનો સામાન્ય લોકોમાં કયા પ્રકારનો મેસેજ જશે આવા હાઉથી ડરી જનારા કેટલાક રાજકીય પક્ષોના આગેવાનોએ આ વ્યવસ્થાને આ નિર્ણયને જીરવી ન શકવાને કારણે સમાજથી દૂર ભાગવાની વૃત્તિ ધરાવનારા પલાયનવાદી લોકો મને લાગે છે કે આવા ઐતિહાસિક નિર્ણયમાં આપણી સાથે ભાગીદાર ન બને પરંતુ ગુજરાતની જનતા આપણી પાસે અને આપણી પાસે જ મીટ માંડીને બેઠી છે અને આપણો પણ સંકલ્પ ગુજરાતને દેશમાં એક નંબરનું પ્રગતિશીલ રાજય બનાવવાની દિશામાં છે ત્યારે આપણે આ ઐતિહાસિક નિર્ણયમાં આપણે સૌ સાથે મળીને ગુજરાતના ભવિષ્ય માટે આ નિર્ણય છે, ગુજરાતમાં રહેતા લોકો માટેનો નિર્ણય છે, ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નગરપાલિકાઓને મજબૂત કરવા માટેનો નિર્ણય છે આ નિર્ણયને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક ઉપર પોતાના હકારાત્મક વિચારો રજૂ કર્યા છે. આગામી દિવસોમાં સમગ્ર દેશને માટે આજના સન્માનનીય ગૃહ જે પ્રક્રિયા કરી રહ્યું છે, દિશા બતાવીને, દૃષ્ટિ બતાવીને શાસન કરવું અને સુધારા સાથે સ્વીકાર કરીને હંમેશા સમાજને નવી ક્ષમતા અને તાકાત આપતું હોય છે અને ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ શહેરોના વિકાસ માટેનું એક અલગ પ્રકારનું સ્વપ્ન સેવેલું છે એની પૂર્તતા સાથે નાણાકીય વ્યવસ્થા, યોગ્ય કાયદાઓ અને સૌથી મોટી વાત સમાજનું જન ભાગીદારીનું જોડાણ કરીને નવી સમાજ વ્યવસ્થા ઊભી કરવી આ બધી પ્રક્રિયામાં છેલ્લા કેટલાક વરસોમાં ગુજરાતે શહેરી ક્ષેત્રમાં નવી તાકાત આપી અને લોકોએ શાસન ઉપર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. એવા સંદર્ભમાં આ ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક કાર્પેટ એરિયા બેઈઝડ પ્રોપર્ટી ટેકસના નવા માળખાની રચના સાથે આ ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે. હું ગૃહના સભ્યશ્રીઓનો આભાર માનીશ કે એમણે વિચારો વ્યકત કરીને આ વિધેયકને ટેકો આપ્યો છે. સાથે હું તેઓને વિનંતી કરીશ કે જે કંઈ અહીંયા વિધેયક રજૂ કરવામાં આવ્યું છે એને ગ્રાહ્ય રાખવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૭નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી .** : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪

## પંડિત દીનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયક

### રાજયમાં ' પંડિત દિનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી' ની સ્થાપના કરવા અને તેને યુનિવર્સિટીનો દરજજો એનાયત કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૪-સન-૨૦૦૭નું પંડિત દિનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

• વિધેયક તા. ૧૭મી ફેબ્રુઆરી-૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૪-સન-૨૦૦૭નું પંડિત દિનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૅટ્રોલિયમ ક્ષેત્રે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાન આજની તારીખમાં ગેસ ક્ષેત્ર હોય કે ઑઈલ ક્ષેત્ર હોય, ડિસ્ટ્રીબ્યુશન ક્ષેત્ર હોય કે પૅટ્રોલિયમની એકસપર્ટાઈઝનું ક્ષેત્ર હોય તેમાં પ્રથમ સ્થાન જાળવી રહ્યું છે. ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતમાં જી.એસ.પી.સી. અને રાજય સરકાર દ્વારા એક ઓમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પૅટ્રોલિયમ ક્ષેત્રે સારું શિક્ષણ મળે એ ધ્યાનમાં રાખીને એક વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીની આપણા ગુજરાતમાં સ્થાપના થાય એ પ્રમાણે તેમણે સૂચન કર્યું હતું અને જી.એસ.પી.સી. પૅટ્રોલિયમ ક્ષેત્રે કામગીરી કરતી આવેલી કંપની છે. તેઓએ આ એમ.ઓ.યુ. રાજય સરકાર સાથે કરેલ. જી.એસ.પી.સી. દ્વારા પૅટ્રોલિયમ ક્ષેત્રે ઘણી બધી કામગીરી થઈ રહી છે. આજની તારીખમાં જોઈએ તો ગુજરાતમાં તે લોકોએ ઑઈલનું ખૂબ મોટા પ્રમાણમાં એકસપ્લોરેશન અને ડ્રીલીંગ એકટીવીટીઝ કરતાં આવ્યા છે. ગુજરાતની બહાર પણ કે.જી.બેઝીનમાં હાઈ પ્રેશર અને ડીપ સી ડ્રીલીંગ કરીને કરીને બે લાખ કરોડ રૂપિયાના ગેસનું એ લોકોએ સંશોધન કર્યું છે. એવી જ રીતે દેશની અંદર જો સૌથી વધારે ગેસ ગ્રીડની પાઈપલાઈન નાખી હોય અને સફળતાપૂર્વક કામગીરી કરી હોય તો આ કંપની દ્વારા આપણાં રાજયમાં કરવામાં આવી છે. ટ્રંક લાઈન દક્ષિણથી માંડીને ઉત્તર સુધી અને સૌરાષ્ટ્રમાં કામગીરી મોટા પાયે થઈ રહી છે. એવી રીતે ઘર વપરાશ માટે ગાંધીનગર, અમદાવાદ અને એવા ૨૦ શહેરોમાં આવતા દિવસોમાં ઘરે ઘરે ગેસ આપવાનું આયોજન કરેલ છે. પર્યાવરણને ધ્યાનમાં રાખીને આપણે સી.એન.જી.ના સ્ટેશનો મોટા શહેરોમાં સ્થાપવાનું આયોજન છે અને આવતા આ જ વર્ષમાં ઓછામાં ઓછા ૨૦ સ્ટેશનો આપણે હાઈવે એટલે કે જે દક્ષિણથી માંડીને મહેસાણા સુધી સી.એન.જી.ના સ્ટેશનો કાર્યરત કરવાના છીએ. આ બધું શું બતાવે છે? આ બધું બતાવે છે કે ગુજરાત પેટ્રોકેપીટલ ઑફ ધ નેશન છે. ગુજરાતમાં જેટલી પૅટ્રોલિયમ ક્ષેત્રે કામગીરી થઈ રહી છે એવી કોઈ રાજયમાં નથી થઈ. સભ્યશ્રીઓને થોડી માહિતી આપું કે આ દેશના ૫૪ ટકા ઓન શોર ક્રુડ પ્રોડકશન ગુજરાતમાં થાય છે. ૩૯ ટકા ઓન શોરનું નેચરલ ગેસનું પ્રોડકશન ગુજરાતમાં થાય છે. જે ક્રુડનું રીફાઈનીંગ થાય છે તેની ૪૬ ટકા કેપેસિટી ગુજરાતની છે. દેશના ૪૬ ટકા રીફાઈનીંગ ગુજરાતમાંથી થઈને આખા દેશમાં અપાઈ રહ્યું છે. મિલિયન્સ ઑફ ટન બૅરલ આપણે ઈમ્પોર્ટ કરતાં આવ્યા છીએ. તેમાં ૬૦ ટકા ગુજરાતના કોસ્ટલાઈન પરથી આવીને આખા દેશમાં જાય છે. આ શું બતાવે છે? આપણે પૅટ્રોલિયમ ક્ષેત્રે ઘણા આગળ છીએ, ઘણા ડેવલપ છીએ. આપણને એવું લાગે છે કે, આપણી પાસે બે જ એલ.એન.જી. ટર્મિનલ છે. પણ આખા દેશમાં બીજા કોઈ રાજયમાં આવા ટર્મિનલ નથી. આપણે જે નૅટવર્ક ઊભું કર્યું છે એવું બીજા કોઈ રાજયમાં નથી. આની જરૂર શું છે? આજે ગુજરાતની અંદર હજારો માણસોની, ટૅક્નીકલ માણસોની આ પૅટ્રોલિયમ ક્ષેત્રે આજની તારીખમાં જરૂર છે. આપણા સૌની કમનસીબી એવી છે કે, આવી એકપણ યુનિવર્સિટી નથી કે વિદ્યાર્થીઓને ભણાવી શકે. દુનિયાની અંદર યુ.એસ.એ. સૌથી આગળ છે એમાં ટેકસાસમાં આવી યુનિવર્સિટી છે, કૅનૅડામાં કેલારી અને યુરોપમાં અર્બેડન છે. આ ત્રણેય સૌથી શ્રેષ્ઠ વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઓ છે. જ્યારે ગુજરાત દેશનું સૌથી મોટું સૅન્ટર બની રહ્યું છે તો આપણે ત્યાં પણ આવી યુનિવર્સિટી હોવી જોઈએ એવું માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચન કર્યું અને એ બાબત ધ્યાનમાં રાખીને ગાંધીનગરમાં આવી વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી સ્થાપવાનું નક્કી કર્યું છે. આજની તારીખે exploration અને drilling માં મેન પાવરની ખૂબ જ શોર્ટેજ છે. આ શોર્ટેજ હોવાને કારણે શું થાય છે? આપણે international experts ને ઊંચા પગારે લાવવા પડે છે. આ ક્ષેત્રના સારામાં સારા કન્સલ્ટન્ટો બહાર છે, એ કન્સલ્ટન્ટોને ઊંચા પગાર આપીને અહીં લાવવા પડે છે અને આ મોંઘું હોવાના કારણે ઘણી બધી ઢીલ થતી હોય છે. એટલે આપણે નક્કી કર્યું છે કે, આવતા દિવસોમાં આ નિષ્ણાત માણસો દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તો સર્વ શ્રેષ્ઠ surveys થી માંડીને exploration થી માંડીને drilling થી માંડીને આપણી બધી જ જરૂરિયાત પ્રમાણે આ વિદ્યાર્થીઓ દ્વારા કામકાજ કરી શકાય. આમાં ખૂબ ઊંડો અભ્યાસ કર્યા પછી આ યુનિવર્સિટીના કોર્સિસ નક્કી કરવામાં આવ્યા છે. એમાં અન્ડર ગ્રૅજ્યુએટથી માંડીને, પોસ્ટ ગ્રૅજ્યુએટથી માંડીને પી.એચ.ડી., રીસર્ચ સુધીના છે. ૪ faculties છે. એમાં ૪ સબ્જેકટ છે. બી.ટેકથી માંડીને, એમ.ટેકથી માંડીને, એમ.બી.એ.થી માંડીને, પી.એચ.ડી. સુધીના સંપૂર્ણ અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં પૅટ્રોલિયમની અંદર ગાંધીનગરની અંદર આપણે કરવાના છીએ. કોર્સિસ કયા છે? સંપૂર્ણ drilling ક્ષેત્રે, જેની જરૂરિયાત હોય એવા સબ્જેકટ જેની અંદર Geoscience શરૂ કરવામાં આવશે, Geological એનાલિસિસ કરવામાં આવશે, Data કરવામાં આવશે, productionકરવામાં આવશે, mapping કરવામાં આવશે. એ બધું જ આપણા વિદ્યાર્થીઓને ભણાવવામાં આવશે. એવી જ રીતે remote sensing કરવામાં આવશે અને drilling ની અંદર ટેસ્ટીંગ કરવાનું આવે, Performance શું નીકળ્યું? Evaluation શું આવ્યું? આ કોર્સિસમાં એ બધું જ આ કૉલેજની અંદર રાખ્યું છે. પૅટ્રોલિયમ ઇકોનોમિક્સના કોર્સિસ છે. Risk analysis આ ક્ષેત્ર એટલું મોટું છે કે, ખૂબ મોટી investment ની જરૂર હોય છે. એટલે risk analysis થતું હોય ત્યારે આ સબ્જેકટ આપ્યો છે. એ ખૂબ મોટો એ સબ્જેકટ પણ બનાવવામાં આવ્યો છે. Environmental safety ખૂબ અગત્યનું છે. એના કોર્સિસ અહીંયાં કર્યા છે. આ જ વર્ષ ૨૦૦૭ની અંદર આપણે સંપૂર્ણપણે ચાલુ કરવા માગીએ છીએ અને ૨૦૧૨

સુધીમાં fulfledged યુનિવર્સિટી એટલે ૨૮૦૦ વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં ભણતા હશે અને એના ૨૦૦ નિષ્ણાતો અને ૧૦૦ વ્યકિતઓનો સ્ટાફ એમ કરીને ૩૦૦ વ્યકિતઓનો સ્ટાફ હશે. આ નિષ્ણાતો પંડિત દિન દયાળ યુનિવર્સિટીમાં કામ કરશે. આના એમ્પ્લોયમેન્ટની આપણે જો ખાલી કલ્પના કરીએ તો આવતા દિવસોમાં potential ઊભું થશે. Upstream માં જુઓ, mid-stream માં જુઓ, down stream માં જુઓ. આ ત્રણેય ક્ષેત્રે જરૂરિયાત છે. એન્જિનિયર તરીકે, ટેકનોલૉજિસ્ટ તરીકે પણ મળે અને રીસર્ચ તરીકે પણ મળે અને આજની તારીખે અમે ગણતરી કરી છે એ પ્રમાણે આવતા ૨૦૧૦થી ૨૦૧૫ સુધીમાં આવા ૪૦,૦૦૦ પૅટ્રોલિયમ એન્જિનિયરો પૅટ્રોલિયમ, ઑઈલ અને ગેસ ક્ષેત્રે નિષ્ણાત હોય એવાની જરૂર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમા દેશમાં કેટલા ઈન્સ્ટિટયૂશનો છે? ૩ ઈન્સ્ટીટયૂશનોમાં આજની તારીખમાં એ પ્રમાણે એકસપર્ટાઈઝ મળતી નથી. આપણે જે એકસપર્ટાઈઝ આપવા માગીએ છીએ એ એકસપર્ટાઈઝ એ વર્ડ કલાસની હશે એટલે ચોકકસપણે આપણે કહી શકીએ કે આ યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓનું પ્લેસમેંટ કંપની દ્વારા ભણે એની પહેલા એને નોકરી આપી દેશે અને ખૂબ સારા પગારથી નોકરી મળી શકશે એ પ્રમાણે આપણે ગોઠવણ કરી છે. આપણે ફોરેન ટાઈઅપ કર્યા છે. પૅટ્રોલિયમ યુનિવર્સિટી, ફોરેન કંપનીઓને, ફોરેનની યુનિવર્સિટીઓને પણ કાગળ લખ્યો છે અને આપણને વિશ્વાસ છે કે સારામાં સારી યુનિવર્સિટી આ ક્ષેત્રે દુનિયામાં હોય. એ દુનિયાના કરાર કરી અને આપણા નિષ્ણાતો એ લોકોના કોર્સીસ શું છે?, એ લોકોની ફેકલ્ટી શું છે? એ ફેકલ્ટી અહીં આવીને ભણાવી શકે એ પ્રમાણે આખી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ બધાનો ખર્ચ થશે, બહું મોટો ખર્ચ થશે પણ આ આખું ફાઈનાન્સીયલ સ્ટ્રકચર આપણે સેલ્ફ ફાઈનાન્સના આધાર ઉપર રાખ્યું છે. એ સેલ્ફ ફાઈનાન્સને આધારે જ આજની તારીખમાં જી.એસ.પી.સી.એ ૧૬ કરોડ રૂપિયા ઓલરેડી આપી દીધા છે અને સાડા સોળ કરોડ રુપિયાના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ માટે આપ્યા છે. આપણી જી.એસ.પી.સી. અને જીઓગ્લોબલ પ્રાઈવેટ પાર્ટીસીપેશન કેવી રીતે આપશે, હું આપને દાખલો આપું કે જીઓગ્લોબલ જે આપણી સાથે કે.જી. બેઝીનમાં ભાગીદાર એ લોકો એ, જીઓગ્લોબલે કીધું કે હું મારા ૫ લાખ શેર હું આ યુનિવર્સિટીને આપીશ. હું ડોનેટ કરુ છું અને આવતા વર્ષોમાં એ ૫ લાખ શેરની કીટી બનશે અને એ કીટી દ્વારા યુનિવર્સિટીના રીસર્ચના કામમાં આવશે. એવી જ રીતે આ જે ઓઈલ કંપનીઓએ ખાતરી આપી છે કે તમારી આ યુનિવર્સિટીની અંદર અમારે ભાગીદાર બનવું છે એટલે ગુજરાતની અને દેશની જે મોટામાં મોટી કંપનીઓ છે એ પણ આ યુનિવર્સિટી સાથે જોડાવાની છે અને એ પ્રમાણે એ બધા જ લોકો સાથે ચર્ચા વિચારણા થઈ ગઈ છે અને આખું ફાઈનાન્સીયલ સ્ટ્રકચર એ પ્રમાણે આપણે ગોઠવણ કર્યુ છે. આપણે ત્યાં સુધી ગયા છીએ કે ફીઝની જરૂર પડે તો ઈમીજીએટલી બૅન્કર સાથે નકકી કરી નાખ્યું છે કે વિદ્યાર્થીઓને જો લોન જોઈએ, ફીની સામે તો એ પણ એને ઓન ધ સ્પોટ જ્યારે ફોર્મ ભરે ત્યારે જ બેંકર્સની સાથે એણે કરાર કરવાનો અને એ કરારથી એને લાંબા ગાળાની લોન પણ વિદ્યાર્થીઓને ઈન્સ્ટિટયૂશનમાં મળશે એ પણ ગોઠવણ કરી છે. સરકારે ૫૦ એકર જમીન આપી અને એ પણ રાયસણ, ગાંધીનગરની અંદર જે એજયુકેશનલ ઝોન છે એની અંદર આપી. ૪ મહિનાની અંદર આપણે સંપૂર્ણપણે બિલ્ડીંગ ઉભું કરી નાખ્યું. ફેકલ્ટી ઉભી કરી નાખી, કોર્સીસ ચાલુ કરી નાખ્યા અને અત્યારે ડિપ્લોમા કોર્સ ચાલુ થઈ ગયા છે અને જેવું યુનિવર્સિટીનું સ્ટેટસ મળશે એટલે આ ડિપ્લોમા કોર્સને ડીગ્રીની અંદર ઈમીજીએટલી કન્વર્ટ કરી નાખીશું. વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સગવડ પણ કરી છે અને સારામાં સારી એ કલાસ ફેસીલીટી એ લોકોને હોસ્ટેલમાં મળશે. ઉત્તરાંચલમાં યુનિવર્સિટી છે, ધાનબાદમાં છે પણ આવી જે આપણે બનાવી રહ્યા છીએ એવી કોઈ જગ્યાએ દેશની અંદર આજની તારીખમાં વ્યવસ્થા નથી. વિદ્યાર્થીઓને પ્રેકટીકલ તાલીમ પણ આપવાના છીએ, એ લોકોને પ્રેકટીકલ તાલીમ માટે ઓઈલરિગ ઉપર જવાનું, કંપનીમાં જવાનું આ બધી જ પ્રેકટીકલ તાલીમ પણ આ આપણે કોર્સીસમાં એ લોકોને સમાવી લીધી છે એટલે ઈન્ડસ્ટ્રીયલ વીજીટથી માંડીને કંપનીઓનું ઈનવોલ્વમેંટ કોર્સીસ બનાવવામાં પણ છે. એ લોકો કન્સલ્ટન્સી પ્રોજેકટ પણ આપવાના છે એટલે આ બધા જ મોટી કંપનીઓના ઈનવોલ્વમેંટ સાથે ટોપ એકઝીકયુટીવ આજની તારીખમાં સલાહ આપે છે કે આપણે શું કરવું જોઈએ એટલે આ જે પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના આપણે કરી રહ્યા છીએ એ વાઈબ્રંટ ગુજરાતની અંદર જે એમ.ઓ.યુ. સાઈન કર્યુ હતું એ બહુ જ ટૂંકા સમયની અંદર આ બધી જ એકટીવીટી પૂરી કરી છે અને દેશને સારામાં સારા ક્ષેત્રે યુનિવર્સિટી આ મળશે, તો મારે સૌ સભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે આ બિલ જે ઐતિહાસિક બિલ કહેવાય એને મંજૂરી આપે.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શ્રી પંડિત દીનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયક ૨૦૦૭ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા અને એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને સૌ પ્રથમ એના માટે અભિનંદન આપીશ કે હજુ ગઈ ૧૧મી ફેબ્રુઆરીએ આ દેશના એક આર્ષદ્રષ્ટા થઈ ગયા એમણે અર્થતંત્રને એક નવું સ્વરૂપ આપ્યું, એક નવો કન્સેપ્ટ આપ્યો હતો એવા દીનદયાળજી ઉપાધ્યાય કે જેમની પુણ્યતિથિ ૧૧મી ફેબ્રુઆરીએ ગઈ અને ૧૫મા દિવસે ૨૬મી ફેબ્રુઆરીએ આ વિધાનસભા ગૃહમાં દીનદયાળજીના નામથી આ બિલ લઈને આવ્યા છે. સૌથી પ્રથમ એના માટે હું અભિનંદન આપીશ. દીનદયાળજીએ આપણને એકાત્મ માનવવાદ આપ્યો છે. એમના પછી આવા આર્ષદ્રષ્ટા અર્થશાસ્ત્રી આજ

સુધી ભારતમાં પાક્યા નથી. ભારત દેશનો છેવાડાનો માણસ કેવી રીતે ઊભો થઈ શકે અને કેવી રીતે ભારતવર્ષમાં એક સમાન વ્યકિતત્વો ઊભો થાય એનો આદર્શ સ્થાપ્યો એવા દીનદયાળજીને જોડ્યા છે. હું કહીશ કે, "જલી કો આગ કહેતે હૈ, બુઝીકો રાખ કહેતે હૈ, આમ જનતા કો પ્યાર કરે ઉનકો દીનદયાલ કહેતે હૈ." હું આંકડા આપીશ કારણ કે આ ફક્ત યુનિવર્સિટી નથી, કોઈ એકેડેમિક એકટીવીટી શરૂ નથી થયેલી. હું કહીશ કે ગુજરાતની આજની દ્વારકા આ ભારત વર્ષમાં એક વખત એ સોનાની દ્વારકા કહેવાતી. આજે પણ નાના દાખલાથી શરૂઆત કરીએ તો જામનગર પાસે નવી દ્વારકામાં જે રોકાણો થઈ રહ્યા છે, ૨૦ થી ૪૦ હજાર કરોડ કરતા વધારે ત્યારે ગુજરાત એ હિન્દુસ્તાનની સોનાની ખાણ બનવા જઈ રહ્યું છે. આ એનું નિમિત્ત અને નમૂનો છે, એનો પ્રયોગ છે. અહીંથી જ્યારે માનનીય મંત્રીશ્રી બિલ રજૂ કરી રહ્યા હતા, ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ, હજુ હમણાં બજૅટ ઉપર ચર્ચાઓ થશે, સામાન્ય ચર્ચાઓ થશે, પ્રસ્તાવો ઉપર ચર્ચાઓ થશે એટલે એમાં ઊંડો ઊતરવા માગતો નથી. પણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે ૪ લાખ ૬૧ હજાર લાખના એમ.ઓ.યુ. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ, વાયબ્રન્ટમાં થયા. હું કહેતો હતો કે દ્વારકા સોનાની ખાણ હતી. ગુજરાતમાં આવા પ્રકારના બિલની કલ્પના પણ જેમણે વીઝન ૨૦૧૦ કર્યું હોય, જેમણે આ ગુજરાતને દેશની જ નહિ, સમગ્ર વિશ્વની દ્રષ્ટિએ સ્પર્ધામાં મૂકવાની કલ્પના કરી હોય એવા આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવા પ્રકારની કલ્પના કરી શકે. એટલા માટે હું આ સરકારને અભિનંદન આપવા માગું છું. કારણ કે ૬૦૬૬ લાખના એમ.ઓ.યુ. આવી રહ્યા છે. આ રાજ્ય ઘણા બધા ક્ષેત્રોમાં આગળ છે. ડાયમન્ડ, ફાર્માસ્યુટીકલ, પ્લાસ્ટિક, ટૅક્સટાઈલ, કૅમીકલ કે અમારે ત્યાંનો ભાવનગર જિલ્લાનો શીપ બ્રેકીંગ ઉદ્યોગ એમ ઘણા બધા ક્ષેત્રોમાં ઉદ્યોગોમાં આ રાજ્ય આગળ છે. દેશમાં પ્રથમ હરોળમાં છે. એના પછી આ એક પેટ્રોલિયમ વિષય આવે છે. એમાં દેશભરમાં ગુજરાત એક પેટ્રોકેમિકલ સ્ટેટ બનવા જઈ રહ્યું છે. હું આંકડાઓ જોતો હતો. ગયા વર્ષે ૨૦૦૫-૦૬ની દેશની ટોટલ રૉયલ્ટી ૩૨૦૬ કરોડ છે એમાં ગુજરાતનો હિસ્સો ૧૭૦૭ કરોડનો છે. આખા દેશમાં મળતી રૉયલ્ટીમાં ૫૩ ટકા ગુજરાતે મેળવ્યા છે. ગુજરાત એ કક્ષાએ પહોંચ્યું છે. એન.ડી.એ.ના સમયમાં અને અહીંથી ગુજરાતમાં આજના ભારતીય જનતા પક્ષના શાસનમાં આ મળવાની શરૂઆત થઈ છે. એટલે જ કદાચ અહીંયા ઘણી બધી હવે એની સમાન હારમાળા છે. કૃષ્ણા-ગોદાવરી બેઝીનમાં મંત્રીશ્રી કહેતા હતા કે ૨ લાખ કરોડનું શારકામ થવાનું હોય, ધોળકા તારાપુર કે ઝગડીયામાં ગેસ આપીને ત્યાં ડૅવલપમેન્ટ થવાનું હોય, ધોળકા અને તારાપુરમાં પણ રોજનું ૨૦૦૦ બૅરલ તેલ, વાર્ષિક ૨૦૦૦ કરોડનું તેલ આવવાનું હોય, બોપલ, ધરમપુર, કચ્છ, જખૌમાં શારકામ થાતું હોય અને સીરક્રીક જે સૌથી વધુ વિવાદાસ્પદ છે ત્યાં પણ ખનીજતેલ મળવાની સંભાવના હોય, HPCL એ મુંદ્રામાં LNG ટર્મિનલ કરતું હોય તેનો અર્થ એ થયો કે ગુજરાત એ શ્રેષ્ઠત્તમ ક્ષેત્ર તરફ અહીંયા જઈ રહ્યું છે અને ત્રણેય ઓન શૌર ડ્રિલિંગ અને ઑફ શૌર ડ્રિલિંગની પણ શક્યતાઓ છે. ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકાંઠો છે. જે રીતે બીજું ડૅવલપમેન્ટ થઈ શકે છે એવી રીતે ત્યાં પણ ડ્રિલિંગ થાય, ખૂબ મોટી માત્રામાં ક્રુડ, ગેસ ઉત્પન્ન થઈ શકે તેવી સંભાવના છે અને થઈ રહ્યું છે. એવું જ રણમાં પણ જે રીતે જખૌ સીરક્રિકની વાત કરી. રણમાં પણ એ રીતે આ ઉત્પન્ન આગળ વધાર્યુ છે ત્યારે ગુજરાત અને ગુજરાત બહાર ગયેલું આ શાસન એ ડૅવલપમેન્ટ ઑફ નૉલેજ માટે સ્કીલ, કોમ્પીટીશન અને તમામ પ્રકારના લેવલ માટે જે પ્રકારે આગળ વધી રહ્યું છે અને એટલે આ યુનિવર્સિટીની તાત્કાલિક અહીંયા આવશ્યકતા હતી. અહીંથી જ્યારે મંત્રીશ્રી વાત કરી રહ્યા હતા ત્યારે આટલા બધા આગળ વધી ગયા પછી પણ હું એવી અપેક્ષા રાખત કે કદાચ અહીંયા મારા સાથીપક્ષના મિત્રો જો બેઠા હોત તો એ પછી કેટલી આવશ્યકતા છે એમાં ઊંડાણમાં ઊતરવાની, સંશોધનની, રિસર્ચની એના ખાલી બે-ત્રણ દાખલા પૂરા પાડીશ. કેન્દ્રએ શું કર્યુ? ગુજરાત આટલા આગળ વધવાની સાથે કેન્દ્રએ એક વિચાર કર્યો હતો કે અહીંયા બજીન્સમાં PCPIR આવે પેટ્રોકેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન થાય. દહેજમાં કેમિકલઝોન છે એવી સંભાવના છે. કેમિકલ પોર્ટ તૈયાર છે. અંકલેશ્વર, દહેજ, ઝઘડિયા, પાનોલી આખાય ક્ષેત્રમાં એવી શક્યતા હતી. ઈન્ફાસ્ટ્રકચર આજે દેશમાં સૌથી વધારે PCPIR હોય ત્યારે એનો વિચાર થયા પછી કેન્દ્રએ એક નવો વિચાર કરી અને ક્યાંક ઈસ્ટર્ન રીજીયન કરવાનો પ્રયત્ન કરે છે. ઈસ્ટર્ન રીજીયનનો વિકાસ થાય તેનો વાંધો નથી પણ ગુજરાતને અન્યાયનો એ આ નમૂનો છે. સૌથી વધુ સારુ ઈન્ફાસ્ટ્રકચર હોવાછતાં ગુજરાત બધી કક્ષાએ નંબર વન છે, એ હજુ આગળ ના નીકળે એનો કેન્દ્રનો આ નમૂનો છે. એવો જ નમૂનો ગુજરાત એક માત્ર એવું રાજ્ય સમગ્ર દેશમાં છે કે જેણે ગેસગ્રીડ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જ્યારે કહેતા હતા કે, એ ગેસગ્રીડ સમગ્ર વાણિજ્ય ક્ષેત્રમાં, ઉદ્યોગ ક્ષેત્રમાં અને શહેરી ઘર વપરાશ માટે ગેસગ્રીડ જવાની છે. ૧૦૦૦ કિલોમિટર જેટલી તાત્કાલિક થઈ જવાની છે અને બાકી ૧૦૦૦ કિલોમિટરનું પ્લાનિંગ છે. એ ગેસગ્રીડ એક માત્ર ગુજરાતમાં થાય ત્યારે કેન્દ્ર એવું વિચારે છે, એવો નિયમ બનાવવા જઈ રહ્યું છે કે આ ગેસગ્રીડ માટે ગુજરાતે પરમિશન લેવાની થાય. બીજું કોઈ રાજ્ય ગેસગ્રીડ નથી નાંખતું. ગુજરાતમાં કે કોઈપણ રાજ્યમાં પીવાના પાણીની પાઈપ લાઈન માટે મંજૂરી લેવાની નથી થાતી, બીજા કોઈપણ પ્રકારના વાયરિંગ માટે, બીજી કોઈપણ પ્રકારની લાઈન માટે મંજૂરી લેવાની નથી થતી પણ ગેસગ્રીડના કારણે ગુજરાત એક માત્ર રાજ્ય છે અને ગુજરાત એક માત્ર રાજ્ય વિકાસના પંથે જઈ રહ્યું છે તેને કેમ અટકાવી શકાય? તો એ કેન્દ્રના અન્યાયનો આ બીજો નમૂનો છે. આ ક્ષેત્રનો એટલો જ ગેઈલમાં એમણે વિચાર કર્યો એની HBJ પાઈપ લાઈન આજે મહારાષ્ટ્રના દાભોલમાં એમણે ટર્મિનલ ચાલુ કરવાનું નક્કી કર્યુ. કેન્દ્ર સરકારે આ

ટર્મિનલનું કામ બરાબર નથી થઈ રહ્યું, HBJ પાઈપ લાઈન અહીંથી જે દિલ્હી જતી હતી એ હવે મહારાષ્ટ્રના દાભોલથી પસાર થાય એવું નક્કી કર્યુ છે અને એટલે ગુજરાતને એટલો ગેસ ઓછો મળશે અને NDAની સરકારમાં ગુજરાતને મળેલા ગેસ આ UPAની સરકાર ઓછો કરી રહી છે. ગુજરાતને ડૅવલપમેન્ટ નુકસાન કરી રહી છે, એટલે જ એક વખત આનો ઊંડાણપૂર્વકના અભ્યાસની સૌથી વધારે જરૂરિયાત છે. એટલે એક ખૂબ મોટી વાત, દેશમાં તો આ પ્રકારની ઇન્સ્ટિટ્યૂટ નથી પણ હમણાં અહીંથી વાત થતી હતી એવી રીતે રાજયનું એક નિગમ, ગુજરાત રાજયનું એક બોર્ડ, રાજયનું એક કોરપોરેશન, એક યુનિવર્સિટીને ફાયનાન્સ કરી શકે, એના માટે ફંડ કાઢી શકે એ કેવડી મોટી કલ્પના છે. એની રકમ પણ રોકાણ થઈ ગઈ, એની જમીન પણ અપાઈ ગઈ અને એ પછી આજે એના કોર્ષિસ પણ શરૂ થઈ ગયા, જર્મીના નામથી, એ પછી આ કોર્ષિસમાં વધારે ઊંડાણથી જઈ શકાય, વધારે અભ્યાસ થઈ શકે, વધારે રીસર્ચ થઈ શકે કારણ કે, આ ક્ષેત્ર એવું છે ભવિષ્યમાં, મેં શરૂઆતમાં વાત કરી એમ જ્યારે ગુજરાત, ભારત માટે સોનાની ખાણ બનવાનું છે ત્યારે આ ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ હાઈસ્કીલ, હાઈકવોલિફાઈડ લોકો અહીંથી આ રાજયને મળે, આ રાષ્ટ્રને મળે એના માટેની જે કલ્પના છે અને એના માટે બિલ લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એક કોર્ષ એ સર્ટિફિકેટ હોય, ડિપ્લોમા હોય, એના કરતાં પણ એમાં બેચલર્સ ડિગ્રી થાય, એમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ થાય, એમાં પી.એચડી થાય, એમાં જુદા પ્રકારનું રીસર્ચ થાય, એમાં મેનેજમેન્ટના કોર્ષિસ થાય અને એ વિષય લઈને જ્યારે રાજય, મને એમ લાગે છે કે, કદાચ આખા હિન્દુસ્તાનમાં, મારા મત મુજબ આખા હિન્દુસ્તાનમાં આ પ્રકારની ખાનગી યુનિવર્સિટી સ્થાપવાનો આ પહેલો પ્રયોગ સરકાર દ્વારા ખાનગી યુનિવર્સિટી સ્થાપવાનો અને પૅટ્રોલિયમ યુનિવર્સિટી સ્થાપવાનો આ પહેલો પ્રયોગ છે એટલે હું અભિનંદન આપું છું અને એની સાથે સાથે જે કાંઈ પ્રોવિઝન્સ છે અહીયા એ નિરમાની યુનિવર્સિટી કે ગણપત યુનિવર્સિટી કે બીજી ખાનગી યુનિવર્સિટીની માફક બીજા કોઈ રાજયની બીજી કોઈ સંસ્થાઓને એનું જોડાણ ન મળે અને યુનિવર્સિટી ઓટોનોમસ ચાલે, સ્વતંત્ર ચાલે, સ્ટાન્ડર્ડ સાથે ચાલે, કારણ કે, નહીં તો બીજા કોર્ષિસમાં, કૉલેજો અને બીજી સંસ્થાઓ જોડાણ લઈ લે છે, આ એક જે પ્રયોગ છે આ જે પ્રોવિઝન છે એને પ્રશંસુ છું, ફક્ત એક પ્રોવિઝન એમણે જે કલમ-૮માં કર્યુ છે એમાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આનું જે બોર્ડ બનવાનું છે, આમાં અહીંયા વાઈસ ચાન્સેલર નથી, બોર્ડ બનવાનું છે, બોર્ડના પ્રૅસિડન્ટ થવાના છે, કલમ-૮માં જે પ્રોવિઝન છે, કલમ-૮(૨)(૩)માં "The President of the University shall be appointed by the Society" એમાં જે પ્રોવિઝન છે "(iii) not have attained the age of sixty-five years on the date of nomination or re-nomination" માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે ધ્યાન દોરું છું કે, અહીંયા કંઈક સુધારાની જરૂરિયાત છે તે દિવસે ૬૫ વર્ષની એઈજ ન હોવી જોઈએ, ૬૭ની એઈજ હોય તો ચાલે, ૭૦ની એઈજ હોય તો ચાલે, ૬૩ની હોય તો પણ ચાલે, કાંઈક સુધારાની આવશ્યકતા લાગે છે, મારા મતે એક તો એવું પણ છે કે, આમાં એઈજનું બંધન ન હોવું જોઈએ કારણકે, આ ક્ષેત્ર હજુ જ નવું ડેવલપ થઈ રહ્યું છે, છેલ્લા દસ-વીસ વર્ષમાં એટલે આ ક્ષેત્રમાં નિષ્ણાંત લોકો, આ ક્ષેત્રમાં કામ કરતા ઉદ્યોગપતિઓ, તજજ્ઞો એ મોટી એઈજ પછી પણ મળશે તો આ એક તો એઈજનું બંધન ન રાખવું જોઈએ અને એઈજનું બંધન રાખવાનું નક્કી કરો તો સ્પેસિફિક રાખવું જોઈએ અને એનું પ્રોવિઝન નોટ એબાઉ કે એવું કાંઈક પ્રોવિઝનમાં સુધારો કરવાની આવશ્યકતા છે. માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી દીનદયાળના નામથી સમાજના છેવાડાના માણસને એટલે ફક્ત ગુજરાતના જ નહીં પણ ભારતના પ્રત્યેક વ્યકિતને ઉપયોગી થાય એવી યુનિવર્સિટીની સ્થાપના કરવાનો આ સરકારનો જે અભિગમ છે, પ્રારંભ છે, એનું જે વિઝનરી પગલું છે એને અભિનંદી વિરમું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : શ્રી શંકરભાઈ ચૌધરીઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંડિત દીનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી વિધેયક-૨૦૦૭ લઈને જે આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણા દેશની એક ગૌરવપૂર્ણ ઘટના છે. ગુજરાત માટે આ ગોલ્ડન ગુજરાતના ઈમારતની એક મજબૂત એવી આધારશીલા બનશે. આમ તો યુનિવર્સિટી બને, પરંતુ આને માત્ર યુનિવર્સિટીના પરિપેક્ષમાં જ ન લેતાં વૈશ્વિક પરિપેક્ષમાં જોવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે ગુજરાત ડેવલપ થઈ રહયું છે. પૅટ્રોલિયમ ક્ષેત્રમાં જે પ્રમાણે ડેવલપ થઈ રહયું છે તેના અનુસંધાને વિશ્વની એક નામાંકિત યુનિવર્સિટી બની રહી છે. આપણા દેશની અંદર દુનિયાની અંદર જે માહિતી છે આની અંદર સારી જે યુનિવર્સિટી ગણાય છે એ ગણીગાંઠી છે. આખી દુનિયામાં ૫-૭ થી વધારે યુનિવર્સિટી નથી. આખા આવડા મોટા દેશમાં પૅટ્રોલિયમ યુનિવર્સિટી હજુ સુધી નથી. અમૅરિકામાં ટેકસાસમાં પૅટ્રોલિયમ યુનિવર્સિટી છે. ઈરાનમાં તહેરાનમાં પેટ્રોલિયમ યુનિવર્સિટી છે. ચીનમાં બેઈઝીંગમાં પેટ્રોલિયમ યુનિવર્સિટી છે. સાઉદી રીયાઝ પાસે ધારણની અંદર પેટ્રોલિયમ યુનિવર્સિટી છે. હિન્દુસ્તાનમાં ગુજરાતમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીનું નિર્માણ થઈ રહયું છે. ઘટનાની અંદર જોઈએ તો દુનિયામાં મોટાભાગે ચીનમાં હોય કે ઈરાનમાં હોય દેશના કેપીટલ સીટીની અંદર યુનિવર્સિટી હોય. એક માત્ર અમૅરિકામાં ટેકસાસમાં છે અને બીજી આપણા દેશમાં દિલ્હીમાં નહીં પણ ગુજરાતમાં ગાંધીનગરમાં યુનિવર્સિટી બની રહી છે. એ ગૌરવની વાત છે. આ યુનિવર્સિટી જયારે બનાવવામાં આવી રહી છે ત્યારે ગુજરાત પેટ્રોલની અંદર પેટ્રો કેપીટલ બની રહયું છે. ક્રિષ્ણા ગોદાવરી, તારાપુરની અંદર ૩૧ કૂવામાંથી

મળતા ગેસની વાત હોય, ઑઈલની વાત હોય, અમદાવાદમાં શારણ કરીને રોજના ૫૦૦ બી.બી.એલ.નું ઉત્પાદન થઈ રહયું છે. હાલ ઉનાવાની અંદર ઉત્પાદનની કામગીરી ચાલતી હોય, આંતરરાષ્ટ્રીય ઊર્જા વૈશ્વિક વ્યૂહાત્મક જોડાણની અંદર શારણનું કામ ઈજીપ્ત, ઑસ્ટ્રેલિયા, યેમેનમાં સાત જેટલા ઓઈલ ગેસની પ્રોપર્ટી જયારે સંપાદિત કરી હોય અને આખા ગુજરાતમાં ઘેર ઘેર, ખૂણા ખૂણા સુધી ગેસને પહોંચાડવાની વાત હોય ત્યારે બહુ મોટા પ્રમાણમાં અહીં ટ્રેન અને માનવ બળની જરૂર પડશે. રીફાઈનરી એન્જીનીયરીંગની બહુ મોટા પ્રમાણમાં જરૂરિયાત ઉભી થઈ છે. જામનગરમાં મોટી રીફાઈનરી છે, વડોદરામાં મોટી રીફાઈનરી છે. ત્યારે રીફાઈનરી એન્જીનીયરીંગની મોટા પ્રમાણમાં જરૂર પડશે. ભૂતકાળમાં ઓ.એન.જી.સી.એ કામ ચાલુ કર્યુ ગુજરાતમાં ત્યારે બહારના લોકો આવ્યા અને એને રોજગારીની તક મળી. પેટ્રોલિયમ યુનિવર્સિટી અહીં હોય તો આજે ગુજરાતનું જે માનવબળ પ્રશિક્ષિત બનેલું સાંભળવું ન પડત. યુનિવર્સિટીની અંદર જે વ્યવસ્થા કરવામાં આવી છે એ ખૂબ પ્રસંશનીય પ્લાનીંગ છે. રાજયનું એક એવું કોર્પોરેશન એ પોતે નકકી કરે કે મારે એક સંસ્થા ઉભી કરવી છે અને સંસ્થા ઉભી કર્યા પછી એને ફંડ આપે. ફંડ આપ્યા પછી પ્રતિ વર્ષ ૧૦ વર્ષ સુધી બે બે કરોડ ફંડ આપે, યુનિવર્સિટી સક્ષમ રહે, આગળ ચાલી શકે, વ્યવસ્થા થાય એ અભિનંદનને પાત્ર છે. આ કામ એડવાન્સ આમ તો કરવાની જરૂર હતી. પરંતુ દ્રષ્ટિ જોઈતી હોય છે અને આ દ્રષ્ટિ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આપી છે. ૧૦-૧૫ કે ૨૦ વર્ષ પહેલા આ ઘટના બની હોત તો વિદેશ કે બહારના લોકોને અહીં લાવવા પડે છે અથવા અહીંના વિદ્યાર્થીઓને પેટ્રોલિયમની પદવી પ્રાપ્ત કરવા માટે વિદેશ જવું પડે છે એ ન જવું પડત. આપણા દેશમાં શિક્ષણ મળત. વિઝા માટે લાઈનમાં ન ઊભા રહેવું પડત. તક જયારે આવતી હોય છે ત્યારે પ્રીપેડ રહેવું જરૂરી છે. ગુજરાતના યુવાનોને રોજગારીની તકો આ ઘટનાને કારણે દરવાજે આવીને ટકોરા મારી રહી છે. ત્યારે ગુજરાતનો કોઈ યુવાન રોજગારીથી વંચિત ન રહી જાય, કારકિર્દી બનાવવામાં પાછળ ન રહી જાય એના માટે એકેએક યુવાનની ચિંતા મુખ્યમંત્રીશ્રીએ કરી છે. આનો સર્વાંગી રીતે વિકાસ થાય. એના માટેનું જે આખું અભિયાન ઉપાડ્યું છે, જેના કારણે હું માનું છું કે આ એક યુનિવર્સિટી નહિ, પરંતુ ઈતિહાસની અંદર એક ઐતિહાસિક ઘટના ગણાશે. ગોલ્ડન ગુજરાતના પાયાની ખૂબ મોટી આધારશીલા ગણાશે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશને ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી, જે જર્મી નામના ટૂંકા નામથી ઓળખાય છે. ૧૪ કરોડ રૂપિયા એડવાન્સ અત્યારે મૂકી દીધા છે અને ૧૭ એકર જમીન ફાળવી અને ૩૫ એકરની બીજી પણ વ્યવસ્થા થઈ રહી છે, એટલે ટકાઉપણે આ યુનિવર્સિટી એ લૉંગ ટાઇમ રહેશે. પાંચ જેટલા મેનેજમેન્ટ કોર્સિસ અને છ જેટલા ટેકનિકલ કોર્સિસનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. મારું એક સૂચન છે કે અત્યારે દુનિયાની અંદર પેટ્રોલિયમના કોર્સિસની અંદર અત્યારે કન્ઝર્વેશન ઑફ પેટ્રોલિયમનો કોર્સ એની આવનારા દિવસોમાં ખૂબ આવશ્યકતા ઊભી થશે. કરકસર વપરાશ થાય, એના માટે આની અંદર એક સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે. જો કોર્સિસ દાખલ કરવામાં આવે તો હું માનું છું કે ખૂબ સારું રહેશે. બીજું ઓપેક નામની વૈશ્વિક સંસ્થા છે, એ દુનિયાના પેટ્રોલિયમનું મેનેજમેન્ટ ત્યાં બેસીને કરતી હોય છે, તો પેટ્રોલિયમ મેનેજમેન્ટના કારણે ગુજરાતને, દેશને અન્યાય થતો હોય છે, તે ન થઈ શકે એ માટે મહત્ત્વની ઘટના બની રહેશે. બીજું જણાવું છે કે આ યુનિવર્સિટી બની રહી છે, એની અંદર કોઈ ખાનગી કોલેજીસને એફિલિયેસન કરવા માગીએ તો કરી શકીશું કે કેમ, તે અંગે માનનીય મંત્રીશ્રી જણાવે તો સારું રહેશે.

છેલ્લે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જે પ્રમાણેનું વિઝન વિચાર્યુ છે, એના કારણે આખા ગુજરાતની દિશા બદલાઈ રહી છે. હમણા વૈશ્વિક મૂડીરોકાણનો કાર્યક્રમ થયો. દુનિયાભરના મૂડીરોકાણકારો ગુજરાતની અંદર આવે અને જે દેશના પ્રધાનમંત્રી ન કરી શકે એવડું મોટું કામ રાજ્યના મુખ્યમંત્રીશ્રી કરી શકે. ગુજરાત રાજ્ય માટે આ ગૌરવની ઘટના છે. મને એક પ્રસંગનું સ્મરણ થાય છે. ગાંધીનગરની બાજુમાં એક સંસ્થાના ઉદ્‌ઘાટનની અંદર શિલાન્યાસની અંદર પરમ પૂજ્ય બાળાસાહેબ દેવરસ આવેલા અને પ્લાનિંગનું પ્રેઝન્ટેશન કરતા હતા ત્યારે તેમણે રાજ્યના મુખ્યમંત્રીશ્રીને કહ્યું કે નરેન્દ્રભાઈ આપ સોચ ભી કમ નહિ શકતે હો ક્યા? એટલી એમની દ્રષ્ટિ છે. તમે વિચાર કરો છો એ કયા ટાઇપનો કરો છો? વિશાળ વિચાર કરવો એ નાનકડું કોઈ પ્લાનિંગ બનાવવાનું હોય કે ગુજરાતના વિકાસની વાત હોય કે આની અંદર કોઈ મિશન પકડ્યું હોય તો આની અંદર કલ્પના એ પણ વૈશ્વિક કક્ષાની હોવી આ બતાવે છે કે ગુજરાતને કઈ દિશામાં આવનારા સમયમાં લઈ જશે. હું સમજું છું ત્યાં સુધી ગુજરાતને માટે આ યુનિવર્સિટી એક ઉદાહરણરૂપ યુનિવર્સિટી બનશે. અહીંયા માત્ર ગુજરાતના યુવાનો નહિ, પણ બહારના વિધાર્થીઓ પણ ભણવા માટે આવશે. ગુજરાતના યુવાનો માટેની રોજગારીની જબરજસ્ત તક ઊભી જશે. બીજા વિદ્યાર્થીઓ અહીંયા આવે ફરી તક્ષશીલા અને નાલંદાની યાદ ફરી તાજી થશે એવું લાગે છે. એનાથી પણ રાજ્યના મુખ્યમત્રીશ્રીને અભિનંદન આપવા છે કે આ યુનિવર્સિટીની સાથે એક મહામાનવનું નામ જોડાયું છે પંડીત દીન દયાળજી. પંડીત દીન દયાળજી એક તેજફુલ સમાન હતા. સ્વયં પ્રકાશિત દીન દયાળજી હતા અને વૈચારિક ઊર્જાના એક ધોધ હતા. એમના નામની સાથે જ્યારે આ યુનિવર્સિટીનું નામ જોડાયું છે. હું માનું છું કે એની અંદર અભ્યાસ કરતા વિદ્યાર્થી સાચા અર્થમાં તેજફુલ બને અને ગુજરાતની પ્રગતિ, દેશની પ્રગતિ થશે. એની અંદર નમૂનારૂપ માર્ગદર્શન મેળવી એક સાચા દેશભક્ત નાગરિક બને, એટલું જ નહિ પણ દેશની પરમ વૈભવના શીખ

ઉપર લઈ જવા પૂરતા પ્રયત્નો એના માધ્યમથી થશે એવી મને શ્રદ્ધા છે. હું હૃદયપૂર્વક માનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ વિધેયકને મારું સમર્થન આપું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુનીલભાઈ અને માનનીય સભ્યશ્રી શંકરભાઈએ જે પ્રમાણે સમર્થન આપ્યું છે, તે બદલ આભાર વ્યક્ત કરું છું. માનનીય સુનીલભાઈએ થોડી ચિંતા પણ વ્યક્ત કરી. કેન્દ્રની નીતિ રાજ્ય તરફ અને જે પ્રમાણે રુકાવટ લાવવાની કોશિશ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીઓને ચોક્કસપણે ખાતરી આપીશ કે અત્યારે આપણે જે પાઈપ લાઈનો નાંખીએ છીએ તે પાઈપ લાઈનોના કામ ચોક્કસપણે ચાલુ રાખીશું. તેમાં ગમે તેટલી રુકાવટ લાવવાની કોશિષ કરવામાં આવશે પણ આપણું જે આયોજન છે કે ભાવનગરમાં પાઈપ લાઈન લઈ જવાની, પીપાવાવમાં લઈ જવાની, રાજકોટમાં લઈ જવાની અને કચ્છમાં લઈ જવાની તેની કામગીરી આવતા દિવસોમાં ચાલુ રાખીશું. તે જ પ્રમાણે જે ૨૦ શહેરોને પાઈપ લાઈનથી ગેસ ગ્રીડનું કામ હાથમાં લીધું છે તે કામ પણ આ વર્ષે વહેલામાં વહેલી તકે કંઈ રીતે ચાલુ થાય તેનું ધ્યાન રાખીને તેને સ્પીડમાં લઈ જઈશું. બીજી વાત કરી કે આપણો ગેસ મહારાષ્ટ્ર તરફ લઈ જવા માટે ગેઈલ ખૂબ મહેનત કરી રહ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે મહારાષ્ટ્રમાં વીજળીની ખૂબ ગંભીર પરિસ્થિતિ છે. ગઈકાલનો જ દાખલો લઈએ તો મહારાષ્ટ્રના કારણે ગુજરાતની પ્રજાને હેરાન થવું પડ્યું હતું. મહારાષ્ટ્રની અંદર વધારે વીજળી વાપરવાના કારણે અન્ડર ફ્રીકવન્સી થઈ અને તેના આખી વૅસ્ટર્ન ગ્રીડની લાઈનોની અંદર અસર પડી. મહારાષ્ટ્રમાં ચાર વાગ્યાનો બનાવ બન્યો હતો અને તેને સ્ટેબીલાઈઝ થતાં અગિયાર વાગ્યા. જ્યારે આપણને જે આના કારણે નુકસાન થયું તો આપણે બે કલાકની અંદર બહાર આવી ગયા. એટલે આપણે જાણીએ છીએ કે એમને બાર-બાર, પંદર-પંદર કલાક વીજળી નથી મળતી એટલા માટે દાભોલનું કામ વહેલું ચાલું થાય તેના માટે સંપૂર્ણપણે પ્રયાસ કરે છે. આપણે ચોક્કસ તેમને મદદ કરીશું. પણ આપણો ગેસ, આપણા ઉદ્યોગોનો ગેસ આપ્યો છે, ઘર વપરાશમાં ગેસ આપ્યો છે, આપણી વીજળી ઉત્પાદન કરતી કંપનીઓને ગેસ આપ્યો છે તે ન જાય તેના માટે સંપૂર્ણપણે આપણા પ્રયત્નો રહેશે. રાજય સરકાર ચોક્કસપણે તે દિશામાં પ્રયત્ન કરશે. બીજું સૂચન કરવામાં આવ્યું કે એફીલેશન આપવામાં આવશે કે કેમ? અત્યારે તેવો કોઈ વિચાર આપણે કર્યો નથી. અત્યારે આ યુનિવર્સિટીની આ જ જગ્યાએ વધારેમાં વધારે કંઈ રીતે નિષ્ણાત વિદ્યાર્થીઓ ભણીને બહાર નીકળે તેવા પ્રયત્નો રહેશે. સભ્યશ્રીઓનો ફરીથી આભાર માનું છું અને આ બિલ પસાર થાય તેવી વિનંતી કરું છું. આભાર.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૪ નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૩૯ અને કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૪ નું ત્રીજું વાંચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૪નું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહની બેઠકનું કામકાજ સાંજના ૬.૫૯ વાગ્યે પુરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર તા.૨૭મી ફેબ્રુઆરીના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૭**
**ફાલ્ગુન ૮, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓના જોબ નંબર**

***૧૯૧૧૧ શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા, અને

(૨) આપેલ જોબ નંબર મુજબ કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા અને કેટલા રસ્તાના કામો હજુ બાકી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર બે વર્ષમાં રસ્તાઓની મરામત માટે ખાસ મરામત સદરે નીચે પ્રમાણેના જોબ નંબર આપવામાં આવ્યા.

| અ.નં. | તાલુકો | જોબ નંબરની સંખ્યા | |
|---|---|---|---|
| | | રાજય વિ. | પંચાયત વિ. |
| ૧ | ભાવનગર | ૮ | ૧૫ |
| ૨ | ઘોઘા | ૪ | ૩ |
| ૩ | તળાજા | ૫ | ૭ |
| ૪ | મહુવા | ૮ | ૮ |
| ૫ | પાલીતાણા | ૩ | ૯ |
| ૬ | ગારીયાધાર | ૪ | ૨ |
| ૭ | શિહોર | ૪ | ૪ |
| ૮ | વલ્લભીપુર | ૨ | ૨ |
| ૯ | ઉમરાળા | ૨ | ૧ |
| ૧૦ | ગઢડા | ૩ | ૫ |
| ૧૧ | બોટાદ | ૫ | ૬ |
| | | ૪૮ | ૬૨ |
| | **કુલ** | **૧૧૦** | |

(૨) રાજય હસ્તકના ૪૫ કામો ચાલુ કરવામાં આવ્યાં, ૩ કામો બાકી છે.
પંચાયત હસ્તકના ૫૮ કામો ચાલુ કરવામાં આવ્યાં, ૪ કામો બાકી છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં જે જોબ નંબરો ફાળવવામાં આવ્યા છે એમાં મારા મત વિસ્તાર ઉમરાળા તાલુકાનો અમલાપર-રામલાયનો જોબ નંબર ફેબ્રુઆરી, ૨૦૦૪માં ફાળવવામાં આવ્યો છે, તેમ છતાં આજ દિન સુધી કામ થયું નથી. એના કારણો શું છે અને જોબ નંબર આપ્યા પછી એક મહિનામાં કામો ફરજિયાત ચાલુ કરવા તેવી નીતિ નક્કી કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, • * (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) આ જ પ્રકારે આ વર્ષમાં તેમજ છેલ્લા ચાર વર્ષમાં માર્ગ અને મકન વિભાગે એમાં તમારો મત વિસ્તાર હોય કે ગુજરાતનું કોઈપણ ક્ષેત્ર હોય આ વર્ષમાં ગુજરાતમાંથી તમારું (xxxxxxx)થઈ જાય એવી શક્યતાઓ પ્રાપ્ત થઈ રહી છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સ્ટેટના અને પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવામાં આવ્યા અને કેટલાના કામો ચાલુ છે અને કેટલાના કામો પૂર્ણ થઈ ગયા છે. ભાવનગર જિલ્લામાં બે વર્ષમાં પંચાયત હસ્તકના તથા સ્ટેટ હસ્તકના કુલ ૧૧૦ રસ્તાઓને જોબ નંબર આપવામાં આવ્યા હતા. મને સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય

• *(xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે કે જ્યારે ત્રણ વર્ષ પહેલા જાહેરાત કરી હતી કે અમારું એ ધ્યેય છે કે જ્યારે જોબ નંબર આપવામાં આવે છે ત્યારે એ જ વરસે પૂર્ણ કરવા વિભાગ કાર્યવાહી કરે છે. આ ૧૧૦ જોબ નંબર અપાયા એમાંથી ૯૩ કામો પૂર્ણ થયાં છે, ૧૦ પ્રગતિમાં છે અને સાત કામો જેને જોબ નંબર હમણાં જ આપ્યા એના કામો બાકી છે. તેમ છતાં માનનીય સભ્યશ્રી રસ્તાનું નામ આપે, એ કયા રસ્તાના કામની જાણકારી માગે છે તે જણાવે હું ચોક્કસ જવાબ આપીશ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : એસ.આર.માં અમલાપર-રામલાય રસ્તાનો જોબ નંબર ફેબ્રુઆરી, ૨૦૦૪ માં આપવામાં આવ્યો હતો. એની એજન્સી ફિક્સ કરી હતી, એ એજન્સીએ ફક્ત મેટલ કામ કર્યુ અને પછી કામ છોડી દીધું હતું. એ પછી ત્રણ વર્ષ સુધી આ કામ થયું નથી.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય સભ્યશ્રીએ છેલ્લા બે વર્ષનો પ્રશ્ન પૂછેલો છે. તેથી ૨૦૦૪નું વર્ષ આમાં આવતું નથી. તેમ છતાં ચોક્કસ માહિતી આપીશ કે અમલાપર-રામલાયના પાંચ કિલોમીટરના રસ્તાના કામનો ૧૮ લાખનો જોબ નંબર આપવામાં આવ્યો હતો. એ કોન્ટ્રાકટરે કામ ન કર્યુ તેથી ડિપાર્ટમેન્ટલ કામ હાથ ધરવાની કાર્યવાહી નક્કી કરેલ છે. અમે કોન્ટ્રાકટર ઉપર પગલાં ભર્યા છે. કોન્ટ્રાકટરની દસ ટકા અનામત જપ્ત કરીને એને ત્રણ વર્ષ માટે ડિપાર્ટમેન્ટે કરવાની પ્રક્રિયા નિર્ણય હેઠળ છે. કામ ડિપાર્ટમેન્ટની રાહે પૂરુ કરી આપીશું.

**શ્રી સુનીલ બા. ઓઝા** : આ પ્રશ્નના અનુસંધાને મારે મારા ભાવનગર તાલુકાની વિગતો જાણવી છે. ભાવનગર જિલ્લામાં ભાવનગર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓના કેટલા જોબ નંબરો આપવામાં આવ્યા, આ પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને માનનીય મંત્રીશ્રીએ જવાબની શરૂઆત કરી ત્યારે પ્રશ્ન પૂછનારે * (xxxxxxx) વાત કરી. ભાવનગર જિલ્લામાં સમ ખાવા આ એકજ કોંગ્રેસના છે ત્યારે એની બલ્લે બલ્લે થઈ જશે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં કુલ ૨૩ જોબ નંબરો આપવામાં આવ્યા હતાં અને એમાંથી ૨૦ રસ્તાઓના કામો પૂર્ણ થઈ ગયાં છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં જ સ્ટેટના ૪૮ રસ્તા અને પંચાયતના ૬૨ રસ્તા એમ કુલ મળીને ૧૧૦ રસ્તાના જોબ નંબર આપીને મોટા ભાગના કામો પૂરા કરવામાં આવ્યા છે. તો મારે જાણવું છે કે અગાઉની સરકારમાં આખા ગુજરાતમાં ૧૧૦ કામો આપવામાં આવતા હતા અને ફક્ત બે વર્ષમાં આ સરકારે આટલા કામો કર્યા છે તો તેની પાછળ શું રહસ્ય, શું મંતર છે કે ૧૧૦ કામો બે વર્ષમાં સરકાર કરે છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સમગ્ર ગુજરાતમાં રસ્તાઓને યોગ્ય સક્ષમતા આપવામાં આવી છે. ગુજરાતનો જે પ્રકારે વિકાસ થઈ રહ્યો છે તે પ્રકારે માળખાકીય વિકાસ પ્રાપ્ત કરવા માટે રસ્તાઓની યોગ્ય ગુણવત્તા સાથેની કાર્યપદ્ધતિ હાથ ધરવામાં આવી છે. સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તેમાં વિશેષ માહિતી મારી પાસે નથી પરંતુ સરકારે ચાર વર્ષમાં એક પણ રૂપિયાનો નવો ટેક્સ વધાર્યા વગર જે બાકોરા ભૂતકાળમાં શાસનકર્તાઓએ રાખ્યા હતા એ પૂરીને આ પ્રકારનું સુંદર કાર્ય કર્યું છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાલીતાણા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં સ્ટેટ અને જિલ્લામાં જિલ્લા કક્ષાના કુલ કેટલા કામોને જોબ નંબર આપવામાં આવ્યા છે અને કેટલા કામો પૂર્ણ થયા છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ભાવનગર જિલ્લામાં ૧૧૦ જોબ નંબર આપવામાં આવ્યા છે. તેમાં પાલીતાણા તાલુકામાં ૧૨ જોબ નંબર આપવામાં આવ્યા છે તેમાંથી ૧૧ કામો પૂર્ણ થઈ ગયાં છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૧૦ રસ્તામાં નૉન પ્લાનના રસ્તા કેટલા હતા? જૂના રીન્યુઅલ કેટલા હતા? અને ૭ બાકી છે એ કયાં સુધીમાં પૂરાં કરવાની મુદત હતી અને ક્યારે પૂરાં થશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : છેલ્લે તેમણે પૂછયું તે મુજબ શરૂ ન કરેલ કામો છે તે કામોને પૂર્ણ કરવાની પ્રક્રિયાની વાત નથી. કારણ કે હજી હમણાં જ ૨૦૦૬ની સાલમાં અંતમાં વર્ક ઑર્ડર અને બાકીની સિસ્ટમ અમલમાં આવી છે અને ૧૧ માસની સમયમર્યાદા હોય છે. ૧૧૦માંથી ૯૩ કામો પૂર્ણ થયા છે. ત્યારે બાકીના સમયમર્યાદામાં નિશ્ચિતપણે પૂર્ણ કરીશું. ૧૧૦ જેટલા રસ્તા છે તેમાં પ્લાન કેટલા હતા અને નૉન પ્લાન કેટલા હતા(અંતરાય) ગોવાભાઈ, સાંભળો તો ખરા,

**અધ્યક્ષશ્રી** : નૉન પ્લાન પેલા કરતાં કેટલાં વધારે થયા?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ ગુજરાતમાં શાસન ઉપર ઘણા બધા લોકો આવી ગયા. નૉન પ્લાનની યોજના કોઈએ પણ પ્રથમ વખત ગુજરાતમાં અમલમાં મૂકી હોય તો ગત વર્ષથી આ સરકારે અમલમાં મૂકી છે કે નૉન પ્લાનના રસ્તાઓના પણ જોબ નંબર આપવા અને ૧૧૦માંથી પ્લાન કેટલા હતા અને નૉન પ્લાન કેટલા હતા તેની માહિતી હું ટેબલ ઉપર મૂકી દઈશ.

**ઝાલોદ તાલુકાના સંજેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામુહિક આરોગ્ય કેન્દ્રનો દરજજો આપવા બાબત**

***૧૯૮૧૫ શ્રી મહેશભાઈ સો. ભુરિયા (લીમડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સંજેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામુહિક આરોગ્ય કેન્દ્રનો દરજજો આપવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં કરવા માગે છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) ઝાલોદ તાલુકામાં વસ્તીના ધોરણે પૂરતા સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ હોઈ, હાલ કોઈ નવું સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનું થતું નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મહેશભાઈ સો. ભુરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દાહોદ તાલુકાના સંજેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામુહિક આરોગ્ય કેન્દ્રનો દરજજો આપવા માગો છો કે કેમ? તો માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ઝાલોદ તાલુકામાં વસતિના ધોરણે પૂરતા સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ હોઈ, હાલ કોઈ નવું સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનું થતું નથી. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સંજેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝાલોદથી ૧૯ કિલોમીટર દૂર આવેલું છે. ઉંડાણનો વિસ્તાર છે અને ૧૯ ગામો આ પી.એસ.સી.માં સારવાર લઈ રહ્યા છે તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવાનું કે પ્રસૂતા બહેનોને સગવડ મળે તે હેતુ સારું ઑપરેશન થિયેટર બનાવવા માયો છો કે કેમ?

બીજું, મારો તાલુકો સંપૂર્ણ આદિવાસી તાલુકો હોવાથી એમ્બ્યુલન્સ સેવા-સહકાર આપવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની જે નીતિ છે તે નીતિમાં ૧૯૯૧માં જે વસતિનું પ્રમાણ હતું તે ૨,૭૫,૮૧૭ હતું. ૨૦૦૧માં ૩,૩૫,૪૪૮ પ્રમાણે પણ મળે તેમ નથી પરંતુ આ રાજય સરકાર આદિવાસીના કલ્યાણને વરેલી છે. એટલે ૨૦૦૭-૦૮માં સંજેલીને સામુહિક આરોગ્ય કેન્દ્ર મળશે.

**શ્રી મહેશભાઈ સો. ભુરિયા** : આપનો ખૂબ ખૂબ આભાર.

**કચ્છ જિલ્લામાં મહિલા નર્સની જગ્યા ભરવા બાબત**

***૨૦૦૩૭ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડિસૅમ્બર - ૨૦૦૬ની સ્થિતિએ સરકારના તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવની નીતિ મુજબ વર્ગ-૩ની મહિલા નર્સ (એફ.એચ.ડબલ્યુ) ની જગ્યામાં મહિલા નર્સ સહાયક તરીકે રૂ.૨૫૦૦/- ફીકસ પગારમાં કચ્છ જિલ્લામાં કેટલી જગ્યાઓ ભરવાની થાય છે, અને

(૨) તે સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** :

(૧) ૮૦ (એંશી) જગ્યાઓ.

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં જે ૮૦ નર્સ સહાયકની જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ભરવા માટે છેલ્લા ૧ વર્ષમાં સરકારે શું શું પ્રયત્નો કર્યા? અને અત્યારે જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિએ કેટલી નર્સ સહાયકની જગ્યાઓ ખાલી છે અને ઘટ પૂરવા માટે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર એક વિશિષ્ટ પરિસ્થિતિ હોવાના કારણે છેલ્લા એક વર્ષમાં ઈન્ટરવ્યૂ ન લેવાયા અને ગયા વર્ષે ૨ વખત ઈન્ટરવ્યૂ રાખ્યા. પહેલીવાર તા.૧૩/૬ના રોજ રાખ્યા. એમાં ૯ જણ આવ્યા અને ૮ જણની પસંદગી કરવામાં આવી. બીજી વખત તા.૩૦/૬ના રોજ રાખ્યા. એમાં ૨૨ બહેનો આવી હતી. એમાંથી ૧૪ બહેનોની પસંદગી કરી. છતાં પણ આજે ૭૭ જેટલી બહેનોની ઘટ છે. એટલે ચાલુ વર્ષે બજૅટની અંદર ફિમેલ હેલ્થ વર્કરની તાલીમ શાળા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ તાલીમ શાળા રાપરમાં શરૂ કરવામાં આવશે અને એ માટે ૩૫ બહેનોની પસંદગી યાદી પણ તૈયાર કરી દેવામાં આવી છે. આ રાપરનું તાલીમ કેન્દ્ર શરૂ થશે એમાંથી જે બહેનો તાલીમ લઈને આવશે એને કચ્છમાં રાખવામાં આવશે. જેના કારણે હવે પછી ત્યાં કયારેય ઘટ ન પડે એ દિશામાં આ પગલાં લેવાયાં છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહિલા નર્સ સહાયકની નિમણૂંક કરવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો અને કેટલા વખતથી આ જગ્યાઓ ભરવાની બાકી હતી? અને આ જગ્યાઓ ભરવાની જવાબદારી કોની છે? આ જગ્યાઓ પર કોણ નિમણૂંક આપતું હોય છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યાઓ ૨૦૦૫થી પહેલાંના સમયથી ખાલી છે અને જિલ્લા પંચાયતે આ જગ્યાઓ ભરવાની હોય છે. છેલ્લે ૨૦૦૬માં આ જગ્યાઓ ભરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. એ પહેલાં આ જગ્યાઓ ભરવાનો પ્રયત્ન કર્યો હોત તો આ પરિસ્થિતિ પેદા ન થઈ હોત. આવું કેમ બન્યું એના કારણોમાં પડ્યા વગર હવે આપણે શું કરી શકીએ એ વધું સારી વાત છે. એટલે પહેલી એપ્રિલથી બજેટ મંજૂર કરીએ છીએ અને આવી ૧૦ તાલીમ શાળાઓ શરૂ કરવાનું આયોજન છે એમાંથી ૧ રાપરમાં થશે. રાપરની આ તાલીમ શાળા માટે ૩૫ બહેનોની પસંદગી પણ કરી લેવામાં આવી છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળે જે આ નર્સોની પસંદગી યાદી બનાવી હતી એ કેટલાની હતી અને એમાં કેટલી નર્સોની નિમણૂંક કરવામાં આવી છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફિમેલ હેલ્થ વર્કરોને તાલીમનો પ્રશ્ન છે અને માનનીય સભ્યશ્રી નર્સની વાત કરી રહ્યા છે. એ માટે એ જુદી નોટિસ આપશે તો જવાબ આપીશ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ફિમેલ હેલ્થ વર્કરોની જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગતિમાં છે ત્યારે મારે આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એના પહેલાંના સમયની અંદર છેલ્લા ૩ વર્ષની અંદર દરેક વર્ષે ૧૧, ૧૧ માસના ઑર્ડર આપી ફિમેલ હેલ્થ વર્કરોની જગ્યાઓ ભરવામાં આવતી હતી. એમને રેગ્યુલર પગાર પણ આપવામાં આવતો હતો અને રેગ્યુલર પગારદારની માફક ઓવર ટાઇમ પણ આપવામાં આવે છે. આવી જે બહેનો હતી એ બધાને છૂટા કરીને ફરી પાછા રૂ.૨૫૦૦/-ના ફિકસ પગારથી લેવાનું નક્કી કર્યું છે. હું એ જાણવા માગું છું કે, રૂ.૨૫૦૦/-માં આ એફ.એચ.ડબલ્યુને લેવા માગો છો કે કેમ? આ ફિકસ પગારે તેમને કેટલા સમય સુધી રાખવા માગો છો? અગાઉના સમયની અંદર ૧૧ માસનો ઑર્ડર આપીને છૂટા કર્યા. **અને પાછા એમને ફીકસ પગારમાં લીધા છે. એટલે આગળના ૩ વર્ષ જેમણે નોકરી કરી છે, કામ કર્યુ છે એની ગણતરી કરવામાં આવેલ છે કે કેમ અને ત્રીજો સવાલ એ છે કે સામાન્ય રીતે કોઈ સમયમર્યાદા હોતી નથી કે આટલા કલાક જ ફીમેલ હેલ્થ વર્કરે કામ કરવાનું હોય છે એને રાત્રે ગમે ત્યારે બોલાવે તો જવાનું થતું હોય છે. એમને કોઈ વધારાનું વેતન આપવા માગો છો કે કેમ?**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન બહુ મર્યાદિત છે. કચ્છ જિલ્લાની ફીમેલ હેલ્થ વર્કરની ખાલી પડેલ જગ્યાઓ ભરવા અંગેનો છે. એમનો આખા રાજયની ફીમેલ હેલ્થ વર્કરના પગાર અંગેનો પ્રશ્ન છે. એમની કામગીરી અંગેનો પ્રશ્ન છે એના માટે જૂદી નોટિસ આપે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે મારા સાથી સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે એ બરાબર છે કે ત્યાં છેલ્લા ૩ વર્ષમાં જે ફીમેલ હેલ્થ વર્કરની જગ્યાઓ ભરવામાં આવેલ, ૧૧-૧૧ મહીનાના ઓર્ડર આપવામાં આવેલો અને ૪૦ બહેનોને ફરી પાછી છૂટી કરવામાં આવેલ છે એટલે આ બહેનોને ફરી તમે લેવા માગો છો કે કેમ? આપે જવાબમાં લખ્યું છે કે લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી તો આ જે બહેનો છે, ફીમેલ હેલ્થ વર્કર જેમણે તાલીમ લીધી છે, સરકારે તાલીમ આપી છે તો એ લાયક ઉમેદવાર છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે લાયક ઉમેદવારો છે એમને જે જગ્યાએ જગ્યા ખાલી છે ત્યાં મૂકવામાં આવે જ છે. કચ્છની અંદર પણ લાયક ઉમેદવારોની ભરતીના પ્રયોગો થયા એની જાહેરખબર અપાઈ, નોટીસો અપાય એમાં એ લોકો અરજી કરે તો એમને હજી પણ ત્યાં આ જગ્યા ઉપર (અંતરાય) એ આવશે, હજી પણ અરજીઓ મંગાવીએ છીએ, કઈ જિલ્લા પંચાયતે ભરતી કરવાની છે. જિલ્લા પંચાયત કચ્છે ૨ વખત જાહેરાત આપી, ત્રીજી વખત પણ આપવા તૈયાર છીએ અને આ જાહેરાત પ્રમાણે જેમને આવવું હશે તે આવે.

### શહેરા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રને એફ.આર.યુ.માં તબદીલ કરવા બાબત

***૧૯૭૪૩ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) શહેરા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રને એફ.આર.યુ.માં કયારે તબદીલ કરવામાં આવ્યું?
(૨) આ એફ.આર.યુ. માં મંજૂર મહેકમ કેટલું છે, અને
(૩) તા:૩૧-૧-૦૭ની સ્થિતિએ કયા કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી અને કેટલી ભરેલી છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી:**

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર શહેરાને એફ.આર.યુ.માં તબદીલ કરવામાં આવેલ નથી.
*(૨)* પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

*(૩)* પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો પહેલા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે આ કોંગ્રેસ નામનું પ્રાણી છે એ ઉત્તરાખંડ અને પંજાબમાં સાફ કરી આવ્યા, પ્રથમ તો ગુજરાતના મંખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. એમાં ખરેખર એવું છે કે એક પંકિત મને યાદ આવી છે, પાપ તારું પરકાશ કોંગ્રેસ ધર્મ તારો સંભાળ નહીં તો તારી બેડલી સદાય ડૂબેલી છે આવી વાત છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

શ્રી **જેઠાભાઈ ઘે. ભરવાડ** : આ તો સાહેબ જે વાત કરવા જેવી છે એ તો કહેવી જોઈએ અને હજી આ કોંગ્રસવાળા હજી સીધા રહે તો સારું છે નહીં તો અહીંયા જે છે એમાંથી ખલાસ થઈ જશે. માનનીય અધ્યક્ષશ્રી,, મારો પ્રશ્ન એ છે કે માનનીય મંત્રીશ્રીએ શહેરાના જે સી.એચ.સી. અને કોઠંબાના સી.એચ.સી.માં જે જગ્યાઓ છે એ કયાં સુધી અને કેટલા સમયમાં ભરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન છે એ ફર્સ્ટ રેફરલ યુનીટ માગવાનો છે. આઈ.એચ.સી. પ્રોગ્રામ (અંતરાય) પ્રવિણભાઈ, બધી ખબરો રાખવાની જરૂર નથી. એક વખત ટી.વી. જોયા પછી તમારા બધાના મોઢા ઉતરી ગયા છે (અંતરાય) બધી ખબર છે ભાઈ, સાહેબ , એમની જે માગણી છે ફર્સ્ટ રેફરલ યુનીટની માગણી કરી છે. કેન્દ્ર સરકારની આર.સી.એચ.-૧ ની અંદર એફ.આર.યુ. આપવાનું હતું હવે નવો આર.સી.એચ. પ્રોગ્રામ આવ્યો છે એ પ્રમાણે બેઝીક ઈમરજન્સી ઓપ્થેમીક કેર યુનીટ આપી શકાય અને એ શહેરાને આપીશું અમે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : કોઠંબા અને શહેરામાં જે જગ્યા ડૉકટરોની ખાલી છે એ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ડૉકટરોની ખાલી જગ્યાઓ પૂરવાના અમારા પ્રયત્નો રહ્યા છે એ ઉપરાંત પણ શહેરાની હું વાત કહું તો ત્યાં ગાયનેકોલોજીસ્ટ નહીં મળ્યા પણ ચિરંજીવી યોજનાનો અમલ થયો એટલે ત્યાં એક જ ડૉકટર દ્વારા એક જ વર્ષની અંદર ૪૨૭ ડિલિવરી આ રાજય સરકારની ચિરંજીવી યોજના નીચે થઈ. અને એ આપ જાણો છો. એટલે અમારો એ પણ પ્રયત્ન છે કે શહેરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ક્લાસ-૧ ઓફિસરને લાવવા. એ પણ પ્રયત્ન છે કે ચિરંજીવી યોજના નીચે વધારે થાય અને ગરીબ માતાઓની પ્રસૂતિ વખતે કોઈ મુશ્કેલી ન પડે એ જાતની આપની જે ભાવના છે એ ભાવના રાજ્ય સરકારની પણ છે.

**શ્રી જેઠાભાઈ ઘ. ભરવાડ** : માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું.

### ધારી ખાતે કોર્ટ સંકુલ બનાવવા બાબત

***૨૦૨૫૬ શ્રી બાલુભાઈ તંતી (ધારી)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ધારી ખાતે કોર્ટ સંકુલ (કચેરી તેમજ ક્વાર્ટર) બનાવવા સરકારશ્રી વિચારે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ઉપરોક્ત સંકુલ કાર્યાન્વિત થશે?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ખાંભા અને ધારી આ બન્ને તાલુકાઓની સંયુક્ત કોર્ટ ધારી ખાતે આવેલી છે. આ કોર્ટ સંકુલમાં મામલતદાર ઑફિસ, પોલીસ સ્ટેશન, સ્ટૅમ્પ ડ્યૂટી રજિસ્ટ્રારની કચેરી એમ ચાર-પાંચ ઑફિસો આવેલી છે. આ કોર્ટ સંકુલનું કુલ ગ્રાઉન્ડ ૧૫૦ x ૧૫૦ ફુટમાં આવેલું છે. જેના લીધે અરજદારોને બેસવાની વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા, શૌચાલયની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા આ બધું અડચણરૂપ કોર્ટ કાર્યવાહીમાં પણ થાય છે. તો હું વિનંતી કરું છું કે આ વર્ષે આ સંકુલ સારું એવું બની જાય તો કોર્ટને અડચણરૂપ કેટલીક વસ્તુઓ બની રહી છે એ ન બને.

**શ્રી અશોક ભટ્ટ** : ગુજરાત હાઈકોર્ટ સાથે પરામર્શ કરી એમની રજૂઆત અંગે ચર્ચા કરીને તેમજ ડિસ્ટ્રિક્ટ જજ સાથે ચર્ચા કરીને એને અનુકૂળ કેવી રીતે કરી શકાય એ બાબતે ચોક્કસ કાર્યવાહી કરીશું.

**શ્રી બાલુભાઈ તંતી** :આપનો આભાર.

### ચિરંજીવી યોજનામાં સ્ત્રી રોગ નિષ્ણાતોની નોંધણી

***૧૯૪૧૧ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ચિરંજીવી યોજના અંતર્ગત યોજનાના અમલ પછી તા. ૩૧-૧-૦૭ સુધીમાં જિલ્લાવાર કેટલા સ્ત્રી રોગ નિષ્ણાતોએ નોંધણી કરાવી,

(૨) જિલ્લાવાર કેટલી પ્રસૂતિઓ થઈ, અને

(૩) તે પૈકી કેટલા નાણા ચૂકવવામાં આવ્યા ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ચિરંજીવી યોજના અંતર્ગત યોજનાના અમલ પછી તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ ૬૮૧ સ્ત્રી રોગ નિષ્ણાતોએ નોંધણી કરાવેલ છે. જે અંગે જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.
(૨) ચિરંજીવી યોજના અંતર્ગત યોજનાના અમલ પછી તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ ૪૩,૨૦૬ પ્રસૂતિ થયેલ છે. જે અંગે જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.
(૩) ચુકવણા અંગેનું પત્રક આ સાથે સામેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | નોંધાયેલ સ્ત્રી રોગ નિષ્ણાંત | થયેલ પ્રસૂતિ | થયેલ ચુકવણું (રૂા.) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગાંધીનગર | ૨૪ | ૧૨૨ | ૨૧૮૯૯૦ |
| ૨ | મહેસાણા | ૩૮ | ૬૦૮ | ૧૦૯૧૩૬૦ |
| ૩ | પાટણ | ૧૫ | ૬૮૫ | ૧૨૨૯૫૭૫ |
| ૪ | સાબરકાંઠા | ૪૪ | ૫૩૯૬ | ૯૬૮૫૮૨૦ |
| ૫ | બનાસકાંઠા | ૫૮ | ૬૭૫૫ | ૧૨૧૨૫૨૨૫ |
| ૬ | અમદાવાદ | ૧૦૪ | ૫૨૮ | ૯૪૭૭૬૦ |
| ૭ | ખેડા | ૨૭ | ૪૮૨ | ૮૬૫૧૯૦ |
| ૮ | આણંદ | ૨૭ | ૬૯૫ | ૧૨૪૭૫૨૫ |
| ૯ | સુરેન્દ્રનગર | ૧૯ | ૩૨૫ | ૫૮૩૩૭૫ |
| ૧૦ | વડોદરા | ૫૦ | ૫૮૩ | ૧૦૪૬૪૮૫ |
| ૧૧ | પંચમહાલ | ૨૯ | ૧૨૦૩૮ | ૨૧૬૦૮૨૧૦ |
| ૧૨ | દાહોદ | ૧૫ | ૮૯૦૬ | ૧૫૯૮૬૨૭૦ |
| ૧૩ | ભરૂચ | ૨૧ | ૧૪૮ | ૨૬૫૬૬૦ |
| ૧૪ | નર્મદા | ૨ | ૮૬ | ૧૫૪૩૭૦ |
| ૧૫ | સુરત | ૫૯ | ૮૨ | ૧૪૭૧૯૦ |
| ૧૬ | નવસારી | ૭ | ૧૪૭ | ૨૬૩૮૬૫ |
| ૧૭ | વલસાડ | ૮ | ૫૧ | ૯૧૫૪૫ |
| ૧૮ | આહવા-ડાંગ | ૨ | ૯ | ૧૬૧૫૫ |
| ૧૯ | રાજકોટ | ૪૨ | ૨૩૬ | ૪૨૩૬૨૦ |
| ૨૦ | જામનગર | ૨૧ | ૪૨ | ૭૫૩૯૦ |
| ૨૧ | કચ્છ | ૨૨ | ૪૭૭૯ | ૮૫૭૮૩૦૫ |
| ૨૨ | ભાવનગર | ૧૫ | ૨૪૯ | ૪૪૬૯૫૫ |
| ૨૩ | અમરેલી | ૬ | ૩૬ | ૬૪૬૨૦ |
| ૨૪ | જૂનાગઢ | ૧૯ | ૧૨૪ | ૨૨૨૫૮૦ |
| ૨૫ | પોરબંદર | ૭ | ૯૪ | ૧૬૮૭૩૦ |
| | **કુલ** | **૬૮૧** | **૪૩૨૦૬** | **૭૭૫૫૪૭૭૦** |

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ સગર્ભા માતા અને પ્રસૂતા માટે આશીર્વાદરૂપ એવી આ ચિરંજીવી યોજના કે જેને એશિયન ઈનોવેટીવ એવોર્ડ પણ પ્રાપ્ત થયો. સાચા અર્થમાં ભારતીય જનતા પક્ષ એ છેવાડાના માનવીની ચિંતા કરનાર પક્ષ છે એ આ યોજના પરથી ફળીભૂત થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે. આમ તો કહેવાય છે કે કોંગ્રેસ કે હાથ, આમ આદમી કે સાથ, પણ હમણાં ચૂંટણીઓમાં ફળીભૂત થઈ ગયું કે કોંગ્રેસ કે હાથ, ગરીબો કા મોત. આ મારે એટલા માટે કહેવું પડ્યું કે ગરીબો માટે તમે નથી પણ ગરીબોની ચિરંજીવી યોજના લાવનારી આ સરકાર છે. આખા રાજ્યમાં ૪૩,૨૦૬ પ્રસૂતીઓ થઈ એ ગરીબ મહિલાઓની થઈ. રૂપિયા ૭,૭૫,૫૪,૭૭૦ જેટલી માતબર રકમ આ ગરીબ બહેનો માટે આ સરકારે વાપરી. એટલા માટે સરકારને અભિનંદન આપું છું. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કેટલી માતાઓ અને બાળકોના મૃત્યુ આપણે અટકાવી શક્યા અને દેશના અથવા અન્ય કોઈ રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી કે સચિવશ્રીએ આ યોજના અમલીકરણ માટે વધારે કોઈ માહિતી માગી છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રીએ જે ચિરંજીવી યોજનાને આવકાર આપ્યો તે બદલ આભાર માનું છું. એમનો પ્રશ્ન બહુ સાચો છે કે રાજ્યમાં અને દેશમાં પણ ઘણા વર્ષોથી માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર નીચો લાવવા માટેનું ચિંતન થતું હતું. આ સભાગૃહમાં ૧૯૯૦ અને એ પહેલાના વર્ષોમાં આપણા દર હજારે ૬૮

બાળકોના મૃત્યુ થતાં હતાં અને દર હજારે ૪ માતાનો મૃત્યુ દર હતો. આ દરને નીચો લાવતા લાવતા કોઈ પરિણામ ન આવ્યું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક ચિંતન કરીને આ યોજનાને જન્મ આપ્યો. પરિણામ એ આવ્યું કે આ યોજનાના કારણે કેટલીક માતાઓના મૃત્યુ અટકાવી શકાયા. આ યોજના અમલમાં ન હોત તો ૯૮ માતાઓ મૃત્યુ પામતી અને ૧૦૦૦ કરતાં વધારે બાળકો મૃત્યુ પામતા. એ આપણે અટકાવી શક્યા છીએ. ૯૮ કરતાં વધારે માતાઓના મૃત્યુ આ પાંચ જિલ્લાઓમાં આપણે અટકાવી શક્યા છીએ. એટલા માટે આ યોજના માટે સમગ્ર દેશ અને દુનિયામાં યુ.એન.એફ.પી., આઈ.આઈ.એમ. અમદાવાદ જેવી સંસ્થાઓએ અને આયોજન પંચે પણ આ યોજનાને રાષ્ટ્રવ્યાપી કરવાના પ્રયત્નો કર્યા છે. સૌથી વધારે ઘણીવાર એવોર્ડની વાત કરુ છું •*(xxxxxxx) હકીકતો હોય છે એ હકીકતો કહ્યાં વીના રહેવાતું નથી. આ રાજ્ય સરકારને સિંગાપુરથી પ્રગટ થતું વાણિજ્ય જનરલ જે દુનિયાનું એક સારામાં સારુ જનરલ ગણાય છે. The Well Strengthen Journal, Asia એણે Asia Innovation Award નક્કી કર્યો અને ગુજરાતને Asia Innovation Award ૨૦૦૬ માટે ૧૪ દેશોમાંથી ૨૨૪ ઉમેદવારી આવી હતી, તેમાંથી ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે માતા મૃત્યુ ઘટાડવા ચિરંજીવી યોજનાને એવોર્ડ આપેલ છે અને આ એવોર્ડ ૩૧મી ઑક્ટોબર ૨૦૦૬ નાં રોજ મળ્યો, એ પણ થયું. એટલું જ નહિ, પરંતુ W.H.O. એ જીનીવા કોન્ફરન્સની અંદર આનું ખાસ presentation રાખ્યું અને આપણા અધિકારીઓને બોલાવ્યા કે વિશ્વની અંદર માતા મૃત્યુ દર ઘટાડવો હોય તો કેવી રીતે ઘટાડી શકાય? એટલા માટે એક presentation ત્યાં થયું. એ જ પ્રમાણે અમદાવાદ IIM માં presentation થયું, ભારત સરકારની અંદર થયું, મહારાષ્ટ્રની અંદર થયું, F.C.C.I. એ આની માગણી કરી, International Council for Management of Population Programmd એણે પણ આ અંગે એક presentation મલેશિયાની અંદર કર્યું એટલે આ ચિરંજીવી યોજના ગુજરાતના ગરીબ ઝૂંપડામાં વસ્તી બહેનો માટે શરૂ થયેલી યોજના, એનો મૃત્યુ દર અટકાવવા શરૂ થયેલ યોજના, હવે વિશ્વ એના તરફ જોઈ રહ્યું છે અને હું માનનીય સભાગૃહના સભ્યોને વિનંતી કરું છું કે પોતાના વિસ્તારની અંદર એ ચિરંજીવી યોજના વધુ સફળ થાય અને એમાં જો કોઈ તજજ્ઞ જોડાવવા માગતા હોય તો હું આ પક્ષના ધારાસભ્યો કે પેલા પક્ષના ધારાસભ્યોની વાત નથી કરતો હું કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રીઓને અને આ પક્ષના ધારાસભ્યશ્રીઓને સાચા હ્રદયથી પ્રાર્થના કરું છું કે એમના વિસ્તારની અંદર ચિરંજીવી યોજના માટે જે તજજ્ઞ જોડાવવા માગતા હોય તેના નામ આ સભાગૃહ દરમ્યાન આપે તો આ યોજનાને વધારે વ્યાપ મળે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે પ્રાઈવેટ હૉસ્પિટલની અંદર આ ચિરંજીવી યોજનાનો લાભ પ્રસૂતાને આપવા માગે છે કે કેમ? અને જો ના તો આવી કોઈ વ્યવસ્થા ઊભી કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી હૉસ્પિટલ પણ આની સાથે જોડાઈ રહી છે અને ૬૮૧ ખાનગી હૉસ્પિટલ ધરાવતા તજજ્ઞો મારી સાથે જોડાયા છે. મારી આપને વિનંતી છેકે આપના વિસ્તારના તજજ્ઞો ના જોડાયા હોય તો આજે મને કહેશો તો હું આવતીકાલે એને જોડી આપીશ. આ યોજનાનું પહેલું પાસુ એ છે કે રૂપિયા આપ્યા એના આંકડા મુક્યા છે પણ જે ડૉકટર એની સાથે જોડયાને એને ૨૫૦૦૦ નો ચેક આપણે પહેલા આપીએ છીએ, જોડાય તેને એડવાન્સ પેમેન્ટ કરવામાં આવે છે અને એટલા માટે હું સૌને વિનંતી કરું છું કે, આપના વિસ્તારની અંદર ચિરંજીવી યોજના માટે જોડાય.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં gynaecologists કે જે સરકારમાં ઉપલબ્ધ નહોતા અને ના મળ્યા એના કારણે પ્રાઈવેટ ડૉકટરો સાથે સંકલન કરી આ ચિરંજીવી યોજનાની અમલવારી કરી. યોજના સારી છે પણ મારે એક વાત કરવી છે આખું પત્રક આપ્યું છે એમાં સુરત, ભરૂચ, નર્મદા, વલસાડ, જામનગર એટલા માટે કે આ ટ્રાયબલ એરિયા છે એ ટ્રાયબલ એરિયામાં થયેલ પ્રસૂતિની સંખ્યા બિલકુલ ઓછી છે એમ કહીએ તો ચાલે. જે ટ્રાયબલ એરિયા છે એ વિસ્તારમાં સંખ્યા ઓછી છે એનો અર્થ એ છે કે આની જાણકારી ઓછી છેતો ટ્રાયબલ એરિયાનો જે ગરીબ અને મધ્યમવર્ગનો વિસ્તાર છે એ વિસ્તારમાં વધુ વ્યવસ્થિત રીતે કાર્યવાહી થાય એ માટે રાજ્ય સરકાર શું કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વિસ્તારની અંદર મેં મુલાકાત પણ લીધેલી, ડૉકટરોને મળ્યો છું અને હજુ પણ મારી આપને વિનંતી છે જેમના વિસ્તારની અંદર આવું છે એ આજે જોઈ લે અને જે વિસ્તારની અંદર ખાનગી તજજ્ઞો નથી જોડાયા એ તજજ્ઞોના નામ આપે તો પણ હું એમનો સંપર્ક કરીને એમને આ યોજનામાં જોડવા માટેનું આમંત્રણ આપીને એ વિસ્તારની અંદર પણ મારી જવાની તૈયારી છે.

---

• *(xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**કચ્છ જિલ્લામાં બ્લડબેંકોની માન્યતા**

***૨૦૨૯૬ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી બ્લડબેંકોની માન્યતા આપવામાં આવી,

(૨) બ્લડબેંકોની દરખાસ્તો પૈકી કેટલી દરખાસ્તો પેન્ડીંગ છે,

(૩) આવી દરખાસ્તો પડતર રહેવાના કારણો શાં છે, અને

(૪) બ્લડબેંકોની પડતર દરખાસ્તોની માન્યતા કેટલા સમયમાં આપવામાં આવનાર છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ભૂજ ૪
અંજાર તાલુકો ૧
ગાંધીધામ તાલુકો ૧
માંડવી તાલુકો ૧
કુલ ૭

(૨) કચ્છ જિલ્લામાં એક.

(૩) બ્લડબેંક દ્વારા ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફયુઝન અમદાવાદનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ ન કરેલ હોવાના કારણે.

(૪) બ્લડબેંક દ્વારા જરૂરી પૂર્તતા થયા બાદ પરવાના આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તેમના જવાબમાં બ્લડ બૅન્કની દરખાસ્ત પૈકી એક દરખાસ્ત પેન્ડિગ છે, કચ્છ-ભૂજમાં એ સંસ્થા કોણ છે અને એની માન્યતા કેટલા સમયમાં આપવામાં આવશે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બ્લડ બૅન્કની માન્યતા માટે રાજય સરકારનો ડ્રગ વિભાગ અને કેન્દ્ર સરકારના એક અનુરોધ પ્રમાણે ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફૉર બ્લડ ટ્રાન્સફયુઝનનું એક ઈન્સ્પેકશન કરવાનું હોય છે અને એમાં જે વાંધાઓ ઊભા કર્યા હોય એની પૂર્તતા કરવાની હોય છે, એ ઈન્સ્પેકશન થઈ ગયું છે અને એનો ઈન્સ્પેકશનનો રિપૉર્ટ આ ટ્રસ્ટને મોકલી આપવામાં આવે છે આ એક છે, ટ્રસ્ટ એની પૂર્તતા કરે તો આ અંગે વિચારણા કરી શકાય એટલે ટ્રસ્ટે જે પૂર્તતા કરવાની છે, જે પ્રકારની જોગવાઈઓ, આ પ્રકારની બ્લડ બૅન્કમાં જોઈએ એની પૂર્ણતા થાય અને એનો અહેવાલ આ તજજ્ઞ સમિતિનો આવી જાય પૂર્તતાનો ત્યાર પછી એનો વિચાર કરી શકાય.

**કચ્છ જિલ્લામાં રાજય ધોરી માર્ગ, જિલ્લા માર્ગ અને ગ્રામ્ય માર્ગો મંજૂર કરવા બાબત**

***૨૦૧૦૭ શ્રી છબીલભાઈ ના. પટેલ (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

-

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના છેલ્લા એક વર્ષમાં કયા કયા રાજય ધોરી માર્ગો, જિલ્લા માર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો, ગ્રામ્ય માર્ગો કઈ કઈ યોજનામાં મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) તે પૈકી કયા કયા રસ્તાઓનાં કામો શરૂ કરવામાં આવ્યા નથી, અને

(૩) તે કામો ક્યારે શરૂ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) અને (૨) : પત્રક મુજબ

(૨) જે કામ શરૂ નથી કર્યા તે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી, ટેન્ડર મંજૂર થયે બને તેટલી ઝડપથી.

પત્રક

તા.૩૧.૧.૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં (તા.૩૧.૧.૦૬ થી તા.૩૧.૧.૦૭) દરમ્યાન

મંજૂર થયેલ કામોની વિગત

| ક્રમ | રસ્તાનું નામ | કક્ષા | લંબાઇ/નાળા | યોજના | કામ શરૂ થયેલ છે ? હા/ના |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ભૂજ-લખપત | રા.ધો.મા | - ૬ કી.મી.<br>- ૧.૨૦ કી.મી. | સીઆરએફ<br>પ્રવાસીપથ | ના<br>હા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | - ૬.૩૫ કી.મી.<br>- ૧૬.૬૫ કી.મી. | ડીપોઝીટ કામ<br>ડીપોઝીટ કામ | હા<br>હા |
| ૨ | ભૂજ-ખાવડા-કુંવરબેટ | રા.ધો.મા. | - ૩.૨૦ કી.મી.<br>- ૧ મોટો પુલ | બી.એડી.પી.<br>પુરમરામત | ના<br>ના |
| ૩ | લખપત-કોટેશ્વર | રા.ધો.મા. | - ૧ નાનો પુલ | ખાસ મરામત | હા |
| ૪ | ભૂજ-નાગોર-લોડાઇ | રા.ધો.મા. | ૨ નંગ બોક્ષ કલ્વર્ટ | ખાસ મરામત | હા |
| ૫ | ભૂજ-અંજાર-ખારીરોહર | રા.ધો.મા. | - ૬.૦ કી.મી.<br>- ૧.૦ કી.મી. | ૧૨ મા નાણા<br>પંચ વિકાસપથ | હા<br>હા |
| ૬ | મુન્દ્રા-લુણી-ગુંદાલા | રા.ધો.મા. | - ૬.૦ કીમી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૭ | અંજાર-તુણા | રા.ધો.મા. | - ૪.૩૬૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૮ | કોટડા-બીટા | રા.ધો.મા. | - ૮.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૯ | ભચાઉ-રામવાવ-રાપર-આડેસર | રા.ધો.મા. | - ૧૨.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૧૦ | ખાવડા કુનરીયા | રા.ધો.મા. | - ૧૨.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૧૧ | નલીયા-જખો-જખો પોર્ટ | રા.ધો.મા. | - ૪.૨૫ કી.મી. અને - ૧ નાનો પુલ | ૧૨ મા નાણા પંચ | હા |
| ૧૨ | ગઢશીશા-હાલાપર | રા.ધો.મા. | - ૧.૪૦ કી.મી. અને -૧ નાનો પુલ | ૧૨ મા નાણા પંચ | હા |
| ૧૩ | ભૂજ-મુન્દ્રા | રા.ધો.મા. | - ૧૩.૦ કી.મી.<br>- ૧ મોટો પુલ | ૧૨ મા નાણા<br>પંચ<br>ખાસ મરામત | હા<br>હા |
| ૧૪ | નખત્રાણા-નીરોણા લોરીયા | રા.ધો.મા. | - ૨ નાના પુલ | ખાસ મરામત | ના |
| ૧૫ | ભૂજ-કુકમા દુધઇ ભચાઉ | રા.ધો.મા. | - ૨.૩૦ કી.મી. | વિકાસપથ | હા |
| ૧૬ | માંડવી-કોંડાય-રાયણ | રા.ધો.મા. | - ૨ બોક્ષ કલ્વર્ટ | ખાસ મરામત | ના |
| ૧૭ | ચિત્રોડ-રાપર ધોળાવીરા | રા.ધો.મા. | - ૩.૫૦ કી.મી.<br>- ૫ બોક્ષ કલ્વર્ટ | પ્રવાસી પથ<br>પુર મરામત | ના<br>ના |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૮ | રાપર-નેત્રા-તેરા | રા.ધો.મા. | - ૧ કોઝવે | પુર મરામત | ના |
| ૧૯ | ઘડુલી-ધારેશી-પાન્દ્રો | મુ.જી.મા. | - ૧૭.૦ કી.મી. | ડીપોઝીટ કામ | હા |
| ૨૦ | સામખીયાલી સાંધાઇ કંથકોટ | મુ.જી.મા. | - ૫.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૨૧ | બીદડા-ભાઠીયા-આસંબીયા | મુ.જી.મા. | - ૮.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૨૨ | ભીરડીયારા-ધોરડો | મુ.જી.મા. | - ૯.૦ કી.મી. | ખાસ મરામત | હા |
| ૨૩ | લાકડીયા કટારીયા રોડ | મુ.જી.મા. | - ૧૦.૦ કી.મી. | સીઆરએફ | હા |
| ૨૪ | કોઠારા-સાંધઉ ભાચુંડા બીટીયારી રસ્તો | અ.જી.મા. | - ૧ કોઝવે | ખાસ મરામત | હા |
| ૨૫ | ખાવડા-લુડીયા-અંધો દધ્ધર નાની મોટી એપ્રોચ રસ્તો | અ.જી.મા | - ૪ બોક્ષ કલ્વર્ટ | ખાસ મરામત | ના |
| ૨૬ | ધોરીયામી-કુંભારીયા રોડ | અ.જી.મા. | - ૪.૦ કી.મી. | નાબાર્ડ યોજના | હા |
| ૨૭ | અમરારતા ડીપ ભાટુ એયર રોડ | અ.જી.મા | - ૭.૦ કી.મી. | નાબાર્ડ યોજના | હા |
| ૨૮ | બનીયારી એપ્રોચ રોડ | અ.જી.મા. | - ૬.૦ કી.મી. | નાબાર્ડ યોજના | હા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯ | સાડાઉ બોરારા રોડ | અ.જી.મા. | - ૬.૦ કી.મી. | નાબાર્ડ યોજના | હા |
| ૩૦ | ડેડીયા આંબરાઇ હામપર રોડ | અ.જી.મા. | - ૫.૦ કી.મી. | નાબાર્ડ યોજના | હા |
| ૩૧ | તેરા-બારા લાખણીયા રસ્તો | ગ્રા.મા. | - ૧ કોઝવે | પુર મરામત | ના |
| ૩૨ | સિંઘોડી એપ્રોચ રસ્તો | ગ્રા.મા. | - ૧ કોઝવે | પુર મરામત | ના |
| ૩૩ | ગુહર ગુગરીયાણા રોડ | ગ્રા.મા. | - ૨.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૩૪ | નાનાવાડા એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૧.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૩૫ | ફતેગઢ એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૧.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૩૬ | દેશલપર એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૧.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૩૭ | મોબા-કુંદરડી બગડા રોડ | ગ્રા.મા. | - ૬.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | ના |
| ૩૮ | લીબર વંગ રોડ | ગ્રા.મા. | - ૬.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | ના |
| ૩૯ | રોહા એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૨.૦ કી.મી. | ૧૨ મા નાણા પંચ | હા |
| ૪૦ | કાળોડુંગર એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૭.૦ કી.મી. | પ્રવાસી પથ | ના |
| ૪૧ | ભદ્રેશ્વર જૈનતીર્થ એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૨.૦ કી.મી. | પ્રવાસી પથ | ના |
| ૪૨ | નખત્રાણા વ્યારા જાડાયરોડ | ગ્રા.મા. | - ૪.૦ કી.મી. | બજેટ કામ | ના |
| ૪૩ | ગેડી પાબુનગર રોડ | ગ્રા.મા. | - ૦.૮૦ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |
| ૪૪ | થાનપર શક્તિનગર રોડ | ગ્રા.મા. | - ૫.૧૦ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |
| ૪૫ | પંજાબીવાંઢ એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૩.૦૦ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |
| ૪૬ | ધ્રાગડવાંઢ એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૧.૧૫ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |
| ૪૭ | વીડી બગીચા એરીયા એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૦.૬૦ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |
| ૪૮ | વરેસા મેડી શાંતિધામ રોડ | ગ્રા.મા. | - ૨.૫૦ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |
| ૪૯ | ચકાર મોઢા વાંઢ એપ્રોચ રોડ | ગ્રા.મા. | - ૧.૫૦ કી.મી. | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ના |

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં માંડવી અને ગઢશીશા વચ્ચેનો જે રોડ છે એ ભારે વાહનોના કારણે, ચાઈના-કલે અને બેન્ટોનાઈટ અને એના એટલા બધા મોટા ટ્રેલરો રસ્તા પરથી પસાર

થાય છે એના કારણે રોડ દબાઈ ગયો છે, પચાસની સ્પીડે પણ જઈ શકાતું નથી, તો માનનીય મંત્રીશ્રી એ રોડને જલદીમાં જલદી, માનવના સારા હેતુ માટે કરવા માગે છે કે કેમ અને બીજો એક, જિલ્લા પંચાયતે રોડ છે એ આનંદસરથી થરાડા, સુધીનો રોડ, નખત્રાણા તાલુકાનો છે એ પણ એવી હાલતમાં છે તો આ બંને રોડ ઉપર ધ્યાન દઈ જલદી કરવા માગે છે કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના છેલ્લા એક વર્ષમાં કયા કયા રાજય ધોરી માર્ગો, જિલ્લા માર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો, ગ્રામ્ય માર્ગો કઈ કઈ યોજનામાં મંજૂર કરવામાં આવ્યા છે, એમાં જે રસ્તાઓનું લિસ્ટ આપ્યું છે એમાં હા-ના કરવામાં આવી છે કે જે મંજૂર કરીને ચાલુ કરવામાં આવ્યા છે અને બાકીની શું સ્થિતિ છે પરંતુ સભ્યશ્રીએ જે ગઢશીશા - હાલાપર રસ્તા માટે પૂછયું છે, જે ૪૯ રસ્તાઓમાં જે છે એ રસ્તાઓની તમને માહિતી આપી શકું બાકીની માહિતી તમારે જોઈતી હોય, પણ ગઢશીશાનો રાજય ધોરી માર્ગ જે છે એ અત્યારે એક યોજનામાં લીધો છે અને આગામી દિવસોમાં એનું કામ હાથ ધરવાની વિચારણા છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મંજૂર થયેલા કામો છે એની પાછળ કુલ કેટલો ખર્ચ થવાનો છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં જે વિવિધ રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે એ ૪૯ રસ્તાઓ છે અને કુલ કામો ૫૬ છે અને એમાં અંદાજી ખર્ચ ૪૯૮૭ લાખ અને ૩ હજાર રૂપિયા થવાનો અંદાજ છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં શરૂ ન કરાયેલા કામો કેટલા છે, કયા કયા છે અને તે ક્યારે મંજૂર કરવામાં આવશે ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : મંજૂર તો ૪૯ રસ્તાના કામો કરી દીધા છે અને એમાંથી ૩૩ કામો શરૂ થઈ ગયા છે, ૨૩ કામો શરૂ કરવાના બાકી છે એમાં ૪ કામો ટેન્ડરની મંજૂરીમાં છે, ૧૬કામોન ટેન્ડરો માગેલ છે અને ૩ કામો તાંત્રિક મંજૂરીમાં છે ૨૩ રસ્તાઓ માટે એમણે પૂછયું છે એમાં ભૂજ-લખપત રોડ, ખાવડા-કુંવરબેટ-ધરમશાળા રોડ,ખાવડા-લખપત-મોટોપુલ રોડ,લખપત-કોટેશ્વર, ભૂજ-નાગોર-લોડાઈ, નખત્રાણા-નીરોણા લોરીયા, ડેડીયા આંબરાઈ હામપર રોડ( અંતરાય) એમણે પૂછયું છે એટલે આપી દઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ આવી ગયા છે, પ્લીઝ, ચાલો.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, કાળા ડુંગર એપ્રોચ રોડ બહુ મહત્વનો રસ્તો છે. આ રસ્તો વહેલી તકે બનાવે એવી વિનંતી છે. કેટલા સમયમાં એ રસ્તો શરૂ થશે એ આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૯ રસ્તાની માહિતી આપી છે. એમાંથી ૩૩ના કામો ચાલુ કરી દીધા છે. ૨૩ પ્રક્રિયા હેઠળ છે. અમે બધા કામો સમયમર્યાદાની અંદર પૂર્ણ કરવા માગીએ છીએ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, ભચાઉ તાલુકાનો ગુણાતીતપુર નવી ભચાઉ રસ્તો કયારે શરૂ કરવામાં આવશે અને અધૂરો રસ્તો પૂરો કરવા માટે શું કાર્યવાહી કરવામાં આવી છે? કારણકે લોકોને લાંબા સમયથી ખૂબ મુશ્કેલી પડે છે. એક -બે વર્ષથી મેટલ નાખીને મૂકી દીધો છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ૪૯ રસ્તા પૂરતો છે. ૪૯ રસ્તામાં એ રસ્તો નથી. સભ્યશ્રીનું સૂચન ચોકકસપણે ધ્યાને લઈને રસ્તો પૂર્ણ કરાવીશ.

**હળવદ-ટીકર રોડ અને મૂળી સાયલા રોડ બિસ્માર હોવા બાબત**

***૨૦૦૦૨ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સ્ટેટ હસ્તકના હળવદ-ટીકર રોડ અને મૂળી-સાયલા રોડ હાલ ખૂબ જ બિસ્માર હાલતમાં હોવાની હકીકત સાચી છે,
(૨) જો હા, તો બંને રોડના રીપેરીંગનો બજેટમાં સમાવેશ થયેલ છે કે કેમ, અને
(૩) જો હા, તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.
(૨) અને (૩) હળવદ-ટીકર તેમજ મૂળી-સાયલા રસ્તા પર અનુક્રમે રૂ.૧૫૯.૧૩લાખ તેમજ રૂ. ૧૨૪.૮૬લાખના મંજૂર કરાયેલા કામો પ્રગતિમાં છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી પ્રશ્ન પૂછવા ઊભા થવાની હિંમત કોઈ કરતા નથી અને ૧૪ નંબરનો પ્રશ્ન આવી ગયો.(અંતરાય) ૩-૩ વખત આવી ગયા અને ચોથી વખત ડંકાની ચોટ ઉપર

આવશે. માનનીય અધ્યક્ષશ્રી, કાંઈ વાંધો નહીં. આપના દ્વારા હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મૂળી-સાયલા અને હળવદ-ટીકર રસ્તો એ બે રસ્તાના હાલના તબકકે કામ ચાલુ છે પણ મારે આપની પાસેથી એ જાણવું છે કે ટીકર-હળવદ રસ્તા ઉપર ૪૦-૪૦ ટનની મીઠાની ગાડીઓ ચાલે છે. એ રસ્તો વધારે ખરાબ થઈ જાય છે. તો સારા મટિરિયલથી મૂળી-સાયલાનો આખો રસ્તો કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હળવદ-ટીકર રોડ પૂર્ણ કરવા માટે કાર્યવાહી શરૂ કરી છે. સભ્યશ્રીએ જણાવ્યું છે એ મુજબ મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. રસ્તો બાકી રહે છે એમાં બાકીના કિલોમીટર ૧૨-૪ થી ૧૫-૦ સુધીનો એનો આગામી યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૦૦૭-૦૮માં લેવાના છીએ. બાકીના બે કિલોમીટર રહી જાય છે એના માટે આયોજન કર્યું છે. એટલે બે કામોમાં એક કામમાં ૮૪લાખ અને બીજા કામમાં ૩૭લાખના ખર્ચે હળવદ-ટીકર રોડનું આયોજન કર્યું છે. આખો રોડ પૂર્ણ થાય એ પ્રકારનું આયોજન કર્યું છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક સૂચન કરવું છે. ૪૦-૪૦ટનની ગાડીઓ ચાલે છે. મેં લગભગ દોઢ બે વર્ષ પહેલા વિભાગને પત્ર લખેલો. સુપ્રીમ કોર્ટે જજમેન્ટ આપ્યું. ૧૦ટનની ગાડીઓ બંધ થઈ ગઈ છે. ૨૫ટનથી ઓછી એક પણ ગાડી ચાલતી નથી. એટલે રસ્તાનું જે સ્ટ્રેન્ધનીંગ છે એનો અભ્યાસ કરીને કે આટલા ટનની ગાડી ચાલે તો કેટલું સ્ટ્રેન્ધનીંગ હોવું જોઈએ એનું વૈજ્ઞાનિક પરીક્ષણ, અભ્યાસ કરવો જોઈએ એવું હું માનું છું. મંત્રીશ્રીને સૂચન કરું છું કે ૪૦ ટનની મોટી ચોરસ ગાડી નીકળે છે તો સ્ટ્રેન્ધનીંગ એટલું છે કે નહીં એને માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે મંત્રીશ્રી કાંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન ખૂબ સારું છે. રાજય સરકારે અને માર્ગ અને મકાન વિભાગે બે વર્ષથી આ દિશામાં પ્રગતિ કરી છે. વર્લ્ડ બેંક પ્રોજેકટમાં આ પ્રકારની કાળજી લેવાઈ છે. ગત વર્ષે વિધાનસભામાં પ્રગતિ પથ યોજનામાં ઈસ્ટ, વેસ્ટ, નોર્થ, સાઉથ ગુજરાતના કોરીડોરને જોડવા માટે પ્રયત્ન કર્યો. એમાં પણ આ પ્રકારની જોગવાઈ લીધી છે. આગામી દિવસોમાં બંદરીય ક્ષેત્રે, બંદરોનો વિસ્તાર અને બાકીનો ઔદ્યોગિક વિસ્તાર રહેલ છે, એના માટેના સરવેની કાર્યવાહી ચાલી રહેલ છે, એની સરવેની કાર્યવાહીમાં સભ્યશ્રીનું સૂચન ચોક્કસપણે ધ્યાન ઉપર લઈશું.

### દેરોલ વાગરા ગંધાર રસ્તો બિસ્માર હોવા બાબત

***૧૮૬૬૪ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

(૧) ભરૂચ જિલ્લાના ગંધાર તેલક્ષેત્રને જોડતો દેરોલ-વાગરા-ગંધાર રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે

(૨) આ રસ્તો નવેસરથી કારપેટ કરવા કેટલી રકમના ટેન્ડરો ક્યારે ક્યારે બહાર પાડવામાં આવ્યા અને

(૩) કઈ એજન્સીને કેટલી રકમના ટેન્ડર મંજૂર કરી કામો શરૂ કરવા મંજૂરી આપવામાં આવી?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ના, જી. રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

(૨) આ રસ્તાના કિ.મી. ૦/૦-૮/૦ અને ૧૪/૦-૨૧/૬ ના કામના મજબુતીકરણની કામગીરીના ટેન્ડર તા. ૨૮-૪-૦૬ અને તા. ૫-૧૨-૦૬ ના રોજ બહાર પાડેલ.

(૩) મે. ગાયત્રી કન્સ્ટ્ર.ખેરાલુનું રૂપિયા ૨૭૩.૮૭ લાખની રકમનું ટેન્ડર કામ શરૂ કરવા અર્થે મંજૂર કરવામાં આવેલ.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા વિસ્તારમાં દેરોલ-વાગરા-ગંધાર રસ્તાની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે. વારંવાર બસ વ્યવહાર બંધ થાય છે, આથી પ્રજાને પારાવાર હાડમારી વેઠવી પડે છે. છેલ્લા એક વર્ષથી રસ્તાનું કામ મંજૂર થયું હોવા છતાં આજે ટેન્ડર ફાઇનલ થઈ શકતું નથી. મંત્રીશ્રીના ધ્યાન ઉપર લાવવા માગું છું કે નાણા વિભાગ અવાર-નવાર ટેન્ડર નામંજૂર કરે છે. એક વર્ષ પછી પણ કામગીરી શરૂ થઈ નથી. તા. ૨૮-૪-૨૦૦૬ અને તા. ૫-૧૨-૨૦૦૬ એમ બે વાર ટેન્ડરો કયા કારણથી બહાર પાડવામાં આવ્યા અને આ ટેન્ડરો કયાં સુધીમાં ફાઇનલ કરાવી કામ શરૂ કરવા માગો છો? ગાયત્રી કન્સ્ટ્રકશન-ખેરાલુએ આ કામ શરૂ ન કરતાં બીજા ને ત્રીજા આ કામના ઠેકેદારને મંજૂરી ન આપવાનાં કયાં કારણો છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાના દેરોલ-વાગરા-ગંધારનો રસ્તો ૫.૫ કિ.મી. કરવાનો નિર્ણય કર્યો હતો. એની ટેન્ડરની પ્રક્રિયા જે હાથ ધરવામાં આવી એ ટેન્ડરની પ્રક્રિયા પછી જેનું ટેન્ડર આવ્યું હતું, તે સ્વીકારવા તૈયાર ન થયા અને ડિપોઝિટ ન ભરી અને પછીના બાકીના ફર્સ્ટ લોએસ્ટને કાર્યવાહી કરવાની સંમતિ ન આપી. એટલે સેકન્ડ લોએસ્ટ માટેની ઑફર કરવામાં આવી, પરંતુ એ પણ લોએસ્ટ ટેન્ડર સાથે મૅચ ન થયું. આ પ્રક્રિયા એ વહીવટી પ્રક્રિયા છે. એમાં જ્યારે એક કોન્ટ્રાક્ટર ફેઈલ જતો હોય ત્યારે બાકીની કાર્યવાહી હાથ ધરવામાં આવે, એટલા માટે થઈને ૮-૧૦ મહિનાનો એની પ્રક્રિયા કરવામાં સમય ગયો

અને અત્યારે બીજી વાર ટેન્ડર બહાર પાડી દીધા છે. તા. ૨૭-૧૨-૨૦૦૬ ના રોજ ટેન્ડર ખોલી નાખેલ છે અને એ ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં રહેલ છે. એ ટેન્ડર મંજૂર થાય એટલે વહેલામાં વહેલી તકે કાર્યવાહી હાથ ધરાશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ઈજારદાર ઉપર કોઈ પગલાં ભર્યાં છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ સરકાર વહીવટમાં અસરકારકતા લાવવાવાળી સરકાર છે અને સમગ્ર દેશને આના દર્શન કરાવ્યાં છે. માર્ગ અને મકાન વિભાગના ઈતિહાસમાં ૫૦ થી વધારે કોન્ટ્રાક્ટરોને સરકારની યાદીમાંથી બાકાત કર્યા હોય તેવી પહેલી સરકાર છે. આ ઈજારાદાર ફેઈલ ગયા. અત્યારે એ પ્રકારની સિસ્ટમ દાખલ કરી છે કે રિંગ ન થાય એ માટે લોએસ્ટ ટેન્ડર આવે અને ડિપોઝિટ ભરવા ન આવે તો એક વર્ષ માટે વિભાગના, સરકારના તમામ કામમાંથી મુક્ત કરીએ છીએ. આમાં પણ ઈજારદાર ફેઈલ ગયા હોય તો ૩ વર્ષ માટે સરકારની તમામ યોજનામાંથી મુક્ત કર્યો છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : એજન્સીને ટર્મીનેટ કરવાની પ્રક્રિયા એફ.ડી.આર. માં જાય છે. એમાં ઓછામાં ઓછા બે-ચાર વર્ષ નીકળી જાય છે, તો આ પ્રક્રિયાનો સૈદ્ધાંતિક નિર્ણય લઈ સમયસર કાર્યવાહી કરવા માગો છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ભૂતકાળના દિવસો હતા. સમય જતો હતો, પણ અત્યારે તાત્કાલિક અસરથી કાર્યવાહી કરીને પગલાં ભરીએ છીએ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગંધાર તેલ ક્ષેત્રમાં જે બેરલનો રસ્તો છે, એના ૫૦ ટકા મારી જાણ મુજબ ઓ.એન.જી.સી. ખર્ચ આપતી હોય છે, છતાં પણ વહીવટી પ્રક્રિયામાં મંત્રીશ્રીએ કહ્યું તેમ ૧૨ મહિના જેવો સમય પસાર થાય છે અને આ ટેકનિકલ કારણોસર ફરી પાછું નાણા ખાતામાં જાય અને ફરી પાછું કાંઈને કાંઈ થાય, તો આ મહત્ત્વના ૫૦ ટકા નાણાં તેલ ક્ષેત્રને મળતા હોય તો વહેલામાં વહેલી તકે રસ્તો મંજૂર થઈ અને કામગીરી શરૂ કરાવે તેવી મંત્રીશ્રી પાસેથી અપેક્ષા રાખું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : તમે એમ કહો છો કે ઓ.એન.જી.સી. ૫૦ ટકા નાણાં આપે છે? માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે સ્થિતિ છે અને ઓ.એન.જી.સી.ગુજરાતના જેટલા રસ્તાઓ વર્ષોથી વાપરે છે તે માટે મે પરામર્શ સમિતિમાં મુરબ્બી માલજીભાઈનું ધ્યાન દોર્યુ હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી લેવલે, રાજય સરકાર લેવલે વારંવાર ઓ.એન.જી.સી. નું ધ્યાન દોર્યુ છે. ઓ.એન.જી.સી. ગુજરાતના જેટલા રસ્તા વાપરે છે તેમાં ૫૦ ટકા ફાળો આપવો જોઈએ. પરંતુ ઓ.એન.જી.સી. પોઝીટીવ, હકારાત્મક અભિગમ દાખવતી નથી ત્યારે બાકીના વિસ્તારોમાં ઓ.એન.જી.સી.ના રસ્તા રાજય સરકારે કરવા પડે છે.

**નગરપાલિકાઓમાં દ્વિનોંધી હિસાબો રાખવા બાબત**

***૧૯૦૪૦ શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

(૧) રાજયની નગરપાલિકાઓમાં દ્વિનોંધી હિસાબ પધ્ધતિ મુજબ હિસાબો રાજવાની સરકારે સૂચનાઓ આપેલ છે, તે હકીકત સાચી છે અને,

(૨) આ પધ્ધતિ અમલમાં મૂકવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) હા,જી.

(૨) નોડલ એજન્સી દ્વારા ચાર્ટડ એકાઉન્ટન્ટસ રોકીને તેમના મારફતે કામગીરી કરવામાં આવી રહેલ છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. બે રાજયોમાં ભાજપને ભવ્ય વિજય અપાવ્યો અને કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે. આ લોકો સવારથી શોકમાં ડૂબી ગયા છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેટલી નગરપાલિકાઓમાં આ પધ્ધતિનો કયારથી અમલ થયો છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે તમામ નગરપાલિકાઓની અંદર દ્વિનોંધી હિસાબ પધ્ધતિ દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. તે માટે જે પધ્ધતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે તેના કારણે નગરપાલિકાઓમાં પ્રમાણિકતા અને પારદર્શકતા આગામી દિવસોમાં વધવાની છે. અત્યારે પ્રથમ તબકકે ૧૩૦ નગરપાલિકાઓમાં આ પ્રકારની કાર્યવાહી હાથ ધરી છે. જે નવી નગરપાલિકાઓ છે તે નવી નગરપાલિકાઓમાં આગામી દિવસોમાં આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા તા. ૨૬-૮-૨૦૦૫ના રોજ જાહેરાત થઈ ત્યારથી શરૂ કરવામાં આવેલ છે. જુદી જુદી નગરપાલિકાઓમાં દ્વિનોંધી હિસાબ પધ્ધતિ દાખલ થયેલ છે. તમામ ગુજરાતની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને આ સિસ્ટમથી જોડવા માગીએ છીએ. આગામી વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન ગુજરાતની તમામે તમામ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને આ ડબલ એન્ટ્રી એકાઉન્ટ સિસ્ટમથી જોડવામાં આવશે અને ગુજરાત દેશનું આ પ્રકારનું પ્રથમ રાજય હશે કે જેને આ પ્રકારે વહીવટમાં પારદર્શકતા અને પ્રમાણિકતાની અમલવારી શરૂ કરી છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કરવી છે કે આમ બહુ ચગી ન જવાય. પરિવર્તન જરૂર થયું છે. અહીંયાં પણ પરિવર્તન આવવાનું છે. મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની કે આ

દ્વિનોંધી હિસાબ પધ્ધતિ દ્વારા ગુજરાતની તમામે તમામ નગરપાલિકાઓમાં હિસાબ રાખવાનું નકકી કર્યુ છે. તેમાં નવી નગરપાલિકાઓ છે તેમાં ૨૭ જે નગરપાલિકાઓ છે તેમાં ચીફ ઓફિસર કાયમી નથી, તલાટી નથી તો વહીવટ કેમ કરે? આમાં પહેલાં એક નોંધી પધ્ધતિથી રોજમેળ લખાય છે તેવી સ્થિતિમાં ચીફ ઓફિસરની નિમણૂક કરવા માગે છે કે કેમ? દ્વિનોંધી હિસાબ પધ્ધતિ નવી નગરપાલિકાઓમાં કયારથી શરૂ કરવા માગે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જેસાભાઈને આજે પસ્વાતો થતો હશે કે આ કોંગ્રેસમાં કયાંથી આવી ગયા. ડૂબતા વાહણમાં કયાં આવી ગયા. આજે સ્થિતિ એ પ્રકારની થઈ છે કે જયારે આ દેશની અંદર ગુજરાત શહેરી ક્ષેત્રોમાં એક આગવા સ્વરૂપના વિકાસ સાથે રિફોર્મની પ્રક્રિયા આગળ ધપાવી રહયું છે ત્યારે પહેલી વખત આ સરકારે ચીફ ઓફિસરની ડાયરેકટ નિમણૂક કરીને લગભગ ૭૦ જેટલા ચીફ ઓફિસરોની ભરતી કરી છે અને બાકીના ૭૦ જેટલા ચીફ ઓફિસરોની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. હાલમાં ગયા અઠવાડિયે જે નવી નગરપાલિકાઓ છે તેમાં ચીફ ઓફિસરની જગ્યાઓ ભરવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે.

**ધંધુકા બરવાળા રાણપુર તાલુકામાં રોડ મંજૂર થવા બાબત**

***૨૦૨૯૦ શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધૂકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**ધંધુકા બરવાળા અને રાણપુર તાલુકામાં વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં પંચાયત અને રાજય હસ્તકના કુલ કેટલા રોડ મંજૂર કરવામાં આવ્યા છે?**

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

**૨૨ રસ્તાને મંજૂરી આપવામાં આવેલ છે, પરિશિષ્ટ-૧ મુજબ.**

**પરિશિષ્ટ-૧**

મા.મ.પંચાયત વિભાગ, અમદાવાદ

વર્ષ : ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં પંચાયત હસ્તક્ના મંજૂર થયેલ રસ્તાઓની વિગતઃ તા. ધંધુકા/બરવાળા/રાણપુર

| અ.નં. | યોજનાનું નામ | કામનું નામ | તાલુકો | લંબાઈ | અંદાજી રકમ | વહીવટી મંજુરીની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :** | | | | | | |
| ૧ | | અલમપુર-ગઢીયા રોડ | રાણપુર | ૬.૦ | ૭૯.૧૬ | ૨૬-૧૨-૨૦૦૬ | ટેન્ડર માંગવામાં આવેલ છે. |
| ૨ | | સ્ટેટ હાઈવેથી ખોખરનેશ રોડ | રાણપુર | ૧૦.૬૦ | ૧૩૩.૮૦ | | |
| ૩ | | ખોખરનેશ હડમતાળા રોડ | | | | | |
| ૪ | | હડમતાળા નાનીવાવડી રોડ | | | | | |
| ૫ | | સાલાસર સુંદરીયાણા રોડ | રાણપુર | ૨.૦ | ૨૭.૩૨ | | |
| ૬ | | ગલસાણા છસીયાણા રોડ | ધંધુકા | ૭.૫૦ | ૯૧.૪૮ | | |
| ૭ | | નભોઇ પીપરીયા રોડ | બરવાળા | ૩.૩૦ | ૭૭.૩૬ | | |
| ૮ | | સાંગણપુર એ. રોડ | રાણપુર | ૨.૫૦ | ૩૩.૧૮ | | |
| ૯ | | ધોલેરા ભાણગઢ સ્ટેટહાઇવે રાહતળાવ મહાદેવપુરા ભાણગઢ મીંગલપુર ઝાંખી રાજપુર રોડ | ધંધુકા | ૧૭.૩૮ | ૨૯૨.૫૮ | | |
| ૧૦ | | સ્ટેટહાઇવે ઇમ્પ્રુવમેન્ટ ટુ ધંધુકા (ક્મીયાળા આણંદપુર થી હાઇવે બુરાનપુર એ. રોડ | ધંધુકા | ૧૦.૦૦ | ૧૪૨.૯૬ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | | સ્ટેટહાઇવે ઇમ્પ્રુવમેન્ટ ઓફ ધંધુકા ધોલેરા (શેલા એ.રોડ) | ધંધુકા | ૩.૨૦ | ૪૨.૨૨ | | |
| | | **કુલ..** | | **૬૨.૪૮** | **૯૨૦.૦૬** | | |
| | **૧૨મુ નાણાપંચ યોજના :** | | | | | | |
| ૧૨ | | ઝીંઝર એ. રોડ | ધંધુકા | ૩.૩૦ | ૩૦.૫૩ | ૧૯/૧/૨૦૦૭ | નકશા અંદાજો મંજૂરીમાં |
| ૧૩ | | સમઢીયાળા એ. રોડ અપ ટુ જિલ્લા હદ સુધી | બરવાળા | ૩.૫૦ | ૩૨.૩૮ | | |
| ૧૪ | | ધારપીપળા ચુડા રોડ જિલ્લા હદ સુધી | રાણપુર | ૨.૫૦ | ૨૩.૧૩ | | |
| ૧૫ | | પડાણા એ. રોડ | ધંધુકા | ૩.૫૦ | ૩૨.૩૮ | | |
| ૧૬ | | ચેર ગોરાસુ રોડ તા.ધંધુકા | | ૪.૦૦ | ૨૪.૦૫ | | |
| ૧૭ | | વાલીન્દ્રા એ. રોડ | ધંધુકા | ૧.૦૦ | ૯.૨૫ | | |
| ૧૮ | | ધનાળા એ. રોડ | ધંધુકા | ૨.૬૦ | ૨૪.૦૫ | | |
| ૧૯ | | સાંઢીડા એ. રોડ | ધંધુકા | ૦.૫૧ | ૪.૭૨ | | |
| | | **કુલ** | | **૨૦.૯૧** | **૧૮૦.૪૯** | | |
| | **સી.આર.એફ. યોજના** | | | | | | |
| ૨૦ | | તગડી આકરૂ સોઢી સાંગાસર રોડ સેક્શન સોઢી ટુ સાંગાસર રોડ | ધંધુકા | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ | ૬/૫/૨૦૦૬ | |
| | | **કુલ** | | **૧૦.૦૦** | **૧૦૦.૦૦** | | |
| | **રાજ્ય વિભાગ (સી.આર.એફ.)** | | | | | | |
| ૨૧ | | ઇમ્પ્રુવમેન્ટ ઓફ કર્વ.ઓન પીપળી ધોલેરા રોડ | ધંધુકા | ૨.૫૦ | ૯૬.૫૯ | ૨૩/૧૧/૨૦૦૬ | ટેન્ડર અંગેની કાર્યવાહી પ્રગિત હેઠળ છે. |
| ૨૨ | | સ્ટ્રેન્થનીંગ ઓફ ફેદરા પીપળી રોડ કી.મી. ૦/૦ થી ૧૨/૦ | ધંધુકા | ૧૨.૦૦ | ૨૪૩.૮૫ | ૨૩/૧૧/૨૦૦૬ | |
| | | **કુલ** | | **૧૪.૫૦** | **૩૪૦.૪૪** | | |
| | | **એકંદર કુલ-૨૨ કામો** | | **૧૦૭.૮૯** | **૧૫૪૦.૯૯** | | |

**શ્રી ભરતભાઈ પંડ્યા :** માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે મારા વિસ્તારમાં એમણે ૧૦૭ કિલોમીટરના રસ્તાઓ મંજૂર કર્યા છે, બીજું મારે એ પૂછવું છે કે, આ રસ્તાઓને ચોમાસા પહેલાં પૂર્ણ કરવા માટે કોઈ નક્કર આયોજન એમણે કર્યુ છે કે કેમ ? બીજો મારો અગત્યનો પ્રશ્ન એ છે કે, ગાંધીનગરથી પંજાબ અને ગાંધીનગરથી ઉત્તરાંચલ કેટલા કિલોમીટર થાય છે અને ત્યાં કેટલા સમયમાં પહોંચી શકાય ? એ જો માહિતી હોય તો માનનીય મંત્રીશ્રી આપે જેથી કરીને વિરોધપક્ષના સભ્યશ્રીઓને ઉપયોગી થશે, એટલા માટે આ મારો બીજો પ્રશ્ન મૂકું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, •* (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) (xxxxxxx) આ વખતે માર્ગ અને મકાન વિભાગે સમગ્ર રાજયમાં અત્યાર સુધી જે રસ્તાઓને જોબ નંબર આપ્યા પછી પ્રક્રિયા હાથ ધરતા હતા, પણ હવે એ પ્રકારની પ્રક્રિયા કરી છે કે. જે જે વિસ્તારોમાં રસ્તાની જરૂરિયાત હોય એને ધ્યાનમાં રાખીને, એડવાન્સમાં પ્લાન અને એસ્ટીમેટ અમે તૈયાર રાખીએ છીએ એટલે જેવી પણ મંજૂરી મળે એટલે એ જ સ્વરૂપે તરત જ ટેન્ડરની પ્રક્રિયા શરૂ કરીએ છીએ એટલે અમારો નિર્ધાર છે કે ચોમાસા પહેલાં આ કામો પૂરાં થાય એ પ્રકારની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxxxxx) (xxxxxxx) પંજાબમાં તો નામ પૂરતું ખાતું ખોલાવ્યું છે અને મણિપુરમાં તો ખાતું જ નથી ખૂલ્યું. અને આની પહેલાં...(અંતરાય)...

• *(xxxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇટાલીની કહેવત લઈને આવ્યા છે, આ ઇટાલીની કહેવત છે? કઈ બેગમની શાદી ? બેગમની શાદી અને અબ્દુલ્લા દીવાનાને બદલે અબ્દુલ્લાની શાદીમાં બેગમ દીવાનીઓ છે, એનું તો કાંઈક કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ૯૨ સીટની અંદર ૭ થઈ ગઈ હતી, સંસદ વખતે શાઈનિંગ ઈન્ડિયામાં, ત્યારે કયાં ગયા હતા ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વજુભાઈ, આપને આ બધું કયાંથી યાદ આવ્યું? પ્રશ્ન ક્રમાંક : ૧૯.

## દાંતીવાડા બનાસ નદીનો પુલ મંજૂર થવા બાબત

***૨૦૦૬૭ શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠામાં દાંતીવાડા બનાસ નદીનો પુલ ક્યારે મંજૂર થયો હતો,

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ બાંધકામ કયા તબક્કે છે, અને

(૩) આ પુલનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

**(૧) તા. ૨૦-૧-૨૦૦૦થી વહીવટી મંજૂરી મળેલ.**

(૨) પ્રગતિ હેઠળ છે.

(૩) પુલનું કામ તા. ૨૯-૧૧-૨૦૦૭ સુધીમાં અને એપ્રોચનું કામ ટેન્ડર મંજૂર થયે ૧૮ માસમાં પૂર્ણ કરવા આયોજન છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ખૂબ ઝડપી કામો કરનારી અને ઝડપી નિરાકરણ લાવનારી, એનો નમૂનો મારા પ્રશ્નમાં જ છે, આ બધી વાત કરું છું, સાંભળો, એમાંય પાટલીઓ થપથપાવજો, મારો પ્રશ્ન એ છે કે, પુલની વહીવટી મંજૂરી તા. ૨૦-૧-૨૦૦૦ના રોજ મળી હતી, માનનીય અધ્યક્ષશ્રી, બીજી બધી યોજનાઓ પંચવર્ષીય, ,પણ આ યોજના તો સાતવર્ષિય છે, પુલનું કામ તા. ૨૯-૧૧-૨૦૦૭માં પૂરું થશે અને બાંધકામ પ્રગતિ હેઠળ છે એવું જવાબમાં જણાવેલ છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ પુલની વહીવટી મંજૂરી ૨૦૦૦માં મળી છે પણ આપે તો મંજૂરી તો એનાય પહેલાં આપી હતી. પછી જે એમણે પ્રગતિ બતાવી છે તો હાલ કઈ પ્રગતિ છે અને પ્રગતિમાં ડિલે થવાનું કારણો શું છે ? માનનીય અધ્યક્ષશ્રી, પંચવર્ષીય યોજનાઓ તો રાજયમાં અને પાર્લામેન્ટમાં બધે જ હોય છે પણ આ સાત વર્ષીય યોજના કયા નોમ્સ પ્રમાણે રાખી છે? અને આવા કેટલા પુલો છે અને એ ક્યારે પૂરા થશે બીજા બધા પુલો એ પણ માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બુઝાતો દીપક થોડોક વધારે પ્રકાશ આપે એવી સ્થિતિ માનનીય ગોવાભાઈની છે. મારે એમને કહેવું છે કે, આ સરકારને હજી પણ સન્માનનીય સભાગૃહ સમક્ષ એક જ જવાબદારી તરીકે સ્વીકારું છું કે આ સરકારે માર્ગ અને મકાન વિભાગના કામો ગુણવત્તા સાથે ચોક્કસપણે ઝડપ લાવેલ છે અને એમાં યોગ્ય પરિણામો લાવ્યા છીએ. સાંભળો, માનનીય ગોવાભાઈ, આપ સાંભળો, મેં તમને સાંભળ્યા છે, માનનીય ગોવાભાઈ, રાજપા અને કોંગ્રેસે કજોડા લગન કર્યા હતા એ વર્ષમાં ૧૯૯૭-૯૮માં લોકોને મૂર્ખ બનાવવા માટે સામાન્ય પણે એ પુલને મંજૂરી આપી, આ પુલની, ચંડીસર-દાતીવાડા-કુચાવાડા ધોરી માર્ગ માટેની એને મંજૂરી આપી અને બજૅટની જોગવાઈ પૂરી નથી કરી. આપ સાંભળો, ૧૯૯૭-૯૮થી ૨૦૦૫-૦૬ની સાલ સુધી એ વિધાનસભામાં પ્રશ્નો પૂછતા રહ્યા, અને આ સરકારે ૨૦૦૬-૦૭માં પહેલી વખત ૧૨૩.૮૫ લાખની જોગવાઈ કરીને આ ટેન્ડર પ્રક્રિયા કરી અને જ્યાં સુધી પૂરતી જોગવાઈ ન થાય ત્યાં સુધી ટેન્ડર પ્રક્રિયા થઈ શકતી નથી અને એટલા માટે અમે પૂરતી જોગવાઈ કરી અને ત્યાર બાદ ટેન્ડરની પ્રક્રિયા મુજબનું કામ હાથ ધરાયું છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦માં વહીવટી મંજૂરી આપે આપેલ છે એની વાત કરું છું.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, આ પુલની મંજૂરી ૨૦-૧-૨૦૦૦માં મળી છે ત્યારે સરકાર કોની ચાલતી હતી? માનનીય મંત્રીશ્રી એ જવાબ આપે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી પ્રક્રિયાને મંજૂરી આપવી અને બજૅટમાં જોગવાઈ કરવી એ બન્ને અલગ બાબત છે. બજૅટમાં નાણાકીય જોગવાઈ અમે ૨૦૦૬-૨૦૦૭માં કરી છે અને આ પ્રક્રિયા હાથ ધર્યા પછી આ કામ શરૂ થઈ શક્યું છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ૨૦-૧-૨૦૦૦ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સામાન્ય રીતે વહીવટી મંજૂરી જ્યારે આપવામાં આવે ત્યારે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં આવ્યા પછી જ વહીવટી મંજૂરી આપવામાં આવે છે, નાણાકીય જોગવાઈ વગર

વહીવટી મંજૂરી આપવામાં આવતી નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ ગૃહને ગેરમાર્ગે દોરનારો છે કે, પૈસાની વ્યવસ્થા તમે કરી ન હતી એ તો અમે વ્યવસ્થા કરી છે. ત્યારે મારે એ જાણવું છે કે, જ્યારે વહીવટી મંજૂરી આપવામાં આવે ત્યારે નાણાકીય જોગવાઈ કર્યા પછી જ વહીવટી મંજૂરી આપવાની આપણા નિયમમાં જોગવાઈ છે. તો વહીવટી મંજૂરી આપવામાં આવી ત્યારે નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ ન હતી? અને જો નહોતી કરવામાં આવેલ તો જવાબદારી કોની હતી, અને તો પછી તમે શા માટે મંજૂરી આપી? બીજી વાત કજોડા લગ્નની કરી, તો કજોડા લગ્નની વાતમાં પડવા જેવું નથી. તમારી બાજુ જેટલા કજોડા લગ્ન થયા છે એના કારણે આ પરિસ્થિતિ પેદા થઈ છે રાજયની અને હજુ વધુ કજોડા લગ્ન ન કરો અને રાજયની વધુ સ્થિતિ ખરાબ ન કરો એવી તમને વિનંતી છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જોગવાઈ થવી અને જોગવાઈ પૂરતી થવી એ બન્નેમાં જે તફાવત છે એ માનનીય પુંજાભાઈ ઘણા લાંબા સમયથી સભ્ય તરીકે છે એટલે સમજતા હશે. ૧૯૯૯-૨૦૦૦ થી જે જોગવાઈ થતી આવી હતી એ વાપરવા માટેની પૂરતી જોગવાઈ ન હતી. આપના સમયમાં આસમાનના ચાંદ-તારા ઘણા બતાવતા ગયા હતા, ખાતમુહૂર્તના ઘણાં બધા પથ્થરો મૂકતા ગયા હતા પરંતુ પૂરતી જોગવાઈ ૧૨૩, ૮૫ લાખની અમે કરી એ પછી જ આનું કામ હાથ ધરાયું અને માનનીય ગોવાભાઈ આભાર માની ગયા હતા કે ઘણાં વર્ષોની અમારી માગણી તમે પૂર્ણ કરી છે.

**વેરાવળ તાલુકાના રસ્તા અને પુલોને જોબ નંબર આપવા બાબત**

***૧૯૬૫૦ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના જર્જરિત માર્ગો અને બ્રીજોના જોબ નંબર તા.૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા આપવામાં આવ્યા,

(૨) જોબ નંબર આપવામાં આવેલ હોય તેવા રસ્તાના કામો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે? અને,

(૩) ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષમાં આ માટે કેટલી જોગવાઈ થઈ હતી અને તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) રસ્તાના ૫ કામો,

(૨) પુલોના -શૂન્ય-

(૩) આપેલ રસ્તાના જોબનંબર પૈકી ૨ કામો પૂર્ણ થયેલ છે, જ્યારે ૩ કામો પ્રગતિમાં છે.

(૪) જોબનંબરવાર કે તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. આ કામો માટે રૂા.૨૭.૩૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા હું એ કહેવા માગું છું કે, મારા મત વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૫ કામો અને એ પણ ૨૭.૩૨ લાખના કામોના જોબનંબરો આપ્યા છે. બહુ મોટા કામોના જોબનંબર આખા ગુજરાતમાં આ રીતે મારા મત વિસ્તારના કામોના આપ્યા છે ત્યારે આ ત્રણ કામો છે એ પ્રગતિમાં છે એમ જણાવ્યું છે તો હું એ જાણવા માગું છું કે, કયા ધોરણની પ્રગતિમાં છે?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**સરકારી હોસ્પિટલોમાં કેસ કઢાવવા દર્દી પાસેથી લેવાની રકમ**

૧૯૫૮૧ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં ઓ.પી.ડી. કેસ કઢાવવા માટે દર્દીઓ પાસેથી કોઈ રકમ લેવામાં આવે છે, અને | (૧) ઓ.પી.ડી. કેસ માટે સરકારે કોઇ રકમ નક્કી કરેલ નથી, પરંતુ રોગી કલ્યાણ સમિતિના ઉપક્રમે આર્થિક રીતે સધ્ધર દર્દીઓ પાસેથી સ્વેચ્છિક રીતે એક રૂપિયાથી પાંચ રૂપિયા સુધીની રકમ યુઝર્સ ચાર્જીસ તરીકે લેવામાં આવે છે. |
| (૨) જો હા, તો કેટલા રૂપિયા લેવામાં આવે છે? | (૨) ઉપર મુજબ. |

-----------

**ડાંગ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૧૮૯૦૧ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાસદા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| વર્ગ | ખાલી જ્ગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| ૨ | ૨ | તા.૬-૧૧-૦૬ અને તા.૩૦-૧૧-૦૬ થી ખાલી પડેલ છે. |
| ૩ | ૧૬ | તા.૧-૪-૮૯ થી તા.૧-૫-૦૬ દરમ્યાન ખાલી પડેલ છે. |
| ૪ | ૧૭ | તા.૧-૪-૯૬ થી તા.૨૦-૯-૦૬ દરમ્યાન ખાલી પડેલ છે. |

(૨) ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી?

(૨) (૧) વર્ગ-૨ ની જ્ગ્યાઓ નિયમિત તેમજ બોન્ડેડ (કરારબધ્ધ) તબીબી સ્નાતકોને નિમણૂંક આપવા સાથે એડહોક ધોરણે વોક-ઇન ઇન્ટરવ્યુથી ભરવા પ્રય ક્ર્યા.

(૨) વર્ગ-૩ અને વર્ગ-૪ ની જ્ગ્યાઓ ભરવા સબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**જામનગરની આયુર્વેદ કોલજમાં એમ.ડી. આયુર્વેદની ડીગ્રી વગરના લેક્ચરર**

૨૦૨૮૫ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગરની ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજમાં એમ.ડી. આયુર્વેદની ડીગ્રી મેળવ્યા વગરના કુલ કેટલા લેક્ચરર તરીકે ફરજ બજાવતા વ્યક્તિઓ તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છે,

(૨) એમ.ડી. ડીગ્રી વગરના ટ્યુટરમાંથી લેક્ચરર તરીકેની નિમણૂકના કેટલા કિસ્સાઓ બનેલા છે,

**જવાબ**

(૧) અને (૨) : સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયન મેડીસીન ન્યુ દિલ્હીના તા.૨૯-૩-૧૯૯૬ના પત્રથી ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ કરવામાં આવેલ અને તા.૧-૭-૧૯૮૯ પહેલાં આયુર્વેદ કોલેજોમાં નિમણૂક પામેલ શિક્ષકોને બઢતી માટે પોસ્ટ ગ્રેજ્યુએટ લાયકાત (એમ.ડી. ડીગ્રી) ની જરૂરિયાત રહેતી નથી. ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજ, જામનગરનાં કુલ-૭ કિસ્સાઓમાં ટ્યુટરમાંથી લેક્ચરર તરીકે નિમણૂક આપેલ છે તે પૈકીના ૬ શિક્ષકો નિવૃત્ત થયેલ છે. અને એક શિક્ષક નોકરીમાં ચાલુ છે. જે બી.એસ.એ.એમ.ની પદવી ધરાવે છે. જે બધા જ કિસ્સાઓમાં શિક્ષકો તા.૧-૭-૧૯૮૯ પહેલાં નિમણૂક પામેલ હતા જેથી તેઓને ટ્યુટરમાંથી લેક્ચરર તરીકે આપવામાં આવેલ નિમણૂક સેન્ટ્રલ કાઉન્સીલની ગાઇડ લાઇન મુજબની છે.

(૩) ગુજરાત સરકારના નીતિ નિયમો, યુનિવર્સિટીના કાયદા અને કાઉન્સીલની ગાઈડ લાઈન વિરુધ્ધ આવી નિમણૂક આપવાના કારણો ક્યા છે,

(૩) સી.સી.આઇ.એમ.ની ગાઇડ લાઇન અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની સીન્ડીકેટની સબકમિટીના નિર્ણય મુજબ ડેમોસ્ટ્રેટર કમ ટ્યુટરને રીડેઝીગનેટ કરવામાં આવેલ છે.

(૪) આ નિયમ વિરુધ્ધના હુકમ કરનાર સામે સરકારે શું પગલાં લીધા, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પગલાં ન લેવાના શા કારણો છે અને હવે ક્યારે લેવામાં આવશે?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ અને સુરત શહેરમાં દર્દીઓએ ચિકુનગુનિયાના રોગની લીધેલ સારવાર**

૧૯૦૬૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ તથા સુરત શહેરમાં કેટલા દર્દીઓએ ચિકુનગુનીયા રોગની રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સારવાર લીધી, અને

(૨) ચિકુનગુનીયા રોગ અટકાવવા માટે સરકારે કેવા અસરકારક પગલાં ભર્યા છે?

**જવાબ**

(૧) અમદાવાદ તથા સુરત શહેરમાં તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૦૮૨૭ શંકાસ્પદ ચિકુનગુનીયાના દર્દીઓએ રાજ્યની સરકારી હોસ્પીટલોમાં સારવાર લીધેલ છે.

(૨) ચિકુનગુનીયા રોગ અટકાવવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના અસરકારક પગલાંઓ હાથ ધરેલ છે.

- સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોક સહયોગથી જુદા જુદા નિષ્ણાંતોની સેવાઓ મેળવી રોગ સર્વેક્ષણ, નિદાન અને સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવી.
- સરકારી દવાખાનાઓ ઉપરાંત આરોગ્ય મેળાઓ યોજી સારવાર માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન અને એન.આઇ.વી. પુનાના સહયોગથી બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ચિકુનગુનીયા રોગના નિદાન અંગે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.
- ચિકુનગુનીયા રોગની સારવાર અને અટકાયત માટે જરૂરી તમામ દવાઓ અને સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી.
- રોગગ્રસ્ત વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ અટકાવવા માટે સઘન પોરાનાશક કામગીરી તેમજ ચેપી મચ્છરોના નાશ માટે ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી.
- રાજ્યમાં રોગ અટકાયત અને નિયંત્રણ અટકાયત અંગે લોગજાગૃતિ ઉભી કરી.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટર, નર્સની ખાલી જગ્યાઓ**

૧૯૨૩૫ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર તા. ૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા ડૉક્ટરો, નર્સો, વૉર્ડબોય તથા અન્ય સ્ટાફની કેટલી ઘટ છે, અને

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર તા.૧-૧-૦૭ ની સ્થિતિએ ડૉક્ટરો, નર્સો, વૉર્ડબોય તથા અન્ય સ્ટાફની નીચે મુજબ ઘટ છે.

| તાલુકો | તજજ્ઞ, વર્ગ-૧ | તબીબી અધિકારી, વર્ગ-૨ | સ્ટાફ નર્સ | વૉર્ડ બોય/ આયા | અન્ય સ્ટાફ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ચોટીલા | ૧ | ૧ | ૭ | ૮ | ૬ |
| ચોટીલા (પી.પી. યુનીટ) | ૨ | - | ૧ | - | ૫ |
| મૂળી | ૧ | ૧ | ૪ | ૧ | ૪ |
| સાયલા | - | - | ૪ | ૧ | ૭ |
| હળવદ | ૧ | - | ૩ | - | ૫ |
| દસાડા | ૧ | ૧ | ૨ | - | ૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (પાટડી) | | | | | |
| ધ્રાંગધ્રા (રાજસીતા-પુર) | ૧ | ૧ | ૨ | - | ૩ |
| ચુડા | ૧ | - | ૩ | ૨ | ૫ |
| લખતર | - | - | - | ૧ | ૪ |
| વઢવાણ | ૧ | - | ૧ | - | ૪ |
| વઢવાણ (પી. પી. યુનીટ) | ૧ | - | - | - | ૪ |
| કુલ ઘટ | ૧૦ | ૪ | ૨૭ | ૧૩ | ૫૨ |

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે તા.૧-૪-૦૬ થી તા.૧-૧-૦૭ સુધીમાં ક્યા પગલાં લીધા છે?

(૨) - તજજ્ઞ, વર્ગ-૧ અને તબીબી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જ્ગ્યા ભરવા માટે કરારબધ્ધ તબીબી સ્નાતકોને એડહોક ધોરણે તેમજ વોક-ઇન-ઇન્ટરવ્યુથી યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થતાં એડહોક ધોરણે નિમણૂંકો આપવામાં આવે છે.

- પેરા મેડીકલ, વર્ગ-૩ ની જ્ગ્યા ભરવા માટેનું માંગણીપત્રક ભરતી એજન્સીને મોકલવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

- સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્ટાફનર્સની જ્ગ્યા ભરવા માટે સરકારશ્રીના તા.૧૬-૧૧-૦૬ના ઠરાવ ક્રમાંકઃ નસન/૧૦૨૦૦૬/૧૨૧૯/ઇ થી સ્ટાફનર્સની જ્ગ્યાઓ ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળના ક્ષેત્રાધિકારમાંથી બહાર કાઢીને સીધી ભરતીથી રૂા.૩૫૦૦/- ફીક્સ પગારમાં અજમાયશી ધોરણે પાંચ વર્ષ માટેની ઓપન જાહેરાત આપી સીધી ભરતીથી જ્ગ્યા ભરવા મંજૂરી આપતાં કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગર કક્ષાએ જાહેરાત દ્વારા જ્ગ્યા ભરવાની કાર્યવાહી ચાલુમાં છે, જેની પ્રક્રિયા તા.૩૧-૩-૦૭ સુધીમાં પૂર્ણ કરવા સરકારશ્રીની સૂચના છે. જે અન્વયે ટૂંક સમયમાં જ્ગ્યા ભરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવનાર છે.

- વર્ગ-૪ ની ખાલી જ્ગ્યા ભરવા માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૧૧-૦૬ ના ઠરાવથી આઉટસોર્સીંગ એજન્સી મારફતે જ્ગ્યા ભરવાની મંજૂરી આપેલ છે.

-----------

**સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં ફેરવવાની દરખાસ્ત**

૧૯૬૧૪ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર ઉત્તર) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્ય સરકારે કેટલા અને ક્યા ક્યા સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં ફેરવવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્તો કરી,

(૨) આ દરખાસ્તોને કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિસાદ મળ્યો, અને

(૩) આ દરખાસ્તો તાત્કાલિક મંજૂર થાય તે માટે

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪ થી સામેલ પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ સ્ટેટ હાઇવેને નેશનલ હાઇવેમાં ફેરવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં પત્રક-૨ માં દર્શાવેલ સ્ટેટ હાઇવેને કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૩) આ દરખાસ્તોની મંજુરી માટે કેન્દ્ર સરકાર

રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી છે? સમક્ષ સમયાંતરે રજૂઆતો કરવામાં આવે છે.

**પ ત્ર ક- ૧**

| અ.નં. | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયા સ્ટેટ હાઇવે નં.૭ અને ૧૭ જોઇનીંગ એન.એચ. નં.૮ નજીક અમદાવાદ અને એન.એચ.નં. ૮-અ નજીક માળીયા |
| ૨ | હિંમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર સ્ટેટ હાઇવે. |
| ૩ | વડોદરા-પોર-સિનોર-નેત્રંગ-વ્યારા-આહવા-સાપુતારા-નાસિક રોડ લીકીંગ એન.એચ. નં.૮ થી એન.એચ. નં.૬ |
| ૪ | અમદાવાદ-ધોળકા-વટામણ |
| ૫ | નડિયાદ-કપડવંજ-મોડાસા જોઇનીંગ એન.એચ. ૮ |
| ૬ | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા-વાપી સ્ટેટ હાઇવે નં.૫ |
| ૭ | વડોદરા-ડભોઇ-છોટાઉદેપુર થી એમ.પી. બોર્ડર (અલી રાજપુર) |
| ૮ | ભરૂચ-અંકલેશ્વર-વાલીયા-નેત્રંગ-ડેડીયાપાડા-સાગબારા થી મહારાષ્ટ્ર બોર્ડર |
| ૯ | હિંમતનગર-ઇડર-ખેડબ્રહ્મા-અંબાજી થી આબુ રોડ બોર્ડર |
| ૧૦ | ઝાફરાબાદ-રાજુલા-સાવરકુંડલા-અમરેલી-બાબરા-જસદણ-વીછયા-સાયલા-સુરેન્દ્રનગર-પાટડી-સમી-રાધનપુર |
| ૧૧ | ગણદેવી-માણેકપુર-વાંસદા-વઘઇ-આહવા-ચીંચલીથી મહારાષ્ટ્ર બોર્ડર |
| ૧૨ | વલસાડ-પારડી-કપરાડા મહારાષ્ટ્ર બોર્ડર (નાસિક) |
| ૧૩ | ગાંધીનગર-દહેગામ-બાયડ-લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ થી રાજસ્થાન બોર્ડર |
| ૧૪ | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી-આબુ રોડ |
| ૧૫ | ભચાઉ-ભૂજ-પાંધ્રો રોડ |
| ૧૬ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી-સાવરકુંડલા-રાજુલા-ઝાફરાબાદ |
| ૧૭ | બગોદરા-ધંધુકા-ભાવનગર |
| ૧૮ | ભાવનગર-વટામણ-પાદરા થી કરજણ |
| ૧૯ | માળીયા-જામનગર-ઓખા-દ્વારકા |
| ૨૦ | ભૂજ-ખાવડા-ઇંડીયા બ્રીજ-ધર્મશાળા થી ઇન્ડીયા બોર્ડર રોડ |
| ૨૧ | ઉના-દેલવાડા-અહેમદપુર માંડવી રોડ |
| ૨૨ | વાપી-મોટા પાંડા રોડ |
| ૨૩ | વાપી-સિલવાસા રોડ |
| ૨૪ | ગાંધીનગર-ગોઝારીયા-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી-આબુ રોડ |
| ૨૫ | હિંમતનગર-વિજાપુર-વિસનગર-ઉંઝા-પાટણ-હારિજ-સમી-રાધનપુર રોડ |
| ૨૬ | અમદાવાદ-વિરમગામ-સંખેશ્વર-રાધનપુર |
| ૨૭ | પાલનપુર-ચંડીસર-દાંતીવાડા-પંથવાડા-મંદર-જાલોર-જોધપુર રોડ |
| ૨૮ | પાલનપુર-ડીસા-ધનેરા-નેનવા બોર્ડર-સાંચોર રોડ |
| ૨૯ | ભાંભોર-શિહોરી-પાટણ-સિધ્ધપુર-વલાસણા-ઇડર-હિંમતનગર રોડ |
| ૩૦ | ભાંભોર-દિયોદર-ખેમાણા-મુદેથા-બુકોલી-આનીવાડા-વાયદ-ચારૂપ-પાટણ-ચાણસ્મા-હારીજ-મહેસાણા રોડ |
| ૩૧ | પાલનપુર-ડીસા-થરાદ-રાજસ્થાન બોર્ડર |
| ૩૨ | ભૂજ-પાંધ્રો રોડ |
| ૩૩ | ચિત્રોડ-રાપર-ધોલાવીરા રોડ |
| ૩૪ | સિધાડા-સૂઇગામ |
| ૩૫ | જામનગર-જૂનાગઢ |
| ૩૬ | રાજકોટ-અમરેલી |
| ૩૭ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી |
| ૩૮ | દાંડી માર્ગ |
| ૩૯ | દ્વારકા-સોમનાથ |

| અ.નં. | રસ્તાનું નામ |
|---|---|
| ૪૦ | પોરબંદર થી પોરબંદર પોર્ટ |
| ૪૧ | જામનગર થી બેડી પોર્ટ |
| ૪૨ | ત્રાપજ ને.હા. ૮ ઉપર અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ |
| ૪૩ | ને.હા.નં. ૮-અ (વિસ્તરણ) થી જખો પોર્ટ |
| ૪૪ | ભાવનગર-દ્વારકા |
| ૪૫ | માંડવી-જખો-નલિયા-નારાયણ સરોવર |

**પ ત્ર ક- ૨**

| અ.નં. | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | સોમનાથ-પોરબંદર-દ્વારકા |
| ૨ | માંડવી-જખો-નલીયા-નારાયણ સરોવર |
| ૩ | દાહોદ-ઝાલોદ થી રાજસ્થાન બોર્ડર |
| ૪ | સુરત હજીરા |
| ૫ | દાંડી માર્ગ |

-----------

## કપરાડા તાલુકામાં કોર્ટના મકાનનું ભૂમિ પૂજન

૧૮૯૭૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં કોર્ટના મકાનનું ભૂમિ પૂજન તા. ૨૮-૨-૦૬ના રોજ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ મકાનના બાંધકામની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૬ના રોજ ક્યા તબક્કે છે અને કેટલું કામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મકાનનું બાંધકામ શરૂ થયેલ નથી.

-----------

## જૂનાગઢ જિલ્લામાં શાળાના બાળકોની આરોગ્યની તપાસ

૧૯૩૯૩ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | તપાસેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જૂનાગઢ | ૧૭૯ | ૪૩૯૭૮ |
| ૨ | વંથલી | ૫૧ | ૮૨૦૪ |
| ૩ | માણાવદર | ૪૯ | ૯૮૨૧ |
| ૪ | ભેંસાણ | ૪૨ | ૬૦૨૦ |
| ૫ | કેસોદ | ૧૦૨ | ૧૮૦૭૯ |
| ૬ | વિસાવદર | ૯૨ | ૧૧૧૦૬ |
| ૭ | માળીયા | ૬૯ | ૧૩૨૫૪ |
| ૮ | વેરાવળ | ૫૬ | ૧૧૬૫૨ |
| ૯ | સુત્રાપાડા | ૩૮ | ૧૧૧૩૦ |
| ૧૦ | તલાલા | ૬૧ | ૧૧૩૬૪ |
| ૧૧ | માંગરોળ | ૧૦૬ | ૨૦૧૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | કોડીનાર | ૬૨ | ૨૧૧૯૦ |
| ૧૩ | ઉના | ૧૨૨ | ૪૦૮૬૯ |
| ૧૪ | મેંદરડા | ૪૬ | ૭૬૩૭ |
| | કુલ | ૧૦૭૫ | ૨૩૪૧૧૪ |

(૨) આવી તપાસણી દરમ્યાન કેટલા બાળકો આરોગ્યની દૃષ્ટિએ ખામીયુક્ત જણાયા, અને

(૨) તપાસણી દરમ્યાન જણાયેલ ખામીયુક્ત

| | |
|---|---|
| પાંડુરોગ | ૮૪૩૫ |
| આંત્રકૃમિ | ૧૪૫૮૯ |
| દાંતની તકલીફ | ૨૦૬૦ |
| આંખની તકલીફ | ૩૨૯૮ |
| કાન-નાક-ગળાની તકલીફ | ૧૭૫૭ |
| પેટની તકલીફ | ૧૮૧૧ |
| ચામડીના રોગ | ૧૧૯૭ |
| શ્વસનતંત્રના રોગ | ૨૮૮ |
| ચેતા તંત્રના રોગ | ૨૭ |
| અસ્થિતંત્રના રોગ | ૨૦૬ |
| વિક્લાંગતા | ૨૨૨ |

સંદર્ભ સેવા દરમ્યાન જણાયેલ ખામીયુક્ત

| | |
|---|---|
| બાળરોગ | ૧૭૧ |
| આંખરોગ | ૫૭૫ |
| દાંતરોગ | ૨૪ |
| ચામડીના રોગ | ૮૦ |
| કાન-નાક-ગળાના | ૮૯ |
| હૃદય | ૪૩ |
| કીડની | ૪ |
| કેન્સર | ૨ |

(૩) તેમની સારવાર માટે સરકારે શી કાર્યવાહી કરી?

(૩) ઉપર દર્શાવેલ બાળકોને જરૂરીયાત મુજબ સ્થળપર, જિલ્લા/તાલુકાની હોસ્પિટલોના તજજ્ઞો દ્વારા ગંભીર બીમારીવાળા બાળકોને સારવાર આપવામાં આવેલ છે.

-----------

**અમીરગઢ તાલુકાના જાસોર પર્વતને ગીરી મથક તરીકે જાહેર કરવા બાબત**

૧૯૯૪૨ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ પાસે આવેલ પ્રસિધ્ધ જાસોર પર્વતને ગીરીમથક તરીકે વિકસાવવા માટેની પ્રક્રિયા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

(૨) આ પ્રોજેક્ટ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) જાસોર હીલ ખાતે પગથીયા કરવાનું કામકાજ પૂર્ણ થયેલ છે અને રેસ્ટ હાઉસથી તળેટી સુધીના રસ્તા બાંધવાનું કામ ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે.

(૨) આ પ્રોજેક્ટ પાછળ કુલ રૂા.૧૧.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

-----------

**સાબરમતી શુધ્ધિકરણ યોજના**

૨૦૩૦૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ સુધીમાં સાબરમતી શુધ્ધિકરણ યોજના માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળેલી છે,

(૨) તમામ કામો ક્યારે પૂરા થશે, અને

**જવાબ**

(૧) રૂા.૮૭.૯૨ કરોડ.

(૨) પ્રથમ તબક્કાના તમામ કામો પૂરા થયેલ છે.

બીજા તબક્કાના કામો માટે કેન્દ્ર સરકારની મંજુરી બાકી છે.

(૩) આ કામો અંગે કેટલો ખર્ચ થશે?

(૩) પ્રથમ તબક્કામાં રૂા.૧૧૫.૭૦ કરોડનો ખર્ચ થશે. બીજા તબક્કા માટે રૂા.૪૧૧.૨૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

-----------

**વાવ-વાવડી-મોરીયા નેસડી ૧૮ કિલોમીટરના રસ્તાને જોબ નંબર આપવા બાબત**

૨૦૨૯૪ **શ્રી હેમાજી રાજપૂત** (વાવ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાવ થરાદમા વાવ વાવડી મોરીયા નેસડીનો ૧૮ કિલોમીટરનો રસ્તો ૨૦ વરસ પહેલા પેવરકામ થયેલ હાલ વાહન ચલાવવા મુશ્કેલ છે તો તેને જોબ નંબર આપવા માંગો છો કે કેમ?

**જવાબ**

વાવ વાવડી મોરીઆ નેસડી રોડ છેલ્લે વર્ષ ૧૯૯૫-૯૬ માં રીન્યુઅલ કરેલ છે.

- હાલમાં રસ્તો વાહનવ્યવહાર યોગ્ય બનાવવામાં આવેલ છે.
- નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર જોબનંબર આપવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં વિદેશી ફંડ મેળવતી સંસ્થાઓ**

૧૯૨૦૩ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) : **માનનીય સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલી સ્વૈચ્છિક સંસ્થાઓ પેકી વિદેશી ફંડ મેળવતી હોય તેવી કેટલી સંસ્થાઓ છે, કઈ કઈ,

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી વિદેશી સહાય આ સંસ્થાઓએ મેળવી છે, અને

(૩) રાજ્ય સરકાર આ સંસ્થાની સીધી દેખરેખ રાખે છે કે કેમ?

**જવાબ**

(૧) રાજ્યમાં પ્રવૃત્તિવાર અને જિલ્લાવાર નોંધણી થયેલ સ્વૈચ્છિક સંસ્થાઓની યાદી ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા નિભાવવામાં આવે છે. પરંતુ વિદેશી ફંડ મેળવતી હોય તેવી સંસ્થાઓની યાદી અલગથી નિભાવવામાં આવતી નથી.

(૨) વિદેશી સહાય મેળવતી સંસ્થાઓની યાદી નિભાવવામાં આવતી નથી જેથી માહિતી ઉપલબ્ધ નથી.

(૩) આ સ્વૈચ્છિક સંસ્થાઓ બિન સરકારી હોઇ, સરકારની સીધી દેખરેખ રાખવામાં આવતી નથી.

-----------

**વ્યારા તાલુકામાં કાચા રસ્તાથી જોડાયેલ ગામો**

૧૯૪૬૧ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત** (વ્યારા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ક્યા ક્યા ગામો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કાચા રસ્તાથી જોડાયેલા છે,

(૨) આ કાચા રસ્તાઓને પાકા રસ્તા બનાવવા સરકારશ્રીએ શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં પાકા રસ્તા બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના કોઇપણ ગામો કાચા રસ્તાથી જોડાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**નગરપાલિકાઓને અમૃતધારા યોજના નીચે શુધ્ધ પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

**<#M** ૧૯૨૬૦ **/ શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નગરપાલિકાઓને અમૃતધારા યોજના હેઠળ પીવાનું શુધ્ધ પાણી પૂરૂં પાડવા કેટલી નાણાંકીય સહાય

**જવાબ**

(૧) અને (૨) : ૪૯ નગરપાલિકાઓને રૂા.૪૦.૮૪ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.

કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી નગરપાલિકાઓને કેટલી રકમ ફાળવવામાં આવેલ છે?

-----------

**સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાનગી ટ્રસ્ટોને સોંપવા બાબત**

૧૯૯૭૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય આરોગ્ય અને પરવિાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય તેમજ પંચાયત હસ્તકના સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા રેફરલ હોસ્પિટલો સરકાર ખાનગી ટ્રસ્ટોને આપી દેવા માંગે છે તે હકીક્ત સાચી છે?

**જવાબ**

ના, જી.

-----------

**સુરત સિવિલ હોસ્પિટલમાં મફ્ત સારવાર બંધ કરવા બાબત**

૧૯૭૨૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવતી મફ્ત સારવાર બંધ કરવામાં આવેલ છે તે બાબતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો, હા, તો ક્યા કારણસર ગરીબો માટેની મફ્ત સારવાર બંધ કરવામાં આવી છે, અને

(૩) ગરીબો માટેની મફ્ત સારવાર ફરીથી ચાલુ રહે એ માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે?

**જવાબ**

(૧) નવી સિવિલ હોસ્પીટલ સુરત ખાતે મફ્ત સારવાર બંધ કરવામાં આવેલ નથી.

(૨) ગરીબી રેખા હેઠળ (બી.પી.એલ.) કાર્ડ હોલ્ડર તથા ગરીબોને મફ્ત સારવાર આપવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં રોડ રિપેર કરવા બાબત**

૧૯૪૭૫ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રોડ રીપેર થયા છે અને કેટલા નવા બનાવવામાં આવ્યા છે,

(૨) કેટલા રોડ થવાના બાકીમાં છે, અને

**જવાબ**

(૧) ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણે રોડ રીપેર કરેલ છે/નવા બનાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રીપેર કરેલ રસ્તા | નવા બનાવેલ રસ્તા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | લીમડી | ૬૩ | ૧ |
| ૨ | ચુડા | ૪૦ | ૧ |
| ૩ | સાયલા | ૨૬ | ૧ |
| ૪ | ચોટીલા | ૪૨ | - |
| ૫ | લખતર | ૩૭ | - |
| ૬ | વઢવાણ | ૪૨ | ૧ |
| ૭ | મૂળી | ૨૯ | - |
| ૮ | દસાડા/પાટડી | ૪૬ | - |
| ૯ | ધાંગધ્રા | ૬૫ | ૩ |
| ૧૦ | હળવદ | ૪૩ | ૩ |
| | | ૪૩૩ | ૧૦ |

(૨) અને (૩) : રોડ રીપેર થવાના બાકી નથી.

(૩) આ રોડ ક્યારે રીપેર થનાર છે?

જરૂરીયાત મુજબ તથા નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર રીપેરીંગ હાથ ધરવામાં આવે છે.

-----------

**રાજ્યમાં ઈવનીંગ કોર્ટો શરૂ કરવા બાબત**

૨૦૨૯૨ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ઈવનીંગ કોર્ટો ચાલે છે,

(૨) ઈવનીંગ કોર્ટોમાં ઝડપથી કેસોનો નિકાલ થતો હોય અને ઉત્સાહજનક પરિણામ હોય તો આ પ્રકારની કોર્ટો સમગ્ર રાજ્યમાં ચાલુ થાય તે માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૩) તાલુકા કક્ષાની અદાલતો પણ ઈવનીંગ કોર્ટ તરીકે કામ કરે તે માટે કોઈ આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં ૪૨ ઇવનીંગ કોર્ટો ચાલે છે.

(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રાજ્યના તમામ પ્રિન્સિપાલ જિલ્લા ન્યાયાધીશશ્રીઓને તેમના જિલ્લાના કેસોના નિકાલ અર્થે ઇવનીંગ કોર્ટો સ્થાપવા બાબતે દરખાસ્તો મોકલવા જણાવવામાં આવેલ છે.

(૩) હાલ તાલુકા કક્ષાએ મહુવા (જિ.ભાવનગર), બોરસદ (જિ.આણંદ) તથા સંખેડા, ડભોઇ અને સાવલી (જિ.વડોદરા) માં ઇવનીંગ કોર્ટો કાર્યરત કરવામાં આવી છે.

-----------

**આંબરડી ગામે નવા બનાવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનનો ઉપયોગ ન થવા બાબત**

૧૯૧૬૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનનું બાંધકામ પર્ણ કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો મકાનનું બાંધકામ ૧ વર્ષથી પૂર્ણ થઇ ગયેલ છે, છતાં મકાનનો ઉપયોગ કરવામાં આવતો નથી તેના શાં કારણો છે, અને

(૩) અત્યારે જ્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલે છે તે મકાન ભાડાનું છે, પૂરતી સગવડતા નથી તેમ છતાં નવા બંધાયેલ મકાનનો ઉપયોગ કેમ થતો નથી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) લાઇટ, પાણીની સગવડતાના અભાવે.

(૩) હાલનું મકાન ગ્રામ પંચાયતનું પુરતી સુવિધાવાળું તથા ભાડા વિનાનું છે. નવા મકાનમાં લાઇટ, પાણીની સુવિધા ઉપલબ્ધ થયેથી ઉપયોગમાં લેવામાં આવશે.

-----------

**અમરેલી જિલ્લામાં સિવિલ હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ**

૧૯૮૫૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં સિવિલ હોસ્પિટલ સી.એચ.સી. તથા પી.એચ.સી. માં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) ક્યારથી ખાલી છે,

**જવાબ**

(૧)

| સંસ્થાનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| સીવીલ હોસ્પીટલો | ૧૩ | ૪ | ૩૩ | ૧૬ |
| સા.આ. કેન્દ્રો | ૧૧ | ૫ | ૫૩ | ૫૬ |
| પ્રા.આ. કેન્દ્રો | ૦ | ૬ | ૮૬ | ૧૧૫ |

(૨) જનરલ હોસ્પિટલ અમરેલી

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ- | ૯ | તા.૨૦-૧-૦૨ થી તા.૭-૧-૦૭ |
| વર્ગ- | ૧ | તા.૧-૩-૦૬ થી |
| વર્ગ- | ૧૯ | નવેમ્બર-૯૯ થી ૩-૧૦-૦૬ |

| | | |
|---|---|---|
| ૩ | | દરમ્યાન |
| વર્ગ-૪ | ૧૦ | તા.૩૧-૭-૯૮ થી ૩૧-૧૧-૦૬ દરમ્યાન |

જનરલ હોસ્પિટલ લાઠી જિ. અમરેલી

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૨ | તા.૧-૪-૯૫ થી તા.૨૯-૨-૦૪ દરમ્યાન |
| વર્ગ-૨ | ૧ | તા.૨૦-૪-૦૬ થી |
| વર્ગ-૩ | ૭ | તા.૧-૮-૦૩ થી તા.૭-૧૦-૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | ૧ | ઘણા સમયથી |

જનરલ હોસ્પિટલ સાવરકુંડલા જિ. અમરેલી

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૨ | તા.૧-૪-૦૪ થી તા.૧૨-૧૦-૦૫ દરમિયાન |
| વર્ગ-૨ | ૨ | તા.૫-૧૦-૦૫ થી તા.૨૦-૪-૦૬ દરમ્યાન |
| વર્ગ-૩ | ૭ | તા.૩૧-૧૨-૯૯ થી તા.૩૧-૧-૦૭ દરમ્યાન |
| વર્ગ-૪ | ૫ | તા.૧-૩-૦૨ થી તા.૧-૧૧-૦૬ દરમ્યાન |

અમરેલી જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૧ | તા.૨૩-૨-૮૮ થી તા.૧૨-૧૦-૦૬ દરમ્યાન |
| વર્ગ-૨ | ૫ | તા.૧૩-૫-૦૨ થી ૩૦-૮-૦૬ દરમ્યાન |
| વર્ગ-૩ | ૫૩ | તા.૯-૭-૯૦ થી ૧-૧-૦૭ દરમ્યાન |
| વર્ગ-૪ | ૫૬ | તા.૨૩-૨-૮૮ થી ૧-૧૨-૦૬ દરમ્યાન |

અમરેલી જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | - | - |
| વર્ગ-૨ | ૬ | તા.૧૫-૮-૦૬ થી ૧૮-૧-૦૭ દરમ્યાન |
| વર્ગ-૩ | ૮૬ | તા.૧-૯-૯૭ થી ૧૫-૭-૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | ૧૧૫ | તા.૧૬-૪-૮૮ થી ૧-૭-૦૬ દરમ્યાન |

(૩) આ જગ્યાઓ ક્યારે ભરવા માંગો છો, અને

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(૪) આ જગ્યાઓ ખાલી હોવાથી લોકોની આરોગ્ય સુવિધા નહીં જળવાતી હોય, સરકારે શું વૈકલ્પિક

(૪) લોકોની આરોગ્ય સુવિધા જાળવવા માટે વૈકલ્પિક આયોજનરૂપે આંતરીક વ્યવસ્થા કરવામાં આવે

| | |
|---|---|
| આયોજન કરેલ? | છે. |

-----------

**ભાવનગર શહેરના જી.ડી.સી.આર.માં ફેરફાર કરવા બાબત**

૧૯૩૫૫ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર શહેરમાં ગામતળ ઓછુ હોઈ કુમુદવાડી વિસ્તારમાં હિરાઉદ્યોગ અને તેને સંલગ્નન વાણિજ્યિક પ્રવૃત્તિઓ અર્થે થયેલ બાંધકામ વિગેરેને નિયમીત કરવા માટે (જી.ડી.સી.આર) માં ફેરફાર કરવા માટે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સરકારને છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી માગણી મળી છે, અને | (૧) એક |
| (૨) આ અંગે રાજ્ય સરકારે શા પગલાં લીધેલ છે? | (૨) બાબત ચકાસણી હેઠળ છે. |

-----------

**જામનગર જિલ્લામાં પાકા ડામરના રસ્તા કરવા બાબત**

૨૦૩૦૨ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવડ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા ગામો ડામર સડકથી વંચિત રહેવા પામેલ છે, અને | (૧) ૮૦ ગામો. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ૮૦ ગામો પૈકી ૨૯ ગામો જોડી શકાય તેમ નથી. બાકીના ૫૧ ગામો નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર બનતી ત્વરાએ |

----------

**ગાંધીનગર, અમદાવાદ ખાતે કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણની કચેરીમાં ફરજ બજાવતા વહીવટી અધિકારીઓ**

૧૯૬૦૨**શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી ખાતે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલા વહીવટી અધિકારીઓ ગાંધીનગર/અમદાવાદ ખાતે ફરજ બજાવે છે, | (૧) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીઓ ખાતે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર/અમદાવાદ ખાતે કુલ -૧૪ વહીવટી અધિકારીશ્રીઓ ત્રણ વર્ષ કે તેથી વધુ સમયગાળાથી ફરજ બજાવે છે.<br>(૧) તબીબી -- ૨<br>(૨) તબીબી શિક્ષણ -- ૨<br>(૩) આરોગ્ય -- ૧૦<br>કુલ : -- ૧૪ |
| (૨) સરકારના નિયમાનુસાર તેમની સરકાર બદલી કરવા માંગે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો, હા, તો કેટલા સમયમાં, અને | (૩) સામાન્ય વહીવટ વિભાગના બદલીના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) જો, ના તો બદલી ન કરવાના શા કારણો છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

એચબી-૮૬૭-૬

----------

**કચ્છ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને કોમ્યુનીટી હેલ્થ સેન્ટરોમાં મહેકમ મુજબની જગ્યાઓ**

૨૦૦૮૫ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નકકી થયેલ (મહેકમ) જગ્યાઓ ભરાયેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા, તો ક્યા ક્યા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દીઠ વર્ગ-૧, ૨, ૩, ૪ ની કઇ કઇ જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ખાલી જગ્યાઓ

| વર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|
| વર્ગ-૧ | ૮ | -- |
| વર્ગ-૨ | ૧૦ | ૧ |
| વર્ગ-૩ | ૯૧ | ૪૧ |
| વર્ગ-૪ | ૭૭ | ૫૨ |

-----------

**વડોદરા શહેર અને જિલ્લામાં મહિલાઓને રાષ્ટ્રીય પ્રસુતિ સહાય આપવા બાબત**

૧૯૧૮૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વડોદરા શહેર અને જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી મહિલાઓને રાષ્ટ્રીય પ્રસુતિ સહાય આપવામાં આવી,

(૨) કેટલી મહિલાઓ આ લાભથી વંચિત રહી, અને

(૩) આ લાભથી વંચિત રહેવા પાછળના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬ના એક વર્ષના સમયમાં રાષ્ટ્રીય પ્રસુતિ સહાય યોજના અમલમાં ન હતી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નાણા પંચ અન્વયે નગરપાલિકાને ગ્રાન્ટ ફાળવવા બાબત**

૧૮૯૩૮ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી** (જામનગર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૫-૦૬ના વર્ષમાં નાણા પંચે કોઇ ગ્રાન્ટ નગરપાલિકાઓને ફાળવેલ છે કે કેમ, અને

(૨) જો, હા, તો કેટલી રકમ ફાળવવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૮૨૮૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

----------

**રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાનગી સંસ્થાઓને સોંપવા બાબત**

૧૮૯૬૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ખાનગી સંસ્થાઓને સોંપી દેવા અંગે સરકારે વિચારણા કરી સોંપવાની કાર્યવાહી કરી રહી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ના, જી.

આરોગ્ય ક્ષેત્રે લોક ભાગીદારીથી લોકોની આરોગ્ય સુખાકારીમાં સુધારો કરી શકાય તે હેતુથી કોઇ સંસ્થા/ટ્રસ્ટ આરોગ્ય કેન્દ્રમાં વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી વહીવટ કરવા માંગતી હોય તો, તેવી સંસ્થાઓને ચોક્કસ શરતોને આધિન મર્યાદીત સમય માટે ફક્ત વહીવટ સોંપવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં સરકારી દવાખાના**

૧૯૭૯૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સિવિલ હોસ્પિટલો છે,

(૨) તેમાં કુલ કેટલી જ્ગ્યાઓ સ્ટાફની મંજૂર કરાયેલી છે,

(૩) તે પૈકી કેટલી જ્ગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૪) તે જ્ગ્યાઓ ભરવા શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| | મહેસાણા | પાટણ |
|---|---|---|
| સિવિલ હોસ્પિટલ | ૧ | ૧ |
| સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૧૧ | ૭ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૪૮ | ૨૯ |

(૨) મંજુર જ્ગ્યાઓ

| | મહેસાણા | પાટણ |
|---|---|---|
| સિવિલ હોસ્પિટલ | ૨૨૬ | ૧૩૦ |
| સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૨૯૮ | ૨૪૨ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૪૩૨ | ૨૬૧ |

(૩) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

મહેસાણા જિલ્લો

| સંવર્ગ | સિવિલ હોસ્પિટલ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૨ | ૯ | ૦ |
| વર્ગ-૨ | ૩ | ૦ | ૧ |
| વર્ગ-૩ | ૫ | ૪૬ | ૬૫ |
| વર્ગ-૪ | ૧૫ | ૭૯ | ૧૩૦ |

**પાટણ જિલ્લો**

| સંવર્ગ | સિવિલ હોસ્પિટલ | સામુહિક આરોગ્ય કેન્દ્રો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૪ | ૭ | ૦ |
| વર્ગ-૨ | ૦ | ૩ | ૩ |
| વર્ગ-૩ | ૧૮ | ૩૨ | ૪૮ |
| વર્ગ-૪ | ૯ | ૬૯ | ૮૧ |

(૪) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

**વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૨૦૩૦૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી)**: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

સીવીલ હોસ્પિટલ

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૪ | ૧૯૯૮ થી તા. ૬-૧૦-૦૬ દરમ્યાન |
| વર્ગ-૨ | ૧ | તા. ૨૭-૩-૦૬ થી |
| વર્ગ-૩ | ૧૬ | તા. ૧-૧-૦૨ થી તા. ૨૭-૧૨-૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | ૧૧ | તા. ૨-૧૨-૦૨ થી તા.૨૭-૧૨-૦૬ દરમ્યાન |

સામુહિક આરોગ્ય કેન્દ્રો

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૮ | તા. ૬-૦૧ થી તા. ૧૧-૩-૦૫ દરમ્યાન |
| વર્ગ-૨ | ૪ | તા. ૩૧-૩-૦૫ થી તા. ૮-૧૨-૦૬ દરમ્યાન |
| વર્ગ-૩ | ૪૯ | તા. ૩-૮૨ થી તા. ૭-૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | ૪૯ | તા. ૩-૮૨ થી તા. ૧-૦૭ દરમ્યાન |

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૨ | ૬ | તા. ૨૮-૩-૦૧ થી તા. ૧-૪-૦૬ દરમ્યાન |
| વર્ગ-૩ | ૯૩ | તા. ૧-૧૨-૮૮ થી તા. ૭-૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | ૮૬ | તા. ૬-૯૧ થી તા. ૧-૩-૦૬ દરમ્યાન |

(૨) (૧) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને ૪ની જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા હાથ ધરવામાં આવે છે.

----------

**ચીખલી તાલુકાના સુંઠવાવ ગામે પુલ-નાળાનું થયેલ ધોવાણ**

૧૮૯૪૯ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સુંઠવાવ ગામે ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન ભારે વરસાદ થવાના કારણે પુલ-નાળાનું ધોવાણ થયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ પુલ-નાળાનું મરામત કામ ફરીથી હાથ ધરવા સરકારે તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં શા પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧) હા.

(૨) સદરહુ નાળા કામનું ધોવાણ થયેલ ભાગમાં તાત્કાલીક મરામત કરીને રસ્તો વાહનવ્યવહાર લાયક કરવામાં આવેલ છે.

-----------

**પ્રવાસન વર્ષમાં પ્રવાસી પથ યોજના**

૧૯૪૯૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા** (વિરમગામ) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ નિમિત્તે જાહેર કરાયેલ પ્રવાસી પથ યોજનામાં કેટલા જિલ્લાઓનો સમાવેશ કરાયેલ છે, અને

(૨) તેમાં કુલ કેટલા રસ્તા મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) પ્રવાસી પથ યોજનામાં ૧૭ જિલ્લાનાં પસંદગીનાં રસ્તાનો સમાવેશ કરાયેલ છે.

(૨) ૪૭ રસ્તાનાં અનુભાગોની સુધારણાનાં કામો મંજૂર થયેલ છે.

-------------

**સરકારી હોસ્પિટલોનું ખાનગીકરણ કરવા બાબત**

૧૮૮૮૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલી સરકારી હોસ્પિટલોનું

**જવાબ**

(૧) એક પણ નહીં.

ખાનગીકરણ કરવામાં આવ્યું,

(૨) કેટલી હોસ્પિટલોનું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા ચાલુ છે, અને

(૨) જિલ્લા કક્ષાની-૯, તાલુકા કક્ષાની-૫, સામુહિક આરોગ્ય કેન્દ્ર માટેની-૪, ડીસ્પેન્સરી માટેની-૧ મળી કુલ-૧૯ માંગણીઓ મળેલ છે. જે ચકાસણી હેઠળ છે.

(૩) આવી સરકારી મિલ્કતો સહીતની હોસ્પિટલો ટ્રસ્ટ કે સંસ્થાને સોંપવાના કારણો શાં છે ?

(૩) દર્દીઓને વધુ સારી તબીબી સારવાર/સેવા ઉપલબ્ધ કરી શકાય તે માટે સેવાભાવી સંસ્થાઓ સાથે લોકભાગીદારીથી આરોગ્ય સેવાઓને વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી સરકારી હોસ્પિટલોનું માત્ર સંચાલન સોંપવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

----------

**બાસ્કા પાનેલાવ રામેશરા રસ્તો ચોમાસામાં તૂટી જવા બાબત**

૧૮૭૪૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકાનાં બાસ્કા, પાનેલાવ રામેશરા રસ્તાની જમીનમાં પાણીના સ્તર ઉંચા હોવાથી પાનેલાવ નજીકનો રસ્તો દર વર્ષે ચોમાસામાં તૂટી જાય છે તે હકીકત સાચી છે,

(૨) આ રસ્તો ખાસ ટ્રીટમેન્ટથી બનાવવામાં આવે તો વર્ષો સુધી રહે તેમ છે તો તે પ્રમાણે આ રસ્તો બનાવવા માંગો છો કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં ?

**જવાબ**

(૧) આ રસ્તાની અંશતઃ લંબાઇ (કિ.મી. ૦/૦-૨/૪) માં નુકસાન થાય છે.

(૨) અને (૩) હા, જી.

નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર જેમ બને તેમ જલ્દીથી.

-----------

**સિદ્ધપુર તાલુકાના વરસીલા અને નાંદોત્રી ગામ વચ્ચે ઉમરદશી નદી પર ડીપ**

૧૯૦૧૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિદ્ધપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ સિદ્ધપુર તાલુકાના વરસીલા અને નાંદોત્રી ગામ વચ્ચે ઉમરદશી નદી પર ડીપને મંજૂર કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) તેનો અંદાજિત ખર્ચ કેટલો છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જૂનાગઢ જિલ્લામાં માંગરોળ જામનગર તાલુકામાં રસ્તાઓના કામમાં ગેરરીતી**

૧૯૨૯૮**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ થયેલા રસ્તાઓના કામમાં ગેરરીતિની વ્યાપક ફરિયાદો રાજ્ય સરકારને કેટલી મળી, અને

(૨) આ ફરિયાદો અન્વયે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ૧૪ (ચોદ), ફરિયાદો મળી છે.

(૨) ફરિયાદો અન્વયે રાજ્ય સરકારે તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે.

----------

**સુરત જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૧૯૬૮૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે,

**જવાબ**

(૧) કુલ-૧૭ (સત્તર)

(૨) તે પેકી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેટલા ડૉક્ટર, નર્સ તથા વહીવટી સ્ટાફ મંજૂર થયેલ છે, અને

(૨) મંજૂર થયેલ જગ્યાઓ

| અ.નં. | જગ્યાનું નામ | મંજૂર જગ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૨૧ |
| ૨ | વર્ગ-૨ | ૩૯ |
| ૩ | વર્ગ-૩ | ૨૪૭ |
| ૪ | વર્ગ-૪ | ૧૭૩ |

(૩) કેટલું મહેકમ કાર્યરત છે ?

(૩) કાર્યરત મહેકમ

| અ.નં. | જગ્યાનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૬ |
| ૨ | વર્ગ-૨ | ૩૯ |
| ૩ | વર્ગ-૩ | ૧૬૩ |
| ૪ | વર્ગ-૪ | ૭૫ |

-----------

**આરોગ્ય વિભાગ દ્વારા બેટી બચાવો અભિયાન**

૧૯૧૫૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** (માંડલ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા "બેટી બચાવો" અભિયાન અંગે સરકારશ્રીએ શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) બેટી બચાવો અભિયાન અંગે સરકારશ્રીએ નીચે મુજબનું આયોજન કરેલ છે.

૧. જિલ્લાના એપ્રોપ્રિએટ ઓથોરીટી તરફથી પીએનડીટીમાં રજીસ્ટર થયેલ તબીબીઓની વધારાની ઓચિંતાની મુલાકાત લઇ કાયદાનું બરોબર અમલ કરે છે કે કેમ તે ધ્યાનમાં રાખવામાં આવે છે.

૨. પીએનડીટી કાયદાનો ભંગ કરનાર તબીબીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૩. રાજ્યમાં બેટી બચાવો અંગે જનજાગૃતિ ખૂબ જ જરૂરી હોઇ આરોગ્ય કર્મચારીઓ, વ્યક્તિગત મુલાકાતો, ગૃપ મીટીંગો, શિબિર, મીટીંગ, વર્કશોપ, સેમીનાર, રેલી, સાહિત્ય વિતરણ, નાટક, પપેટ શો, ભવાઇ, લોક ડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો.

પ્રદર્શન, રેડીયો, ટીવી મારફતે જાહેરાત, દૈનિકમાં જાહેરાત, હેડીંગ્સ, એસ. ટી. બેંક પેનલો, વોલ પેઇન્ટીંગ વિગેરે પ્રચાર-પ્રસારની કામગીરી ઘનિષ્ટ રીતે કરવામાં આવે છે.

૪. સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અને આ પ્રશ્ન પરત્વે જનજાગૃતિ કેળવવા મોટા પાયે પ્રચાર અને પ્રસાર પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.

૫. તા. ૨૧-૧-૨૦૦૬ના રોજ દગાવાડીયા તા. વિજાપુર જિ. મહેસાણા ખાતે ચોધરી સમાજનું એક લાખની મેદનીનું સંમેલન હતું જેમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સંબોધન કરતાં જણાવેલ છે કે ""સ્ત્રી ભૃણ હત્યા સમાજ અને દેશ માટે મોટું કલંક છે"" તેને દૂર કરવાની આપણા સોની જવાબદારી છે. તેવી હાકલ કરેલ છે.

૬. તા. ૫-૩-૨૦૦૬ના રોજ ટાગોરહોલ અમદાવાદ ખાતે યોજાયેલ સંમેલન કે જ્યાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે તેવા ૪૨ તાલુકાઓની પાંચ હજાર આંગણવાડી બહેનો તથા સમાજની આગેવાન બહેનોએ ભાગ લીધો હતો તેમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા ગામે ગામ જઇને લોકોમાં જનજાગૃતિ લાવવા હાકલ કરેલ હતી.

૭. સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અને આ પ્રશ્ન પરત્વે જનજાગૃતિ કેળવવા મોટા પાયે પ્રચાર અને પ્રસાર

પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.

૮. ગુજરાતના તમામ જિલ્લાઓમાં જે તે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી માનનીય ધારાસભ્યશ્રી પંચાયત પદાધિકારીઓ અને બિન સરકારી સ્વૈચ્છીક સંગઠનોના સહયોગથી ""બેટી બચાવો અભિયાન""નું સફળતા પૂર્વક આયોજન.

૯. આ કાયદાનો ભંગ કરનાર તબીબોને રંગે હાથ ઝડપી લેવા માટે સ્ટીંગ ઓપરેશન કરવામાં આવે છે.

૧૦. માન.મુખ્ય મંત્રીશ્રીની સુચના અનુસાર વિવિધ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમના વિસ્તારમાં બેટી બચાવો અભિયાન દરમ્યાન માતૃવંદના યાત્રા યોજવામાં આવી રહી છે.

-----------

**પાલીતાણાની સર માનસિંહજી હોસ્પિટલમાં જનરલ સર્જનની ખાલી જગ્યા**

૧૮૮૦૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલીતાણા ખાતે આવેલ સર માનસિંહજી હોસ્પિટલમાં જનરલ સર્જનની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૧) પાલીતાણા ખાતે આવેલ સર માનસિંહજી હોસ્પિટલમાં જનરલ સર્જનની જગ્યા મંજૂર થયેલ નથી. |
| (૨) આ જગ્યા ભરવાનું શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**૧૨મા નાણા પંચમાં રસ્તાઓના હાથ ધરાયેલ કામ**

૧૯૩૪૧ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** (અબડાસા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં ૧૨મા નાણાપંચના રસ્તાઓના કામ ક્યા ક્યા જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા, | (૧) અને (૨) વર્ષ ૨૦૦૬-૦૭ની ૧૨માં નાણાંપંચની જોગવાઇ સામે રાજ્યનાં ૨૫ જિલ્લામાં પત્રક મુજબની અંદાજીત રકમનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે. |
| (૨) તેમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને | |
| (૩) કચ્છ જિલ્લામાં કેટલી રકમ ફાળવી ? | (૩) કચ્છ જિલ્લામાં રૂા. ૯૨૪ લાખના કામો મંજુર કરવામાં આવેલ છે. |

**પત્રક**

**૧૨મા નાણાપંચની ભલામણ અન્વયે વર્ષ ૨૦૦૬-૦૭ની જોગવાઇ સામે હાથ ધરેલ કામોની જિલ્લાવાર વિગત**

| ક્રમ | જિલ્લો | અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨૪૧.૯૯ |
| ૨ | ખેડા | ૧૮૪૮.૮૦ |
| ૩ | આણંદ | ૯૫૫.૧૧ |
| ૪ | સાબરકાંઠા | ૧૪૬૬.૫૭ |
| ૫ | મહેસાણા | ૧૧૯૩.૫૦ |
| ૬ | પાટણ | ૯૨૮.૦૧ |
| ૭ | બનાસકાંઠા | ૧૪૪૬.૧૧ |
| ૮ | કચ્છ | ૯૨૪.૦૦ |
| ૯ | વડોદરા | ૧૭૪૭.૬૦ |
| ૧૦ | ભરૂચ | ૧૨૦૯.૧૦ |
| ૧૧ | નર્મદા | ૫૫૭.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | પંચમહાલ | ૧૧૪૭.૨૦ |
| ૧૩ | દાહોદ | ૮૭૫.૫૫ |
| ૧૪ | સુરત | ૧૪૯૪.૩૯ |
| ૧૫ | નવસારી | ૭૩૬.૫૭ |
| ૧૬ | વલસાડ | ૬૫૫.૪૮ |
| ૧૭ | ડાંગ | ૩૩૬.૫૦ |
| ૧૮ | રાજકોટ | ૧૫૪૯.૯૬ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૧૪૨૨.૧૫ |
| ૨૦ | જામનગર | ૧૦૩૮.૯૮ |
| ૨૧ | ભાવનગર | ૧૫૯૩.૧૦ |
| ૨૨ | જુનાગઢ | ૧૨૭૦.૮૧ |
| ૨૩ | પોરબંદર | ૯૭૨.૦૦ |
| ૨૪ | અમરેલી | ૧૨૨૯.૦૦ |
| ૨૫ | ગાંધીનગર | ૯૨૩.૨૫ |

-----------

**કડી અને કલોલ તાલુકામાં રસ્તાઓને જોબ નંબર આપવા બાબત**

૧૯૮૨૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તેમજ કલોલ તાલુકામાં રાજ્ય તેમજ પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા, અને

(૨)કેટલા રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય અને પંચાયતના મળી કડી તાલુકાના ૩૩ તથા કલોલ તાલુકાના ૧૭ મળી કુલ ૫૦ રસ્તાઓને જોબ નંબર આપવામાં આવ્યા છે.

(૨) કડી તાલુકાના ૨૯ રસ્તાઓ તથા કલોલ તાલુકાના ૧૬ રસ્તાઓના થઇ કુલ ૪૫ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

-----------

**ઉમરગામ તાલુકાના ટોકરખાડી રાજદ્દત ખાડી ઉપર પુલનું બાંધકામ**

૧૮૮૫૪ **શ્રી શંકરભાઈ વારલી** (ઉમરગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણા-નારગોલ માર્ગ પર કોલીખાડી, ટોકરખાડી અને રાજદ્દતખાડી પર પુલના બાંધકામ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે,

(૨) સને ૧૯૯૭થી સરકારી વહીવટી મંજૂરી મળવા છતાં આ પુલની કામગીરી હાથ ન ધરવાનાં કારણો શાં છે, અને ?

(૩) આ પુલનું કામ કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ કામ માટે ચાલુ સાલના બજેટમાં રૂા. ૧ લાખની જોગવાઇ કરેલ છે.

(૨) જરૂરી જોગવાઇ ન થયેલ હોઇ.

(૩) પુરતી જોગવાઇ થયા બાદ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી,

-----------

**જૂનાગઢ જિલ્લામાં નગરપાલિકાના વિકાસપથના રસ્તાઓ**

૨૦૨૭૫ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વિકાસપથ હેઠળ કેટલી નગરપાલિકામાંથી પસાર થતા રાજ્ય રસ્તાની સુધારણા કામો કેટલી રકમના મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલી નગરપાલિકાના કામો કેટલી રકમના પૂર્ણ થયા ?

**જવાબ**

(૧) સાત નગર પાલિકામાંથી પસાર થતા રસ્તાઓના ૯૩૯.૪૭ લાખના કામો મંજુર થયેલ છે.

(૨) ચાર નગરપાલિકાના રૂા. ૨૯૪.૭૯ લાખની રકમના કામો પૂર્ણ થયેલ છે.

-----------

**ચિકનગુનિયાના નોંધાયેલ કેસ**

૨૦૨૮૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** (ખેરાલુ) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં ચિકનગુનિયા રોગના કેટલા કેસ નોંધાયા છે, અને

(૨) દરેક જિલ્લાવાર કેટલા કેસો નોંધાયા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં શંકાસ્પદ ચિકનગુનીયા રોગના ૧૧૮૯૨૪ કેસ નોંધાયા છે.

(૨) જિલ્લાવાર નોંધાયેલ કેસોની વિગત દર્શાવતું પત્રક-૧ આ સાથે સામેલ રાખેલ છે.

**પત્રક-૧**

**જિલ્લાવાર રીપોર્ટ થયેલ ચિકનગુનીયા કેસોની વિગત, વર્ષ-૨૦૦૬**

| અ.નં. | જિલ્લાનું નામ | રીપોર્ટ થયેલ શંકાસ્પદ ચિકનગુનિયાના કેસો | ચિકનગુનિયાના લેબોરેટરી દ્વારા કન્ફર્મ કેસોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૫૩૩૫ | ૧ |
| ૨ | અમદાવાદ કોર્પો. | ૬૦૮૫૫ | ૧૧૫ |
| ૩ | આણંદ | ૧૬૫ | ૧ |
| ૪ | ખેડા | ૧૪૫૮ | ૧૬ |
| ૫ | સુરેન્દ્રનગર | ૧૧૦ | ૦ |
| | **અમદાવાદ વિભાગ** | **૬૭૯૨૩** | **૧૩૩** |
| ૬ | ગાંધીનગર | ૮૭૬ | ૧૪ |
| ૭ | બનાસકાંઠા | ૧૨૨૮ | ૬ |
| ૮ | મહેસાણા | ૫૧૭ | ૫ |
| ૯ | સાબરકાંઠા | ૧૧૨૬૪ | ૧ |
| ૧૦ | પાટણ | ૩૨૫ | ૧ |
| | **ગાંધીનગર વિભાગ** | **૧૪૨૧૦** | **૨૭** |
| ૧૧ | વડોદરા | ૨૩૪ | ૦ |
| ૧૨ | ભરૂચ | ૨૪૧ | ૦ |
| ૧૩ | નર્મદા | ૧૭૯ | ૦ |
| ૧૪ | પંચમહાલ | ૨૯૬ | ૧ |
| ૧૫ | દાહોદ | ૭ | ૦ |
| | **વડોદરા વિભાગ** | **૯૫૭** | **૧** |
| ૧૬ | સુરત | ૧૩૩ | ૧૨ |
| ૧૭ | સુરત કોર્પો. | ૫૦ | ૦ |
| ૧૮ | નવસારી | ૨૪૭૫ | ૧૬ |
| ૧૯ | વલસાડ | ૩૦૩૬ | ૩ |
| ૨૦ | ડાંગ-આહવા | ૦ | ૦ |
| | **સુરત વિભાગ** | **૫૬૯૪** | **૩૧** |
| ૨૧ | રાજકોટ | ૧૦૭ | ૧૨ |
| ૨૨ | જામનગર | ૧૭૩૫૦ | ૪ |
| ૨૩ | કચ્છ | ૧૦૧ | ૦ |
| | **રાજકોટ વિભાગ** | **૧૭૫૫૮** | **૧૬** |
| ૨૪ | ભાવનગર | ૧૧૩૭૯ | ૧૫ |
| ૨૫ | અમરેલી | ૬૪ | ૦ |
| ૨૬ | જુનાગઢ | ૧૧૩૫ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | પોરબંદર | ૨ | ૦ |
| | **ભાવનગર વિભાગ** | **૧૨૫૮૦** | **૧૫** |
| ૨૮ | અન્ય | ૨ | ૨ |
| | રાજ્યનું કુલ ટોટલ : | **૧૧૮૯૨૪** | **૨૨૫** |

-----------

**ચિક્નગુનિયાના નોંધાયેલ કેસ**

૧૯૩૩૧ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૬-૦૬ થી ૩૧-૧૨-૦૬ સુધીમાં રાજ્યમાં ચિક્નગુનિયાના કુલ કેટલા કેસ રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં નોંધાયા,

(૨) જિલ્લાવાર ચિક્નગુનિયાથી કેટલા મૃત્યુ થયા, અને

(૩) રાજ્ય સરકારે આ રોગને કાબુમાં લેવા શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા. ૧-૬-૦૬થી તા. ૩૧-૧૨-૦૬ સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં નોંધાયેલ શંકાસ્પદ ચિક્નગુનિયાના કેસોની વિગત આ સાથે પત્રક-(૧) માં સામેલ રાખેલ છે.

(૨) રાજ્યમાં ચિક્નગુનિયા પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પૈકી ૧૧ વ્યક્તિઓના મૃત્યુના રીપોર્ટ થયેલ છે. (અમદાવાદમાં ૧૦ અને ભાવનગરમાં ૧ વ્યક્તિનું મૃત્યુ થયેલ છે.)

(૩) ચિક્નગુનિયા રોગ અટકાવવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના અસરકારક પગલાંઓ હાથ ધરેલ છે :

-- સ્વેચ્છિક સંસ્થાઓ અને લોક સહયોગથી જુદા જુદા નિષ્ણાંતોની સેવાઓ મેળવી રોગ સર્વેક્ષણ, નિદાન અને સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવી.

--સરકારી દવાખાનાઓ ઉપરાંત આરોગ્ય મેળાઓ યોજી સારવાર માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી.

--ભારત સરકારશ્રીના માર્ગદર્શન અને એન.આઇ.વી. પુનાના સહયોગથી બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ચિક્નગુનીયા રોગના નિદાન અંગે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.

--ચિક્નગુનીયા રોગની સારવાર અને અટકાયત માટે જરૂરી તમામ દવાઓ અને સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી.

--રોગગ્રસ્ત વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ અટકાવવા માટે સઘન પોરાનાશક કામગીરી તેમજ ચેપી મચ્છરોના નાશ માટે ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી.

--રાજ્યમાં રોગ અટકાયત અને નિયંત્રણ અટકાયત અંગે લોકજાગૃતિ ઊભી કરી.

**પત્રક-૧**

**જિલ્લાવાર રીપોર્ટ થયેલ શંકાસ્પદ ચિક્નગુનીયા કેસોની વિગત**

**તા. ૧-૬-૨૦૦૬ થી ૩૧-૧૨-૨૦૦૬**

| અ.નં. | જિલ્લાનું નામ | રીપોર્ટ થયેલ શંકાસ્પદ ચિકનગુનીયાના કેસો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૫૩૩૫ |
| ૨ | અમદાવાદ કોર્પો. | ૬૦૨૦૨ |
| ૩ | આણંદ | ૧૬૫ |
| ૪ | ખેડા | ૧૨૭૫ |
| ૫ | સુરેન્દ્રનગર | ૧૧૦ |
| ૬ | અમદાવાદ વિભાગ | ૬૭૦૮૭ |
| ૭ | ગાંધીનગર | ૮૭૬ |
| ૮ | બનાસકાંઠા | ૯૮૬ |
| ૯ | મહેસાણા | ૫૧૭ |
| ૧૦ | સાબરકાંઠા | ૧૧૨૬૪ |
| ૧૧ | પાટણ | ૩૨૫ |
| ૧૨ | ગાંધીનગર વિભાગ | ૧૩૯૬૮ |
| ૧૩ | વડોદરા | ૨૩૪ |
| ૧૪ | ભરૂચ | ૨૪૧ |
| ૧૫ | નર્મદા | ૧૭૯ |
| ૧૬ | પંચમહાલ | ૨૯૬ |
| ૧૭ | દાહોદ | ૭ |
| ૧૮ | વડોદરા વિભાગ | ૯૫૭ |
| ૧૯ | સુરત | ૧૦૮ |
| ૨૦ | સુરત કોર્પો. | ૪૩ |
| ૨૧ | નવસારી | ૨૪૭૫ |
| ૨૨ | વલસાડ | ૩૦૩૬ |
| ૨૩ | ડાંગ-આહવા | ૦ |
| ૨૪ | સુરત વિભાગ | ૫૬૬૨ |
| ૨૫ | રાજકોટ | ૧૦૭ |
| ૨૬ | જામનગર | ૧૩૭૮૦ |
| ૨૭ | કચ્છ | ૧૦૧ |
| ૨૮ | રાજકોટ વિભાગ | ૧૩૯૮૮ |
| ૨૯ | ભાવનગર | ૧૧૩૭૯ |
| ૩૦ | અમરેલી | ૬૪ |
| ૩૧ | જુનાગઢ | ૧૧૩૫ |
| ૩૨ | પોરબંદર | ૨ |
| ૩૩ | ભાવનગર વિભાગ | ૧૨૫૮૦ |
| ૩૪ | અન્ય | ૦ |
| | કુલ : | ૧૧૪૨૪૨ |

-----------

**બોરસદ નગરપાલિકાને શહેરી વર્ષ નિમિત્તે મળેલ ગ્રાન્ટ**

૨૦૨૮૭ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બોરસદ નગરપાલિકાએ વર્ષ ૨૦૦૫-૦૬ અને વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન શહેરી વિકાસ વર્ષ અંતર્ગત કેટલી ગ્રાન્ટ ક્યા ક્યા કામો માટે ફાળવવામાં આવેલ છે,

(૧) વર્ષવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગત

| કામોની વિગત | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ |
|---|---|---|
| રસ્તા | ૫૦ લાખ | શૂન્ય |
| પાણી પુરવઠા | ૩૫ લાખ | શૂન્ય |
| ગટર | ૯૦ લાખ | શૂન્ય |
| કુલ રકમ... | ૧૭૫ લાખ | |

(૨) સદર ગ્રાન્ટના દુરોપયોગ થવા બાબતે કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ, અને

(૨) હા.

(૩) જો હા, તો તે અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

(૩) કલેક્ટરશ્રી, આણંદ દ્વારા તપાસ કરવામાં આવી રહેલ છે.

-----------

**અજમાવત કોટ પાસે વાત્રક નદી ઉપર પુલનું કામ**

૧૮૬૮૧ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** (કઠલાલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અજમાવત કોટ પાસે વાત્રક નદી ઉપર પુલનું કામ મંજૂર થયેલ છે, તેનું ખાત મર્હુત માનનીય મંત્રીશ્રીના હસ્તે કરેલ પરંતુ તા. ૩૧-૧૨-૦૬ સુધી તેનું કામ શરૂ થયેલ નથી તે હકીક્ત સાચી છે,

(૧) ના જી, કામ શરૂ થયેલ છે અને પ્રગતિમાં છે.

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૨) કામ પ્રગતિ હેઠળ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે કેટલા સમયમાં પૂરું કરવામાં આવશે ?

(૩) કામ પુરૂ કરવાની તા. ૧૯-૫-૦૯ છે જે મુજબ પુર્ણ કરવાનું આયોજન છે.

-----------

**પાલીતાણા, સાતપડા, વિજપડીથી સાવરકુંડલાનો રસ્તો મંજૂર થવા બાબત**

૧૮૯૧૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં પાલિતાણા, સાતપડા, વિજપડીથી સાવરકુંડલા રસ્તો શેત્રુંજી નદીનાં સમાંતર પસાર થતો આ રસ્તો ક્યા વર્ષમાં મંજૂર થયો,

(૧) ભાવનગર જિલ્લામાં સાતપડાથી લુવારા ૧૨.૨૦ કિ.મી. રસ્તાનું કામ સને ૧૯૮૧-૮૨માં મંજુર થયેલ છે.

(૨) મંજૂર થયા પછી આ પાલિતાણા, સાતપડા, લુવારા, વિજપડી રસ્તાનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું છે,

(૨) આ રસ્તાનું કામ તા. ૮-૧-૯૦થી શરૂ કરવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ રસ્તો કેટલા કિ.મી. પૂર્ણ થયો છે, અને

(૩) ૫.૬૦ કિ.મી. ડામર સપાટી અને ૪.૫૦ કિ.મી. મેટલ સપાટી સુધી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૪) બાકીનો રસ્તો ક્યાં સુધીમાં ડામર સપાટીથી ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૪) આ રસ્તાની પથરેખામાં આવતી ગુજરડા ગામની જમીનનો કબજો મળ્યા બાદ તથા પૂરતી નાણાંકીય જોગવાઇ અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

-----------

**રાજ્યમાં નોટરીની ખાલી જ્ગ્યાઓ**

૨૦૧૫૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં તાલુકાવાર નોટરીની કેટલી જ્ગ્યાઓ છે,

(૧) ગુજરાતમાં તાલુકાવાર નોટરી નિયુક્ત કરવા અંગે નિયમોમાં કોઇ જોગવાઇ નથી, પરંતુ રાજ્ય સરકારનો અભિગમ દરેક તાલુકામાં નોટરીની નિયુક્તિ થાય તેવો છે.

હાલમાં રાજ્યમાં જિલ્લા, તાલુકાવાર રાજ્ય સરકારે નિયુક્ત કર્યા હોય એવા નોટરીની સંખ્યા **પરિશિષ્ટ-અ** મુજબ છે.

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ હાલમાં ખાલી છે અને ખાલી જગ્યાઓ કેટલા સમયથી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ વિચારણા હેઠળ હોય તેવા તાલુકા પૈકી **પરિશિષ્ટ-બ** માં દર્શાવ્યા મુજબ તાલુકામાં નોટરીની જગ્યા ખાલી છે.

(૩) ખાલી રહેલ જગ્યાઓ ભરવા સરકારશ્રી દ્વારા કોઇ આયોજન થયેલ છે કે કેમ ?

(૩) ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

* (પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**બેચરાજીમાં ન્યાયકોર્ટ ચાલુ કરવા બાબત**

૧૯૫૯૪ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ** (ચાણસ્મા) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર નવરચિત બેચરાજી તાલુકાની ન્યાયકોર્ટ બેચરાજીમાં ક્યારે શરૂ કરવા માંગે છે ?

**જવાબ**

અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઇ અને સૂચિત કોર્ટ શરૂ કરવા માટે માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થયેથી.

-----------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ટી. બી. હોસ્પિટલો**

૧૯૭૭૧ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ટી. બી.ની કેટલી હોસ્પિટલો આવેલ છે,

(૨) આ હોસ્પિટલો પૈકી કેટલી હોસ્પિટલોમાં દર્દીને ઓક્સીજન સીલીન્ડરથી ઓક્સીજન આપવામાં આવે છે અને કેટલી હોસ્પિટલોમાં સેન્ટ્રલાઇઝ પાઇપલાઇનથી ઓક્સીજનની સુવિધા પુરી પાડવામાં આવે છે, અને

(૩) સેન્ટ્રલાઇઝ પાઇપલાઇનથી દર્દીઓને ઓક્સીજન આપવા સરકારે કોઇ આયોજન કરેલ છે ?

**જવાબ**

**(૧) અમદાવાદ શહેરમાં**

-- ન્યુ ચેસ્ટ ક્લીનીક આસ્ટોડીયા

-- ચેસ્ટ ડીસીઝ હોસ્પિટલ-કામદાર રાજ્ય વિમા યોજના, નરોડા.

અમદાવાદ જિલ્લામાં ટીબીની હોસ્પિટલ આવેલ નથી.

(૨) **અમદાવાદ શહેરમાં** ઉપરોક્ત બન્ને હોસ્પિટલોમાં ઓક્સીજન સીલીન્ડર દ્વારા ઓક્સીજન આપવામાં આવે છે.

(૩) ના જી.

અમદાવાદ શહેરમાં ઉપરોક્ત હોસ્પિટલો ખાતે સેન્ટ્રલાઇઝ પાઇપ લાઇનની સુવિધા નથી. પરંતુ ઓક્સિજન સીલીન્ડર પૂરતાં પ્રમાણમાં રાખવામાં આવે છે.

-----------

**પ્રવાસન વર્ષમાં યાત્રાધામોનો થયેલ વિકાસ**

૧૯૯૧૦ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં પ્રવાસન વર્ષ ૨૦૦૬માં કેટલા યાત્રાધામોનો વિકાસ કર્યો ?

**જવાબ**

૬ (છ)

-----------

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પેટા કેન્દ્રો બંધ હોવા બાબત**

૨૦૨૯૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ જિલ્લાવાર ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પેટા કેન્દ્રો બંધ હાલતમાં છે,

(૧) એક પણ પેટા કેન્દ્ર બંધ નથી.

(૨) કેટલા સમયથી બંધ હાલતમાં છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કેન્દ્રો ચાલુ કરવા સરકાર દ્વારા શા પ્રયો કરવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ચોટીલા અને સાયલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં જુદા જુદા સંવર્ગની ખાલી જ્ગ્યાઓ**

૧૯૪૩૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય આરોગ્ય અને પરવિાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા સંવર્ગની જ્ગ્યાઓ ખાલી છે,

(૧) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ.

| ક્રમ | સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|
| | | ચોટીલા | સાયલા |
| ૧ | વર્ગ-૧ | ૩ | ૦ |
| ૨ | વર્ગ-૨ | ૧ | ૦ |
| ૩ | વર્ગ-૩ | ૧૪ | ૮ |
| ૪ | વર્ગ-૪ | ૧૨ | ૪ |

(૨) આ જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) ક્યારથી ખાલી છે

| સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|
| | ચોટીલા | સાયલા |
| વર્ગ-૧ | તા. ૩૧-૧૨-૯૮ થી ૩૦-૧૦-૦૬ દરમ્યાન | -- |
| વર્ગ-૨ | તા. ૩૦-૪-૦૪ થી | -- |
| વર્ગ-૩ | તા. ૯-૧-૯૬ થી તા. ૬-૭-૦૬ દરમ્યાન | તા. ૩-૧૧-૦૨ થી ૧૪-૭-૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | વર્ષ ૧૯૮૮ થી તા. ૮-૨-૦૪ દરમ્યાન | તા. ૧-૪-૮૯ થી તા. ૧૮-૩-૦૩ દરમ્યાન |

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-----------

**ભિલોડા તાલુકા પંચાયત અને સ્ટેટ હસ્તકના ડીપ-નાળા રીપેર કરવા બાબત**

૨૦૩૧૩ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬ના ચોમાસામાં ભિલોડા તાલુકાના પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના કુલ કેટલા ડીપ-નાળા તૂટી ગયા,

(૧) પંચાયત હસ્તકના ૨૨ અને સ્ટેટ હસ્તકના ૧ એમ કુલ-૨૩ ડીપ નાળા તુટી ગયેલ છે.

(૨) આ તૂટી ગયેલ ડીપ-નાળાનો અંદાજી રીપેરીંગ ખર્ચ કેટલો થવાનો છે, અને

(૨) રૂા. ૬૦ લાખ પંચાયત હસ્તકના અને રૂા. ૫ લાખ સ્ટેટ હસ્તકના થઇ કુલ રૂા. ૬૫ લાખનો રીપેરીંગ ખર્ચ થવાનો અંદાજ છે.

(૩) આ ડીપ અને નાળા વાહન વ્યવહાર પૂર્વવત કરવા સરકાર ક્યાં સુધી રીપેર કરવા માગે છે ?

(૩) વાહન વ્યવહાર પૂર્વવત કરેલ છે અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં રીપેર કરવામાં આવશે.

-----------

**ગઢડા ઉમરાળા તાલુકામાં નાળા અને પુલો બિસ્માર હોવા બાબત**

૧૯૧૧૨ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલા અને ક્યા ક્યા નાળા-પુલો બિસ્માર તથા ભયજનક હાલતમાં છે, અને

(૨) આવા નાળા પુલ ક્યાં સુધીમાં રીપેર કરવામાં આવશે કે નવા બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભૂજમાં મેડીકલ કોલેજ શરૂ કરવા બાબત**

૨૦૦૩૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂકંપ બાદ અત્યાધુનિક સાધનોથી સજ્જ બનેલી ભૂજ સ્થિત જી. કે. જનરલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ શરૂ કરવા તત્કાલિન માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જાહેરાત કરેલ તે હકીકત સરકારશ્રી જાણે છે,

(૨) જો હા, તો હોસ્પિટલ શરૂ થવામાં આશરે ત્રણ વર્ષથી ઉપરનો સમય થવા છતાં આ કામ પૂર્ણ ન થવાના શા કારણો છે, અને

(૩) મેડીકલ કોલેજ વહેલામાં વહેલી તકે શરૂ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વડાપ્રધાન ગ્રામ સડક યોજનામાં થયેલ રસ્તાના કામો**

૧૮૯૦૨**શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડાપ્રધાન ગ્રામ સડક યોજના અન્વયે સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા રસ્તાઓના કામો મંજૂર કરી હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

| **ક્રમ** | **વર્ષ** | **મંજુર થયેલ કામોની સંખ્યા** | **હાથ ધરેલ કામોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૩૮૨ | ૩૮૨ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૪૪૯ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |

----------

**શહેરા તાલુકાની નવીન નગરપાલિકામાં વિકાસ પથ રસ્તાઓ**

૧૯૭૪૪ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા તાલુકામાં નવી મંજૂર થયેલ નગરપાલિકામાં કેટલા વિકાસપથના રસ્તાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ન કરવામાં આવેલ હોય તો ક્યારે કરવામાં આવશે, અને

(૩) સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) એક રસ્તાનો સમાવેશ કરેલ છે.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમરેલી જિલ્લામાં ગ્રામ્ય દવાખાના અને આયુર્વેદિક દવાખાના બંધ થવા બાબત**

૨૦૩૦૦ **શ્રી બાલુભાઈ તંતી** (ધારી) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ગ્રામ્ય દવાખાના તેમજ આયુર્વેદિક દવાખાના સરકારની ગ્રાન્ટના અભાવે બંધ થયા છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) આવા કેટલા દવાખાના તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ ગામડા લેવલના બંધ કરવામાં આવ્યા છે ? | (૨) જિલ્લા પંચાયત હસ્તકના વેધ વર્ગ-૩ના કુલ ૪૫ આયુર્વેદ દવાખાના. |

-----------

**ાહેરી વિકાસ વર્ષ નિમિત્તે નગરપાલિકાઓ અને મહાનગર પાલિકાઓમાં ""પે એન્ડ યુઝ ટોઇલેટ"" બનાવવા બાબત**

૧૮૯૪૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વિકાસ વર્ષ નિમિત્તે નગરપાલિકાઓ અને મહાનગર પાલિકાઓમાં ""પે એન્ડ યુઝ ટોઇલેટ"" બનાવવાનું આયોજન કરાયેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેવા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) નગરપાલિકા/મહાનગરપાલિકા/સત્તામંડળોમાં આયોજન મુજબના બ્લોક મંજૂર કરી કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

------------

**જામનગર તાલુકાના રસ્તાઓની ફરિયાદો**

૨૦૨૮૬ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાના ગામોના રસ્તાઓની ફરિયાદોના ઉકેલ ન આવવાના કારણો તા.૪-૨-૦૭ સુધીમાં છેલ્લા ૨ મહીનામાં લોકોએ રસ્તા રોકો આંદોલન કરેલ તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) આ અંગે માર્ગ અને મકાન વિભાગે શી કાર્યવાહી કરી, અને | (૨) અને (૩) : મળેલ રજૂઆત અંગે યોગ્ય આયોજન અને રસ્તાને વાહન વ્યવહાર યોગ્ય કાર્યવાહી કરાયેલ છે. |
| (૩) આ રસ્તાઓ ક્યારે બનાવવામાં આવશે ? | |

-------------

**રાજ્યમાં શહેરી ગરીબો માટે આવાસો બાંધવા બાબત**

૧૯૦૬૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં શહેરી ગરીબો માટે આવાસો બાંધવાનું જિલ્લાવાર કેટલું આયોજન હતું, | (૧) ૫૬૨૬ આવાસો |
| (૨) તા.૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા આવાસો તૈયાર થયા, અને | (૨) ૭૯૩૨ આવાસો |
| (૩) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૫૧.૯૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |

-------------

**ભૂજ શહેરના રણછોડરાય સત્સંગ મંડળ તરફથી બ્લડ બેંકની માન્યતા માટેની અરજી**

૨૦૩૧૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** (મુન્દ્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભૂજ શહેરમાંથી રણછોડરાય સત્સંગ મંડળ સંસ્થા તરફથી બ્લડ બેંકની માન્યતા માટે રાજ્ય સરકાર પાસે અરજી મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ માન્યતા કેટલા સમયમાં મળવા સંભવ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સંસ્થા દ્વારા ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન, અમદાવાદ તરફથી ""ના-વાંધા પ્રમાણપત્ર"" રજુ કર્યેથી પરવાના ફાળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

-------------

**રાજ્યમાં સ્ત્રી વસ્તીનું ઘટતું પ્રમાણ**

૨૦૧૦૮ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં દિન-પ્રતિદિન સ્ત્રીઓની વસ્તીનું પ્રમાણ ઘટતું જાય છે તે સરકાર જાણે છે.

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સ્ત્રી પુરુષનું પ્રમાણ જિલ્લાવાર કેટલું છે,

(૩) સ્ત્રીઓની વસ્તીમાં ઘટાડો ન થાય તે માટે

**જવાબ**

(૧) હા.

(૨) સ્ત્રી-પુરૂષના પ્રમાણની વિગતો વસ્તી ગણતરી પરથી મળે છે. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૦૧માં થયેલી જે મુજબ દર હજાર પુરૂષોએ સ્ત્રીઓનું પ્રમાણ જિલ્લાવાર પ્રમાણ નીચે મુજબ છે,

| ક્રમ | જિલ્લો | સ્ત્રીઓનું પ્રમાણ |
|---|---|---|
| ૧. | કચ્છ | ૯૪૨ |
| ૨. | બનાસકાંઠા | ૯૩૦ |
| ૩. | પાટણ | ૯૩૨ |
| ૪. | મહેસાણા | ૯૨૭ |
| ૫. | સાબરકાંઠા | ૯૪૭ |
| ૬. | ગાંધીનગર | ૯૧૨ |
| ૭. | અમદાવાદ | ૮૯૨ |
| ૮. | સુરેન્દ્રનગર | ૯૨૪ |
| ૯. | રાજકોટ | ૯૩૦ |
| ૧૦. | જામનગર | ૯૪૧ |
| ૧૧. | પોરબંદર | ૯૪૬ |
| ૧૨. | જૂનાગઢ | ૯૫૫ |
| ૧૩. | અમરેલી | ૯૮૭ |
| ૧૪. | ભાવનગર | ૯૩૭ |
| ૧૫. | આણંદ | ૯૧૦ |
| ૧૬. | ખેડા | ૯૨૩ |
| ૧૭. | પંચમહાલ | ૯૩૮ |
| ૧૮. | દાહોદ | ૯૮૫ |
| ૧૯. | વડોદરા | ૯૧૯ |
| ૨૦. | નર્મદા | ૯૪૯ |
| ૨૧. | ભરૂચ | ૯૨૧ |
| ૨૨. | સુરત | ૮૩૫ |
| ૨૩. | ડાંગ | ૯૮૭ |
| ૨૪. | નવસારી | ૯૫૫ |
| ૨૫. | વલસાડ | ૯૨૦ |
| | ગુજરાત | ૯૨૦ |

(૩) (૧) રાજ્ય સરકારે પીએનડીટી કાયદાનું

સરકારે કેવા પગલાં છેલ્લા બે વર્ષમાં લીધા છે, અને

કડક/અસરકારક અમલીકરણ કરાવી, કાયદાના ભંગ બદલ ૧૨૯ સોનોગ્રાફી મશીન સીલ કર્યા છે અને ૬૨ ખાનગી તબીબો સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી હાઈકોર્ટમાં ૧૫ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

(૨) સફળ સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલ છે.

(૩) તા. ૨૧-૧-૨૦૦૬ના રોજ દગાવાડીયા તા. વિજાપુર જિ. મહેસાણા ખાતે ચોધરી સમાજનું એક લાખની મેદનીનું સંમેલન હતું. જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કરતા જણાવેલ છે કે ""સ્ત્રીભૃણ હત્યા સમાજ અને દેશ માટે મોટું કલંક છે"" તેને દૂર કરવાની આપણા સોની જવાબદારી છે. તેવી હાકલ કરેલ છે.

(૪) તા. ૫-૩-૨૦૦૬ના રોજ ટાગોરહોલ અમદાવાદ ખાતે યોજાયેલ સંમેલન કે જ્યાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે તેવા ૪૨ તાલુકાઓની પાંચ હજાર આંગણવાડી બહેનો તથા સમાજની આગેવાન બહેનોએ ભાગ લીધો હતો તેમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સ્ત્રીભૃણ હત્યા અટકાવવા ગામેગામ જઈને લોકોમાં જનજાગૃતિ લાવવા હાકલ કરેલ હતી.

(૫) સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અને આ પ્રશ્ન પરત્વે જનજાગૃતિ કેળવવા મોટા પાયે પ્રચાર અને પ્રસાર પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.

(૬) તા. ૧-૬-૦૬ના રોજ સુરત ખાતે પાટીદાર સમાજનો મેળાવડો યોજવામાં આવેલ હતો જેમાં ૧૦ લાખ પાટીદાર સમાજ હાજર રહયા હતા અને તેઓએ સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાના સપથ લીધા હતા.

(૭) ઉંઝા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જે. સી. ઉંઝા ધ્વારા મહિલા સંમેલન યોજવામાં આવેલ હતું જેમાં ૭૦૦૦ મહિલાઓ હાજર રહેલ હતી.

(૮) આંતરરાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે હિંમતનગર ખાતે મહિલાઓ માટે સેમિનાર યોજવામાં આવેલ હતો જેમાં ૫૦૦૦ મહિલાઓ અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહયા હતા.

(૯) ગુજરાતના તમામ જિલ્લાઓમાં જે તે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીઓ ધારાસભ્યશ્રીઓ, પંચાયત પદાધિકારીઓ

અને બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી ""બેટી બચાવો અભિયાન""નું સફળતાપુર્વક આયોજનો કર્યા અને તેમાં હકારાત્મક પ્રતિભાવ મળેલ છે.

(૧૦) રાજ્યકક્ષાની ત્રણ કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી.

(૧૧) ભાવનગર ખાતે સરપંચ સંમેલન યોજવામાં આવેલ હતું.

(૧૨) આ કાર્યક્રમના પ્રસાર-પ્રચાર માટે પ્રદર્શન સેટ તેયાર કરી દરેક જિલ્લાને આપવામાં આવેલ છે. જેના ધ્વારા ગામડાઓમાં પ્રદર્શન ગોઠવવામાં આવેલ છે.

(૧૩) દુરદર્શન, ઝી. ટીવી, ઈ ટીવી ઉપર આ અંગેની જાહેરાતો પ્રસારીત કરવામાં આવે છે.

(૧૪) પોસ્ટરો, પત્રિકા વિગેરે ધ્વારા પ્રસાર-પ્રચારની કામગીરી કરવામાં આવે છે.

(૪) કેટલો ખર્ચ કઈ બાબત પાછળ કર્યો છે ?

(૪) રાજ્ય સરકારે વિવિધ પ્રચાર અને પ્રસાર કાર્યક્રમો પર વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન કુલ ૧૩,૪૪,૩૪૫/-નો અને વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન જાન્યુઆરી-૨૦૦૭ના અંત સુધીમાં કુલ ૬૬,૯૮,૩૧૧/-નો ખર્ચ કરેલ છે.

-------------

**રાજ્યમાં ફુલટાઇમ કોર્ટ અને લીંક કોર્ટ શરુ કરવા બાબત**

૨૦૦૦૩ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા** (હળવદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફુલટાઇમ કોર્ટ અને લીંક કોર્ટ શરુ કરવા માટે કેસના ભારણને ધ્યાનમાં લેવામાં આવે છે કે કેમ, અને

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા વાઇઝ કેટલી ફુલટાઇમ અને લીંક કોર્ટ આવેલી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાઈઝ ફુલ ટાઈમ કોર્ટ અને લીંક કોર્ટની સંખ્યા દર્શાવતી માહિતી :

| તાલુકાનું નામ | ફુલ ટાઈમ કોર્ટની કુલ સંખ્યા | લીંક કોર્ટની સંખ્યા |
|---|---|---|
| સુરેન્દ્રનગર હેડ ક્વાર્ટર્સ | ૧૪ | ૦૦ |
| વઢવાણ | ૦૧ | ૦૦ |
| લખતર | ૦૦ | ૦૧ |
| લીંબડી | ૦૨ | ૦૦ |
| મુળી | ૦૨ | ૦૦ |
| સાયલા | ૦૦ | ૦૧ |
| ચોટીલા | ૦૧ | ૦૦ |
| ધ્રાંગધ્રા | ૦૬ | ૦૦ |
| હળવદ | ૦૦ | ૦૧ |
| પાટડી | ૦૧ | ૦૦ |
| **કુલ...** | **૨૭** | **૦૩** |

------------

**ભરુચ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે પુલો અને નાળીયાઓને થયેલ નુકશાન**

૧૮૬૬૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૬ ના વર્ષમાં ભારે વરસાદ અને પૂરના કારણે પુલો અને નાળીયાઓને ભારે નુક્સાન થયેલ તે હકીક્તથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો પંચાયત અને સ્ટેટ હસ્તક્ના પુલો અને નાળીયાઓની મરામત કામગીરી માટે કેટલી રકમ ક્યારે ક્યારે ફાળવી, અને

(૩) આ મરામતના કામો તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી. પુલો તેમજ નાળાઓને નુક્સાન થયેલ છે.

(૨) પુલો, નાળા અને રસ્તાની પુર મરામત માટે સંયુક્ત રકમ નીચે મુજબ ફાળવેલ છે.

| **માસ** | **ફાળવેલ રકમ** | **રૂા. લાખમાં** |
|---|---|---|
| | **રાજ્ય વિભાગ** | **પંચાયત વિભાગ** |
| ઓગષ્ટ-૦૬ | ૬૫.૦૦ | ૩૦.૦૦ |
| સપ્ટે.-૦૬ | ૬૦.૦૦ | ૧૭.૦૦ |
| ઓક્ટો.-૦૬ | ૬૦.૦૦ | ૨૫.૦૦ |
| ડીસે.-૦૬ | ૪૩૦ | ૧૫૫.૦૦ |

(૩) ૩ કામો પૂર્ણ, ૨૫ કામો પ્રગતિમાં અને ૨૧ કામો વહીવટી પ્રક્રિયા હેઠળ છે.

-----------

**શહેરોને મેગા સીટી બનાવવા બાબત**

૧૯૬૧૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યના ક્યા ક્યા શહેરોને મેગાસીટી બનાવવા માટે રાજ્ય સરકારે શા પ્રયો ર્ક્યા,

(૨) આ પૈકી કેટલા અને ક્યા ક્યા શહેરોની કેટલી હદ વધારવામાં આવી, અને

(૩) હદ વધારતા કેટલા અને ક્યા ક્યા શહેરોને મેગા સીટીનો દરજ્જો મળવાપાત્ર થાય છે ?

**જવાબ**

(૧) મેગાસીટીની યોજના કેન્દ્ર સરકાર દ્વારા બંધ કરવામાં આવી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સરકારના નોટરીઓ દ્વારા ફી ના ધોરણના બોર્ડ લગાવવા બાબત**

૧૯૬૫૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા નિમાયેલ નોટરીઓ દ્વારા જાહેર જનતા પાસેથી લેવાની થતી ફીના ધોરણ અંગેના જનતાના ઉપયોગ અર્થેના બોર્ડ કેટલા નોટરી ધારકો દ્વારા તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ લગાવવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેલા નોટરી ધારકો ત્વરીત બોર્ડ લગાવે તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ધી નોટરીઝ રૂલ્સ, ૧૯૫૬ના નિયમ-૧૦ હેઠળ, દરેક નોટરીએ, નોટીરીયલ કામનું નિયત દર (ફી) દર્શાવતું બોર્ડ પોતાની ક્ચેરીએ, સહેલાઈથી જોઈ શકાય તેમજ વાંચી શકાય તે મુજબ ફરજીયાતપણે મૂક્વાનું હોય છે. તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ દરેક નોટરીએ, નિયત દર (ફી) દર્શાવતું બોર્ડ લગાવે છે.

(૨) કાયદા વિભાગના તા. ૧૫-૧૦-૯૭ના પરિપત્ર ક્રમાંક : એનટીઆર/ફીઝ/૧૯૯૬/૪૦/આર,તા. ૧૪/૩/૦૧ના પરિપત્ર ક્રમાંક : એનટીઆર/ફીઝ/૨૦૦૧/૪૨/લ, અને તા. ૧૦/૩/૦૫ના પરિપત્ર ક્રમાંક : એનટીઆર/ફીઝ/૨૦૦૫/-૧૦૧/ઈ થી, આ બાબતે રાજ્ય સરકારે નિમણુક આપેલા તમામ નોટરીને તમામ સૂચના આપવામાં આવેલ છે.

-------------

**વાપીથી ધરમપુર, વાંસદા, શામળાજી રસ્તો ફોરલેન કરવા બાબત**

૧૮૯૭૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોઢા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાનો પૂર્વ રાજ્ય ધોરી માર્ગ સ્ટેટ હાઇવે નં.૫ વાપીથી નાના પોઢા-ધરમપુર, વાંસદા

**જવાબ**

(૧) હા, જી.

થઇ શામળાજીને જોડતા આ રસ્તો અતિ ટ્રાફિકવાળો છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ રસ્તાને ફોરલેન બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ટ્રાફીક્ના ધારાધોરણ ધ્યાને લેતા હાલ કોઈ આયોજન કરેલ નથી.

-------------

**માળીયા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનામાં મરામત કામગીરી**

૧૯૩૯૪ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનાની મરામત તેમજ જરૂરી સવલતો પાછળ તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

| ક્રમ | પ્રથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | ભંડુલી | ૨૪,૯૦૦ |
| ૨ | કુક્સવાડા | ૨૪,૯૦૦ |
| ૩ | ખોરાસા | ૫,૫૦,૫૪૩ |
| ૪ | અમરાપુર | ૨૪,૯૦૦ |

| ક્રમ | એલોપેથી ડીસ્પેન્સરીનું નામ | ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | ચોરવાડ (મેલ/ફીમેલ) | ૮૭,૩૭૪ |

-------------

**ડોકટરોને ખાનગી પ્રેકટીસ કરવાની છૂટ આપવા બાબત**

૧૯૯૪૩ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની આરોગ્ય સેવામાં જોડાયેલા ડોકટરોને ખાનગી પ્રેકટીસની છૂટ આપી તેમનું એન.પી.એ. બંધ કરવાની બાબતે છેવટનો નિર્ણય શું લીધો છે,

**જવાબ**

(૧) આ પ્રશ્ને પીટીશનરો તેમજ પીટીશનર એસોસીયેશનો સાથે રાજ્ય સરકારે વખતોવખત બેઠક યોજીને ચર્ચા વિચારણા કરી હતી અને આ બેઠકો દરમ્યાન તેઓ તરફથી કરાયેલ રજૂઆતો પરત્વે વિચારણા કરીને,

(૧) તા. ૩૦-૧૧-૨૦૦૬ના રોજ રાજ્ય સરકારની સેવામાં હોય તેવા તબીબી અધિકારી પૈકીના જે અધિકારીએ ઓછામાં ઓછી ૧૫ વર્ષની સેવા પૂરી કરેલ હોય તેમને કામકાજના કલાકો સિવાય તેઓના મુખ્ય મથક ખાતે ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરવા અથવા વળતર ભથ્થું (એન.પી.એ.) સ્વીકારવાનો વિકલ્પ આપવાની એક વખત તક આપવી.

(૨) જે અધિકારીઓએ ૧૫ વર્ષની સેવા પૂરી કરેલ નથી તેવા અધિકારીઓ પૈકીના જે અધિકારી જ્યારે ૧૫ વર્ષની સેવા પુરી કરે ત્યારે તેમને કામકાજના કલાકો સિવાય તેઓના મુખ્ય મથક ખાતે ખાનગી તબીબ વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરવા અથવા વળતરભથ્થું (એન.પી.એ.) સ્વીકારવાનો વિકલ્પ આપવાની એક વખત તક આપવી અને તે દરમ્યાન જો તેઓ ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરવા માંગતા હોય તો તેઓને તેમ કરવા દેવા, અને

(૩) તા. ૧-૧૨-૨૦૦૬ના રોજ કે તે પછીથી સરકારી સેવામાં જોડાયેલ હોય તેવા તબીબી અધિકારીઓ કામકાજના કલાકો સિવાય તેઓના મુખ્ય મથક ખાતે ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરી શકશે પરંતુ તેઓને એન.પી.એ. મળશે નહીં તેવો નિર્ણય લીધેલ છે.

આ નિર્ણની રાજ્ય સરકારે પીટીશનરો તેમજ

પીટીશનર એસોસીયેશનોને તા. ૨૪-૧-૨૦૦૭ના રોજની બેઠકમાં જાણ કરેલ છે. આ સંદર્ભમાં તેઓ તરફથી કોઈ વિધીવત પ્રતિભાવ મળેલ નહીં હોવાથી રાજ્ય સરકાર આ નિર્ણયનો અમલ નામ. હાઈકોર્ટની પૂર્વમંજૂરી મેળવીને કરશે.

(૨) ડોકટરોએ સરકારને આપેલા આવેદનપત્રમાં કેવી માંગણીઓ કરી છે, અને

(૨) ડોકટરોએ સરકારને આપેલા આવેદનપત્રમાં તેઓએ ખાનગી પ્રેકટીસ કરવી કે એન.પી.એ. લેવાનું સ્વીકારવું તેવો તેઓને એક વખત વિકલ્પ આપવામાં આવે તેવી માંગણી કરેલ છે જેથી તેઓને નિવૃત્તિ સમયે મળનાર પેન્શન તેમજ નિવૃત્તિ લાભો પર કોઈ વિપરીત અસર પડે નહીં.

(૩) સરકારી સેવાના ડોકટરો ખાનગી પ્રેકટીસ કરશે તો ગરીબ દર્દીઓને પારાવાર નુકશાન થશે તે સરકાર જાણે છે ?

(૩) સરકારી સેવામાં ડોકટરોને ખાનગી પ્રેકટીસની છૂટ આપવાના કારણે જરૂરી અને ઉચ્ચ લાયકાતવાળા તેમજ સુપરસ્પેશીયાલીટીવાળા તબીબો રાજ્ય સરકારની સેવામાં જોડાવાનું પસંદ કરતાં પુરતા પ્રમાણમાં તબીબો ઉપલબ્ધ થશે, અને તે સાથે તબીબી શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા તબીબી અધિકારીઓ વધુને વધુ જરૂરિયાતમંદોની સેવા કરી શકશે અને તે સાથે તેઓને રાજ્ય સરકારની સેવામાં મળતાં પગાર અને ભથ્થાઓ ઉપરાંત વધારાની આવક મેળવી શકશે અને તેના પરિણામે તેઓ તબીબી શિક્ષણના વ્યવસાય સાથે સતત જોડાયેલા રહેશે. આ ઉપરાંત તા. ૩૦-૧૧-૨૦૦૬ની સ્થિતિએ કાર્યરત એવા નિવૃત્તિની નજીક પહોંચતા કે વહીવટી કામગીરી સાથે સંકળાયેલા તબીબી અધિકારીઓ કે જેઓને ખાનગી પ્રેકટીસ કરવાની અનુકૂળતા મળતી નથી તેવા સહિતના તમામ તબીબી અધિકારીઓને ખાનગી પ્રેકટીસ કરવી કે એન.પી.એ. સ્વીકારવું તેનો વિકલ્પ મળવાથી તેઓને હાલ આપવામાં આવતું એન.પી.એ. બંધ થવાના કારણે નિવૃત્તિ સમયે મળનાર પેન્શન તેમજ નિવૃત્તિ લાભો પર તેની કોઈ વિપરીત અસર પડશે નહીં.

ટૂંકમાં, આ પ્રકારે ગરીબ દર્દીઓને નુકશાન થવાને બદલે ઝડપી અને વધુ સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે.

-------------

## પ્રવાસન વર્ષ ૨૦૦૬માં ભારત સરકારને મોકલેલ પ્રોજેકટ

૨૦૩૦૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર તરફથી પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન ક્યા ક્યા પ્રોજેકટો ભારત સરકારને મોકલેલ છે, અને

(૨) ભારત સરકાર તરફથી ક્યા ક્યા પ્રોજેકટો મંજૂર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર તરફથી ભારત સરકારને :-
(અ) પ્રવાસન સર્કીટ માટે-એક
(બ) પ્રવાસન સ્થળોના વિકાસ માટે-ત્રણ
(ક) ગ્રામ્ય પ્રવાસન માટે-આઠ તથા
(ડ) મેળા, ઉત્સવો તથા અન્ય માટે-પાંચ
એમ કુલ ૧૭ દરખાસ્તો મોકલી છે.

(૨) ભારત સરકાર તરફથી (૧) જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને ધ્વારકા પ્રવાસન સર્કીટ માટે (૨) ગ્રામ્ય પ્રવાસનમાં દાંડી ખાતે પ્રવાસી સુવિધા ઉભી કરવા તથા

મેળા-(૩) ઉત્સવો માટે તરણેતર મેળા અને શરદ ઉત્સવ માટે નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવેલ છે.

-------------

**વાવ-થરાદની રેફરલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યા**

૨૦૨૯૫ **શ્રી હેમાજી દ. રાજપૂત** (વાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ વાવ-થરાદ તાલુકાની રેફરલ હોસ્પિટલોમાં સંવર્ગવાર કેટલી ખાલી જગ્યા છે, અને

(૨) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) વાવ-થરાદ તાલુકામાં નીચે મુજબની રેફરલ હોસ્પિટલ આવેલ છે અને તેમાં નીચે દર્શાવ્યા મુજબની સંવર્ગવાર જગ્યા ખાલી છે.

| સંવર્ગ | સા.આ.કે. વાવ | સા.આ.કે. થરાદ |
|---|---|---|
| વર્ગ-૧ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૧ | ૦ |
| વર્ગ-૩ | ૬ | ૬ |
| વર્ગ-૪ | ૪ | ૫ |
| કુલ | ૧૧ | ૧૧ |

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-------------

**બનાસકાંઠા જિલ્લાના શહેરોનો વિકાસ નકશો**

૧૯૨૧૩ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કેટલા શહેરોમાં વિકાસનો નકશો મંજૂર થયેલ છે.

(૨) કેટલા શહેરો બાકી છે,

(૩) ક્યાં ક્યાં શહેરો બાકી છે,

(૪) બાકી રહેવાના કારણો ક્યા ક્યા છે, અને

(૫) કેટલા સમયમાં બાકીના શહેરોનો વિકાસ નકશો મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, અંબાજી એમ કુલ-૩ શહેરો વિકાસ યોજના મંજૂર થયેલ છે.

(૨) કોઈ નહીં.

(૩) કોઈ નહીં.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નિર્મળ ગુજરાત ૨૦૦૭ની ઉજવણી**

૧૯૨૬૨**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** (હિંમતનગર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ""નિર્મળ ગુજરાત-૨૦૦૭""ના વર્ષની ઉજવણીમાં માર્ગ અને મકાન વિભાગ હેઠળ વિભાગે ક્યા સંકલ્પ હાથ ધરેલ છે, અને

(૨) કેવા પ્રકારની કામગીરીનું આયોજન વિચારેલ છે?

**જવાબ**

(૧) અને (૨) : આ સાથે એનેક્ષર-અ માં દર્શાવેલ બાબતો અંગે માર્ગ અને મકાન વિભાગે સંકલ્પો હાથ ધરી કામગીરી કરવાનું આયોજન કરેલ છે.

**એનેક્ષર-અ**

**મા.મ. વિભાગ ધ્વારા નિર્મળ ગુજરાત-૨૦૦૭,**
**દરમ્યાન નકકી કરેલ કામગીરી**

(૧) રસ્તાઓ ઉપરના અનઅધિકૃત દબાણો દુર કરવા અને રસ્તાના બોર્ડ પર લગાવેલ જાહેરાતના પોસ્ટરો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૨) રાજ્યમાં રાજ્ય અથવા પંચાયત હસ્તકના જે રસ્તાઓ શહેર કે નગરોમાંથી પસાર થાય છે તે રસ્તાઓની ડામર સપાટી વ્યવસ્થિત કરી સ્વચ્છ રાખવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૩) રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ ધ્વારા જે જે સર્કલોનો વિકાસ કરવામાં આવ્યો છે તેને વર્ષ દરમિયાન સ્વચ્છ અને સુંદર રાખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.
(૪) રસ્તાઓ ઉપરના સેન્ટ્રલ વર્જની સાફ સફાઈ કરાવી સ્વચ્છ રાખવામાં આવશે.
(૫) રાજ્યના દરેક જિલ્લાઓમાં અગત્યના ૧૦૦ કી.મી.ના રાજ્યના ધોરીમાર્ગો પરના સી.ડી. વર્ક્સ, ડામર સપાટી નજીકના ઝાડને, બોર્ડને રંગ રોગાન કરી અનઅધિકૃત બોર્ડ દુર કરી, ડામર સપાટી નજીકના વૃક્ષો વગેરેનું રંગરોગાન કરી રસ્તાઓ સ્વચ્છ અને સુંદર રાખવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૬) રાજ્યના મુખ્ય રાજ્યધોરી માર્ગો અને મુખ્ય જીલ્લા માર્ગના રસ્તા પરના ગાંડા બાવળ, કચરો, દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૭) વિકાસપથોની સંપૂર્ણ સાફ રાખવામાં આવશે ઉપરાંત રંગરોગાન તથા દબાણ દુર કરી રસ્તા સ્વચ્છ અને સુંદર રાખવામાં આવશે.
(૮) માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ શક્ય હશે ત્યાં સફાઈ અંગેના સૂત્રો/સાઈનબોર્ડ મુકવામાં આવશે.
(૯) રસ્તા ઉપરના હોટલો, ધાબા, પેટ્રોલ પંપની આજુબાજુના વિસ્તારમાં સફાઈ અંગેની ખાસ કાળજી લેવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૦) રાજ્યના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના સામાન્ય સેવાના બીન રહેણાંકના મકાનો જેવા કે મધ્યસ્થ કચેરીઓ, સરકીટ હાઉસ, વિશ્રામગૃહો તેમજ સામાન્ય સેવાના રહેણાંકના કેમ્પસની સાફ સફાઈ કરી સ્વચ્છ અને સુંદર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૧) સરકારી મકાનોમાં નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાને લઈને મકાનોમાં વ્યવસ્થિત મરામત અને સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે. તેમાં ખાસ કરીને હોસ્પિટલ, મધ્યસ્થ કચેરીઓ, રહેણાંકના મકાનો, સરકીટ હાઉસ, પ્રાધાન્ય આપી કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૨) દરેક સરકારી મકાનો ઉપરની ઓવર હેડ પાણીની ટાંકીઓની વર્ષ દરમિયાન પુરતી સફાઈ કરી સ્વચ્છ રાખવામાં આવશે.
(૧૩) માર્ગ અને મકાન વિભાગ હસ્તકના સરકારી મકાનોમાં રોજબરોજ પેદા થતા કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે.
(૧૪) સરકારી કચેરીઓમાં ઘણા લાંબા સમયથી વ્હાઈટ વોશ/કલર ન થયો હોય તે કચેરીઓને પ્રાધાન્ય આપવામાં આવશે.
(૧૫) સરકારી મકાનોમાં પાણીની પાઈપના લીકેજ દુર કરવા ડ્રેનેજ લાઈનના પણ લીકેજ દુર કરવા ડ્રેનેજની સાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૬) સરકીટ હાઉસ, વિશ્રામગૃહમાં ફર્નીચર તેમજ અન્ય લીનની સાફ રાખવાની પુરતી કાળજી રાખવામાં આવશે.
(૧૭) માર્ગ અને મકાન વિભાગ હસ્તકની તમામ ક્ષેત્રિય કચેરીઓમાં વધારાના રેકોર્ડનો યોગ્ય નિકાલ કરી આ કચેરીઓને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૮) સરકારી કેમ્પસમાં પડેલ જુની ગાડીઓ, જુનો સામાન, ફર્નીચર કે સ્ટોરમાં પડેલ બીન ઉપયોગી કોઈપણ માલ સામાનનો તાત્કાલિક નિકાલ કરવાની કામગીરી હાથ ધરી નિકાલ કરવામાં આવશે.
(૧૯) માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કેમ્પસ તેમજ ગાંધીનગરમાં જ્યાં જરૂરીયાત હશે ત્યાં પે એન્ડ યુઝ ટોઈલેટ લોક ભાગીદારીથી કરવામાં આવશે.
(૨૦) રસ્તા અને મકાનોની સુંદરતા વધારવાની કામગીરી
(૨૧) સરકારી મકાનોમાં કેમ્પસમાં હરિયાળી ઉભી કરવાની કામગીરી.
(૨૨) નાળા/પુલ વગેરે રેલીંગ હેડવોલ રીપેરીંગ કરી કલર કરવાની કામગીરી.
(૨૩) કચરામાંથી ખાતર (મોટા શહેરમાં) બનાવવાની કામગીરી.

-------------

**૫૦૦થી ઓછી વસ્તી ધરાવતા આદિજાતિ ગામોને રોડની સુવિધા ન આપવા બાબ**

૧૯૯૭૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૫૦૦થી ઓછી જનસંખ્યાના આદીજાતિ વિસ્તારના ગામોને રોડની સુવિધા ઉપલબ્ધ કરાવવા ભારત સરકારે જાહેર કર્યું છે ત્યારે એ કાર્યક્રમનો લાભ એવા ગામોને ન પહોચેં એવી નીતિ રાજ્ય સરકારે અખત્યાર કરી છે તે હકીકત સાચી છે. | (૧) ના, જી. |
| (૨) જો ના તો આ અંગે શી કાર્યવાહી કરવામાં | (૨) ભારત સરકારે ભારત નિર્માણ કાર્યક્રમ હેઠળ |

આવી, અને ?

૧૦૦૦થી વધુ વસ્તી ધરાવતા તમામ ગામો/પરા અને ૫૦૦થી ૯૯૯ વસ્તી ધરાવતા આદીજાતિ વિસ્તારના ગામો/પરાને ૨૦૦૯ સુધીમાં બારમાસી રસ્તાથી જોડવાનું જાહેર કરેલ હોઈ તે મુજબ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) તેનાથી કેટલા સમયમાં ક્યા જિલ્લામાં કેટલા ગામોને લાભ થશે ?

(૩) પરિશિષ્ટ - ૧ મુજબ

૨૦૦૬-૦૯ દરમ્યાન કુલ ૧૧ જિલ્લામાં ૬૦૨ ગામો/પરાને લાભ થશે.

**પરિશિષ્ટ-૧**
**૫૦૦થી ઓછી વસ્તી ધરાવતા આદિજાતિ ગામોને રોડની સુવિધા ન આપવા બાબત**

| ક્રમ | જિલ્લો | ૨૦૦૬-૦૯ દરમ્યાન ૫૦૦થી વધુ વસ્તી ધરાવતા લાભાન્વીત આદિજાતિ વિસ્તારના ગામો/પરાની સંખ્યા |
|---|---|---|
| ૧. | બનાસકાંઠા | ૬ |
| ૨. | ભરૂચ | ૪ |
| ૩. | દાહોદ | ૩૬૦ |
| ૪. | ડાંગ | ૧ |
| ૫. | નર્મદા | ૧૭ |
| ૬. | નવસારી | ૧૨ |
| ૭. | પંચમહાલ | ૧૪૫ |
| ૮. | સાબરકાંઠા | ૨૪ |
| ૯. | સુરત | ૧૩ |
| ૧૦. | વડોદરા | ૧૭ |
| ૧૧. | વલસાડ | ૩ |
| | કુલ-૧૧ | ૬૦૨ |

-------------

**સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું જર્જરીત મકાન**

૧૯૧૬૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત છે તે હકીકત સાચી છે; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવા મકાનનું બાંધકામ કરવા માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૭-૦૮માં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત બાંધકામ કરવામાં આવશે. |

**વડિયા બાબરાને કાયમી કોર્ટ આપવા બાબત**

૧૯૮૬૦**શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વડિયા-બાબરાને કાયમી કોર્ટ ક્યારે આપવામાં આવશે ? | વડિયા-બાબરાને, વડી અદાલત તરફથી દરખાસ્ત મળેથી અને અંદાજપત્રમાં જરૂરી નાણાંકીય જોગવાઈ થયેથી. |

-------------

**ભાવનગર ખાતે વિદ્યુત સબ ડિવીઝનની પડતર માંગણી**

૧૯૩૫૬ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સરકારી ઈમારતોની સંખ્યા જોતાં વિદ્યુત અંગેની કાર્યવાહી વ્યવસ્થિત થાય તે માટે ભાવનગર ખાતે વિદ્યુત સબડિવીઝન કરવાની માંગણી રાજ્ય સરકાર સમક્ષ આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં નવું સબ ડિવીઝન ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિચારણા હેઠળની દરખાસ્ત પરત્વે નિર્ણય થયા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

-------------

**જામનગર જિલ્લામાં પાકી ડામર સપાટીથી માર્ગોને જોડવા બાબત**

૨૦૩૦૩ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવાડ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં તાલુકાવાર એક ગામથી બીજા ગામને પાકા-ડામર-સપાટીથી માર્ગ જોડાણ અંગેની કુલ કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળેલ છે;

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે;

(૩) કેટલા કામોની કામગીરી આ વર્ષે હાથ ધરવામાં આવેલ છે; અને

(૪) બાકીના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તાલુકાવાર કુલ ૫૬ અરજીઓ નીચેની વિગતોએ મળેલ છે.

| અ. નં. | તાલુકો | અરજીની સંખ્યા |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | જામનગર | ૬ |
| ૨. | લાલપુર | ૩ |
| ૩. | ધ્રોલ | ૧૧ |
| ૪. | કાલાવાડ | ૭ |
| ૫. | જોડીયા | ૪ |
| ૬. | જામજોધપુર | ૪ |
| ૭. | ભાણવડ | ૫ |
| ૮. | ખંભાળીયા | ૧ |
| ૯. | કલ્યાણપુર | ૨ |
| ૧૦. | ઓખા મંડળ | ૧૩ |
| | કુલ... | ૫૩ |

(૨) ૩ કામો

(૩) ૧૨ કામો

(૪) બાકીના કામો નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર હાથ ધરવાનું વિચારવામાં આવશે.

-------------

**નારણપુર ફાટકથી કરોડ ગામથી ફુલ ઉમરાણ ગામનો રસ્તો બિસ્માર હોવા બાબત**

૧૯૬૦૩ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાના નારણપુર ગામના નારણપુર ફાટકથી કરોડ ગામ થઈને ફુલ ઉમરાણ ગામ સુધીનો પાકો રસ્તો વધુ વરસાદને કારણે ધોવાઈ જવાથી રસ્તો ઉખળ ખાબળવાળો અને બિસ્માર હાલતમાં છે એ હકીકત સરકાર જાણે છે;

(૨) જો હા, તો સરકાર કેટલા સમયમાં આ રસ્તાને રિકાર્પેટ કરાવવા માંગે છે; અને

(૩) જો ના, તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

(૨) હાલમાં રીકાર્પેટનું આયોજન નથી.

(૩) રસ્તાની સપાટી પ્રમાણમાં સારી છે.

-------------

**ભૂજ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની જમીન ફાળવણી**

૨૦૦૮૬ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) ભૂકંપ પછી રચાયેલ ભૂજ એરિયા ડેવલપમેન્ટ ઓથેરીટી (BHADA) ની કામગીરી અન્વયે જમીનોની ફાળવણી, સંપાદન અને પ્લાન પાસ કરવાની બાબતે વિસંગતતા કે ફરિયાદ થવાની બાબત સરકાર જાણે છે;

(૧) સરકારશ્રી દ્વારા નિયત કરેલ નીતિ નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે. જેથી વિસંગતતા કે ફરિયાદ થયેલ નથી.

(૨) જો હા, તો જમીન સંપાદનના ભાવ અને જમીન ફાળવણીના ભાવ અંગેનો ભાવ તફાવત કેટલો છે અને તેના કારણો શાં છે; અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો (BHADA) ના એરીયામાં તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ કેટલી જમીન સંપાદન થઈ અને કેટલી રકમ ચુકવવાની નક્કી થઈ અને આજ ગાળા દરમ્યાન કેટલા મીટર જમીન કેટલી કિંમતે ફાળવાઈ ?

(૩) ૩,૫૪,૭૦૧.૦૦ ચો.મી. જમીન સંપાદન થઈ અને જમીન તથા બાંધકામ, ઝાડો, કુવા, સોલેશીયમ અને વ્યાજ સહિત કુલ રૂા. ૪,૫૭,૪૬,૩૮૮/-ચુકવવામાં આવેલ છે.
-- ૫૧,૪૦૦.૦૦ ચો.મી. જમીન રૂા. ૩૦૦/- પ્રતિ ચો.મી. ના ભાવે,
-- ૫૩,૯૫૦.૦૦ ચો.મી. જમીન રૂા. ૧૭૫/-પ્રતિ ચો.મી.ના ભાવે, અને
-- ૪૨,૫૫૦.૦૦ ચો.મી. જમીન રૂા. ૧૫૦/-પ્રતિ ચો.મી. ના ભાવે ફાળવવામાં આવી છે.

-------------

## છોટાઉદેપુર રેફરલ હોસ્પિટલમાં ડૉકટર અને અન્ય કર્મચારીઓની ખાલી જગ્યા

૧૯૧૮૫ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) છોટાઉદેપુરની રેફરલ હોસ્પિટલમાં તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ કેટલા ડૉકટર અને અન્ય કેટલા કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે; અને

(૧) છોટા ઉદેપુરની રેફરલ હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સંવર્ગવાર જગ્યાઓ નીચે મુજબ ખાલી છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | તજજ્ઞ ડૉકટર, વર્ગ-૧ | ૪ |
| ૨. | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૪ |
| ૩. | સ્ટાફ નર્સ | ૧૧ |
| ૪. | ક્લેરીકલ સંવર્ગ | ૩ |
| ૫. | પેરા મેડીકલ | ૮ |
| ૬. | વર્ગ-૪ | ૧ |
| | કુલ સંખ્યા : | ૩૧ |

(૨) આ ખાલી જગ્યા ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૨) --તજજ્ઞ, વર્ગ-૧ સંવર્ગની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ઉમેદવારોને એડહોક ધોરણે નિમણુંક આપવા અંગે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગરની કચેરી ખાતે દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.

-- તબીબી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ એડહોક ધોરણે નિમણૂંકથી ભરવા અંગે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ ખાતે વોક-ઈન-ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. વધુમાં રાજ્યહસ્તકની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

-- સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ સંવર્ગ પેકી પેરા મેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ ગોણ સેવા પસંદગી

મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેમજ આઉટ સોર્સીંગથી ફીક્સ પગારથી ૧૧ માસ માટે જ્ગ્યા ભરવા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીને જણાવેલ છે.

-- સ્ટાફ નર્સની ખાલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

-- વહીવટી સંવર્ગની સીનીયર ક્લાર્કની ખાલી જગ્યા ઉપર ફીડર કેડરમાંથી લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બઢતીથી ભરી શકાશે તેમજ ફાજલ સેવામાંથી આ સંવર્ગના કર્મચારીઓ મળશે. હાલ વહીવટી સંવર્ગની સીનીયર આસીસ્ટન્ટની જગ્યા ભરાયેલ હોવાથી વહીવટી/નાણાકીય કામગીરી સુગમતાથી ચાલે છે.

--વર્ગ-૪, સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૧૧-૦૬ના ઠરાવથી આઉટસોર્સથી સેવકોની કરારના ધોરણે સેવાઓ લેવા બાબતનું ઠરાવેલ છે. જે મુજબ તાત્કાલિક જગ્યાઓ ભરવા અંગે કાર્યવાહી હાથ ધરેલ છે.

-----------

**આયુર્વેદિક દવાઓનું પ્રમાણન કરવા બાબત**

૧૯૭૯૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આયુર્વેદિક દવાઓનું પ્રમાણન કરવા માટે સરકાર પાસે શું વ્યવસ્થા છે ?

**જવાબ**

(અ) રાજ્યમાં આયુર્વેદિક દવાઓનું પ્રમાણન કરવા માટે સરકાર પાસે પોતાની ડ્રગ ટેસ્ટીંગ લેબોરેટરી છે.

(બ) રિવાઈઝ શીડયુલ ટી મુજબ ફાળવવામાં આવેલ દરેક પરવાનેદાર આયુર્વેદિક ઓષધ ઉત્પાદકો પાસે પોતાના ઉત્પાદન એકમમાં ટેસ્ટીંગ કરવાની જોગવાઈ ઉભી કરાવેલ છે.

(ક) સરકાર માન્ય પ્રયોગશાળાઓમાં આયુર્વેદિક ઓષધો પ્રમાણિત કરવા માટે પરવાના ફાળવવાની કામગીરી પ્રગતિમાં છે.

-------------

**સરકારી હોસ્પિટલો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દી પાસેથી લેવાતી ફી**

૨૦૩૧૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૨/૦૭ની સ્થિતિએ સરકારી સિવિલ હોસ્પિટલો અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ પાસેથી ફી લેવાનું સરકારે નક્કી કર્યુ છે જે હકીક્ત સાચી છે; અને

(૨) જો હા, તો આ આદિવાસી વિસ્તારોમાં આ ધોરણો લાગુ નહીં પાડવા સરકારે કોઈ છૂટછાટ મૂકી છે કે કેમ ?

**જવાબ**

(૧) સરકારી સિવિલ/જનરલ હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ગરીબી રેખા હેઠળ જીવતા દર્દીઓ પાસેથી કોઈ ફી વસુલ કરવામાં આવતી નથી. પરંતુ જે તે હોસ્પિટલ માટેની રોગી કલ્યાણ સમિતિ ધ્વારા આર્થિક રીતે અન્ય દર્દીઓ પાસેથી માત્ર સ્વેચ્છિક ધોરણે યુઝર્સ ચાર્જીસ પેટે ફીની રકમ સ્વીકારવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જસદણ તાલુકાના મોટા હડમતીયા ગામે ભાદર નદી ઉપર પુલ બનાવવા બાબત**

૧૮૮૮૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મોટા હડમતીયા ગામે ભાદર નદીનો પુલ ક્યારે મંજૂર થયેલ,

(૨) આ પુલ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ,

(૩) તેનો વર્ક ઓડર કોને અપાયેલ છે, અને

(૪) આ પુલનું કામ તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૧) અને (૨) : આ કામને તા. ૧૯-૯-૨૦૦૦થી રૂા. ૮૪,૬૯,૩૦૭-૦૦ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) મે. અંકુર બીલ્ડર્સ, રાજકોટને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

(૪) સદર કામમાં પુલના ૮ પીયર તથા ૧ એલટમેન્ટના પાયાનું ખોદાણ કરવામાં આવેલ છે તથા પ્રવેશમાર્ગનું આંશીક માટીકામ કરેલ છે. તેમજ એક કોઝવે અને એક પાઈપના નાળાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

-------------

**દડીયાપુરાથી આલણસી ગામના રસ્તાને ડામરકામ કરવા બાબત**

૧૮૭૪૪ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકાના દડીયાપુરાથી આલણસી ગામનો રસ્તો ડામર કરવા માટે કેટલી વાર ટેન્ડર બહાર પાડવામાં આવેલ; અને

(૨) એક થી વધારે વાર જાહેરાત કરવા છતાં એજન્સી નક્કી થયેલ ના હોય તો આ કામ સરકાર દ્વારા ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હાલોલ તાલુકાના દડીયાપુરાથી આલણસી ગામનો રસ્તો ડામર કરવા માટે ૩ (ત્રણ) વખત જાહેર નિવિદા આપી ટેન્ડર માંગવામાં આવેલ છે.

(૨) વડોદરા ખાતેના સરકારી પ્લાન્ટથી કામ ખાતાકીય રીતે જેમ બને તેમ સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

-------------

**માંગરોળ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ના ડૉક્ટરોની ખાલી જ્ગ્યાઓ**

૧૮૨૯૯ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ના કેટલા ડૉકટરો છે;

**જવાબ**

(૧) વર્ગ-૧ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ના ૩ ડૉકટરની જ્ગ્યા મંજુર થયેલ છે. આ જ્ગ્યાઓ પર---

(અ) સરકારી હોસ્પિટલ વેરાવળના સ્ત્રીરોગ નિષ્ણાત વર્ગ-૧ ડૉકટર તથા

(બ) સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઉનાના બાળરોગ નિષ્ણાત વર્ગ-૧ના ડૉકટરને કામગીરી સોંપેલ છે.

(ક) અધિક્ષક્નો ચાર્જ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કેશોદના અધિક્ષક્ને સોંપવામાં આવેલ છે.

માન. ધા. સ. શ્રી (ડૉ.) ચંદ્રિકાબેન ચુડાસમાએ (માંગરોળ) તા. ૪-૯-૦૬ ની લેખિત રજુઆત તથા વારંવારની મોખિક રજુઆતથી સામુહિક આરોગ્ય કેન્દ્ર માંગરોળના અધિક્ષક ડૉ. બી. જે. કુબાવતની બદલી કરવા માંગણી કરેલ ઉપરાંત ડૉ. કુબાવતની વિરૂધ્ધમાં બ્રહ્મસમાજ માંગરોળની ૮-૯-૦૬, શ્રીમતી ઉમાબેન પી. પરમારની તા. ૪-૯-૦૬, ઈમદદ મેરીઝ કમીટીની તા. ૮-૯-૦૬, શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી માંગરોળની તા. ૮-૯-૦૬, તાલુકા સર્વોદય સેવા સમિતી માંગરોળની તા. ૮-૯-૦૬, પ્રમુખશ્રી તાલુકા પંચાયત માંગરોળની તા. ૯-૯-૦૬, શ્રી બજરંગ મંડળ માંગરોળની તા. ૯-૯-૦૬, અધ્યક્ષશ્રી સામાજીક ન્યાય સમિતી તાલુકા પંચાયત માંગરોળની

તા.૮-૯-૦૬ની અરજીથી લેખિત રજુઆતો કરેલ તદુપરાંત ડૉ. બી. જે. કુબાવતને માંગરોળ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૧ વર્ષનો સમય થયેલ હોવાથી તા. ૨૨-૧૧-૨૦૦૬ના હુકમથી ડૉ. કુબાવતની બદલી અન્ય જગ્યાએ કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ઓ.પી.ડી.ના કેટલા ડૉક્ટરો છે, અને

(૨) ઓ.પી.ડી.ના અલગ ડૉક્ટરો હોતા નથી પરંતુ તબીબી અધિકારી વર્ગ-૨ના બે ડૉક્ટરો તથા વર્ગ-૧ ના તજજ્ઞ ડૉક્ટર ઓ.પી.ડી.માં દર્દીઓને તપાસતા હોય છે.

(૩) માંગરોળમાં વર્ગ-૧ના ડૉક્ટરો નથી તેવી કેટલી ફરિયાદો તા. ૩૧/૧૨/૦૬ સુધીમાં છેલ્લા એક વર્ષમાં સરકારને મળી ?

(૩) ત્રણ.

-------------

**રાજ્યમાં નગરપાલિકાઓની રચના બાબત**

૧૯૬૮૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧/૧૨/૦૬સુધીમાં રાજ્યમાં કેટલી નવીન નગરપાલિકાની રચના કરવામાં આવેલ છે, અને

(૨) હજુ કેટલી ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકા બનાવવાની દરખાસ્ત પેન્ડીંગ છે ?

**જવાબ**

(૧) ૬૨ (બાસઠ)

(૨) એક પણ નહીં.

-------------

**ભાવનગર જિલ્લામાં યોજાયેલ લોક અદાલતો**

૧૮૮૦૧ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી લોક અદાલત યોજવામાં આવી?

**જવાબ**

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતો. |
|---|---|
| ૨૦૦૫ | ૫૬૭ |
| ૨૦૦૬ | ૬૪૯ |
| **કુલ...** | **૧૨૧૬** |

------------

**સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ આયુર્વેદ કોલેજના સ્ટાફને સિલેક્શન ગ્રેડ આપવા બાબત**

૧૯૪૫૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ આયુર્વેદ કોલેજોના નોન ટીચીંગ અને ટેક્નીકલ સ્ટાફને ૮ વર્ષે અને ૧૬ વર્ષે મળવાપાત્ર સિલેક્શન ગ્રેડ અને સિલેકટેડ ગ્રેડ આપવામાં આવે છે જ્યારે ડેમોન્સ્ટ્રેટરો અને લેક્ચરરોને તે આપવામાં આવતો નથી તેના શાં કારણો છે; અને

**જવાબ**

(૧) સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ આયુર્વેદ કોલેજના નોન ટીચીંગ અને ટેક્નીકલ સ્ટાફને ૮ વર્ષે અને ૧૬ વર્ષે મળવાપાત્ર સીલેકશન ગ્રેડ અને સીલેકટેડ ગ્રેડ આપવામાં આવતું નથી. પરંતુ સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૪-મ તા. ૧૬-૮-૧૯૯૪ અન્વયે સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના મુજબ ૯ વર્ષે અને ૧૮ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે છે.

સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ આયુર્વેદ કોલેજના લેક્ચરરોને ૮ વર્ષે અને ૧૬ વર્ષે સરકારશ્રીના નાણાં વિભાગના તા. ૨૦-૩-૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક : (જી.એન./૭) એ.ઓ.પી.-૧૦૯૧-૧-મ, મુજબ સીનીયર સ્કેલ અને સીલેકશન સ્કેલનો લાભ આપવામાં આવે છે. પરંતુ ઉપરોક્ત ઠરાવ મુજબ ડેમોન્સ્ટ્રેટરોને સીનીયર સ્કેલ/સીલેકશન સ્કેલ આપવા અંગેની જોગવાઈ ન હોય આ લાભ આપવામાં આવતો નથી.

(૨) સરકાર તે ક્યારે આપવા માંગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

### ઉમરગામ તાલુકાના ધનોલી, અંકલાવ રોડ બિસ્માર હોવા બાબત

૧૮૮૫૫ **શ્રી શંકરભાઈ વારલી** (ઉંમરગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકામાં આવેલા સ્ટેટ રોડ ધનોલી અંકલાવ રોડ અને અતલવાડા ખાંડારોડ બિસ્માર હાલતમાં છે તે હકિકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ રસ્તાની મરામત કામગીરી પાછળ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કર્યો, અને

(૩) આ ખર્ચ કરવા છતાં આ રસ્તાઓ હજુ બિસ્માર હાલતમાં છે તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) આ રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય છે.

(૨)

| | રસ્તો | વર્ષવાર થયેલ ખર્ચ રૂા. લાખમાં ( તા. ૩૧/૧૨/૦૬ સુધીમાં) ૨૦૦૫-૨૦૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ૧ | ભીલાડ ધનોલી ઝરોલી અંકલાશ | ૩.૨૭ | ૦.૭૨ |
| ૨ | ખતલવાડા માંડા | ૦.૧૫ | |

(૩) આ રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### જૂનાગઢ જિલ્લામાં રસ્તાઓ બનાવવા બાબત

**૨૦૨૭૬ શ્રી માધાભાઈ બોરીચા** (કેશોદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ડીસે. ૨૦૦૬ની સ્થિતિએ કુલ કેટલી લંબાઈના કેટલા રસ્તા બનાવવાનું કામ કેટલી રકમના ખર્ચે હાથ પર છે, અને

(૨) તે પેકી કેશોદ તાલુકાના ક્યા ક્યા રસ્તાઓનો સમાવેશ થાય છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં ડીસે-૨૦૦૬ની સ્થિતિએ રસ્તાઓના ૧૧૭ કામોની ૪૨૬.૫૭ કી. મી. લંબાઈની કામગીરી રૂા. ૪૩૧૯.૪૮ લાખના ખર્ચે હાથ ઉપર છે.

(૨) તે પેકી કેશોદ તાલુકાના નીચેના સાત રસ્તાઓનો સમાવેશ થાય છે.

--કેશોદ--મેદરડા રોડ
--કેશોદ વેરાવળ રોડ
--એન. એચ. ટુ મધરવાડી ડેરવાણ રોડ
--મોવાણા હાંડલા ચાંદીગઢ રોડ
--બાલાગામ બામણસા રોડ
--હાંડલા એપ્રોચ રોડ
--ગેલાણા એપ્રોચ રોડ

------------

### રાજ્યમાં મેડિકલ ઓફિસરોની પડેલ ખેંચ

**૨૦૨૮૩ શ્રીમતી રમીલાબેન દેસાઈ** (ખેરાલુ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧/૧/૦૭ અંતિત ચાલુ વર્ષમાં સરકારી દવાખાનામાં મેડીકલ ઓફિસરોની કેટલી ખેંચ છે, અને

(૨) શું નોન પ્રેકટીસ એલાઉન્સ નહીં આપવાના કારણે આ ખેંચ પડવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ ૨૫૮ (બસો અઠ્ઠાવન) મેડીકલ ઓફીસરની ખેંચ છે.

(૨) ના, જી.

------------

### ચિકનગુનિયા ચેપી રોગ હોવા બાબત

૧૯૩૩૨ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ચિક્નગુનિયા ચેપી રોગ નથી એ હકીક્ત સાચી છે, | (૧) ના, જી, ચેપી રોગ છે. |
| (૨) જો હા, તો એક ઘરમાં કે ગામમાં અથવા વિસ્તારમાં એક્ને થવાથી વ્યાપક ફેલાવાના શાં કારણો છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) સરકારે આ રોગ થયેલ દર્દીઓના બ્લડ તથા યુરીનના સેમ્પલો તપાસ માટે રાષ્ટ્રીય પ્રયોગ શાળામાં મોક્લી તપાસ કરાવેલ કે કેમ, અને તેમાં શું જણાયુ ? | (૩) હા, રાષ્ટ્રીય વિષાણું સંસ્થાન (એન.આઈ.વી.), પુના ખાતે ૫૭૯ લોહીના નમૂના પરીક્ષણ કરવામાં આવેલ તે પેકી ૨૨૫ દર્દીઓના કિસ્સામાં ચિક્નગુનીયા વાયરસ જણાઈ આવેલ છે. |

------------

## આણંદ જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા બાબત

૨૦૨૮૮ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લાના ક્યા ક્યા યાત્રાધામો પ્રવાસન સ્થળોનો ""પ્રવાસન વર્ષ""માં સમાવેશ કરી વિકાસ કરવાનું આયોજન છે,

**જવાબ**

(૧) ક્નેવાલ તળાવ
(૨) વહેરાખાડી
(૩) બોચાસણ ગામ
(૪) તારાપુર સિંચાઈ પેટા વિભાગ હસ્તક આવેલ ગેસ્ટહાઉસની આસપાસ બાગ બનાવવાનું કામ.
(૫) રામનાથ મહાદેવ-પેટલાદ

**પ્રશ્ન**

(૨) તે સ્થળોએ ક્યા ક્યા હેતુસર કેટલી ગ્રાન્ટો ફાળવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૨)

| | ફાળવણી (રૂા. લાખમાં) | ખર્ચ (રૂા. લાખમાં) |
| --- | --- | --- |
| ક્નેવાલ, તા. તારાપુર ક્નેવાલ તળાવ ઉપર બોટીંગ ઘાટ બનાવવાનું કામ | ૪.૮૬ | શૂન્ય |

**પ્રશ્ન**

(૩) ક્યા ક્યા સ્થળોએ કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૩)

| | | |
| --- | --- | --- |
| વહેરાખાડી ખાતે પુરૂષો માટે ઓવારા બનાવવાનું કામ વહેરખાડી મહી નદી ઉપર બોટીંગ ઘાટનું કામ વહેરાખાડી મહી નદી ઉપર મહિલાઓ માટે ઓવારા બનાવવાનું કામ | ૩૦ | શૂન્ય |
| વહેરાખાડી ખાતે વોટર વર્ક્સ તથા સ્ટ્રીટ લાઈટ ક્નેક્શનના કામ | ૦.૪૬ | શૂન્ય |
| ક્નેવાલ ખાતે પંચવટી રાશિવન કામ | ૪.૩૮ | ૦.૬૦ |
| વહેરાખાડી ખાતે સંગમ તીર્થ મુકામે પથવાનીકી ૧૦૦ હેક્ટર પંચવટી વગેરે કામો | ૧.૭૧ | ૦.૩૪ |
| વહેરાખાડી ખાતે મંદિર નજીક અને પાછળ એમ બે (૨) જ્ગ્યાએ વ્યુ પોઈન્ટ બનાવવાનું કામ | ૦.૭૦ | ૦.૪૮ |

| | | |
|---|---|---|
| ક્નેવાલ ખાતે ટોયલેટ બનાવવાનું કામ અને ક્નેવાલ તળાવ ખાતે કાફેટેરીયા બનાવવાનું કામ | ૧૮.૬૭ | ૯.૦૦ |
| માછલીઘર માટેનો રૂમ ગ્રેનાઈટ યુક્ત સપાટી | ૧.૦૩ | શૂન્ય |
| માછલીઘર, રંગીનમાછલી એરેટર, લાઈટ તથા અન્ય એસેસરીઝ વગેરે | ૦.૩૫ | ૦.૩૫ |
| ક્નેવાલ તળાવમાંથી બોટ માટેના માર્ગમાંથી વેલા દુર કરવાનું કામ | ૧.૭૧ | શૂન્ય |
| બોચાસણ ગામ પાસેથી પસાર થતા મોઘરી કાંસ ઉપર બોચાસણ તળાવ ફીડરના પાઈપ લાઈનના કામો | ૫.૦૦ | શૂન્ય |
| ક્નેવાલ ખાતે ટ્રી ગાર્ડ સાથે ૫૦૦ રોપનું વાવેતર ક્નેવાલ ખાતે ૧.૦૦ કિ.મી. વનકેડી અને પક્ષીઓના સિમેન્ટ ટાઈલ્સ ઉપરના ૧૦૦ નંગ કોટાનું કામ | ૫.૦૦ | ૦.૩૦ |
| - ક્નેવાલ ખાતે ડ્રીસ્ટ્રીબ્યુટેશન પાઈપ લાઈનનું કામ<br>-ચકલી, સ્ટેન્ડ પોસ્ટ-૪ નંગ<br>-જલધારા સ્ટેટ ૫૦૦૦ લીટર | ૩.૮૬ | ૧.૭૦ |
| તારાપુર સિંચાઈ પેટા વિભાગ હસ્તક આવેલ ગેસ્ટ હાઉસની આસપાસ બાગ બનાવવાનું કામ | ૧.૧૯ | શૂન્ય |
| વહેરાખાડી, તા. આણંદ, ગામે મહિસાગર સંગમ તીર્થ લોખંડના વોચ ટાવર બનાવવા માટેના કામ | ૦.૬૯ | શૂન્ય |
| ક્નેવાલ તળાવ ખાતે વોચ ટાવર બનાવવા માટેના કામ | ૦.૮૦ | શૂન્ય |
| મોજે. ક્નેવાલ, તા. તારાપુર ખાતે આવેલ ક્નેવાલ તળાવ ખાતે વ્યુ પોઈન્ટ તથા વોચ ટાવર બનાવવા માટેના કામ | ૧.૦૫ | શૂન્ય |
| મોજે. પીંપળાવ, તા. સોજીત્રા ખાતે આવેલ પીંપળાવ આશાપુરી મંદિરના એપ્રોચ રોડનું કામ, આશાપુરી મંદિર પાસે સ્લેબ ટ્રાઈલ અંગેના કામ | ૧૨.૫૦ | શૂન્ય |

| | | |
|---|---|---|
| મોજે. કોડવા, તા. ખંભાત ખાતે આવેલ હડકાઈ માતા મંદિર, રસ્તા, વિજળી, પાણીની સુવિધા ઉભી કરવાનો કામો | ૯.૦૬ | શૂન્ય |
| મોજે. ક્નેવાલ, તા. તારાપુર ખાતે હોલ બનાવવાની કામગીરીના કામો | ૮.૫૮ | શૂન્ય |
| વહેરાખાડીથી મહીખાડી સુધીના એપ્રોચ રોડ ૪૦૦મી. લંબાઈનું કામ | ૧૨.૦૦ | શૂન્ય |
| - ટ્યુબવેલ ૨૦૦ મી. મી.- X ૭૦મી. ઉંડો, પમ્પીંગ મશીનરી તથા વિજળી કરણનું કામ<br>- મેનેફોલ્ડ સીસ્ટમસી આઈ. સીટપંપ<br>- મેનીપોલ્ડ સીસ્ટમ<br>- રાઈજીંગ મેઈન ૫૦ મી.મી. વ્યાસની જી.આઈ.બી. ક્લાસ પાઈપ ૩૦<br>- આર.સી.સી. એલીવેટેડ સીસ્ટ નં. ૧૦,૦૦૦લી.<br>- ડિસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈન ૯૦<br>- બે ચકલીના સ્ટેન્ડ, પોસ્ટ નં.૨ | ૪.૭૫ | ૨.૦૦ |
| બોચાસણ મુકામે પાકા રસ્તા તથા યાત્રીકો માટે જાહેર સંડાસ બાથરૂમ બનાવવાની દરખાસ્ત | ૭.૭૮ | શૂન્ય |
| રામનાથ મહાદેવ, પેટલાદ મંદિરના વિકાસ માટે | ૨૬.૯૫<br>૧.૯૯ (યાત્રાધામ બોર્ડ) | શૂન્ય<br>૦.૮૧ |
| ઉમરેઠ, મલાવ તળાવના વિકાસ માટે | ૧૬.૮૫ | શૂન્ય |
| આણંદ જીલ્લાના વિવિધ સ્થળો-સાઈન બોર્ડ મુક્વા | ૫ | શૂન્ય |
| વહેરાખાડી, તા. આણંદના કામો | ૨.૬૦ | શૂન્ય |
| ક્નેવાલ, તા. તારાપુરના કામો | ૨,૬૦ | શૂન્ય |
| ખંભાત ખાતે હેરીટેજ વોક બનાવવા | ૯.૮૭ | શૂન્ય |
| કુલઃ- | ૨૦૧.૯૯ | ૧૫.૫૮ |

------------

**આંતરસુબા ખરાલ વાયા ખડાલ રસ્તાનું પાકુ કામ**

૧૮૬૮૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** (કઠલાલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ આંતરસુબા ખરાલ વાયા ખડાલ જે સ્ટેટનો રસ્તો છે તે મંજૂર થયેલ છે તેના ઉપર ડામર કપચીનું કામ કરીને બે વરસ પહેલાં બંધ થઈ ગયેલ છે,

(૨) ક્યા કારણથી કામ બંધ કરવામાં આવેલ છે.

(૩) આ રોડનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) કેટલા સમયમાં પુરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)
આંતરસુબાથી ખરાલ વાયા ખડાલ માર્ગનું આયોજન હેઠળનું કામ ઈજારદારશ્રી તરફથી અધુરુ બંધ કરવામાં આવેલ છે.

(૩) ઈજારદારશ્રીને કરાર મુક્ત કરી બાકીનાં કામ માટે નવા ટેન્ડર મેળવી શક્ય તેટલી ઝડપથી શરૂ કરવા આયોજન છે,

(૪) નવા ટેન્ડર મંજુર થયે ૬ માસમાં.

------------

**જેસરથી સાવરકુંડલાને જોડતા રાજ્ય ધોરી માર્ગોનું રીસરફેઈસનું કામ**

૧૮૯૧૭ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના જેસરથી અમરેલી જિલ્લાનાં સાવરકુંડલાને જોડતો રાજ્ય ધોરી માર્ગનું કેટલા કિ.મી.નું રીસરફેઈસ કરવામાં આવેલ છે, અને

(૨) આ રસ્તો રી સરફેઈસ કરવાની શરૂઆત ક્યારે કરવામાં આવી, અને

(૩) બાકી રહેતો રસ્તો ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨)
આ ૪૦ કી.મી. લંબાઈના રસ્તાનું રીસરફેસીંગ માહે ૨/૦૩ થી ૧૨/૦૬ દરમ્યાન કરવામાં આવેલ છે.

(૩) કી.મી. ૬૨/૬-૬૭/૨ની લંબાઈમાં એસ.આર સદરે કામગીરી કરવાનું આયોજન છે.

------------

**રાજ્યમાં ફૂલટાઈમ કોર્ટ અને લીંક કોર્ટ શરૂ કરવા બાબત**

૨૦૧૫૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફુલટાઈમ કોર્ટ અને લીંક કોર્ટ શરૂ કરવા માટે કેસના ભારણને ધ્યાનમાં લેવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલી ફુલટાઈમ અને લીંક કોર્ટ આવેલી છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) રાજકોટ જિલ્લામાં તાલુકાવાઈઝ ફુલ ટાઈમ કોર્ટ અને લીંક કોર્ટની સંખ્યા દર્શાવતી માહિતીઃ

| તાલુકાનું નામ | ફુલટાઈમ કોર્ટની સંખ્યા | લીંક કોર્ટની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ હેડક્વાર્ટસ | ૩૦ | ૦૦ |
| ગોંડલ | ૦૯ | ૦૦ |
| મોરબી | ૦૭ | ૦૦ |
| જેતપુર | ૦૨ | ૦૧ |
| ધોરાજી | ૦૨ | ૦૧ |
| ઉપલેટા | ૦૧ | ૦૧ |
| જસદણ | ૦૧ | ૦૦ |
| વાંકાનેર | ૦૧ | ૦૦ |
| માળીયા | ૦૦ | ૦૧ |
| **કુલઃ-** | **૫૩** | **૦૪** |

------------

**ચોટીલા અને સાયલા કોર્ટમાં બાકી દાવાઓ**

૧૯૪૩૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા કોર્ટમાં તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ રેગ્યુલર સિવિલ દાવાઓ, એક્સીડન્ટ દાવાઓ અને ફોજદારી દાવાઓ નિકાલ માટે પડતર છે, | (૧) ૧. ચોટીલા કોર્ટ<br>રેગ્યુલર સીવીલ દાવાઓ - ૯૬<br>એક્સીડન્ટ દાવાઓ - ૦<br>ફોજદારી દાવાઓ - ૨૮૦૪<br>૨. સાયલા કોર્ટ<br>રેગ્યુલર સીવીલ દાવાઓ - ૭૬<br>એક્સીડન્ટ દાવાઓ - ૦<br>ફોજદારી દાવાઓ - ૧૯૧૪ |
| (૨) બાકી દાવા માટે ક્યા ક્યા પગલાઓ લેવામાં આવેલ છે, અને | (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રણ ફાસ્ટ ટ્રેક કોર્ટો કાર્યરત છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાવાઓના ઝડપી નિકાલ કરવા માટે લોક અદાલતો યોજવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોમ્પ્યુટર જેવા અધ્યતન સાધનો જિલ્લા કોર્ટની કામગારી ઝડપી રહે તે માટે ફાળવવામાં આવેલ છે. |
| (૩) બાકી દાવાઓ પેકી એક વર્ષના તથા પાંચ વર્ષ ઉપરના કેટલા દાવાઓ પડતર છે ? | (૩) ચોટીલા કોર્ટ.<br>એક વર્ષના ૬૩૧ તથા પાંચ વર્ષ ઉપરના<br>૬૨૫ દાવાઓ પડતર છે.<br>સાયલા કોર્ટ.<br>એક વર્ષના ૨૨૬ તથા પાંચ વર્ષ ઉપરના<br>૧૧૧૪<br>દાવાઓ પડતર છે. |

------------

**સરકાર હસ્તકના દવાખાનાં ખાનગી સંસ્થાઓને આપવા બાબત**

૨૦૩૧૪ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા સરકાર હસ્તકના દવાખાનાઓ પ્રાઈવેટ સંસ્થાઓને આપવાના શાં ધોરણો છે, | (૧) આરોગ્ય ક્ષેત્રે લોક ભાગીદારીથી, લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવા સ્વેચ્છિક સંસ્થા પરામર્શમાં, સંસ્થાની સધ્ધરતાની ચકાસણી કર્યા બાદ, રાજ્યમાં આવેલ આરોગ્ય કેન્દ્રોનો ફક્ત વહીવટ સોંપવામાં આવે છે. |
| (૨) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કેટલી સી.એચ.સી. કોટેજ હોસ્પિટલો અને સીવીલ હોસ્પિટલો પ્રાઈવેટ સંસ્થાઓને આપવામાં આવી, અને | (૨)<br>(૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાજસીતાપુર જિ. સુરેન્દ્રનગર — સોરાષ્ટ્ર મેડીકલ સેન્ટર સુરેન્દ્રનગર<br>(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર, આંક્લાવ જિ.આણંદ — ચોવીસ ગામ કેળવણી મંડળ, વહેરા, જિ. આણંદ<br>(૩) સામુહિક આરોગ્ય કેન્દ્ર, છાણી જિ. વડોદરા — જન કલ્યાણ સાર્વજનિક હોસ્પિટલ |

| | |
|---|---|
| | (૪) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દહેજ જિ. ભરૂચ — ટ્રસ્ટ, વડોદરા ઈન્ડીયન પેટ્રો કેમીકલ્સ કોર્પોરેશન લીમીટેડ તા. વાગરા જિ. ભરૂચ |
| (૩) કેટલા દવાખાના આપવાની કાર્યવાહી ગતિમાં છે ? | (૩) ત્રણ સામુહિક આરોગ્ય કેન્દ્ર. |

------------

**જીથરીની ટી. બી. હોસ્પિટલના કર્મચારીઓનો પગાર ન થવા બાબત**

૧૯૧૧૩ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં જીંથરી (અમરગઢ) ખાતે આવેલ ટી. બી. હોસ્પિટલના કર્મચારીઓના પગાર ક્યારથી ચુકવવાના બંધ છે, | (૧) માહે નવે.-૦૬થી પગાર ચુકવવાનો બંધ છે. |
| (૨) આ પગાર ચુકવવાના બંધ છે તેના કારણો શાં છે, અને | (૨) સંસ્થા આરએનટીસીપીની ગાઈડ લાઈન મુજબ કામગીરી નહિં કરતી હોવાને કારણોસર તેમજ સંસ્થા પાસે કામગીરીના પ્રમાણમાં સ્ટાફ વધારે હોવાથી ગ્રાન્ટ આપવાની સ્થગિત કરેલ છે. |
| (૩) તે પગાર ક્યારે ચુકવાશે ? | (૩) ગ્રાન્ટ ઈન એઈડ નિયમો મુજબ સરકારશ્રીની મંજુરી મળ્યેથી પગારની ચુકવણી કરી શકાશે. |

------------

**ભૂજ તથા નખત્રાણા તાલુકાના સરકારી દવાખાનામાં દવાનો જથ્થો**

૨૦૦૩૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તથા નખત્રાણા તાલુકાના સરકારી દવાખાનાઓમાં ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો દવાઓનો જથ્થો ફાળવવામાં આવ્યો હતો, અને

(૨) આ જથ્થો દર્દીઓની જરૂરીયાત કરતાં ઓછો હોય તો જરૂરિયાત મુજબ પૂરતો જથ્થો ભવિષ્યમાં ફાળવાય તે માટે સરકારે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) ફાળવેલ દવાનો જથ્થો

| ક્રમ | વર્ષ | ફાળવેલ દવાનો જથ્થો (રકમ રૂા. માં.) |
|---|---|---|
| ૧ | ૨૦૦૫ | ૮૫૩૭૩૩.૦૦ |
| ૨ | ૨૦૦૬ | ૮૪૮૮૭૦.૦૦ |

(૨) દર્દીઓની જરૂરીયાત મુજબ પુરતા પ્રમાણમાં દવા ફાળવવામાં આવેલ છે.

------------

**શહેરી વિકાસ વર્ષ યોજનામાં ડાંગ જિલ્લામાં ફાળવેલ રકમ**

૧૮૯૦૩ **શ્રી માધુભાઈ ભોયે** (ડાંગ- વાંસદા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વિકાસ વર્ષ અન્વયે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લાના મોટા શહેરો માટે કેટલી રકમ ક્યારે ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ડાંગ જીલ્લામાં કોઈ નગરપાલિકા ન હોઈ, કોઈ રકમ ફાળવેલ નથી. |
| (૨) આ રકમ ક્યા ક્યા કામો માટે મંજૂર કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ધારી તાલુકાના જીરા તુલસીશ્યામ અને માલસીકા વિસાવદર રસ્તાનો કોન્ટ્રાકટ આપવા બાબત**

૨૦૩૦૧ **શ્રી બાલુભાઈ તંતી** (ધારી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) ધારી તાલુકાના જીરા તુલસીશ્યામ અને ધારી માલસીકા વિસાવદર રસ્તાનો કોન્ટ્રાકટ ક્યા વર્ષમાં આપવામાં આવેલ છે, | (૧) જીરા-તુલસીશ્યામ રસ્તાના કામનો કોન્ટ્રાકટ વર્ષ ૯૯-૨૦૦૦માં તથા ધારી માલસીકા-વીસાવદર રસ્તાના કામનો કોન્ટ્રાકટ વર્ષ ૨૦૦૦-૦૧માં આપવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ આ બંને કામો ક્યા સ્ટેજે છે, અને | (૨) બંને કામોમાં કામગીરી અંશતઃ પૂર્ણ થયેલ છે. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) બાકી રહેતી કામગીરી માટે વહીવટી પ્રક્રીયા પૂર્ણ કરી શક્ય તેટલુ વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે. |

------------

**નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સની કાર્યવાહી**

૧૮૯૪૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સની કાર્યવાહી હાથ ધરાયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ અંગે ક્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) નગરપાલિકાઓમાં તથા મહાનગરપાલિકાઓમાં વિવિધ મોડ્યુલ્સના અમલીકરણ અને રોજબરોજની વહીવટી કામગીરી કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિથી કરવામાં આવે છે. |

------------

**યાત્રાધામ વિકાસ માટે ફાળવેલ રકમ**

૧૯૦૬૮**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારે સને ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧/૧/૦૭ સુધીમાં યાત્રાધામ વિકાસ માટે કેટલી રકમ ફાળવી, અને | (૧) વર્ષ ૨૦૦૫-૦૬ રૂા. ૩૦૩ લાખ<br>વર્ષ ૨૦૦૬-૦૭ રૂા. ૩૦૩ લાખ |
| (૨) આ ફાળવેલ રકમ પેકી સરકારે ક્યા ક્યા યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કર્યો? | (૨) |

| (૨) | (રૂા. લાખમાં) |
|---|---|
| અંબાજી | ૧૦૨.૧૩ |
| ડાકોર | ૧૧૬.૩૩ |
| સોમનાથ | ૫૦.૦૦ |
| ગીરનાર | ૫૬.૨૨ |
| **કુલ રૂા.** | **૩૨૪.૬૮** |

------------

**કચ્છ જિલ્લામાં લોક અદાલતો**

૨૦૩૧૨ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ** (મુન્દ્રા) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી લોક અદાલતો ભરવામાં આવી, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) આ લોક અદાલતોમાં કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલા કેસો પડતર રહયા, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) આ પડતર કેસોના નિકાલ માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યું? | (૩) તાલુકા અને જિલ્લા કક્ષાએ જનરલ લોક અદાલતો રજાના દિવસે તથા કાયમી લોક અદાલતો રજા સિવાયના શનિવારના દિવસે ગોઠવવામાં આવે છે. પક્ષકારોને રૂબરૂ બોલાવી સમાધાન અને સમજાવટથી કેસનો નિકાલ લાવવા પ્રયત્ન કરવામાં આવે છે. જનરલ લોક અદાલતોમાં પ્રતિષ્ઠિત સામાજીક કાર્યકરોને |

કન્સીલીયેટર્સ તરીકે બોલાવી સમજાવટથી સમાધાન દ્વારા કેસોના ઝડપી નિકાલ માટે આયોજન કરવામાં આવે છે.

**પ ત્ર ક - ૧**

તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર ભરવામાં આવેલ લોક અદાલતો.

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૪ | વર્ષ-૨૦૦૫ | વર્ષ-૨૦૦૬ | કુલ ભરવામાં આવેલ લોક અદાલતો |
|---|---|---|---|---|
| ભૂજ | ૭ | ૭ | ૧૦ | ૨૪ |
| અંજાર | ૮ | ૭ | ૮ | ૨૩ |
| ગાંધીધામ | ૧૩ | ૧૭ | ૧૬ | ૪૬ |
| ભચાઉ | ૪ | ૬ | ૯ | ૧૯ |
| રાપર | ૬ | ૩ | ૧૦ | ૧૯ |
| માંડવી | ૪ | ૬ | ૭ | ૧૭ |
| મુન્દ્રા | ૪ | ૪ | ૮ | ૧૬ |
| નખત્રાણા | ૮ | ૬ | ૮ | ૨૨ |
| નલિયા | ૭ | ૩ | ૬ | ૧૬ |
| **કુલ :** | **૬૧** | **૫૯** | **૮૨** | **૨૦૨** |

**પ ત્ર ક - ૨**

લોક અદાલતમાં દાખલ/નિકાલ અને પડતર કેસોની માહિતી

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૦૪ | | | વર્ષ-૨૦૦૫ | | | વર્ષ-૨૦૦૬ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | દાખલ | નિકાલ | પડતર | દાખલ | નિકાલ | પડતર | દાખલ | નિકાલ | પડતર |
| ભૂજ | ૬૧૬ | ૫૨૪ | ૯૨ | ૫૯૨ | ૫૦૫ | ૮૭ | ૭૧૬૫ | ૧૭૧૮ | ૫૪૪૭ |
| અંજાર | ૧૫૩ | ૮૭ | ૬૬ | ૪૮૦ | ૩૭૭ | ૧૦૩ | ૨૧૩૧ | ૩૦૧ | ૧૮૩૦ |
| ગાંધીધામ | ૫૧૨ | ૪૫૧ | ૬૧ | ૭૯૦ | ૬૯૯ | ૯૧ | ૮૯૧૦ | ૨૪૪૭ | ૬૪૬૩ |
| ભચાઉ | ૬૧ | ૬૦ | ૧ | ૨૩૭ | ૨૩૫ | ૨ | ૪૫૨ | ૨૪૧ | ૨૧૧ |
| રાપર | ૨૮ | ૨૨ | ૬ | ૧૨૨ | ૧૨૧ | ૧ | ૧૩૦૬ | ૫૯૫ | ૭૧૧ |
| માંડવી | ૨૨૩ | ૧૧૭ | ૧૦૬ | ૩૧૪ | ૨૫૩ | ૬૧ | ૮૬૨ | ૩૦૩ | ૫૫૯ |
| મુન્દ્રા | ૧૦૧ | ૬૪ | ૩૭ | ૧૭૮ | ૧૧૯ | ૫૯ | ૮૩૫ | ૨૧૦ | ૬૨૫ |
| નખત્રાણા | ૧૦૦ | ૭૫ | ૨૫ | ૪૦૮ | ૩૯૧ | ૧૭ | ૧૧૦૩ | ૩૫૭ | ૭૪૬ |
| નલિયા | ૪૦૦ | ૩૬૨ | ૩૮ | ૨૧૪ | ૧૫૯ | ૫૫ | ૫૧૩ | ૧૬૨ | ૩૫૧ |
| **કુલ :** | **૨૧૯૪** | **૧૭૬૨** | **૪૩૨** | **૩૩૩૫** | **૨૮૫૯** | **૪૭૬** | **૨૩૨૭૭** | **૬૩૩૪** | **૧૬૯૪૩** |

------------

**નવી રચાયેલી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની નિમણુંક**

૧૯૬૫૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નવી રચાયેલી નગરપાલિકાઓમાં કેટલા ચીફ ઓફિસરોની નિમણૂંક કરવાની બાકી છે, | (૧) ૨૯ |
| (૨) નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની નિમણૂંક કરવા માટે સરકારનું શું આયોજન છે, અને | (૨) સીધી ભરતીથી જગ્યાઓ ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણી પત્રક મોકલેલ છે. |
| (૩) તેઓની ક્યારે નિમણૂંક કરવા માંગો છો? | (૩) શક્ય તેટલી વહેલી |

------------

**બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ થયેલ બાળકોના આરોગ્યની તપાસ**

૧૯૯૪૪**શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસની કાર્યક્રમ અંતર્ગત ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા બાળકોની તબીબી તપાસ કરવામાં આવી છે,

(૧) ૪,૩૫,૫૪૫ બાળકો

(૨) તે પેકી હૃદય, કીડની અને કેન્સર જેવી ગંભીર અને અસાધ્ય બિમારીનો ભોગ બનેલા કેટલા બાળકો જોવા મળ્યા છે,

(૨) હૃદયની બીમારી વાળા - ૨૨૪
કીડનીની બિમારી વાળા- ૨૪
કેન્સરની બિમારી વાળા - ૫

(૩) આ ગંભીર અને અસાધ્ય બાળકોની સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર માટેની સરકાર દ્વારા કેવા પ્રકારની તજવીજ કરવામાં આવી છે, અને

(૩) ગંભીર રોગો પેકીના હૃદય, કિડની તથા કેન્સરના રોગ માટે રાજ્યની હોસ્પિટલોમાં તજજ્ઞ દ્વારા સંપુર્ણ સારવાર આપવામાં આવે છે.

(૪) કેટલા બાળકોને આ ખાસ સારવારનો લાભ આપવામાં આવ્યો છે?

(૪) ૧૨ બાળકો

------------

**ડ્રગ એન્ડ કોસ્મેટીક્સ રૂલ્સના ભંગ બદલ લેબોરેટરીઓ બંધ કરવા બાબત**

૧૯૯૭૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક્સ રૂલ્સના ભંગ બદલ અમદાવાદ શહેર તથા જિલ્લામાં સને ૨૦૦૬ની સાલે જાહેર સ્વાસ્થ્યના હિતમાં કઈ કઈ લેબોરેટરીઓ બંધ કરવાના આદેશો થયા, | (૧) ના, જી. |
| (૨) આવા આદેશો છતાં કઈ લેબોરેટરીઓ ચાલુ રહી છે અને તે પાછળના શું કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવી ચાલુ રહેલ લેબોરેટરીઓ ક્યાં સુધીમાં બંધ કરાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સાવરકુંડલાની કે. કે. સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ખાલી જગ્યા**

૧૯૧૬૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલાની કે. કે. સિવિલ હોસ્પિટલમાં લાંબા સમયથી જુદા જુદા વિભાગના ડોકટરોની જગ્યા ખાલી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો ક્યા ક્યા વિભાગના ડોકટરોની જગ્યા ખાલી છે, | (૨) (૧) બાળરોગ નિષ્ણાત, વર્ગ-૧<br>(૨) ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧<br>(૩) તબીબી અધિકારી વર્ગ-૨ ૨-જગ્યા |
| (૩) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૩) (૧) બાળરોગ નિષ્ણાત, વર્ગ-૧ તા. ૧૨/૧૦/૦૫થી<br>(૨) ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ તા. ૧/૪/૦૪થી<br>(૩) તબીબી અધિકારી વર્ગ-૨ તા. ૨૦/૪/૦૬થી<br>તા. ૫/૧૦/૦૫થી |

(૪) આ ખાલી જગ્યા ભરવા માટે કોના કોના તરફથી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં માંગણીઓ આવેલ છે, અને

(૪) કોઈ માંગણી મળેલ નથી.

(૫) આ ખાલી જગ્યાઓ ન ભરવાના શાં કારણો છે?

(૫) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણોસર જગ્યા ખાલી રહેલ છે.

------------

**ચિકનગુનિયા બર્ડફ્લુ જેવા રોગોમાં થયેલ મૃત્યુ**

૧૯૮૬૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬ના વર્ષમાં ચિક્નગુનીયા, મેલેરીયા, બર્ડફ્લુ જેવો ઘણો ગંભીર રોગચાળો ચોમાસા દરમ્યાન થયેલ તેના કેટલા લોકોના મૃત્યુ થયેલા,

(૨) આ રોગચાળો અટકાવવા માટે સરકાર દ્વારા શું શું પગલાં લેવામાં આવેલા, અને

**જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૬ દરમ્યાન ચિક્નગુનીયા પોઝીટીવ જણાયેલ ૧૧ લોકોના મૃત્યુ રીપોર્ટ થયેલ છે. જ્યારે મેલેરીયાના કારણે ૪૧ મૃત્યુ નોંધાયેલ છે. બર્ડફ્લુના કારણે રાજ્યમાં એકપણ મૃત્યુ નોંધાયેલ નથી.

(૨) ચિક્નગુનીયા રોગ અટકાવવા માટે રાજ્ય સરકારે નીચે મુજબના પગલાંઓ હાથ ધરેલ છે :

- સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોક સહયોગથી જુદા જુદા નિષ્ણાતોની સેવાઓ મેળવી રોગ સર્વેક્ષણ, નિદાન અને સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવી.
- સરકારી દવાખાનાઓ ઉપરાંત આરોગ્ય મેળાઓ યોજી સારવાર માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન અને એન.આઈ.વી. પુનાના સહયોગથી બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ચિક્નગુનીયા રોગના નિદાન અંગે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.
- ચિક્નગુનીયા રોગની સારવાર અને અટકાયત માટે જરૂરી તમામ દવાઓ અને સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી.
- રોગગ્રસ્ત વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ અટકાવવા માટે સઘન પોરાનાશક કામગીરી તેમજ ચેપી મચ્છરોના નાશ માટે ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી.
- રાજ્યમાં રોગ અટકાયત અને નિયંત્રણ અટકાયત અંગે લોકજાગૃતિ ઉભી કરી.

રાજ્યમાં મેલેરીયા રોગના નિયંત્રણ અને અટકાયત માટે નીચે મુજબ પગલાંઓ અમલ કર્યા છે.

- રાજ્યના જોખમી વિસ્તારોમાં જંતુનાશક દવાનો છંટકાવ હાથ ધરેલ
- મચ્છરદાનીઓ જંતુનાશક દવાયુક્ત કરી લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી.
- કાયમી જળાશયોમાં પોરાભક્ષક માછલીઓ મુકી.
- વેકટર કંટ્રોલ ટીમો કાર્યાન્વિત કરી વાહક નિયંત્રણના પગલાંઓ સઘન બનાવ્યા.
- મેલેરીયા લીંક વોલેન્ટીયર્સ મારફતે રોગ

સર્વેક્ષણની કામગીરી વધુ સઘન બનાવી.

- લેબોરેટરી પરીક્ષણ માટે અનુભવી ટેક્નીશીયનો મારફ્તે કામગીરી આઉટસોર્સીંગથી કરાવેલ.
- જનજાગૃતિ માટે પ્રચાર-પ્રસાર સઘન બનાવ્યો.

રાજ્યમાં બર્ડફ્લુ રોગના નિયંત્રણ માટે નીચે મુજબના પગલાઓ અમલ કરેલ.

- સુરત જિલ્લાના ઉચ્છલ તેમજ સોનગઢ તાલુકાના ૧૦ કિ.મી.ની પરિધમાં સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી.
- તદઉપરાંત આ વિસ્તારમાં જરૂરી રોગપ્રતિકારક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું
- પોલટ્રી ફાર્મના સર્વેક્ષણ કરી જરૂરી રોગ અટકાયત પગલાઓ અમલ કર્યાં.

(૩) તેમાં સરકારને કેટલી સફળતા મળેલી છે ?

(૩)

- ઓગસ્ટ માસમાં શંકાસ્પદ ચિક્નગુનીયાના ૪૬૭૨૫ કેસો નોંધાવા પામેલ જે નવેમ્બરમાં ઘ ટીને ૩૨૩૬ કેસો અને ડિસેમ્બરમાં ૪૮૨ કેસો નોંધાયેલ છે. જે રોગમાં ૯૮.૯૬ ટકાનો ઘટાડો દર્શાવે છે.
- મેલેરીયાના કિસ્સામાં વર્ષ ૨૦૦૬ દરમ્યાન વર્ષ ૨૦૦૫ની સરખામણીએ ૪૭.૩૯ ટકા મેલેરીયાના કેસોમાં ઘટાડો નોંધાયેલ છે.
- ગુજરાત રાજ્યમાં શંકાસ્પદ હ્યુમેન બર્ડફ્લુનો એકપણ કેસ નોંધાવા પામેલ નથી.

આમ, ચિક્નગુનીયા, મેલેરીયા અને બર્ડફ્લુ જેવા રોગોને નિયંત્રણમાં લાવવા માટે હાથ ધરેલ પગલાંઓના પરીણામ સ્વરૂપ ઉપર મુજબ સફળતા પ્રાપ્ત થયેલ છે.

-

------------

**ભાવનગર ટી. પી. સ્કીમ નંબર-૬**

૨૦૨૯૧ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળની ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૬ (સીદસર) સર્વે નં. ૪૫ના ઓ.પી.ની. સામે તેના ફાઈનલ પ્લોટ વિસ્તારમાં શૈક્ષણિક હેતુસર અનામત રાખવામાં આવેલ જગ્યામાં ઘટાડો કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે વિસ્તાર કેટલો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમાં ઘટાડો કરવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**કરોડ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન અને કર્મચારીઓના વસવાટનાં મકાનો જર્જરીત હોવા બાબત**

૧૯૬૦૪ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાના કરોડ ગામના મુખ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન અને કર્મચારીઓના વસવાટના મકાનો જર્જરીત અને રહેવા લાયક નથી, એ હકીક્ત સાચી છે,

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન સારી હાલતમાં છે, જ્યારે કર્મચારી નિવાસો રહેવા લાયક નથી.

(૨) જો હા, તો સરકાર કેટલા સમયમાં આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અને કર્મચારીઓના મકાનોને નવેસરથી તેયાર કરવા માંગે છે, અને

(૨) આગામી વર્ષમાં જોગવાઈ થયેથી રહેણાંક્ના મકાનો નવેસરથી બાંધવા વિચારવામાં આવશે.

(૩) જો ના, તો શા કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ભૂજ અંજાર-ભચાઉની એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટીની મુદત**

૨૦૦૮૭ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વિનાશક ભૂંકપ પછી પુનઃ વસન માટે ભૂજ-અંજાર -ભચાઉ માટે એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીની મુદત કેટલા વર્ષ માટે હતી, અને

(૨) તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ આ ઓથોરીટી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ઓથોરીટીની મુદત નક્કી કરાયેલ નથી.

(૨)

| **ઓથોરીટી** | **થયેલ ખર્ચ (રૂપિયામાં)** |
|---|---|
| ભૂજ | ૧૩,૬૪,૮૮,૩૬૬-૪૫ |
| અંજાર | ૮,૭૧,૦૭,૪૯૨-૭૫ |
| ભચાઉ | ૮,૯૦,૩૪,૭૩૫-૦૦ |
| **કુલ...** | **૩૧,૨૬,૩૦,૫૯૪-૨૦** |

------------

**નગરપાલિકાના મુખ્ય પ્રવેશ દ્વારા પાસે વિકાસ પથ યોજના**

૧૯૨૬૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે વિકાસ પથ યોજના લાગુ કરાયેલ તેમાં કેટલી નગરપાલિકાઓનો સમાવેશ કરાયેલ છે ?

**જવાબ**

આ યોજના હેઠળ ૧૩૦ નગરપાલિકાઓનો સમાવેશ કરાયેલ છે.

------------

**તબીબી સેવાઓનું ખાનગીકરણ કરવા બાબત**

૧૯૭૯૫ **શ્રી નારાયણભાઈ પટેલ** (ઉંઝા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર તબીબી સેવાઓનું ખાનગીકરણ કરવા માંગે છે,

(૨) જો હા, તો કઈ કક્ષાના કેટલા દવાખાનાનું સંચાલન ખાનગી સંસ્થાઓને આપવા માગે છે, અને

(૩) ખાનગી સંસ્થાઓ ક્યા દરે તબીબી સેવાઓ આપશે ?

**જવાબ**

(૧) ના જી.

દર્દીઓને વધુ સારી તબીબી સારવાર/સેવા ઉપલબ્ધ કરી શકાય તે માટે સેવાભાવી સંસ્થાઓ સાથે લોક્ભાગીદારીથી આરોગ્ય સેવાઓને વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી સરકારી હોસ્પિટલોનું માત્ર સંચાલન સોંપવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

(૨) આવી સેવાભાવી સંસ્થાઓ તરફથી જીલ્લા કક્ષાની-૯, તાલુકા કક્ષાની-૫, સામુહિક આરોગ્ય કેન્દ્રો માટેની-૪ અને ડીસ્પેન્સરી માટેની-૧ એમ કુલ-૧૯ માંગણીઓ મળેલી છે. જે ચકાસણી હેઠળ છે.

(૩) ગરીબી રેખા હેઠળ આવતા દર્દીઓને વિના મુલ્યે, મધ્યમ આવક વાળા પાસેથી નહિ નફો નહિ નુકશાન ના ધોરણે તથા આર્થિક રીતે અન્ય દર્દીઓ પાસેથી રાજ્ય સરકાર સાથે પૂર્વ પરામર્શ કરી નક્કી થાય તે ધોરણે સંસ્થા દ્વારા ફી નું ધોરણ રાખવાની બાબત

વિચારણા હેઠળ છે.

------------

**રાજકોટ, જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસના કામો**

૧૮૮૮૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧/૧૨/૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ, જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ યોજના હેઠળ કેટલી રકમના ક્યા ક્યા કામો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ રાજકોટ, જુનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લામાં યાત્રાધામ વિકાસ યોજના હેઠળ નીચે મુજબના કામો મંજુર કરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| **(અ)** | **રાજકોટ** | |
| (૧) | ઘેલા સોમનાથ (જસદણ) | રૂા. ૧,૦૦,૦૦૦ |
| (૨) | રઘુનાથજી મંદિર (સુપેડી) | રૂા. ૫,૯૬૦ |
| (૩) | શ્રી મોરલીમનોહર મંદિર (ધોરાજી ધર્મશાળા) | રૂા. ૧૪,૨૬૦ |
| | કુલ | **રૂા. ૧,૨૦,૨૨૦** |
| **(બ)** | **જૂનાગઢ** | |
| (૧) | સોમનાથ યાત્રા સુવિધા સંકુલ | રૂા. ૩૨,૦૦,૦૦૦ |
| (૨) | હિરણગોલક ઘાટ યોજના | રૂા. ૬૮,૦૦,૦૦૦ |
| | કુલ | **રૂા. ૧,૦૦,૦૦,૦૦૦** |
| (૩) | ગીરનાર ગીરનાર સીડી તથા વોલ રીપેરીંગ | રૂા. ૬,૨૨,૦૦૦ |
| (૪) | દામોદર કુંડ રીઝુવેશન-૨ | રૂા. ૫૮,૧૮,૦૦૦ |
| (૫) | ભવનાથ મંદિર પરિસર વિકાસ કામ | રૂા. ૩૪,૩૭,૦૦૦ |
| (૬) | પર્વત પર વિશ્રામ કુટીરનું કામ | રૂા. ૪૯,૮૦,૦૦૦ |
| (૭) | વાઘેશ્વરી મંદિર વિકાસ કામ | રૂા. ૫,૨૦,૦૦૦ |
| (૮) | ગુલાબચોક વિકાસ કામ | રૂા. ૬,૯૯,૦૦૦ |
| (૯) | દામોદર કુંડ | રૂા. ૧,૫૮,૦૦૦ |
| | કુલ | **રૂા. ૧,૬૨,૩૪,૦૦૦** |
| (ક) | સુરેન્દ્રનગર | --- શૂન્ય--- |

------------

**દાહોદ જિલ્લામાં મજૂર અદાલત શરૂ કરવા બાબત**

૧૮૭૪૫ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં મજૂર અદાલત છે કે કેમ, અને

(૨) જો ના, તો ક્યાં સુધીમાં મજૂર અદાલત શરૂ

**જવાબ**

(૧) ના.જી

(૨) બજેટમાં જોગવાઈ થયેથી.

કરવામાં આવશે ?

------------

**ગુજરાતમાં રાત્રી કોર્ટ**

૧૮૮૦૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ કેટલી રાત્રી કોર્ટો કાર્યરત છે ?

**જવાબ**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં ૪૨ કોર્ટો કાર્યરત છે.

------------

**આયુર્વેદ કોલેજમાં ડેમોન્સ્ટ્રેટર/ટ્યુટરની જગ્યા રદ કરવા બાબત**

૧૯૪૫૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આયુર્વેદ કોલેજમાં ડેમોન્સ્ટ્રેટર/ટ્યુટરની જગ્યા રદ કરવા C.C.I.M. દ્વારા ક્યારે જણાવવામાં આવ્યું,

(૨) આયુર્વેદ યુનિવર્સિટીએ પોતાની કોલેજોમાં છેલ્લા દશ વર્ષથી આ જગ્યા રદ કરી છે અને સરકારી કોલેજોમાંથી પણ તે જગ્યા રદ કરવા સરકારને ભલામણ કરી છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આ જગ્યા સરકાર ક્યારે રદ કરવા માગે છે, અને

(૪) જો ના, તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા. ૦૨-૦૫-૧૯૯૧.

(૨) હા, જી.

(૩) વિચારણા હેઠળ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં શહેરી વિકાસ વર્ષ નિમિતે થયેલ વિકાસના કામો**

૨૦૨૭૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ નિમિતે (વર્ષ ૨૦૦૫) જૂનાગઢ જિલ્લાના ક્યા ક્યા શહેરના કેટલી રકમના કેટલા વિકાસના કામો કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| | ફાળવેલ | મંજૂર કરેલ કામો |
|---|---|---|
| વેરાવળ-પાટણ | ૨૫૦ | પાણી પુરવઠાના ૨-કામો, |
| કેશોદ | ૨૫૦ | પાણી પુરવઠાના ૮-કામો |
| માંગરોળ | ૧૫૦ | પાણી પુરવઠાના ૪-કામો, |
| ઉના | ૨૦૦ | પાણી પુરવઠાના ૨-કામો, |
| કોડીનાર | ૨૫૦ | પાણી પુરવઠાના ૭-કામો, |
| બાંટવા | ૧૨૫ | પાણી પુરવઠાના ૫-કામો |

| | | |
|---|---|---|
| બાંટવા | ૧૨૫ | પાણી પુરવઠાના ૫-કામો |
| ચોરવાડ | ૧૫૦ | પાણી પુરવઠાના ૬-કામો |
| માણાવદર | ૧૪૫ | પાણી પુરવઠાના ૮-કામો, રસ્તાના ૨-કામો |
| વંથલી | ૯૦ | પાણી પુરવઠાના ૧-કામ, રસ્તાના ૧-કામ |
| વિસાવદર | ૨૦૦ | પાણી પુરવઠાના ૧-કામ |

(૨) તે પૈકી કેશોદ શહેરમાં કેટલાં અને ક્યા ક્યા કામો કરવામાં આવ્યા ?

(૨) પાણી પુરવઠાના ૮ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) | ૫ લાખ લીટરની ઓવરહેડ પાણીની ટાંકી બનાવવાનું કામ. |
| (૨) | ૭ વોર્ડમાં પાઈપ લાઈનનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |

------------

## ચિકુનગુનિયા રોગની ગંભીરતા

૧૯૩૩૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય રીતે ચિકુનગુનિયાનો રોગ માણસ માટે મૃત્યુ થાય એટલો ગંભીર છે કે નથી, | (૧) ના જી |
| એચબી(૨)૬૭-જી જો ના હોય તો રાજ્યમાં તાજેતરમાં મોટી ઉંમરના લોકોના આ દર્દ થવાથી મૃત્યુ થવાના શા કારણો છે, અને | (૨) મોટી ઉંમરના લોકોમાં રોગપ્રતિકારક શક્તિ ઉંમરના કારણે ઓછી થઈ જાય છે અને તેઓને ચિકુનગુનીયાના ચેપથી રોગપ્રતિકારક શક્તિ વધુ ઘટી જાય છે અને આવા લોકોને લાંબી બિમારી જેવી કે ડાયાબીટીસ, કિડની અને કેન્સરનો રોગ હોય તો મૃત્યુ થઈ શકે. |
| (૩) સરકારે મોટી ઉંમરના લોકોને રક્ષણ આપવા શા પ્રયાસ કર્યા છે ? | (૩)<br>૧. મોટી ઉંમરના લોકો માટે સરકારી દવાખાનાઓમાં સંદર્ભ સેવાઓ તજજ્ઞો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી.<br>૨. રહેણાંક્ના વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ અટકાયત અને નિયંત્રણ માટે પોરાનાશક કામગીરી સઘન બનાવી.<br>૩. પુખ્ત મચ્છરોના નાશ માટે રહેણાંક્ના વિસ્તારોના દ ારોમાં ફોગીંગ કામગીરી હાથ ધરી.<br>૪. આ રોગ અંગે લોકજાગૃતિ વધારવા પ્રચાર-પ્રસાર હાથ ધરવામાં આવી.<br>૫. લોકો મચ્છરદાનીનો ઉપયોગ કરી મચ્છરના કરડવાથી બચે તે માટે મરછરદાનીના ઉપયોગ અંગેનો વ્યાપ વધાર્યો. |

------------

**રાજ્યમાં પતંગોત્સવની ઉજવણી**

૨૦૨૮૯ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬-૦૭માં રાજ્યમાં સરકાર દ્વારા ક્યા ક્યા ""પતંગમહોત્સવ""ની ઉજવણી કરવામાં આવી, | (૧) સાબરમતી રીવર ફ્રન્ટ, અમદાવાદ અને પેટલાદ ખાતે ""પતંગ મહોત્સવ""ની ઉજવણી કરવામાં આવેલ છે. |
| (૨) ઉજવણીમાં રાજ્ય સરકાર દ્વારા તથા ખાનગી સ્પોન્સરર્સ દ્વારા કેટલો ખર્ચ તા. ૩૧/૧/૦૭ સુધીમાં કરવામાં આવેલ છે, અને | (૨) તા. ૩૧-૦૧-૨૦૦૭ની સ્થિતિએ રૂા. ૧૭૫.૫૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ખાનગી સ્પોન્સરર્સ દ્વારા કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૩) જો ખાનગી સ્પોન્સરર્સ દ્વારા ખર્ચ કરવામાં આવેલ હોય તો ક્યા ક્યા સ્પોન્સરર્સ દ્વારા ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ચોટીલા અને સાયલાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મશીનો/સાધનો બંધ હોવા બાબત**

૧૯૪૩૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા સામુહિક, આરોગ્ય કેન્દ્રમાં ક્યા ક્યા મશીનો/સાધનો બંધ હાલતમાં છે, | (૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચોટીલા ખાતે ઈલેકટ્રીક વર્ટીકલ ડબલ ડ્રમ ઓટોક્લેઈવ તથા માઈક્રોસ્કોપ બંધ છે. |
| (૨) ઓપરેશનની અને અકસ્માતના ક્યા ક્યા સાધનોની ઘટ છે, અને | (૨) સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. |
| (૩) આ બંધ મશીનો અને ઘટતા સાધનો માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચોટીલાના સાધનોના રીપેરીંગની કામગીરી હાથ પર છે, જ્યારે આ સ્થળે સીંગલ ડ્રમ ઓટોક્લેવ મશીન ચાલુ હાલતમાં હોઈ કોઈ તકલીફ પડે તેમ નથી. |

------------

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પત્રિકાઓ છપાવવા અને હોર્ડીંગ્સ મુકવાનો ખર્ચ**

૨૦૩૧૫ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જુદા જુદા હોર્ડીંગ્સ જુદી જુદી પત્રિકાઓ છાપવા અને જુદી જુદી જગ્યાઓ પર મુકવા પાછળ તારીખ ૩૧/૧/૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયો, અને | (૧) રૂા. ૭૫,૦૫,૩૭૯/- નો ખર્ચ થયેલ છે. |
| (૨) આ ખર્ચ ઘટાડવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) આ વિભાગની જુદી જુદી યોજનાઓની સફળતા માટે આ ખર્ચ કરવો જરૂરી હોઈ તેમાં ઘટાડો કરવો આવશ્યક નથી. |

------------

# શોકદર્શક ઉલ્લેખો

## સ્વ.સુશ્રી અરૂણાબહેન શંકરપ્રસાદ દેસાઈના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સુશ્રી અરૂણાબહેન શંકરપ્રસાદ દેસાઈનું તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ સુશ્રી દેસાઈનો જન્મ તારીખ ૧૩મી મે, ૧૯૨૪ના રોજ જુનાગઢ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ. ની પદવી મેળવેલ હતી અને સમાજ સેવા, મહિલા અને બાળ વિકાસની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ સુશ્રી દેસાઈએ માત્ર ૨૧ વર્ષની વયે સમાજ સેવાનું કઠિન કામ હાથ ધરી સીવણ, ભરત-ગૂંથણ, મોતી કામ ઉપરાંત ગામડે-ગામડે અંબર ચરખા, ખાદી અને વણાટ જેવા ગૃહ ઉદ્યોગો દ્વારા મહિલાઓને સ્વનિર્ભર બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, સન ૧૯૪૫માં તેઓશ્રીએ "વિકાસ વિદ્યાલય" નામની સંસ્થાની સ્થાપના કરેલ જે આજે વટવૃક્ષ બની પ્રવૃત્તિ કરી રહી છે. તેઓશ્રીએ ચિલ્ડ્રન કોર્ટના મૅજીસ્ટ્રેટ તરીકે પણ ઉમદા કામગીરી કરી હતી. મહિલાઓ અને બાળકોના ઉત્કર્ષ માટે જીવન સમર્પિત કરનાર અરૂણાબહેનને ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા અનેક એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વર્ગસ્થ સુશ્રી દેસાઈએ બીજી ગુજરાત વિધાનસભામાં વઢવાણ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે મહિલા અને બાળ-કલ્યાણ સાથે સંકળાયેલ એક અગ્રણી સમાજ સેવિકા ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ભા.રા.કો.) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહમાં સ્વ. સુશ્રી અરૂણાબહેન દેસાઈનો જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. અરૂણાબહેન આઝાદી પહેલાની, એ પેઢીના સભ્ય હતા કે જે જમાનામાં કાર્યકરો બહુ સુખી અને સંપન્ન પરિવારમાંથી આવતા હતા અને માત્ર સેવાના ધ્યેયથી સામાજિક પ્રવૃત્તિઓ, રાજકીય પ્રવૃત્તિઓ હાથ ધરી અને સમાજને કંઈક પ્રદાન કરતા હતા. અરૂણાબહેન દેસાઈ અને પુષ્પાબહેન મહેતા એ ગુજરાતની એક આ પ્રકારની વિરલ પ્રતિભા હતા. મહાત્મા ગાંધીએ રાજકીય ચળવળ શરૂ કરી અને આઝાદી માટેનો સંકલ્પ તો બધા પાસે કરાવ્યો પણ એવા લાખ્ખો કાર્યકર્તાઓ ઊભા કર્યા કે જે લોકો યુવાનવયે સંપૂર્ણ સમાજ પ્રત્યે સમર્પિત થવાના ભાવથી એ આવા રચનાત્મક કાર્યક્રમમાં જોડાય અને એ કાર્યક્રમમાં જોડાય અને સમાજના છેવાડાના માણસ સુધી પહોંચાડવાનું કામ એ જમાનામાં કાર્યકર્તાઓએ કરેલ છે. મહિલા સશક્તિકરણની આજેય એટલી જ જરૂર છે પણ એ વખતે જે કાર્યકરો આપણને મળતા હતા જે કાર્યકરો યુવાન હોય, વિદ્વાન હોય અને સંપન્નતાને છોડીને અને સમાજના છેવાડાના લોકો સુધી પહોંચાડવાનું કામ કરવાનું હોય..એવા કાર્યકર્તાઓની આજે ખોટ સાલે છે. આઝાદી સંગ્રામની લડાઈ દરમિયાન આપણને એવા વિરલ કહી શકાય એવી અનેક વિભૂતિ મળી. તેમાંના અરૂણાબહેન એક વિભૂતિ હતા. માત્ર રાજનીતિમાં આવ્યા છે, આ ગૃહના સભ્ય થયા એટલે આપણે જરૂર યાદ કરીએ પરંતુ તે આ ગૃહના સભ્ય કરતાં તે એક ઉમદા માત્ર આ રાજયના નહીં દેશના ઉમદા મહિલા કાર્યકર કહી શકાય તે પ્રકારના તે ગુજરાતના કાર્યકર હતા. તેમણે સુરેન્દ્રનગર જિલ્લા જેવા એક છેવાડાના જિલ્લાની અંદર આવા મહિલાઓ માટે, બાળકો માટે અને સમાજના છેવાડાના લોકો માટે જાત ઘસી અને સંસ્થાઓ સ્થાપી અને તે સંસ્થાઓ પણ આજે રાજયની એક મોડેલ સંસ્થાઓ કહી શકાય એવી મોડેલ સંસ્થાઓ આજે ઉભી થઈ છે. અનેક જે છેવાડાના લોકો માટેના છાત્રાલયો પણ શરૂ કર્યા અને તેમાંથી જે પેઢી ઉભી થઈ તે પેઢીએ આજે સમાજની અંદર જુદા જુદા ક્ષેત્રોમાં આ અરૂણાબેનના શિષ્યો આજે આગેવાન બની અને તે પણ રાજયના વિકાસનું કામ કરી રહી છે. અરૂણાબેન તે આપણા જાહેર જીવનની મૂડી હતાં, ૮૨ વર્ષની ઉંમર સુધી આપણાં સૌની માટે તેમણે કામ કર્યુ વિદાય લીધી. તેમના પોતાના પરિવાર સહિત વિકાસ વિદ્યાલયનો જે પરિવાર છે, બૃહદ પરિવાર છે તેમણે પણ એક માતા ગુમાવ્યા છે. આપણે પણ એક વડીલ ગુમાવ્યાનો ભાસ થાય છે. આપના મારફતે તેમના બ્રહદ પરિવારને તેમને આપણાં બધાની લાગણી પહોંચે તે વાત સાથે માનનીય મુખ્યમંત્રીશ્રીના શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વ.અરૂણાબેન દેસાઈ માટેનો જે શોક પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. એક મહિલા તરીકે ગાંધી વિચાર ધારાને હંમેશા જીવંત રાખવાનો સ્વ.અરૂણાબેને પ્રયત્ન કર્યો છે. મહિલા અને બાળ કલ્યાણ પ્રવૃત્તિ કયા પ્રકારની હોઈ શકે તેનું સમાજ જીવનને શ્રેષ્ઠ ઉદાહરણ સ્વ.શ્રી અરૂણાબેન દેસાઈ દ્વારા પ્રાપ્ત થયેલું છે. ઝાલાવાડ જિલ્લામાં કોઈ પણ કામ હોય, કોઈ પણ પ્રકારનું કામ હોય જ્યારે કોઈ પણ અરૂણાબેનને મળે તો હંમેશા તેમનું માર્ગદર્શન તે સમાજને હિતકારી હોય. તેમની સંસ્થાઓ પણ સમગ્ર ગુજરાતમાં સામાજિક ઉત્થાન માટેનો એક દીપક, સમાજ એક આગવા પ્રકારની પ્રવૃત્તિઓથી હંમેશા ધમધમતું રહે એવા આ ગૃહના ભૂતપૂર્વ સન્માનનીય સભ્ય, એક મહિલા અગ્રણી અને ઝાલાવાડ જિલ્લાના મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે જેણે હંમેશા અનેક પ્રકારનું યોગદાન આપ્યું છે એવા સ્વ.અરૂણાબેન દેસાઈના શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતા જેમણે સૂર પુરાવ્યો છે એવા અમારા સૌની મા કહેવાય એવા સ્વ.શ્રી અરૂણાબેન શંકરપ્રસાદ દેસાઈના શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાએ અને માનનીય મંત્રીશ્રી જાડેજાએ જે વાત કરી કે ધારાસભ્ય થવું એક સામાન્ય બાબત છે પરંતુ ધારાસભ્ય થઈને પર થઈને મહિલાઓના પ્રશ્નો માટે, મહિલાઓની વાત માટે અને માત્ર સુરેન્દ્રનગર નહીં પણ સમસ્ત ગુજરાતમાં કોઈ મહિલાનો પ્રશ્ન, કોઈ બહેનનો પ્રશ્ન થાય, કોઈ દિવસ ગૂંચવાડો ઉભો થાય ત્યારે અરૂણાબેનને અમે યાદ કરીએ અને અરૂણાબેનને યાદ કરીએ અને તે પ્રશ્નનો નિચોડ આવે અને તે પ્રશ્નનો નિચોડ કેવો આવે ? નાની એવી છૂટાછેડાની બાબતની વાત હોય કે પતિ પત્નીનો કેસ હોય તો પણ અરૂણાબેન તેમાં ઊંડાણપૂર્વક ઉતરે અને નાની એવી ગરીબ બહેનનું ઘર પાછું સંધાય એવા અરૂણાબેને પ્રયત્ન કર્યા છે. મહિલા સશકિતકરણની માત્ર બે વાત કરવી એમ નહીં, પરંતુ બહેનો પગભર થઈ શકે અને સ્વમાનભેર જીવી શકે, ટકી શકે તે માટે નાના નાના ઉદ્યોગો દ્વારા તેમજ સીવણ કલાસ, વણાટ જેવા નાના નાના કાર્યો કરીને ટકી શકે તે માટે અરૂણાબેન પોતાનું જીવન માત્ર બહેનો માટે, મહિલાઓ માટે જીવ્યા છે. તેમના જવાથી સમગ્ર ગુજરાતની બહેનોએ પોતાની માતા ગુમાવ્યા છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જેમાં પોતાનો સૂર પૂરાવ્યો છે, તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું. સમાજની અંદર જયારે મહિલાઓની પરિસ્થિતિ સુધારવા માટે સતત પ્રયત્નશીલ એવી બહેનો મળતી નથી, ત્યારે સ્વ.સુ.શ્રી અરૂણાબેન દેસાઈએ જે દિશા ચીંધી છે, એ માટે આપણે બધા કંઈક કરીએ એટલી વાત સાથે વિરમું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, તેવા સ્વર્ગસ્થ શ્રી અરૂણાબેન શંકરપ્રસાદ દેસાઈના અવસાન અંગેના આ શોકદર્શક ઠરાવમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અરૂણાબેન આ ગૃહના સભ્ય રહી ચૂકયા છે. સમાજ સેવા ક્ષેત્રની અંદર કામ કરતી વ્યકિત જયારે આ ગૃહની અંદર પોતાનું પ્રદાન આપતી હોય છે, ત્યારે ગાંધીજીએ કહ્યું છે તેમ સમાજ સેવા, ખરેખર રાજકારણ એ સમાજસેવા માટેનું માધ્યમ છે એ રીતે તેઓ કામ કરતા હતા. તેઓ ચુસ્ત ગાંધીવાદી હતા. મેં તેમની સાથે બહુ નજીકથી કામ કર્યુ છે. હું જયારે મહિલા આર્થિક વિકાસ નિગમની ચેર પર્સન હતી ત્યારે અવારનવાર તેમની સંસ્થાની મુલાકાત લેતી હતી. આ રીતે ૫ વર્ષ સુધી મેં તેમની સાથે બહુ નજીકથી કામ કર્યુ છે. તેમની સંસ્થા પ્રેરણા આપે તેવી સંસ્થા હતી. સામાજિક ક્ષેત્રે તેઓ અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા હતા. જે રીતે મહિલા અને બાળ કલ્યાણની પ્રવૃત્તિઓ તેમણે કરી છે તે ખરેખર નમૂનારૂપ અને પ્રેરણા લઈ શકાય તેવી છે. હું અરૂણાબેનને હૃદયપુર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. તેમના કાર્યોમાંથી પ્રેરણા લઈને તમામ સામાજિક સેવકો આવી પ્રવૃત્તિ કરશે તો તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પી ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા તેઓશ્રીના પરિવાર પર આવી પડેલી આ આપત્તિ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા તેઓને શકિત અર્પે તેવી પ્રાર્થના સાથે તેમને આ સંદેશો પાઠવવા માગું છું. અસ્તુ.

**અધ્યક્ષશ્રી** : ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે અને ગૃહના સભ્યશ્રીઓએ જેને બહાલિ આપી છે તે વાત સાથે હું પણ મારા અંતરથી આ શોકઠરાવને અનુમોદન આપી સ્વ.શ્રી અરૂણાબેનને મારી શ્રદ્ધાંજલિ આપું છું.

આમ જોઈએ તો અરૂણાબેન છેક યુવાન એવી નાની વયથી, માત્ર ૨૧ વર્ષની ઉંમરમાં સમાજ સેવામાં જોડાયા. એમના ઉપર ગાંધીજીની એટલી મોટી અસર હતી કે ન પૂછો વાત. એના પરિણામે ગાંધીજીને અનુસરીને તેઓ પોતાનું જીવન જીવતા હતા. મહિલાઓના ઉત્કર્ષ માટે, એમની સેવા માટે અનેક સંસ્થાઓ શરુ કરી છે. એમણે જે સંસ્થાઓ શરુ કરી છે, એમાંની આદર્શ સંસ્થા આજે પણ આપણી વચ્ચે છે. તેઓ ભલે આપણી વચ્ચે નથી. અરૂણાબેન એમ.એલ.એ. હતા કે નહીં, એ એટલી મહત્વની વાત નથી. પણ ગુજરાત અને બહાર પણ મહિલા સેવક તરીકે સુંદર કામગીરી તેમણે કરી છે. આવી મહિલાઓની ખોટ સમાજમાં અવશ્ય જોવા મળે છે.

હવે આપણે બધા આપણી જગ્યા પર બે મિનિટ ઉભા થઈને મૌન પાળીશું અને સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પીશું.

(બે મિનિટ મૌન બાદ) સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે. નેકસ્ટ.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### જૂનાગઢ ખાતેના રંગમહેલમાં લાગેલ આગમાં રેકર્ડ નાશ પામવા અંગે

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત અન્વયે માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

"બે દિવસ પહેલાં જૂનાગઢ ખાતે આવેલ કલેકટર કચેરી, રંગમહેલ તથા જિલ્લા પંચાયતની કચેરીઓ આગમાં ભસ્મિભૂત થઈ જતાં અગત્યના અનેક દસ્તાવેજો, કાગળો અને રેકર્ડ નાશ

પામેલ છે. આ આગના કારણે કચેરીઓ સાથે રેકર્ડ તથા પ્રજાજનોના અગત્યના કાગળો સરકારી દસ્તાવેજો સહિત અનેક અગત્યની વસ્તુઓ બળી જતાં પ્રજાજનોના કામોમાં પડનારી ગંભીર અસરો નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારું નિવેદન નીચે મુજબ છેઃ-

(૧) **આગ લાગવાનો સમય/કારણ તથા તકેદારીનાં પગલાંઃ-**

જૂનાગઢ શહેરના મધ્ય ભાગમાં આવેલ રંગમહેલ તરીકે ઓળખાતી ૧૫૦ વર્ષ જૂની બિલ્ડિંગ કે જેમાં જૂનાગઢ જિલ્લાની કલેકટર કચેરી/જિલ્લા પંચાયતની કચેરી તથા જિલ્લા પોલીસ અધિકારીની કચેરી બેસે છે. તેમાં તારીખ ૨૧-૨-૨૦૦૭ ના રોજ વહેલી સવારે ૧-૪૫ કલાકે આગ લાગતાં નાઈટ ડયુટીના ચોકીદારે તુરત જ કંટ્રોલ રૂમને જાણ કરી દીધેલ હતી.

આ જાણ થતાં કંટ્રોલ રૂમમાં હાજર અધિકારીએ તુરત જ અગ્નિ શામકદળને તથા જુદી જુદી કચેરીઓના સંબંધિત કર્મચારી/અધિકારીને પણ જાણ કરી દીધેલ હતી, એટલું જ નહીં, પોલીસ કંટ્રોલ રૂમ તથા માણાવદર, ધોરાજી, જેતપુર અને વેરાવળના અગ્નિશામક દળને પણ જાણ કરી દીધેલ હતી.

સવારે ૨-૩૦ કલાકે કલેકટરશ્રીએ વિશેષ કાળજી લઈને અગ્નિશામકની કામગીરીને સઘન બનાવવા માટે તુર્તજ રાજકોટના ચીફ ફાયર ઓફિસર અને રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરને જાણ કરી વધારાના અગ્નિ શામક સાધનો મોકલી આપવા જાણ કરેલ હતી અને ૨-૪૫ કલાકે જિલ્લા વિકાસ અધિકારીની સાથે કલેકટરશ્રીએ જાતે હાજર રહી ત્યાં હાજર રહેલ પ્રાંત અધિકારી, નાયબ પોલીસ અધિકારી તથા મુખ્ય મથકના પી.આઈ. કે જેઓ જુદી જુદી ફરજો બજાવતા હતા તેમને જરૂરી તમામ સૂચનાઓ આપી. એટલું જ નહીં જામનગર મ્યુનિસિપલ કોરપોરેશનના ચીફ ફાયર ઓફિસરને પણ વધારાના અગ્નિશામકો મોકલવા તાકીદ કરી. આ વિનંતીના કારણે તાકીદે ઉપલબ્ધ થયેલ કુલ ૧૦ ફાયર ફાઈટર્સ તંત્રએ ખૂબ જ અસરકાર રીતે પોતાની કામગીરી કરી. જેના કારણે સવારના ૭-૦૦ કલાક સુધીમાં આ ભયંક આગ ઉપર કાબૂ મેળવવા તંત્રને સફળતા મળી.

(૨) **આગથી બચાવી લેવાયેલ રેકર્ડની વિગતઃ-**

વિશેષમાં એ નોંધ લેવી જરૂરી બનશે કે સ્થાનિક કંટ્રોલ રૂમ દ્વારા જેવી સંબંધિત કર્મચારી/અધિકારીશ્રીઓને આ બનાવની જાણ થઈ એટલે તેઓ સ્વયંભૂ રીતે તુરત જ બનાવના સ્થળે દોડી આવીને જયાં પણ આગ પ્રસરી ન હતી તે તમામ શાખાઓમાંનું કિંમતી રેકર્ડ પોતે જાતે ઉંચકીને સલામત સ્થળે ખસેડી લેવાની પ્રશંસનીય કામગીરી કરી હતી. એટલું જ નહીં, આ રેકર્ડને આગના બનાવથી દૂર આવેલ અલાયદા સુરક્ષિત મિટિંગ રૂમમાં સ્થળાંતર કરી દેવામાં આવેલ છે અને સલામતીપૂર્વક જાળવી રખાયેલ છે.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ બિલ્ડિંગમાં રીટ્રો ફિટિંગની કામગીરી ચાલુ હોવાથી કેટલીક શાખાઓ અન્ય જગ્યાએ ખસેડેલ હોવાથી તેમનું રોજબરોજના કામકાજનું રેકર્ડ સલામત છે, તથા કલેકટર કચેરીના ભોંયતળીયે આવેલ રેકર્ડ રૂમ પણ સલામત છે.

અત્રે એ પણ નોંધવું ઉચિત ઠરશે કે કલેકટર કચેરીની ગૃહ શાખા, મહેકમ શાખા, જમીન શાખા, જમીન સંપાદન શાખા, રોકડ શાખા તેમજ બાજુમાં આવેલી પ્રાંત કચેરીનું રેકર્ડ પણ સલામત રીતે ખસેડી લેવામાં આવેલ છે.

(૩) **આગથી નાશ પામેલ રેકર્ડની વિગતઃ-**

આ આગના કારણે જિલ્લા પંચાયત કચેરીની આંકડા શાખા, પશુપાલન શાખા, મહેસૂલ શાખા, ખેતીવાડી શાખા, આઈ.સી.ડી.એસ. શાખા, જમીન શાખા, દબાણ શાખા, સહકાર શાખા તથા પ્રમુખશ્રીની ચેમ્બર સહિતનું તમામ રેકર્ડ સંપૂર્ણતઃ નાશ પામેલ છે, પરંતુ પંચાયતની હિસાબી શાખા, મહેકમ શાખા અને આરોગ્યનું રેકર્ડ આંશિક રીતે નાશ પામેલ છે.

આ આગના કારણે કલેકટર કચેરીની પુરવઠા શાખા, હિસાબી શાખા, સમાજ સુરક્ષા શાખા, અછત શાખા, હિજરતી/ટેનન્સી શાખા, મનોરંજન શાખા, ઓડિટ શાખા અને મધ્યાહ્ન ભોજન શાખાનું રેકર્ડ અને ફર્નીચર મહ્દઅંશે નાશ પામેલ છે.

જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓની કચેરીનું ઓડિટ શાખાનું રેકર્ડ પણ આ આગમાં નાશ પામેલ છે.

અત્રે એ નોંધવું ઉચિત થશે કે આ આગનું કારણ અધિકૃત રીતે જાણી શકાય તે હેતુથી રાજયના પોલીસ વિભાગ હસ્તકની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને આ તપાસ સોંપવામાં આવી છે જેઓએ જરૂરી તપાસ શરૂ કરી છે અને લેબોરેટરી જે પરિણામ આપશે ત્યારબાદ જ આ આગનું અધિકૃત કારણ જાહેર કરી શકાશે.

(૪) **આગને કારણે પ્રજાજનોના કામોમાં પડનારી ગંભીર અસરો નિવારવા સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંઃ-**

તારીખ ૨૧-૨-૨૦૦૭ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકથી જ કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરીની રાબેતા મુજબની જનસંપર્ક એકમ સહિની તમામ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

તારીખ ૨૨-૨-૨૦૦૭ ના રોજ અગાઉથી નિયત થયેલ સ્વાગત કાર્યક્રમ પણ રાબેતા મુજબ હાથ ધરાયેલ છે તથા નાગરિકોની રજૂઆતોનું નિરાકરણ પણ તંત્ર દ્વારા કરવામાં આવેલ.

તારીખ ૨૧-૨-૨૦૦૭ ના રોજ કલેક્ટરશ્રીએ મુખ્ય સચિવશ્રીને નાશ પામેલ કચેરીઓના સ્થળાતર માટે વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સરકારશ્રીના રમતગમત અને યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગ હસ્તકની બિલ્ડિંગમાં કરવા માટેની વિનંતી કરતાં તારીખ ૨૨-૨-૨૦૦૭ ના રોજ સરકારશ્રીની મંજૂરી મળતાં જૂનાગઢ શહેરના મજેવડી દરવાજા પાસેના સ્થળે પ્રથમ તબકકામાં જિલ્લા પંચાયત, જૂનાગઢની કચેરીનું સ્થળાંતર તાકીદના ધોરણે કરવામાં આવેલ છે.

જિલ્લા પંચાયતની કચેરીનું સંપૂર્ણ સ્થળાંતર થઈ ગયા બાદ અન્ય અસરગ્રસ્ત તથા બિન અસરગ્રસ્ત શાખાઓનું પણ જરૂરિયાત પ્રમાણે સ્થળાંતર કરી દેવામાં આવશે.

આગથી અસર પામેલ ત્રણે કચેરીઓનો ઉપયોગ સલામતીની દ્રષ્ટિએ હવે થઈ શકે તેમ જ હોવાથી, રાજયના જિલ્લા તંત્રની ત્રણેય અગત્યની કચેરીઓની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાને લઈ તેનો વહીવટ વધુ સૂચારું રીતે થઈ શકે અને પ્રજાજનોને વધુ સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે તે હેતુથી કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને જિલ્લા પોલીસ વડાની કચેરીઓ એક જ સંકુલમાં અન્ય સ્થળે બાંધવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ ખાતે કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયતની કચેરીમાં ૨૧ મી તરીખે વહેલી સવારે ૧-૪૫ કલાકે આગ લાગી હતી અને આગ લાગ્યા પછી માનનીય મંત્રીશ્રીએ જે કાંઈ જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે એ નિવેદનમાં આપેલ છે, પરંતુ મારે એ જાણવું છે કે આ આગમાં જે અરજદારોએ પોતાના હક્ક માટે અથવા પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે જે અરજીઓ કરી હતી એ અરજીઓના કાગળો આ આગમાં સંપૂર્ણપણે નાશ પામેલ છે ત્યારે આ જે તુમારો અથવા કામ પડતર છે એવા અરજદારોના આ રેકર્ડના અભાવે તેમને કોઈપણ પ્રકારનો અન્યાય ના થાય એ જોવા માટે રાજય સરકાર શું કરવા માગે છે?

મારો બીજો સવાલ એ છે કે આ આગનાં કારણો અધિકૃત રીતે જાણી શકાય એ હેતુથી રાજયની પોલીસ વિભાગની ફોરેન્સિક લેબોરેટરીને તપાસ સોંપવામાં આવી છે. તો આ આગને ૭ દિવસ જેટલો સમય થયો હોવા છતાં હજુસુધી આ આગ લાગવાનાં પ્રાથમિક કારણો આપણે જાણી શકયા નથી એ તો એક દુ:ખદ બાબત છે કારણ કે પ્રાથમિક રીતે તો એટલો તો ખ્યાલ આવે કે આ આગ કઈ રીતે, કયાંથી અને કેવી રીતે લાગી. એનો ફાઈનલ રિપોર્ટ તો એની તપાસ થશે ત્યારે આવશે, પરંતુ એનાં કારણો શું છે અને શેના આધારે આ આગ લાગી છે એ તો પ્રાથમિક રીતે તો જાણી શકાય ને? મારો ત્રીજો સવાલ એ છે કે આ મિલકત જયારે એ સ્ટેટ નવાબની સત્તા હતી ત્યારે છેલ્લે એની કોની માલિકી હતી અને રાજય સરકાર પાસે આ મિલકતનો કબજો કયારે આવ્યો હતો? મારો ચોથો સવાલ એ છે કે આ મિલકત અંગે કાઈ માલિકી હક્ક મેળવવા માટે કોઈ દાવા અરજીઓ અથવા કોર્ટમાં કોઈ કેસ થયો છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ ખાતે આ રંગમહેલની જે પ્રિમાયસીસ છે એની અંદર કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયની કચેરી અને જિલ્લા પોલીસ વડાની કચેરી બેસે છે. આ જે પ્રિમાયસીસ છે એ છેલ્લાં ૧૫૦ વર્ષ જૂની છે. મોટાભાગે ભૂતકાળમાં લાકડાનો ઉપયોગ થતો હતો એટલે આ પ્રિમાયસીસ પણ લાકડાંના ઉપયોગ વાળી હતી. અને ઘણાં વર્ષોથી ત્યાં ૩ ઑફિસો કાર્યરત છે. રાત્રે ૧-૪૫ વાગ્યે જ્યારે જિલ્લા પંચાયતના સમાજ કલ્યાણ ખાતામાં ધુમાડો નીકળ્યો એટલે ચોકીદારે તાત્કાલિક તેની જાણ ઇમરજન્સી સૅન્ટરમાં કરી, અને મિનિટોમાં કલેક્ટર અને ડી.ડી.ઓ. પણ ત્યાં પહોંચી ગયા હતા. અને જેટલું બચાવી શકાય તેટલું બચાવવાના પ્રયત્નો કર્યા હતા. આમાં બે ત્રણ બાબતો અગત્યની છે. એક તો જ્યાંથી આગની શરૂઆત થઈ ત્યાં કેટલાક ભાગમાં જિલ્લા પંચાયતનું રીનોવેશનનું કામ ચાલતું હતું એટલે કેટલુંક સાહિત્ય અગાઉથી ત્યાંથી શીફટ કરવામાં આવેલ હતું. એટલે તે આપણા કબજામાં જ છે. અને બચી ગયું છે. બીજું ત્યાંના સ્થાનિક લોકો અને અધિકારીઓનો પણ હું આભાર માનું છું કે કલેક્ટર અને ડી.ડી.ઓ.એ જાતે પણ જ્યાં જ્યાં આગ પ્રસરે તેવી જગ્યાઓ હતી ત્યાં આગ પ્રસરે તે પહેલા જાતે પોટલા ઉંચકીને કામગીરી કરી છે. અને અધિકારીઓ દાજ્યા પણ છે. એમણે કહ્યું તે મુજબ રેકર્ડની બાબત છે તેમાં કેટલુંક રેકર્ડ આપણે બચાવી શક્યા છીએ. અને એ બચાવવામાં બે પોલીસ અધિકારીઓ દાજ્યા પણ છે. આગ ચાલુ હતી તેમાં જઈ અને રેકર્ડ કાઢવા માટે આગમાં ગયા હતા એટલે આ રીતે આપણે રેકર્ડ બચાવ્યું છે. બીજી વાત એમણે કરી કે સરકારની પહેલી પ્રાયોરીટી છે કે જ્યાં અસર થઈ છે તે કચેરીમાં રોજબરોજની કામગીરી કેવી રીતે ચાલુ થાય, તો ૨૨મી તારીખે સવારથી જ સાડા દસ વાગ્યે કેટલાક ભાગો બચી ગયા હતાં ત્યાં કલેક્ટરની કચેરીનું કામ તો ચાલુ પણ કરી દેવામાં આવ્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન એવો છે કે સમગ્ર ગૃહને ખ્યાલ આવે તે રીતે કહેવું પડે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સવાલ ઉપસ્થિત કર્યા છે તેનો જ જવાબ આપું છું. એમણે બીજો પ્રશ્ન તપાસ માટેનો પૂછ્યો છે તો સમગ્ર દેશમાં તપાસ માટે જેની કામગીરી પ્રશંસનીય ગણાય છે તેવી એફ.એસ.એલ.ને ૨૨મી તારીખે જ તપાસની કામગીરી સોંપી દીધી છે. એટલે તેનો રિપોર્ટ આવે પછી સાચી માહિતી મળે કે કયાં કયાંથી શું થયું છે તે આપણને મળી શકશે. બીજી વાત કરી કે મિલકત કેટલી જૂની છે. તો આ બિલ્ડીંગો રજવાડા વખતની છે. એટલે ઘણા વર્ષોથી આ ત્રણ કચેરીઓ ત્યાં બેસે છે. કોઈ કાયદાકીય દાવાઓ કે એવું કંઈ થયું છે કે કેમ તેવો એમનો પ્રશ્ન હતો તો એ અંગેની કોઈ માહિતી હજુ સુધી આવી નથી પણ જિલ્લા પંચાયત કચેરી અને કલેકટર કચેરીની રોજબરોજની કામગરી ૨૨મી તારીખથી જ ચાલુ કરી દેવામાં આવી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, રોજ બરોજની કામગીરી તો બીજા દિવસે જ શરૂ કરવામાં આવી છે એ સારી વાત છે. મેં સવાલ એવો પૂછ્યો છે કે જે અરજદારોએ પોતાના પ્રશ્નોના નિરાકરણ કરવા માટેની અરજીઓ કરી છે અને એમના પ્રશ્નો વહીવટી તંત્રમાં ફાઈલ ઉપર ચાલતા હતા તે રેકર્ડ બળી ગયું છે. અને તેના કારણે એ રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાને કારણે તે અરજદારોને કોઈપણ પ્રકારનો અન્યાય ન થાય અને તેમને ન્યાય માગ્યો છે તે ન્યાય મળી રહે તે માટે રાજય સરકાર શું પગલાં ભરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ બનાવમાં ખાસ કરીને જિલ્લા પંચાયતની ઑફિસોની કેટલીક શાખાઓને વધારે અસર થઈ છે. જિલ્લા પંચાયતનું આ રેકર્ડ તાલુકા પંચાયતમાંથી, ગ્રામ પંચાયતોમાંથી અને ગ્રામ કમિશનર પાસેથી જ્યાં પણ ઉપલબ્ધ થઈ શકે ત્યાંથી નવું જનરેટ કરવામાં આવશે. આ અંગેની સૂચના પણ આપી દેવામાં આવી છે. નીચલા લેવલે ડોકયુમેન્ટ પડ્યા છે તે ભેગા કરવાની સૂચના આપી દીધી છે. અને સાચી વ્યકિતઓ જેમણે ન્યાય માટે સરકારમાં અરજ કરેલી છે તે કોઈને અન્યાય આ સરકાર થવા નહીં દે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પૂછવા માગું છું કે આ બિલ્ડીંગ ૧૫૦ વર્ષ જૂની છે અને ધરતીકંપ થવાથી આખું બિલ્ડીંગ તૂટી ગયું હતું, આ બિલ્ડીંગમાં જિલ્લા પંચાયત, કલેકટર કચેરી અને ડી. એસ. પી. કચેરી જેવી કચેરીઓ આવેલી છે. આ કચેરીઓ ત્યાંથી ટ્રાન્સફર કરી અને ફેરફાર કરવાનો હતો તો એ કયા કારણસર ટ્રાન્સફર નહોતી કરી? અને હવે આ નવાબના વખતનું બિલ્ડીંગ છે અને તે બળીને ખાખ થઈ ગયું છે તો તાત્કાલિક અસરકારક રીતે ઈમરજન્સી કન્ટિજન્સી ફંડમાંથી જુનાગઢના બહુમાળી બિલ્ડિંગમાં તમામ ઓફિસો આવી જાય તેવું આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ ઘટના ક્રમ પછી ત્રણેય કચેરીઓ કલેકટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને પોલીસ વડાની કચેરી આ રાજય સરકારનો જિલ્લા સેવા સદનનો કન્સેપ્ટ છે એના ભાગરૂપે આવતી કાલે સી.એસ. લેવલે મિટિંગ છે એમાં આ ત્રણેય નવા સંકુલો કેવી રીતે બનાવવા એનું આયોજન ચોક્કસ કરવામાં આવશે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય મંત્રીશ્રીએ નિવેદન આપ્યું છે એમાં સ્પષ્ટ કહ્યું છે કે પશુપાલન શાખા, મહેસૂલી શાખા, ખેતીવાડી શાખા તેમજ કલેકટર કચેરી, પુરવઠા ખાતું, હિસાબી ખાતું, સમાજ સુરક્ષા એટલે કે લગભગ કલેકટર કચેરી અને જિલ્લા પંચાયતના જે વિભાગો છે એનું સંપૂર્ણ રેકર્ડ નાશ પામેલ છે. તેથી જે વહીવટી બાબતો છે એમાં જે અશંત નાશ પામેલની વાત કરે છે પરંતુ એનો કોઈ અર્થ નથી. તમામ રેકર્ડ નાશ પામેલ છે. જિલ્લા પંચાયતનું બિલ્ડિંગ શિફટ કરીશું, કલેકટર કચેરી બીજે લઈ જઈશું મનોરંજન કરની કચેરી છે એમાં આપણે એને બેસાડીશું. પરંતુ ટોટલ રેકર્ડ નાશ પામેલ છે એમાં કયુ કયુ રેકર્ડ નાશ પામેલ છે એની કોઈ વિગતો ઉપલબ્ધ નથી. થોડું ઘણું નાશ પામ્યું એવી વાત કરી પરંતુ ટોટલ રેકર્ડ નાશ પામ્યું છે ત્યારે વિચારપૂર્વક ગંભીરતાથી આ બાબત જોવી પડશે. આ બાબત એટલા માટે જોવી પડશે કે એકાદ બે અરજદારોની વાત હોય તો કોઈ તકલીફ ન હોય, અહીંયા તમામ રેકર્ડ નાશ પામેલ છે ત્યારે આપના દ્વારા મંત્રીશ્રીને કહીશ કે બહુ ગંભીરતાથી આને લે, આજે જ આનો જવાબ આપવો જરૂરી નથી. પરંતુ ગંભીરતાથી આ બાબત લે નહિતર પરિસ્થિતિ એવી થવાની કે કાલે કોઈ માણસ આવશે અને કહેશે કે મને જૂનું રેકર્ડ આપો જે ઉપલબ્ધ થવાનું નથી. આની એક બે માણસોને તકલીફ પડવાની નથી પરંતુ લાખો માણસોને તકલીફ થવાની છે.

બીજી શંકા પ્રેરે તેવી બાબત છે કે આ આગ કેવી રીતે લાગી. આગ વહેલી પરોઢના ૧.૪૧ વાગ્યે લાગી જેની કોન્ટ્રાકટરને પહેલા ખબર પડી. ત્યાં સુધી આગની કોઈને ખબર નહોતી. આપણે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નિષ્ણાતોને આની તપાસ સોંપી છે. શોર્ટ સરકીટથી આગ લાગી શકે, જો શોર્ટ સરકીટથી આગ લાગી હોય તો આપના દ્વારા મંત્રીશ્રીને કહીશ કે લાઈટ ગુલ નહોતી થઈ. લાઈટ તો ચાલુ જ હતી એટલે શોર્ટ સરકીટથી આગ નહોતી લાગી.

મારી બીજી વાત એ છે કે કોન્ટ્રાકટરના માણસો જે સમારકામ કરતા હતાં એ લોકો અંદર બેસીને રસોઈ કરતા હતા. તો જિલ્લા પંચાયતની કચેરીની અંદર કયા અધિકારીની પરમીશનથી રસોઈ કરવાની છૂટ આપવામાં આવી? આ પ્રશ્ન શંકાસ્પદ છે. આગ કેમ લાગી કેવી રીતે લાગી. માનનીય મંત્રીશ્રી આમાં એવું પણ બને કે ઘણા દસ્તાવેજો હતા તેથી કોઈક દ્વારા આગ લગાડવામાં આવી હશે, તો આ કેવી રીતે પરિસ્થિતિનું નિર્માણ થયું. આ ખૂબ જ મોટુ બિલ્ડિંગ હતું, નવાબી કાળ વખતનું બિલ્ડિંગ હતું, તેથી આગ ઘણી જ મોટી હશે. આનો અહીંયા

જવાબ ન અપાય તો કંઈ વાંધો નહિ. આ મહેસૂલ સાથે જોડાયેલ છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે માત્ર બહુ વ્યવસ્થિત રીતે આગ શું કામ લાગી એના કારણો આપવામાં આવે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મેં અગાઉ કહ્યું તેમ જે કંઈ દસ્તાવેજો બચાવી શકયા છીએ તે દસ્તાવેજો તો આપણી પાસે છે. તે સિવાય નથી બચાવી શકયા તે અમારા જે અલગ અલગ વિભાગો, કોમ્પ્યુટર ડેટા, આંકડા શાખા, પશુપાલન શાખા એનો કોમ્પ્યુટર ડેટા છે જે અલગ અલગ જગ્યાએ છે. માનનીય બહેનશ્રી, આપ આ જગ્યાએ ગયા હશો. ચાર માળનું બિલ્ડિંગ, બે ભાગમાં બિલ્ડિંગ વહેંચાયેલું છે. આગ લાગી ત્યારે લાઈટો ચાલુ હતી. કલેકટરશ્રીએ કલેકટર કચેરીમાં બેસીને કામ સંભાળ્યું હતું. ત્યાં બેસીને કામગીરી કરી છે. જયાં આગ લાગી છે એ જગ્યામાં જે અસર થઈ છે, દસ્તાવેજોની બાબત છે. માનનીય ધારાસભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી છે, રાજય સરકાર ચોક્કસ આ બાબતમાં ગંભીર છે. દસ્તાવેજોને આધાર રાખીને ન્યાય આપવાનો હોય છે એટલે એમાં ખામી ન રહી જાય તેથી જયાંથી પણ રેકર્ડ ઉપલબ્ધ થઈ શકે તેમ છે ત્યાંથી ઉપલબ્ધ કરીને ઝડપથી આ પ્રક્રિયા ચાલુ થાય, કચેરીઓ તાત્કાલિક ચાલુ થઈ જાય, રોજબરોજના કામોની પૂર્તતા થાય એ માટેની કામગીરી ચાલુ કરી દીધી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે લૅબૉરૅટરીમાં જે પરિણામ આવશે ત્યારે આગનું અધિકૃત કારણ જાણી શકાશે તો કેટલા સમયમાં આવશે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ૨૨મી તારીખે, બીજા દિવસે એફ.એસ.એલ.ની આખી ટીમ ત્યાં આવી ગઈ છે. એટલે કામગીરી તો કલાકોમાં ચાલુ કરી દીધી છે. એટલે અમે પણ અપેક્ષા એવી રાખીએ કે જલ્દી આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ્ડીંગ હતું તે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે જૂના રાજાશાહી સમયનો રજવાડી વારસો કહી શકાય એવું બિલ્ડીંગ હતું. ગુજરાતમાં આવા અનેક બિલ્ડીંગ સરકાર પાસે છે. તેમાં કોઈ જગ્યાએ આગની સામે રક્ષણ આપવા માટે કે કોઈ જગ્યાએ ઉધઈની સામે રક્ષણ આપવા માટેની વ્યવસ્થા હોતી નથી. તેના કારણે આ બિલ્ડીંગમાં ખૂબ ઘસારો થાય છે. બીજું, જ્યારે આ બિલ્ડીંગને રિપેર કરવામાં આવે છે ત્યારે તેના જૂના આર્કિટેકચરનો, જૂના કન્સેપ્ટનો કોઈ ખ્યાલ રાખ્યા વગર આ બિલ્ડીંગને રિપેર કરવામાં આવે છે. તેના કારણે મૂળ બિલ્ડીંગ જ ખૂબ નબળા પડી જાય છે. આપણે દિલ્હી અને રાજસ્થાનમાં જઈએ છીએ ત્યારે જોઈએ છીએ કે આવા બિલ્ડીંગ ખૂબ કાળજીપૂર્વક સચવાય છે તો આ બિલ્ડીંગ અને આ સિવાયના બિલ્ડીંગ જ્યારે તેને રીસ્ટોર કરવામાં આવે છે ત્યારે એ આર્કિટૅક્ટની દેખરેખ હેઠળ રીસ્ટોર થાય અને કોઈ પણ બિલ્ડીંગ જૂનું છે એ બિલ્ડીંગ આ પ્રકારનું ડીસ્ટ્રોય થયું હોય ત્યારે તેને એબેન્ડન ન કરવામાં આવે અને તેને રીસ્ટોર કરવામાં આવે. એ પ્રકારની સરકાર કોઈ નીતિ બનાવીને આ જે વધ્યો ઘટ્યો આપણો આ વારસો છે તેને સાચવવા માગે છે કે કેમ? તેનો કોઈ પ્લાન બનાવવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા સમગ્ર દેશમાં કદાચ આ ગંભીર ચિંતામાં કે ભવિષ્યમાં આપત્તિ આવે ત્યારે શું કરવું. ઘણી બધી બાબતો રાજય સરકારે હાથમાં લીધી છે. તેમનું સૂચન સારું છે અને આનો પણ સમાવેશ કરીને જે થઈ શકે, પણ આ ધ્યાને છે ત્યાં સુધી આખા રાજયમાં છેલ્લા ચાર-પાંચ વર્ષમાં કોઈ પણ કુદરતી આપત્તિ આવે તો કેવી રીતે આપત્તિમાંથી બહાર નીકળાય તેમાં મેં કહ્યું તેમ ઈમરજન્સી રીસ્પોન્સ સૅન્ટર ભૂતકાળમાં નહોતા. ઈમરજન્સી રીસ્પોન્સ સૅન્ટર અત્યારે તમામ જિલ્લામાં કાર્યરત છે. તો ઝડપથી માહિતી મળી શકી. તો મિનિટોમાં ત્યાં પહોંચી શકાયું તો રેકોર્ડ જેટલા બચાવી શકાયા એટલા બચાવી શક્યા. તો આવી ઘણી બધી બાબતો રાજય સરકાર દ્વારા આપત્તિને વેલ ઈન એડવાન્સ કામગીરી ઘણી કરી છે. આ સજેશન પણ અમે ધ્યાને લઈને યોગ્ય કરીશું.

**શ્રી મહેન્દ્ર લી. મશરૂ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જૂનાગઢના ઈતિહાસમાં સૌથી મોટી આગ લાગી હોય તો આ ૨૦ તારીખની રાત્રે કલેકટર કચેરી તથા જિલ્લા પંચાયતની કચેરીમાં લાગી હતી. આ આગને ઓલવવા માટે અને તેની અંદર રહેલું તમામ સાહિત્ય બચાવવા માટે જૂનાગઢના વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, કર્મચારી મિત્રો, જૂનાગઢ સહિતના તમામ ફાયર બ્રિગેડના નાના-મોટા કર્મચારીઓએ જાનના જોખમે પોલીસના અધિકારીઓ અને પોલીસકર્મીઓએ જાનના જોખમે જે કામગીરી બજાવી છે અને સળગતા લાકડા અને સળગતા મકાનના ભાગો માથા ઉપર પડતા હતા એ પરિસ્થિતિમાં કામ કર્યું છે. ત્યારે જેમણે ફરજના ભાગ રૂપે અને સેવાના ભાગ રૂપે આ કામ કર્યું છે તેમને બિરદાવવા માટે કે તેમને પ્રશસ્તિપત્ર આપવા માટે સરકાર કંઈ વિચારે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : સૂચન સારું છે, સરકાર કક્ષાએ શું થઈ શકે તે અંગે તપાસ કરાવી લઈશું.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત પીનપોઈન્ટ સવાલ એટલો પૂછવો છે કે ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી આજે તપાસ કરવાની છે. અહીંથી વાત થઈ તેમ કદાચ શ્રમિકો ત્યાં રહે છે અને નિર્દોષતાથી પણ આગ લાગી હોઈ શકે અને કદાચ કોઈનો ઈરાદો પણ હોઈ શકે. જે પ્રકારનું રેકર્ડ નાશ પામ્યું છે, તો એફ.એસ.એલ. જે તપાસ કરવાનું છે એ તો આગ શેનાથી લાગી તેની તપાસ કરશે પણ આગ લાગી અથવા લગાડવાનું કારણ જાણવા માટે કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? બીજું, અમારે ત્યાં ભાવનગરમાં પણ એક ઘ ટના ૩૫-૪૦ વર્ષ પહેલાં કલેકટર કચેરી બળવાની બની હતી. આ ઘટના પછી આવા પ્રકારનું અગત્યનું રેકર્ડ જે

સાચવવા પાત્ર હોય એ બધી જ કચેરીઓમાંથી, ગુજરાતની બધી જ કલેક્ટર કચેરીઓમાંથી મંગાવીને કમ્પ્યુટરાઈઝેશન કરીને સી.ડી. બનાવીને કે સોફટવેર કરીને સાચવવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ. હવે નવું રેકર્ડ છે એ કમ્પ્યુટરરાઈઝ કરવામાં આવે જ છે. આઈ.ટી.નો લાભ લેવા માટે અમે સંમત જ છીએ. બીજી વાત રિપૉર્ટ આવ્યા પછી આ સરકાર આ બાબતે ગંભીર જ છે. જે રિપૉર્ટ આવશે અને જે કાંઈ કરવાનું હશે એ ચોક્કસ કરીશું.

# મુખ્યમંત્રીશ્રીનું નિવેદન- નિયમ - ૪૪

## અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની વનબંધુ કલ્યાણ યોજના અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આગામી ૧૫મી ઑગસ્ટે ભારત આઝાદીના ૬૦ વર્ષ પૂર્ણ કરશે અને ૨૦૧૦માં ગુજરાત તેના ૫ દાયકાની વિકાસ યાત્રા પૂર્ણ કરશે. અનેક સરકારો આવી, અનેક યોજનાઓ બની તેમ છતાંય સર્વાંગી વિકાસની બાબતમાં આજેપણ ઘણું બધું કરવાની જરૂર છે. કઈ સરકારોએ કર્યું અને કઈ સરકારોએ ન કર્યું તેના વાદ વિવાદને બદલે મહાત્મા ગાંધીના સ્વપ્નને સાકાર કરવાનો હેતુ પાર સાકાર થાય અને વિકાસની ધારા છેવાડાના માનવી સુધી પહોંચે તેની તાતી જરૂરિયાત છે.

સમાજના અનેક વર્ગો છે, જેમના ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને તેમને વિકાસ પામેલ સમાજની હરોળમાં લાવવા રહ્યા. આવા વિસ્તારો હોય, એવા જનસમુદાયો હોય, તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનો મારી સરકારનો અભિગમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામથી અંબાજી સુધીની પૂર્વ પટ્ટીનો આદિવાસી વિસ્તાર જેમાં ૪૩ તાલુકાઓ અનુસૂચિત જનજાતિના ક્ષેત્રો છે. રાજયની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિનું સંખ્યાબળ આશરે ૭૫ લાખ છે જે લગભગ ૧૫ ટકા થવા જાય છે. સદીઓથી આપણી સંસ્કૃતિની રખેવાળ કરનાર, આઝાદીના જંગમાં બલિદાન આપનાર, રાજયની પ્રગતિમાં પરસેવો પાડનાર આદિવાસી સમાજ વિકાસની દોડમાં સામેલ થવા માટે સજાગ થયો છે. ગયા ૬૦ વર્ષના ભૂતકાળના અનુભવોમાંથી આપણા આદિવાસી ભાઈ-બહેનો ઘણું બધું શિખ્યા છે.

૬૦ વર્ષની યોજનાઓના અને વચનોના પરિણામો જોયા પછી, આપણે માનવું પડે કે ફક્ત બંધારણ પ્રમાણે અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષ માટેની જવાબદારીઓ પૂરી કરવાથી ધાર્યા પરિણામો નથી મળ્યા. આ નક્કર સત્યનો સ્વીકાર કરીને ગુજરાતની વિકાસ યાત્રામાં આદિવાસી બાંધવો સક્રિય ભાગીદાર બને, વિકાસના હક્ક દાર બને અને ઉજ્જવળ પરિણામો પ્રાપ્ત કરે એવું સ્વપ્ન સાકાર કરવાની અમારી નેમ છે. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રાજયની ૧૫ ટકા જેટલી જન સંખ્યા ધરાવતા આદિવાસી સમાજના સશકિતકરણ માટે, તેમની ક્ષમતાની વૃદ્ધિ માટે અને તેમના દ્વારા અને તેમના થકી વિકાસના નવા અવસરોનો વધુમાં વધુ લાભ લે તે માટે, વ્યૂહાત્મક રીતે અને નીતિગત રીતે નવો વ્યૂહ અપનાવવાની આવશ્યકતા છે. આ સન્માનનીય સભાગૃહ આદિવાસીઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોમાં થયેલ ગુણાત્મક સુધારા અને પરિણામલક્ષી વર્તમાન સરકારની કાર્ય સિદ્ધિઓથી સુમાહિતગાર છે જ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ એ વાતનું સાક્ષી છે કે ૧૯૭૪થી આદિજાતિ પેટા યોજનાથી આદિવાસીઓની વિકાસ યોજનાનો આરંભ થયો. મારી સરકાર બની તે પૂર્વે ૨૦૦૧ સુધીમાં એટલે કે ૨૭ વર્ષ દરમિયાન માત્ર આશરે રૂ.૬૫૦૦/- કરોડ આદિવાસીઓના વિકાસ માટે ખર્ચવામાં આવ્યા હતા. જયારે ૨૦૦૨ થી ૨૦૦૭ દરમ્યાન એટલે કે છેલ્લા **પાંચ જ વર્ષમાં આશરે રુ.૬૦૦૦ કરોડ જેટલો ખર્ચ આ સરકારે કર્યો છે.** ૨૭ વર્ષમાં રુ.૬૫૦૦ કરોડ અને પાંચ વર્ષમાં રુ. ૬૦૦૦ કરોડ- આ તફાવત કોઈનું પણ ધ્યાન ખેંચે તેવો છે એટલું જ નહીં પરંતુ ગુજરાત પેટર્નના માધ્યમથી આદિજાતિ કલ્યાણના મોડેલના અમલમાં ગુજરાતને નોંધપાત્ર સફળતા મળી છે. આદિવાસી ખેડૂતોને જમીનના પટ્ટા આપવા બાબતમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ હરોળમાં રહ્યું છે અને બીજી વધુ ૩૩૪૪ કુટુંબો માટે ૨૨૩૬ હેકટર જમીન ઉપલબ્ધ હોઈ, આ અંગેની દરખાસ્ત મંજૂરી અર્થે કેન્દ્ર સરકારને મોકલી આપેલ છે અને આ અંગે કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે. એક રાજય સરકાર માટે આ બાબતોનો સંતોષ અને ગૌરવ હોઈ શકે, પરંતુ રાજયના વિકાસની અમારી નેમ છે તેમ અમે **આદિજાતિ કલ્યાણ** માટે હજુ મોટી હરણફાળ ભરવા માગીએ છીએ. આ રાજય સરકાર સ્પષ્ટ માને છે કે વિકાસ સર્વપોષક હોય, વિકાસ સર્વસમાવેશક હોય અને વિકાસ સર્વદેશી હોય, આ અભિગમને ચરિતાર્થ કરવા માટે આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના આગામી પાંચ વર્ષ દરમિયાન આદિજાતિના સર્વાંગી કલ્યાણનો કાર્યક્રમ સિદ્ધ કરવા માટે **રુ. ૧૫,૦૦૦ કરોડનું** પેકેજ અમલમાં મૂકવાનો સંકલ્પ કર્યો છે. **૧૯૭૪થી અત્યાર સુધીના ૩૨ વર્ષમાં થયેલ કુલ ખર્ચ કરતાં પણ ઘણો વધારે ખર્ચ, પાંચ જ વર્ષમાં. રુ. ૧૫,૦૦૦ કરોડનું પેકેજ એક ઐતિહાસિક ઘટના બની રહેશે.**

આ સન્માનનીય સભાગૃહને જણાવતાં ગૌરવ થાય છે કે " **વનબંધુ કલ્યાણ યોજના**" વિકાસનું સ્વપ્નું સાકાર કરશે. **રુ. ૧૫,૦૦૦ કરોડના પેકેજની રૂપરેખા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું પ્રસ્તુત કરુ છું.**

**આદિજાતિ વિકાસનું વિઝન :**

**રુ. ૧૫,૦૦૦ કરોડ "વનબંધુ કલ્યાણ યોજના'**ના પેકેજથી અમે એક નિશ્ચિત વીઝન સાથે વિકાસ યાત્રાને આગળ ધપાવવા માગીએ છીએ, જેમાં-

- આદિવાસી પરિવારોની આવક બમણી કરવી,
- તમામ આદિમ જૂથના કુટુંબોને અનુસૂચિત જનજાતિના મુખ્ય પ્રવાહ સાથે જોડવા,
- તમામ લાયક આદિવાસી બાળકોને શિક્ષણ સુવિધા પહોંચાડવી,
- આધુનિક યુગને અનુરૂપ શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર ભાર,
- આદિવાસી કુટુંબોને ઘરનું ઘર,
- આદિવાસી કુટુંબોને આરોગ્યપ્રદ જીવન માટે આવશ્યક સુવિધાઓ ઉભી કરવી,
- આદિવાસી કુટુંબોને પીવાનું શુદ્ધ પાણી પહોંચે, પાઈપ લાઈનની સગવડતા ઉભી થાય,
- આદિવાસી કુટુંબોને ખેતી માટે સિંચાઈનો તકો ઉપલબ્ધ થાય અને આધુનિક ખેતી દ્વારા ઉપજ કેમ વધે તે માટેની વાડી યોજના જેવી સફળ યોજનાઓનો વિસ્તાર,
- આદિજાતિ ગામોમાં માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, બસ સ્ટેન્ડ, ઉર્જાનું નેટવર્ક ઉભું કરવું,
- આદિજાતિ વિસ્તારમાં આવેલ નગરોનો વ્યૂહાત્મક વિકાસ કરવો જેથી આસપાસના અનેક ગામો માટે આ નગરો-વિકાસ સારથી બની રહે,
- શહેરોમાં આજીવિકા માટે સ્થળાંતર કરતા આદિજાતિ પરિવારો માટે કૌશલ્ય વિકાસ અને નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન.
- આ મહત્વાકાંક્ષી યોજનાને પાર પાડવી એ કેટલું ભગીરથ કામ છે તેની ગંભીરતા આ સરકારને છે અને તેથી **રુ. ૧૫,૦૦૦ કરોડના "વનબંધુ કલ્યાણ યોજના"નું પેકેજ સફળ કરવા માટે "મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ"**ની હું જાહેરાત કરુંછું.

**(૧) પાંચ લાખ કુટુંબો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો :**

- કૃષિની ઉત્પાદકતા વધારી રોજગારીની વધુ તકો ઊભી કરવી.
- પશુપાલન અને ડેરી ઉદ્યોગ તેમજ કૃષિ આધારિત ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વધારવી.
- આદિવાસી યુવાનોને ગુણવત્તાવાળી તાલીમ ઉપલબ્ધ કરાવવી.
- આધુનિક વૈજ્ઞાનિક અને તકનિકી કુશળતા વધારવા નવતર રોજગારીમાં આદિવાસી યુવાનોને જોડવા.
- એવા આદિવાસી કુટુંબો કે જેની મુખ્ય વ્યક્તિ તરીકે મહિલા હોય તેવા કુટુંબોને આદિવાસી કલ્યાણ યોજનાઓમાં પ્રાથમિકતા આપવી.

**(૨) શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસો ઉપર ભાર :**

- તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ખોલવી.
- પસંદ કરેલા ૧૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં પ્રવેશ મળે અને સર્વશ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આયોજન કરવું અને આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવું.
- આદિજાતિ તાલુકામાં નવોદય અથવા એકલવ્ય જેવી નિવાસી શાળા ખોલવી અને શહેરોની શ્રેષ્ઠ શાળાઓ જેવી ગુણવત્તાસભર બનાવવી.
- કૉલેજના વિદ્યાર્થીઓ માટે વધુ ૧૦૦ છાત્રાલયોની સ્થાપના કરવી.
- મૅડિકલ કૉલેજ, ઈજનેરી કૉલેજ, પૉલિટૅક્નિક કૉલેજ, નર્સીંગ કૉલેજ અને આઈ.ટી.આઈ. સહિતના શ્રેષ્ઠ શૈક્ષણિક એકમો આદિવાસી વિસ્તારોમાં સ્થાપિત કરવા.
- પરંપરાગત આર્ટસ, કૉમર્સ અને સાયન્સ જેવી કૉલેજોના એકમો અંતરિયાળ તાલુકામાં શરૂ કરવા.

**(૩) આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બને :**

- ઉત્પાદિત ચીજોને યોગ્ય બજાર મળે અને પરંપરાગત કૌશલ્યને આર્થિક આધાર મળે તે ધ્યાને રાખી વિસ્તારવાર, પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ ઓળખી કાઢી, તેનું ક્લસ્ટર બનાવી, સંકલિત આર્થિક વિકાસનો અભિગમ અપનાવવો. તાલુકાદીઠ વર્ષે રુપિયા ૧ કરોડની ફાળવણીની નેમ છે.
- નજીકના વિકસેલા આર્થિક મથકો સાથે અંતરિયાળ વિસ્તારનો આદિવાસી ભાગીદાર બની શકે તે માટે, આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવી અને રસ ધરાવનારાઓને તેવી પ્રવૃત્તિઓ સાથે જોડવા.

- આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત જે સાધનો છે, તેની ગુણવત્તા વધે અને જે ઉપલબ્ધ કાચો માલ છે તેમાં મૂલ્ય વૃદ્ધિ થાય જેનો સીધો લાભ આદિવાસી સુધી પહોંચે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.

**(૪) સૌને માટે આરોગ્ય :**

- સુરક્ષિત માતૃત્વ માટે આદિવાસી કુટુંબોને ચિરંજીવી યોજનાનો પૂરેપૂરો લાભ મળે તે માટે સઘન પ્રયત્નો કરવા.
- આદિવાસી કુટુંબોની ગર્ભવતી સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના બાળ શિશુઓને કુપોષણથી નિવારવાની યોજનાઓને વધુ ઘનિષ્ટ અને વધુ અસરકારક બનાવાશે.
- આદિવાસી કુટુંબો માટે દર વર્ષે આરોગ્યની ચકાસણી અભિયાન.
- ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી કુટુંબોને હૃદયની સર્જરી માટે આર્થિક સહાય.
- સીકલસેલ એનીમિયા, લેપ્ટોસ્પાયરોસીસ જેવા રોગો માટે જાગૃતિ અભિયાન અને રોગ પ્રતિકારક તેમજ ઉપચાર માટે ખાસ પ્રકારની વ્યવસ્થા.

**(૫) સૌને માટે ઘર :**

- આગામી પંચવર્ષીય યોજના દરમિયાન પાંચ વર્ષમાં ઘરવિહોણા તમામ આદિવાસી કુટુંબોને ઘરનું ઘર મળે તેવું આયોજન.

**(૬) પીવાનું પાણી :**

- આવતા પાંચ વર્ષોમાં તમામ આદિવાસી કુટુંબોને સુરક્ષિત અને સ્વચ્છ પીવાના પાણીની સગવડ .
- ઓછામાં ઓછા ૨૫ ટકા કુટુંબોને પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા.

**સિંચાઈ :**

- જૂથ યોજના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- ચેકડેમોનું નિર્માણ કરવામાં આવશે.
- વોટરશેડ ઉપર આધારિત જળ સંગ્રહસ્થાનનું નિર્માણ કરવામાં આવશે.
- ગરીબ કુટુંબોને વ્યકિતલક્ષી સુવિધાઓ માટે ઓઈલ એન્જિન વગેરેની સહાય.
- ટપક સિંચાઈ પદ્ધતિ માટે ધિરાણ અને ટેકનિકલ સુવિધાઓ મળી રહે તે માટે આયોજન.

**(૮) બારમાસી રસ્તાઓ :**

- ૧૩ આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તામાં સુધારો કરવામાં આવશે.
- હાલના રસ્તાની મરામત માટે ખાસ આયોજન.
- ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા તમામ  ફળિયાઓનું રસ્તાથી જોડાણ કરવામાં આવશે.

**(૯) વીજળીની સાર્વત્રિક ઉપલબ્ધતા :**

- ગરીબી રેખાથી નીચે જીવતા તમામ આદિવાસી કુટુંબોના ઘરોનું વિના મૂલ્યે વીજળીકરણ.
- બાકીના તમામ પેટા પરાઓનું વીજળીકરણ.
- અંતરિયાળ અને છૂટાછવાયા વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સૂર્ય ઉર્જાનું આયોજન.

**(૧૦) શહેરી વિકાસ :**

- ૧૩ આદિવાસી વસ્તી ધરાવતા શહેરોનો આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ.
- આગામી પાંચ વર્ષમાં તમામ તાલુકાઓના મુખ્ય મથકનું બ્રોડ બેન્ડથી જોડાણ કરવામાં આવશે.

**આદિજાતિ વિકાસ માટે વ્યૂહાત્મક ફેરફાર :**

- પૂરતી નાણાકીય જોગવાઈ.
- મિશન મોડમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ તરીકે પ્રાથમિકતા.
- નિષ્ણાંત અને વ્યવસાયિક ક્ષમતાનો ઉપયોગ.
- નિષ્પક્ષ અને સ્વતંત્ર મોનીટરીંગ.
- જિલ્લા સ્તરે પ્રાયોજનાના વહીવટનું સશકિતકરણ.

- આદિવાસી વિસ્તારના દરેક ગામનો વિલેજ ડેવલપમેન્ટ એકશન પ્લાન નિષ્ણાંત અને સ્થાનિક ભાગીદારીમાં તૈયાર કરી અમલીકરણ વધુ અસરકાર બનાવવામાં આવશે.

આ સન્માનનીય સભાગૃહ આ ઐતિહાસિક પળની સહર્ષ નોંધ લેશે કે સમગ્ર દેશમાં **ગુજરાત આદિજાતિ કલ્યાણ માટે "ટ્રેન્ડ સેટર" બની રહ્યું છે અને સમગ્ર દેશ માટે એક "એજન્ડા સેટ" કરી રહેલ છે.** સમાજના છેવાડાના માનવીને વિકાસની યાત્રામાં ભાગીદાર બનાવવાનું અને વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું નેતૃત્વ ગુજરાત પૂરું પાડી રહ્યું છે.

**મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદા કાર્યક્રમ હેઠળ, રૂા.૧૫,૦૦૦ કરોડનું " વનબુધં કલ્યાણ યોજના"નું આ પેકેજ** માત્ર સરકારનો નહીં પણ આ સભાગૃહનો એજન્ડા બની રહે, પાંચ કરોડ ગુજરાતીઓનો એજન્ડા બની રહે એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. વર્તમાન સત્ર દરમ્યાન આ સભાગૃહના માનનીય સભ્યો તરફથી અનેક મૌલિક અને સકારાત્મક સૂચનોની મને આશા છે. આવા મૌલિક સૂચનોને આ યોજનામાં સામેલ કરવાનો મને ઘણો આનંદ થશે અને આ **૧૫,૦૦૦ કરોડનું " વનબુધં કલ્યાણ યોજના"નું આ પેકેજ** આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મુકતા હું ગૌરવ અને સંતોષની લાગણી અનુભવું છું.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

**સન૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત હાઉસીંગ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૨ના સીમાંકન અધિનિયમ અન્વયે સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતીય સીમાંકન આયોગના સન ૨૦૦૨ના સીમાંકન અધિનિયમ અન્વયેના તા. ૧૨-૧૨-૨૦૦૬ના જાહેરનામા નં. ૨૮૨/જીજે/૨૦૦૬, સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયે માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા.૨૭-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીએચટી-૨૦૦૬(૧૫) ઈપીટી-૧૦૨૦૦૬-૨૭૦૨-અ. સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૭નારોજ માનનીય સભ્યશ્રી ભરતભાઈ પંડયા તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રીમતી રમીલાબેન બારાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે -

" રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો :-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારાઓ એક પછી એક રજૂ કરે.

**રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સુધારા .**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૩ રજૂ કરું છું

"ગ્રામ વિકાસ અન્વયે કેન્દ્રીય યોજનાઓ સિવાયની રાજય સરકારની ગ્રામ વિકાસ માટેની અન્ય કોઈ નવી યોજનાઓનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી ભારતી બેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૪ રજૂ કરું છું

"૮૮૩૫ ઈ ગ્રામ પંચાયતોને સાધન સામગ્રી આપવામાં આવી છે પરંતુ કુશળ કમ્પ્યુટર કર્મચારીઓના અભાવના કારણે આવા સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે માટેના પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૫ રજૂ કરું છું

"ઉત્તર ગુજરાત- સૌરાષ્ટ્રના જિલ્લા તાલુકાઓમાં પીવાનું પાણી એકાંતરે મળે છે, પીવાના પાણીની આ હાલાકી દૂર કરવા સરકારે કરેલા આયોજન બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૬ રજૂ કરું છું

"આદિજાતિ વિસ્તારોમાં તથા અનુસૂચિત જાતિની વસ્તીવાળા ગામોમાં વૈશ્વિક જાણકારી મળી રહે તે માટે રંગીન ટી.વી. નિ:શુલ્ક ફાળવ્યા છે પરંતુ આવા ગામોમાં વીજ પુરવઠો નિયમિત મળતો રહે તે માટેના પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૭ રજૂ કરું છું

"રાજયમાં દરરોજ મોટી સંખ્યામાં બનતા બળાત્કાર-લૂંટ-ધાડ-ચોરીના ગુનાઓ અટકાવવા માટે સરકારે લીધેલા પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૦ રજૂ કરું છું

"રાજયની ૭૭૦૦ જેટલી પ્રાથમિક કૃષિ વિષયક મંડળીઓને/ખેડૂતોને કેન્દ્ર સરકાર તરફથી ૧૨૨૦ કરોડ રૂપિયાની સહાય મળવા છતાં રાજય સરકારે કેટલી રકમની સહાય કરી તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૨ રજૂ કરું છું

"સરદાર સરોવર બંધના પાણી મુખ્ય કેનાલોથી ખેડૂતોના ખેતરો સુધી સત્વરે પહોંચાડવાના કામોને અગ્રિમતા આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૩ રજૂ કરું છું

"સુજલામ સુફલામ યોજનામાં થતી ગેરરીતિઓ અટકાવવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૪ રજૂ કરું છું

"બનાસકાંઠા જિલ્લામાં થયેલ લાંબી નહેરો ધ્વારા પાણી આમ જનતાને મળી રહે તે બાબતના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૫ રજૂ કરું છું

"રાજયના ગ્રામીણ વિસ્તારોના બંધ કરી દેવામાં આવેલા રૂટોને કારણે લોકોને પડતી હાલાકી દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક : ૧૮ રજૂ કરું છું

"કૃષિ યુનિવર્સિટી માટે અનામત રાખવામાં આવેલ જમીનોના વિકાસ બાબતો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવ્યો.**

**રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી**

| અ.નં<br>૧. | સુધારો<br>૨. | રજૂ કરનાર સભ્યશ્રી<br>૩. |
|---|---|---|
| | **પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા:-**<br>**''પરંતુ દિલગીર છીએ કે -** | |
| * ૧. | રાજય સરકારને વિશ્વબેંક તરફથી કયારે કેવા એવોર્ડ પ્રાપ્ત થયા તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બળવંતસિંહ રાજપુત |
| * ૨. | પોલીસ તંત્રમાં પોલીસ કર્મચારીઓના અપૂરતા સ્ટાફને કારણે કાયદો વ્યવસ્થાની કથળતી સ્થિતિ બાબતે પગલાં લેવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ફારુક શેખ |
| ૩. | ગ્રામ વિકાસ અન્વયે કેન્દ્રીય યોજનાઓ સિવાયની રાજય સરકારની ગ્રામ વિકાસ માટેની અન્ય કોઈ નવી યોજનાઓનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૪. | ૮૮૩૫ ઈ ગ્રામ પંચાયતોને સાધન સામગ્રી આપવામાં આવી છે પરંતુ કુશળ કમ્પ્યુટર કર્મચારીઓના અભાવના કારણે આવા સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે માટેના પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૫. | ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રના જીલ્લા તાલુકાઓમાં પીવાનું પાણી એકાંતરે મળે છે પીવાના પાણીની આ હાલાકી દૂર કરવા સરકારે કરેલા આયોજન બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડાં. અનિલભાઈ જોષીયારા |
| ૬. | આદિજાતિ વિસ્તારોમાં તથા અનુસૂચિત જાતિની વસ્તીવાળા ગામોમાં વૈશ્વિક જાણકારી મળી રહે તે માટે રંગીન ટી.વી નિશુલ્ક ફાળવ્યા છે. પરંતુ આવા ગામોમાં વિજ પૂરવઠો નિયમિત મળતો રહે તે માટેના પગલાનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી શંકરભાઈ વારલી |
| ૭. | રાજયમાં દરરોજ મોટી સંખ્યામાં બનતા બળાત્કાર-લુંટ-ધાડ-ચોરીના ગુનાઓ અટકાવવા માટે સરકારે લીધેલા પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડાં. ચંદ્રિકાબેન ચુડાસમા |
| * ૮. | રાજયની શાળાઓમાં ઓરડાઓની સંખ્યા વધે તે માટે કરેલા પ્રયાસો બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી છબીલભાઈ પટેલ |
| * ૯. | ૨૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત ભૂમિહીન ખેતમજુરોને જમીનોની વહેંચણી કરી છે પરંતુ તેની સનદો-કબજા આપવામાં સરકારની નિષ્ફળતા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી દોલતભાઈ પરમાર |
| ૧૦. | રાજયની ૭૭૦૦ જેટલી પ્રાથમિક કૃષિ વિષયક મંડળીઓને/ખેડુતોને કેન્દ્ર સરકાર તરફથી ૧૨૨૦ કરોડ રૂપીયાની સહાય મળવા છતાં રાજય સરકારે કેટલી રકમની સહાય કરી તેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બાબુભાઈ શાહ |
| * ૧૧. | સુજલામ સુફલામ યોજનામાં નહેરોનાં થયેલા કામોને કારણે ખેડૂતોને તેનો પૂરતો લાભ મળ્યો નથી. તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી મુકેશભાઈ ગઢવી |
| ૧૨. | સરદાર સરોવર બંધના પાણી મુખ્ય કેનાલોથી ખેડુતોના ખેતરો સુધી સત્વરે પહોંચાડવાના કામોને અગ્રિમતા આપવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૩. | સુજલામ સુફલામ યોજનામાં થતી ગેરરીતીઓ અટકાવવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડાં. સી. જે. ચાવડા |
| ૧૪. | બનાસકાંઠા જિલ્લામાં થયેલ લાંબી નહેરો ધ્વારા પાણી આમજનતાને મળી રહે તે | શ્રી ગોવાભાઈ રબારી |

બાબતના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**૧૫.** રાજયના ગ્રામીણ વિસ્તારોના બંધ કરી દેવામાં આવેલા રૂટોને કારણે લોકોને પડતી હાલાકી દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. શ્રી લક્ષ્મણભાઈ પટેલ

* **૧૬.** રાજયમાં વિધવાઓને વિધવા પેન્શન દર માસે નિયમિત મળી રહે તે માટેના આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. શ્રી નટવરસિંહ ઠાકોર

* **૧૭.** સહભાગી વન વ્યવસ્થા હેઠળ વિતરણ કરાયેલ ૧૮.૬૦ કરોડ રોપાઓના ઉછેરને લગતી સંભાળ લેવા માટેના નકકર આયોજનનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. શ્રી માધુભાઈ ભોયે

**૧૮.** કૃષિ યુનીવર્સિટી માટે અનામત રાખવામાં આવેલ જમીનોના વિકાસ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. શ્રી અનીલભાઈ પટેલ

*** આ સુધારા સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા નહીં.**

**શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધુકા)** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યુ છે એનો હું હ્રદયપૂર્વક આભાર માનવા માટે ઊભો થયો છું. આભાર માનવાના નિશ્ચિત કારણો છે એ પણ આ ગૃહ સમક્ષ હું રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે સૌ પહેલાં તો ગુજરાતની એક ઓળખ ઊભી કરી, ગુજરાતીપણાનું એક સ્વાભિમાન ઊભું કર્યું છે, અમારી સરકારમાં વિચારો છે, સંકલ્પ છે, કૃતિ છે, સંસ્કૃતિ છે. અમે ગુજરાતીપણાનું સ્વાભિમાન ઊભું કર્યુ. અમે એમ નથી કહેતા કે આ ગુજરાત કોનું છે? અમે એમ કહીએ છીએ કે, આ ગુજરાત ગાંધીજીનું છે, આ ગુજરાત સરદાર પટેલનું ગુજરાત છે, આ ગુજરાત નરસિંહ મહેતાનું છે, સ્વામી દયાનંદ સરસ્વતીનું ગુજરાત છે, આ ગુજરાત ઝવેરચંદ મેઘાણીનું ગુજરાત છે, કવિ નર્મદનું ગુજરાત છે, કાકાસાહેબ કાલેલકર હોય, કલાપી હોય આ એનું ગુજરાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંતોનું ગુજરાત છે, પૂજ્ય મોરારી બાપુ હોય, પ્રમુખ સ્વામી હોય, કે પછી રમેશભાઈ ઓઝાનું ગુજરાત છે. પાલીતાણાના પદયાત્રી હોય, અંબાજીના કે ડાકોરના પદયાત્રીનું ગુજરાત છે. શૂરવીરોની ભૂમિ છે, સંતોની ભૂમિ છે. કવિની ભૂમિ છે, આપણું ગુજરાત છે, આગવું ગુજરાત છે. આપણાપણાનો ભાવ વિપક્ષના નેતા અને વિપક્ષના સભ્યો પોતે રાખે. શું આપણે સાથે મળીને એકવાર જય જય ગરવી ગુજરાત ન બોલી શકીએ? માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા વિનંતી કરું છું કે એક વાર મારી સાથે બોલો"જય જય ગરવી ગુજરાત" પણ જો વિપક્ષના મિત્રો સાથે ન બોલી શકતા હોય તો ગુજરાતના વિકાસમાં કેવી રીતે સાથ આપવાના?

ગુજરાતની એકવાર પરિસ્થિતિ કેવી હતી એનું એક વિહંગાવલોકન કરવા માગું છું. ભૂકંપની પરિસ્થિતિમાં, યાદ કરો બાબુભાઈ, આપ તો કચ્છના છો. ભૂકંપમાં કરોડો, સેંકડો કુટુંબો જયારે તહસનહસ થઈ ગયેલા. સમગ્ર વિશ્વમાં ગુજરાત ભાંગી પડયું છે, ખલાસ થઈ ગયું છે એવી ચર્ચા થતી હતી. ગોધરાકાંડ વખતે અનેક ઘટનાઓ બની અને બધા લોકોએ કહયું કે ગુજરાત ભડકે બળે છે. અતિવૃષ્ટિમાં પ્રચાર થયો ગુજરાત ડૂબી ગયું. આવી પરિસ્થિતિમાં ગુજરાતને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એટલા બધા એવોર્ડ મળ્યા કે દેશની એકપણ સરકારને આટલા બધા એવોર્ડ મળ્યા નથી. સ્વાભાવિક છે કે વિપક્ષના મિત્રો ટીકા કરે, ભા.જ.પા.વાળા વખાણ કરે પરંતુ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન તો ત્રાહિત લોકો શું કહેવા માગે છે એ છે. આ એવોર્ડ અમારા ઘરના નથી. આ એવોર્ડ કેવી કેવી સંસ્થાઓએ આપ્યા છે એ વાંચવા બેસું તો મારા પ્રવચનનો સમય પૂરો થઈ જાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વાંચી જાવ.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : માનનીય અધ્યક્ષશ્રી, અર્જનુભાઈએ કહયું વાંચી જાવ તો તમારું નિવેદન વાંચીશ અને અશોકભાઈનું નિવેદન પણ વાંચીશ. હમણાં "ઈન્ડીયા ટુ ડે" દ્વારા ફરીથી મુખ્યમંત્રીશ્રીને નંબર-૧નો એવોર્ડ આપ્યો. પાંચ વર્ષમાં ત્રણ વાર મુખ્યમંત્રીશ્રીને, ગુજરાતને નંબર-૧ એવોર્ડ મળ્યો છે. પાંચ વર્ષમાં ૬ રાષ્ટ્રવ્યાપી સરવે થયા. એમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પ્રથમ રહ્યા. આ અમારા સરવે નથી. ઈન્ટરનેશનલ સાત એવોર્ડ મળ્યા. નેશનલ એવોર્ડ સાત મળ્યા. બીજીબાજુ, સંસ્થાઓ એવોર્ડ આપે એ બરાબર છે પણ એમની કેન્દ્ર સરકાર છે, ભારત સરકાર છે, વિવિધ ભાગના મંત્રાલયો દ્વારા ગુજરાતને ૨૨ એવોર્ડ મળ્યા. ઈગવર્નન્સ, ગુડ ગવર્નન્સના ૨૧, એનર્જી રીફોર્મ્સના ૧૬ એવોર્ડ, તમારી સરકારે ગુજરાત સરકારને આપ્યા છે. ખાનગી એજન્સીઓ, રાષ્ટ્રીય એજન્સીએ ૧૪ જેટલા એવોર્ડ આપ્યા. એટલું જ નહીં પરંતુ સંસ્થા આપે, ચિત્રલેખા, ઈન્ડીયા યુ ડે, આઈ.બી.એન., રાજદીપ સરદેસાઈ, ઉંચકી ઉંચકીને ફરતા હતા એમને. એમણે અમને એવોર્ડ આપ્યો છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશન, હવે તમે કહો કે ટ્રસ્ટી અને ચેરમેન ખોટા છે. કહો કે ટ્રસ્ટી અને ચેરમેન ખોટા છે એવોર્ડ ન મળવો જોઈએ. કહો, ચાવડાજી

કહો. અમે એમ જ કહેવા માગીએ છીએ કે ચેરમેન અને ટ્રસ્ટીની નીતિ ખોટી છે પણ એવોર્ડ સાચો આપ્યો છે. પ્રમુખ સ્વામી એમ કહે કે રાજીપો રાખો, સંત કબીર એમ કહે જાગૃત રહો, રજનીશ એમ કહે કે હાજર રહો. આ લોકો ગુજરાતને ફાયદો થાય એમાં કયારેય રાજીપો નથી રાખતા. હમણાં જાન્યુઆરી મહિનામાં વાઈબ્રન્ટ ગુજરાત થયું. ૪૬૧૦૦૦કરોડનું રોકાણ થયું એની જાહેરાત દેશભરના ઉદ્યોગપતિઓ દ્વારા દેશ વિદેશમાં ટી.વી. સમક્ષ કરી ત્યારે ગુજરાતના બધા લોકો રાજી થયા. પણ એ રાજી ન થયા. રાજીપો નથી રાખતા. ૧૨૧ મીટર નર્મદાની ઊંચાઈનું બાંધકામ પૂર્ણ થયું, છતા રાજીપો નથી થતો. ૨૪ કલાક દરેક ગામડામાં લાઈટો મળી એમને રાજીપો નથી થતો. ૮,૨૪૭ ઘરોમાં પીવાનું પાણી સીધેસીધું પહોંચાડ્યું, નરોત્તમભાઈએ, સારી કામગીરી કરી, પણ તેમને રાજીપો નથી થતો. જાગૃત નથી રહેતા. કાલે સાહેબ, સરકારી વિધેયક હતા. ૫-૦૦ વાગ્યે જાણે ડ્યૂટી પૂરી થઈ ગઈ હોય તેમ વિપક્ષના બધા મિત્રો બહાર જતા રહ્યા. સરકારી વિધેયક ઉપર ખુલ્લા મનથી કહ્યું હતું કે સરકારી વિધેયક ઉપર જેટલું બોલવું હોય એટલું બોલો. જાગૃત નથી રહેતા. અશોકભાઈને બહુ મહેનત કરવી પડે છે. જાગૃત રાખવા માટે મહેનત કરવી પડે છે. મેં અશોકભાઈના અને અર્જુનભાઈના નિવેદનનું સંકલન કર્યુ. આઈ.કે. જાડેજા સાહેબને મેં સૂચન કર્યુ તેમણે સારી મહેનત કરી આખો સેટ બનાવ્યો છે. અર્જુનભાઈનું નિવેદન અને એની પાછળ અશોકભાઈની પ્રેસનોટ બંનેનું સંકલન કર્યુ અને વાંચવા બેઠો તો ખબર નથી પડતી કે પહેલા અશોકભાઈનો જવાબ છે કે અર્જુનભાઈનો પ્રશ્ન છે. પત્રકાર મિત્ર મને એમ કહે કે અર્જુનભાઈની પ્રેસનોટ આવે અને અડધા કલાકમાં જ અશોકભાઈ જવાબ આપી દે છે. અશોકભાઈ બહુ સક્રિય છે. હું આગળ કહું છું કે અશોકભાઈ એટલા બધા સક્રિય છે કે સવારે અર્જુનભાઈને ફોન કરી પ્રેસનોટ લખાવી દે અને સાંજે એ મોકલે. સાહેબ, અમને વિપક્ષની નિષ્ક્રિયતા ઉપર અને અશોકભાઈની સક્રિયતા ઉપર પૂરો ભરોસો છે, એટલે વિધેયકમાં હાજર ન રહ્યા. અમને કઈ વાંધો નથી. હવે હાજર રહેજો. મને આજે આશ્ચર્ય થયું. મને એમ કે પ્રવચનમાં આ પંજાબ અને ઉત્તરાંચલનું પરિણામ આવ્યું છે, એટલે કદાચ અહીયા હશે કે કેમ? કદાચ બેસણું, ઉઠમણામાં ગયા હોય, પણ આજે મંગળવાર હતો, પછી બુધવાર છે એટલે કદાચ ગુરુવારનો સમય પસંદ કર્યો હશે. હું આભાર માનું કે તમે મિત્રો અહીંયા બેઠા છો.

વેપારીઓ હોય એ બહુ સમજી વિચારીને દરેક પ્રકારના દ્રષ્ટિકોણથી સરવે કરાવીને પછી જ રોકાણ કરે. બિઝનેસમેન રોકાણ કરતા પહેલા કેટલા બધા વિચાર કરતા હોય છે. ગુજરાતમાં દેશભરના ઉદ્યોગપતિઓએ યુ.પી.એ. સરકારની બીક રાખ્યા વગર ગુજરાતમાં આવ્યા એ નાનીસૂની ઘટના નથી. કે.બી.સી.વાળા પેલા અમિતાભ બચ્ચનની પાછળ એટલા બધા પડી ગયા કે ચશ્માં સુધી નોટિસો ગઈ. ચશ્માં ખરીદવામાં નોટિસો કાઢી. બીજી બધી નોટિસો બરાબર છે, પણ ચશ્માં ખરીદે એમાં પણ અમિતાભ બચ્ચનને નોટિસ મળે. એવા દ્વેષયુક્ત યુ.પી.એ. સરકારના વાતાવરણમાં પણ ગુજરાતમાં દુનિયાભરના આવા ગણમાન્ય ઉદ્યોગપતિઓ આવે અને પોતાનું મૂડીરોકાણ પોતે જાહેર કરે. સાહેબ, મુખ્યમંત્રીશ્રીએ પોતે જાહેરાત નથી કરી. એમણે જાહેર કર્યા છે રોકાણના આંકડા એનો સરવાળો ખાલી જાહેર કર્યો છે. વિપક્ષના નેતાને જે કહેવું હોય તે કહે. ગણમાન્ય ઉદ્યોગપતિઓ છે એના થોડા ક રેફરન્સ વાંચવા છે. એમણે શું શું કહ્યું? રતનજી ટાટા બહુ મોટું નામ છે. એમણે શું કહ્યું "અમારા પારસીઓના વડાઓ ૮મી સદીમાં ગુજરાતના બંદરે ઊતર્યા હતા, એટલે આપણે સૌ ગુજરાતીઓ છીએ". "You are stupid, if you don't invest in Gujarat" સાહેબ, આવું વાક્ય કહેવું એ જેવી તેવી વાત નથી. હું તો એમ કહું છું કે મુકેશભાઈ અંબાણીએ શું કહ્યું. એમણે કહ્યું કે "નરેન્દ્રભાઈ પાસે ઉમદા વિઝન છે, પ્રખર સંકલ્પ શકિત છે અને આ વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તન કરવાનું સામર્થ્ય ધરાવે છે, એટલે ગુજરાત વિશ્વમાં Place of pride બનીને રહેશે એમ મુકેશ અંબાણી કહે છે". અનિલ અંબાણીએ શું કહ્યુ "ગુજરાત ૨૪ કેરેટ સોના જેવું આભૂષણ છે, એમાં રોકાણ માટે વિચાર કરવાની જરૂર નથી. ખાલી ગુજરાતનો વિકાસ જોઈએ તો પણ ચીન કરતાં પણ વધુ સારો છે" આવું એક દેશના ઉદ્યોગપતિ ગુજરાતમાં આવીને આપણને કહી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફિકકીના ચેરમેન શ્રી હબીબ ખોરાકીવાલા, તેમણે તો બહુ સરસ વર્ણન કર્યુ છે. બહુ લાંબું વાંચવા જેવું નથી. સાહેબ, તેમણે એમ કહ્યું કે... લગે રહે બાબુભાઈ, લગે રહેવાનું છે. બાબુભાઈ તો અમારા પરિવારના છે. સાહેબ, હમણાં જ એક શોકાંજલિમાં તેમણે કહ્યું કે અમારા સંઘ પરિવારના એક મિત્ર, તો અર્જુનભાઈને ચોકીને તેમની સામે જોયું. સંઘ પરિવાર, તમે અમારા પરિવારના જ છો, અમે તમને ગણી લીધા છે. ચિંતા ન કરતા. તમે લગે રહો બાબુભાઈ લગે રહો. માનનીય અધ્યક્ષશ્રી, હબીબભાઈ ખોરાકીવાલાએ એમ કહ્યું કે નરેન્દ્રભાઈ મોદીની ડાયનેમીક લીડરશીપ નીચે ગુજરાત માત્ર ઔદ્યોગિક નહીં સર્વાંગી ક્ષેત્રે વિકાસ સાધશે. તેમાં પાણીનો પ્રશ્ન હોય કે આંતર માળખાકીય સગવડો હોય ગુજરાતની કામગીરી ઉત્તમ છે. કુમાર મંગલમ સાહેબ આદિત્ય બિરલા ગૃપના ચેરમેન છે તેમણે કહ્યું છે કે નરેન્દ્રભાઈ મોદી પૂર્ણ સમયના મુખ્યમંત્રી છે. તેઓએ સી.ઈ.ઓ. તરીકેની ઓળખવાની તેમની નેતૃત્વ શકિતના વખાણ કર્યા છે. એકપણ ઉદ્યોગપતિ એવો નથી કે ગુજરાતના સંદર્ભમાં ગુજરાતની સરકારના સામર્થ્ય માટે તેના વખાણ ન કર્યા હોય. તેની સામે બોલોને? શું સાહેબ આ બધા ખોટા હશે? એકવાર જો તમને એવું હોય તો એમ કહો કે ઉદ્યોગપતિઓ ખોટા છે? ખબર પડે ચૂંટણીમાં ફંડ વખતે. આવું કંઈ બોલવું નથી. સાચી વાત કરવી નથી. પણ મારે કહેવું જોઈએ કે ભારત સરકારના મંત્રીશ્રીઓ અહીંયાં આવીને કઈકને કંઈક વખાણ કરી જાય એટલે તુરતજ કોંગ્રેસના મિત્રો જાય અને કહે તમે ગુજરાતમાં

આવીને વખાણ કરીને અમને શરમજનક પરિસ્થિતિમાં મૂકો છો. એટલે મહેરબાની કરીને ગુજરાતમાં ગુજરાત સરકારના વખાણ કરવા નહીં. ડેલીગેશન લઈને સ્પેશ્યલ જવું પડે છે. જો ડેલીગેશન લઈને આદિવાસીની યોજનાઓ માટે ગયા હોત તો અમને આનંદ થાત. આદિવાસીઓની યોજનાઓ માટે નથી જવું, નર્મદા યોજના માટે નથી જવું. એટલું જ નહીં માનનીય મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દા દેશના ઈતિહાસમાં એકમાત્ર મુખ્યમંત્રીશ્રી હશે કે આદિવાસીઓ માટે દસ મુદ્દાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. એમણે તો અલગ ઓફર આપી છે કે ગુજરાત સરકારના દેવાનું વ્યાજ માફ કરી દે, ખાલી વ્યાજ માફ કરી દે તો તે વ્યાજના તમામ પૈસા આદિવાસીઓના કલ્યાણ માટે વાપરશે. પરંતુ તેઓ હલતા નથી. હજી નથી હલતા સાહેબ. નટવરસિંહ બાપુ વાય ગુજરાત નહીં માય ગુજરાત અને હાય ગુજરાત નહીં જય ગુજરાત બોલતા થઈ જાઓ. જય ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, જયરામભાઈ પટેલ તેમના તેના છે. તેમણે સહકારીતા માટે કહ્યું છે કે સહકારીતાના આંદોલનને બચાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ જે કડક નિયંત્રણ મૂકયું છે તેને હું આવકારું છું. આ સાહેબ તેમના નેતા કહે છે. અમે નથી કહેતા. આયોજન પંચના ઉપાધ્યક્ષ ડો. આહલુવાલિયા તેમણે શું કહ્યું છે અને તમામ સભ્યોએ કહ્યું છે. એકે-એક સભ્યએ ગુજરાત સરકારના વિભાગો વિશે વાહ વાહ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકવાર અશોકભાઈએ વડોદરામાં ૭૨ કલાકના ઑપરેશન કર્યા હતા. લેપ્ટોસ્પાઈરોસીસ. હવે અશોકભાઈ એક પીળીયાના ઓપરેશન કરી નાંખો, કમળાના. સળંગ ૪૮ કલાક ચલાવો એટલે વાંધો નહીં આવે. આયોજન પંચના સભ્યશ્રી જે હતા તેમનું એક વાકય ખાલી ડો. શાયદા હમીદનું છે. "સામાજિક સેવાઓના ક્ષેત્રમાં પંચામૃત યોજના દ્વારા ૩૬ ટકા જેટલી માતબર ફાળવણી કરી છે તેના માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી અભિનંદનના અધિકારી છે." આ તેમણે કહ્યું છે. શ્રી ભાલચંદ્રજીએ "સાક્ષરતા અભિયાન અને કન્યા કેળવણી રથ યાત્રા દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન અને શાળાઓમાં ડ્રોપ આઉટ રેસીયો અભૂતપૂર્વ રીતે ઘ ટાડવા માટે અને શહેરોમાં શિક્ષકોની ઘટ માટે નિમણૂકના આદેશ ગુજરાત સરકારે જ કર્યા છે" આ તેમનું કહેવું છે. પ્રો.અભિજિત સેને "કૃષિ મહોત્સવ અને કૃષિરથ દ્વારા ક્રાંતિના પગરણ અને સોઈલ હેલ્થ કાર્ડ જેવી કિસાન કલ્યાણકારી યોજનાઓમાં કિસાન ભાગીદારો માટે દિશા સૂચક કામ ગુજરાત સરકારે કર્યા છે." એક પણ એંગલ એવો નથી અને એક વિભાગ એવો નથી કે ગુજરાત સરકારના વખાણ ન કર્યા હોય. પરંતુ એમને વખાણ કરવામાં તકલીફ પડે છે. ૪૦ વર્ષમાં એકપણ બજેટ કોંગ્રેસે પુરાંતવાળું આપ્યું નથી. અમે ૧૮૦૩ કરોડ રૂપિયાની પુરાંત સાથે છેલ્લા વર્ષમાં પુરાંતના લગભગ ટાર્ગેટ ઉપર પહોંચવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારનો સાક્ષરતાનો દર ૬૪ ટકા અને ગુજરાતનો ૬૯ ટકા છે. ગુજરાતે પ્રગતિ કરીને એના નાનકડા નમૂના ભારત સરકારના ઈકોનૉમિક સરવેના છે એ હું આપવા માગું છું. દેશનો સરેરાશ ચાર વર્ષનો જે જીડીપી છે એ ૮ ટકા છે જ્યારે ગુજરાતનો એસ.ટી.પી. છે એ ૧૦.૬૨ ટકા છે. તમામ રાજયોમાં ગુજરાત સર્વશ્રેષ્ઠ છે. માનનીય રાજયપાલશ્રીએ કહ્યું છે, આપ કહેતા હતા નેકે, ઈસ ઉમ્રમેં આપકો કિતના જૂઠ બુલવાતે હૈ, પણ માનનીય રાજયપાલશ્રીએ માત્ર ગૃહમાં જ નહીં પણ ગુજરાત સરકારના દરેક ફંકશનમાં ગુજરાત સરકારના વખાણ કર્યા છે અને એમાં વિકાસનો દર ભારતમાં સૌથી વધારે છે એટલા માટે એમણે અભિનંદન પણ આપ્યા છે. માનનીય રાજયપાલશ્રી બોલે એ ખોટું, માનનીય રાષ્ટ્રપતિશ્રી અહીંયાં આવીને વખાણ કરે, જયોતિગ્રામથી માંડીને અનેક યોજનાઓના એ પણ ખોટું, એમની સરકારના માનનીય મંત્રીશ્રીઓ, કેન્દ્રના સચિવો પણ અહીંયાં આવીને વખાણ કરે એ પણ ખોટું.

માનનીય અધ્યક્ષશ્રી, માથાદીઠ આવક ૨૦૦૫-૦૬માં દેશની ૨૫૭૧૬ જ્યારે ગુજરાતની માથાદીઠ આવક ૩૪૧૫૭ રૂપિયા છે. ભારતના પ્લાનિંગ કમિશને આપણને દશમી પંચવર્ષીય યોજનામાં વિકાસ દરનો લક્ષ્યાંક ૧૦.૨ ટકા રાખવાનો આપ્યો હતો એના બદલે અત્યારે ૧૦.૬૨ ઉપર તો થઈ ગયા છીએ અને અગિયારમી પંચવર્ષીય યોજનામાં ૧૧.૨નો લક્ષ્યાંક આપ્યો છે જ્યારે હમણાં જ, ૨૦૦૫-૦૬માં ૧૨.૧૭ વિકાસ દર ગુજરાતનો આપણને જોવા મળે છે. એ લક્ષ્યાંક આપણે પાર કરી ચૂક્યા છીએ, અગિયારમી પંચવર્ષીય યોજના પૂરી થાય એ પહેલાં તો આપણે પાર કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી ક્ષેત્રે વાત કરીએ તો, વિરોધપક્ષના સભ્યશ્રીઓ કહે છે કે સરકાર ઉત્સવો કરે છે, માનનીય અધ્યક્ષશ્રી, શાસ્ત્રોમાં પણ ઉત્સવોનું મહત્ત્વ બતાવેલું છે. રઘુવંશમાં કાલીદાસ કહે છે કે, મનુષ્યા: ઉત્સવ પ્રિય, માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવ વ્યકિતગત પણ હોઈ શકે છે અને ધાર્મિક પણ હોઈ શકે છે. બેંગ્લોરમાં શ્રી શ્રી રવિશંકરજી મહારાજે સો કરોડના ખર્ચે ઉત્સવ કર્યો, એ મોટો ભકિતરસ, અને પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજનો ઘુળેટીનો ઉત્સવ સારંગપુરમાં થશે. આશારામજી મહારાજ હોય, કોઈપણ સંતો હોય, તેઓ ઉત્સવ પ્રિય જનતા કરવા માટે મથામણ કરતા હોય છે. આજે શાંતિભાઈ શાહ, ગુજરાત સમાચારના, એમની શ્રદ્ધાંજલિ, આજે એમની પ્રથમ પુણ્ય તિથિ છે આદરણીય શ્રેયાંસભાઈએ એમની પુણ્ય તિથિના સંદર્ભમાં મનહર ઉધાસનો ભકિત ઉત્સવ કરાવ્યો, દિવ્ય ભાસ્કરના રમેશભાઈ અગ્રવાલએ મોટાપોંઢા ખાતે ગુજરાતની સુખાકારી માટે લક્ષ ચંડી યજ્ઞ કરાવ્યો, યજ્ઞ ઉત્સવ કર્યો. મારા ખાસ મર્દ મિત્ર ફાલ્ગુનભાઈ, અમે વ્યકિતગત પ્રસંગમાં ગયા હતા, એ મોજીલા માણસ છે અને એમણે ત્યાં પણ અભિજિતના ઉત્સવમાં અમે સામેલ થયા, અમને આનંદ આવ્યો, એટલે ઉત્સવ તો કરી શકાય,

હમણાં માનનીય શંકરસિંહજી બાપુએ જલસા પાર્ટી કરી, એ અંગે અમારા કોઈનુંય કયાંય નિવેદન નથી, કોઈપણ ઉત્સવ કરી શકાય, પછી એ ઉત્સવ વ્યકિતગત હોય કે ધાર્મિક હોય કે આત્યાત્મિક હોય.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જે ઉત્સવ કરીએ છીએ એ કૃષિ મહોત્સવ કર્યો, એના હું આંકડા આપું છું કે એનાથી શું ફાયદો થયો. માનનીય નટવરસિંહ, આપ સાંભળો, ૯૦૦૦ કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન હતું એ અત્યારે ૩૨૦૦૦ કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન થયું. ગયા વર્ષે ૨૦૦૫-૦૬માં કૃષિ ઉત્પાદન દર ભારતનો ૨ ટકા જ્યારે ગુજરાતનો ૧૩ ટકા કૃષિ ઉત્પાદન દર છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે, કૃષિ ઉત્સવ દરમિયાન લેબ ટુ લેન્ડ સુધી, આપણા વૈજ્ઞાનિકોને ગામડે-ગામડે મૂક્યા, વૈજ્ઞાનિકો ગામડે-ગામડે ગયા, ખેડૂતોને સમજાવવા માટે એ.સી. ઑફિસ છોડીને ગામડે-ગામડે ગયા, એમાં તમને શું વાંધો આવે? અમે ખેડૂતોને ૫૪૦૦૦ કીટ્સ આપીએ એમાં તમને શું વાંધો આવે? કૅલૅન્ડર આપીએ અને સમજાવીએ એમાં તમને શું વાધો આવે છે ?

માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ લાખ કપાસની ગાંસડીનું ઉત્પાદન ૨૦૦૧માં હતું, એ આજે ૧૦૦ લાખ કપાસની ગાંસડીનું ઉત્પાદન ગુજરાતમાં થયું છે. ૫૦૦૦૦ લોકોએ, ખેડૂતોએ દેશમાં આત્મહત્યાઓ કરી હતી, મહારાષ્ટ્ર અને આંધ્રમાં અને મોટાભાગના એ કપાસના ખેડૂતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ૫૦ હજાર ખેડૂતોએ દેશભરમાંથી આત્મહત્યા કરી છે ત્યારે ગુજરાતે કપાસના ઉત્પાદનમાં ક્રાંતિ કરી છે. આવો અમારા કોઈ પણ વિસ્તારમાં આવો તો ખ્યાલ આવશે. માનનીય નરોત્તમભાઈએ જળક્રાન્તિ કરી છે. પાણી પુરવઠા યોજના હોય કે ચેક ડૅમની યોજના હોય એના દ્વારા પાણીના સ્તર કેટલા ઊંચા આવ્યા છે એ તપાસો તો ખ્યાલ આવે. ૩ મીટરથી ૧૩ મીટર સુધી પાણીના સ્તર ઊંચા આવ્યા છે. અમારે ત્યાં ભાદર નદીમાં દલસાણા, વાગડ વગેરે ચેક ડૅમો છે ત્યાં ગયા હતા અમારા ખેડૂત ડાહ્યાભાઈના કહેવા મુજબ પહેલા તેઓને એક વીઘામાં ૫-૧૦ મણ કપાસનું ઉત્પાદન થતું હતું આજે એક વીઘામાં ૩૦ થી ૩૫ મણ કપાસનું ઉત્પાદન લેવામાં આવે છે. ચીનના પ્રતિનિધિ ગુજરાતમાં આવેલા એમણે કહ્યું કે અમે ૬૫ લાખ કપાસની ગાંસડી સમગ્ર દેશમાંથી ખરીદવા માગીએ છીએ એમાં ૪૫ લાખ કપાસની ગાંસડી ગુજરાતમાંથી ખરીદવાના છે. આ જેવી તેવી વાત નથી. વિશ્વ બૅન્કના મિલેનિયમ ગોલ પ્રમાણે માથાદીઠ વાર્ષિક વીજ વપરાશ ૨૦૧૫ સુધીમાં દરેક દેશને ૧૦૦૦ યુનિટ કરવાનો લક્ષ્યાંક આપ્યો છે અને હાલમાં ભારતનો વાર્ષિક માથાદીઠ વીજ વપરાશ ૩૯૦ યુનિટ છે જ્યારે ગુજરાતનો માથાદીઠ વાર્ષિક વીજ વપરાશ ૧૩૧૩ યુનિટ છે. વિશ્વ બૅન્કે આપેલા લક્ષ્યાંક કરતા દેશ હજુ અર્ધે પહોંચી શક્યો નથી, જ્યારે ગુજરાત ૧૩૧૩ યુનિટે પહોંચ્યું છે. વિચાર કરો તો કેટલા બધા આગળ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું રોજગારીના આંકડા આપવા માગું છું. ભારત સરકારના ઈકોનૉમિક સર્વે આ રોજગારીના આંકડા મુજબ દેશમાં ૧,૭૩, ૨૦૦ બેરોજગારોને નોકરી મળી રોજગાર કચેરી દ્વારા અને એમાંથી ગુજરાતમાં ૯૨,૯૦૦ લોકોને નોકરી મળી. એટલે લગભગ ૫૪ ટકા જેટલી દેશની રોજગારી માત્ર ગુજરાતમાંથી છેલ્લા ચાર વર્ષમાં મળી છે એટલે રોજગારી આપવામાં પ્રથમ નંબરે ગુજરાત છે ત્યારે તમને રાજીપો નથી થતો? વિચાર કરો કે દેશની ૫૪ ટકા જેટલી રોજગારી જ્યારે એક માત્ર ગુજરાત આપતુ હોય ત્યારે તમે તો રાજીપો રાખો. હમણા એક લાખ શિક્ષકોની ભરતી થઈ. દેશમાં એક રાજય તો એવું બતાવો કે એક લાખ શિક્ષકોની ભરતી કરી હોય. એક રાજય તો એવું બતાવો કે ૯૦ હજાર જેટલા ગ્રામ મિત્રોની ભરતી કરી હોય. એટલું જ નહીં, આ ૬ લાખ ૬૬ હજાર કરોડના જે એમ.ઓ.યુ. થયા છે એમાં ૨૧ લાખ લોકોને રોજગારી મળવાની છે. થોડોક રાજીપો રાખો તો યુવાનો તમારા માટે રાજી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના જવાહરલાલ અર્બન મિશનનું આ બીજુ વર્ષ છે, એમાં દેશભરમાંથી આવેલા પ્રોજૅકટોના ૭૦ ટકા પ્રોજૅકટો માત્ર ગુજરાતના કેન્દ્રના અર્બન વિભાગે મંજૂર કર્યા છે. એટલું જ નહીં, કેન્દ્રના અર્બન સેક્રેટરીએ ગુજરાતના પ્રોજૅકટોને પોતાની ઑફિસમાં મૂક્યા છે અને કોઈ પણ રાજયના લોકો આવે તો એને એમ કહે છે કે ગુજરાત જેવું કરજો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુંખ્યમંત્રીશ્રીએ હમણાં જ દસ મુદ્દાનો કાર્યક્રમ મૂક્યો એમાં આદિવાસીઓ માટેની યોજનાઓ જાહેર કરી એ જેવી તેવી વાત નથી. તમે એનો અભ્યાસ કરજો. આ ૧૫૦૦૦ કરોડ રૂપિયાની યોજના છે. એટલે અમે એટલું જ કહેવા માગીએ છીએ કે આ ગરીબોની સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, દરેક રાજયમાં અનેક યોજનાઓ હોય છે, પરંતુ ગુજરાત સરકારમાં અમે જે યોજના બનાવી છે એને એકવાર સંકલિત કરજો. ચિરંજીવ યોજના અમે મૂકી હોય એટલે જન્મના પહેલાં પણ લોકોને અમે યાદ રાખીને એની પડખે ઊભા રહ્યા છે અને એના પછી મૃત્યુ પછી પણ સરકાર લોકોની પડખે ઊભી છે. આવી અનેક યોજનાઓ છે બધાના નામ નથી વાંચતો. નટવરસિંહ પછી હું તમને કાગળ આપી દઈશ. ચિરંજીવ યોજના હોય, માતાને પોષણક્ષમ આહાર આપવાની યોજના હોય કે ત્રણ વર્ષથી છ વર્ષ સુધીના નાના બાળકોને ભોજન, બાળ ભોગ આપવાની વાત હોય, શાળા પ્રવેશોત્સવ હોય, કન્યા કેળવણી રથ હોય, વિદ્યા લક્ષ્મી યોજના હોય, વિદ્યા દીપ યોજના કે સાયકલ આપવાની યોજના હોય, શિષ્યવૃત્તિની યોજના હોય, કુંવરબાઈના મામેરાંની યોજના હોય, શિક્ષકોની કે ગ્રામમિત્રોની ભરતી હોય આ બધું સંકલિત કરીને તમે જોશો તો ખ્યાલ આવશે. વૃદ્ધ સહાય, નવ્વાણું હજાર વૃદ્ધોને સહાય આપી એક લાખ જેટલી વિધવા બહેનોને અમે સહાય આપી. અમારું કહેવાનું એ છે કે, જન્મ પહેલાં અને મૃત્યુ પછી આ સરકાર લોકોની પડખે ઊભી રહી છે અને એવી યોજનાઓ સંકલિત કરીને અમે બનાવી છે. હમણાં વાંચ્યું કે ૧૦

મુદ્દામાં ઘરથી માંડીને હોસ્ટેલ, કૉલેજ, રોજગારી, આરોગ્ય, પાણી, સિંચાઇ આ તમામ સંકલિત કરીને ૧૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી, છેલ્લાં ૩૨ વર્ષનું તમે ટોટલ કરોને તો પણ એ થાય નહિ. એ યોજના જાહેર કરી છે. વિચારધારાનું મહત્ત્વ હોય, અમે તો વિકાસના કામો કર્યા છે.

નર્મદાનું કામ ૧૨૧ મીટરની ઊંચાઈ, અત્યારસુધીમાં આ વરસે ૩ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી, સૌથી વધુ ૩ હજાર કરોડ નર્મદા માટે ફાળવ્યા. ૨૦૧૦માં આ સમગ્ર નર્મદા યોજના પૂર્ણ કરવાનો અમારો સંકલ્પ છે. ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરો માટેની આવી વિરાટ યોજના હોય અને અત્યારે અમે ૨૮૦૦ ગામોને તો પાણી આપી દીધું. જૂન સુધીમાં પાંચ લાખ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળવાનો છે. હમણાં જ દસેક દિવસમાં અમારી લીંબડી કેનાલ, બોટાદ કેનાલનું ખાતમૂર્હુત છે સુરેન્દ્રનગર પાસે ૨૦મી માર્ચે વિશ્વના સૌથી મોટા પંપીંગ સ્ટેશનનું ઉદ્દ્ઘાટન છે એમાં આવજો તમે અમે વિનંતી કરીએ છીએ તમને અને છેક સુધી અમે પાણી પહોંચાડવા માગીએ છીએ. રિવરગ્રીડ દ્વારા એકવીસ નદીઓમાં પાણી નાંખ્યા, કયા રાજયમાં નાંખ્યા છે બતાવો તો ખરાં? નર્મદાના પાણી ૨૧ નદીમાં નાંખ્યા. મારે કહેવું છે કે વિકાસની વાત હોય કે વિચારની વાત હોય. અમારો કોઈ કાર્યક્રમ અમે કોઈ ધર્મ આધારિત યોજના કે એવું કંઈ અમારે હોતું નથી. એકવાર પરિપત્ર બહાર પાડી દીધો અને પાછું વાળી લઈએ એવું પણ હોતું નથી. કહી દીધું કે વંદે માતરમ્ ગાવાનું ફરજિયાત પછી કહે કે મરજિયાત. અમે આવું ના કરીએ. રાષ્ટ્રપતિએ જાહેરાત કરી અગિયાર વાગ્યે ૭મી સપ્ટેમ્બરે જ્યારે વંદેમાતરમ્નું ગાન કર્યુ, સમગ્ર રાષ્ટ્રને ગૌરવ હોય, રસ્તા પર, રેલવે સ્ટેશન પર, બસ સ્ટેન્ડ ઉપર, ગમે ત્યાં ઊભાં રહીને દેશના કરોડો લોકોએ વંદે માતરમ્ ગાયું પણ એમના નેતા અમને કયાંય નજરે ન જડ્યા વંદેમાતરામ્ ગાવામાં? અમને દુ:ખ થાય,• * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) ૧૧૦ વર્ષ જૂની કોંગ્રેસના નેતાની આ હાલત જોઈને અમને દયા આવે છે. વંદે માતરમ્ એ રાષ્ટ્રનું ગીત, રાષ્ટ્રની આન, બાન, શાન અને એ વંદે માતરમ્ ગીત ગાવામાં..

પોઈન્ટ ઓફ ઓર્ડર

શબ્દો પાછા ખેંચવા અંગે

શ્રી પુંજાભાઈ ભી. વંશ : **માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈએ જે શબ્દ પ્રયોગ અહીંયા વાપર્યો કે કેન્દ્રના એક નેતાએ ફોન કર્યો, કોંગ્રેસના આગેવાનોને, જો એમની પાસે માહિતી હોય તો એ રેકર્ડ પર મૂકે. આવા શબ્દ પ્રયોગો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.**

અધ્યક્ષશ્રી : **આ અપ્રસ્તુત જે રજૂઆત છે એ હું રેકર્ડમાંથી દૂર કરું છું. ચાલો,**

વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ભરતભાઈ પંડ્યા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે ગુજરાતના કલ્યાણના હિતમાં અનેક પ્રકારની યોજનાઓ મૂકી. આર્થિક યોજના હોય પણ સાથે સાથે અમે સામાજિક ચળવળ પણ સાથે લીધી. કદાચ વિપક્ષના મિત્રો અમુક યોજનાના સંદર્ભમાં સંમત ના હોય પરંતુ સામાજિક ઉત્થાનના સંદર્ભમાં તો તેમણે સંમત થવું જોઈએ. અમે કન્યા કેળવણી યાત્રા હોય, બેટી બચાવો અભિયાન હોય, ક્યાંક પાણી બચાવો અભિયાન હોય એવા જન ભાગીદારીમાં જોડાવું જોઈએ એવું મારું માનવું છે.(અંતરાય) તમને હોય એટલે ઘણું થઈ ગયું. કયાંય કોઈ રાજયમાં મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ પોતાના રાજયના બાળકોને ભણાવવા માટે માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસ સુધી તેઓ બાળકોની વચ્ચે ત્યાં યાત્રાઓ કરે. દીકરા-દીકરીઓને ભણાવવા માટેનું અભિયાન ઉપાડે કયાંય કોઈ રાજયમાં આવું થતું નથી અને તેને કારણે આજે ૯૯.૨ ટકા જેટલો રેશિયો બાળકોના ભણવાનો આવ્યો છે. જે ગુજરાતમાં પ્રથમ છે. હમણાં બેટી બચાવ અભિયાન હતું. આમાં પણ હું વિનંતી કરું આ એક કુદરતના સંતુલનનો કાર્યક્રમ છે. આપણને કુદરતી સંતુલનને બગાડવાનો કોઈને અધિકાર નથી. આજે પરિસ્થિતિ એક હજાર દીકરાઓએ ૮૬૨ જેટલી દીકરીઓ માત્ર જન્મે છે. તે વખતે આ સંતુલનને, અસંતુલન છે તેને બરાબર કરવા માટે પણ આપણે સામાજિક કાર્યક્રમ ઉપાડવો જોઈએ. કોઈને અધિકાર નથી કે કોઈ માતાનું પેટ બાળકનું કબ્રસ્તાન બને. વાસુદેવ અને દેવકી જ્યારે જેલમાં હતા ત્યારે જે સાત બાળકીઓનો જન્મ થયો અને જન્મ થયા પછી કંસે તેને મારી નાંખી અને આઠમામાં કૃષ્ણનો જન્મ થયો. જન્મ થયો અને ધરતી ઉપર બાળકીઓ આવી અને તે પછી કંસે તેના રાક્ષસો દ્વારા તેને બહાર બોલાવીને પથ્થર ઉપર પટકાવીને મારી નાંખી. કંસે તો કમસે કમ જન્મ થવા દીધો હતો. આપણે શું કંસ કરતા પણ નીચલી કક્ષાના છીએ? હું વિનંતી કરું છું વિપક્ષના મિત્રોને કે આ બેટી બચાવો સરકારના સામાજિક કાર્યક્રમમાં જોડાય અને જેને કારણે સમગ્ર ગુજરાતનું જે સંતુલન છે તે આપણે ફરીથી ઉભું કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીના સંદર્ભમાં વિશેષ વાત કરવી હતી. જળ ક્રાંતિ જે કરી છે તેના પરિણામો આપણને જોવા મળ્યા છે. કૃષિ ઉત્પાદન કેટલું વધ્યું તે આપણને જોવા મળ્યું છે. ૯ હજાર કરોડનું ૩૨ હજાર કરોડનું ઉત્પાદન થાય તે જેવી તેવી વાત નથી. લાખથી પણ વધારે ચેક ડેમ થાય. ૧ લાખ ૭૦ હજાર ખેત

• * (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

તલાવડીઓ થાય અને એટલું જ નહીં તેમાં જન ભાગીદારી બને. ક્યાંક ૬૦.૪૦ની યોજના અમલમાં હોય. અત્યારે ૯૦.૧૦ યોજના અમલમાં હોય, ૮૦.૨૦ની યોજના અમલમાં હોય મારે થોડાંક તળ જે ઉંચા આવ્યા છે તેના ઉદાહરણ આપવા છે. મેં કહ્યું તેમ મારા વિસ્તારમાં ભાદર નદીમાં અમે માત્ર ચાર ચેક ડેમ બનાવ્યા અને સમગ્ર ૬-૭ ગામડાંના આજે પાણીના તળ ૧૦ મીટરથી વધુ ઉંચા આવ્યા છે. ૮૦૦-૮૦૦ કૂવા નાશ પામ્યા હતા તેને કારણે ૮૦૦ કૂવા જીવતા થયા. એટલું જ નહીં, મેં કહ્યું તેમ એક મણીયો વીઘો, એટલે ૫ મણીયો વીઘો, એના બદલે ૩૫ મણ થઈ ગયો. આ જળક્રાંતિ છે. આજે અનેક ગામની ખેતીની આવકમાં ર કરોડથી માંડીને ડબલ એટલે કે ૪ કરોડ રૂપિયા જેટલી થઈ ગઈ છે. આ જળસંચયના કાર્યક્રમમાં પણ ધારાસભ્યશ્રીઓએ ભાગ લેવો જોઈએ.

એમણે કરકસરની વાત કરી. મારે વાત કરવી છે. નાણાકીય રીતે આ સરકારે કેટલી નાણાકીય શિસ્ત દાખવી છે તેની હું વાત કરવા માગું છું. મારે તેના થોડા નમૂના આપવા છે. ઘણીવાર આક્ષેપો થાય. આક્ષેપો અલગ વસ્તુ છે, આંકડાકીય તથ્ય અલગ વસ્તુ છે. મહેસૂલી આવક વિરૂદ્ધ મહેસૂલી ખર્ચ જે છે તેમાં આપણે જોઈ શકીએ છીએ કે ૨૦૦૧માં ૬૩૦૨ કરોડ રૂપિયા મહેસૂલી ખાદ્ય હતી. ૨૦૦૬-૦૭માં ૬.૩ કરોડની મહેસૂલી ખાદ્ય રહી છે. આ એકદમ અસરકારક કર વસૂલાત કરી છે. એમાં ટોટલ કરેલ છે. વેચાણવેરો, વાહનવેરો, વિદ્યુત શુલ્ક, વ્યવસાયવેરો એ બધુ મળી ૯૨૪૧.૫૩ કરોડ ૨૦૦૧ માં આવક થતી હતી તેના બદલે ૨૦૦૬માં ૧૮૩૮૩ કરોડ થઈ. એકદમ ડબલ થઈ છે. એકપણ રૂપિયાના કરવેરા નાંખ્યા વગર આ આવક થઈ છે. જી.ઈ.બી. ૨૫૦૦ કરોડથી વધુ ખોટ કરતું હતું તે હવે ૨૦૦ કરોડનો નફો કરતું થયુ છે. (અંતરાય) અમે તો ફકત બાકોરાં પૂર્યા છે.

મારે બીજી વાત કરવી છે. (અંતરાય) કોઈ વાંધો નહીં. વિચારધારા ઉપર આવી જાઉં છું. અશોકભાઈના આરોગ્યના બિલમાં અફઝલને ફાંસી કે મંત્રીશ્રી ઉપર ઘણાબધા આરોપો થયા છે. સરચર કમિટી ગુજરાતમાં મુસ્લીમોનો સરવે કરવા આવી, મુખ્યમંત્રીશ્રીએ ના પાડી. લશ્કરના વડાઓએ ના પાડી. (અંતરાય) આ તો સરવે કરવા આવી હતી અને ના પાડી એટલું જ કહ્યું. (અંતરાય) તમારી વિચારધારા જે હોય એ કહો. પણ એક વાત કરીશ. મારા મત વિસ્તારના બરવાળા તાલુકાના રોજીદ ગામમાં ૧૭ મી જાન્યુઆરીએ ફંકશન હતું. ગોવિંદ ખીમજી સોલંકી મૃત્યુ પામેલા એ ગેટ ઉદ્‌ઘાટનનું દલિત સમાજે ફંકશન રાખેલું. મૃત્યુનુ કારણ એ હતુ કે ભાયંદર રેલવે સ્ટેશને બોંબ ધડાકામાં એમનું અવસાન થયેલું. લીલાબેન ૩ દીકરા, ગણેશ વગેરે સાથે પરિવારને અમે મળ્યા. અક્ષરધામની ઘટના અમને હજુ યાદ છે. પત્રકારો આખી રાત દોડાદોડ કરતા હતા. લાશો જોઈ છે. મૃત્યુ પામેલા લોકોના પરિવારોને જોઈએ છીએ. (અંતરાય) પ્રવિણભાઈ, તમે તો ગઢડા જાઓ ત્યારે વચ્ચે આવે છે. ઓન રોડ છે. એક દલિતના પરિવાર સામે નહીં જોવાનું, અક્ષરધામના શહીદોને કંઈ નહીં, અફઝલના પરિવારને જોઈને નેતા નકકી કરે અને ફાંસી ન થાય. આ પરિસ્થિતિ કરી છે તે સારી નથી. (સતત અંતરાય) દિલ્હી જે કરવું હોય તે કરે, પણ એકવાર તમે વિધાનસભામાં હ્રદય ઉપર હાથ મૂકીને કહો કે અફઝલને ફાંસી થવી જોઈએ કે ન થવી જોઈએ? એકવાર હ્રદય ઉપર હાથ મૂકીને કહો. (સતત અંતરાય) નહીંતર....

**અધ્યક્ષશ્રી** : આ બાજુ જોઈને બોલો.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : સાહેબ, એ ઉભા થાય એટલે જોવું પડે છે. હું દરેકને કહેવા માગું છું. એકવાર બહાર કાર્યક્રમ આપે કે અફઝલને ફાંસી નથી આપવી. હું પડકાર આપું છું કે તમે એકવાર કાર્યક્રમ આપો કે ફાંસી નથી કરવી અફઝલને.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી, આપણા પ્રધાનમંત્રી એ દેશના પ્રધાનમંત્રી છે. એ નિવેદન જાહેર કરે કે રાષ્ટ્રીય સંસાધનો ઉપર મુસ્લીમોનો પ્રથમ હકક છે. મારે એક વાત આગળ એ કહેવી છે કે..(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય રમીલાબેન, આપ પ્રવચન ચાલુ કરો. (અંતરાય) નો, નો, ભરતભાઈ, આપનો સમય પૂરો થયો છે. (અંતરાય)

(આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ બોલવા ઉભા થયા)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ વખતે જ આ ડિસાઈડ થઈ ગયું છે,

**અધ્યક્ષશ્રી :** આ અનુમોદન છે એટલા માટે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ગઈ વખતે આ મુદ્દા ઉપર ચર્ચા થઈ ગઈ છે, આપે જ નિર્ણય આપ્યો હતો કે જે ઠરાવ રજૂ કરનાર પછી આપે જ આગ્રહ રાખ્યો હતો અને મેં પછી મારું જ બોલવાનું ગઈ વખતે હતું અને આપે જ આગ્રહ રાખ્યો હતો અને એ મેં બલવંતસિંહને આપ્યું હતું.

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, એવું બન્યું હશે, પણ સામાન્ય પધ્ધતિ એવી છે કે....

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે દલિલો પછી આપે આ વાત સ્વીકારી હતી અને મને ચાન્સ આપ્યો હતો, આ બાબતે દલિલો થઈ હતી અને પછી આપે નિર્ણય કરેલ છે અને મને રમીલાબેન બોલશે એમાં કોઈ તકલીફ નથી ,પરંતુ આ પરંપરા છે અને આપે જ એ પરંપરા પ્રસ્થાપિત કરી છે.

**અધ્યક્ષશ્રી** : સારું, આપ ચાલુ કરો, પહેલાં એ બોલે કે આપ બોલો, આ સામાન્ય છે, સમય તો આપણે બન્નેનો વહેંચેલો જ છે. સહેજ જણાવું કે આપનો સમય વહેંચેલો એ ૨૦ મિનિટ છે. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમને સમય ફાળવવાનો તો અધિકાર આપો.

**અધ્યક્ષશ્રી** : એ અધિકાર તો છે જ, પરંતુ જે રીતે ફાળવ્યો છે એ ખોટો છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સેટ અપ કરેલ છે.
**અધ્યક્ષશ્રી** : સેટ અપ નથી કરેલો. ચાલો, માનનીય અર્જુનભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ છે એની સાથે હું સંમત થઈ શકતો નથી, એટલા માટે કે માનનીય રાજયપાલશ્રી તો વિદ્વાન માણસ છે, અનુભવી છે, આઝાદીના સંગ્રામની લડાઈ લડીને આવ્યા છે અને દેશના એક પીઢ રાજપુરુષ છે અને જો તેમનું ખૂદનું પ્રવચન અથવા અંતરાત્માનો અવાજ હોય તો ચોકકસપણે આવું પ્રવચન હોય નહીં. મહાત્મા ગાંધીજીએ એકસપીરીઅન્સ વીથ ટ્રુથ કહયું હતું, પરંતુ આ પ્રવચન છે એ મને એકસપીરીઅન્સ. વીથ ટ્રુથ નહીં પણ અનટ્રુથ લાગે છે. એટલે આની ઉપરનો આભાર પ્રસ્તાવ જયારે માનનીય સભ્યશ્રી ભરતભાઈ રજૂ કરતા હતા ત્યારે એમણે ઘણી બધી વાતો કરી. હું પહેલાં તેમણે કરેલી વાતો ઉપર વાત કરી લઉં કે પહેલાં તો તેમણે એવોર્ડોની વાત કરી, બીજી એમ.ઓ.યુ.ની વાતો કરી, ઘણીબધી બીજી વાતો કરી એમાં સચર કમિટી આવી,બેટી બચાવોની વાત આવી, યોજનાઓની વાતો આવી અને ગુજરાતની સાચી ઓળખની વાત આવી. ગુજરાતની સાચી ઓળખ એ અત્યારે ઉભી કરેલી ઓળખ છે એ ઓળખ નથી. એ ઓળખ તો ગુજરાતની સ્થાપના કાળથી થયેલ છે અને એ સ્થાપનાકાળથી કરવાની અંદર મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ એ બધાએ ઓળખ ઉભી કરી છે અને એના કારણે આજે ગુજરાત અને ગુજરાતીઓ આખા વિશ્વમાં સન્માનનીય હદ સુધી પહોંચી શકયા છે. જયાં જયાં ગુજરાતીઓ દુનિયામાં ગયા છે ત્યાં એમને ચોકકસ આવકાર મળ્યો છે, પરંતુ પાંચ વર્ષની જે ઘટનાઓ છે એ ઘટનાઓ અને જે શાસન ચાલ્યું છે એનાથી કોઈ ગૌરવ લઈ શકે તેમ નથી. માનનીય ભરતભાઈએ ઘણીબધી વાતો કરી. રતન ટાટાની વાત કરી, મુકેશ અંબાણીની વાત કરી, હબીબ ખોરાકીવાલાની વાત કરી, વેપાર ઉદ્યોગના પ્રતિનિધિઓ અહીંયાં આવીને વેપાર ઉદ્યોગ કરવાના છે, ચલાવવો છે, નવું કરે નહીં તો કાંઈ નહીં એટલે કહે એટલા એમ.ઓ.યુ કરી જાય. ઓફ કોર્સ રતન ટાટા તો એમ.ઓ.યુ. કર્યા નથી અને એને કહે કે ૨-૫ લીટી વખાણ કરી દો તો અહીંયાં આવીને બીજું કાંઈ ના કરી શકે તો આ જ કરવાનું હોય અને વખાણ ના કરે તો ગુજરાતમાં જ એક વખત રાષ્ટ્રીય પેટ્રોલિયમ કોન્ફરન્સ થઈ હતી અને એ ફીકકીએ કરી હતી. તે વખતે બજાજ અને અદી ગોદરેજે ગુજરાતની ઘટનાઓની ટીકા કરી હતી. એટલે તે પૅટ્રોલિયમ કૉન્ફરન્સમાં એક વખતના પૅટ્રોલિયમ મિનિસ્ટરને ન આવવા દીધા પણ આપણા મુખ્ય મંત્રીશ્રી નહોતા ત્યાં, અને પછી કાગળમાં સહી મજબૂરીથી કરી દેવી પડી હતી. એટલે એવા કામો કોઈ દિવસ વેપાર ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો કરે નહીં, પણ આ સરકારને દેશના છેવાડાના માણસ, રાજયના છેવાડાના માણસ, ખેડૂત હોય, ગરીબ માણસ હોય તેમણે સર્ટિફિકેટ આપ્યું હોય કે અમારી આંતરડી ઠરી છે, તો કોઈને કંઈ કહેવાનું ન હોય. અહીં બિલ્ડરો સાથે ઓમ.ઓ.યુ. કર્યા, ઉદ્યોગપતિઓ સાથે એમ.ઓ.યુ. કર્યા. પણ સૌથી વધારે એમ.ઓ.યુ. કોની સાથે કર્યા? સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનના ડેવલપર છે, તેણે એમ કહ્યું અમારે ત્યાં આટલું ઈન્વેસ્ટમેન્ટ આવવાનું છે. તેના એમ.ઓ. યુ. થયા અને કહેવામાં આવ્યું કે આટલા એમ.ઓ.યુ. લઈને આવો, બિલ્ડરો સોસાયટીઓ બાંધતા હતા કેટલી બધી, કોઈ દિવસ તેના એમ.ઓ.યુ. નહોતા થતા. હવે સોસાયટીને નવું ટાઉનશીપ નામ આપી અને તેના એમ.ઓ.યુ. થયા, અને ગુજરાતમાં અહીંથી એમ કહે કે એમ.ઓ.યુ. કરી જાઓ, અને કોણ ના પાડી શકે? અને ના પાડે અને ગમે નહીં, પોતાને ન ગમે તે ગુજરાતને ન ગમે તે સાબિત કરી બતાવવું જોઈએ. ફના પીકચરની શું હાલત થઈ? માનનીય અધ્યક્ષશ્રી પરજાનીયા પીકચર જે એક મોદી કુટુંબની કથા છે. તેનો પુત્ર ગુમ થયો છે આજ દિવસ સુધી મળતો નથી તેમનો કોઈ ગુનો નથી, કોઈ પક્ષ કે ધર્મની વાત નથી, માત્ર પુત્ર ગુમાવનાર મા-બાપની પીડા બતાવી છે. પણ તે પીડા એક-બે લોકોને નથી ગમતી, અસર નથી કરતી, એટલે ગુજરાતમાં બતાવવા દેવું નથી. જો આવી હાલત હોય તો એમ.ઓ.યુ. કરવાની કોણ ઉદ્યોગપતિ ના પાડવાના છે? કોણ બિલ્ડર ના પાડવાના છે?

ગુજરાતને હમણાં હમણાં દિલ્હીવાળા બહુ અન્યાય કરે છે, અન્યાય કરે છે, મને પણ ક્યારેક થોડું સાચું લાગે, હમણાં ભરતભાઈએ વાત કરી કે જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશનમાં આખા દેશમાં જે પ્રોજેકટ મંજૂર કર્યા તે ૭૦ ટકા ગુજરાતમાં થયા છે, અમારે ત્યાં પોપટ છે, માનનીય વજુભાઈને ખબર હશે, માનનીય અશોકભાઈને પણ ખબર હશે. * •(xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) ભૂતકાળમાં થઈ ચૂકી છે. અને બધું બરાબર થઈ ગયું હોય તો વાંધો નથી. જે.એન.યુ.આર.એમ.માં ૭૦ ટકા પૈસા આપ્યા અને યોજના બનાવી, એટલું જ નહીં પણ યોજનાને સૌથી વધારે પૈસા આપ્યા, અને તમે તો કર્ણાવતી નામ માટે થઈ અને આંદોલનો કર્યા હતા, ભરતભાઈ તમે પણ હતા., અને અડવાણી સાહેબ ત્યાં ગયા ત્યારે આપણે ન કરાવી શક્યા, નામ પણ ન બદલાવી શક્યા ગ્રામ્ય તો રહેવા દો, કેન્દ્ર સરકારની વાત આવી છે ત્યારે મારે કહેવું છે કે અહીં રસ્તાઓની વાત હોય, જાડેજા સાહેબ, બરોડાથી શરૂ કરીને મુંબઈ સુધીનો સીકસ લેન હાઈવે મંજૂર થયો કામ શરુ થઈ ગયા દસ હજાર કરોડ રૂપિયાના ખર્ચે. ત્રીજો કોરીડોર રેલવેનો મુંબઈથી શરૂ કરીને દિલ્હી સુધીનો ૧૩૧૦ કિલો મીટરનો, એમાંથી ૫૧૦ કિલો મીટર ગુજરાતમાંથી

• * (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

પસાર થશે. તે મંજૂર થયો, અને આ રેલવેનું બજેટ ગઈ કાલે રજૂ થયું, શીખો કંઈક માનનીય વજુભાઈ, એમાં ત્રીજો મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો ટ્રાફિક કોરીડોર બનવાનો છે. વીજળીની વાત થઈ એના આંકડા પછી આપીશ કે ગુજરાતમાં શું થયું છે. પરંતુ ૪૦ હજાર કરોડની યોજનાઓ માત્રને માત્ર ત્રણ વર્ષમાં લઈ આવ્યા. અહીંથી નાયબ વડાપ્રધાન તરીકે મોકલ્યા હતા તેમ છતાં શું કામ તમે ન લાવી શકયા?

એવોર્ડની વાત માનનીય ભરતભાઈએ કરી એ મને બહુ જ ગમી. મારે એટલી વાત કરવી છે કે દિલ્હીવાળા બહુ ટેટે કરે છે. ગુજરાતને બહુ અન્યાય કરે છે. આટલું બધું સારુ કામ કરે છે, દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન એમ કહે કે ગુજરાતના બનાવોને કારણે એન.ડી.એ.ની સરકારની હાર થઈ છે. ગુજરાતના એક વખતના ગવર્નર ખૂબ વિદ્વાન અને અનુભવી હતા એ એમ કહે કે ગુજરાતના બનાવો છે એ રોકી શકાયા હોત એટલું તો ઠીક પાછું એમ પણ ક્હે કે નેશનલ કારોબારી જેવી કારોબારીમાંથી ગુજરાતને અન્યાય કરે. અહીંયા એટલા બધા એવોર્ડ લઈ આવતા હોય પરંતુ એમાં પણ ન રાખે. બે-ચાર સીડી તો બને એમાં કંઈ નારાજ થઈ જવાનું હોય. આ બધું તો ગુજરાતને અન્યાય થાય છે. પરંતુ બોલી શકાતું નથી તકલીફ એ છે. મારે એવોર્ડની વાત કરવી છે. મારી પાસે એવોર્ડની એક ફાઈલ છે. મેં ૨૩-૨-૨૦૦૬ના રોજ સરકારને કાગળ લખ્યો છે, ગુજરાતને મળેલા એવોર્ડ મારે જોવા છે, નહિ તો એમાં શું મળેલ છે એ જોવું છે. એમાં સર્ટિફિકેટો મળેલા છે, મોમેન્ટો મળેલા છે, ટુર્નામેન્ટમાં કપ આપવામાં આવે છે એ મળેલ હોય તો એ જોવા છે. શું મળ્યું છે એ મારે જાણવું છે. મેં આ અંગેનો પત્ર લખ્યો એટલે કહ્યું કે જુદા જુદા વિભાગોને મળેલ છે એટલે એ દઈ દેશે. નવ એવોર્ડની વિગતો માગી હતી. પરંતુ આજ દિવસ સુધી બતાવવામાં આવી નથી. આજે એને એક વર્ષને બે માસ થયા છે હજી એની માહિતી આપવામાં આવી નથી એ આપવામાં આવે. મેં એમ કહ્યું હતું કે રાજીવ ગાધી ફાઉન્ડેશન એવોર્ડ મળ્યો એટલે મુખ્યમંત્રીશ્રીનું સન્માન થયું. આખા દેશના ન્યૂઝ પેપરોમાં કરોડો રૂપિયા ખર્ચીને જાહેરાતો આપી. વડોદરા અને સુરતમાં સન્માન થયું. મારી આ ગૃહની અંદર ચેલેન્જ છે કે રાજીવ ગાંધી ફાઉન્ડેશન એવોર્ડ આપી દે હું રાજીનામું આપી દેવા તૈયાર છું. અસત્ય બોલવું, જોરથી બોલવું, વારંવાર બોલવું એનાથી કોઈ દિવસ સત્ય થઈ જવાનું નથી. રાજીવ ગાંધી ફાઉન્ડેશને ઈકોનૉમિક ફિલ્ડ ઉપરનો અભ્યાસ કર્યો અને ૧૯૯૧ થી શરૂ કરીને ૨૦૦૧ના વર્ષ સુધીના આંકડા લઈને પાંચ પેરા મીટરમાંથી ત્રણ પેરા મીટરમાં ગુજરાતનો ઈન્ડેક્ષ આગળ છે એને એવોર્ડમાં ખપાવી દેવો એ વાત બરાબર નથી. એણે કોઈ એવોર્ડ આપેલ નથી. અભ્યાસ લેખો અનેક લખાતા હોય એમાં ગુજરાત ભૂતકાળમાં આગળ રહ્યું છે, નંબર વન રહ્યું છે આજે એ ચોથા પાંચમાં નંબરે છે.

અહીંયા બીજી વાત એ પણ કરવામાં આવી કે માનનીય અશોકભાઈ અને અર્જુનભાઈ નિવેદનો કરતાં જ હોય છે. મારા આંકડા આપેલા હોય એના ઉપર કોઈ દિવસ ચેલેન્જ કરેલ નથી. હું તો ગૌરવ અનુભવું છું કે આ ગૃહમાં ૧૮ મહિના રહ્યો, મારા સાથીઓએ અને મારા નેતાઓએ મને આ જગ્યા ઉપર બેસાડ્યો છે. બીજાએ કેટલા વરસ શું કર્યુ એની વાત નથી કરતો. મેં હંમેશા આ રાજયના વિકાસની ચિંતા કરી છે અને જયારે જયારે આ રાજય સાથે નર્મદા જેવી બાબતમાં સહમતી લેવાની હોય ત્યારે સાથે રહેવાની કોશિશ કરી છે. બેટી બચાવોની વાત કરી એની ઝુંબેશ તો ઘણી સંસ્થાઓ ચલાવે છે. હમણાં પટેલ સમાજના લોકોએ ખૂબ મોટો કાર્યક્રમ આપ્યો. હજી ખૂબ ચાલે છે. તેમાં બધાએ જોડાવું જોઈએ. ના નથી. પણ આ સરકારે તેના માટે શું કર્યું? યુ.પી.એ.ની સરકારે તો એમ કહ્યું કે જે મા-બાપ દીકરીને ઉછેરી નહીં શકે તેના મા-બાપ તરીકે તેને ઉછેરવાની જવાબદારી અમે લઈશું. આવી જાહેરાત કરી હોત તો? આજે વાત એવી થઈ. ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની પંચવર્ષીય યોજનાની જાહેરાત કરી મુખ્યમંત્રીશ્રીએ કે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા આદિવાસી ભાઈઓ માટે અમે ખર્ચવાના છીએ. આ તો ૧૧મી પંચવર્ષીય યોજનાના એક ભાગની જાહેરાત કરી દીધી અને જાહેરાત એટલે કરવી પડી કે અમારી દાહોદની રેલી છે એ ભલભલાની છાતીના પાટિયા બેસાડી દે તેવી હતી. ૧૯મી તારીખે નર્મદા બંધનું ઉદ્‌ઘાટન કરવા ગયા, ત્યાં પાવર સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરવા ગયા ત્યારે આણંદના કલેકટર સહિતના તમામ કલેકટરોને કવોટા આપ્યો કે તમારે આટલા વાહનો લઈને આવવાનું. છતાં લોકો ન થયા. કલેકટરો તો કયાં સુધી? નવૅમ્બર મહિનો આવશે ત્યાં સુધી. પછી કોઈ કલેકટરો કોઈના કહેવામાં નથી. એ ભૂલી જવાનું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં મારે તો થોડી વીજળીની વાત અને બીજી ગૃહની વાત કરવી છે. એવોર્ડની વાત કરી. મુખ્યમંત્રીશ્રી ચૂંટણીઓમાં ગયા હતા. ત્યારે એમ કહ્યું કે ગુજરાતમાં ગુજરાતનો ખેડૂત મારુતિ ફેરવે છે અને અમારે ત્યાં અમે ૨૪ કલાક વીજળી આપીએ છીએ. મારે તો ખાલી વીજળીના આંકડા આપવા છે. માનનીય વજુભાઈનો આભાર માનું કે મને જે બુક આપી છે તેમાંથી જ આંકડા લીધા છે. એ આંકડા એવા છે કે ૨૦૦૨માં ૪૫૧૩ મેગાવોટ છે, રાજયનું જે જાહેર ક્ષેત્ર છે, વીજ નિગમ છે એટલા મેગાવોટ વીજળી પ્રોડયુસ થતી હતી અને ૨૦૦૬માં ૪૯૬૮ મેગાવોટ વીજળી પ્રોડયુસ થાય છે અને પ્રાઈવેટ ક્ષેત્રમાં ૨૦૦૨માં ૨૭૧૧ મેગાવોટ થતી હતી અને ૨૦૦૬માં ૨૧૬૬ મેગાવોટ થાય છે. એટલે જાહેર ક્ષેત્રની અંદર આ સરકારે પાંચ વર્ષમાં માત્ર ૪૦૦ મેગાવોટ વીજળી વધારે પ્રોડયુસ કરી અને તેની સામે એક જ દિવસમાં આ સરકારે કેટલા એમ.ઓ.યુ. કર્યા? ૧૯,૦૦૦ મેગાવોટના ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે એમ.ઓ.યુ. લગે રહો. એમ.ઓ.યુ. કર્યા કરો. પાંચ વર્ષમાં ૪૦૦ મેગાવોટ અને એક જ વર્ષમાં ૧૯,૦૦૦ મેગાવોટ. લગે રહો. મારે આ વખતે પણ એમ કહેવું છે કે યુ.પી.એ.ના ત્રણ વર્ષના શાસનમાં ગુજરાતમાં મુંદ્રા ખાતે ૪૦૦૦ મેગાવોટ વીજળી પ્રોડયુસ કરનારું પાવર હાઉસ

૨૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બે મહિના પહેલાં એવોર્ડ થયું અને તેનો ભાવ કેટલો મળવાનો? તમે જ પ્રેસમાં આપ્યું હતું એ જ કહું છું. ૨.૨૬ પૈસે આ આખા રાજયની સૌથી સસ્તામાં સસ્તી વીજળી કયાંથી મળવાની? આપ મોટી કંપનીઓ પાસેથી કેટલે લો છો? આપણે તેમાં પડવું નથી. હું વીજળી વખતે કહીશ.

ખેડૂતો માટે એમ કહ્યું કે અમે લોડ વધારો આપવાના છીએ. સવા લાખ ખેડૂતોએ લોડ વધારો માગ્યો. તમે બધાએ આપ્યો અને ૪૦૦૦ મેવાગોટને ગણો તો ખરા. ૨૦૦ મેગાવોટ તો અનએલોકેટેડ હતો. તેની સાથે કંઈ નિસ્બત નથી. સવા લાખ ખેડૂતોને લોડ વધારો આપ્યો. તેના ટેસ્ટ રિપૉર્ટ થયા. તેના બિલો ભરાયા, પૈસા લેવાઈ ગયા. ડિપોઝિટ પણ લઈ લીધી અને પાછા આવ્યા લેવા. કનૅક્શન તો ૨૬ કર્યા. ડિપોઝિટો એમ કહ્યું કે તમારા બિલમાં એડજેસ્ટ કરી દઈશું. ખેડૂતની હામી સરકાર છે. તત્કાલ યોજના લાવ્યા. ત્રીજા ભાગના કનેકશનો થયા નથી અત્યાર સુધીમાં. ડાર્ક ઝોનમાં હજુ પણ બાન છે. મારે થોડાક ફિગર્સ આપવાના છે. એ પણ માનનીય વજુભાઈનો આભાર માનું છું કે એમણે આપેલ ચોપડીમાંથી મેં આ લીધા છે. આ વખતે દસમી પંચવર્ષીય યોજના પૂરી થાય છે અને અગિયારમી શરૂ થાય છે. ત્યારે આપના મારફત એ જણાવવા માગું છું કે, આપણે લક્ષ્યાંક શું નક્કી કર્યા હતા? કારણ કે, આપના પણ પાંચ વર્ષ પૂરા થાય છે. આપ એમ કહો છો કે આપણે ત્યાં ખેડૂતો મારૂતિ ફેરવે છે. મારા સાથી મિત્રો અહીં બેઠા છે. એ જાણે છે કે ગામડામાં કેટલા ખેડૂતો પાસે મારૂતિ છે? મારે એગ્રીકલ્ચર ખેતીવાડીના પ્રોડક્શનના આંકડા આપવા છે. એમણે ચોખાના ઉત્પાદનનો ૬૯ લાખ ટનનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, એની સામે ૫૫ લાખ ટનનું ઉત્પાદન થયું છે.

**અધ્યક્ષશ્રી** : બાળકની જેમ કેમ બોલ બોલ કરો છો? સવારથી હું જોઉં છું. આપ સતત બોલ બોલ કરો છો? શા માટે બોલ બોલ કરો છો? આપના નેતા પ્રવચન કરી રહ્યા છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : ઘઉંના ૧૧૪ લાખ ટનના લક્ષ્યાંક સામે ૯૮ લાખ ટનનું ઉત્પાદન થયું છે. કઠોળનું ૪૦ લાખ ટનનું નક્કી કર્યું હતું એની જગ્યાએ માત્ર ૨૪ લાખ ટનનું ઉત્પાદન થયું છે. ટોટલ ફુડ ગ્રેઈન છે એનો લક્ષ્યાંક ૩૬૨ લાખ ટનનો નક્કી થયો હતો અને એની જગ્યાએ ૨૭૧ લાખ ટનનું ઉત્પાદન આ પંચવર્ષીય યોજનામાં આપના શાસનમાં આપ કરી શક્યા છો. જો ખેડૂતોની પ્રગતિ થઈ હોત તો તમે પોતે નક્કી કરેલ હતું એ લક્ષ્યાંકથી આગળ પહોંચી શક્યા હોત. કપાસના લક્ષ્યાંકમાં માત્ર ચાર ટકા વધુ લક્ષ્યાંક પ્રાપ્ત કરી શક્યા છો. એ પણ અમારા કેન્દ્ર સરકારના ટૅક્સટાઈલ મંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાના કારણે છે. એ વખતે ટૅક્નૉલૉજી મિશન આવ્યું અને વિદેશી વેપારીઓ હતા એ ગુજરાતમાં આવીને ગુજરાતનું વધારેમાં વધારે ઉત્પાદન ખરીદી ગયા. એ ન આવ્યા હોત તો ગુજરાતના ખેડૂતોની હાલત ખરાબ થઈ હોત. મગફળીનો લક્ષ્યાંક ૧૪૧ લાખ ટનનો હતો એની સામે ૧૨૭ લાખ ટન ઉત્પાદન થયું છે. ટોટલ ઑઈલ સિડસ્, તેલીબિયાંમાં ૫ વર્ષની અંદર ૨૩૪ લાખ ટનના લક્ષ્યાંક સામે માત્ર ૧૮૦ લાખ ટન ઉત્પાદન થયું છે. જે એરિયામાં વાવેતર કરવાનું હતું, એ વાવેતરના એરિયામાં પણ એકપણ લક્ષ્યાંક સિદ્ધ કરી શક્યા નથી. ચોખામાં ૩૭.૫૦ લાખનું લક્ષ્યાંક હતું એની સામે માત્ર ૩૨.૨૩ લાખમાં વાવેતર કરી શક્યા છીએ. કઠોળનું જે લક્ષ્યાંક હતું એ પણ આપણે પ્રાપ્ત કરી શક્યા નથી. ટોટલ પાક હેઠળ જમીન આવરવાની હતી ૪૮૨ લાખ, એની સામે ૪૪૮ લાખ કુલ વાવેતર હેઠળની જમીનો આવરી લીધેલ છે. પાક ઉપર લક્ષ્યાંક પ્રાપ્ત ન કરી શક્યા, વાવેતર ઉપર પ્રાપ્ત ન કરી શક્યા. તો ખેડૂતો પાસે મારૂતિ આવી કયાંથી? એ જ રીતે ફિશરિઝમાં ૧.૫ લાખ ટનની જગ્યાએ માત્ર ૭૦,૦૦૦ ટન એચીવ કરી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં નિર્મળ ગુજરાતની વાત બહુ ચાલે છે. પહેલાં ૩ વર્ષની અંદર ૪૫ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે ગ્રામ વિકાસની યોજના માટે આપ્યા હતા. એમાંથી માત્ર ૧૧ કરોડ રૂપિયા વાપરી શક્યા છીએ. આપણો લક્ષ્યાંક શું હતો કે ૨ લાખ અને ૬૦ હજાર ઘરોને ટોઈલેટ નવા આપવાના, એની જગ્યાએ આ યોજના પૂરી થશે ત્યારે ૧ લાખ અને ૨૩ હજાર ઘરો સુધી પહોંચી શકાશે એવો લક્ષ્યાંક રાખ્યો છે. આમ વાત કંઈ કરવી અને અમલ કંઈ જુદો થતો હોય છે. ખેડૂતોની વાત કરીએ છીએ ત્યારે મારે વીજ વપરાશની વાત કરવી છે. ખેડૂતોને વીજ વપરાશ ૧૫૬૯૫ મીલીયન યુનિટ ખેડૂતો ૨૦૦૧-૦૨માં વીજળી વાપરતા હતા અને એ ઘટી અને ૯૯૫૫ મીલીયન યુનિટ ખેડૂતો વીજળી વાપરતા થઈ ગયા, બહાર જઈને એમ કહેવું કે અમારો ખેડૂત ૨૪ કલાક વીજળી લે છે. અહીં એમ કહેવું કે ૮ કલાક વીજળી આપીએ છીએ અને ૨૦૦૧ કરતા પણ વીજળી અત્યારે તમારા આકડા પ્રમાણે અડધી થઈ ગઈ છે. (અંતરાય) ઓછા થયા હોય, વાહ વાહ બહુ સરસ , સૌરાષ્ટ્રમાં જાવ, નરોત્તમકાકા કોઈ દિવસ જવું જોઈએ તમારે.. ..એટલે લગે રહો, તમારા જેવા સલાહકાર હોય એટલે બહુ સારું.(અંતરાય) એટલે અડધી વીજળી ખેડૂતોને ૫ વર્ષ દરમિયાન આપે અને પછી એમ કહેવું કે અમારા ખેડૂતોને ૨૪ કલાક વીજળી મળે છે. કનુભાઈ કંઈ બોલજો આમાં, માનનીય અધ્યક્ષશ્રી, પડતર જમીનો હતી એને ખેતીવાડી હેઠળ લઈ આવવાની વાત હતી એમાં કોઈ સુધારો થયો નથી. ખાદ્યપાકોના વાવેતરમાં પણ કોઈ સુધારો નથી. જે ખેતીવાડીની અંદર જે આકડાઓ રાજય સરકારે પોતે નકકી કર્યા હોય એમાં પણ કોઈ સુધારો નહીં.

આજે સૌથી ગંભીર સ્થિતિ જે ગુજરાતમાં ઉભી થઈ છે એ તો કાયદાના ક્ષેત્રમાં ઉભી થઈ છે. આ ગૃહ વિભાગનું બજેટ નથી કે માગણી નથી એટલે હું બહુ વધારે નહીં કહું માત્ર થોડીક વાત કરવા માગું છું કે સપ્ટેમ્બર ૨૦૦૬માં ૮ જૂદી જૂદી બાબતોમાં ૨૦ રાજયોના ગૃહની બાબતમાં કાયદાની બાબતમાં રાજયોના દેખાવો કેવા છે એનો એક સરવે થયો હતો અને એ સરવેમાં ૧ લાખની વસ્તીએ પોલીસ કેટલી છે, ખૂન, અપહરણ,

બળાત્કાર, સ્ત્રીઓની છેડતીના બનાવો આ બધાના માપદંડ રાખવામાં આવ્યા હતા એમાં ગુજરાતનો આંક ૨૪ હતો અને ગુજરાત આ ક્ષેત્રોમાં બીજા ૧૩ રાજયો કરતાં પાછળ હતું. અહીં સ્ત્રીઓને લગતા ગુનાઓ છે, એમાં ગુજરાતનો જે ઘરેલુ હિંસા છે એમાં છઠ્ઠો ક્રમ હતો અને ૯૧૬ મહિલાઓના અપહરણ સાથે ગુજરાતનો સાતમો ક્રમ હતો. બાળકોના અપહરણ છે એ ગુજરાતમાં નવી ઘટના તરીકે બહાર આવ્યું છે. ૫ વર્ષ પહેલા કોઈ દિવસ આ સ્થિતિની કલ્પના કરી શકાતી નહોતી. ૩ હજાર બાળકો ગુજરાતમાંથી આજે મીસીંગ છે. રાજય સરકારના રેકોર્ડ ઉપર બાળકોને લગતા જે ગુનાઓ થયા છે એમાં ગુજરાત છઠ્ઠા ક્રમે છે અને ૭૪ બાળકોના ખૂન થયા, ૨૦૦૫માં એમાં સૌથી વધારે બાળકોના ખૂન થયા હોય એવા ત્રીજા નંબરનું આપણું રાજય છે. અપહરણ વધારે થયા હોય એવા રાજયોમાં ગુજરાતનો ચોથો ક્રમ છે. ગુજરાતમાં ૧ વર્ષની અંદર જ ૧૨૧૬ ખૂન થયા, ૮૦૯ લૂંટ થઈ ૪૨૩ બળાત્કાર થયા. ૧૧૭૧ અપહરણ થયા. ૫૩૦૮ આપઘાત સહિત ૧૭,૦૦૦ અપમૃત્યુ થયા. મેગાસિટી તો અમે બનાવ્યું.

**અધ્યક્ષશ્રી** : ૩૦ મિનિટ પૂરી થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પાંચ મિનિટમાં પૂરું કરું છું. અમદાવાદ જે મેગાસિટી છે એ મેગાસિટી અત્યારે ક્રાઈમ સિટી બન્યું છે. દર બીજા દિવસે ઘરફોડ ચોરી થાય છે. દર ત્રીજા દિવસે લૂંટ થાય છે. દર ૯મા દિવસે બળાત્કાર થાય છે. મારે આપને ગાંધીનગરનું પણ કહેવું છે. મારે અક્ષરધામ મંદિર મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાનેથી ૫૦ મિટર દૂર છે એની વાત કરવી નથી પણ એનાથી ૫૦ મિટર દૂર વીંગ કમાન્ડર શ્રી શર્માનું ઘર છે ત્યાં પરમ દિવસે ઘરફોડ ચોરી થઈ. આ ગુજરાતની સલામતીનું ચિત્ર છે. એટલા માટે થાય છે કે ગુજરાતની અંદર જે વહીવટી તંત્ર છે એ મુખ્યમંત્રીશ્રીની અને રાજ્ય સરકારના એજન્ડાની ચિંતા કરે છે, પ્રજાની જે ચિંતા કરવી જોઈએ એ થતી નથી. ગુનેગારો છે એને રાજ્યાશ્રય મળે છે. એના કારણે ગુજરાત આજે અસલામત છે. જે મુખ્યમંત્રી એમ કહેતા હતા કે મારા માટે તમે એક દિવસ જાગો, તમારા માટે હું પાંચ વર્ષ જાગીશ. આજે એનાથી ઊલટું થઈ ગયું છે.

સામાજિક બાબતોની વાત હમણાં થઈ એમાં શિક્ષણની વાત કરવી છે. ગુજરાતની અંદર સાક્ષરતાનો દર ૬૯ ટકા છે અને ગુજરાતની અંદર આ શાસનમાં માત્ર ૮ ટકા વધારો થયો. એના પહેલા ૧૯૯૧ની વસતિ ગણતરી થઈ ત્યારે ૬૧ ટકા હતો. એની સામે જે પછાત રાજ્યો હતા રાજસ્થાન, મધ્યપ્રદેશ એમાં ૨૪ ટકા સુધીનો વધારો કરી શક્યા છે. આદિવાસીઓની જે ચિંતા કરીએ છીએ એ આદિવાસી ક્ષેત્રો અને આદિવાસી સમાજમાં સાક્ષરતાનો દર, સારા શિક્ષણની વાત જવા દો પણ ૪૭.૫૦ ટકા છે એમાં વધારો કરી શક્યા નથી. ગયા વખતે મેં નાના બાળકોના જન્મતાવેંત મૃત્યુ થાય છે એના દરના આંકડાઓ આપ્યા હતા. આપે કહ્યું હતું કે સુધારીશું. આપે સુધારીને આપ્યું, કદાચ એ લોકો પાસેથી આંકડાઓ લીધા હશે. મેં એમ કહ્યું હતું કે ૧૦૦૦ બાળકો જન્મે એની સામે ગુજરાતમાં ૫૬ બાળકોના મૃત્યુ થાય છે. પણ આપના આંકડાઓ એવા આવ્યા કે ૧૦૦ બાળકોએ ૫૪ બાળકો. મેં કાગળ લખીને ધ્યાન દોર્યું કે આ સરકારને ૧૦૦૦ અને ૧૦૦ નો તફાવત લાગતો નથી? એ પણ બાળકોના મૃત્યુ જેવી બાબતમાં? અત્યારે દેશનો જે બાળકોના મૃત્યુનો દર છે, દેશના પછાત રાજ્યો છે એની પેરિટીમાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના અપમૃત્યુની વાતો કરી, બીજા રાજ્યોની અંદર આપઘાતની વાત કરી. અમરેલીના મારા સાથી મિત્રો અહીંયા હાજર છે. અમરેલીમાં વીજળીનું કનેક્શન લીધું. વલ્લભભાઈ નથુભાઈ કીકાણી, ધાવડી તાલુકાના પાણીયાદેવ ગામના વતની છે. તત્કાલ કનેક્શન માટે ૧.૩૦ લાખ રૂપિયા વીજ ક્વોટેશનના ભર્યા. એ પૈસા ઉછીના લીધા. થોડા વખત પછી વીજળીનો દરોડો પડ્યો અને ૨.૬૦ લાખ રૂપિયાનો દંડ થયો. એ ૩ લાખ ઉછીના લઈ આવ્યા. આ ૩ લાખની સામે આ જે વ્યાજખોર લોકો છે એણે ૧૨ લાખનું લેણું કરી દીધું. લગભગ ૭૫ ટકા પૈસા તો એણે ભરી આપ્યા હતા. પછી એના ઉપર દબાણ થયું અને એમાં એક જ ઘ ારના ચાર વ્યક્તિઓ, બે પુરુષો અને બે સ્ત્રીઓ પુખ્ત વયના, પતિ-પત્ની અને દીકરો-વહુ આ ચાર જણાએ સોમનાથ જઈ અને આ સરકારને કમળપૂજા ચડાવી. એની પાસે પઠાણી ઉઘરાણી કરવામાં આવી. જ્યારે હમણાં જ એક વીજળી પ્રોડકશન કરતી કંપની પાસે સરકારે પૈસા માગ્યા. એ કોર્ટમાં ગયા. કોર્ટે ચુકાદો આપ્યો ૮૦ કરોડ રૂપિયા લેવાના થાય છે. સરકારને ઉદ્યોગપતિઓ પાસેથી પૈસા લેવામાં તકલીફ પડે છે પણ ગુજરાતના ખેડૂતને પઠાણી ઉઘરાણી કરે એને આપઘાત કરવો પડે એ પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એમ કહેવું છે કે આ જે અપમૃત્યુ થયા ૧૨૦૦૦ ગુજરાતની અંદર અને ૫૨૦૦ આપઘાત થયા એમાંથી ખેડૂતનો આંકડો કેટલો છે એ બહાર કાઢી જોશો તો આખા દેશની આંખ ખૂલી જશે. મારે આપના મારફત એટલું જ કહેવું છે કે અસત્યનો આશરો કેટલી વખત લઈ શકાય? સત્યની સદી હોય છે અને દંભનો દસકો પણ નથી હોતો અને એમાંય અત્યારે જે પ્રકારની સરકાર ચાલી રહી છે એમાં એક નવી ટેકનોલોજી, નવો કોર્ષ શરૂ કરવો પડે M.O.U. એવું થઈ ગયું છે. નવા નવા M.O.U. તમારે કરવા પડશે. દાતણ સવારે કરીએ તે સપ્લાય કરનારના M.O.U. ૫૦ કરોડ રૂપિયાના દાંતણ જોઈએ, એનકાઉન્ટર કરવા માણસ જોઈએ, કારણ અહીંયા તો ૧૫ દિવસે એનકાઉન્ટર કરવું પડે એટલે એનો સપ્લાય કરવા જોઈશે, કોલગેટ કરતા હશે, એના ટોયલેટ પેપર હશે એ સપ્લાય કરનારના, કેટલા ટોયલેટ પેપર જોઈએ? ગુજરાતની અંદર એનો આંકડો કરીએ તો

અબજો નહિ, ટ્રીલીયન ડોલર સુધીનો આંકડો પહોંચી જાય એટલા બધા M.O.U. થઈ શકે. જે M.O.U. કરવા હોય તો મારી પાસે આવજો હું આખું લિસ્ટ આપીશ કેટલા બધા M.O.U. થઈ શકે. અમારે કરવા નથી એટલે હું આપી દઈશ, મારે એના પેટન્ટ રાઈટસ પણ નથી જોઈતા. ગુજરાતનો વિકાસ M.O.U. વગર થયો છે. જ્યારથી M.O.U. આવ્યું છે ત્યારથી ગુજરાતની અંદર સુરતમાં પૂર આવ્યું, કચ્છમાં ધરતીકંપ થયો, બધી જગ્યાએ આવું થતું આવ્યું છે. જે લોકો મને તો આ લોકો રેતીમાં વહાણ ચલાવે છે. એકજ દિવસની અંદર ૬૦,૦૦૦ નહિ, પણ ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના પાવરના M.O.U. કરી શકે. ૧૯૦૦૦ મેગાવોટ પાવર પ્રોડ્યુસ કરી શકે. આખી ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી ૮,૦૦૦ મેગાવોટ ના થયું પણ આ એકજ દિવસમાં સરકાર એક ચમત્કાર કરીને ૧૯,૦૦૦ કરોડ રૂપિયાના M.O.U. થઈ જાય. દલાતરવાડીની વાત આપણાથી ના થાય એ સામે બાજુએ કરી શકે. હું એમ કહું છું નવૅમ્બર મહિનો આવે ત્યાં સુધી આ M.O.U. પાંચ ગણો, છ ગણો કરી નાંખજો અને બાકીનું જે કામ વધ્યું હશે એ આ રાજ્યની પ્રજા કરી શકશે, કરવાની છે એ નિશ્ચય કરીને બેઠી છે અને એટલા માટે હું કહું છું કે આ રાજ્યપાલના પ્રસ્તાવની અંદર હું સંમત થઈ શકતો નથી.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા) :** માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા આ ગૃહના નેતા માનનીય નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના આદિવાસી બંધુના કલ્યાણ માટે ૧૫૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી છે તે માટે હું સમગ્ર આદિવાસી સમાજ વતીથી તેમને હાર્દિક અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલે આ ગૃહની અંદર જે સંબોધન કર્યુ અને માનનીય સભ્યશ્રી ભરતભાઈ પંડ્યાએ જે આભાર વ્યકત કર્યો તેને અનુમોદન આપવા માટે હું ઊભી થઈ છું. રાજ્ય સરકારે છેલ્લા ચાર વર્ષની અંદર અનેકવિધ યોજનાઓ દ્વારા જે કાર્યવાહી કરી એ કરેલ કાર્યવાહીનો એ પ્રકાશ પાડવાનો યશસ્વી પ્રયાસ રાજ્યપાલે કર્યો છે એ માટે હું રાજ્યપાલશ્રીની વિદ્વતા માટે અને ગ્લોબલ ગુજરાત, ગોલ્ડન ગુજરાતની આ એક આગવી ઓળખ વૈશ્વિક સ્તરે જેણે આપી છે તેવા દુરંદેશી આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને હાર્દિક અભિનંદન આપું છું. સમગ્ર પ્રવચનમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ કાર્યની પ્રતિકૃત્તિ આપણે જોઈ શક્યા છીએ. હમણાં જે વિપક્ષના નેતા બોલતા હતા કે, દેશ આઝાદ થયો ત્યારે ગાંધીજીની કલ્પના, સરદારની કલ્પનાવાળું ગામડું, એમની કલ્પનાવાળું ગુજરાત આપીને ગયા હતા. માનનીય અધ્યક્ષશ્રી, મારે સામે બેઠેલા લોકોને પૂછવું છે કે, તમે લગભગ ૩૫ વર્ષ સુધી શાસન કર્યુ ત્યારે ગુજરાતની શું દશા કરી નાખી હતી? તમે જે ગુજરાતની દશા કરી નાખી હતી એ ચિંથરે હાલ દશાને આજે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી, એ દશાને સુધારવા માટે કાર્યવાહી કરી રહ્યા છે. આજે આપણે જોઈ શકીએ છીએ કે પ્રજાકીય સુંદર કામગીરી કરીને તેમજ અનેક ઉત્કૃષ્ઠ કામગીરી કરીને માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને વિવિધ એવોર્ડઝ મળ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીને ઉત્કૃષ્ઠ કામગીરી માટે વિવિધ એવોર્ડઝ મળે છે, એવોર્ડઝ મળે એમાં એમનો શું વાંક ? આપણે બધા જ જાણીએ છીએ કે, એવોર્ડઝ આપનારી જે કમિટી છે એ તજજ્ઞોની કમિટી છે અને એ કમિટી જ્યારે પોતે એક સરસ મઝાનું કામ કરી રહ્યા છે, પ્રજા કલ્યાણનું કામ કરી રહ્યા છે ત્યારે જે એવોર્ડઝ મળે છે એને બિરદાવવા જોઈએ એવું હું સ્પષ્ટ માનું છું.

માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગુજરાતની અંદર સામાજિક ઉન્નતિના અભિયાન સ્વરૂપે કર્મયોગી અભિયાન, માતૃ વંદના, બેટી બચાવો અભિયાન, જળ સંચય અભિયાન, વંચિતોના વિકાસ માટે, વનવાસી વિકાસ માટે ગુજરાત પેર્ટન અભિયાન, કન્યા કેળવણી રથનું અભિયાન, કૃષિરથ, ગ્રામ તિર્થ સમરસ, ઈ ગ્રામ, વિશ્વ ગ્રામ, પાવન ગામ જેવા ગામોની રચનાનું અભિયાન, વીજળી બચતનું અભિયાન વગેરે વિશિષ્ટ કામગીરી કરીને આજે દેશનો સૌથી ઊંચો આર્થિક વિકાસ દર એમણે હાંસલ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, દસમી પંચવર્ષીય યોજનાનું કદ રૂપિયા ૪૭,૦૦૦/ કરોડ છે અને સન ૨૦૦૫-૦૬ની સ્થિતિએ રાજય સરકારે ૯૭.૭ટકા સિદ્ધિ હાંસલ કરીને ગુજરાતે એક આગવી દિશામાં પહેલ કરી છે. રાજય સરકારના કુશળ વહીવટના કારણે ગુજરાતનું આ વખતનું મહેસૂલી પુરાંતવાળું બજૅટ આપણે જોઈ શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી વીજ ક્ષેત્રે પણ અનેક સુધારા કર્યા છે અને આયોજન પંચે ગુજરાત રાજયને એક અગ્રેસર રાજય ગણ્યું છે. આજે રાજય સરકારના કુશળ પ્રતિભાના કારણે ૧૮,૦૦૦ ગામડાઓની જ્યોતિ ગ્રામ યોજનાનો એક ક્રાંતિકારી પ્રારંભ થયો છે. ભૂતકાળમાં આપણે જોયું કે ગામડામાં વીજળી એ એક કલ્પના હતી, ગામડામાં વીજળી હોય જ નહીં, સાંજ-સાંજ વીજળી ન હોય, કકળાટ હોય અને ગામડાના નસીબમાં તો વીજળી ના હોય પણ રાજય સરકાર એ બાબતમાં કટિબદ્ધ થઈ, આજે ગામડાઓમાં ચોવીસ કલાક વીજળી મળતી થઈ છે, છેવાડાના પછાત વિસ્તારોમાં પણ ચોવીસ કલાક થ્રી-ફેઝ વીજળી મળવાના કારણે ગામડાઓ ખૂબ જ ખુશહાલ છે. આજે આપણે બધા જાણીએ છીએ કે, ગામડાઓનું અર્થતંત્ર આજે મજબૂત બન્યું છે.

રાજયના મુખ્યમંત્રીશ્રીએ પોતાના શાસનકાળમાં છેલ્લા ત્રણ વર્ષમાં પ્રતિ વર્ષેને જુદા જુદા નામો આપ્યા છે, એમણે સૌથી પહેલા સન ૨૦૦૪-૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે, અને આપણે જોયું કે, એ શહેરી વિકાસ વર્ષ અંતર્ગત, આ ભૂતકાળમાં સામે બેઠેલા લોકોએ શહેરોની શું દશા કરી હતી, મહાનગરોની શું દશા કરી હતી, પાણીની શું દશા હતી, ગટરોની શું દશા હતી? આજે આપણે જોઈએ છીએ કે, નગરો,ગામડાઓ અને શહેરોની કાયા પલટ થઈ ગઈ છે, લાખો રૂપિયાના ખર્ચે આજે ગૌરવ પથ હોય, વિકાસ પથ હોય, આજે શહેરો-નગરો બધા રળિયામણા બની ગયા છે અને એટલું જ નહીં પણ શહેરી વિકાસ અંતર્ગત આજે અમારા ખેડબ્રહમા જેવી નાની

નગરપાલિકામાં પણ રાજય સરકારનું એક વાહન પ્રાપ્ત થયું છે. આવી અનેક નાની નાની નગરપાલિકાઓને શહેરી વિકાસ અંતર્ગત વાહન પણ પ્રાપ્ત થયા છે. આવું આગવું કામ રાજય સરકાર કરી રહી છે.

૨૦૦૫-૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાહેર કર્યુ, માત્ર પ્રવાસન વર્ષ તરીકે નહીં એ વર્ષની ઉજવણીની સાથે સાથે એક વિકાસની કેડી રાજય સરકારે આગળ ધપાવી છે. રાજયની અંદર અનેક મંદિરો, શિવાલયો આવેલા છે અને ખંડેર હાલતમાં પડેલા હતા એના તરફ કોઈએ જોયું પણ નહોતું. રાજયના મુખ્યમંત્રીશ્રીએ સૌથી પહેલા એ મંદિરોનું સમારકામ કર્યું. મુખ્યમંત્રીશ્રીનો ધ્યેય એ હતો કે મંદિર, દેવાલયોનું અપગ્રેડેશન થાય અને સાથેસાથે રોજી આપવાનો પણ આશય હતો. આજે આપણે જોઈએ છીએ કે સમગ્ર ગુજરાતમાં મંદિરો અપગ્રેડ થયાં છે. ભીલોડામાં, શામળાજીમાં કરોડો રૂપિયાના ખર્ચે મેળાનું આયોજન કર્યું અને શામળાજી પ્રવેશદ્વારમાં વિકાસની કેડી આપણે જોઈ શકીએ છીએ. અંબાજીમાં મુખ્યમંત્રીશ્રીએ એક સાથે સાત સાત કામનું ઉદઘાટન કર્યું આ ઐતિહાસિક બાબત છે કે મુખ્યમંત્રીશ્રીએ એક સાથે સાત સાત કામોનું ઉદઘાટન કર્યું હોય. એટલું જ નહીં પણ ગામડાંમાં બેઠેલો માણસ નિરાંતની પળોમાં પોતાના કુટુંબ સાથે, બાળકો સાથે ગામડાંના છેવાડે કયાંક આનંદ કરી શકે, કયાંક એવી જગ્યા હોય કે એ નિરાંતે બેસી શકે એના માટે પંચવટી યોજના જાહેર કરી. ગુજરાત રાજયના ૮૯૨ ગામોમાં પંચવટી યોજના આકાર લઈ રહી છે. રાજય સરકારે પંચવટી યોજના માટે એક લાખ રૂપિયાનું અનુદાન આપ્યું છે અને જન ભાગીદારીથી પંચવટી યોજના આકાર લઈ રહી છે. સામે બેઠેલાઓ પંચવટી યોજનામાં બાળકો સાથે, કુટુંબ સાથે આનંદ માણે છે પણ વિરોધ કરવા ખાતર વિરોધ કરવો પડે. કરવો જ જોઈએ. ડિસેમ્બર-૦૬માં ગુજરાત રાજયમાં ૧૦૩૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી આપી અને એ ચૂંટણીના પરિણામો આપણે જોયા છે. બધાના સુપડા સાફ થઈ ગયા. રાજય સરકારની ઉત્કૃષ્ટ કામગીરીને કારણે મોટાભાગની પંચાયતો ભા.જ.પા. તરફી હતી. રાજયના હકારાત્મક અભિગમને કારણે મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી ૧૦૩૧૦ ગ્રામ પંચાયતમાંથી ૨૮૫૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ એટલું જ નહીં પણ ૪૧ ગ્રામ પંચાયતો જેમાં માત્ર મહિલા સરપંચ, મહિલા સદસ્યો હતા એ પણ સમરસ થઈ. તમામ ચૂંટાયેલા સભ્યોને, ગ્રામ પંચાયતના સભ્યોને માર્ગદર્શન આપવા માટે, એમને અભિનંદન આપવા માટે સમગ્ર ગુજરાતને ચાર ઝોનમાં વહેંચીને ચૂંટાયેલા પ્રતિનિધિઓને રૂબરૂ મળ્યા એ ઐતિહાસિક ઘટના છે. ભૂતકાળમાં કોઈએ ચૂંટાયેલા સભ્યો સુધી મળવાનો, એમને અભિનંદન આપવાનો મોકો લીધો હોય એવી આ ઐતિહાસિક ઘટના છે. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતને ચાર ઝોનમાં વહેંચીને આવા લોકોને મળ્યા અને એમને અભિનંદન આપ્યા અને સાથેસાથે જે પંચાયતો સમરસ થઈ હતી એમને એવોર્ડ આપ્યો. તા.૭-૧૧-૦૬ પહેલા જે પંચાયત સમરસ બને એને અનુદાન પેટે માત્ર ૬૦૦૦૦ આપતા હતા અને મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે જે પંચાયત સમરસ બને એને અનુદાન પેટે ૬૦૦૦૦ ને બદલે એક લાખ રૂપિયા આપવા. જે પંચાયતની વસ્તી ૫૦૦૦થી વધારે હોય એ પંચાયતને એક લાખથી વધારીને દોઢ લાખ કર્યા અને આહ્વાન કર્યું કે બીજી વખત સમરસ પંચાયત બનશે તો ૨૫ ટકા અનુદાનમાં વધારો કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી દિર્ધદ્રષ્ટા છે અને ગામડાંઓને બેઠાં કરવા માગે છે. આપણે બધા જાણીએ છીએ કે આપણું બજેટ ગ્રામ પંચાયત આધારિત બજેટ છે. ગામડાંમાં જે પ્રશ્નો છે એનું નિરાકરણ લાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ એવો અભિગમ બનાવ્યો છે કે સમગ્ર ગુજરાતનું બજેટ બને એ ગ્રામસભા આધારિત બને. જયપ્રકાશ નારાયણના જન્મની તારીખને યાદ કરી તા.૨-૧-૦૧થી સમગ્ર ગુજરાતમાં ગ્રામસભાનું એમના માનમાં આયોજન કરવામાં આવ્યું. એના પરિણામે ગ્રામસભામાં ગ્રામ કક્ષાના, જિલ્લા કક્ષાના, ઉચ્ચ અધિકારીઓ જતા થયા. ગામડાંઓના જે પ્રશ્નો હતા એ ગામડાંનાં લોકો દ્વારા ત્યાં રજૂ થાય એટલું જ નહીં પણ આ ગ્રામસભા ૧૦ તબકકામાં ૧૭૧૩૧૦ ગ્રામસભા મળી છે. આજસુધીના ૧૦ તબક્કાની અંદર એમાં ૧,૩૯,૫,૫૦૮ ગ્રામજનોએ ભાગ લીધો, એમાં ૭,૦૬,૭૦૮ પ્રશ્નો રજૂ થયા હતા. એ પ્રશ્નો રજૂ થયા એમાંથી ૬,૯૪,૧૦૮ એટલે ૯૮ ટકા પ્રશ્નોનું ત્યાંને ત્યાં નિરાકરણ કરવામાં આવ્યું. બાકીના ૧૨,૬૦૦ પ્રશ્નો હતા, એ પ્રશ્નોના ૧.૭૮ ટકા પ્રશ્નો રહ્યા, એનું નિરાકરણ કરવા માટે રાજ્ય સરકારે એક ઉચ્ચ અધિકારીઓની એમ્પાવર્ડ કમિટીની રચના કરી, જેથી કરીને ગ્રામ સભાનો પ્રશ્ન છે, એનો ઉકેલ લાવી શકાય.

તીર્થગ્રામ યોજના, ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના છેલ્લે માનનીય મુખ્યમંત્રીશ્રીની પાવન ગામ યોજના જેવી યોજના થકી ગામને આદર્શ ગામડું બનાવવાનો માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબનો પ્રયાસ છે. ગામડામાં વસતા દરેક નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી મળી રહે અને તે માટે સક્ષમ, શિક્ષિત, ઉત્સાહિત યુવાનોની રાજ્ય સરકાર પ્રેરિત ગ્રામસભાના વિકાસમાં રચનાત્મક ભાગ લઈ શકે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે માસિક રૂપિયા ૧,૦૦૦ ઉચ્ચક મહેનતાણાથી ગ્રામ મિત્રોની નિમણૂક કરવાની જાહેરાત કરી છે, એટલું જ નહિ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડાની અંદર ગ્રામ સચિવાલય બનાવવાનો આ ભગિરથ, ઐતિહાસિક નિર્ણય લીધો છે. ગામડાના પ્રશ્નો ત્યાંને ત્યાં ઉકેલાય, એ રીતે ગામડા આગળ વધે એ રીતનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો અભિગમ છે. આ રાજ્યની અંદર જો નારી સન્માન થયું હોય, જો નારીની કોઈએ ચિંતા કરી હોય, નારીની ઇજ્જત કરી હોય તો નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારમાં થઈ છે. ભૂતકાળની વાત કરું તો ભૂતકાળની અંદર નારી કેટલી સલામત હતી એ આપણા બધા જાણીએ છીએ. એક સરકીટ હાઉસમાં નારીને ઊતરવું હોય તો ચિંતા થતી, જ્યારે આજે બેધડક રીતે ગુજરાતની અંદર વિહાર કરી શકે છે, બેધડક રીતે ગમે ત્યાં રહી શકે છે, એના

માટે મુખ્યમંત્રીશ્રીએ નારીની ચિંતા કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગર્ભમાં રહેલ દીકરીઓ માતાની કૂખમાં કબરમાં જ દફનાઈ ન જાય, કૂખ કફન ન બની જાય, એ માટે દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી છે. એ માટે માતૃવંદના, બેટી બચાવ કાર્યક્રમ જન આંદોલનના રૂપે સમગ્ર રાજ્યની અંદર ઉપાડી લીધો છે. ભૂતકાળની અંદર આવનારા ભવિષ્યની આ કોઈએ ચિંતા નહોતી કરી. પરિણામ આપણે બધા જાણીએ છીએ કે દીકરા-દીકરીના રેશિયામાં અસમતુલા છે. ૧,૦૦૦ દીકરાએ ૮૮૩ દીકરીઓ છે. આ ગંભીર સમસ્યાના માઠા પરિણામો સમાજ ઉપર ન પડે, આ ગંભીર સમસ્યાનો ઓળો સમાજ ઉપર ન પડે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતમાં માતૃવંદના, બેટી બચાવ કાર્યક્રમ દ્વારા નારી જગતનું ગૌરવ વધાર્યુ છે.

મહિલા બાળવિકાસ વિભાગને અલગ કરી મહિલાઓના કલ્યાણની ચિંતા કરી છે. બાલિકા સમૃદ્ધિદીપ યોજના દ્વારા દીકરીના જન્મથી માંડી ભણવા જાય ત્યાં સુધી ચિંતા કરી છે. જૂન માસમાં ધોમધખતો તાપ હોય, લોકો એ.સી. માં બેઠા હોય, લગ્નની સિઝન માણતા હોય ત્યારે રાજ્યના મુખ્યમંત્રીશ્રી, એમના મંત્રીશ્રીઓ, રાજ્ય સરકારના સચિવશ્રી, અધિકારીશ્રીઓ સમગ્ર ગુજરાતને માટે એક ભિક્ષુક બનીને દીકરી ભણાવવાની ચિંતા કરતા હોય તો મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપવા પડે. સ્ત્રી કેળવણીને પ્રોત્સાહન મળે અને કન્યાઓને તેમના શિક્ષણમાં આર્થિક મદદરૂપ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી નિધિની રચના કરી. દીકરી ભણે સદ્ધર થાય, આર્થિક સમસ્યાઓ ન આવે તે માટે આ નિધિની રચના કરી છે. આજે આ નિધિની અંદર ૬.૭૧ કરોડ જેટલી માતબર રકમ મળેલ છે અને એ રકમ કરવેરા મુક્ત ગણી છે, એના પરિણામે મુખ્યમંત્રીશ્રી માની રહ્યા છે કે આમાં માતબર રકમ આવશે, જેથી કરીને દીકરીઓનું કલ્યાણ થશે,એટલું જ નહિ માનનીય મુખ્યમંત્રીશ્રીએ હજુ પણ ચિંતા કરી કે આપણું ગુજરાત વિકાસની દ્રષ્ટિએ આગવું ગુજરાત છે અને સાક્ષરતાની દ્રષ્ટિએ સમગ્ર દેશમાં ૧૫ માં સ્થાને છે. કન્યા કેળવણીમાં સાક્ષરતામાં ૨૧માં ક્રમે છે. તેની ચિંતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. જેના કારણે મુખ્યમંત્રીશ્રીએ જે ગામોની અંદર ૩૫ ટકાથી નીચે સાક્ષરતા ધરાવતા ગામોની અંદર પહેલા ધોરણમાં જે દીકરી દાખલ થાય અને સો ટકા કન્યાઓનું નામાંકન થાય અને નવીન પ્રવેશ મેળવનાર એક દીકરીને એક હજાર રૂપિયાના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની જાહેરાત કરી છે. આજદિન સુધીમાં ૬,૯૬,૩૨૦ બાળાઓને વિદ્યાલક્ષી બોન્ડ એનાયત કરી શક્યા છીએ. આપણે બધા જાણીએ છીએ કે માતાઓની આર્થિક સમસ્યાના કારણે તેમનું ડિલિવરી સમયે મૃત્યુ થતું હતું. બાળકો જન્મતાંની સાથે જ મૃત્યુ પામતા હતા. આમ બાળ મરણ અને માતૃ મરણની માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ચિંતા કરી એક ચિરંજીવી યોજના અમલમાં મૂકી. તે યોજના સૌથી પહેલાં પ્રાયોગિક ધોરણે પછાત જિલ્લાઓની અંદર અમલમાં મૂકી અને ત્યારબાદ સમગ્ર ગુજરાત રાજયની અંદર આ યોજના અમલમાં મૂકી છે અને આ યોજના થકી આજે ૪૩૨૦૬ પ્રસૂતાઓને પ્રસૂતિ કરાવી શક્યા છીએ તથા આ યોજનાની અંદર આપણે ૬૮૧ સ્ત્રી રોગ નિષ્ણાતોનો સહયોગ લઈ રહ્યા છીએ. આ યોજનામાં રાજય સરકારે ૭૭,૫૫,૪૭,૭૭૦/- રૂપિયાનો ખર્ચ કરી શક્યા છીએ. આ યોજના એટલી બધી સફળ થઈ છે અને ગરીબોને આર્શિવાદરૂપ બની છે. આજે ગરીબો પોતાની બહેન, બેટી બચાવી શકે છે. રાજય સરકારની આ યોજના એટલી બધી અસરકારક છે કે જેને એશિયન ઈનોવેટીવ એવોર્ડ પ્રાપ્ત થયો છે. તેના માટે હું માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મુખ્યમંત્રીશ્રીએ નિરાધાર બહેનોની ચિંતા કરી છે. વિધવા બહેનોને પેન્શન મળે છે પણ જે બહેનો નાની વિધવા થઈ છે અને જેની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષની છે તે બહેનોને એક લાખ રૂપિયાનું વીમા કવચ આ રાજય સરકારે આપ્યું છે અને તે બહેનો પગભર રહે તે માટે ખાસ પ્રકારના તાલીમી કોર્સનું આયોજન કરવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ છેવાડાનું બાળક ભણે તેના માટે ચિંતા કરી છે. આપણે જોઈએ છીએ કે છેલ્લા ત્રણ વર્ષમાં પ્રવેશોત્સવ અમલમાં મૂક્યો છે. આઝાદીના આટલા વર્ષો થઈ ગયા, ગામડામાં મજૂરી કરતો માણસ બે ટંક રોટલો રળે તો તેના બાળકોના ભણવાની ચિંતા કયાં કરે? પરિણામે કેટલાક બાળકો ભણવા જાય, થોડુ ભણે અને પછી ભણવાનું છોડી જાય, મજૂરી જાય એટલા માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ દરેક છેવાડાના માનવીની ભણવા માટે ચિંતા કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં પ્રવેશોત્સવને કારણે ૬,૫૧,૬૫૨ કુમારો અને....

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, રમીલાબેન બેસો પ્લીઝ. બાબુભાઈ તમને સાત મિનિટ મળશે. પ્લીઝ. હું ટાઈમ લખું છું. તમે લખી લો. આપે સાત નામ આપ્યાં છે, આ બાજુથી આઠ નામ આવ્યાં છે. પહેલા વકતા૩૮ મિનિટ બોલ્યા છે. હવે દરેકને દસ મિનિટ મળતી હતી, સાત મિનિટ મળશે. નામ પ્રમાણે મે ગણતરી કરી છે. દરેકને હવે સાત મિનિટ મળશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બે સભ્યો ઓછા બોલશે.

**અધ્યક્ષશ્રી .** : તો ઠીક. દસ મિનિટ મળશે. માનનીય બાબુભાઈ ચાલુ કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીનું પ્રવચન સરકારની કામગીરીની રૂપરેખા સરકાર દ્વારા તેમને આપેલ હોય અને રાજયપાલશ્રીના સ્વમુખેથી સન્માનનીય ગૃહને સંબોધવાનો એક શિરસ્તો છે. માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રી પ્રત્યે સરકાર તરફે આભાર વ્યકત કરતો ઠરાવ મારા મિત્ર શ્રી ભરતભાઈ પંડયા લઈને આવ્યા છે ત્યારે મારે માત્ર એટલું જ કહેવાનું છે કે, માનનીય

અટલજીનું એક કાવ્ય યાદ કરો, " આવો ફીરસે દિયા જલાયેં, એમાં હમ મૂકામકો સમજે મંજિલ, લક્ષ હુઆ આંખાંસે ઓઝલ, વર્તમાન કે મોહજાલમેં આનેવાલા કલ ભૂલ ન જાએં." એ તમે આવતી કાલ ભૂલી રહ્યા છો.

માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં જુદા જુદા વિભાગોની વાત થઈ, બંદર વિભાગની વાત થઈ, આ ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો કોના લાભ માટે? મેરી ટાઈમ બોર્ડની રચના, મેં હંમેશાં કહ્યું છે કે, માનનીય મકરંદભાઈ દેસાઈ કે જે એ સ્વપ્નદૃષ્ટા નેતા હતા અને એમની આ દૃષ્ટિએ આ મેરી ટાઈમ બોર્ડની રચના કરી પણ પછી સદ્‌ગત માનનીય ચીમનભાઈ પટેલની સરકાર વખતે આ દરિયા કિનારાનો ખાનગી સાહસિકો ઉપયોગ કરી શકે એ દિશામાં ઠોસ કદમ લેવાયા, પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ એ છે કે, મેરી ટાઈમ બોર્ડના બંદરો ઉપર ટ્રાફિક ન હોય, ખાનગી બંદરો ઉપર એના વાપરનારાઓ ઉપર આપણે ભાવ નક્કી કરીએ અને એની મારફતે મેરી ટાઈમ બોર્ડને આવક થાય, ૨૦૦૫માં માનનીય રાજયપાલશ્રીના પ્રવચન વખતે મેં વાત કરી હતી એ આજે પણ દોહરાવું છું કે, ભાજપની સરકાર આ રાજયમાં જયારથી આવી છે ત્યારથી રોજના દશ કરોડ રૂપિયા ડ્રેઈન આઉટ આ રાજયમાંથી થઈ રહ્યા છે. આપશ્રીની મારફત સરકારને કહ્યું હતું કે, એની તપાસ કરાવા માટે વિરોધપક્ષના નેતાશ્રી કાં તો જાહેર હિસાબ સમિતિના ચેરમેન, નહીં તો આ સન્માનનીય સભાગૃહમાંથી ૬૦:૪૦ના રેશિયા પ્રમાણે ૬૦ ટકા સત્તાધારી પક્ષના ધારાસભ્યશ્રીઓ અને એના માટે ફેકટ ફાઈન્ડિંગ કમિટી નીમી આ પૈસા કયાં ગયા, કરજ જ્યારે વધી રહ્યું હોય ત્યારે આ પૈસા કયાં ગયા એની તપાસ કરવામાં આવે. આની અંદર જો એના વિકાસમાં એ પૈસા ખર્ચ્યા તો આપણે માનીએ પણ આ પૈસા ગયા કયાં? બજેટરી સપોર્ટ આપણે આપીએ છીએ આપણી યોજનાઓને, અને માત્ર લીધેલા કરજ ઉપર, કંઈક યોજનાઓમાં વિકાસ ખર્ચ નથી થતો. માનનીય અધ્યક્ષશ્રી,, આજે એ જે ફેકટ ફાઈન્ડિંગ કમિટીની વાત કરી હતી અને એક વાત કહેવા માગું છું કે, કઈ રીતે, આ રાજયમાં કઈ કરામતોથી રાજયની આવકો રોકી રાખવામાં આવે. મેરી ટાઈમ બોર્ડના ૧૯૯૪ના દરો જે નક્કી હતા એના કરતાં ૧૯૯૮માં દરો ઓછા થાય, ૨૦૦૩માં જ્યારે રિવાઈઝ રેઈટ આવે, થયેલ ભૂલો સુધારી લેવાય અને દર કરવામાં આવે અને ખાનગી વપરાશકારોના બંદરો ઉપરનો આપણો મોટા ભાગનો ટ્રાફિક છે, માનનીય રાજયપાલશ્રીએ કહ્યું કે લગભગ ૧૧ કરોડ ટન ટ્રાફિક આ રાજયના બંદરો ઉપર છે, આમાં ખાનગી વપરાશકારો એટલે કે કૅપ્ટિવ યોજના, જે બંદરો છે એના ભાવ દશ રૂપિયા જો ઓછા થાય તો લગભગ ૮ કરોડ ટન ટ્રાફિક એટલે કે ૮૦ કરોડનો ફરક પડે. ૫૦ રૂપિયાના ભાવ ૧૨ રૂપિયા કરી નાખીએ તો ૬૦ થાય અને જ્યારે એના ભાવની અંદર ૨૪ રૂપિયાનો ઘટાડો એટલે વર્ષે ૨૦૦ કરોડ રૂપિયાનો ઘ ટાડો ૧૯૯૮થી કોના લાભાર્થે થઈ રહ્યો છે? કોના ઉપર આ સરકાર મહેરબાન થઈ છે? રાજયની પ્રજાના ભોગે આ પૈસાનું જે ડ્રેઈનઆઉટ થયું છે એની તપાસ થવી જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોના લાભાર્થે એના નામ હું નહીં આપું પણ એ મેળવીને સરકાર સમયસર આપે કે કોના લાભાર્થે કયા અધિકારીઓએ કરેલું છે અને આ એક ખરેખર મોટામાં મોટું સ્કેન્ડલ જે છે એ ૧૦૦૦ કરોડ કરતાં વધુ રકમનું છે એ હું આપના દ્વારા માનનીય સભાગૃહના ધારાસભ્યશ્રીઓને કહેવા માગું છું.

માનનીય રાજયપાલશ્રીએ રાજય સરકારની વાતોમાં કહ્યું તો હું જે વિસ્તારમાંથી આવું છું એ કચ્છની કેવી અવગણના થયેલી છે એના બે માત્ર ઉદાહરણ આપવા માગું છું કારણ કે સમયની પાબંધી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૩૬૧૩ જળસિંચાઈના સ્ટ્રકચર થયા એમાં કચ્છમાં માત્ર ૧૮ ચેકડેમો આ રાજયમાં ૧૪૫૯૬ થયા એમાંથી કચ્છમાં માત્ર ૨૮૭ થયા છે. સૌથી વધુ પાણી બચાવવાની જરૂરતવાળો વિસ્તાર જો કોઈ હોય તો એ કચ્છ છે. રાજયમાં આપણે બહુ ઈન્કમ્ફર્ટ છીએ અને હંમેશા વારંવાર આ સભાગૃહમાં મેં કચ્છની વેદનાઓની વાત કરી છે પણ એમાં કોઈ ફેર નથી પડતો. હમણા અમારે તળાવો રીપેર કરવા માટે ૨૪ કરોડની જરૂરત હતી એની સામે માત્ર ૬૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા. નર્મદાનું પાણી કયારે આવશે એની ખબર નથી. હમણા જ કચ્છની અંદર ઈકોલોજી કમિશન દ્વારા અને ડેઝર્ટ ઈકોલોજી ઇન્સ્ટિટ્યૂટ દ્વારા એક સૅમિનાર પણ થઈ ગયો એમાં બધા જ તજજ્ઞોએ ભલામણ કરી કે, નર્મદાનું પાણી આવે ત્યાં સુધી વરસાદનું પાણી દરિયામાં જતું તમે રોકો. તો એના માટે થઈને ગયા વર્ષમાં કોઈ કામ થયું નથી. ટપક પદ્ધતિની વાત કરી, વખાણ કર્યા અને માનનીય કૃષિમંત્રીશ્રીને ધન્યવાદ પણ આપ્યા અમે પરંતુ એમાં કેટલો ખર્ચ થયો છે એની માનનીય કૃષિમંત્રીશ્રી આત્મખોજ કરે અને એમાં પણ કચ્છમાં કેટલો ખર્ચ કર્યો છે એના આંકડા પણ આપે. માનનીય અધ્યક્ષશ્રી, હમણા કહ્યું કે, આ દેશમાં ૫૪ ટકા રોજગારી આપનારું રાજય ગુજરાત છે ત્યારે આ રાજયમાં અનાજનું ઉત્પાદન થયું એના પણ આંકડા આપે. દેશમાં બે ટકા અનાજનું ઉત્પાદન વધ્યું પણ ગુજરાતમાં કેટલું વધ્યું? ત્રણ આંકડા નથી કહ્યાં એટલું સારું છે પણ ત્રણ આંકડાની ખૂબ નજીકની વાતો કરી છે. વરસાદ સારો પડયો અને એનો યશ કૃષિમંત્રીશ્રીને મળે છે એટલે અમે એને શુકનવંતા કૃષિમંત્રી કહીએ, પણ એ કંઈ રાજય સરકારને કારણે થયું છે એ સ્વીકારી શકાય એવી વાત નથી.

રોજગારીના ક્ષેત્રે એમના જ આંકડા છે સામાજિક અને આર્થિક સમીક્ષા ગુજરાત રાજયના આંકડા છે એમાં આજે ખાનગી ક્ષેત્રમાં કદાચ રોજગારી વધી હશે પણ અર્ધ-સરકારી સંસ્થાઓ અને રાજય સરકારની સંસ્થાઓમાં ૨ લાખ ૮૩ હજાર લોકોને ૨૦૦૧માં કામ મળતું હતું, અર્ધ-સરકારી સંસ્થાઓમાં આજે ચાર વર્ષ પછી માત્ર ૨ લાખ ૪૪ હજાર કર્મચારીઓ જ રહ્યા છે. રાજયમાં ૧ લાખ ૯૯ હજાર કર્મચારીઓ ૨૦૦૧માં સરકારી નોકરીઓમાં હતા, આજે ચાર વર્ષ પછી આ ડીકલાઈન્ડ થઈને ૧ લાખ ૮૪ હજાર લોકોને જ સરકારી નોકરીઓમાં કામ મળે

છે. એટલે આ બધી ઈ-ગવર્નન્સ અને બીજી બધી વાતો કરીએ છીએ એ પ્રોગ્રામને કારણે થયું છે. ગામડાંમાં તલાટી ન હોય, મારા વિસ્તારની વાત કરવા માગું છું પણ એ જે તે વિભાગની માગણીઓ આવશે ત્યારે કહીશ હું, પરંતુ રાજયપાલશ્રીના પ્રવચનમાં પંચાયત રાજની સિદ્ધિ હોય કે વંચિતોની વાત હોય, આર્થિક રીતે દબાયેલા-કચડાયેલા લોકોની વાત હોય કે બીજી કોઈ પછાતોની વાત હોય, અત્યારે સામાજિક અધિકારીતા મંત્રીશ્રી હાજર નથી પણ આપના મારફત હું એમને સંદેશો પહોંચાડવા માગું છું કે, મારા વિસ્તારના કોળી-પારધી અને દેવી પૂજક સમાજ એટલે વાઘરી સમાજના ભાઈ-બહેનો જે શિડયુલકાસ્ટમાં આવતા હતા એમાંથી રાજય સરકારની ભલામણથી કેન્દ્ર સરકારે એમના અધિકારો છીનવી લીધા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કારણોસર માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવને હું મારું અનુમોદન આપી શકું તેમ નથી.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ પંડયા માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કયારનો બેઠો બેઠો જોતો હતો અને સાંભળતો હતો, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી અને મુરબ્બી શ્રી બાબુકાકા રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવના સંદર્ભમાં વાત કરતા હતા. વિરોધ પક્ષના નેતાશ્રી •* (xxxxxx), (અંતરાય) * (xxxxxx) શબ્દ એટલા માટે યાદ આવ્યો કે આપણે પોળમાં પેલી બહેનો લડતી હોય આમ હાથ કરી કરીને એમ તેઓ હાથ કરી બોલતા હતા એટલે મારા મગજમાં લડવા લડવાની વાત ચાલતી હતી એટલા માટે આ * (xxxxxx) શબ્દ યાદ આવી ગયો. એટલે * (xxxxxx) શબ્દ એટલા માટે યાદ આવ્યો હતો. વિરોધપક્ષના નેતા મોઢવાડિયાજીએ અલગ અલગ વિષયોની વાતો કરી છે. મારે એમને ખાસ એક વાત કહેવાની.. એમણે જે શરૂઆત કરી તેમાં હું ઊંધેથી કરું છું એમણે ગૃહની વાત છેલ્લે કરી છે. મારે એમને જે આંકડા આપવા છે ૧૯૯૧ થી ૧૯૯૪ની અંદર એમણે જે વહીવટ કર્યો છે એમાં ખૂન ૫૯૪૩ આજે ૪૫૧૩, ખૂનની કોશિશ ૩૨૫૩, આજે ૧૮૬૪, ધાડ ૧૪૪૮ આજે ૧૩૦૦, ઘરફોડ ચોરી તમામ ૨૩૨૫૯ આજે ૨૧૭૩૧. ચોરીઓ તમામ ૮૫૭૦૮ કુલ્લે જોવા જાઓને અલગ અલગ ઈજાઓ, અપહરણ એમણે અપહરણની વાત કરી, એમના સમયમાં એટલા બધા અપહરણ થયાં હતા પણ આજે અપહરણનું પ્રમાણ ઘટ્યું છે. ઓવરઓલ એવરેજ ૧૦ ટકાનો ઘટાડો થયો છે. ગુજરાતની એમણે જે વાત કરી એ વંચિતોના સંદર્ભમાં એમાં પણ ગૃહ ખાતા તરફથી મેં આંકડા લીધા છે એમના સમયમાં ૧૯૯૦ થી ૧૯૯૪ની અંદર જે એસ.સી. દલિત સમાજની અંદર મર્ડર થયાં છે ૧૧૨ આજે ૭૧ છે જે ગ્રીવીયસ હર્ટ કહે છે એવા ૩૭૬ હતા આજે ૨૭૨ છે. રેપના કેસો એમાં પણ ઘટાડો થયો છે. એવા કેટલા બધા ઓફેન્સીસ એનો કુલ સરવાળો કરીએ તો એમાં ૩૭ ટકા જેટલો ઘ ટાડો આજે દેખાય છે. વંચિતોની તમે વાત કરો છો એવા આદિવાસી સમાજમાં પણ આદિવાસી વિસ્તારમાં પણ ૪૮ ટકાનો ઘટાડો થયો છે. 'ચલો જલાએ દીપ જહાં અભી ભી અંધેરા હૈ'એ વાતને લઈને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫ હજાર કરોડ રૂપિયાની જે વાત કરી, આદિવાસી વિસ્તારમાં ૨૦૧૦ સુધીમાં જે વિકાસ કરવાની દિશામાં આગળ લઈ જવાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે હજી એનાથી એમને સંતોષ નથી એમને કલ્પનામાં નથી આવતું એમાં પણ વાંધાવચકા ઊભાં કરવા છે. હું માનતો હતો કે ગૃહના બધા સર્વાનુમતે આને સ્વીકારશે પરંતુ એ વાત એમને ધ્યાનમાં નથી આવતી પણ પાણીમાંથી પોરાં કેમ કાઢવા? એમને આટલા વર્ષોમાં કશું કર્યુ નથી આ તો અમારી કેન્દ્ર સરકારે આમ કર્યુ એની વાત કરે છે, ગુજરાતની વાત કરવી છે તો આમને આમ ૧૫ વર્ષ થયાં છે હજી બીજા ૧૫ વર્ષ કાઢવાના છે આજે પંજાબ અને ઉત્તરાખંડના રિઝલ્ટ આવી ગયા છે એ એમને ખબર નથી હજી આનાથી ખરાબ રિઝલ્ટ તમારું આવવાનું છે. બહુ દિવસો દૂર નથી તમારા માટેના. એમણે કેન્દ્ર સરકારની વાત કરી કેન્દ્ર સરકારના અન્યાય એમણે કેન્દ્ર સરકારમાં પણ ૨૦૦ મેગાવોટ વીજળી લઈ ગયા છે એ તો એ પોતે પણ કબૂલ કરે છે. ૪૦૦૦ મેગાવોટ વીજળીની વાત કરીને ગુજરાતમાં કેટલી વીજળી આપી છે એનો વિચાર એ પોતે જ કરેને? એસ.જી.આર. ની ગ્રાન્ટ કેન્દ્ર સરકારમાંથી આવવાની હોય એમાં ૧૫ ટકા ગ્રાન્ટ મુસ્લિમ વિસ્તારોમાં વાપરવી એવી સૂચના હોય, ફક્તને ફક્ત મતોનું રાજકારણ કરવાનું, મુસ્લિમોના તુષ્ટીકરણની નીતિ, યુ.પી.માં ઇલૅક્શન છે એટલે તમે ધમપછાડા કર્યા આ જ ઉત્તરાખંડ અને પંજાબ જેવું યુ.પી.માં થવાનું છે, ઇલૅક્શનમાં તમે ફાવવાના નથી.

સચર કમિટીના રિપોર્ટની વાત થઈ, મુસ્લિમોના રિપોર્ટ કરાવવાની વાત થઈ, મુસ્લિમોને કેવી રીતે અનામત આપી શકાય એની વાત થઈ આ એમની કેન્દ્ર સરકાર ચાલે છે આ એમની યુ.પી.એ. સરકાર ચાલે છે આટલી બધી અનહદ મોંઘવારી એ મોંઘવારીના મૂળમાં કોણ છે? દલિતોની વંચિતોની તમે વાતો કરો છો અહીંયા બેઠાં બેઠાં બોલવામાં આવે છે પણ આવો તમે ગામડામાં આવો, હું ગામડાનો પ્રતિનિધિ છું હું ગામડામાં ફરું છું દલિતોની પરિસ્થિતિ, ગામડાંના ગરીબોની પરિસ્થિતિ મેં નજીકથી જોઈ છે. હજી આજે પણ હેન્ડપંપ માટે અમને લાડવા ખવડાવવામાં આવે છે. આ બધી કમનસીબી કોની છે? આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ પાણીની પૂરેપૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. વીજળીની વાત કરી છે ચાલો અમારા ગામમાં ચંદ્રિકાબહેન બોલતા હતા અરે બહેન તમે આજે ફરિયાદ કરતા હતા અમે વાળુ કરવા જતા હતા અને લાઈટ બંધ થતી હતી,

---

• * (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

સમાચાર જોવા જતા હતા અને લાઈટ બંધ થતી હતી, જ્યોતિ ગ્રામ યોજનાનો લાભ આપ નથી લેતાં? અમે જ્ઞાતિજાતિના વાડા નથી ઊભાં કરતાંને ? આ તો સમરસ ગામ બહેન કહે છે એ વાત સાચી છે સમરસ ગામની વાત અમે કરી. પણ સમરસ નહિ કરવા દેવાનું ત્યાં ભાગલા પાડો અને રાજ કરો તમે એમની સામે તો અમે એમની સાથે, આ સામે અને સાથેની રાજનીતિથી અત્યારસુધી ચાલ્યું છે આ ૧૫ વર્ષનો વનવાસ છે હજી બીજા પંદર વર્ષનો વનવાસ થવાનો છે. એમનાથી સહન થતું નથી. ગુજરાતની પ્રગતિ સહન થતી નથી. સાહેબ ગુજરાતની અંદર આટલા બધા આ બલવંતસિંહ જેવા તો ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ માણસો છે આ ગુજરાતની અંદર તેમની કેન્દ્ર સરકાર હોવા છતાં એક સ્ટેજ ઉપર બધાજ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો બેઠા હતા. બધાજ એક સાથે કહે કે ગુજરાતની અંદર ઔદ્યોગિક વિકાસ કરવો આવશ્યક છે. છબીલદાસે એમ.ઓ.યુ.કર્યા છે. આ મોઢવાડીયાજીને એમ.ઓ.યુ.કરાવવા છે સાહેબ. મોઢવાડીયાજીને ઑપરેશન ઓફ ઉઠા ભણાવવા. આપણે એમ.ઓ.યુ.એટલે ઉઠા ભણાવવા. એટલે બધાને સમજણ પડે કે આ ઉઠા કેમ ભણાવાય તેનું એમ.ઓ.યુ. પણ થઈ શકે જો કરાવવું હોય તો. આ તો પદ્ધતિ કહેવાય. ૨૦૦૩-૨૦૦૫ની અંદર તેમણે જોયું ૧ લાખ ૭૨ હજાર કરોડના એમ.ઓ.યુ.થયા. તેમાંથી આજે ગુજરાતમાં ૧ લાખ ૪૦ હજાર કરોડના કામો શરૂ થઈ ગયા છે. આજે તેમણે આનંદ લેવો જોઈએ કે ગુજરાતની અંદર ૬ લાખ ૪૧ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે. મશ્કરીના રૂપમાં વાત કરે કે ૧૯ હજાર મેગાવોટ વીજળીના સંદર્ભમાં અને ૧૯ હજારમાં તમે જ ૨૦ હજાર કરોડ રૂપિયા ખર્ચીને ૪ હજાર કરોડ વીજળી ઉત્પન્ન કરી શકતા હોય તો આ પ્રાઇવેટ પાર્ટી કેમ ના કરી શકે ? ખુશ થવાની વાત હોય તેને બદલે પાણીમાંથી પોરા કેમ કાઢવા અને રોજગારીની વાતમાં તો તેમને બોલી શકાય તેમ છે જ નહીં. અનેકો અનેક રોજગાર નવયુવાનો અમે લડ્યા છીએ, અમે આંદોલનો કર્યા છે, અનેકો અનેક યુવાનોની રોજગારી માટે કેટલીય વખત અને આજે સરકાર તરફથી આ રોજગારીની તકો ઉભી કરવામાં આવે છે હમણાં જ કહું મને કહેવામાં આવ્યું કે તમારા ગામડાંમાં દશમું ધોરણ પાસ હોય એટલા છોકરા મારી પાસે લાવો અમારી ફેકટરીમાં અમે ટ્રેનિંગ આપીએ. મેં મારા કપડવંજમાં હમણાં સૂચના આપી કે આપણે ત્યાં દશમું ધોરણમાં ભણતા છોકરાઓને આટલી બધી રોજગારીની તકો ઉભી થાય છે. સાચું કહું છું. તમારે ત્યાં દશમું ધોરણ પાસ હોય છોકરા તો તેને મારી પાસે મોકલજો હું નોકરી અપાવીશ. તેને ટ્રેનિંગ હું અપાવડાવીશ. અમે કોલેજ ટુ કૅરિયરના સંદર્ભમાં વાત કરી છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## સભ્યશ્રીના નામ અંગે

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મોઢવાડીયા સાહેબના બદલે તેમણે • * (xxxxxx) શબ્દ વાપર્યો છે તે દૂર કરવો જોઈએ.

**અધ્યક્ષશ્રી .** : * (xxxxxx) શબ્દ હોય તો કાઢી નાખજો.

**શ્રી બિમલ શાહ** : તેનાથી આગળ કૃષિના સંદર્ભમાં અનેકો અનેક વાત કરી. આંકડા આપ્યા. મને દુ:ખ એટલા માટે થાય છે કે તેમણે એટલો તો સ્વીકાર કરવો પડશે કે ૯ હજાર કરોડની ઉપજના આજે ૩૨ હજાર કરોડ રૂપિયા ઉપજ થઈ છે કે નથી થઈ. ? કૃષિ મહોત્સવના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને આજે ખેડૂતોના ધ્યાનમાં એટલી વાત તો આવી છે કે આજે અમારે જમીનનું પરીક્ષણ કરાવવું જોઈએ. મારે ત્યાં ખાતરની જરૂર નથી તો નહીં વાપરવું જોઈએ. મારે ત્યાં પોટાશની જરૂર હોય તો મારે પોટાશ વાપરવું જોઈએ આ પ્રયોગ તો કરાવડાવ્યા છે. ( સમય સૂચક ઘંટડી ) હું દંડકશ્રીને વિનંતી કરું છું કે દશ મિનિટ મને વધારે આપશે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર વ્યક્ત કરતા પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગોલ્ડન ગુજરાત, ગ્લોબલ ગુજરાત કે ગોબેલ્સ ગુજરાત તેમાં મારે શું સમજવું? કારણકે આ સરકારમાં કોઈ દુ:ખી નથી, આ સરકારમાં કોઈ સુખી નથી. બધા આંબલિયાની ડાળ પોપટની વાત હતી કે પોપટ આંબલિયાની ડાળે ખાય, પીવે છે અને લહેર કરે છે. ત્યારે મને એ યાદ આવ્યું કે ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે પેલા મઠના છાંયા નીચે આરામ કરે છે મને લાગે છે કશું જોઈ શકતા નથી ત્યારે મારે અધ્યક્ષશ્રી બીજી વાતો કરવી નથી પણ જન ભાગીદારીમાં જે કામો થયા તે કામો કોણ લઈ ગયું કોના મારફતે થયા. તેમાં મોટા ખેડૂતો ફાવ્યા છે સીમાંત ખેડૂતોને લાભ મળ્યો નથી. અહીં તલાવડીઓની વાત થઈ. મારે ત્યાં તલાવડીઓનું અસ્તિત્વ જ નથી ત્યારે સુજલામ્ સુફલામ્‌ની વાતો કરે છે. ખેડૂતોને એનો કેટલો ફાયદો થયો, એ મને ખબર છે. ખેડા અને આણંદ જિલ્લાની વાત કરું છું. ૨૦૦૫-૦૬માં ૧૦૦ કરોડ રૂપિયાનું નુકસાન બટાટામાં અને ખેતીવાડીમાં થયું હતું. આ વર્ષે પણ અતિવૃષ્ટિને કારણે બટાટામાં ૧૦૦ કરોડનું નુકસાન થયું છે. મારે માનનીય કૃષિમંત્રીશ્રીને એટલું જ કહેવાનું છે કે તમે ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયા માફ કરી શકતા હોય તો આવા દબાયેલા, કચડાયેલા અને સીમાંત ખેડૂતો માટે શું કરવા માગો છો? અતિવૃષ્ટિમાં ભૂપેન્દ્રસિંહજી આવ્યા હતા અને એમણે નજરોનજર જોયું છે કે ૪૦, ૪૦ દિવસ સુધી પાણી ભરાયેલું

• (xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હતું અને નીકળવાનો રસ્તો નહોતો. કોઈપણ ઘરમાં રહી શકાતુ ન હતું. (અંતરાય) ભૂપેન્દ્રસિંહજીએ જોયું, પણ પ્રજાની આવી પરિસ્થિતિ હોય ત્યારે એમને લાગ્યું કે અહીંયા આવીને વસવાટ કરવો જોઈએ. સુરતની સ્થિતિ તો સૌ કોઈ જાણે છે. એવા સંજોગોમાં સરકારે વહેલામાં વહેલી તકે જે પગલાં લેવાં જોઈએ એ લઈ શકાયા નથી.

ખેતીની વાત થાય છે. અહીંયા જમીન સુધારણા કરી. ટોચમર્યાદા કાઢી નાંખી. આજે નવી શરત અને જૂની શરતની વાત થાય છે. અહીં બેઠેલા સૌ કોઈને પૂછવું છે કે માઉન્ટ આબુથી સુરત સુધી નાના અને સીમાંત ખેડૂતો પાસે જમીન રહી છે ખરી? ગણોતધારો એટલા માટે કર્યો હતો કે આદિવાસી કે નાના કે સીમાંત ખેડૂતો કે ગરીબ ખેડૂતો હોય એને જમીન મળશે તો પેઢીઓ સુધી કુટુંબનું ભરણપોષણ કરી શકશે. આજે એ જમીનો એમની પાસે રહી નથી. કોના માટે આ બધુ કરો છો તમે? કરોડો રૂપિયાના ખર્ચ કરીને એ જમીનો મોટા માણસો પાસે, ઉદ્યોગપતિઓ પાસે ચાલી ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટપક પદ્ધતિ કે ફૂવારા પદ્ધતિનો લાભ કોને આપ્યો? એ લાભ મોટા ખેડૂતોને આપ્યો છે. નાના અને સીમાંત ખેડૂતો પૈસા ખર્ચી શકે તેમ નથી. અને એને લીધે એ એનો આશરો લઈ શકે તેમ નથી. આપ જેટલી જેટલી યોજનાઓ કરો છો તેનો લાભ ગરીબ અને સીમાંત ખેડૂતોને મળે છે ખરો? આપણે ગરીબોની વાત કરીએ છીએ, પણ કચડાયેલા અને દબાયેલા વર્ગ તરફ આપણી દૃષ્ટિ હોય છે ખરી? આદિવાસીઓને જઈને પૂછો. (અંતરાય) ૧૫ હજાર કરોડ ભલે ખર્ચ્યા, પણ શબ્દોથી કે આંકડાની માયાઝાળથી પ્રજાનું પેટ ભરાતું નથી. (અંતરાય) એ ૫ ટકા લાવે કયાંથી? એક પૈસો પણ એ નાના ખેડૂતો પાસે રહ્યો નથી.

સમરસ યોજનાને અમે આવકારતા હતા. અમે ૬ થી ૭ સમરસ ગ્રામ પંચાયતો કરી. તમે તો દોઢ લાખ આપો છો, અમે તો લોકસભાના સભ્યની ગ્રાન્ટમાંથી ૧ લાખ, જિલ્લા પંચાયતમાંથી ૧ લાખ અને મારી ગ્રાન્ટમાંથી ૧ લાખ આપીએ છીએ. આપ તો મામલતદાર, તલાટી, ગ્રામસેવક એ બધાને મોકલી મોકલીને ફરજ પાડો છો. કરિયાણાવાળાને કહે કે તારે ધંધો ચલાવવો છે? નાના લોકોને કહે કે તમારે અહીં રહેવું છે? એમ ફરજ પાડી પાડીને સમરસ કરી. સરપંચ ચૂંટાય, પણ કોના ચૂંટાય? એ તો ખબર છે. એનું સન્માન રાખવામાં તલાટીએ ભાગ ભજવ્યો, શિક્ષકે, મામલતદારે બધાએ એટલા માટે ભાગ ભજવ્યો કે સન્માન કરાવવું છે. દબાયેલા, કચડાયેલા લોકોની ચિંતા ન કરી અને દબાણ કરવાનું કામ કર્યુ એની સાથે સંમત થઈ શકાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગ્રામજયોતિની વાત ચાલે છે. આજે પણ તમે આણંદ અને ખેડા જિલ્લામાં જઈને પૂછો કે તમને ૨૪ કલાક વીજળી મળે છે ખરી? પેલા ખેડૂતને જઈને પૂછો કે ૫, ૬ કલાકથી વધારે વીજળી મળે છે ખરી? જે મળે છે એ પણ ત્રુટક ત્રુટક મળે છે. હા. તમે યુરિયા ખાતર પૂરું પાડી શકયા નથી. ઘંઉનું બિયારણ પૂરું પાડી શકયા નથી. એ હાલમાં કયાં ગયું છે અને શું થયું છે એ તમારે તપાસ કરવાની છે. તમે સરકારમાં છો. મારા ખેડૂતોને સુધારેલું બિયારણ મળવું જોઈએ, પાણી મળવું જોઈએ. એ પાણીની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં મળી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શંકરભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય ઈશ્વરભાઈ મકવાણા.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ પંડયા માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું અને એના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં આરદણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે દિવસથી શપથ લીધા તે દિવસથી આ રાજયને એક "આગવું ગુજરાત" અને "આપણું ગુજરાત" બનાવવા માટે દૃઢ સંકલ્પ સાથે કામગીરી કરી છે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં નજરે ઉડે, નજરોનજર દેખાય એવા પ્રકારની સ્પષ્ટ અને સચોટ માહિતી આપતું, આંકડાકીય માહિતી સાથેનું વાસ્તવદર્શી પ્રવચન છે, પરંતુ આ પ્રવચનને અનુમોદન કરવાને બદલે ટીકાટીપ્પણ કરીને, ભાવનાને પણ સમજયા વિના જ વિરોધ થઈ રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક વાત બહુ સરસ યાદ આવે છે કે હમણાં જ વિધાનસભા શરૂ થઈ ત્યારે ૧૨-૦૦ વાગ્યે હું ગૃહમાં પ્રવેશ કરતો હતો ત્યારે લાડું અને પેંડા વહેંચાતા હતા, ખભે ખેસ નાખીને ભાજપના કાર્યકર્તાઓ લાડું વહેંચતા હતા. મેં બે લાડું ખાધા અને તેમને પૂછયું કે તમે વહેંચો છો તો ખરા, પરંતુ કોંગ્રેસના ધારાસભ્યો ખાય છે ખરા? તો દિલગીરી સાથે કહે કે ના, નથી ખાધા. મને દુઃખ થયું, તેમના ચહેરા ઉપર મીઠાશ દેખાતી નથી. કમસે કમ હરખાવા જેવું કામ આ દેશમાં પ્રજાએ કર્યુ છે એ જાણી શકશે અને એટલા માટે મારે કહેવું છે કે આજે કોંગ્રેસીઓ, ગુજરાતના કોંગ્રેસીઓ દૂર્યોધનની દ્વિધામાં છે. દૂર્યોધનની દ્વિધા કેવી હતી એ દૂર્યોધનના શબ્દો મારે આ સુજ્ઞ સભાગૃહ સમક્ષ રજૂ કરવા છે. એ કહે છે કે હું પ્રજાને જાણું છું, વિકાસ શું છે, પરંપરાઓ આ રાજયમાં પ્રસ્થાપિત થયેલ છે એ હું જાણું છું. એ કહે છે કે 'જાનામી ધર્મ નચમેવ પ્રવૃત્તિ, જાનામિ અર્ધમ નચમેવ નિવૃત્તિ" એટલે કે ધર્મ શું છે એ હું જાણું છું પરંતુ આચરણમાં મૂકી શકતો નથી અને અધર્મ શું છે એ હું જાણું છું, પરંતુ એને છોડી શકતો નથી. તો હું મારા કોંગ્રસી મિત્રોને કહું છું કે તમે હવે આ દૂર્યોધનની દ્વિધામાંથી બહાર આવો, આ ગુજરાતનો વિકાસ થઈ રહયો છે એના તમે ભાગીદાર બનો, એમાં સહભાગી બનો, એના જશના તમે ભાગીદાર બનો. આ રાજયના મુખ્યમંત્રીશ્રી એ જશને એમના પડખામાં કે એમના ગજવામાં લઈને ફરતા નથી, એને ખુલ્લા મેદાનમાં મૂકે છે, એ વિકાસની દડી આપણને રમવા આપે છે અને એ ખેલવા માટે બધાને આમંત્રણ

આપે છે, પરંતુ પેટની પીડાને ગામની અંદર લાવીને જે રીતે બે મોંઢાની વાતો કરે છે એ મારા કોંગ્રેસી મિત્રોને શોભતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના વિકાસની વાત કરવા માગું છું કારણ કે હું એ વર્ગમાંથી આવું છું અને મારે એમનું ધ્યાન રાખવાનું છે. અમે વિકાસના વંચિતોની વાત અને ગરીબી હટાવોની વાત પહેલાં સાંભળતા હતા. ઈન્દીરાજીએ ગરીબી હટાવોનું એક સુંદર સૂત્ર લાવ્યાં હતાં. જે દિવસથી કોંગ્રેસની સરકારે ઈન્દીરાજીના નેતૃત્વ હેઠળ ગરીબી હટાવોનું સૂત્ર ભીંત ઉપર લખ્યું એના ગણતરીના દિવસોમાં જ દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં એક રાજકીય યુવાન નેતાએ એની ઉપર બૂલડોઝર ફેરવી નાંખીને ગરીબોને જ હટાવી દીધા છે અને એ દિવસથી કોંગ્રેસની સરકારને આ રાજયમાં કોઈ ગરીબ દેખાતો નથી. આ ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબ અને દલિત લોકો ઉપર બૂલડોઝર ફેરવીને મતલક્ષી, મતલબી રાજકારણની વાતો કરનારા લોકો પોતાની મતબેંકોને આધારે રાજકારણ ખેલતા લોકો કયા મોંઢે દલિતોના હામી તરીકેની પોતાની સાબિતી બતાવે છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ચાલુ વર્ષે ૧૬૧ કરોડ રૂપિયાની નાણાકીય જોગવાઈ અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે રાખવામાં આવેલ હતી. ડિસેમ્બર, ૨૦૦૬ ના અંતે પ્રિ એસ.એસ.સી. અને પોસ્ટ મેટ્રિક સુધીના ૭ લાખ ૪૭ હજાર વિદ્યાર્થી ભાઈબહેનોને ૩૦ કરોડ રૂપિયાથી વધારે સ્કોલરશીપ આપીને તેમના ભણતરને પ્રોત્સાહન આપ્યું છે. વિદેશમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓને ભણવા માટે મોકલ્યા છે અને એની પાછળ ૨ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો છે. જૂનિયર વકીલોને નાના પાયા ઉપર પોતાની વકીલાત કરીને પ્રેકટીસ કરી શકે એ માટે ૯૪ લાખ રૂપિયા જેટલી રકમ વાપરીને તેમને સક્ષમ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્દિરા આવાસની વાતો સાંભળતા હતા. કયાંક તળાવમાં, નદીના કિનારે, કયાંક કોઈ રહેવા ન જઈ શકાય, પાણી નહીં, રસ્તો નહીં, જે ચણ્યા તે માટીમાં ચણ્યા અને પડી ગયા, બીકના માર્યા કોઈ રહેવા ન જઈ શકે તેવી એ ઈન્દિરા આવાસ યોજના હતી, જ્યારે આજે બાબા સાહેબ આંબેડકર યોજના, ૨૧૫૦ લાભાર્થીઓને ૬ કરોડ ૯૫ લાખ રૂપિયા જેવી માતબર રકમથી પોતાના મકાનો આપવામાં આવ્યા. આ તો સામાન્ય વાત છે, અત્યારે સમયનો અભાવ છે, આપ ઉદાર થાઓ અને વધારે સમય પાંચ મિનિટનો આપો તો મારે હજુ વધારે વંચિતોના વિકાસની વાત કરવી છે.

પ્રવાસન વિભાગની મારે વાત કરવી છે, સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને લાગશે કે વંચિતોના વિકાસમાં પ્રવાસન કયાં આવ્યું, પણ આ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ ચાલુ વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરીને ઉજવ્યું છે ત્યારે દેશના અને રાજયના ઐતિહાસિક યાત્રાધામોનો વિકાસ કરવાનો વિચાર થશે એમ હું સમજતો હતો. અંબાજી અને મોઢેરા જેવા યાત્રા ધામોનો વિકાસ થશે એમ સમજતો હતો, એ તો થયો, પણ આ સભાગૃહને મારે બહુ વિનયપૂર્વક જણાવવું છે કે જિલ્લા કક્ષાએ બે કરોડ રૂપિયા ફાળવ્યા પ્રવાસન ધામના વિકાસ માટે એમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે આમાંથી દસ ટકા રકમ દલિત અનુસૂચિત જાતિના યાત્રા ધામોના વિકાસ માટે વાપરવાના છે. મને કહેતાં ગૌરવ થાય છે કે મારા મત વિસ્તારમાં સિદ્ધેશ્વરી માતાનું ઐતિહાસિક મંદિર છે, એની ઈતિહાસની ગાથા બહુ મોટી છે જો કહેવા જઉં તો મારો સમય કપાઈ જાય, પણ તે મંદિરના સ્થાનના વિકાસ માટે ૧૨ લાખ રૂપિયા ફાળવ્યા, એવી જ રીતે અમારા દલિત સમાજના મહાન સંત થઈ ગયા, જુનાગઢમાં તેમણે સમાધિ લીધી હતી તે બાલક સાહેબ, જેમણે ૩૩ વર્ષની નાની વયે સમાધિ લીધી હતી. અને સમાજને પ્રેરણા આપી હતી. સમાજ સુધારણાનો માર્ગ દેખાડયો હતો. સઠીયાળી ગામમાં તેમના મંદિર માટે સાડા આઠ લાખ રૂપિયા ફાળવી અને તેનો જીર્ણોદ્ધાર કરવાની વાત કરી છે. એ જ રીતે અમારા પાટણમાં વીર માયા દેવનું મંદિર આવેલું છે. આ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ જ્યારે એક વખત ૧૫ મી ઓગષ્ટની ઉજવણી પાટણમાં કરી હતી ત્યારે પહેલા વીર માયા દેવના ટેકરે જઈ અને શપથ લઈ અને કહ્યું હતું કે આજથી આ વીર માયા દેવના નામનો એક લાખ રૂપિયાનો એવોર્ડ આપવામાં આવશે. અને માત્ર તેની જાહેરાત કરી દીધી છે એવું નથી, પણ તેને વિકસાવવા માટે અને તેનું ભવ્ય મંદિર થાય તેના માટે થઈ અને અમારા સાંસદ, ભારતીય જનતા પાર્ટીના એમ.પી., અમારા ધારાસભ્ય અને આ સરકાર, બધાએ સાથે મળી, અને મને આ ગૃહને કહેતા ગૌરવ થાય છે કે દોઢ કરોડ રૂપિયાથી વધારે રકમ ખર્ચી અને એ મંદિર ભવ્ય મંદિર બની રહ્યું છે. ગરીબી હટાવવાની પારાશીશી કેન્દ્ર સરકારે નક્કી કરેલી છે. ઈન્દિરા ગાંધીના શાસનમાં વીસ મુદ્દાનો કાર્યક્રમના અમલીકરણનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. અને ગરીબોની વાત કરનારા અને ગરીબી હટાવવાની વાતો કરનારાને મારે કહેવું છે કે આ રાજય, ગુજરાતમાં ૨૦ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણમાં હિન્દુસ્તાનમાં સર્વથી આગળ અને સર્વ પ્રથમ રાજય રહ્યું છે. આ વીસ મુદ્દાના અમલીકરણનો કાર્યક્રમ એ દલિતો, ગરીબો અને છેવાડાના માનવીના વિકાસની પારાશીશી છે. અને તેનો આર્થિક, સામાજિક અને રાજનૈતિક અને સાંસ્કૃતિક વિકાસ માટેના મુદ્દાઓ છે. અને આ રાજયે કોઈપણ પરિવર્તન કર્યા વગર તેનો અમલ થાય તે માટે નમ્રતાપૂર્વક, પ્રમાણિકતા પૂર્વક નેમ કરી અને અમલ થાય તેના માટે આ રાજય સરકારે યોજના કરી છે. દલિતોને બહેકાવવા માટેનું એક રાજકારણ પણ કેન્દ્રની યુ.પી.એ. સરકારમાં ચાલી રહ્યું છે. મને કહેતા પણ શરમ આવે છે અને દુ:ખ થાય કે આદેશના દલિતો હવે આ પ્રચારથી છેતરાય એમ નથી. દેવ ગોવડાના વખતથી આ ચલાવ્યું છે. મુસ્લિમ થયેલા દલિત, ખ્રિસ્તી થયેલા દલિતને અનામતનો લાભ આપવાની વાત કરવામાં આવે છે. આ દેશની સુપ્રીમ કોર્ટે ૪૯ કરતા વધારે ટકાની અનામતની જોગવાઈ બંધ કરી દીધી છે. અને

૪૯ ટકા કરતાં વધારે અનામત આપી શકાય તેમ નથી. છતાં આ વાત કરે છે. અને મુસ્લિમ થયેલા અને ખ્રિસ્તી થયેલા દલિત સમાજના લોકોને અનામત આપવાની એ લોકો વાત કરે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી ભરતભાઈ આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. આ પ્રસ્તાવ સાથે સંમત થવા માટે મેં આખી ચોપડી ફેંદી પણ એકેય બાબત દેખાણી નહિ, ગુજરાતના ખેડૂતોનું કે ગરીબોનું હિત હોય તેવો એક પણ અક્ષર દેખાયો નહિ તેથી આની સાથે હું સંમત થઈ શકું તેમ નથી. અહીંયા ઘણી બધી વાતો થઈ, તેઓએ પ્રસ્તાવની ચોપડી વાચી નથી અથવા તો તેઓ પોતાના વિસ્તારમાં જતા નથી. વિસ્તારમાં જતાં હશે તો અહીંયા ભણાવીને મૂકવામાં આવ્યા હશે કે આ રીતે બોલવું. નહિતર પ્રસ્તાવના વાચન ઉપર એક અક્ષર પણ બોલી શકો નહિ તેવી વાત છે. પરંતુ તૈયાર કરીને મોકલે કે આવું તમારે બોલવાનું છે.

